॥ नमो नमो निम्मलदंसणस्स ॥

# આગમસૂત્ર

## સટીક અનુવાદ

૧૭

અનુવાદ શ્રેણી સર્જક -

**મુનિ દીપરત્નસાગર**

બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ
नमो नमो निम्मलदंसणस्स
પ.પૂ. શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યો નમઃ

# આગમસટીક અનુવાદ

## રાજપ્રશ્નીય - જીવાભિગમ/૧

-: અનુવાદ-શ્રેણીના સર્જક :-

## મુનિ દીપરત્નસાગર

તા. ૨૩/૧૦/૨૦૦૯ શુક્રવાર ૨૦૬૬ કા.સુ.૫

આગમ સટીક અનુવાદ
ભાગ ૧ થી ૪૨ સંપૂર્ણ
મૂલ્ય-રૂા-૧૦,૦૦૦

૦ શ્રી શ્રુત પ્રકાશન નિધિ ૦

સંપર્ક સ્થળ
આગમ આરાધના કેન્દ્ર, શીતલનાથ સોસાયટી
ફ્લેટ નં. ૧૩, ચોથે માળે, વ્હાઈ સેન્ટર,
ખાનપુર, અમદાવાદ.





# આગમ સટીક અનુવાદના

## આ ભાગ - ૧૭ માં છે...

૦ બે આગમ સૂત્રો...

—૦— રાજપ્રશ્નીય-ઉપાંગસૂત્ર-૨

સંપૂર્ણ આગમ

— તથા —

—૦— જીવાભિગમ-ઉપાંગસૂત્ર-૩ની

— પ્રતિપત્તિ-૧-

-- x -- x -- x -- x -- x -- x -- x --

-: ટાઈપ સેટીંગ :-
શ્રી મહાકાલી એન્ટરપ્રાઈઝ
ચાંદલોડિયા, અમદાવાદ.
(M) 9824419736

-: મુદ્રક :-
નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ
ઘીકાંટા રોડ, અમદાવાદ.
Tel. 079-25508631

## ૦ વંદના એ મહાન્ આત્માને ૦

વિક્રમ સંવત-૨૦૬૧માં ફાગણસુદ-૩ નો દિવસ અને મંગલપારેખના ખાંચામાં શ્રી શાંતિનાથ પરમાત્માની વર્ષગાંઠનો પ્રસંગ, અતિભવ્ય અને ઘણી જ લાંબી રથયાત્રાના પ્રયાણની ઘડીએ, આગમોના ટીકા સહિતના અનુવાદ કરવા માટેની મનોભાવનાનું જેમના મુખેથી વચન પ્રાગટ્ય થયું, અંતરના આશીર્વાદ, સૂરિમંત્રથી અભિમંત્રિત વાસ ચૂર્ણનો ક્ષેપ અને ધનરાશિની જવાબદારીના યથાશક્ય સ્વીકાર સહ જેમની કાર્ય પ્રેરણાની સરવાણીમાં ભીંજાતા મારા ચિત્તે આશિર્ષ અનેરો હર્ષોલ્લાસ અનુભવ્યો. જેમની હયાતી દરમ્યાન કે હયાતી બાદ પણ, જેમના નામસ્મરણ માત્રથી આ કાર્ય વિઘ્નરહિતપણે મૂર્ત્ત સ્વરૂપને પામ્યું, એવા...

**પૂજ્ય આચાર્યશ્રી ઋચકચંદ્રસૂરીશ્વરજી મ૦ ના**

**ચરણ કમળમાં સાદર કોટીશઃ વંદના**

## ૦ કેમ ભૂલાય એ ગુરુદેવને પણ ? ૦

ચારિત્ર પ્રતિ અંતરંગ પ્રીતિથી યુક્ત, અનેક આત્માઓને પ્રવ્રજ્યા માર્ગે પ્રયાણ કરાવનાર, સંયમમૂર્તિ, પ્રતિ વર્ષ ઉપધાન તપ વડે શ્રાવકધર્મના દીક્ષા દાતા, શારીરિક સમસ્યાઓ વચ્ચે પણ બંને શાશ્વતી ઓળીની આરાધનાને ન ચૂકનારા, સાગર સમુદાયમાં ગચ્છાધિપતિ પદને શોભાવનારા અને સમર્થ શિષ્ય પરિવારયુક્ત એવા મહાન વિભૂતિરત્ન–

**પૂજ્ય આચાર્યશ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ૦**

જેમના આજીવન અંતેવાસી, શાસનપ્રભાવક

**પૂજ્ય આચાર્યશ્રી હર્ષસાગરસૂરિજી મ.સા.**

જેમણે આ અનુવાદ કાર્ય માટે ઘણાં વર્ષો પૂર્વે પ્રેરણા કરેલી અને આ કાર્ય સાદ્યંત પાર પહોંચાડવા માટે વિપુલ ધનરાશિ મોકલાવી.

*ઉક્ત બંને આચાર્ય ભગવંતોની અસીમ કૃપા અને તેઓ દ્વારા પ્રેરિત સંઘો થકી થયેલ ધનવર્ષાના બળે પ્રસ્તુત કાર્ય મૂર્ત્તસ્વરૂપ પામ્યું.*



**આગમ સટીક અનુવાદના**

**આ ભાગ ૧૭ ની**

**સંપૂર્ણ દ્રવ્ય સહાયના પ્રેરણાદાતાશ્રી**

**પ.પૂ. આ. દેવ શ્રી ભક્તિસૂરીશ્વરજી મ.ના**

**સમુદાયવર્તી**

***પૂજ્ય આચાર્યશ્રી ઋચકચંદ્રસૂરીશ્વરજી***

**તેઓશ્રીની પ્રેરણાથી લાભલેનાર**

**શ્રી મંગળ પારેખનો ખાંચો, જૈન સંઘ**

**શાહપુર, અમદાવાદ.**

# અનુદાન દાતા

**આગમ સટીક અનુવાદના કોઈ એક ભાગના સંપૂર્ણ સહાયદાતા**

સચ્ચારિત્ર ચુડામણી પૂજ્ય ગચ્છાધિપતિ સ્વ૦ આચાર્યદેવ
શ્રીમદ્ દેવેન્દ્રસાગરસૂરીશ્વરજીના આજીવન અંતેવાસી
**સદ્ગુણાનુરાગી પૂજ્ય આ૦દેવશ્રી હર્ષસાગરસૂરિજી મ.ની**
જ્ઞાનઅનુમોદક પ્રેરણાથી પ્રેરિત
શ્રી અઠવાલાઈન્સ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ
તથા શ્રી શેઠ ફૂલચંદ કલ્યાણચંદ ઝવેરી ટ્રસ્ટ, સુરત.
**૧૬ ભાગોના સંપૂર્ણ સહાયક થયેલ છે.**

**પરમપૂજ્ય સરળ સ્વભાવી, ભદ્રિક પરિણામી, શ્રુતાનુરાગી**
**સ્વ૦ આચાર્યદેવશ્રી વિજય ઋચકચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની**
પુનિત પ્રેરણાથી ૧૦ ભાગો માટે
નીચેના સંઘો સહાયક થયા છે.

(૧) શ્રી મંગલપારેખનો ખાંચો, જૈનસંઘ, અમદાવાદ બે ભાગ.
(૨) શ્રી ભાવનગર જૈન શ્વે૦મૂ.પૂ. સંઘ, ભાવનગર બે ભાગ.
(૩) શ્રી આદિનાથ જૈન શ્વે૦ મૂ.પૂ. સંઘ, નવસારી બે ભાગ.
(૪) શ્રી ગિરિરાજ સોસાયટી આદિનાથ જૈન સંઘ, બોટાદ બે ભાગ.
(૫) શ્રી જૈન શ્વે૦ મૂ.પૂ. તપાગચ્છ સંઘ, બોટાદ એક ભાગ.
(૬) શ્રી પાર્શ્વભક્તિધામ જૈન ધાર્મિક ટ્રસ્ટ, તણસા એક ભાગ.

*[પરમપૂજ્ય આચાર્યદેવ શ્રી ઋચકચંદ્રસૂરીશ્વરજીની પ્રેરણાથી તેમના સમુદાયવર્તી શ્રમણીવર્યાઓ તરફથી પ્રાપ્ત સહાયની નોંધ આગળ છે.]*

સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી વૈયાવચ્ચ પરાયણ **પંન્યાસ પ્રવર શ્રી વજ્રસેનવિજયજી મ.સા.**ની પ્રેરણાથી એક ભાગ-શ્રી હાલારતીર્થ આરાધના ધામ, વડાલિયા, સીંહણ, તરફથી

આગમ સટીક અનુવાદ શ્રેણીના સર્જક **મુનિશ્રી દીપરત્નસાગરજી**ની પ્રેરણાથી આ બે દાતાઓએ મળીને એક ભાગ માટે સહાય કરી છે.

(૧) શ્રી જૈન શ્વે૰ મૂર્તિ૰ સંઘ, થાનગઢ

(૨) શાહ હંજારીમલજી ભૂરમલજી, કર્નૂલ.

**પૂ૰પૂ૰ ક્રિયારૂચિવંત, પ્રભાવક, આદેય નામકર્મધર સ્વર્ગસ્થ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ઋચકચંદ્રસૂરીશ્વરજીથી પ્રેરિત પુન્યવંતી શ્રમણીવર્યાઓની પ્રેરણાથી પ્રાપ્ત અનુદાનો**

૧- વર્ધમાન તપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ભક્તિસૂરીશ્વરજી સમુદાયવર્તી મિલનસાર **સાધ્વીશ્રી સૌમ્યપ્રજ્ઞાશ્રીજી**ની પ્રેરણાથી ત્રણ ભાગો માટેની દ્રવ્ય સહાય પ્રાપ્ત થઈ છે, તે આ પ્રમાણે—

- (૧) શ્રી કારેલીબાગ, શ્વે૰મૂ૰પૂ૰ જૈનસંઘ, વડોદરા.
- (૨) શ્રી કારેલીબાગ, જૈન સંઘની શ્રાવિકા બહેનો, વડોદરા.
- (૩) શ્રી ભગવાન નગરનો ટેકરો, જૈનસંઘ, અમદાવાદ.

૨- સુવિશાળ પરિવારયુક્તા **સાધ્વીશ્રી ભાવપૂર્ણાશ્રીજી** મ૰ની પ્રેરણાથી "શ્રી ક્ષેત્રપાલ ભક્તિ ટ્રસ્ટ" - નવસારી તરફથી.

૩- વર્ધમાન તપોનિધિ પૂજ્ય આચાર્યદેવશ્રી ભક્તિસૂરીશ્વરજી મ૰ના સમુદાયવર્તી **પ.પૂ. સાધ્વીશ્રી ધ્યાનરસાશ્રીજી તથા સાધ્વીશ્રી પ્રફુલ્લિતાશ્રીજી**ની પ્રેરણાથી -

"શ્રી માંગરોળ જૈન શ્વે૰ તપ૰ સંઘ, માંગરોળ - તરફથી.

૪- પરમપૂજ્યા જયશ્રીજી-લાવણ્યશ્રીજી મ૦ના પરિવારવર્તીની **સાધ્વીશ્રી સત્યાનંદશ્રીજી મ.સા.**ની પુનિત પ્રેરણાથી

"શ્રી ગાંધીનગર જૈન સંઘ, બેંગલોર - તરફથી."

૫- પરમપૂજ્ય ક્રિયારૂચીવંત આ૦દેવશ્રી ભક્તિસૂરીશ્વરજી મ૦ના સમુદાયવર્તી **શ્રમણીવર્યા મોક્ષનંદિતાશ્રીજી** મ૦ની પ્રેરણાથી "શ્રી વલ્લભનગર જૈન શ્વે૦મૂ૦પૂ૦ સંઘ, વલ્લભનગર, ઈન્દૌર

**પરમપૂજ્ય આગમોદ્ધારક, સામાચારી સંરક્ષક, બહુશ્રુત આચાર્યદેવ આનંદસાગરસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી શ્રુત અનુરાગીણી શ્રમણીવર્યાઓની પ્રેરણાથી પ્રાપ્ત સહાયો.**

(૧) પરમપૂજ્યા નીડરવક્તા **સાધ્વીશ્રી ચંદ્રયશાશ્રીજી** મ૦થી પ્રેરિત

-૧- શ્રી ત્રિલોકપદ્મ ચિંતામણિધામ જૈન સંઘ, અંધેરી, મુંબઈ.

-૨- શ્રી મહાવીરનગર જૈન દહેરાસરજી ટ્રસ્ટ, નવસારી.

(૨) અપ્રતિમ વૈયાવૃત્ત્યકારિકા પ.પૂ. મલય-પ્રગુણાશ્રીજી મ૦ના શિષ્યા સુસંવાદી પરિવારયુક્તા **સાધ્વીશ્રી પ્રશમશીલાશ્રીજી** મ૦ના શ્રુતાનુરાગી શિષ્યા સા૦શ્રી પ્રશમરત્નાશ્રીજીની પ્રેરણાથી- "શ્રી શ્વેતાંબર જૈન તપાગચ્છ સંઘ," વાંકાનેર.

(૩) પરમપૂજ્યા માતૃહૃદયા **સાધ્વીશ્રી અમિતગુણાશ્રીજી** મ.ની પ્રેરણાથી - "શ્રી આદિનાથ જૈન શ્વે૦ સંઘ," ભોપાલ.

(૪) પરમપૂજ્યા વર્ધમાનતપસાધિકા, શતાવધાની **સાધ્વીશ્રી અમિત-ગુણાશ્રીજી** મ.ની પ્રેરણાથી-૧૦૦ ઓળીની પૂર્ણાહૂતિ નિમિત્તે "કરચેલીયા જૈન શ્વે૦ મહાજન પેઢી," કરચેલીયા, સુરત.

(૫) શ્રમણીવર્યા ભક્તિરસિક પૂજ્ય મલયાશ્રીજી મ૦ના વ્યવરદક્ષ શિષ્યા **સાધ્વીશ્રી હિતજ્ઞાશ્રીજી** મ૦ની પ્રેરણાથી
"શ્રી જૈન મરચન્ટ સંઘની શ્રાવિકા બહેનો, અમદાવાદ.

(૬) પરમપૂજ્યા મલય-કૈવલ્ય-ભવ્યાનંદશ્રીજી મ૦ના સુવિનિતા મિષ્ટ ભાષી, તપસ્વીરત્ના **સાધ્વીશ્રી પૂર્ણપ્રજ્ઞાશ્રીજી**ની પ્રેરણાથી
"સર્વોદય પાર્શ્વનાથ ચેરિટેબલ ટ્રસ્ટ," મુંબઈ

## આગમ-સટીક અનુવાદ સહાયકો

(૧) પ.પૂ. ભગવતીજી દેશનાદક્ષ **આ૦દેવશ્રી નરદેવસાગરસૂરિજી મ૦સા૦**ની પ્રેરણાથી - "શ્રી વિશાશ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ," જામનગર.

(૨) વર્ધમાન તપોનિધિ પૂજ્ય આ.દેવ **શ્રી વિજય પ્રભાકરસૂરીશ્વરજી મ૦** ની પ્રેરણાથી – "અભિનવ જૈન શ્વે૦મૂ૦પૂ૦ સંઘ," અમદાવાદ.

(૩) શ્રુતસંશોધનરસિક પૂજ્ય **આ૦દેવશ્રી મુનિચંદ્રસૂરિજી** મ૦ની પ્રેરણાથી – "શ્રી વિજયભદ્ર ચેરિટેબલ ટ્રસ્ટ," ભીલડીયાજી.

(૪) પ.પૂ. જયલાવણ્યશ્રીજી મ૦સા૦ના સુશિષ્યા **સા૦ સૂર્યપ્રભાશ્રીજી** મ૦ની પ્રેરણાથી – "શ્રી ભગવતીનગર ઉપાશ્રયની બહેનો," અમદાવાદ.

(૫) પરમપૂજ્યા વરધર્માશ્રીજી મ૦ના શિષ્યા તપસ્વીરત્ના **સાધ્વીશ્રી પ્રીતિધર્માશ્રીજી** મ૦ની પાવન પ્રેરણાથી.

- (૧) શ્રી પાર્શ્વભક્તિ શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ, ડોંબીવલી.
- (૨) શ્રી રાજાજી રોડ શ્વે૦મૂ૦પૂ૦ તપા૦ જૈન સંઘ, ડોંબીવલી.

(૬) સ્વનામધન્યા **શ્રમણીવર્યાશ્રી સૌમ્યગુણાશ્રીજી** મ૦ની પ્રેરણાથી.
"શ્રી પરમ આનંદ શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ," પાલડી, અમદાવાદ.

**મુનિ દીપરત્નસાગરજી દ્વારા પ્રકાશિત સાહિત્ય-એક ઝલક**
**કુલ પ્રકાશનોનો અંક-૩૦૧**

## १-आगमसुत्ताणि-मूलं

### ૪૯-પ્રકાશનો

આ સંપુટમાં મૂળ આગમો છે. જેમાં ૪૫ આગમો ૪૫ અલગ-અલગ પુસ્તકોમાં મુદ્રિત કરાવાયેલ છે. ચાર વૈકલ્પિક આગમો પણ તેમાં સમાવાઈ ગયેલ છે. એ રીતે ૪૫ + ૪ કુલ (૪૯) આગમોનું આ સંપુટમાં સંપાદન છે. તેમજ પ્રત્યેક સૂત્રને અંતે પૂજ્ય સાગરાનંદસૂરિશ્વરજી સંપાદિત આગમો તથા તેની વૃત્તિના અંકો પણ ટાંક્યા છે.

અમારા આ પ્રકાશનમાં શ્રુતસ્કંધ, શતક/અધ્યયન/વક્ષસ્કાર/પદ, પ્રતિપત્તિ, ઉદ્દેશક, સૂત્ર/ગાથા આદિ સ્પષ્ટતયા જુદા નજરે પડે તેવી વિશિષ્ટ મુદ્રણકલાને પ્રયોજેલ છે. પુસ્તકો અલગ-અલગ અને નાના કદના હોવાથી વાંચન કે કંઠસ્થ કરવાની અતિ સરળતા રહે છે.

૪૫-આગમની પૂજા, પૂજન, રથયાત્રા કે શ્રી ગૌતમસ્વામી પૂજનાદિ માટે અલગ-અલગ પીસ્તાળીશ પુસ્તકો હોવાથી ગોઠવણી સરળ બને છે.

आगमसद्दकोसो, आगमनामकोसो, આગમવિષયદર્શન, આગમકથાનુયોગના મૂળ સંદર્ભ જોવા માટે આ પ્રકાશન વસાવવું જરૂરી જ છે. જેની કિંમત છે રૂા. ૧૫૦૦/-દર્શન-પૂજન માટે આજીવન ઉપયોગી છે.

## ૨. આગમ-ગુજરાતી અનુવાદ

### ૪૭-પ્રકાશનો

આપણા મૂળ આગમો અર્ધમાગધી ભાષામાં છે. જેઓ ભાષાજ્ઞાનથી વંચિત છે, શાસ્ત્રીય કારણોથી આગમના અભ્યાસથી વંચિત રહ્યા છે, આગમોની વાંચના પ્રાપ્ત કરી શકતા નથી ઈત્યાદિ કારણે આગમિક પદાર્થોનું જ્ઞાન પામી શક્યા ન હોય તેવા ભવ્યાત્માઓ શ્રી કલ્પસૂત્ર માફક સરળતાથી આગમોનું વાંચન અને બોધ પ્રાપ્ત કરી શકે, તેમજ ભવભીરુ આત્માઓ પોતાનું જીવન માર્ગાનુસાર બનાવી શકે તેવું પ્રકાશન.

સાત ભાગોમાં સમાવિષ્ટ ૨૮૦૦ જેટલા પૃષ્ઠોમાં પીસ્તાળીશ આગમોનો અક્ષરશઃ અનુવાદ ધરાવતા આ "આગમદીપ" સંપુટમાં બીજા બે વૈકલ્પિક આગમોનું ગુજરાતી પણ આપેલ જ છે.

અંદાજે ૯૦,૦૦૦ શ્લોક પ્રમાણ મૂળ આગમનો આ ગુજરાતી અનુવાદ રૂા. ૨૦૦૦/-ની કિંમતે ઉપલબ્ધ થઈ શકે છે. પણ હાલ તેની એક પણ નકલ બચેલી નથી. એ જ અમારા આ પ્રકાશનની લોકપ્રિયતાનો પૂરાવો છે. અનેક પૂજ્યશ્રીએ આ ગુજરાતી અનુવાદનો સ્વાધ્યાયાદિ અર્થે ઉપયોગ કરેલો છે.

## ૩. आगमसुत्ताणि-सटीकं

### ૪૬-પ્રકાશનો

જેઓને મૂળ આગમો વાંચ્યા પછી તેની વિસ્તૃત સમજ મેળવવી છે. તેમાં રહેલા પદાર્થોને ઊંડાણથી અવગાહવા છે, તેમાં રહેલા તત્ત્વો આધારિત કથા, દૃષ્ટાંત કે દ્રવ્યાનુયોગને જાણવો છે, તેવા વિશિષ્ટ જ્ઞાનપિપાસુ માટેનું અમારું આ ૧૩,૦૦૦ જેટલા પૃષ્ઠોમાં પથરાયેલ અને ત્રીશ ભાગોમાં વિભાજીત એવું દળદાર પ્રકાશન છે.

આ પ્રકાશનમાં મૂળ આગમો પર પ્રાપ્ત બધી જ નિર્યુક્તિઓ, ૩૯ આગમો પરની વૃત્તિ, શેષ આગમોની સંસ્કૃત છાયા, કેટલાંક ભાષ્યો તથા ચૂર્ણિઓ ઈત્યાદિ સર્વે વિવેચનોનો સમાવેશ કરાયેલ છે.

સૂત્રો અને ગાથાના સ્પષ્ટ અલગ વિભાજન, પ્રચુર પેરેગ્રાફ્સ, અધ્યયન, ઉદ્દેશક, સૂત્ર આદિની સુસ્પષ્ટ અલગ પેજ લાઈન તેમજ અમારા મૂળ અને અનુવાદિત આગમોમાં અપાયેલા ક્રમાંક મુજબના જ સૂત્ર ક્રમાંકન તથા વ્યવસ્થિત અનુક્રમણિકાને લીધે કોઈપણ પસંદિત ચોક્કસ વિષયવસ્તુ કે સમગ્ર અધ્યયનના વાંચનમાં સરળતા રહે તે રીતે આ સંપુટનું સંપાદન અને મુદ્રણ કરાયેલું છે.

આ પ્રકાશનના અભ્યાસમૂલ્ય અને સંશોધનક્ષેત્રે ઉપયોગિતા તેમજ સમગ્ર વિશ્વમાં આગમ પ્રકાશનની આવી એક જ માત્ર શ્રૃંખલા ઉપલબ્ધ હોવાને કારણે રૂા. ૧૧,૦૦૦/- મૂલ્ય હોવા છતાં તેની એક પણ નકલ સ્ટોકમાં રહેલી નથી. એ જ અમારા આ પ્રકાશનની મહત્તા સાબિત કરે છે.

## ૪. આગમ-વિષય-દર્શન

આ એક એવું પ્રકાશન છે, જેમાં ૪૫-આગમોની વિશદ્રૂપે અનુક્રમણિકા અપાયેલ છે, છતાં તેના પૃષ્ઠો છે. – ૩૮૪.

પ્રત્યેક આગમના પ્રત્યેક સૂત્ર કે ગાથાના વિષયોને એ જ આગમોના સૂત્રોના ક્રમાંકન અનુસાર, અતીવ સુસ્પષ્ટ રૂપે અને પૃથક્-પૃથક્ સ્વરૂપે અપાયેલી આ અનુક્રમણિકાથી તમે તમારો મનગમતો-આવશ્યક કે તમારા સંશોધન અને લેખનને અનુરૂપ વિષય સહેલાઈથી પસંદ કરી શકો છો.

ગુજરાતી ભાષામાં તૈયાર કરાયેલ આ અનુક્રમણિકાથી તમે અમારા અનુવાદિત આગમોમાં તો મૂળ વિષય જોઈ જ શકો છો. તદુપરાંત મૂળ આગમો કે આગમસટીકં માં પણ તમારી પસંદગીનો વિષય શોધવો આ બૃહત્ અનુક્રમ પરથી ખૂબ જ સરળ છે.

રૂા. ૪૦૦/-ની કિંમતને લક્ષમાં ન લઈ તેનું ઉપયોગિતા મૂલ્ય સમજશો.

## ૫. आगमसद्दकोसो
### ૪-પ્રકાશનો

આ શબ્દકોશ - એટલે સંદર્ભસ્થળ નિર્દેશ સહિતની "આગમ-ડીક્ષનેરી" જેમાં તમને મળે છે મૂળ આગમમાંથી લેવાયેલા ૪૬,૦૦૦ શબ્દો અને તેના ૩,૭૫,૦૦૦ જેટલા આગમ સંદર્ભો સહિત મૂળ-અર્ધમાગધી શબ્દોના સંસ્કૃત અર્થ અને ગુજરાતી એક કે વધુ અર્થો.

ચાર ભાગોમાં સમાવિષ્ટ ૨૪૦૦ જેટલા પાનાઓનો આ પુસ્તકનો સેટ મેપલીથો કાગળ, પાકુ બાઈન્ડીંગ અને આકર્ષક મુખપૃષ્ઠ તો ધરાવે જ છે. પણ તમારે માટે તેની ઉપયોગિતા છે – अ થી ह પર્યતનો કોઈપણ શબ્દ શોધવા માટે. ત્યાં ફક્ત શબ્દનો અર્થ જ જોઈને બેસી નથી રહેવાનું. પણ પીસ્તાળીશે પીસ્તાળીશ આગમોમાં આ શબ્દ જ્યાં જ્યાં વપરાયો હોય તે-તે બધાં સ્થાનોનો નિર્દેશ પણ મળશે જ - જેના દ્વારા એક જ શબ્દ જો જુદા જુદા સંદર્ભમાં વપરાયો હશે, તો તે ભિન્ન-ભિન્ન સંદર્ભયુક્ત અર્થ કે વ્યાખ્યા પણ જાણી શકાશે.

– વળી આવા સંદર્ભો જોવા માટે તમારે જુદા જુદા પ્રકાશનોના આગમોને ફેંદવાની કોઈ જરૂર નથી. તમે માત્ર અમારું आगमसुत्ताणि – સંપુટ સાથે રાખો. તમારે ઉપયોગી શબ્દો મૂળ આગમ કે આગમ-સટીકં માં મળી જ જવાના

## ૬. आगमनामकोसो

આગમ શબ્દકોશની એક પૂરક ડીક્ષનેરી તે આ "આગમ નામકોશ". આ પ્રકાશન આગમસટીકં માં આવતા નામો (કથાઓ)ની ડીક્ષનેરી છે. આ ડીક્ષનેરીમાં કથાના પાત્રોના નામો તો કક્કાવારી ક્રમમાં આપેલા જ છે. સાથે સાથે તે પાત્રો કે નામોનો સંક્ષિપ્ત પરિચય પણ છે.

તમારે મૂળ આગમ ઉપરાંત નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ કે વૃત્તિમાં જો આ નામ કે તે નામ સાથે સંકડાયેલ કથા કે દૃષ્ટાંત જાણવા છે તો અમારી ડીક્ષનેરીમાં તે-તે નામને અંતે નિર્દેશ કરાયેલ આગમ સંદર્ભ જોવો. આગમ સંદર્ભ જોતાં જ તમને તે સંદર્ભવાળા આગમનું નામ, પંચાંગીનો પ્રકાર અને સૂત્રક્રમ મળી જશે. જેના આધારે તમે તે કથા કે દૃષ્ટાંતનો સહેલાઈથી અભ્યાસ કરી શકશો.

આ નામકોશનું મહત્ત્વ તો ત્યારે જ સમજાય જ્યારે એક જ નામ ધરાવતા એકથી વધારે પાત્રોનો અલગ-અલગ પરીચય કે જુદી જુદી કથાઓ તમને જોવા મળે. તે પણ ફક્ત રૂા. ૨૦૦/-ની કિંમતમાં.

સંદર્ભ મુજબ કથા જોવા માટે અમારું आगमसुत्ताणि-सटीकं તો છે જ.

## ૭. आगमसूत्र हिन्दी अनुवाद

### ૪૭-પ્રકાશનો

મૂળ આગમના ૯૦,૦૦૦ જેટલાં શ્લોક પ્રમાણ સાહિત્યના મૂળ પ્રકાશન પછી જેમ તેનો ગુજરાતી અનુવાદ કર્યો, તેમ હિન્દી અનુવાદ પણ કર્યો. ફર્ક એટલો જ કે આ હિન્દી અનુવાદ બાર ભાગોમાં આશરે ૩૨૦૦ જેટલા પાનાઓમાં પથરાયેલો છે. ગુજરાતી અનુવાદ કરતા ૩૦૦થી પણ વધારે પૃષ્ઠો તેમાં ઉમેરાયા છે. જે ફક્ત કદની વૃદ્ધિ જ નથી, પણ અર્થવિસ્તાર અને પેરેગ્રાફોની પ્રચૂરતા પણ ધરાવે જ છે.

હિન્દીભાષી મહાત્માઓને પણ આગમના પદાર્થજ્ઞાનથી વંચિત ન રહેવું પડે તે આશયથી તૈયાર કરાયેલ આ આગમસૂત્ર હિન્દી અનુવાદ હિન્દી ભાષાની સમૃદ્ધિ અને સાહિત્યિક મૂલ્ય તો ધરાવે જ છે. તે ગુજરાતી ભાષી આગમરસિકો અને તત્ત્વજિજ્ઞાસુઓ માટે પણ મહત્ત્વનું સંદર્ભશાસ્ત્ર બની રહ્યું છે.

રૂા. ૨૭૦૦/-નું મૂલ્ય ધરાવતા આ आगमसूत्र-हिन्दी अनुवाद માં પણ ક્રમાંકન તો મૂળ આગમ, આગમ ગુજરાતી અનુવાદ અને आगम सटीकं અનુસાર જ થયેલ છે. તેથી અભ્યાસીઓને તુલના કરવી સરળ પડે છે.

## ૮. આગમ કથાનુયોગ

### ૬-પ્રકાશનો

આગમ કાર્ય વિષયક આ અમારું નવમું પ્રકાશન છે. જેમાં ''કથાનુયોગ'' નામે અનુયોગની મુખ્યતા છે. આ પ્રકાશનમાં મૂળ આગમો, આગમો પરની નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, વૃત્તિ કે અવચૂરી એ તમામનો સમાવેશ કરી આ આગમ કથાનુયોગનું સંકલન અને ગુજરાતી અનુવાદ કરવામાં આવેલ છે. જે છ ભાગોમાં વિભાજીત છે ૨૨૦૦ જેટલા પૃષ્ઠોમાં સમાવિષ્ટ છે અને કથાઓને દશ વિભાગમાં ગોઠવેલ છે.

આ કથાનુયોગમાં તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ, બલદેવ એ ઉત્તમપુરુષો સંબંધી કથાનક કે માહિતીનો સંગ્રહ છે, શ્રમણ વિભાગમાં ગણધરો, પ્રત્યેકબુદ્ધો, નિહ્નવો, અન્ય શ્રમણોની કથાઓ છે. તે સાથે આશરે ૯૦થી વધુ પૃષ્ઠોમાં ગોશાળાનું કથાનક તેના પૂર્વભવ, વર્તમાનભવ અને ભાવિ ભવો સહિત મૂકેલ છે. તે સિવાય શ્રમણી કથા, શ્રાવક કથા, શ્રાવિકા કથા, અન્યતીર્થી કથા, પ્રાણી કથા, પ્રકીર્ણ કથા અને દૃષ્ટાંતોના અલગ વિભાગો છે. પ્રત્યેક કથાને અંતે તેના આગમ સંદર્ભો પણ મૂકેલા છે, જેથી મૂળ માહિતી સ્રોત જોઈ શકાય. છટ્ઠા ભાગમાં અકારાદિક્રમે પ્રત્યેક કથાના નામોની ગોઠવણી અને તેની સાથે પૃષ્ઠાંક આપેલા છે, જેથી કોઈપણ કથા શોધવી અત્યંત સરળ બને છે.

આ ''આગમ કથાનુયોગ'' કેવળ કથારસિકો તથા વ્યાખ્યાતાઓ માટે અત્યંત ઉપયોગી પ્રકાશન છે. જેનું મૂલ્ય માત્ર રૂા. ૧,૫૦૦/- છે. તેમજ સન-૨૦૦૪માં જ પ્રકાશિત થયેલ હોવાથી હજી સરળતાથી ઉપલબ્ધ છે.

## ૯. આગમ મહાપૂજનવિધિ

આ એક લઘુ પુસ્તિકા છે. જેમાં પીસ્તાળીશ આગમ મહાપૂજન ભણાવવા માટેની સરળ, સ્પષ્ટ, શાસ્ત્રીય વિધિ છે. સાથે-સાથે પંડિત શ્રી રૂપવિજયજી કૃત્ ૪૫-આગમ પૂજાઓ પણ આપી દીધેલ છે. અષ્ટપ્રકારી પૂજાના અભિનવ દુહા પણ છે.

કોઈપણ વિધિકારકને સહેલાઈથી પૂજન કરાવતા ફાવે તે રીતે વિધિ સાથે સૂચનાઓનો નિર્દેશ છે. તેમજ આગમ મંડપની રચના, માંડલુ, આવશ્યક સામગ્રી, વિધિમાં પ્રત્યેક કાર્ય માટે જરૂરી એવા સહાયકોની કાર્ય વહેંચણી પણ જણાવેલ છે.

મોટા ટાઈપ, પદ્યોની સુંદર ગોઠવણી, પ્રત્યેક પૂજન માટેનું અલગ પેજ, દરેક પૂજનને માટેની સૂચના, તે પૂજનની સાથે જ અપાયેલી હોય તેવું આ એક માત્ર પ્રકાશન છે.

## ૧૦. આગમસૂત્ર સટીક અનુવાદ

### ૪૮-પ્રકાશનો

પ્રસ્તુત પ્રકાશનમાં આગમોના મૂળસૂત્રોનો અક્ષરશઃ અનુવાદ તો છે જ. સાથે સાથે આગમોની નિર્યુક્તિ અને ટીકાનો પણ અનુવાદ કરેલ હોવાથી અમે "સટીક અનુવાદ" એવું નામકરણ કરેલ છે. જેમાં ૪૫ આગમો ઉપરાંત બે વૈકલ્પિક આગમો અને કલ્પ [બારસા] સૂત્રના સમાવેશથી ૪૮ પ્રકાશનો થાય છે. જેને આ સાથે અમે ૪૨-ભાગોમાં પ્રકાશિત કરેલ છે.

આ સટીક અનુવાદમાં છ છેદ સૂત્રોનો અનુવાદ માત્ર મૂળનો જ છે, તેમાં સટીક અનુવાદ નથી. સંસ્કૃત અને પ્રાકૃત ભાષાજ્ઞાનથી વંચિત શ્રુતરસિકો કે સ્વાધ્યાય પ્રેમીઓને આ અત્યંત ઉપયોગી પ્રકાશન છે, જેનું સંયુક્ત મૂલ્ય રૂા. ૧૦,૦૦૦/- છે, કે જે કિંમતમાં તો કોઈ ૪૫ સટીક આગમોનો અનુવાદ પણ ન કરી આપે.

આ સટીક અનુવાદ સંપુટમાં-અંગસૂત્રો, ઉપાંગ સૂત્રો અને મૂળસૂત્રોનો સંપૂર્ણ સટીક અનુવાદ છે. પયન્ના સૂત્રોમાં પણ ઉપલબ્ધ ટીકાઓનો અનુવાદ કરેલો જ છે, નંદી અને અનુયોગ બંને સૂત્રોનું વર્તમાન પદ્ધતિથી સાનુવાદ વિવેચન કરેલ છે અને છેદસૂત્રો, કલ્પસૂત્ર અને કેટલાંક પયન્નાઓનો મૂળનો અનુવાદ છે.

— x — x —

**આ હતી આગમ સંબંધી અમારા ૨૫૦ પ્રકાશનોની યાદી**

— x — x —

## આગમ સિવાયના સાહિત્ય સર્જનની ઝાંખી

**(૧) વ્યાકરણ સાહિત્ય :-**

૦ અભિનવ હૈમ લઘુપ્રક્રિયા ભાગ-૧ થી ૪ | ૪ |

— મહોપાધ્યાય વિનયવિજયજી કૃત્ "લઘુપ્રક્રિયા" પર સિદ્ધહેમ શબ્દાનુશાસન અને તેની સાથે સંબંધિત અનેક સંદર્ભગ્રંથોના ઉપયોગથી તૈયાર કરાયેલો એવો આ દળદાર ગ્રંથ છે. જે કાઉન આઠ પેજમાં તૈયાર થયેલ છે. સંસ્કૃત વ્યાકરણના અભ્યાસ માટેનું આ પ્રકાશન છે. જે ગુજરાતી ભાષાના માધ્યમથી તૈયાર થયેલ છે. તેમાં મૂળસૂત્ર, તેનો અર્થ, વૃત્તિ, વૃત્ત્યર્થ, અનુવૃત્તિ, વિશેષ વિવેચન જેવા સાત વિભાગો અને પ્રચૂર પરિશિષ્ટો છે.

૦ કૃદન્તમાલા :- | ૧ |

— આ લઘુ સર્જનમાં ૧૨૫ ધાતુઓના ૨૩ પ્રકારે થતાં કૃદન્તોનું કોષ્ટક છે.

**(૨) વ્યાખ્યાન સાહિત્ય :-** | 3 |

૦ અભિનવ ઉપદેશ પ્રાસાદ ભાગ-૧ થી ૩.

— આ એક સ્વતંત્ર વ્યાખ્યાનમાળા છે. "મન્નહ જિણાણં" નામક સજ્ઝાયમાં આવતા શ્રાવકના ૩૬ કર્તવ્યો ઉપરના ૧૦૮ વ્યાખ્યાનો તેમાં ગોઠવેલા છે. પ્રત્યેક વ્યાખ્યાન માટે દશ-દશ પેજ ફાળવેલ છે. જે પ્રત્યેકમાં શ્લોક-જૈનેત્તર પ્રસંગ - સંબંધિત કર્તવ્યની તાત્ત્વિક વ્યાખ્યા અને સમજ-જૈનકથા અને કર્તવ્યને અનુરૂપ સ્તવનાદિ પંક્તિની સુંદર ગુંથણી છે.

૦ નવપદ-શ્રીપાલ | ૧ |

— શાશ્વતી ઓળીના વ્યાખ્યાનરૂપે આ પુસ્તકનું સર્જન થયું છે, જેમાં નવે પદનું અલગ-અલગ વિવેચન સાથે નવ દિવસમાં શ્રીપાલચરિત્ર પણ પૂરું થાય, તે રીતે ગોઠવેલા નવ વ્યાખ્યાનોનો સમન્વય છે.

**(૩) તત્ત્વાભ્યાસ સાહિત્ય :-**

૦ તત્ત્વાર્થસૂત્ર પ્રબોધ ટીકા-અધ્યાય-૧ | ૧ |

૦ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા-અધ્યાય-૧ થી ૧૦ | ૧૦ |

— આ ગ્રંથમાં તત્ત્વાર્થ સૂત્રના દશે અધ્યાયોનું અલગ-અલગ દશ પુસ્તકમાં અતિ વિસ્તૃત વિવેચન ધરાવતું દશાંગ વિવરણ છે. જેમાં સૂત્રહેતુ, મૂળસૂત્ર, સંધિરહિત સૂત્ર, સૂત્રાર્થ, શબ્દજ્ઞાન, અનુવૃત્તિ, અનેક સંદર્ભ ગ્રંથોને આધારે તૈયાર કરાયેલ અભિનવ ટીકા, સૂત્રસંદર્ભ, સૂત્રપધ, સૂત્રનિષ્કર્ષ જેવા દશ વિભાગો છે.

પ્રત્યેક અધ્યાયને અંતે સૂત્રક્રમ, અકારાદિ ક્રમ, શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદ જેવા પરિશિષ્ઠો તથા દશમા અધ્યાયના પુસ્તકમાં અંતે શબ્દસૂચિ, વિષયસૂચિ, સંબંધકારિકા જેવા ઉપયોગી પરિશિષ્ઠો છે.

o તત્ત્વાર્થ સૂત્રના આગમ આધાર સ્થાનો. ૧

— આ સંશોધન કક્ષાનું એક વિશિષ્ટ પુસ્તક છે. જેમાં તત્ત્વાર્થ સૂત્રના પ્રત્યેક સૂત્રનો મૂળ આગમમાંથી ઉપલબ્ધ સંદર્ભ, સંદર્ભ પાઠ, સંદર્ભ સ્થળનો ઉલ્લેખ છે. તેમજ શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદની તાલિકા અને વિશ્લેષણ છે.

**(૪) આરાધના સાહિત્ય :-** 3

o સમાધિમરણ :-

અંત સમયે અને ભાવિ ગતિ સુધારવા માટે મરણ સમયે ચિત્તની સમાધિ જળવાય રહે તેવી આરાધના વિધિ, આરાધના સૂત્રો, આરાધના પદ્યો, આરાધના પ્રસંગો વગેરે સાત વિભાગોમાં આ ગ્રંથ સર્જેલો છે.

o સાધુ અંતિમ આરાધના

o શ્રાવક અંતિમ આરાધના

સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓનો અંત સમય સુધારવા માટે નિત્ય કરવાની એવી આ આરાધના છે, મૂળ પ્રાકૃત અને સંસ્કૃતમાં ગ્રંથસ્થ થયેલ આ વિધિને સરળ ગુજરાતીમાં રજૂ કરેલ છે. પંચાંગના કદની આ પુસ્તિકા સાથે રાખવી પણ સરળ છે.

**(૫) વિધિ સાહિત્ય :-** 3

o દીક્ષા-યોગાદિ વિધિ

o વિધિ સંગ્રહ ભાગ-૧

o સાધુ-સાધ્વી કાળધર્મ વિધિ

**(૬) પૂજન સાહિત્ય :-** ૧

o આગમ મહાપૂજન વિધિ-*જેની નોંધ આગમ વિભાગમાં છે.*

o પાર્શ્વ પદ્માવતી પૂજનવિધિ

**(૭) યંત્ર સંયોજન :-**

o ૪૫-આગમ યંત્ર

o વિંશતિ સ્થાનક યંત્ર

**(૮) જિનભક્તિ સાહિત્ય :-** ૯

- ० चैत्यवन्दन पर्वमाला
- ० चैत्यवन्दनसंग्रह-तीर्थजिन विशेष
- ० चैत्यवन्दन चोविसी
- ० ચૈત્યવંદન માળા

– આ એક સંપાદન ગ્રંથ છે. જેમાં પર્વદિન તથા પર્વતિથિના ચૈત્યવંદનો, ચોવિસ જિનની ચોવિસી રૂપ ચૈત્યવંદનો, વિવિધ તીર્થમાં બોલી શકાય તેવા અને જિનેશ્વર પરમાત્મા વિષયક વિવિધ બોલ યુક્ત એવા ૭૭૯ ચૈત્યવંદનોનો વિશાળ સંગ્રહ છે.

- ० શત્રુંજય ભક્તિ
- ० शत्रुञ्जय भक्ति
- ० સિદ્ધાચલનો સાથી - સિદ્ધાચલ ભાવયાત્રા, સ્તુતિ-ચૈત્યવંદનાદિ
- ० વીતરાગ સ્તુતિ સંચય-૧૧૫૧ ભાવવાહી સ્તુતિનો સંચય
- ० ચૈત્ય પરિપાટી

**(૯) પ્રકીર્ણ સાહિત્ય :-** ૯

- ० શ્રી નવકાર મંત્ર-નવ લાખ જાપ નોંધપોથી
- ० શ્રી ચારિત્ર પદ એક કરોડ જાપ નોંધપોથી
- ० અભિનવ જૈન પંચાંગ
- ० अभिनव जैन पञ्चाङ्ग
- ० અમદાવાદ જિનમંદિર-ઉપાશ્રય આદિ ડિરેક્ટરી
- ० બાર વ્રત પુસ્તિકા તથા અન્ય નિયમો
- ० શ્રી જ્ઞાનપદ પૂજા
- ० કાયમી સંપર્ક સ્થળ
- ० ચોઘડીયા તથા હોરા કાયમી સમયદર્શિકા

**(૧૦) સૂત્ર અભ્યાસ-સાહિત્ય :-** ૫

- ० જૈન એડ્યુકેશનલ સર્ટિફિકેટ કોર્સ
- ० પ્રતિક્રમણસૂત્ર અભિનવ વિવેચન ભાગ-૧ થી ૪

**આ રીતે અમારા ૩૦૧ પ્રકાશનો થયા છે.**

— x — x —

બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ

નમો નમો નિમ્મલદંસણસ્સ

પ.પૂ. શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યો નમઃ

# -ઃ ભાગ-૧૭ ઃ-

૦ આ ભાગમાં બે આગમોનો સમાવેશ કરાયેલો છે. આગમ-૧૩ જે બીજું ઉપાંગસૂત્ર છે. જેનું પ્રાકૃત નામ रायप्पसेणिय છે, જે સંસ્કૃતમાં राजप्रश्नीय નામે ઓળખાય છે. વ્યવહારમાં આ નામ જ પ્રસિદ્ધ છે. બીજું આગમ એ આગમ ક્રમાંક-૧૪ છે. જે ઉપાંગ ત્રીજું છે. તેને અમે ત્રણ ભાગમાં વિભાજીત કરેલ છે. જેમાં પ્રતિપત્તિ-૧, આ ભાગ-૧૭માં લીધેલ છે. પ્રતિપત્તિ-૨, તથા પ્રતિપત્તિ-૩માં સૂત્ર-૧૮૪ સુધી, ભાગ-૧૮માં છે, સૂત્ર-૧૮૫ થી પ્રતિપત્તિ-૯ સુધી ભાગ-૧૯માં છે. એ આગમ સંસ્કૃત અને પ્રાકૃત બંનેમાં जीवाजीवाभिगम નામે પ્રસિદ્ધ છે, વ્યવહારમાં તે ''જીવાભિગમ'' નામે ઓળખાય છે અને સાક્ષીપાઠોમાં જ્યાં-જ્યાં આ સૂત્રની સાક્ષી અપાય ત્યાં जाव जीवाभिगमे એ રીતે જ જણાવાયેલ છે, जाव जीवाजीवाभिगमे એમ હોતું નથી.

रायप्पसेणीय એ પ્રદેશી રાજાની કથા અને સૂર્યાભદેવનું વિસ્તૃત વર્ણન ધરાવતું કથાનુયોગની મહત્તાવાળું આગમ છે. તેમાં કોઈ શ્રુતસ્કંધ, અધ્યયન, ઉદ્દેશા જેવા વિભાગ નથી. સળંગ સૂત્રો જ છે. તો પણ 'જીવ' અને તેના 'અસ્તિત્વ'ની વિશદ્ ચર્ચા દ્વારા દ્રવ્યાનુયોગના માધ્યમથી જૈનદર્શનના જીવાદિ તત્ત્વોની સુંદર છણાવટ કરી છે. વંદન-પૌષધાદિ દ્વારા ચરણકરણાનુયોગ પણ કિંચિત્ નીરૂપાયેલ છે.

जीवाजीवाभिगम -એ મુખ્યતાએ દ્રવ્યાનુયોગનું જ પ્રાધાન્ય ધરાવતું ઉપાંગ છે. જેના વિભાગ ''પ્રતિપત્તિ'' નામથી ઓળખાવેલ છે. તે પ્રતિપત્તિમાં પણ ત્રીજી પ્રતિપત્તિ અનેક પેટા વિભાગ-ઉદ્દેશારૂપે છે, તેમાં અહીં પહેલી પ્રતિપત્તિ જ લીધી છે, જે દ્વિવિધ જીવ પ્રતિપત્તિ કહેવાય છે.

'રાયપસેણીય' ઉપર માત્ર પૂ.મલયગિરિજીની વૃત્તિ છે. જેનો અહીં અમે અનુવાદ કર્યો છે. જીવાભિગમમાં પૂ.મલયગિરિજી વૃત્તિ ઉપરાંત ચૂર્ણિ અને લઘુવૃત્તિઓના પણ ઉલ્લેખ છે જ. જો કે જીવાભિગમ ચૂર્ણિ મુદ્રિત થયાનું અમારી જાણમાં નથી. અહીં તો વૃત્તિ આધારિત અનુવાદ માત્ર છે.





# ૧૩-રાયપસેણીય-ઉપાંગસૂત્ર-૨

## અનુવાદ તથા ટીકાનુસારી વિવેચન

૦ આ ઉપાંગ ''રાજપ્રશ્નીય'' નામે કઈ રીતે છે ? અહીં પ્રદેશી નામે રાજાએ પૂજ્ય કેશીકુમાર શ્રમણ પાસે જે જીવ વિષયક પ્રશ્નો કર્યા, તેને કેશિકુમાર શ્રમણ ગણધરે જે ઉત્તરો આપ્યા. જે ઉત્તર સમ્યક્ પરિણતિ ભાવથી બોધિ પામીને મરણાંતે શુભાનુશય યોગથી પહેલાં સૌધર્મ નામક દેવલોકમાં એક વિમાનના અધિપતિપણે રહ્યો, જે રીતે વિમાનાધિપત્ય પ્રાપ્તિ પછી સમ્યક્ અવધિજ્ઞાનથી શ્રી વર્ધમાનસ્વામીને જોઈને ભક્તિ અતિશયચિત્તથી બધી સામગ્રી સહિત અહીં અવતર્યો. ભગવન્ પાસે બત્રીશ પ્રકારે નાટ્ય-નૃત્ય કર્યા. નર્તન કરીને યથાયુષ્ક સ્વર્ગીય સુખ અનુભવીને, ત્યાંથી ચ્યવીને જ્યાં આવીને મુક્તિપદને પામશે, આ બધું આ ઉપાંગમાં કહ્યું છે. આ સર્વ વક્તવ્યતાનું મૂળ ''રાજપ્રશ્નીય'' છે.

હવે આ કયા અંગનું ઉપાંગ છે ? સૂત્રકૃતાંગનું, કઈ રીતે તેની ઉપાંગતા છે ? સૂત્રકૃત્‌માં ૧૮૦ ક્રિયાવાદી છે. ૮૪-અક્રિયાવાદી છે, ૬૭-અજ્ઞાનવાદી, ૩૨-વૈનયિકો છે. સર્વસંખ્યા ૩૬૩ પાખંડીની છે. તે સ્વસિદ્ધાંત સ્થાપે છે. નંદી અધ્યયનમાં પણ આ વાત લખી જ છે. પ્રદેશી રાજા પૂર્વે અક્રિયાવાદીમત ભાવિત મનવાળો હતો. તેને આશ્રીને જીવ વિષયક પ્રશ્નો કર્યા. કેશિકુમાર શ્રમણ-ગણધારીએ સૂત્રકૃત્ સૂચિત અક્રિયાવાદિમતના ખંડનના ઉતરો આપ્યા. તે સૂત્રકૃત્‌માં જે કેશિકુમારે ઉત્તરો આપ્યા, તેને જ અહીં સવિસ્તર કહે છે. સૂત્રકૃત્ ગત વિશેષ પ્રગટપણાથી આ ઉપાંગ સૂત્રકૃતાંગનું છે. આ વક્તવ્યતા ભગવન્ વર્ધમાનસ્વામીએ ગૌતમને સાક્ષાત્ કહી છે. - x - તે અહીં કહે છે —

● સૂત્ર-૧,૨ ઃ-

*[૧] તે કાળે, તે સમયે આમલકલ્પા નામે નગરી હતી. તે ઋદ્ધ-સ્તિમિત-સમૃદ્ધ યાવત્ પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ, પ્રતિરૂપ હતી.*

*[૨] તે આમલકલ્પા નગરી બહાર ઈશાન ખૂણામાં આમ્રશાલવન નામે ચૈત્ય હતું. તે પુરાણું યાવત્ પ્રતિરૂપ હતું.*

● વૃત્તિ-૧,૨ ઃ-

ते णं काले० ઈત્યાદિ. જે કાળે ભગવન્ વર્ધમાન સ્વામી સ્વયં વિચરતા હતા તેમાં. - x - x - काल - અધિકૃતાવસર્પિણીના ચોથા આરારૂપ. - x - समय - અવસરવાચી. લોકમાં વક્તાર - આજ સુધી તે વક્તવ્ય સમય વર્તતો નથી. અર્થાત્ આજસુધી આ વક્તવ્ય અવસર વર્તતો નથી. તેમાં એટલે જે સમયમાં સૂર્યાભદેવનો

વૃત્તાંત કહેવાયો, તે સમયે આમલકલ્પા નગરી હતી. પણ આજે તેવી નગરી વર્તતી નથી. તો અભવત્ કેમ કહ્યું ? કહેવાનાર વર્ણક ગ્રન્થોક્ત વિભૂતિયુક્ત તેનો અભાવ હોવાથી કહ્યું. વિવક્ષિત ઉપાંગ કાળે તેમ ન હતું. તો કઈ રીતે જાણવું ? આ અવસર્પિણી કાળ, તેમાં પ્રતિક્ષણે શુભ ભાવોની હાનિ થાય છે. તે જિનવચન જ્ઞાતાને સમ્યક્ પ્રતીત છે. તેથી અભવત્ કહેવામાં કોઈ વિરોધ નથી.

હવે આ નગરી વર્ણન - रिद्धत्थिमिय समिद्धा० ઈત્યાદિ. ઋદ્ધ-ભવન અને નગરજનથી અતી વૃદ્ધિ પામેલ. સ્તિમિત-સ્વચક્ર, પરચક્ર, તસ્કર, ડમરાદિ ઉત્પન્ન ભય-કલ્લોલ-માલા રહિત. સમૃદ્ધ-ધનધાન્યાદિ વિભૂતિયુક્ત. યાવત્ શબ્દથી पमुइयजणवयजाणवया० પ્રમોદવાળા, નગરીમાં વસનારા લોકો અને જનપદમાં પ્રયોજનવશ આવતા એવા લોકો તે. आइण्णजणमणूसा - મનુષ્યજન વડે આકીર્ણ. સેંકડો અને હજારો હળો વડે ખેડાયેલ, વિકૃષ્ટા-નગરીથી દૂરવર્તી કે બહિર્વર્તી. મનોજ્ઞ અને નિપુણો વડે આપ્ત અર્થાત્ છેક પુરુષો વડે પરિકર્મિત. સેતુસીમા-નહેરના જળથી આસિંચિત્ ક્ષેત્ર સીમાવાળા, જે લાખો હળો વડે ખેડાયેલ, વિકૃષ્ટ, છેકપુરુષ પરિકર્મિત સીમા.

કુર્કુટ સંપાતિત ગામ - સર્વે દિશા, વિદિશામાં પ્રચુરતાવાળી, બળદ, પાડા, ગાય, ઘેટાંની બહુલતાવાળી. સુંદર આકારવાળી, ચૈત્યો અને પણ્યતરુણીયુક્ત, વિશિષ્ટ સંનિવેશો જ્યાં ઘણાં છે તેવી. ઉત્કોટપણે ચરે છે, તેથી શરીર વિનાશકારી ગ્રંથિછેદક, ચોર, દંડપાશક રહિત છે. આના દ્વારા તેમાં ઉપદ્રવકારીતાનો અભાવ કહ્યો. અશિવ અને રાજાદિકૃત્ ઉપદ્રવનો અભાવ, ભિક્ષુકોને ભિક્ષાની સુલભતા, વિશ્વસ્ત-નિર્ભય જેમાં લોકોનો આવાસ સુખમય છે તે. અનેક કોટિસંખ્યા કૌટુંબિકોથી આકીર્ણ, સંતુષ્ટજનના યોગથી નિર્વૃત્ત, શુભવસ્તુયુક્તપણાથી શુભ, નટ-નર્તક-રાજાના સ્તોત્રપાઠક-મલ્લ-મૌષ્ટિકમલ્લ-વિદૂષક-કથક-કુદનાર કે નદ્યાદિ તરનાર-રાસ ગાનારા-જય શબ્દ બોલનાર કે ભાંડ-શુભાશુભ કથક - મોટા વાંસ ઉપર ખેલનાર - મંખભિક્ષુક - તૂણવાદ્યવાળા - તુંબવીણાદિકા - તાળી વગાડનારા આ બધાં વડે જે આસેવિતા છે તેવી. - - -

- - - આરામ, ઉદ્યાન, કૂવા, તળાવ, દીર્ઘિકા, કેદારા આદિથી રમ્યતાદિ ગુણોપેતા જેના છે તે. ઉંડ-વિસ્તીર્ણ-ગંભીર-ઉપરથી વિસ્તીર્ણ અને નીચે સંકુચિત ખાત, નીચે-ઉપર સમખાતરૂપ પરિખા જેની છે તે. ચક્ર, ગદા, મુષંઢી, પ્રતોલીદ્વારમાં અંતઃપ્રાકારરૂપ અવરોધ, મહાયષ્ટિ કે મહાશિલા જે પાડવાથી સો પુરુષોનો ઘાત થાય તે, સમસ્થિ દ્વારો જે નિશ્છિદ્ર એવા દુષ્પ્રવેશ્ય જેના છે કુટિલ ધનુથી પણ વક્ર પ્રાકારથી પરિક્ષિપ્ત, વર્તુળ સંસ્થાનથી શોભતા કપિશીર્ષકયુક્ત, અટ્ટાલકા-ચરિકા-ઉન્નત એવા દ્વારા - ગોપુર - તોરણ જેના છે તે. સુવિભક્ત રાજમાર્ગથી યુક્ત. નિપુણ એવા શિલ્પાચાર્યથી રચિત, દૃઢ, અર્ગલા. સંપાટિત બે દ્વારના આધારભૂત એવો પ્રવેશમધ્ય માર્ગ જેનો છે તે. વણિક્પથ, હાટમાર્ગ અને વણિજોના સ્થાનો તથા



કુંભકારાદિથી નિર્વૃત્ત, સ્વ સ્વ કર્મ કુશલ વડે આકીર્ણ. શ્રૃંગાટક-ત્રિક-ચતુષ્ક-ચત્વર વડે કરીયાણાથી પ્રધાન દુકાનમાં, જ્યાં વિવિધ દ્રવ્ય વડે પરિમંડિત અને સુરમ્ય. -

- - રાજાના ગમનાગમન વડે વ્યાપ્ત રાજમાર્ગ જેનો છે તે. અનેક શ્રેષ્ઠ અશ્વો, ઉન્મત્ત હાથીઓ અને રથનો સમૂહ તથા શિબિકા, સ્યંદમાનીકા, યાન, યુગ્ય વડે વ્યાપ્ત છે જે. - x - x - વિકસિત તાજા કમળો વડે શોભિત જળ જેમાં છે તે તથા શ્વેત-ઉત્તમ-ભવન પંક્તિ પથિત ખુલ્લા નયને પ્રેક્ષણીય, પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ, પ્રતીરૂપ [એવી તે આમલકલ્પાનગરી છે.]

નગરીની બહાર ઈશાનખૂણામાં આમ્રની શાખાથી અતિ પ્રચૂરપણે ઉપલક્ષિત જે વન, તે આમ્રશાલવન, તેના યોગથી જે ચૈત્ય તે આમ્રશાલવન, ચિત - લેપ્ય આદિ ચયનના ભાવ કે કર્મ તે ચૈત્ય. તે અહીં સંજ્ઞા શબ્દત્વથી દેવતાની પ્રતિમારૂપે પ્રસિદ્ધ છે. તેથી તેના આશ્રયરૂપ જે દેવતાનું ગૃહ, તે પણ ઉપચારથી ચૈત્ય છે. તે અહીં વ્યંતરાયતન જાણવું, અરિહંત ભગવંતનું આયતન નહીં. તે કેવું છે ?

ઘણાં લાંબા કાળનું, જુનું, યાવત્ શબ્દથી શબ્દિત, કિર્તીત, જ્ઞાત, સચ્છત્ર, સધ્વજ. ઈત્યાદિ ઉવવાઈ પ્રસિદ્ધ વર્ણન જાણવું આવા પ્રકારના ચૈત્યનું વર્ણન કહીને વનખંડ વક્તવ્યતા કહેવી —

તે આમ્રશાલ વનચૈત્ય, એક મહા વનખંડથી ચોતરફથી સંપરિવૃત્ત હતું. તે વનખંડ કૃષ્ણાવભાસ ઈત્યાદિ યાવત્ પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ, પ્રતિરૂપ હતું. તેમાં કૃષ્ણાવભાસપણા આદિ ગુણ વડે, મનને પ્રસાદહેતુત્વથી પ્રાસાદીય, ચક્ષુને આનંદદાયીપણાથી દર્શનીય, અભિરૂપ-પ્રતિરૂપ પૂર્વવત્.

● **સૂત્ર-૩ :-**

***શ્રેષ્ઠ અશોકવૃક્ષ અને પૃથ્વીશિલાપટ્ટકની વક્તવ્યતા ઉવવાઈ સૂત્રના આલાવા અનુસાર જાણવી.***

● **વિવેચન-૩ :-**

- x - તે વનખંડના બહુમધ્યદેશભાગે એક મોટું, ઉત્તમ અશોકવૃક્ષ હતું, તે યાવત્ પ્રતિરૂપ હતું. તે વૃક્ષ બીજા અનેક તિલક યાવત્ નંદિવૃક્ષોથી ચોતરફથી સંપરિવૃત્ત હતું. તે તિલક યાવત્ નંદિવૃક્ષ કુશ-વિકુશ વિશુદ્ધ વૃક્ષ મૂળવાળું, મૂલમંત, કંદમંત યાવત્ પ્રતિરૂપ હતું. તે તિલક યાવત્ નંદિવૃક્ષ બીજી ઘણી પદ્મલતા, નાગ લતા, અશોકલતા, ચંપકલતા, ચૂતલતા, વનલતા, વાસંતિકાલતા, અતિમુકતકલતા, કુંદલતા, શામલતાથી ચોતરફ ઘેરાયેલ હતું.

તે પદ્મલતા યાવત્ શ્યામલતા નિત્ય કુસુમિત યાવત્ પ્રતિરૂપ હતી. તે શ્રેષ્ઠ અશોકવૃક્ષની ઉપર ઘણાં અષ્ટમંગલો હતા. તે આ — સ્વસ્તિક, શ્રીવત્સ, નંદ્યાવર્ત્ત, વર્ધમાનક, ભદ્રાસન, કળશ, મત્સ્ય, દર્પણ. તે બધાં રત્નમય, સ્વચ્છ, શ્લક્ષ્ણ, ઘૃષ્ટ, મૃષ્ટ, નીરજ, નિર્મળ, નિષ્પંક, નિષ્કંટકછાયા, પ્રભા-કિરણ-ઉદ્યોત સહિત તથા પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ અને પ્રતિરૂપ છે.

તે શ્રેષ્ઠ અશોકવૃક્ષ ઉપર ઘણાં કૃષ્ણ-નીલ-લોહિત-હાલિદ્ર-શુક્લ ચામર ધ્વજ હતા, તે સ્વચ્છ, શ્લક્ષ્ણ, લષ્ટ, રૂપ્ય પટ્ટ, વજ્રમય દંડ, જલચામલ ગંધિક, સુરમ્ય, પ્રાસાદીય યાવત્ પ્રતિરૂપ હતા. તે શ્રેષ્ઠ અશોકવૃક્ષની ઉપર ઘણાં છત્રાતિછત્ર, પતાકાતિપતકા, ઘંટાયુગલ, ચામરયુગલ, ઉત્પલ-પદ્મ-કુમુદ-નલિન-સુભગ-સૌગંધિક-પૌંડરિક-મહાપૌંડરિક-શતપત્ર-સહસ્રપત્રહસ્તક સર્વે રત્નમયાદિ હતા.

તે શ્રેષ્ઠ અશોકવૃક્ષ નીચે એક મોટો પૃથ્વીશિલાપટ્ટક હતો. તે ઇષત્ સ્કંધ સમલ્લીન હતો. વિષ્કંભ-આયામ સુપ્રમાણ હતો. કૃષ્ણ અંજનઘન કુવલય હલધર કોશેય સદૃશ આકાશ, કેશ, કજ્જલક, કેતન, ઈન્દ્રનીલ, અતસિકુસુમ સમાન, ભૃંગ-અંજન-ભંગ-ભેદ-રિષ્ટક-ગુલિક-ગવલાતિરેક, ભ્રમરસમૂહરૂપ, જાંબૂફળ, અસણ-કુસુમ, શણબંધન નીલોત્પલ પત્રનો સમૂહ ઈત્યાદિ - x - પ્રતિરૂપક, દર્શનીય, આદર્શકતલની ઉપમાયુક્ત, સુરમ્ય, સીંહાસન સંસ્થિત, સુરૂપ, મુક્તાજાલ ખચિતકર્મ, આજિનક-રૂ-બૂર-નવનીત સમાન સ્પર્શવાળો, સર્વ રત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ હતો.

આની વ્યાખ્યા-પૂર્વવત્ વનખંડના બહુમધ્યદેશભાગમાં એક મોટું શ્રેષ્ઠ અશોકવૃક્ષ તીર્થંકર, ગણધરે પ્રરૂપેલ છે. તે દૂરમૂત-પ્રબળતાથી ગયેલ કંદની નીચે મૂળ જેનું છે તેવું દૂરોદ્‌ગત કંદમૂળ, વૃત્તભાવથી પરિણત, બધી દિશા, વિદિશામાં શાખા અને પ્રશાખા વડે પ્રસરેલ, જેથી વર્તુળ જણાતું. જેની મનોજ્ઞશાખા છે તેવું લષ્ટસંધિ, અન્ય વૃક્ષોથી વિવિક્ત તથા નિબિડ, કોમળ ત્વચાવાળુ, શુભકાંતિ યુક્ત, મૂલાદિ પરિપાટી વડે સુષ્ઠુ-જન્મદોષ રહિત એ રીતે ઉત્પન્ન તે આનુપૂર્વી સુજાત, ઉપદ્રવ રહિત, ઉચ્ચ, પ્રધાન સ્કંધ છે જે તે તથા અનેક મનુષ્યની જે પ્રલંબ બાહુ, તેના વડે અગ્રાહ્ય - -

- - તથા પુષ્પના ભારથી કંઈક નમેલ, પાન વડે સમૃદ્ધ, વિસ્તીર્ણ શાખા જેની છે તેવું, તથા મધુકરી અને ભ્રમરનો જે ગણ, તે ગુમગુમ શબ્દ કરે છે, તેનો આશ્રય કરતા તેની નીકટના આકાશમાં ભ્રમણ કરતા, તેના વડે શોભાયુક્ત તથા વિવિધ જાતિના પક્ષીગણના જે સ્ત્રી-પુરુષ યુગલ, તેના પ્રમોદવશથી જે પરસ્પર સુમધુર હોવાથી કાનને સુખદાયક જે પ્રલાપ, પક્ષી સમૂહના જ સ્વેચ્છાથી ક્રીડા કરતા પ્રમોદ ભારથી વશ જે સ્વર, તે પ્રલપ્ત, તેનાથી યુક્ત, તેનો જે ધ્વનિ, તેના વડે મધુર તથા દર્ભ આદિ, વલ્વજ આદિથી રહિત સર્વ અશોકવૃક્ષ. આ મૂળ અને શાખાદિનો આદિ ભાગ લક્ષણ કહેવાય છે. - x - x -

જે આવા પ્રકારે છે, તે જોતાં જ ચિતના સંતોષ માટે થાય છે, તે કહે છે — ચિત્તને સંતોષથી અને હિતના ઉત્પાદકપણાથી પ્રાસાદીય, તેથી જ દર્શનીય-જોવાને યોગ્ય, કઈ રીતે ? જોનારને કોઈ જ વિરાગ હેતુરૂપ નથી તેવા આકારે, તે અભિરૂપ. આવા પ્રકારે કઈ રીતે ? પ્રતિરૂપ-પ્રતિ વિશિષ્ટ સર્વ જગત્‌ને અસાધારણ રૂપ તે પ્રતિરૂપ.

તે શ્રેષ્ઠ અશોકવૃક્ષ ઈત્યાદિ યાવત્ નંદિવૃક્ષ. અહીં યાવત્ શબ્દથી-લકુશ-



છત્રોપગ-શિરિષ-સપ્તવર્ણ-લોધ્ર-દધિપર્ણ-ચંદન-અર્જુન-નીમ-કદંબ-ફનસ-દાડમ-શાલ-તમાલ-પ્રિયાલ-પ્રિયંગુ-રાયવૃક્ષ-નંદિવૃક્ષ વડે યુક્ત. - x - તે તિલક યાવત્ નંદિવૃક્ષ, કુશ-વિકુશ રહિત વૃક્ષમૂળ યુક્ત. મૂલવંત-જેમાં મૂળ આદિ દૂરાવગાઢ છે તે. જેમાં કંદ છે, તે કંદવંત. યાવત્ શબ્દથી સંધિ-ત્વચા-શાલ-પ્રવાલ-પત્ર-પુષ્પ-ફળ-બીજયુક્ત, અનુક્રમે સુજાત, રુચિર, વૃત્ત ભાવ પરિણત, એક સ્કંધ, અનેક શાખા-પ્રશાખા-વિડિમાયુક્ત, અનેક મનુષ્ય વડે પ્રસારિત અગ્રાહ્ય ઘન-વિપુલ-વૃત્ત સ્કંધયુક્ત, અછિદ્ર-અવિરલ-અવાતીતિ-નિવૃત્ત જરઠ પાંડુ પત્રો, નવા-હરિત-ભિસંત-પત્રભારથી અંધકાર, ગંભીર દર્શનીય, ઉપનિર્ગત-નવતરુણ પત્ર પલ્લવ, કોમલ-ઉજ્જ્વલ-ચલંત-કિસલય-સુકુમાલ-પ્રવાલ-શોભિત-શ્રેષ્ઠ અંકુરાગ્ર શિખરવાળા, નિત્ય-કુસુમિત, મુકુલિક, લવયિક, સ્તબકીય, ગુલયિત, ગોચ્છિક, યમલિક, યુગલિક, નમિત, પ્રણમિત, સુવિભક્ત, પિંડમંજરિ, અવતંસક ધર....

.... પોપટ, મયુર, મદનશલાકા, કોયલ, ઉગ્ગક, ભૃંગારક, કોંડલક, જીવંજીવક, નંદીમુખ, કપિલ, પિંગલાક્ષક, કારંડક, ચક્રવાક, કલહંસ, સારસાદિ અનેક પક્ષીગણ યુગલથી વિરચિત, શબ્દોન્નયિત, મધુર, શરણાદિક, સુરમ્ય, સુપિંડિત દરિત ભ્રમર-મધુકરીના સમૂહથી - x - x - ગુંજતો દેશ ભાગથી ભરેલ પુષ્પ, ફળ, બાહ્ય પત્રોથી છાદિત પત્રો અને પુષ્પોથી “ઉચ્છન્નપલિચ્છિન્ન” નિરોગી સ્વાદુ ફળો, અકંટક, વિવિધ ગુચ્છ-ગુલ્મના મંડપથી શોભિત, વિચિત્ર શુભકેતુ પ્રભૂત વાપી-પુષ્કરિણી-દીર્ઘિકામાં જે સુનિવેશિત રમ્યજાલગૃહક, પિંડિમ-નીર્હારિમ-સુગંધિ-શુભ સુરભિ-મનહર મહા ગંધઘ્રાણિને છોડતા શુભસેતુ-કેતુ બહુલ અનેક શકટ-યાન-યુગ્ય-ગિલ્લિ-થિલ્લિ-શીયા-સ્યંદમાનિ પ્રતિમોચક, પ્રાસાદીય-દર્શનીય-અભિરૂપ-પ્રતિરૂપ હતું. આની વ્યાખ્યા —

અહીં મૂળ, તે સ્કંદની નીચેનો વિસ્તાર, સ્કંદ - તે મૂળની ઉપર વર્તતા, થડ, છાલ, શાખા, પલ્લવ, અંકુર ઈત્યાદિ. - x - મૂલાદિ ક્રમથી સારી રીતે ઉત્પન્ન, અનુક્રમે સુજાત, સ્નિગ્ધતાથી દેદીપ્યમાન શરીરી, વૃત્ત ભાવથી પરિણત, એ પ્રમાણે બધી દિશા-વિદિશામાં શાખા અને પ્રશાખા વડે પ્રસરેલ જેથી વર્તુળ લાગતું એવું - x - x - તિલકાદિ વૃક્ષો જે પ્રત્યેક એક સ્કંધવાળા છે તથા અનેક શાખા અને પ્રશાખા વડે મધ્યભાગમાં જેનો વિસ્તાર છે, તિર્છા બે બાહુ પ્રસારણ પ્રમાણ વ્યામ - x - અનેક પુરુષે સુપ્રસારિત બાહુ વડે અગ્રાહ્ય, અપ્રમેય, નિબિડ, વિસ્તીર્ણ સ્કંધ જેમાં છે તે. - x -

તથા જેના અચ્છિદ્ર પત્રો છે તે. શું કહે છે ? તે. પત્રોમાં વાત દોષ કે કાલ દોષથી ગડ્ડરિકાદિ જે ઉપજાત જેના વડે તે પત્રોમાં છિદ્રો ન થાય તે અછિદ્ર પત્ર અથવા એ રીતે અન્યોન્ય શાખા-પ્રશાખાના અનુપ્રવેશથી પત્રો, પત્રોની ઉપર જવાથી, જેના વડે જરા પણ અપાંતરાલરૂપ છિદ્ર ન દેખાય તે. - x - અવિરલ પત્ર કઈ રીતે ? અવાતીન પત્ર. વાયુ વડે ઉપહત-વાયુ વડે પડેલ તે વાતીન, જે વાતીન નથી તે

અવાતીન પત્રો. પ્રબળ, ખર, કઠોર વાયુ વડે તેના પત્રો ભૂમિ ઉપર પડતા નથી, તેથી અવાતીન પત્રપણાથી અવિરલપત્ર, તેથી અચ્છિદ્રપત્ર. તેનો હેતુ કહે છે – 'ઈતિ' રહિત પત્ર. ઈતિ - ગડ્ડરિકાદિ રૂપ. - x - અતીતિપત્રત્વથી અચ્છિદ્ર પત્ર.

જેમાંથી જરઠ પાંડુ પત્ર દૂર કરાયેલા છે. અર્થાત્ જે વૃક્ષસ્થ જરઠ પાંડુપત્ર, વાયુ વડે ઉડાડીને ભૂમિમાં પાડેલ છે, ભૂમિથી પણ પ્રાયઃ ઉડાડી-ઉડાડીને પ્રાયઃબીજે લઈ જવાયા છે. પ્રત્યગ્રથી જે લીલા ભાસતા કે સ્નિગ્ધત્વથી દીપતા, દળસંચયથી જે થયેલ અંધકાર, તેના વડે ગંભીર-જેનો મધ્યભાગ લબ્ધ નથી તેથી દર્શનીય છે. તથા નિરંતર નવા-તરુણ-પત્ર-પલ્લવ વડે યુક્ત છે, મનોજ્ઞ, શુદ્ધ, ચલનથી કંઈક કંપતા, કિશલયાવસ્થાને પામેલ, સુકુમાર, પલ્લવાંકુરથી શોભિત શ્રેષ્ઠ અંકુર યુક્ત અગ્ર શિખરવાળા - x - x - તથા -

સર્વકાળ - છ એ ઋતુમાં કુસુમિત - સંજાત પુષ્પો છે જેમાં તે. સર્વકાળ મુકુલિત, નિત્ય પલ્લવિત, નિત્ય સ્તબકિત-સ્તબક ભારવાળા, નિત્ય ગુલ્મિત-સ્તબક ગુલ્મ ગુચ્છ વિશેષ, નિત્ય ગુચ્છાવાળા, નિત્ય સમાન જાતીય જે યુગ્મ, તેનાથી સંજાત તે યમલિત. નિત્ય સજાતીય-વિજાતીયથી સંજાત તે યુગલિત, સર્વકાળ ફળના ભારથી કંઈક નમેલ, પ્રકર્ષથી નમેલ તે પ્રણત, સર્વકાળ સુવિભક્ત, પ્રતિવિશિષ્ટ મંજરીરૂપ જે અવતંસક તેને ધારણ કરેલ. આ પ્રમાણે સર્વે પણ કુસુમિતત્વાદિ ધર્મ એક વૃક્ષના કહ્યા.

હવે કેટલાંક વૃક્ષોના સકલકુસુમિતત્વાદિ ધર્મ પ્રતિપાદનાર્થે કહે છે – કેટલાંક કુસુમિતાદિ એક-એક ગુણયુક્ત, કેટલાંક સમસ્ત કુસુમિત આદિ ગુણયુક્ત. પોપટ-મોર-મદનશલાકા-કોકિલા યાવત્ સારસનામક પક્ષી ગણના મિથુન વડે જે અહીં-તહીં ગમન, જે ઉન્નત શબ્દક મધુર સ્વર અને નાદ જેમાં છે તે, તેથી જ સુરમ્ય, એકત્ર પિંડરૂપ, મદોન્મતપણે દર્પાધ્માત ભ્રમર-મધુકરીને સમૂહ તથા અત્યંત આવીને આશ્રય કરેલ ઉન્મત્ત ભ્રમર, કિંજલ્કના પાનમાં લંપટ, મધુર ગુમગુમ શબ્દવિશેષ કરતા દેશભાગમાં રહેલ જે છે તે. - x - x - તથા -

અભ્યંતરભાગવર્તી પુષ્પ અને ફળ જેમાં છે તે. બહારથી પાંદડા વડે વ્યાપ્ત, તથા પત્ર અને પુષ્પ વડે અત્યંત આચ્છાદિત, રોગ વર્જિત, કંટક રહિત અર્થાત્ તેની નજીક બબ્બૂલાદિ વૃક્ષો ન હતા. તેના ફળો સ્વાદિષ્ટ હતા. સ્નિગ્ધ ફળો હતા. તેની નજીક વિવિધ પ્રકારના ગુચ્છ-વૃંતાકી આદિ, નવમાલિકાદિ ગુલ્મના મંડપો શોભતા હતા. વિવિધ પ્રકારના મંડનરૂપ ધ્વજોથી વ્યાપ્ત તથા વાપી, પુષ્કરિણી, દીર્ધિકામાં સારી રીતે નિવેશિત રમ્ય જાલગૃહકો હતા તથા એકત્ર અને દૂર સુધી જતી તેની સુગંધી, શુભસુરભિ ગંધાંતરથી મનોહર તે ઘણી મહાન્ હતી. જેવી ગંધપુદ્ગલથી ગંધ વિષયમાં ગંધઘ્રાણી ઉત્પન્ન થાય છે, તેવી ગંધપુદ્ગલની સંહતિને નિરંતર છોડતા હતા. તથા શુભ-માર્ગ અને ધ્વજાની બહુલતા હતી. - -

- - અનેક ક્રિડારથો અને સંગ્રામ રથો, ગાડા, યાન, યુગ્ય, શિબિકા, સ્યંદમાનિકા ઈત્યાદિથી પ્રાસાદીય, દર્શનીય આદિ. તે તિલક ઈત્યાદિ પાઠસિદ્ધ છે.



વિશેષ એ કે – નાગ અને વન એ વૃક્ષવિશેષ છે, તેની લતા, આ લતા એક શાખાવાળી જાણવી. જે વૃક્ષ છે તે ઉર્ધ્વગત એક શાખા હોય છે, પણ દિશા-વિદિશામાં પ્રસરેલ નહીં, બહુશાખાક તે લતા છે.

નિત્ય કુસુમિત, નિત્ય મુકુલિત, નિત્ય લવયિક, નિત્ય સ્તબિક, નિત્ય ગુચ્છિત, નિત્ય ગુલ્મિત, નિત્ય યમલિત, નિત્ય યુગલિક, નિત્ય વિનમિત, નિત્ય પ્રણમિત, સુવિભક્ત પ્રતિમંજરી વતંસક ધારી, એકત્ર-દૃપ્ત-ભ્રમર અને મધુકરીનો સમૂહ ઈત્યાદિથી ગુંજતો દેશ-ભાગ પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ અને પ્રતિરૂપ હતો. - x -

શ્રેષ્ઠ અશોકવૃક્ષ ઉપર ઘણાં આઠ-આઠ મંગલો છે, તે આ રીતે – સ્વસ્તિક શ્રીવત્સ, નંદ્યાવર્ત કે નંદાવર્ત્ત, વર્ધમાનક-શરાવસંપુટ, ભદ્રાસન, કળશ, મત્સ્યયુગ્મ, દર્પણ. આ આઠે મંગલો રત્નમય, આકાશ-સ્ફટિકવત્ અતી સ્વચ્છ, શ્લક્ષ્ણપુદ્ગલ સ્કંધનિષ્પન્ન - શ્લક્ષ્ણ તંતુથી નિષ્પન્ન વસ્ત્ર સમાન, લષ્ટ-મસૃણ, ઘુંટિતપટ સમાન, ધૃષ્ટ-ખરશાણ પાષાણ પ્રતિમા સમાન, મૃષ્ટ-સુકુમાર શાણ પાષાણ પ્રતિમાવત્. તેથી જ સ્વાભાવિક રજો રહિત, આવનાર મળના અભાવથી નિર્મળ, કલંક અથવા કાદવ રહિત, કવચ-આવરણ-ઉપઘાત રહિત હોવાથી નિષ્કંટક દીપ્તિ જેની છે તે, સ્વરૂપથી પ્રભાવાળા, બહાર નીકળતા કિરણજાલથી યુક્ત, તેથી જ ઉધોત સહિત અને પ્રાસાદીય-દર્શનીયાદિ હતા.

તે શ્રેષ્ઠ અશોકવૃક્ષની ઉપર ઘણી કૃષ્ણ ચામર અને ધ્વજાઓ હતી, એ પ્રમાણે નીલ, લોહિત, હારિદ્ર, શુક્લ ચામર અને ધ્વજાઓ હતી. તે કેવી હતી ? તે કહે છે – સ્ફટિકવત્ અતિ નિર્મળ, શ્લક્ષ્ણ પુદ્ગલ સ્કંધથી નિષ્પન્ન, રૂપાના વજમય દંડની ઉપર જે પટ્ટ તે રૂપ્યપટ્ટ અને તેની મધ્યે વર્તતો વજરત્નમય દંડ જેમાં છે તે વજદંડ. તથા જલજ પુષ્પોની, પદ્મોની સમાન નિર્મળ ગંધ જેમાં છે તે, તેથી જ અતિશય રમણીય. પ્રાસાદીય-દર્શનીય-અભિરૂપ-પ્રતિરૂપ શબ્દ પૂર્વવત્ છે.

શ્રેષ્ઠ અશોકવૃક્ષ ઉપર ઘણાં છત્રાતિછત્ર - એક અતિશય યુક્ત છત્રની ઉપર અધોભાગથી બે કે ત્રણ સંખ્યાવાળા છત્રો તે. તથા ઘણી પતાકાતિપતાકા હતી. તે જ છત્રાતિછત્રાદિમાં ઘંટાયુગલ, ચામરયુગલ હતા. તે - તે પ્રદેશમાં ઉત્પલહસ્તક - ઉત્પલ નામે જલકુસુમ સંઘાત વિશેષ. એ પ્રમાણે પદ્મહસ્તક, કુમુદહસ્ત, નલિનહસ્તકાદિ સમજવા. તેમાં ઉત્પલ-ગર્દભક, પદ્મ-સૂર્યવિકાશી પંકજ, મુકુદ-કૈરવ, નલિન-કંઈક રક્ત પદ્મ, સુભગ-પદ્મવિશેષ, સૌગંધિક-કલ્હાર, પુંડરીક-શ્વેતાંબુજ, તે જ અતિ વિશાળ મહાપુંડરીક, શતપત્ર-સહસ્રપત્ર-પદ્મ વિશેષ. - x -

શ્રેષ્ઠ અશોકવૃક્ષની નીચે એક મોટો પૃથ્વીશિલાપટ્ટક કહ્યો છે. કેવો ? જે થડ, તે કંઈક સમ્યક્તયા તેની નીકટ હતો. વિષ્કંભ અને આયામથી શોભનપ્રમાણ યુક્ત હતો. તે કૃષ્ણ હતો, આ કૃષ્ણત્વને નિરૂપતા કહે છે – અંજનક, મેઘ, નીલોત્પલ, બલદેવના વસ્ત્ર સમાન વર્ણ કાળો હતો. ધૂળ-મેઘાદિ રહિત આકાશ,

મસ્તકના વાળ, કાજળ, કર્કેતન અને ઈન્દ્રનીલ, અતસીકુસુમ આ બધાં જેવી કૃષ્ણ દીપ્તિ જેની છે તેવો. ભૃંગ-ભ્રમર, સૌવીરાંજન, રિષ્ટરત્ન, નીલગુલ્મિ, ભેંસનું શીંગડુ આ બધાંથી કૃષ્ણત્વથી જે અતિરેક છે તે તથા ભ્રમરના સમૂહરૂપ ઉપમાને પામેલ.

વળી જાંબૂફળ, અસનપુષ્પવૃંત, નીલોત્પલ પત્રનો નિકર, મરકતમણિ, બીજક નામનું વૃક્ષ, નેત્રની કીકી, ખડ્ગના જેવો વર્ણ છે જેનો તે, તથા સ્નિગ્ધ, નિબિડ-પણ કોઠાની જેમ મધ્યમાં પોલાણવાળું નહીં, તે રૂપકો જે તેમાં સંક્રાંત છે - પ્રતિબિંબિત છે. તેના વડે દર્શનીય છે. દર્પણના તલસમાન ઉપમા પામેલ, મનમાં સારી રીતે રમ્ય, સિંહાસનની જેમ સંસ્થિત, તેથી જ સુરૂપ, મોતીઓના સમૂહથી ખચિત, પાંત દેશ જેનો છે તે. ચર્મમય વસ્ત્ર, રૂત, બૂર, માખણ, અર્કતૂલની જેમ કોમળપણે સ્પર્શ જેનો છે તેવું શિલાપટ્ટક હતું.

● સૂત્ર-૪ :-

***[આમલકલ્પામાં] શ્વેત નામે રાજા, ધારિણી રાણી હતા. સ્વામી પધાર્યા, પર્ષદા નીકળી યાવત્ રાજા પર્યુપાસના કરે છે.***

● વિવેચન-૪ :-

તે આમલકલ્પા નગરીમાં શ્વેત નામે રાજા હતો. તેને નગરમાં પ્રધાન સ્ત્રી એવી સકલગુણ ધારિણી ''ધારિણી'' નામે રાણી હતી. - x - x - તે રાજા મહાહિમવંત-મહાન્ મલય, મંદર, મહેન્દ્ર સમાન, અત્યંત વિશુદ્ધ રાજકુળવંશ પ્રભૂત નિરંતર રાજલક્ષણ વિરાજિત અંગયુક્ત, બહુજન-બહુમાનપૂજિત, સર્વગુણસમૃદ્ધ, ક્ષત્રિય, મુદિત, મૂર્દ્ધાભિસિક્ત, માતા-પિતાથી સુજાત, દ્રવ્ય પ્રાપ્ત, સીમંકર, સીમંધર, ક્ષેમંકર, ક્ષેમંધર, માનુષ્યેન્દ્ર, જનપદપિતા, જનપદપાલ, જનપદ પુરોહિત, સેતુકર, કેતુકર, નરપ્રવર, પુરુષવર, પુરુષસીંહ, પુરુષવ્યાઘ્ર, પુરુષઆશીવિષ, પુરુષવરપુંડરીક, પુરુષવર ગંધહસ્તી, આઢ્ય, દિપ્ત, વિત્ત, વિસ્તીર્ણ વિપુલ ભવન શયન-આસન, યાન વાહનથી આકીર્ણ, બહુધન-બહુજાત રૂપ રજત આયોગ પ્રયોગ સંપ્રયુક્ત, વિછર્દિત પ્રચુર ભોજન-પાન, ઘણાં દાસી, દાસ, ગાય, ભેંસ, ઘેટા વગેરેથી યુક્ત, પ્રતિપૂર્ણ યંત્ર-કોશ-કોષ્ઠાગાર-આયુધગૃહ, બહુ દુર્બળ પ્રત્યામિત્ર, અપહત-મલિત-ઉદ્ધિત-કંટક ઈત્યાદિ વિશેષણ યુક્ત રાજ્યનું પ્રશાસન કરતો રહેલો.

તે શ્વેત રાજાને ધારિણી નામે રાણી હતી, તે સુકુમાલ હાથ-પગવાળી, અહીન-પૂર્ણ પંચેન્દ્રિય શરીરી, લક્ષણ-વ્યંજન-ગુણયુક્ત, માન-ઉન્માન-પ્રમાણ પ્રતિપૂર્ણ સુજાત સર્વાંગ સુંદર અંગવાળી, શશિ-સૌમ્યાકાર, કાંતપ્રિય દર્શનવાળી, સુરૂપા, હાથમાં આવી જાય તેવી પ્રશસ્ત ત્રિવલી યુક્ત કમરવાળી, કુંડલથી ઉદ્યોતિતા કપોલરેખાવાળી, કૌમુદી-ચંદ્ર જેવી વિમલ-પ્રતિપૂર્ણ સૌમ્ય વદના, શ્રૃંગારાગાર ચારુવેષા, સંગત-હસિત-ભણિત-ચેષ્ટિત-વિલાસ-લલિત-સંલાપ-નિપુણ યુક્તોપચાર કુશળ, સુંદર સ્તન-જઘન-વદન-હાથ-પગ-નયન-લાવણ્ય-વિલાસથી યુક્ત, શ્વેત રાજા સાથે અનુરક્ત, અવિરક્ત, ઈષ્ટ શબ્દ-સ્પર્શ-રસ-રૂપ ગંધ એ પંચવિધ માનુષી કામભોગને અનુભવતા વિચરે છે.



આ રાજદેવીનું વર્ણન છે.

ઉક્ત વર્ણનની વ્યાખ્યા-હૈમવત્ ક્ષેત્રની ઉત્તરની સીમા કરનાર વર્ષધર પર્વત તે મહા હિમવત્, મલય-એક પર્વત, મંદર-મેરુ પર્વત, મહેન્દ્ર-શક્રાદિ દેવરાજની જેમ પ્રધાન. અત્યંત વિશુદ્ધ રાજકુળવંશમાં પ્રસૂત, નિરંતર-અપલક્ષણ વ્યવધાન અભાવથી રાજ્યસૂચક લક્ષણો વડે શોભિત, અંગ-પ્રત્યંગવાળા તથા ઘણાં લોકો વડે અંતરંગ પ્રીતિ વડે પૂજિત. કઈ રીતે ? તે કહે છે —

સર્વ શૌર્ય-ઉપશમાદિ ગુણ વડે સમૃદ્ધ. તેથી બહુજન બહુમાન પૂજિત, કેમકે ગુણવાનમાં પ્રાયઃ બધાંને બહુમાન સંભવે છે. ક્ષત્રના અપત્ય હોવાથી ક્ષત્રિય. આના દ્વારા નવમા આઠ આદિ નંદ સમાન રાજકુળપ્રસૂત હોવા છતાં હીન જાતીય નહીં પણ ઉત્તમ જાતીય કહ્યા. સર્વકાળ હર્ષવાન્, પ્રત્યનીકના ઉપદ્રવના અસંભવથી પ્રત્યનીકોનો જ અભાવ તથા પ્રાયઃબધાં જ પ્રત્યંત રાજા વડે પ્રતાપને સહન ન કરવાથી, આના સિવાય આપણી ગતિ નથી, એમ ભાવના કરતા મસ્તક વડે અભિષિક્ત. માતા-પિતા વડે સુજાત, આના દ્વારા સમસ્ત ગર્ભાધાન આદિ સંભવતા દોષરહિત કહ્યા. તથા સ્વભાવથી શુદ્ધ જીવ દ્રવ્યત્વથી દ્રવ્ય પ્રાપ્ત.

સીમા-મર્યાદા કરનાર, જેમકે આ રીતે વર્તવુ, આ રીતે ન વર્તવુ તે સીમંકર. પૂર્વપુરુષની પરંપરાથી આવેલ સ્વદેશને પ્રવર્ત્તાવતા સીમાને પાલન કરનાર પણ નાશ ન કરનાર તે સીમંધર, ક્ષેમ-વશવર્તીને ઉપદ્રવ અભાવવાળા કરવાથી ક્ષેમંકર, ચોર આદિના સંહારથી તથા તેને ધારણ કરવાથી આરક્ષક નિયોજન વડે ક્ષેમંધર, તેથી જ મનુષ્યેન્દ્ર. જનપદના પિતા માફક. કઈ રીતે પિતા સમાન કહ્યા ? જનપદને પાળે છે, તેથી જનપદપાલ. તેનાથી જનપદ પિતા સમાન છે. જનપદને શાંતિ કરનારા હોવાથી જનપદ પુરોહિત.

સેતુ-માર્ગને કરનાર છે માટે સેતુકર, માર્ગદેશક. કેતુ-ચિહ્નને કરે છે તે કેતુકર, અદ્‌ભુત સંવિધાનકારી. મનુષ્યો મધ્યે પ્રવર, તે સામાન્ય મનુષ્યની અપેક્ષાએ પણ હોય, તેથી કહે છે — પુરુષવર-પુરુષાભિમાન મધ્યે પ્રધાન ઉત્તમ પૌરુષોપેતત્વથી. પુરુષસિંહ સમાન પ્રતિમલ્લપણે પુરુષસિંહ, પુરુષ વ્યાઘ્ર સમાન શૂરપણે પુરુષ વ્યાઘ્ર, પુરુષ આસીવિષ સમાન દોષવિનાશન શીલપણાથી પુરુષાસીવિષ. ઉત્તમ પુંડરીક સમાન ઉત્તમતાથી પુરુષવર પુંડરીક. ઉત્તમ હાથીની માફક બીજાને સહન ન કરવાથી પુરુષવર ગંધહસ્તી આ બધાંથી શ્રેષ્ઠ પુરુષ થાય છે.

આઢ્ય-સમૃદ્ધ, શરીરત્વચાના દેદીપ્યમાનપણાથી દીપ્ત કે દૃપ્ત શત્રુના માનમર્દન શીલત્વયુક્ત. તેથી જગત્‌માં પ્રતીત. જે આઢ્ય કહ્યું — તેને જ વિસ્તારથી દર્શાવે છે. વિસ્તીર્ણ-વિસ્તારવાળા વિપુલ ઘર, આસન, શયન, રથાદિ યાન, અશ્વાદિ વાહન, એના વડે વ્યાપ્ત તથા બહુધન, સુવર્ણ, રજતવાળા. તથા આયોગ અને પ્રયોગ યુક્ત, તથાવિધ વિશિષ્ટ ઉપકારકારીતા થકી નોકર આદિ સર્વેને અપાતા પ્રચુર ભોજનપાન જેના રાજ્યમાં છે તે. આના વડે પુણ્યાધિકતાથી તેના રાજ્યમાં દુર્ભિક્ષનો

અભાવ કહ્યો. તથા ઘણાં દાસી-દાસ-બળદ-ગાય-ઘેટા છે, તેના યંત્ર, કોશ, કોષ્ઠાગાર ભરેલા છે. શારીરિક-માનસિક બળ જેનામાં છે તે. દુર્બળોનો અકારણ વત્સલ છે, આવો થઈ રાજ્ય ચલાવે છે.

કેવું રાજ્ય ? તે કહે છે — દેશ ઉપદ્રવકારી કંટકને અપહરેલ - x - ઉપદ્રવ કરનારા માન-મ્લાનિમ આપાદિત કંટક જેમાં છે તે મલિન કંટક, સ્વદેશ કે જીવિતના ત્યાગ વડે કંટકો જેમાં ઉદ્ધૃત કરાયા છે, તે ઉદ્ધૃત કંટક, પ્રતિમલ્લ રૂપ કંટક જેમાં વિદ્યમાન નથી તે અપ્રતિમલ્લ કંટક. પ્રત્યનીક-શત્રુ રાજા અપહૃત કરાયેલ છે, સ્વ અવકાશમાં અપ્રાપ્ત કરાયેલ છે તે અપહતશત્રુ, રણાંગણમાં શત્રુને પાડી દીધેલ છે તે નિહતશત્રુ, તેના સૈન્યના ત્રાસને દૂર કરીને-માનાદિ દૂર કરીને શત્રુ નિવાર્યા છે, તે મલિન શત્રુ. - x - આ બંને વિશેષણને નિર્જિત શત્રુ, પરાજિત શત્રુપણે પણ કહ્યા છે.

દુર્ભિક્ષ, દોષ, મારી જેમાંથી ચાલ્યા ગયા છે તે. સ્વદેશસ્થ કે પરશત્રુકૃત્ ભયથી વિમુક્ત કરેલ, તેથી જ નિરુપદ્રવ, શાંત, દીન-અનાથાદિને શુભ-ભિક્ષા પ્રાપ્ત કરાવેલ છે. તથા વિઘ્ન, રાજકુમારાદિ કૃત્ વિડ્વર જેમાં પ્રશાંત કરાયા છે તેવું રાજ્ય.

હવે દેવી વર્ણન-સુકુમાર હાથ-પગવાળી, અન્યૂન, સ્વરૂપથી પ્રતિપૂર્ણ લક્ષણથી પાંચે ઈન્દ્રિયો જેમાં છે તેવા શરીરવાળી. લક્ષણ-સ્વસ્તિક, ચક્રાદિ. વ્યંજન-મષી, તિલકાદિ. ગુણ-સૌભાગ્ય આદિ, તેનાથી યુક્ત. તે રીતે માન-ઉન્માન-પ્રમાણથી યુક્ત. *[આ ત્રણે શબ્દોની વ્યાખ્યા ઉવવાઈ સૂત્ર મુજબ જાણી લેવી.]* અન્યૂન, જન્મદોષ રહિત સર્વે અંગો-મસ્તકાદિ જેના છે તેવી સુંદરાંગી. તથા ચંદ્રવત્ સૌમ્ય આકારવાળી, કમનીય, જોનારને આનંદ ઉપજાવનાર દર્શનવાળી, તેથી જ સુરૂપા. મુઠ્ઠીમાં ગ્રાહ્ય એવા પ્રશસ્ત લક્ષણયુક્ત ત્રણ વલિ-રેખા યુક્ત કમરવાળી...

તથા કુંડલો વડે ધૃષ્ટ કપોલ વિરચિત મૃગમદાદિ રેખાયુક્ત. કારતક પૂનમના ચંદ્રવત્ નિર્મળ, પ્રતિપૂર્ણ, સૌમ્ય વદનવાળી, શ્રૃંગાર રસના ઘર જેવી અથવા મંડન-આભૂષણના આટોપથી પ્રધાન આકૃતિવાળી, સુંદર વેશભૂષાયુક્ત, સંગત એવા ગમન-હસિત-ભણિત-ચેષ્ટિત-વિલાસ-લલિત-સંલાપ-નિપુણ યુક્તોપચાર કુશળ એવી. તેમાં સંગત-અગુપ્તપણે તેના ગૃહમાં અંતર્ગમન પણ બહાર સ્વેચ્છાચારીપણે નહીં તે, હસિત-માત્ર મૃદુહાસ્ય પણ અટ્ટહાસ્ય નહીં. પ્રયોજન ઉત્પન્ન થતાં જે માત્ર વિવક્ષિત અર્થનું પ્રતિપાદન રૂપ ભણિત, ચેષ્ટિત-જે સ્તન, જઘનાદિ અવયવ આચ્છાદન પરત બેસવું, સુવું આદિ. વિલાસ-સ્વકુલોચિત શ્રૃંગારાદિકરણ, સુંદર સ્તન, જઘન, વદન આદિના વિલાસથી યુક્ત અથવા સ્થાન, આસન, ગમનાદિ રૂપ ચેષ્ટા વિશેષ - x - x - વિલાસ તે નેત્રજન્ય વિકાર.

તે કાળે તે સમયે શ્રમણ ભગવન્ મહાવીર યાવત્ ચોત્રીશ બુદ્ધવચનાતિશય સંપ્રાપ્ત, પાત્રીશ સત્ય વચનાતિશય સંપ્રાપ્ત, આકાશગત ચક્ર-છત્ર-શ્વેતચામર-સ્ફટિકમય પાદપીઠ સહિતનું સીંહાસન, આગળ ચાલતો ધર્મધ્વજ, ૧૪,૦૦૦ શ્રમણો, ૩૬,૦૦૦



શ્રમણીથી સંપરિવૃત્ત, અનુક્રમે વિચરતા, ગામથી ગામ જતાં, સુખે સુખે વિહાર કરતા આમલકલ્પા નગરીના વનખંડમાં શ્રેષ્ઠ અશોકવૃક્ષ નીચે પૃથ્વીશિલાપટ્ટકે આવ્યા. આવીને યથાપ્રતિરૂપ અવગ્રહની યાચના કરીને ત્યાં પૂર્વાભિમુખ રહી, પદ્માસને બેસી, સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિચરે છે.

અહીં યાવત્ શબ્દથી આદિકર, તિર્થંકર ઈત્યાદિ સમસ્ત વર્ણન ‘ઉવવાઈ’ સૂત્રાનુસાર કહેવું, તે અહીં લખેલ નથી.

અરહંત ભગવંતના ચોત્રીશ વચનાદિ - બધાંને સ્વ ભાષામાં અનુગત ધર્મ અવબોધકર વચન ઈત્યાદિ ઉક્ત સ્વરૂપ જે અતિશય, તેને પ્રાપ્ત. અહીં વચનાતિશયનું ઉપાદાન અત્યંત ઉપકારીપણાથી પ્રાધાન્ય જણાવવા માટે છે. અન્યથા દેહની વિમલતા આદિ તે કહેવાય છે. જેમકે વિમલ સુગંધી દેહાદિ.

પાત્રીશ સત્ય વચનાતિશય સંપ્રાપ્ત, તે આ પ્રમાણે — (૧) સંસ્કારવત્વ-સંસ્કારાદિ લક્ષણ યુક્ત, (૨) ઉદાત્તત્વ-ઉચ્ચપણે વર્તિત, (૩) ઉપચારોપેતત્વ-અગ્રામ્યતા (૪) ગંભીર શબ્દત્વ-મેઘની માફક, (૫) અનુનાદિત્વ-પડઘા યુક્ત, (૬) દક્ષિણત્વ-સરળતા, (૭) ઉપનીત રાગત્વ-શ્રોતાજનમાં સ્વવિષય બહુમાન ઉત્પાદક. આ સાત શબ્દાપેક્ષ અતિશયો છે.

હવે અર્થ આશ્રિત અતિશયો — (૮) મહાર્થત્વ-પરિપુષ્ટ અર્થ અભિધાયિતા, (૯) અવ્યાહતપૌર્વા પર્યત્વ-પૂર્વાપર વાક્યમાં અવિરોધ, (૧૦) શિષ્ટત્વ-વક્તાનું શિષ્ટત્વ સૂચક, (૧૧) અસંદિગ્ધત્વ-પરિસ્ફૂટ અર્થના પ્રતિપાદનથી, (૧૨) અપહૃત અન્યોત્તરત્વ-પરદૂષણના વિષય રહિત, (૧૩) હૃદયગ્રાહિત્વ-દુર્ગમ અર્થનો બીજાના હૃદયમાં પ્રવેશ કરાવવાથી, (૧૪) દેશકાળ અવ્યતીત્વ-પ્રસ્તાવ ઉચિતતા, (૧૫) તત્ત્વાનુરૂપ-વિવક્ષિત વસ્તુ સ્વરૂપ અનુસારિતા, (૧૬) અપ્રકીર્ણ પ્રસૃતત્વ-સંબંધાધિકાર પરિમિતપણું, (૧૭) અન્યોન્ય ગૃહીતત્વ-પદો અને વાક્યોની પરસ્પર સાપેક્ષતા, (૧૮) અભિજાતત્વ-યથા વિવક્ષિત અર્થની અભિધાનશીલતા. (૧૯) અતિ સ્નિગ્ધમધુરત્વ-ભુખ્યાને ઘી-ગોળની જેમ ઉપકારી.

(૨૦) અપરમર્મવિધિત્વ-બીજાના મર્મોને ન ઉઘાડવા રૂપ, (૨૧) અર્થધર્માભ્યાસ અનપેતત્વ - અર્થ-ધર્મની પ્રતિબદ્ધતા, (૨૨) ઉદારત્વ-અતિ વિશિષ્ટ ગુંફગુણયુક્તતા અથવા અતુચ્છ અર્થ પ્રતિપાદકતા, (૨૩) પરનિંદા આત્મોત્કર્ષ વિપ્રમુક્તત્વ-પરનિંદા કે અહંકારથી રહિત. (૨૪) ઉપગતશ્લાઘત્વ-ઉક્તગુણયોગથી પ્રાપ્ત પ્રશંસા, (૨૫) અનુપનીતત્વ — કારક, કાલ, વચન, લિંગાદિ વ્યત્યયરૂપ વચનદોષ રહિતતા. (૨૬) ઉત્પાદિતાવિચ્છિન્નકૌતુહલત્વ-શ્રોતાને સ્વવિષયમાં જનિત અવિચ્છિન્ન કૌતુક જેના વડે છે તે, તદ્ભાવ તત્ત્વ, (૨૭) અદ્ભૂતત્વ-શ્રોતાને સ્વ વિષયમાં અદ્ભૂત વિસ્મયકારી, (૨૮) અનતિવિલંબિતત્વ-વધુ વિલંબ રહિત, (૨૯) વિભ્રમવિક્ષેપ કિલિકિંચિતાદિ વિયુક્તત્વ-વક્તાની ભ્રાંત મનસ્કતા, વક્તાની જ અભિધેય અર્થ પ્રતિ અનાસક્તત્વ, રોષમય લોભાદિ ભાવને સાથે કરવા ઈત્યાદિથી રહિત.

(૩૦) અનેક જાતિ સંશયાદ્વિચિત્રત્વ-સર્વ ભાષાનુગામીત્વથી આશ્ચર્યરૂપ, (૩૧) આહિત વિશેષત્વ-શેષ પુરુષ વચન અપેક્ષાએ શિષ્યમાં ઉત્પાદિત મતિ વિશેષતા, (૩૨) સાકારત્વ-વિચ્છિન્ન પદવાક્યતા, (૩૩) સત્ત્વપરિગૃહીત્વમ્ - ઓજસ્વિતા, (૩૪) અપરિખેદિત્વ-અનાયાસના સંભવથી, (૩૫) અવ્યવચ્છેદિત્વ-વિવક્ષિત અર્થની સમ્યક્ સિદ્ધિ.

आगासफालियामएणं - જે આકાશવત્ અતિસ્વચ્છ સ્ફટિકમય. ધર્મચક્રવર્તિત્વ સૂચક કેતુ વડે મહેન્દ્ર ધ્વજા. પૂર્વાનુપૂર્વી ક્રમથી સંચરતા. તે જ કહે છે — વિવક્ષિત ગામથી બીજા ગામે જતા અર્થાત્ એક પણ અનંતર ગામને ઉલ્લંઘ્યા વિના. આના દ્વારા અપ્રતિબદ્ધ વિહારીપણું કહેલ છે. તેમાં પણ ઔત્સુક્યના અભાવથી કહે છે — શરીર ખેદ અભાવથી અને સંયમબાધા વિરહથી સુખે સુખે ગામાદિમાં વિચરતા. જે દેશમાં આમલકલ્પા નગરી છે, જે પ્રદેશમાં વનખંડ છે, જે દેશમાં તે અનંતરોક્ત સ્વરૂપ શિલાપટ્ટક છે, તે દેશમાં આવે છે. આવીને પૃથ્વીશિલાપટ્ટક ઉપર પૂર્વાભિમુખ બેઠા. તીર્થંકર ભગવંત સમોસરણમાં કે પૃથ્વીશિલાપટ્ટકે સદા પૂર્વાભિમુખ પદ્માસને બેસે છે. સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા રહે છે.

પછી પર્ષદા નીકળી, તે આ રીતે — આમલકલ્પાનગરીમાં શ્રૃંગાટક - ત્રિક - ચતુષ્ક-ચત્વર-ચતુર્મુખ-મહાપથમાં ઘણાં લોકો પરસ્પર આમ કહે છે, આમ ભાખે છે, એમ પ્રજ્ઞાપે છે, એમ પ્રરૂપે છે કે - નિશ્ચે દેવાનુપ્રિયો ! શ્રમણ ભગવન્ મહાવીર યાવત્ આકાશગત છત્રથી યાવત્ સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિચરે છે. હે દેવાનુપ્રિયો ! તથારૂપ અરહંતોના નામ-ગોત્રના શ્રવણથી મહાફળ થાય છે, તો અભિગમન-વંદન-નમન-પ્રતિપૃચ્છા-પર્યુપાસનાનું કેવું જ શું ?

નિશ્ચે એક જ આર્ય ધાર્મિક સુવચનનું શ્રવણ શ્રેય છે, તો વિપુલ અર્થના ગ્રહણથી કેટલો લાભ થાય ? તો હે દેવાનુપ્રિયો ! આપણે જઈએ અને શ્રમણ ભગવન્ મહાવીરને વંદન-નમન-સત્કાર-સન્માન કરીએ તથા કલ્યાણ-મંગલ-દૈવત-ચૈત્યની સેવા કરીએ. તે આ ભવ અને પરભવમાં હિતકર, સુખ, ક્ષમ, નિઃશ્રેયસ, આનુગામિકપણે થશે. ત્યારે આમલકલ્પા નગરીથી ઘણાં ઉગ્ર, ભોગ ઈત્યાદિ ઉવવાઈ સૂત્રોક્ત બધું જ જાણવું યાવત્ પર્ષદા પર્યુપાસના કરતી રહી.

● સૂત્ર-૫ (અધુરું) :-

***તે કાળે, તે સમયે સૂર્યાભદેવ સૌધર્મકલ્પમાં સૂર્યાભ વિમાનમાં સુધર્માસભામાં સૂર્યાભ સિંહાસન ઉપર ૪૦૦૦ સામાનિકો, સપરિવાર ચાર અગ્રમહિષીઓ, ત્રણ પર્ષદા, સાત સૈન્ય, સાત સૈન્યાધિપતિ, ૧૬,૦૦૦ આત્મરક્ષક દેવો, બીજા પણ ઘણાં સૂર્યાભવિમાનવાસી વૈમાનિક દેવો-દેવીઓ સાથે સંપરિવરીને મહતા આહત, નૃત્ય, ગીત, વાજિંત્ર, તંત્રી, તલ-તાલ, ત્રુટિત, ઘનમૃદંગના પ્રવાદિત રવથી દિવ્ય ભોગોને ભોગવતો હતો. આ સંપૂર્ણ જંબૂદ્વીપ દ્વીપને વિપુલ અવધિજ્ઞાન વડે અવલોકતો અવલોકતો જુએ છે.***



● વિવેચન-૫ (અધુરું) :-

તે૦ - જે કાળમાં ભગવન્ વર્દ્ધમાનસ્વામી સાક્ષાત્ રહેલ, તે કાળે, તે સમયમાં જે અવસરમાં ભગવન્ આમ્રશાલવનમાં ચૈત્યમાં દેશનાને કરીને, તે અવસરમાં. સૂર્યાભ નામે દેવ, સૌધર્મ નામક કલ્પ, જ્યાં સૂર્યાભ નામક વિમાન છે, તેમાં જે સુધર્માસભા છે, ત્યાં જે સૂર્યાભ સિંહાસન છે, ત્યાં બેસીને, સામાનિક - વિમાનાધિપતિ સૂર્યાભ દેવ સદૃશ ધુતિ-વિભવાદિ યુક્ત દેવો. તેઓ માતા, પિતા, ગુરુ, ઉપાધ્યાય, મહત્તરવત્ સૂર્યાભદેવને પૂજનીય છે, માત્ર વિમાનાધિપતિત્વથી હીન, તે સૂર્યાભદેવને સ્વામીપણે સ્વીકારે છે. તે ૪૦૦૦ છે.

અભિષેક કરાયેલ દેવી મહિષી કહેવાય છે. તે સ્વપરિવાર રૂપ બધી દેવીઓમાં અગ્ર હોવાથી અગ્ર કહેવાય છે. તે અગ્રમહિષી ચાર છે. કેવી છે ? પરિવાર સહિત. એક દેવીના પરિવારમાં હજાર દેવીઓ હોય. ત્રણ પર્ષદા હોય. તે આ — અભ્યંતર, મધ્ય, બાહ્ય. તેમાં જે વયસ્ય મંડલીક સ્થાનીય, પરમમિત્ર સંહતિ સદૃશી તે અભ્યંતરપર્ષદા, તેની સાથે પર્યાલોચિત સ્વલ્પ પ્રયોજન ધારણ કરતી નથી. અભ્યંતર પર્ષદા સાથે પર્યાલોચિત જેને નિવેદન કરાય - x - તેઓ સમ્મત છે કે નહીં તે મધ્યમા. અભ્યંતર પર્ષદા સાથે પર્યાલોચિત અને મધ્યમા સાથે દૃઢીકૃત્ જેને કરવાને માટે નિરૂપણ કરાય કે આમ કરવું તે બાહ્યપર્ષદા છે.

સાત અનીક-સૈન્ય. તે આ — અશ્વ, હાથી, રથ, પદાતી, વૃષભ, ગંધર્વ, નાટ્ય-અનીક. તેમાં પહેલી પાંચ સંગ્રામ માટે કલ્પે છે. ગંધર્વ-નાટ્ય સેના ઉપભોગને માટે છે. સૈન્ય પોત-પોતાના અધિપતિ વિના સમ્યક્ પ્રયોજનમાં ન આવે, તેથી સૈન્યાધિપતિઓ જાણવા. વિમાનાધિપતિ સૂર્યાભદેવના આત્માને રક્ષણ કરે છે, તેથી આત્મરક્ષક છે, તે શિરસ્ત્રાણ સમાન છે, જેમ શિરસ્ત્રાણ, મસ્તકને વિદ્ધ ન થવા દઈ, પ્રાણરક્ષક થાય છે, તે રીતે આત્મરક્ષક દેવો પણ ધનુષ્-દંડાદિ પ્રહરણવાળા, ચોતરફ-પાછળ-બાજુમાં-અગ્રે રહે છે, તે વિમાનાધિપતિ સૂર્યાભદેવના પ્રાણરક્ષક છે. દેવોને અપાયના અભાવથી તેમનું તથાગ્રહણ અવસ્થાન નિરર્થક નથી ? સ્થિતિમાત્ર પરિપાલન હેતુત્વથી અને પ્રકર્ષહેતુત્વથી કહ્યું છે. તેથી તેઓ આયુધ લઈ ત્યાં રહી સ્વનાયક શરીર રક્ષણપરાયણ સ્વનાયકમાં જ દૃષ્ટિ રાખીને, બીજાને સહન ન કરતા - x - x - રહે છે. આ નિયત સંખ્યાવાળા સૂર્યાભ દેવના પરિવારરૂપ દેવો કહ્યા.

જે પૌરજનપદ સ્થાનીય છે તે આભિયોગ્ય-દાસ સમાન છે. તેઓ અનિયત સંખ્યક છે તેનું સામાન્યથી ઉપાદાન કરેલ છે. - x - આ સામાનિક આદિ સાથે સંપરિવૃત્ત થઈ, મહા રવથી અથવા આખ્યાનક પ્રતિબદ્ધ અથવા અવ્યાહત, અક્ષત નાટ્ય ગીતવાજિંત્રાદિ - x - ઘન સદૃશ ધ્વનિ સાધર્મ્યથી જે મૃદંગ, દક્ષપુરુષે વગાડેલ, તેનો જે રવ. દિવ્ય-અતિ પ્રધાન ભોગ-શબ્દાદિને યોગ્ય, ભોગવતા વિચરે છે.

આ પ્રત્યક્ષપણે ઉપલભ્ય કંઈક પરિસમાપ્ત કેવલજ્ઞાન અર્થાત્ કેવલ સદૃશ પરિપૂર્ણ. જંબૂ-રત્નમય, ઉત્તરકુરુમાં રહેલ દ્વીપ, તેને વિસ્તીર્ણ અવધિજ્ઞાનથી - x -

x - જુએ છે. ઉપયોગપૂર્વક જુએ છે.

**• સૂત્ર-૫ (અધુરેથી) :-**

***ત્યાં શ્રમણ ભગવંત મહાવીરને જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં આમલકલ્પા નગરી બહાર આમ્રશાલવન ચૈત્યમાં યથાપ્રતિરૂપ અવગ્રહ અવગ્રહીને સંયમ અને તપથી આત્માને ભાવતા જુએ છે. જોઈને હૃષ્ટ-તુષ્ટ-આનંદિત ચિત્ત-નંદિત-પ્રીતિમનાવાળા-પરમ સૌમનસ્યિક-હર્ષના વશથી વિકસિત હૃદયવાળા, વિકસિત શ્રેષ્ઠ કમલ જેવા નયનવાળા, અપાર હર્ષના કારણે પહેરેલા શ્રેષ્ઠ કટક, ત્રુટિત, કેયૂર, મુગટ, કુંડલ ચંચળ થયા, હારથી શોભતા વક્ષસ્થળવાળા, પ્રાલંબ-પ્રલંબ-ઘોલંત આભૂષણ ધારી, સસંભ્રમ-ત્વરિત-ચપળ સુરવર યાવત્ સીંહાસનેથી ઉઠ્યો, ઉઠીને પાદપીઠથી નીચે ઉતર્યો. એકસાટિક ઉત્તરાસંગ કર્યું.***

***તે સાત-આઠ પગલાં તિર્થંકરાભિમુખ જાય છે, જઈને ડાબો જાનુ ભૂમિએ રાખ્યો, જમણો જાનુ ધરણિતલે રાખીને ત્રણ વખત મસ્તકને ધરણિતલે રાખે છે. પછી કંઈક નમીને બે હાથ જોડી, દશ નખ ભેગા કરી, મસ્તકે આવર્ત્ત કરી, મસ્તકે અંજલિ કરીને કહ્યું — નમસ્કાર થાઓ — અરહંત, ભગવંત, આદિકર, તિર્થંકર, સ્વયંસંબુદ્ધ, પુરુષોત્તમ, પુરુષસીંહ, પુરુષવરપુંડરીક, પુરુષવરગંધહસ્તી, લોકોત્તમ, લોકનાથ, લોક હિતકારી, લોકપ્રદીપ, લોકપ્રધોતકર, અભય-ચક્ષુ-માર્ગ-જીવ-શરણ અને બોધિ દાતા, ધર્મદાતા, ધર્મદેશક, ધર્મનાયક, ધર્મસારથી, ધર્મવર ચાતુરંત ચક્રવર્તી, અપ્રતિહત શ્રેષ્ઠ જ્ઞાન-દર્શનધર, વિવૃત્ત છદ્મ, જિન-જાપક, તિર્ણ-તારક, બુદ્ધ-બોધક, મુક્ત-મોચક, સર્વજ્ઞ-સર્વદર્શી, શિવ-અચલ-અરુજ-અનંત-અક્ષય-અવ્યાબાધ-અપુનરાવર્ત્ત સિદ્ધિગતિનામધેય સ્થાનને સંપ્રાપ્તને...***

***નમસ્કાર થાઓ - શ્રમણ ભગવંત મહાવીરને યાવત્ સંપ્રાપ્તિની કામના કરનાર, ત્યાં રહેલ ભગવંતને અહીં રહેલ એવો હું વાંદુ છું. ત્યાં રહેલ ભગવન્ અહીં રહેલ મને જુએ. એમ કરી વંદન-નમન કરે છે, કરીને ઉત્તમ સીંહાસને પૂર્વાભિમુખ બેઠા.***

**• સૂત્ર-૬ (અધુરુ) :-**

***ત્યારે તે સૂર્યાભને આ આવા સ્વરૂપનો અભ્યર્થિત, ચિંતિત, મનોગત સંકલ્પ સમુત્પન્ન થયો.***

**• વિવેચન-૫ (ચાલુ), ૬ (અધુરુ) :-**

તે વિપુલ અવધિ વડે જંબૂદ્વીપ વિષયના દર્શનમાં પ્રવર્તતા શ્રમણ-વિવિધ તપસ્યા કરતા, ભગવન્ - ઐશ્વર્યાદિ લક્ષણયુક્ત - x - વીર-કષાય પ્રતિઆક્રમક એવા મહાન્ વીર, મહાવીર. તેમને જંબૂદ્વીપના ભરતની આમલકલ્પા નગરીની બહાર આમ્રશાલવન ચૈત્યમાં, શ્રેષ્ઠ અશોકવૃક્ષ નીચે પૃથ્વીશિલાપટ્ટકે બેઠેલા, શ્રમણ ગણ સમૃદ્ધિથી પરિવરેલા પ્રતિરૂપ અવગ્રહ ગ્રહીને સંયમ-તપ વડે આત્માને ભાવતા જોયા.



જોઈને અતી તુષ્ટ અથવા વિસ્મયને પામ્યા. જેમકે અહો ! ભગવન્ બેઠા છે, તેથી સંતોષ પામ્યો. જેમકે ભવ્ય થયું કે મેં ભગવન્‌ને જોયા. સંતોષથી ચિત્તમાં આનંદ થયો. - x - મનમાં પ્રીતિ જન્મી-ભગવંતમાં બહુમાન પરાયણ થયો.

ક્રમથી બહુમાનના ઉત્કર્ષવશથી પરમ એવા શોભન મનવાળો થયો. - x - આ વાતને વ્યક્ત કરતા કહે છે — હર્ષના વશથી તેનું હૃદય વિસ્તાર પામ્યું. હર્ષના વશથી જ વિકસિત શ્રેષ્ઠ કમળ જેવા નયનો થયા. હર્ષના વશથી જ શરીરના ઉદ્ધર્ષથી શ્રેષ્ઠ કલાચિક આભરણ, બાહુરક્ષક, બાહુના આભરણ મુગટ, કુંડલ ચલિત થયા. તથા હાર વિરાજિતતાથી તેનું વક્ષસ્થળ શોભતું હતું. પ્રલંબ-પદક, પલંબમાન-આભરણ વિશેષ, ભૂષણોને ધારણ કરે છે. - x - હર્ષના વશથી સંભ્રમ-અહીં વિવક્ષિત ક્રિયાની બહુમાનપૂર્વકની પ્રવૃત્તિ સહ જેના વદન કે નમનનો સંભ્રમ. શીઘ્ર, સંભ્રમના વશથી વ્યાકુળ થયો. તે સુરવર૰ યાવત્ શબ્દથી —

સીંહાસનથી ઉઠ્યો, ઉઠીને પાદપીઠથી નીચે ઉતર્યો, પછી પાદુકાઓ ઉતારી, ઉતારીને તિર્થંકરાભિમુખ સાત-આઠ પગલાં ગયો, જઈને ડાબો જાનુ ઉંચો કર્યો, જમણો જાનુ ભૂમિતળે રાખ્યો, ત્રણ વખત મસ્તકને ધરણિતલે મૂક્યું. પછી કંઈક નમ્યો. નમીને કડિત-ત્રુટિત વડે ભુજા સ્તંભિત કરી, બંને હાથ જોડી, દશ નખ ભેગા કરી મસ્તકે અંજલિ કરી આ પ્રમાણે કહ્યું — નમોત્થુ ણં૰ ઈત્યાદિ - x - x - વંદંતિ - સ્તુતિ કરી, નમસ્યતિ - કાયા અને મન વડે વાંદી, નમીને - x - બેઠો.

[૬] - - - બેઠા પછી સૂર્યાભદેવને આ આવા પ્રકારનો સંકલ્પ ઉત્પન્ન થયો. કેવો ? મનમાં રહેલો, પણ વચનથી પ્રકાશિત સ્વરૂપે નહીં. વળી કેવો ? આત્માની અંદર, આત્મવિષયક. સંકલ્પ બે પ્રકારે હોય - ધ્યાનાત્મક, ચિંતાત્મક. તેમાં આ ચિંતાત્મક છે, તેને પ્રતિપાદનાર્થે કહે છે — પ્રાર્થિત - અભિલાષાત્મક. કેવા સ્વરૂપનો ?

**• સૂત્ર-૬ (અધુરેથી) :-**

***એ પ્રમાણે [મારે શ્રેયસ્કર છે કે—] શ્રમણ ભગવન્ મહાવીર જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં આમલકલ્પા નગરીની બહાર આમ્રશાલ-વનમાં ચૈત્યમાં યથાપ્રતિરૂપ અવગ્રહ અવગ્રહીને સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિચરે છે, તેવા સ્વરૂપના ભગવંતનું નામ-ગોત્ર શ્રવણ પણ મહાફળદાયી છે, તો અભિગમન-વંદન-નમન-પ્રતિપૃચ્છા અને પર્યુપાસનાનું તો કહેવું જ શું ? એક જ આર્ય ધાર્મિક સુવચનના શ્રવણનું મહાફળ છે ? તો વિપુલ અર્થ ગ્રહણનો કેટલો લાભ ? તો હું જઉં, શ્રમણ ભગવન્ મહાવીરને વંદન-નમસ્કાર-સત્કાર-સન્માન કરું, કલ્યાણ-મંગલ-ચૈત્ય-દેવરૂપ તેમની પર્યુપાસના કરું. આ મને આગામી ભવ માટે હિતકારી, સુખ-ક્ષેમ-નિઃશ્રેયસ-આનુગામિકપણે થશે. આ પ્રમામે વિચાર્યું, વિચારીને આભિયોગિક દેવોને બોલાવ્યા. બોલાવીને આ પ્રમાણે કહ્યું —***

**• સૂત્ર-૭ (અધુરુ) :-**

***હે દેવાનુપ્રિય ! નિશ્ચે શ્રમણ ભગવંત મહાવીર જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રમાં***

***આમલકલ્પા નગરી બહાર આમ્રશાલવન ચૈત્યમાં યથાપ્રતિરૂપ અવગ્રહ અવગ્રહી સંયમ-તપથી આત્માને ભાવતા રહ્યા છે.***

**● વિવેચન-૬ (ચાલુ), ૭ (અધુરુ) :-**

સેય - શ્રેય, ખલુ - નિશ્ચિત, મે - મને. ભગવન્ મહાવીરને કાયાથી વાંદવાને, મનથી નમવાને, સત્કારવાને, કુસુમાંજલિ મૂકીને પૂજવાને, સન્માનવાને - ઉચિત્ત પ્રતિપતિ વડે આરાધવાને. કલ્યાણકારી, દૂરિત ઉપશમકારી, ત્રૈલોક્યાધિપતિત્વથી દેવ, સુપ્રશસ્ત મનોહેતુત્વથી ચૈત્ય, પર્યુપાસિતું-સેવવાને. એ હેતુથી - x - બુદ્ધિ વડે પરિભાવે છે, પછી આભિમુખ્યતાથી પ્રેષ્યકર્મમાં વ્યાપાર્યમાણત્વથી જીવતા તે અભિયોગિકને-સ્વકર્મકરોને બોલાવે છે, બોલાવીને તેમની સન્મુખ આમ કહ્યું —

[૭] - સુગમ છે. દેવાનુપ્રિય-ઋજુ, પ્રાજ્ઞ.

**● સૂત્ર-૭ (અધુરેથી) :-**

***હે દેવાનુપ્રિય ! તું જા, જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં આમલકલ્પ નગરીમાં આમ્રશાલવન ચૈત્યમાં શ્રમણ ભગવન્ મહાવીરને ત્રણ વખત આદક્ષિણ-પ્રદક્ષિણા કર. કરીને વંદન-નમસ્કાર કર. પછી પોત-પોતાના નામ ગોત્ર કહો. કહીને ભગવંતની ચોતરફ યોજન પરિમંડલમાં જે કંઈ તૃણ-પત્ર-કાષ્ઠ-કાંકરા-અશુચિ-અચોક્ષ-પૂતિક-દુરભિગંધ, તે બધાંને એકઠું કરી-કરીને એકાંતમાં ફેંકો, ફેંકીને- અતિ જળ નહીં-અતિ માટી નહીં તે રીતે પ્રવિરલ વર્ષાથી રજ-ધૂળનો નાશ કરી, દિવ્ય સુગંધી ગંધોદક વર્ષા વરસાવીને તે સ્થાન નિહતરજ, નષ્ટરજ, ભ્રષ્ટરજ, ઉપશાંત રજ, પ્રશાંત રજ કરો, કરીને ત્યાં સર્વત્ર એક હાથ ઉંચાઈ પ્રમાણ ચમકતા જલજ અને સ્થલજ પંચવર્ણી સુગંધી પુષ્પોની પ્રચુર પરિમાણમાં વૃંત નીચે-પાખડી ઉપર રહે તેમ વર્ષા કરો. પછી કાળો અગરુ, પ્રવર કુંદુરુષ્ક, તુરુષ્ક ધૂપના મઘમઘાટથી ગંધ ઉવેખી અભિરામ, સુગંધવર ગંધિત ગંધવર્તીભૂત, દિવ્ય સુરવર અભિગમન યોગ્ય કરો, કરાવો, જલ્દીથી મારી આજ્ઞા પાછી સોંપો.***

**● વિવેચન-૭ (ચાલુ) :-**

જ્યાં ભગવન્ વિચરે છે, ત્યાં હે દેવાનુપ્રિય ! તું જા, જંબૂદ્વીપમાં યાવત્ આમ્રશાલવન ચૈત્યમાં ભગવંતને ત્રણ વખત આદક્ષિણ પ્રદક્ષિણા કર. - x - કરીને વંદન કર, નમન કર. પછી પોતપોતાના ગોત્ર-અન્વર્થ, તેનાથી યુક્ત નામ - x - કહે, કહીને ભગવંત મહાવીરની ચારે દિશા-વિદિશામાં પરિમંડલથી યોજન પ્રમાણ જે ક્ષેત્ર, તેમાં જે તૃણ, લાકડાના ટુકડા, લીંમડા-પીંપળાના પાનનો કચરો-તૃણ ધૂળ આદિના પુંજરૂપ છે તે. કેવા પ્રકારનો ? અશુચિયુક્ત, અપવિત્ર, કુથિત, દુગંધી, તેને સંવર્તક વાયુ વિકુર્વીને ખસેડીને યોજન પરિમંડલ ક્ષેત્રથી બહારના દેશમાં લઈજા.

પછી જે રીતે વધુ પાણી કે માટી ન થાય, તે રીતે સુગંધી જળ વરસાવી. કેવું જળ ? દિવ્ય સુગંધી યુક્ત, પ્રકર્ષથી જે રીતે રેણુ સ્થગિત થાય તેટલાં જ ઉત્કર્ષથી. પ્રવિરલ સ્પર્શન ઘન ભાવમાં કાદવનો સંભવ છે, મંદસ્પર્શનમાં ધૂળની સ્થગિતતાનો અભાવ છે. - x - તેથી શ્લક્ષ્ણતર રજ કે રેણુ તેનો વિનાશ થાય. આવા





સુરભિગંધોદકને વર્ષાવીને યોજન પરિમંડલ ક્ષેત્રને...

... રજ રહિત કરો. નિહત રજને ઉડવાનું અસંભવ છે. તે ક્ષણ માત્ર ઉત્થાનના અભાવે સંભવે છે, તેથી સર્વથા અદૃશ્યીભૂત રજ કરો, વાયુ વડે ઉડાડી યોજન માત્ર ક્ષેત્રથી દૂરથી ધૂળને દૂર કરી દો. આ જ વાત એકાર્થિક શબ્દથી કહે છે — ઉપશાંત રજ અને પ્રશાંતરજ કરો. કરીને કુસુમજાત, જાનૂ ઉત્સેધ પ્રમાણમાત્ર સામાન્યથી સર્વત્ર યોજન પરિમંડલ ક્ષેત્રમાં વર્ષા વર્ષાવો.

ફૂલ કેવા? જલજ, સ્થલજ, - પદ્મ અને વિચકિલાદિ. દીપતા, અતિપ્રચૂર. - x - વૃંતથી અધોવર્તી રહેનારા અને પત્રથી ઉપરના સ્થાને રહેતા. પંચવર્ણી. આવી કુસુમ વર્ષા વરસાવીને પછી યોજન પરિમંડલ ક્ષેત્ર પ્રધાન, સુરવર અભિગમન યોગ્ય કરો. કેવી રીતે? કાળો અગરુ, પ્રધાન કુંદુરુષ્ક, તુરુષ્કની ધૂપની જે મઘમઘતી ગંધ, અહીં-તહીં પ્રસરતી, તેનાથી રમણીય તથા શોભનગંધ અને શ્રેષ્ઠ ગંધયુક્ત કરો. તેથી જ ગંધવર્તિભૂત સૌરભ્યના અતિશયથી ગંધ-ગુટિકાકાર કરો. બીજા પાસે પણ કરાવો. કરી-કરાવીને જલ્દીથી યથોક્ત કાર્ય સંપાદનથી સફળ કરીને મને નિવેદન કરો.

**● સૂત્ર-૮ :-**

***ત્યારે તે આભિયોગિક દેવોને સૂર્યાભદેવે આ પ્રમાણે કહેતા અતિ હર્ષિત યાવત્ હૃદયી થઈ, બે હાથ જોડી, દશ નખ ભેગા કરી, મસ્તકે આવર્ત્ત કરી, મસ્તકે અંજલિ જોડી, 'તહત્તિ' કહી આજ્ઞા વચનને વિનયથી સ્વીકારે છે. એ પ્રમાણે - x - સ્વીકારીને ઈશાનખૂણામાં જાય છે, જઈને વૈક્રિય સમુદ્ઘાતથી સમવહત થાય છે, થઈને સંખ્યાત યોજનનો દંડ કાઢે છે તે આ પ્રમાણે — રત્ન, વજ્ર, વૈડૂર્ય, લોહિતાક્ષ, મસારગલ્લ, હંસગર્ભ, પુદ્ગલ, સૌગંધિક, જ્યોતિરસ, અંજનપુલક, અંજન-રત્ન-જાત્યરૂપ, અંક, સ્ફટિક, રિષ્ટ રત્નોના યથા બાદર પુદ્ગલ અલગ કરે છે, યથાસૂક્ષ્મ પુદ્ગલો એકઠા કરે છે. કરીને ફરી પણ વૈક્રિય સમુદ્ઘાતથી સમવહત થઈને ઉત્તર વૈક્રિય રૂપને વિકુર્વે છે, વિકુર્વીને તે ઉત્કૃષ્ટ-પ્રશસ્ત-ત્વરિત-ચપલ-ચંડ-જય કરનારી-શિઘ્ર-ઉદ્ધૂય-દિવ્ય દેવગતિથી અસંખ્યાતા તિર્છા દ્વીપસમુદ્રની વચ્ચોવચ્ચથી જતાં-જતાં જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં આમલકલ્પા નગરીના આમ્રશાલવન ચૈત્યમાં શ્રમણ ભગવન્ મહાવીર પાસે આવીને ભગવંતને ત્રણ વખત આદક્ષિણ-પ્રદક્ષિણા કરે છે, કરીને વંદન-નમન કરે છે, કરીને કહે છે — હે ભગવન્ ! અમે સૂર્યાભદેવના આભિયોગિક દેવો આપને વંદન-નમન-સત્કાર-સન્માન કરીએ છીએ. કલ્યાણ-મંગલ-ચૈત્ય-દૈવત એવા આપની પર્યુપાસના કરીએ છીએ.***

**● વિવેચન-૮ :-**

તે આભિયોગિક દેવો સૂર્યાભદેવ વડે આમ કહેતા અતીવ હૃષ્ટ, આનંદિત ચિત્ત, પ્રીતિમનવાળો, પરમ સૌમનસ્યિક હર્ષના વશથી વિસ્તરેલ હૃદયી થયા. બંને હાથની પરસ્પર આંગળીને મેળવી સંપૂટરૂપપણે જે એકત્ર મીલન, તે અંજલિ, તેને

કરતલ વડે નિષ્પાદિત કરી, દશ નખો ભેગા કરી, મસ્તકે આવર્ત્ત કરી, પછી કહે છે — મસ્તકે કરીને વિનયથી સૂર્યાભદેવના વચનને સ્વીકારે છે. કેવા પ્રકારના વિનયથી તે કહે છે — હે દેવ ! જેમ તમે આજ્ઞા કરો છો, તે આપની આજ્ઞાથી કરીશું. - x - x - વચન સ્વીકારીને ઈશાન ખૂણામાં, તેના અત્યંત પ્રશસ્તપણાથી, ત્યાં જાય છે અને જઈને...

વૈક્રિય કરણ માટે પ્રયત્ન વિશેષથી સમવહત થાય છે. સમવહત થઈને આત્મપ્રદેશોને દૂરથી ફેંકે છે. તથા કહે છે — દંડની જેમ દંડ, ઉંચે-નીચે લાંબો, શરીર પ્રમાણ પહોળો, જીવપ્રદેશસમૂહને શરીરથી બહાર સંખ્યાત યોજન સુધી કાઢે છે. કાઢીને તથાવિધ પુદ્ગલોને લે છે. તે આ રીતે — કર્કેતનાદિ રત્નો, વજ્ર વૈડૂર્યાદિ *[સૂત્રાર્થમાં કહ્યા મુજબ]* ને અસાર પુદ્ગલોને તજે છે અને સાર પુદ્ગલોને ગ્રહણ કરે છે. કરીને ઈચ્છિત રૂપના નિર્માણાર્થે બીજી વખત વૈક્રિય સમુદ્ઘાતથી સમવહત થાય છે. પછી યથોક્ત રત્નાદિના અયોગ્ય અસાર પુદ્ગલોને તજે છે, સાર પુદ્ગલોને ગ્રહણ કરીને ઈચ્છિત ઉત્તરવૈક્રિય કરે છે.

(શંકા) રત્નાદીને યોગ્ય પુદ્ગલો ઔદારિક ઉત્તરવૈક્રિય રૂપ યોગ્ય પુદ્ગલ ગ્રાહ્યને વૈક્રિય કઈ રીતે થાય ? અહીં રત્નાદિગ્રહણ સારતા માત્ર પ્રતિપાદનાર્થે છે. - x - અથવા ઔદારિક પણ ગૃહીત થઈ વૈક્રિયપણે પરિણમે છે.પુદ્ગલોના તે-તે સામગ્રીવશથી તથાપરિણમન સ્વભાવત્વથી કોઈ દોષ નથી. આ પ્રમાણે ઉત્તર વૈક્રિય રૂપો કરીને પછી દેવજન પ્રસિદ્ધિથી ઉત્કૃષ્ટ પ્રશસ્ત વિહાયોગતિ નામના ઉદયથી, શીઘ્રસંચરણથી પ્રશસ્ત, ત્વરિતપણે પ્રદેશાંતર ક્રમણવાળી, ચપળતાથી, ક્ષમાસંવેદનથી ક્રોધાવિષ્ટની જેમ, ચંડપણે નિરંતર, શીઘ્રત્વગુણયોગથી શીઘ્ર, પરમ ઉત્કૃષ્ટ વેગ પરિણામ યુક્ત, દિગંતવ્યાપી રજ જેવી જે ગતિ, - x - દેવલોકમાં થનાર તે દિવ્ય દેવગતિથી, તિર્છા અસંખ્યાત દ્વીપ સમુદ્રોની વચ્ચેથી, ગૃહમધ્યેથી, ઈત્યાદિ. પૂર્વ-પૂર્વના દ્વીપ-સમુદ્રોને ઉલ્લંઘતા આવ્યા. બાકી સુગમ છે.

**● સૂત્ર-૯ :-**

***દેવો ! એમ આમંત્રીને શ્રમણ ભગવંત મહાવીરે દેવોને આમ કહ્યું — હે દેવો ! આ પુરાતન છે, જીતાચાર છે, કૃત્ય છે, કરણીય છે, આચીર્ણ છે, અભ્યનુજ્ઞાત છે. જે ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક દેવો અરહંત ભગવંતને વાંદે છે, નમે છે, વાંદી-નમીને પછી પોત-પોતાના નામ-ગોત્રને કહે છે. હે દેવો ! આ પુરાતન છે યાવત્ હે દેવો ! આ અનુજ્ઞાત છે.***

**● વિવેચન-૯ :-**

દેવાદિ, ભગવંત મહાવીર તે દેવોને આમ કહે છે — આ કર્મ પુરાતન છે અર્થાત્ ચિરંતન દેવો વડે આ ચિરંતન તીર્થંકરો પ્રતિ કરેલ છે. તીર્થંકરોને વંદનાદિ કરવા તે જીત-આચાર છે - x - ઓ દેવો ! આ તમારું કર્તવ્ય છે. કરણીય છે, કલ્પરૂપ છે. તે શું છે ? ભવનપત્યાદિ દેવો અરહંત ભગવંતને વાંદે છે, નમે છે, પછી પોત-પોતાના નામ ગોત્ર કહે છે, તે તમારે પણ યાવત્ આચીર્ણ છે.



**● સૂત્ર-૧૦ :-**

***ત્યારપછી તે આભિયોગિક દેવો, શ્રમણ ભગવંત મહાવીરે આમ કહેતા હર્ષિત યાવત્ હૃદયી થઈ ભગવંતને વાંદે છે, નમે છે, વાંદી-નમીને ઈશાનખૂણામાં ગયા, જઈને વૈક્રિય સમુદ્ઘાતથી સમવહત થયા, થઈને સંખ્યાત યોજનનો દંડ કાઢે છે. તે આ રીતે — રત્નો યાવત્ રિષ્ટ, યથાબાદર પુદ્ગલોને છોડે છે અને પછી બીજી વખત વૈક્રિય સમુદ્ઘાતથી સમવહત થાય છે. પછી સંવર્ત્તવાયુ વિકુર્વે છે.***

***જેમ કોઈ ભૃત્યદારક, તે તરુણ, યુગવાન્, બલવાન્, અલ્પાતંક, સ્થિર સંઘયણ, સ્થિરાગ્રહસ્ત, પ્રતિપૂર્ણ હાથ-પગ-પૃષ્ઠાંતર-જંઘા સંઘાત પરિણત, ઘન-નિચિત-વૃત્ત-વલિત સ્કંધવાળા, ચર્મેષ્ટક, મુદ્ગર અને મુક્કાના મારથી સઘન-પુષ્ટ-સુગઠિત શરીરવાળા, આત્મશક્તિ સંપન્ન, તાલવૃક્ષ યુગલ સમાન સીધી, લાંબી, પુષ્ટ ભુજાવાળા, લંઘણ-પ્લવન-વેગથી ગમન અને મર્દનમાં સમર્થ, છેક-દક્ષ-પટુ-કુશલ-મેધાવી-નિપુણ શિલ્પોપક... એક મહાન્ દંડસંપૃચ્છણી, શલાકા હસ્તક કે વેણુશલાકા લઈને રાજાનું પ્રાંગણ, અંતઃપુર, દેવકુળ, સભા, પ્રપા, આરામ, ઉધાનમાં અત્વરિત, અચલ, અસંભ્રાંત નિરંતર સુનિપુણતાથી ચોતરફથી પ્રમાર્જિત કરે છે. એ પ્રમાણે જ સૂર્યાભદેવના આભિયોગિક દેવો સંવર્ત્તવાયુ વિકુર્વે છે. સંવર્ત્તવાયુ વિકુર્વીને—***

***શ્રમણ ભગવંત મહાવીરની ચોતરફ યોજન પરિમંડલમાં જે કંઈ તૃણ, પત્રાદિ બધાંને ભેગા કરી-કરીને એકાંતમાં ફેંકે છે, ફેંકીને જલ્દીથી નિવૃત્ત થાય છે. પછી બીજી વખત વૈક્રિય સમુદ્ઘાતથી સમવહત થાય છે, થઈને અભ્રવાદળ વિકુર્વે છે. વિકુર્વીને જેમ કોઈ ભૃત્યકદારક હોય જે તરુણ યાવત્ શિલ્પોપક હોય, એક મોટા પાણીના ઘડા-થાળા-કળશ-કુંભને લઈને આરામ યાવત્ પ્રપાને અત્વરિત યાવત્ ચોતરફથી સીંચે. એ પ્રમાણે તે સૂર્યાભદેવના આભિયોગિક દેવો અભ્ર વાદળને વિકુર્વે છે, વિકુર્વીને જલ્દીથી ગરજનારા, વિજળી ચમકાવતા વાદળો વડે શ્રમણ ભગવંત મહાવીરની ચોતરફ યોજન પરિમંડલમાં અતિ જળ કે માટી ન થાય તેમ પ્રવિરલ સ્પર્શન રજ-રેણુનાશક દિવ્ય સુરભિગંધ-જળ વર્ષા વરસાવીને નિહતરજ, નષ્ટરજ, ભ્રષ્ટરજ, ઉપશાંતરજ, પ્રશાંતરજ કરે છે. કરીને જલ્દીથી નિવૃત્ત થાય છે.***

***ત્યારપછી ત્રીજી વખત વૈક્રિય સમુદ્ઘાતથી સમવહત થાય છે, થઈને પુષ્પના વાદળ વિકુર્વે છે. જેમ કોઈ માળીનો પુત્ર તરુણ યાવત્ શિલ્પોપગ હોય, એક મહાન્ પુષ્પનું પટલ-ચંગેરી-છાદિકા લઈને રાજાના પ્રાંગણમાં યાવત્ ચોતરફ કચગ્રહવત્ ફૂલોને હાથમાં લઈને છોડેલ પંચવર્ણી પુષ્પપુંજોને વિખેરીને મુક્ત પુષ્પ પુંજોપચાર કરે, તે રીતે સૂર્યાભદેવના આભિયોગિક દેવો પુષ્પવાદળ વિકુર્વે છે, વિકુર્વીને જલ્દીથી ગરજતા હોય તેમ કરીને યાવત્ યોજન પરિમંડલ જલજ-સ્થલજ-ચમકતા એવા, વૃંતસ્થાયી પંચવર્ણી પુષ્પોને જાનુ ઉંચાઈ પ્રમાણ અધિવાસ વરસાવ્યા. વરસાવીને - -***

***- - - કાળો અગરુ, પ્રવર કુંદુરુક્ક, તુરુક્ક ધૂપથી મઘમઘતા, ગંધ ઉદ્ધુતથી રમ્ય સુગંધ વર ગંધિક, ગંધવર્તિભૂત અને દિવ્ય સુરવર અભિગમન યોગ્ય કરે છે, કરાવે છે. પછી જલ્દી નિર્વૃત્ત થાય છે. પછી શ્રમણ ભગવંત મહાવીર પાસે જઈને ભગવંતને ત્રણ વખત યાવત્ વંદન-નમસ્કાર કરીને, ભગવંત પાસેથી, આમ્રશાલવન ચૈત્યથી નીકળે છે, નીકળીને તેવી ઉત્કૃષ્ટ ગતિથી યાવત્ ચાલતા-ચાલતા સૌધર્મ કલ્પે સૂર્યાભ વિમાને સુધર્માસભામાં સૂર્યાભદેવ આવ્યા, આવીને સૂર્યાભદેવને બે હાથ જોડી, મસ્તકે આવર્ત્ત કરી, મસ્તકે અંજલિ કરી જય-વિજય વડે વધાવે છે, વધાવીને તેમની આજ્ઞા પાછી સોંપે છે.***

**● વિવેચન-૧૦ :-**

तए णं० સુગમ છે. भृतिदारक - કર્મકરનો પુત્ર. વિશેષ શું ? તે કહે છે – તરુણ, વધતી વયવાળા. [શંકા] બાળક વધતી જતી વયવાળો હોય, આ વિશેષણથી શું ? વધતી વયના અભાવથી નીકટ મૃત્યુ નથી. તેને વિશિષ્ટ સામર્થ્ય સંભવ નથી. વિશિષ્ટ સામર્થ્યના પ્રતિપાદનાર્થે આ અર્થવત્ વિશેષણ છે. બીજા કહે છે – જે દ્રવ્ય વિશિષ્ટ વર્ણાદિ ગુણોપેત અને અભિનવ હોય, તે લોકમાં તરુણ કહેવાય.

તરુણ ભૃતિકદારુણ એટલે અભિનવ અને વિશિષ્ટ વર્ણાદિ ગુણયુક્ત. બલ-સામર્થ્યવાળો. યુગ-સુષમદુષ્ષમાદિ કાળ, તે સ્વરૂપથી જેને હોય તે યુગવાન્, કાલોપદ્રવ છતાં સામર્થ્ય વિઘ્ન હેતુ તે જેને નથી યુવા-યૌવનસ્થ, યુવાવસ્થામાં જ બલાતિશયના ઉપાદાન માટે છે. અલ્પ-સર્વથા અવિદ્યમાન, આતંક-જ્વરાદિ, સ્થિર અગ્રહસ્તવાળા. ઘન-અતિશય, નિચિત-નિબિડતર, વલિતવૃત્ત સ્કંધવાળો. ચર્મેષ્ટક, દ્રૂઘણ, મુષ્ટિ વડે હણીને જે ગાત્ર નિચિતીકૃત્ છે.

ઉરસ્સબલસમન્વાગત - x - આંતરોત્સાહ વીર્યયુક્ત, તાલવૃક્ષોનું જે સમશ્રેણીક યુગલ, તેની જેમ અતિ સરળ પીવર બાહુવાળા. લંઘન-અતિક્રમણ, પ્લવન-કંઈક પૃથુતર વિક્રમવાળી અતિ શીઘ્ર ગતિમાં કઠિન વસ્તુના ચૂર્ણ કરવામાં સમર્થ. વ્યાયામ કરવામાં સમર્થ. ૭૨-કલાપંડિત, કાર્યોમાં અવિલંબિતકારી, સમ્યક્ ક્રિયા પરિજ્ઞાવાન્, મેધાવી, પૂર્વાપરાનુસંધાનદક્ષ, તેથી જ નિપુણ, ક્રિયામાં કૌશલ પ્રાપ્ત એક મહાન્ નદીના પાન આદિનો શલાકા સમુદાય અર્થાત્ સરિત્પર્ણાદિ શલાકામયી સંમાર્જની, દંડયુક્ત સંમાર્જની કે વાંસની શલાકામાંથી બનેલ સંમાર્જનીને લઈને રાજઆંગણ, રાજઅંતઃપુર, દેવકુલ, સભા-ગામપ્રધાનો, નગરપ્રધાનોને જ્યાં સુખે બેસી શકાય તેવી મંડપિકા, પાણીની શાળા, આરામ-આવી આવીને ભોગ પુરુષો શ્રેષ્ઠ તરુણી સાથે જ્યાં ક્રીડા કરે તે નગરથી બહુ દૂર નહીં તેવો ક્રીડાશ્રય તરુખંડ. ઉદ્યાન-પ્રયોજન અભાવે જ્યાં ઉંચે યાનોને રોકવામાં આવે તે, નગરની નીકટવર્તી યાન-વાહન-ક્રીડા-ગૃહાદિ આશ્રય વનખંડ. - - -

- - - અત્વરિત, અચપળ, અસંભ્રાંત કેમકે ત્વરાદિથી સારી રીતે કચરો કાઢવો ન સંભવે. નિરંતર-વચ્ચે અંતર છોડીને નહીં. સુનિપુણ. બધી દિશા, વિદિશામાં સામસ્ત્યથી પ્રમાર્જના કરે. - x - યાવત્ એકાંતમાં તૃણ-કાષ્ઠાદિ દૂર કરીને જલ્દીથી



નિર્વૃત્ત થાય છે. કોણ ? આભિયોગિક દેવો. સંવર્તક વાયુ વિકુર્વીને ઉપસંહરે છે.

સંવર્તક વાયુ વિકુર્વણાર્થે જે સમયે વૈક્રિય સમુદ્ઘાતથી સમવહત કરે, ત્યારે અભ્રવાદળ વિકુર્વવા બીજી વાર પણ વૈક્રિયસમુદ્ઘાત વડે સમવહત થાય. પાણીના દળવાળા વાદળ-મેઘ, પાણીના ભરેલ તે અભ્ર-મેઘ. જેમાં અભ્ર છે તે - આકાશ. આકાશમાં મેઘને વિકુર્વે છે. જેમ કોઈ ભૃતિકદારક એક મોટા માટીના ભાજન વિશેષ, માટીનો ઘડો, કાંસાદિમય જળથી ભરેલ ભાજન, જળભૃત કળશ વડે ચોતરફથી સીંચે. पतणतणायंति - પ્રકર્ષથી સ્તનિત કરે, વિદ્યુત્ ચમકાવે. પુષ્પવૃષ્ટિ યોગ્ય વાદળો - પુષ્પ વરસાવવા મેઘને વિકુર્વે. એક મોટી પુષ્પથી ભરેલી છાધિકા, તેને કે પટલકોને, જેમ મૈથુનના આરંભમાં યુવતીને વાળ વડે ગ્રહણ કરવી તે કચગ્રહસ્ત, હાથ વડે છોડેલ, શેષ સુગમ છે. યાવત્ જય-વિજય વડે વધાવે છે. જય-બીજા વડે અભિભૂત ન થાય તેવા પ્રતાપની વૃદ્ધિ, વિજય-બીજાને સહન ન કરવાથી ઉત્પાદ-પરાભવ કરવો. વધાવીને આદિષ્ટ કાર્ય સંપાદિત થયાનું જણાવે છે.

**● સૂત્ર-૧૧ :-**

***ત્યારે તે સૂર્યાભદેવ, તે આભિયોગિક દેવોની પાસે આ વૃત્તાંત સાંભળી, અવધારી, હૃષ્ટ-તુષ્ટ યાવત્ હૃદયી થઈ પદાનિક અધિપતિ દેવને બોલાવ્યો, બોલાવીને કહ્યું – જલ્દીથી, ઓ દેવાનુપ્રિય ! સૂર્યાભ વિમાનની સુધર્મા સભામાં મેઘસમૂહ જેવી ગંભીર શબ્દ કરનારી, યોજન પરિમંડલ સુસ્વર ઘંટાને ત્રણ વખત વગાડી વગાડી મોટા-મોટા શબ્દોથી ઉદ્ઘોષણા કરતા-કરતા આમ કહો – હે સૂર્યાભ વિમાનવાસી દેવો ! સૂર્યાભદેવ આજ્ઞા કરે છે કે – જંબૂદ્વીપના ભરત ક્ષેત્રમાં આમલકલ્પા નગરીના આમ્રશાલ વન ચૈત્યમાં શ્રમણ ભગવન્ મહાવીરને વંદના કરવા સૂર્યાભદેવ જાય છે, તેથી હે દેવાનુપ્રિયો ! તમે પણ સર્વઋદ્ધિથી યાવત્ નાદિત રવ સાથે નિજક-પરિવાર સાથે પરિવૃત્ત થઈને પોત-પોતાના વિમાનમાં આરૂઢ થઈ કાળના વિલંબ વિના સૂર્યાભ દેવની પાસે ઉપસ્થિત થાઓ.***

**● વિવેચન-૧૧ :-**

સૂર્યાભદેવના આભિયોગ-આભિમુખ્યતાથી પ્રેષ્યકર્મમાં પ્રવૃત્ત કરાય તે આભિયોગિક, તે દેવો પાસે અનંતરોક્ત અર્થ સાંભળી, પછી પરિભાવિત કરીને, અતીવ હર્ષિત-આનંદિત ચિત્ત-પ્રીતિમન-પરમ સૌમનસ્યિક હર્ષના વશથી વિસ્તૃત હૃદયી થઈ પદાતિ સૈન્યાધિપતિ દેવને બોલાવે છે, બોલાવીને કહ્યું – જલ્દી, સુધર્માસભામાં મેઘના સમૂહથી ગર્જિત, તેની જેમ ગંભીર અને મધુર શબ્દ, તેને યોજન પ્રમાણ પરિમંડલમાં તે સુસ્વરા નામક ઘંટાને વગાડી-વગાડી મોટા-મોટા શબ્દોથી ઉદ્ઘોષણા કરતા એ રીતે આજ્ઞા કરાવો કે સૂર્યાભ દેવ - x - ભગવંત મહાવીરને વંદનાર્થે જાય છે, હે દેવાનુપ્રિયો! તમે પણ પરિવારાદિ સર્વ ઋદ્ધિ, યથાશક્તિ વિસ્ફારિત સમસ્ત શરીર તેજથી, સમસ્ત હાથી આદિ સૈન્ય વડે, પોત-પોતાના આભિયોગ્યાદિ રત્નાદિ સંપત્તિ, સર્વ વિભૂષ-શ્રૃંગાર કરણથી, સર્વોત્કૃષ્ટ

સંભ્રમથી-સ્વનાયક વિષય બહુમાન જણાવનાર, સ્વનાયક ઉપદિષ્ટ કાર્ય સંપાદન માટે જે શક્તિ ત્વરિત પ્રવૃત્તિ...

...વાસ, પુષ્પમાળા, આભરણ વિશેષ. સર્વે દિવ્ય ત્રુટિત તેના શબ્દો, તેમના એકત્ર મિલનથી જે સંગતપણે મહાનઘોષ, તેના વડે - x - x - મહા પરિવારાદિ ઋદ્ધિ વડે, મહાદ્યુતિ ઈત્યાદિથી તથા મહાન્-શ્રેષ્ઠ આતોદ્યના એક સમયે પટુ પુરુષો વડે પ્રવાદિત જે રવ, તેના વડે. આને જ વિશેષથી કહે છે – શંખ, પ્રણવ, ઢોલ, ભેરી, ઝાલર-ખંજરી, ખરમુખી, હુડુક્ક, મુરજ, મૃદંગ, દુંદુભી. આ બધાંનો નિર્ઘોષ, ઘંટાની જેમ નાદ, જે વગાડ્યા પછી પણ સતત ગુંજતો રહે, તેવા રવ સાથે સંપરિવૃત્ત. આત્મીય પરિવાર સાથે - x - વિના વિલંબે, સૂર્યાભદેવની સમીપે આવો.

● **સૂત્ર-૧૨ :-**

***ત્યારે તે પદાતિકાધિપતિ દેવ, સૂર્યાભદેવે આમ કહેતા હૃષ્ટ-તુષ્ટ યાવત્ હૃદયી થઈ, હે દેવ ! 'તહત્તિ' કહી વિનયથી આજ્ઞા વચનો સ્વીકારીને સૂર્યાભ વિમાનમાં સુધર્માસભામાં મેઘના સમૂહ જેવા ગંભીર મધુર શબ્દો કરતી, યોજન પરિમંડલ સુસ્વરા ઘંટા પાસે આવે છે, આવીને ત્રણ વખત તે સુસ્વરા ઘંટાને વગાડે છે. ત્યારે તે મેઘના સમૂહ જેવા ગંભીર-મધુર શબ્દો વાળી - x - ઘંટા વગાડતા સૂર્યાભ વિમાનના પ્રાસાદ વિમાનાદિથી લઈને ખૂણા-ખૂણા સુધીના એકાંત શાંત સ્થાન લાખો પ્રતિધ્વનિઓથી ગુંજી ઉઠ્યા.***

***ત્યારે તે સૂર્યાભવિમાનવાસી ઘણાં વૈમાનિક દેવો અને દેવીઓ એકાંત રતિ-પ્રસક્ત, નિત્ય પ્રમત્ત, વિષય સુખમાં મૂર્છિત સુસ્વરઘંટારવના વિપુલ બોલથી ત્વરિત, ચપળ, જાગૃત્ત થઈને ઘોષણાના કુતૂહલથી કાન અને મનને એકાગ્ર ચિત્ત કર્યુ તથા ઉપયુક્ત માનસ થયા. તે પદાતિ સૈન્યાધિપતિ દેવે તે ઘંટારવ શાંત-પ્રશાંત થતા મોટા-મોટા શબ્દોથી ઉદ્ઘોષણા કરતાં-કરતાં કહ્યું –***

***હે સૂર્યાભવાસી અનેક વૈમાનિક દેવ-દેવીઓ સૂર્યાભ વિમાનાધિપતિના હિતપ્રદ-સુખપ્રદ આજ્ઞા વચનોને સાંભળો. સૂર્યાભ દેવે આજ્ઞા કરી છે કે હે દેવાનુપ્રિયો સૂર્યાભદેવ જંબૂદ્વીપના ભરતક્ષેત્રની આમલકલ્પ નગરીના આમ્રશાલવન ચૈત્યમાં શ્રમણ ભગવન્ મહાવીરને વંદના કરવા જાય છે તો તમે-સૂર્યાભના દેવો સર્વઋદ્ધિથી, કાળનો વિલંબ કર્યા વિના સૂર્યાભદેવની પાસે આવી જાઓ.***

● **વિવેચન-૧૨ :-**

જાવ પડિસુણિત્તા૦ યાવત્ શબ્દથી બે હાથ જોડી, દશ નખ ભેગા કરી, મસ્તકે આવર્ત્ત કરી, મસ્તકે અંજલિ કરીને. - x - ત્રણ વખત તાડન કરી - ઉક્ત સુસ્વરા ઘંટાને ત્રણ વખત તાડિત કરી, જે સૂર્યાભ વિમાનમાં પ્રાસાદ-નિષ્કુટમાં અથડાતા શબ્દવર્ગણા પુદ્ગલ, તેના વડે ઉછળતા જે ઘંટાના પડઘાં-લાખો શબ્દ, તેનો સંકુલ થયો. અર્થાત્ ઘંટાના મહા પ્રયત્નથી તાડિત કરાતા નીકળેલા શબ્દ પુદ્ગલ, તેના પ્રતિઘાત વશથી બધી દિશા-વિદિશામાં દિવ્યાનુભાવથી ઉછળતા પડઘાં વડે એક લાખ યોજન સર્વ વિમાન બહેરું થઈ ગયું.



આના વડે બાર યોજનથી આવેલ શબ્દ શ્રોત્રગ્રાહ્ય થાય, પછી નહીં. તો એકત્ર તાડિત ઘંટાની સર્વત્ર શ્રુતિ કઈ રીતે થાય ? એ વાતનું નિરસન કર્યુ છે. દિવ્યાનુભાવથી બધે તે સંભળાય છે. તે સૂર્યાભવિમાનવાસી ઘણાં વૈમાનિક દેવો-દેવીઓ એકાંતે રમણ પ્રસક્ત હતા, તેથી જ સર્વકાળ પ્રમત્ત હતા. વિષય સુખમાં મૂર્છિત-આસક્તતાથી નિત્ય પ્રમત્ત. તેઓ સુસ્વરા ઘંટાના રવને જે સર્વે દિશા-વિદિશામાં પડઘાતાં સકલ વિમાનવ્યાપી વિસ્તીર્ણ કોલાહલ વડે શીઘ્ર, આકુળ, જાગૃત કરાતા-આ કેવી ઘોષણા થશે ? એવા કુતૂહલ વડે કાન દઈને ઘોષણા શ્રવણના એક વિષયમાં ચિત્તવાળા થઈને, વળી તે પણ ઉપયુક્ત માનસથી [ઉત્સુક થયા.]

પદાતિ સૈન્યાધિપતિ દેવે, તે ઘંટારવ અત્યંત મંદરૂપ થતાં, સર્વથા શાંત થતાં, મોટા-મોટા શબ્દોથી ઉદ્ઘોષણા કરતા કહ્યું – હર્ષિત થઈ સાંભળો, સ્વામીના આદેશથી શ્રીમત્ મહાવીરને પાદવંદનાર્થે પ્રસ્થાન કરો. - x - સૂર્યાભ વિમાનવાસી અનેક વૈમાનિક દેવો અને દેવીઓ સૂર્યાભ વિમાનાધિપતિના હિતાર્થ-સુખાર્થ વચનને સાંભળો. તેમાં હિત - જન્માંતરમાં પણ કલ્યાણ લાવે, તે રીતે કુશલ. સુખ-તે ભવમાં નિરુપદ્રવતા. - x - x -. –

● **સૂત્ર-૧૩,૧૪ :-**

***[૧૩] ત્યારે તે સૂર્યાભવિમાનવાસી ઘણાં વૈમાનિક દેવો અને દેવીઓ પદાતિ સૈન્યાધિપતિ દેવની પાસે આ અર્થ સાંભળી, સમજી હૃષ્ટ-તુષ્ટ યાવત્ હૃદયી થઈને કેટલાંક વંદન નિમિત્તે, કેટલાંક પૂજન નિમિત્તે કેટલાંક સત્કાર નિમિત્તે એ રીતે સન્માન-નિમિત્તે, કુતૂહલ નિમિત્તે, ન સાંભળેલું સાંભળવાને, સાંભળેલના અર્થ-હેતુ-પ્રશ્નો-કારણો-ઉત્તરો પૂછવાને, સૂર્યાભદેવના વચનના પાલનને માટે, એકબીજાના અનુકરણ કરવાને, જિનભક્તિના રાગથી, ધર્મ સમજીને, જીતાચાર સમજીને, સર્વ ઋદ્ધિ સાથે યાવત્ વિના વિલંબે સૂર્યાભદેવની પાસે આવ્યા.***

***[૧૪] ત્યારે તે સૂર્યાભદેવ, તે સૂર્યાભ વિમાનવાસી ઘણાં વૈમાનિક દેવો અને દેવીઓને વિના વિલંબે સમીપે આવેલા જોયા. જોઈને હૃષ્ટ-તુષ્ટ યાવત્ હૃદયી થઈ આભિયોગિક દેવને બોલાવે છે. બોલાવીને કહ્યું – ઓ દેવાનુપ્રિય ! અનેક સ્તંભ સંનિવિષ્ટ લીલા કરતી શાલભંજિકા યુક્ત, ઈહા-મૃગ-વૃષભ-તુરગ-નર-મગર-વિહગ-વ્યાલક-કિંનર-રુરુ-સરભ-ચમર-કુંજર-વનલતા-પદ્મલતા આદિના ચિત્રોથી ચિત્રિત, સ્તંભ ઉપર બનેલી વજ્ર વેદિકાયુક્ત હોવાથી રમ્ય, વિદ્યાધર યમલયુગલ યંત્રયુક્ત સમાન, હજારો કિરણોથી વ્યાપ્ત, હજારા રૂપકોથી યુક્ત, તેથી દેદીપ્યમાન, જોતાં જ આંખ ચોંટી રહે, સુખસ્પર્શ હોય, સશ્રીકરૂપ, ઘંટાવલિના ચલનથી મધુર-મનહર સ્વરયુક્ત, શુભ-કાંત-દર્શનીય, નિપુણ શિલ્પી દ્વારા નિર્મિત, દેદીપ્યમાન મણિ અને રત્નોના ઘુંઘરુંથી વ્યાપ્ત, એક લાખ યોજન વિસ્તીર્ણ, દિવ્ય ગમનસજ્જ, શિઘ્રગતિક દિવ્ય યાન વિમાન વિકુર્વ. વિકુર્વીને જલ્દી આ આજ્ઞા મને પાછી સોંપો.***

● વિવેચન-૧૩,૧૪ :-

ત્યારે તે સૂર્યાભવિમાનવાસી ઘણાં વૈમાનિક દેવો અને દેવીઓ ઉક્ત અર્થ સાંભળીને, અતીવ હર્ષિત-આનંદિત ચિત્ત-પ્રીતિમનયુક્ત - પરમ સૌમનસ્યિક - હર્ષના વશથી વિકસિત હૃદયી. - x - કેટલાંક વંદન-પ્રશસ્ત કાયા, વચન, મનની પ્રવૃત્તિરૂપ અભિવાદન, તે મારે ભગવંત પ્રત્યે કર્તવ્ય છે માટે, ગંધમાળાદિ વડે અર્ચન માટે, સ્તુતિ આદિ ગુણોન્નતિ કરણરૂપ સત્કાર, માનસિક પ્રીતિવિશેષ રૂપ, કુતૂહલ-ભગવન્ કેવા છે ? એવા પ્રકારે જે વર્દ્ધમાનસ્વામીમાં ભક્તિ પૂર્વકનો રાગ, સૂર્યાભની આજ્ઞામાં વર્તતા, પૂર્વે ન સાંભળેલ સ્વર્ગ-મોક્ષ પ્રસાધક વચનો સાંભળવાની બુદ્ધિથી, પૂર્વે સાંભળેલમાં જન્મેલ શંકિતને નિઃશંકિત કરવાની બુદ્ધિ, જીતાચાર સમજીને ઈત્યાદિ.

● સૂત્ર-૧૫ (અધુરું) :-

*ત્યારે તે આભિયોગિક દેવ, સૂર્યાભદેવે આમ કહેતા હર્ષિત યાવત્ હૃદયી થઈ બે હાથ જોડી યાવત્ સ્વીકારીને ઈશાનકોણમાં જાય છે, જઈને વૈક્રિય સમુદ્ઘાતથી સમવહત થઈને સંખ્યાત યોજન યાવત્ યથાબાદર પુદ્ગલો છોડીને અને યથાસૂક્ષ્મ પુદ્ગલ ગ્રહણ કરે છે. બીજી વખત પણ વૈક્રિય સમુદ્ઘાતથી સમવહત થઈને અનેક શત સ્તંભ સંનિવિષ્ટ યાવત્ દિવ્યવિમાન વિકુર્વિત કરવાને પ્રવૃત્ત થયા. ત્યારપછી આભિયોગિક દેવોએ તે દિવ્ય યાન વિમાનની ત્રણ દિશામાં ત્રણ ત્રિસોપાન પ્રતિરૂપક વિકુર્વ્યા. તે આ રીતે - પૂર્વમાં, દક્ષિણમાં અને ઉત્તરમાં.*

*તે ત્રિસોપાન પ્રતિરૂપક આ આવા સ્વરૂપે વર્ણવાળા કહ્યા છે — વજ્રમય નેમ, રિષ્ટમય પ્રતિષ્ઠાન, વૈડૂર્યમય સ્તંભ, સુવર્ણ-રૂપ્યમય ફલક, લોહિતાક્ષમયી શૂચિકા, વજ્રમયી સંધી, વિવિધ મણિમય અવલંબન અને અવલંબન બાહા હતી. તે પ્રાસાદીય યાવત્ પ્રતિરૂપ હતા. તે ત્રિસોપાન પ્રતિરૂપકની આગળ તોરણ વિકુર્વે છે. તે તોરણ વિવિધ મણિમય સ્તંભોમાં સારી રીતે નિશ્ચલ રૂપે બાંધેલ. વચ્ચે વિવિધ પ્રકારના મોતીથી નિર્મિત રૂપકોથી ઉપશોભિત હતા. વિવિધ તારારૂપ ઉપચિત હતા. ઈહા-મૃગ-વૃષભ-તુરગ-નર-મગર-વિહગ યાવત્ પદ્મલતાથી ચિત્રિત, સ્તંભોદ્ગત વજ્ર વેદિકાયુક્ત રમ્ય, વિદ્યાધર યમલ-યુગલ-યંત્ર-યુક્ત સમાન, હજારો કિરણોયુક્ત. હજારો રૂપ યુક્ત, દીપ્યમાન-દેદીપ્યમાન, જોતાં જ આંખો ચોંટી જાય તેવા શુભસ્પર્શવાળા, સશ્રીકરૂપયુક્ત, પ્રાસાદીયાદિ હતા.*

● વિવેચન-૧૫ (અધુરુ) :-

અનેક સેંકડો સ્તંભ ઉપર સંનિવિષ્ટ, લીલા વડે સ્થિત, આના દ્વારા તે પુતળીનું સૌભાગ્ય કહ્યું. શાલભંજિકા-પુતળી. ઈહામૃગ-વૃક, વ્યાલ-શ્વાપદ-સર્પ, ઈત્યાદિ [*સૂત્રાર્થ મુજબ જાણવું*] ચિત્ર-આલેખ કર્યા. સ્તંભની ઉપર રહેલ વજ્રરત્નમયી વેદિકા વડે પરિગત હોવાથી જે રમ્ય છે. વિદ્યાધરના જે સમશ્રેણીક વિદ્યાધર યુગલ, યંત્ર-પુરુષ પ્રતિમાને સંચાર કરાવતું, તેનાથી યુક્ત. હજારો કિરણો વડે પરિચારણીય, હજારો રૂપક યુક્ત, દીપતું-અતિ દીપતું, જોતાની સાથે અતિશય દૃષ્ટિ ચોંટી જાય



તેવું, કોમળ સ્પર્શવાળું, શોભતા રૂપકવાળું, ઘંટની શ્રેણિ, વાયુના વશથી કંપિત થતા કર્ણપ્રિય અને મનોહર સ્વર જેમાં છે તે. શુભ - યથોદિત વસ્તુ લક્ષણયુક્ત, કમનીય તેથી દર્શનીય. તથા નિપુણ ક્રિયાથી ખચિત, દેદીપ્યમાન મણિરત્નો જેમાં છે.

કેવા પ્રકારના ? ક્ષુદ્ર ઘંટિકા સમૂહથી સમસ્તપણે જે વ્યાપ્ત છે. યોજનલક્ષ વિસ્તાર. પ્રધાન ગમનપ્રવણ-શીઘ્રગમનરૂપ. યાન-વાહનરૂપ વિમાન. બાકી પૂર્વવત્. તે દિવ્ય યાન વિમાનની ત્રણે દિશામાં - એક એક દિશામાં એક એક એ રીતે ત્રિસોપાન પ્રતિરૂપક પ્રતિ વિશિષ્ટ રૂપ જેમાં છે, તે પ્રતિરૂપક, ત્રણ સોપાન-પગથિયાવાળા. તે ત્રિસોપાન પ્રતિરૂપકોનો આવા સ્વરૂપે વર્ણક કહ્યો છે —

વજ્રરત્નમય નેમિભૂમિકા, તેમાં ઉંચા નીકળતા પ્રદેશો રિષ્ઠ રત્નમય પ્રતિષ્ઠાન-ત્રિસોપાનમૂલપ્રદેશ, વૈડૂર્યમય સ્તંભો, સુવર્ણ-રૂપ્યમય ફલક, લોહિતાક્ષમયી સૂચિ-બે પાટીયાના સંબંધના વિઘટન અભાવ હેતુ પાદુકા સ્થાનીય, વજ્રરત્ન પૂરિત સંધિ, વિવિધ મણિમય અવલંબન-ઉતરતા ચડતા આલંબન હેતુભૂત અવલંબન બાહાથી નિકળેલ કેટલાંક અવયવો. - x - અવલંબન બાહા નામે બંને પડખે અવલંબન આશ્રયભૂત ભિંતો. પ્રાસાદીયાદિ પ્રાગ્વત્.

ત્રિસોપાનકની આગળ પ્રત્યેકમાં એક-એક તોરણ છે. તે તોરણોનું આ પ્રકારે વર્ણન છે - વિવિધ મણિમય તોરણ ઈત્યાદિ. એવો પાઠ પણ છે કે — તે ત્રિસોપાનક પ્રતિરૂપક આગળ તોરણ વિકુર્વે છે, તે તોરણ વિવિધમણિમય હતા ઈત્યાદિ. મણિ-ચંદ્રકાંતાદિ. વિવિધ મણિમય સ્તંભોની સામીપ્યથી રહેલ. તે કેવા છે? નિશ્ચલપણે અપદ પરિહારથી નિવિષ્ટ. વિવિધ વિચ્છિત્ત યુક્ત મોતી. - x - x - અંતરમાં રૂપોથી ઉપચિત, વિવિધ તારારૂપથી ઉપચિત, તોરણોમાં જ શોભાર્થે તારા બંધાય છે. - x - યાવત્ પ્રતિરૂપ. અહીં યાવત્ શબ્દથી ઈહા-મૃગ-વૃષભ-તુરગાદિથી ચિત્રિત. સ્તંભ ઉપર રહેલ વજ્ર વેદિકાયુક્ત હોવાથી રમ્ય આદિ. એ રીતે બે સ્તંભ વચ્ચે રહેલ તોરણ - x - x - શોભે છે. - x - x - હજારો કિરણોથી યુક્ત - x - યાવત્-અભિરૂપ છે.

● સૂત્ર-૧૫ (અધુરેથી) :-

*તે તોરણોની ઉપર આઠ-આઠ મંગલો હતા, તે આ — સ્વસ્તિક, શ્રીવત્સ, નંદ્યાવર્ત્ત, વર્ધમાનક, ભદ્રાસન, કળશ, મત્સ્ય અને દર્પણ. તે તોરણોની ઉપર ઘણાં કૃષ્ણ યાવત્ શ્વેતચામર ધ્વજ હતા, જે સ્વચ્છ, શ્લક્ષ્ણ, રૂપ્યપટ્ટ, વજ્રમય દંડવાળા, કમળ જેવા અમલ ગંધિત, સુરમ્ય, પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ, પ્રતિરૂપ વિકુર્વેલ હતા.*

*તે તોરણોની ઉપર ઘણાં છત્રાતિછત્ર, ઘંટાયુગલ, પતાકા-અતિપતાકા, ઉત્પલ-કુમુદ-નલિન-સુભગ-સૌગંધિક-પુંડરીક-મહાપુંડરીક-શતપત્ર-સહસ્રપત્રના ઝુમખાં જે સર્વે રત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ વિકુર્વ્યા. ત્યારે તે આભિયોગિક દેવ તે દિવ્ય યાન વિમાનની અંદર બહુસમરમણીય ભૂમિભાગ વિકુર્વ્યો.*

● વિવેચન-૧૫ (ચાલુ) :-

સૂત્ર સુગમ છે. વિશેષ આ — ઘૃષ્ટ, મૃષ્ટ, નીરજ, નિર્મળ. નિષ્પંક, નિષ્કંટકચ્છાય,

કિરણો સહ, ઉધોત સહ પ્રાસાદીયાદિ જાણવું. તે તોરણો ઉપર ઘણાં કૃષ્ણ-નીલ-લોહિત-હરિત-શ્વેત ચામર ધ્વજો હતા. કેવા ? આકાશ સ્ફટિકવત્ અતિ નિર્મળ, શ્લક્ષ્ણ પુદ્‌ગલ સ્કંધ નિર્મિત, રૂપ્યમય વજમયના દંડની ઉપરનો પટ્ટ, વજરત્નમય દંડ રૂપ્યપટ્ટમધ્યવર્તી હતો. જલકુસુમોના પદ્માદિવત્ અમલ, પણ કુદ્રવ્યગંધ સમ્મિશ્ર નહીં એવી જે ગંધ, તેનાથી યુક્ત. તેથી જ સુરમ્ય. પ્રાસાદીયાદિ પ્રાગ્વત્.

તે તોરણોની ઉપર ઘણાં છત્રાતિછત્ર - એક સંખ્યકથી અતિશાયી છત્રની ઉપર અધોભાવથી બે કે ત્રણ સંખ્યક છત્રો. અતિશાયી દીર્ઘત્વ વિસ્તારથી જે પતાકા તે પતાકાતિપતાકા, ઘણાં ઘંટાયુગલ, ચામરયુગલો. ઘણાં ઉત્પલ નામક જલજકુસુમ સમૂહ વિશેષ. એ રીતે ઘણાં પદ્મ-નલિનાદિનો સમૂહ. આ છત્રાતિછત્ર આદિ બધાં રત્નમય, નિર્મળ, શ્લક્ષ્ણ, ઘૃષ્ટ, મૃષ્ટ, નીરજ, નિર્મળ, નિષ્પંક, નિષ્કંટકછાય, પ્રભા-કિરણ-ઉધોત્ સહિત, પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ, પ્રતિરૂપ હતા.

તે દિવ્ય વિમાનના મધ્ય બહુસમ એવો રમણીય ભૂમિ-ભાગ કહ્યો છે. કઈ વિશેષતા યુક્ત ? તે કહે છે —

● **સૂત્ર-૧૫ (અધુરેથી) :-**

*જેમ કોઈ આલિંગપુષ્કર, મૃદંગપુષ્કર, સરોવરનું તળ, હથેળી, ચંદ્રમંડલ, સૂર્યમંડલ, દર્પણમંડલ, મોટા-મોટા ખીલા ઠોકી અને ખેંચીને ચોતરફથી સમ કરેલ ઘેટા-સુવર-સીંહ-વાઘ-મૃગ-ચિતાના ચામડા સમાન રમણીય, વિવિધ પંચવર્ણી મણી વડે ઉપશોભિત, આવર્ત્ત-પ્રત્યાવર્ત્ત-શ્રેણિ-પ્રશ્રેણિ, સ્વસ્તિક-પૂષ્યમાણક-વર્દ્ધમાનક-મત્સ્યાંડ-મકરાંડક જાર, માર આદિ (શુભલક્ષણો), પદ્મ-પત્ર-સાગરતરંગ-વસંતલતા-પદ્મલતા આદિથી ચિત્રિત, છાયા-પ્રભા-કિરણ-ઉધોત્ સહિત, વિવિધ પંચવર્ણી મણીથી ઉપશોભિત, તે આ — કૃષ્ણ, નીલ, લોહિત, હાલિદ્ર, શુક્લ.*

*તેમાં જે કાળા મણી, તે મણીનું આ આવું વર્ણન કહ્યું છે — જેમ કોઈ મેઘઘટા, અંજન, ખંજન, કાજળ, ગવલ, ગવલગુલિકા, ભ્રમર, ભ્રમરાવલિ, ભ્રમરપતંગસાર, જાંબુફળ, અરીઠા અથવા કાગડાના બચ્ચા, હાથી, મદનીયા, કાળો સર્પ, કાળું કેસર, આકાશ થિગ્ગલ, કાળું અશોક-કૃષ્ણવીર-બંધુજીવક. શું તે આ બધાં જેવું હતું ? આ અર્થ સંગત નથી. હે આયુષ્યમાન્ શ્રમણો ! તે કાળા મણી આનાથી ઈષ્ટ-કાંત-મણામ-મનોજ્ઞતરક વર્ણથી કહ્યા છે.*

*તેમાં જે નીલામણી, તેનું આ આવું વર્ણન કહ્યું છે — જેમ કોઈ ભૃંગ-ભૃંગ પત્ર, શુક-શુકપિચ્છ, ચાસ-ચાસપિચ્છ, નીલી-નીલીભેદ-નીલીગુલિકા, સાંવા, ઉચ્ચંતક, વનરાજિ, બળદેવના વસ્ત્ર, મોરની ડોક, અતસિકુસુમ, બાણકુસુમ, અંજનકેશિકા કુસુમ, નીલોત્પલ, નીલાશોક, નીલબંધુજીવ, નીલકર્ણવીર. આ બધાં જેવો વર્ણન હતો ? આ અર્થ સંગત નથી. તે નીલમણી આનાથી ઈષ્ટતરક યાવત્ વર્ણથી કહેલ છે.*

*તેમાં જે લાલમણી હતા, તે મણીનું આવા પ્રકારનું વર્ણન કહ્યું છે — જેમ કોઈ ઘેટા-શશલા-મનુષ્ય-વરાહ કે મહિષનું લોહી, બાલ ઈન્દ્રગોપ, બાલ સૂર્ય,*



*સંધ્યાનો રંગ, ચણોઠીના અર્ધભાગનો રાગ, જપાકુસુમ, કિંશુકકુસુમ, પરિજાતકુસુમ, જાતહિંગલોક, શિલપ્રવાલ, પ્રવાલ અંકુર, લોહિતાક્ષમણી, લાક્ષારસ, કૃમિરાગ કંબલ, ચણાનો લોટ, રક્તોત્પલ, રક્તાશોક, રક્તકર્ણવીર, રક્તબંધુજીવક. આવો વર્ણ હતો ? આ અર્થ સંગત નથી. તે લાલ મણી આથી પણ ઈષ્ટતરકાદિ યાવત્ હતો.*

*તેમાં જે પીળા મણી, તેનું આવ સ્વરૂપનું વર્ણન હતું. જેમ કોઈ ચંપા-ચંપાની છાલ-ચંપાનો અંદરનો ભાગ, હાલિદ્ર-હાલિદ્રભેદ-હાલિદ્રગુલિકા, હરિતાલિકા-હરિતાલભેદ-હરિતાલગુલિકા, ચિકુર-ચિકુરંગ રક્ત, વરકનક-વરકનકનિઘસ, સુવર્ણ-શિલ્પક, વરપુરુષવસ્ત્ર, અલ્લકી-ચંપા-કુહંડિકા-તડવડા-ઘોસેડિક-સુવર્ણ-સુહિરણ્ય-કુસુમ, કોરંટ વર માલ્યદામ, બીજકુસુમ, પીળો અશોક, પ્રીયકર્ણવીર, પ્રીયબંધુજીવક. આ બધાં જેવો વર્ણ છે ? આ અર્થ સંગત નથી. તે પીળા મણી, આનાથી ઈષ્ટતરક યાવત્ વર્ણથી કહેલ છે.*

*તેમાં જે શ્વેત મણી છે, તે મણીનું વર્ણન આવું છે — જેમ કોઈ અંક, શંખ, ચંદ, કુંદ, દાંત અથવા કુમુદ, પાણીના કણ, ઘન, દહીં, ગાયનું દૂધ અથવા હંસ-ક્રૌંચ-હાર-ચંદ્રની શ્રેણિ, શરદીયમેઘ, તપાવેલ-ધોયેલ રૂપ્યપટ્ટ, ચોખાનો લોટ, કુંદપુષ્પરાશિ, કુમુદરાશિ, શુકીફલી, પિચ્છ-મિંજિકા, ભિસ, મૃણાલ, ગજદંત, લવંગદલ, પુંડરિકદલ, શ્વેતાશોક, શ્વેત કર્ણવીર, શ્વેત બંધુજીવક. આ બધાં જેવો શ્વેત છે ? આ અર્થ સંગત નથી, તે સફેદ મણી, આનાથી ઈષ્ટતરક યાવત્ વર્ણથી કહ્યો છે.*

● **વિવેચન-૧૫ (ચાલુ) :-**

- x - x - આલિંગ - મુરજ નામક વાધ, પુષ્કર-ચર્મપુટ, તે અત્યંત સમ હોવાથી તેની ઉપમા કહી છે. શબ્દ-બધાં જ સ્વ-સ્વ ઉપમાભૂત વસ્તુ પરિસમાપ્તિધોતક છે. મૃદંગાદિ પ્રસિદ્ધ છે. પાણી વડે ભરેલ તળાવ તેનો ઉપરનો ભાગ. ચંદ્રમંડલ-સૂર્યમંડલ - x - પીઠ પ્રાસાદની અપેક્ષાએ વૃત્તાલેખ, તેનો દૃશ્યમાન ભાગ સમતલ ન હોવા છતાં સમતલ લાગે છે માટે તે ઉપમા લીધી. - x - x - ઉરભ્ર-ઘેટું, દ્વીપી-ચિત્તો. આ બધાંના ચામડાં અનેક શંકુ પ્રમાણથી હજારો ખીલી વડે, મોટી કીલક વડે તાડિત કરી પ્રાયઃ મધ્યે ઠોકાય, તેવા તાડનના અસંભવથી શંકુ ગ્રહણ કર્યું. તેને ખેંચીને તાડીત કર્યુ. જેથી અત્યંત બહુસમ થાય છે. તે રીતે તે યાન વિમાનનો અંદરનો બહુસમ ભૂમિભાગ છે. વળી કેવા પ્રકારે છે ?

જાતિભેદથી વિવિધ પ્રકારના જે પંચવર્ણી મણી, તેના વડે ઉપશોભિત. કેવા સ્વરૂપે ? આવર્ત્તાદિ મણીના લક્ષણો. એક આવર્ત્તની પ્રત્યભિમુખ આવર્ત્ત તે પ્રત્યાવર્ત્ત, શ્રેણિ-તથાવિધ બિંદુની પંક્તિ, શ્રેણિથી નિર્ગત અન્ય શ્રેણિ તે પ્રશ્રેણિ - x - વર્દ્ધમાનક-શરાવસંપુટ. જાર-માર. એ મણિના લક્ષણ વિશેષ છે. - x - ચિત્ર-આલેખ. - x - તથા શોભનછાયા, નિર્મલત્વરૂપ. શોભનપ્રભા-કાંતિ, બહાર નીકળતા કિરણ જાલસહિત, સોધોત-બહાર વ્યવસ્થિત નીકટની વસ્તુને પ્રકાશકર. આવા પ્રકારના

વિવિધ જાતિક પંચવર્ણીમણી વડે ઉપશોભિત.

આ પાંચ વર્ણો – કૃષ્ણાદિ સુગમ છે. - x - x - વર્ણાવાસ - વર્ણક વિશેષ. - x - જીમૂત-મેઘવાદળ, તે વર્ષાના પ્રારંભ સમયે જળભૃત જાણવા. તે પ્રાયઃ અતિ કાળા સંભવે છે. ઇતિ શબ્દ-ઉપમાભૂત વસ્તુની પરિસમાપ્તિ ધોતક છે. - x - x - અંજન-સૌવીરાંજન રત્નવિશેષ, ખંજન-દીપમાલિકાનો મેલ, કાજળ-દીપશિખા પતિત, મષી-કાજળ, મસીગુલિકા-ઘોલિત કાજળની ગુટિકા, - x - ગવલ-ભેંસના શીંગડા, તેના ઉપરના ભાગની ત્વચા દૂર કર્યા વિના જાણવું, તેમાં જ વિશિષ્ટ કાલિમા સંભવે છે. તે જ ભેંસના શીંગડાના નિબિડતર સારથી નિર્વર્તિત ગુટિકા, ભ્રમર - x - પાંખની અંદરનો વિશિષ્ટ કાલિમાયુક્ત પ્રદેશ, આર્દ્રારિષ્ઠિક-અરીઠા, પરપુષ્ટ-કોકીલ, કૃષ્ણસર્પ-કૃષ્ણવર્મી સર્પજાતિ વિશેષ, કૃષ્ણકેસર-કૃષ્ણ બકુલ, શરદમાં મેઘ વિનિર્મુક્ત આકાશખંડ, તે ઘણો કાળો લાગે છે. કાળો અશોક, કાળો કણવીર ઈત્યાદિ વૃક્ષના ભેદો છે. - x -

આ રીતે કહેતા શિષ્ય પૂછે છે કે મણીનો કૃષ્ણવર્ણ આવો મેઘ ઘટાદિરૂપ છે ? આચાર્ય કહે છે – આ અર્થ ઉપયુક્ત-સમર્થ નથી. જો એમ છે, તો મેઘઘટાદિના દૃષ્ટાંતત્વના ઉપાદાનનો શો હેતુ છે ? આ ઉપમા માત્ર છે. હે આયુષ્યમાન્ શ્રમણ ! તે કૃષ્ણ મણિઓ જેવા છે, તે મેઘઘટાદિ કરતાં કૃષ્ણ વર્ણથી અભીપ્સિતતરક જ છે. તેમાં કંઈક અકાંત હોવા છતાં કેટલાંકને ઈષ્ટતમ થાય છે. તેથી અકાંતતા વ્યવચ્છેદ માટે કહે છે – અતિ સ્નિગ્ધ મનોહારી કાલિમાના ઉપચિતપણાથી મેઘઘટાદિ કમનીયતરક છે. તેથી જ મનોજ્ઞતરક-અનુકૂલપણે સ્વપ્રવૃત્તિ વિષયી કરાય છે તે મનોનુકૂલ. મનોજ્ઞતર પણ કંઈક મધ્યમ હોય છે. તેથી સર્વોત્કર્ષ પ્રતિપાદનાર્થે કહે છે – મણામતરક અર્થાત્ જોતાં જ મનમાં-આત્મવશતાને પામે છે. અહીં પ્રકર્ષ વિપક્ષામાં 'तरप्' પ્રત્યય છે.

તે મણિઓ મધ્યે જે નીલા મણી છે, તેનું આવું વર્ણન કહેલું છે – જેમ કોઈ ભૃંગ-કોઈ કીડાની પાંખ, શુક-પોપટ, પોપટના પાંખ, ચાષ-પક્ષી વિશેષ, નીલી, નીલીનો છેદ, નીલી ગુટિકા, શ્યામ-ધાન્યવિશેષ, દંતરાગ, વનરાજી, હલધર-બલદેવના વસ્ત્ર તે સદા સ્વભાવથી નીલા હોય છે. મયૂર કે કબૂતરની ડોક, અતસી કે બાણવૃક્ષના ફૂલ. તદુપરાંત ઈન્દ્રનીલ, મહાનીલ, મરકત, અંજનકેશિકા-વનસ્પતિ વિશેષ, નીલોત્પલ, નીલાશોક, કણવીર, નીલબંધુજીવ ઈત્યાદિ પૂર્વવત્ વ્યાખ્યા કરવી.

મણીમાં જે લાલમણી છે, તેનું આવું વર્ણન છે - તે આ પ્રમાણે શશલાનું લોહી, ઘેટાનું લોહી, ઘેટાનું લોહી, શૂકરનું લોહી, મનુષ્યાદિનું લોહી. આ બાકીના લોહી કરતા ઉત્કટ લાલ વર્ણના છે. સધોજાત ઈન્દ્રગોપક, તે વધતાં કંઈક પાંડુર રક્ત થાય છે, તેથી બાલગ્રહણ કર્યુ. તે પ્રથમ વર્ષાકાળ-ભાવિ કીટક વિશેષ છે. બાલદિવાકર-ઉગતો સૂર્ય, વર્ષામાં સંધ્યા સમયે થતો વાદળાનો રંગ, ચણોઠીનો અર્દ્ધભાગ, તે અતિ લાલ હોય છે અને અડધો અતિકૃષ્ણ હોય છે તેથી 'ગુંજાર્દ્ધ' ગ્રહણ કર્યુ. - x - પ્રવાલ નામે રત્ન વિશેષ, પ્રવાલાંકુર પણ રત્ન વિશેષ છે, તે પણ ઉગે ત્યારે ઘણું



લાલ હોય, લોહિતાક્ષમણિ-રત્નવિશેષ. ઈત્યાદિ પૂર્વવત્ કહેવું.

તે મણીમાં જે પીળા મણી છે, તેનું આવું વર્ણન છે - જેમ કોઈ ચંપક-સુવર્ણચંપકવૃક્ષ, સુવર્ણચંપકની છાલ, ચંપકનો ભેદ, હળદર, હળદર છેદ, હળદરની ગોળી, હરિતાલિકા-હરતાલ, તેનો છેદ, તેમાંથી બનેલ ગોળી, ચિકુર-લાલદ્રવ્ય વિશેષ, ચિકુર સંયોગ નિર્તિત વસ્ત્રાદિમાં રંગ, જાત્ય સુવર્ણનો જે કષપટ્ટકમાં નિઘર્ષ. વરપુરુષ-વાસુદેવ, તેના વસ્ત્ર તે પીળા હોય છે, તેથી તેનું ઉપાદાન કર્યુ. સુવર્ણ ચંપકનું પુષ્પ, પુષ્પફલી કુસુમ, કોરંટક પુષ્પ, તેની માળા તે કોરંટક દામ, તડવડાના પુષ્પ, ઘોશાતકી પુષ્પ અને સુવર્ણજૂથિકા પુષ્પ, સુહિરણ્યક નામક વનસ્પતિના પુષ્પ, બીજકવૃક્ષના પુષ્પ, પીતાશોક આદિની વ્યાખ્યા પૂર્વવત્.

તે મણીમાં જે સફેદમણીઓનું આવા સ્વરૂપનું વર્ણન છે - જેમકે અંકરત્ન, શંખ, ચંદ્ર, કુમુદોદક, ઉદકરજ, ઉદધિઘન ઈત્યાદિ પ્રતીત છે. ચંદ્રાવલી-તળાવ આદિમાં જળ મધ્યે પ્રતિબિંબિત ચંદ્રપંક્તિ. શરદકાલીન ભાવી મેઘ, અગ્નિના સંપર્કથી નિર્મળ કરેલ અને ભૂતિ ખરંટિત હાથ ખંખેરવાથી અતિ નિશિતી કૃત્ જે રજતપત્રક. બીજા કહે છે – અગ્નિસંયોગથી જે શોધિત રૂપ્યપટ્ટ તે ધ્માતધૌતરૂપ્યપટ્ટ. ચોખાના ફોતરાનો ઢગલો. કુંદપુષ્પરાશિ, કુમુદરાશિ. વાલ આદિની ફલી, તે કોઈ દેશ-વિદેશમાં શુષ્ક હોવાથી અતી શુક્લ હોય છે. મોરના પીંછાની મધ્યેની મિંજિકા, તે અતિ શુક્લ હોય છે. પદ્મિની કંદ, પદ્મતંતુ, ગજદંત-લવંગ દલ. ઇત્યાદિ પ્રસિદ્ધ છે. વ્યાખ્યા પૂર્વવત્ કહેવી. વર્ણસ્વરૂપ કહ્યું.

હવે ગંધનું સ્વરૂપ કહે છે –

● **સૂત્ર-૧૫ (અધુરેથી) :-**

***તે મણીઓની આવા પ્રકારની ગંધ કહી છે. જેમ કોઈ – કોષ્ઠ, તગર, એલચી, ચોય, ચંપા, દમણ, કુંકુમ, ચંદન, ખસ, મરુવો, જાઈ, જૂહી, મલ્લિકા, સ્નાન મલ્લિકા, કેતકી, પાડલ, નવમાલિકા, અગરુ, લવંગ, કપૂર વાસ આ બધાંના પુટ [પુડા] ને અનુકૂળ વાયુમાં ખોલવાથી, કૂટવાથી, તોડવાથી, ઉત્કીર્ણ કરવાથી, વિખેરવાથી, ઉપભોગ કરવાથી, બીજાને દેવાથી, એક પાત્રથી બીજા પાત્રમાં રાખવાથી ઉદાર-મનોજ્ઞ-મનહર-ઘ્રાણ અને મનને શાંતિદાયક ગંધ સર્વે દિશામાં મઘમઘાતી ફેલાય છે. શું તે ગંધ આવી હતી ? આ અર્થ સંગત નથી. તે મણી આનાથી પણ ઈષ્ટતરક યાવત્ ગંધથી કહેલી છે.***

● **વિવેચન-૧૫ (ચાલુ) :-**

તે મણીની આ આવા સ્વરૂપની ગંધ કહી છે – જેમ કોઈ ગંધ નીકળતી હોય, જેવી કે – કોષ્ઠ એ ગંધદ્રવ્ય છે, તેનો પુટ, અહીં એક પુટની પ્રાયઃ તેવી ગંધ ન આવે કેમકે દ્રવ્યની અલ્પતા છે, તેથી બહુવચન મૂક્યું. આ રીતે તગર, ચોયાદિ ગંધ દ્રવ્ય છે. ચંપા આદિ પ્રસિદ્ધ છે. તેમાં ઉશીર-વીરણીમૂલ, સ્નાનમલ્લિકા-સ્નાન યોગ્ય મલ્લિકા. અનુવાત-સુંઘનાર પુરુષોને અનુકૂળ વાયુ વાતા, ઉદ્ઘાટ્યમાન-ઉઘાડતાં, વા શબ્દ સમુચ્ચય અર્થમાં છે. પુટ વડે પરિમિત જે કોષ્ઠાદિ ગંધદ્રવ્યો, તે પણ

પરિમેય-પરિમાણ ઉપચારથી કોષ્ઠપુટાદિ કહેવાય છે. તેને ખાંડણીમાં ખાંડતા, ટુકડા કરતા - x - છરી આદિ વડે તેને ઉત્કીર કરતાં, અહીં-તહીં વિખેરતા, પરિભોગને માટે ઉપયોગ કરતાં, નીકટ રહેનારાને કંઈક દેવાતા, ભાંડ-એક સ્થાનથી બીજા ભાંડ-બીજા સ્થાનમાં સંહરતા.

ઉદાર, તે અમનોજ્ઞ પણ હોય, તેથી કહે છે, મનોજ્ઞ-મનોનુકૂલ, તે મનોજ્ઞત્વ ક્યાંથી ? મનોહર-મનને હરે છે, આત્મવશ કરે છે, અહીં-તહીં વિખેરવાથી મનોહરત્વ. કઈ રીતે ? ઘ્રાણ અને મનને સુખકારી. બધી દિશામાં સામસ્ત્યથી ગંધ નીકળે છે. સુગંધની અભિમુખ નીકળે છે. - x - x - શિષ્ય પૂછે છે - શું મણીની ગંધ આવા સ્વરૂપની હોય છે ? આચાર્ય કહે છે — આ અર્થ સમર્થ નથી આદિ પૂર્વવત્.

● **સૂત્ર-૧૫ (અધુરેથી) :-**

***તે મણીનો આવા સ્વરૂપનો સ્પર્શ કહ્યો છે. જેમ કોઈ આજિનક, રુત, બૂર, નવનીત, હંસગર્ભતૂલિકા, શિરિષકુસુમસમૂહ, બાલકુસુમપત્ર રાશિ જેવો કોમળ સ્પર્શ છે ? આ અર્થ સંગત નથી. તે મણી આથી પણ ઈષ્ટતર યાવત્ સ્પર્શથી કહ્યો છે.***

● **વિવેચન-૧૫ (ચાલુ) :-**

પૂર્વવત્ મણીનો આવો સ્પર્શ કહ્યો છે — જેમકે - ચર્મમય વસ્ત્ર, રુત, બૂરવનસ્પતિ, માખણ આદિ, અભિનવ ઉત્પન્ન કુમુદપત્ર, તેનો સમૂહ. શું આ સ્પર્શ જેવો ? ઈત્યાદિ પૂર્વવત્.

● **સૂત્ર-૧૫ (અધુરેથી) :-**

***ત્યારે તે આભિયોગિક દેવોને તે દિવ્ય યાન વિમાનની અંદર, બહુમધ્યદેશ ભાગમાં એક મોટું પ્રેક્ષાગૃહ મંડપ વિકુર્વે છે. તે અનેક શત સ્તંભ સંનિવિષ્ટ, ઉંચી અને સુરચિત વેદિકાઓ, તોરણો તથા સુંદર પુતળીઓથી સજાવેલ હતા. સુશ્લિષ્ટ, વિશિષ્ટ, લષ્ટ, સંસ્થિત, પ્રશસ્ત, વૈડૂર્ય, વિમલ સ્તંભ શોભિત હતો. વિવિધ મણિ કનક-રત્ન ખચિત, ઉજ્જ્વલ, ઘણો સમ અને સુવિભક્ત દેશ ભાગ હતો. તે ઈહા, મૃગ, વૃષભ, તુરગ, મનુષ્ય, મકર, પક્ષી, વ્યાલક, કિન્નર, રુરુ, સરભ, ચમર, કુંજર, વનલતા, પદ્મલતાથી ચિત્રિત હતો.***

***કંચન, મણિ, રત્ન યુક્ત સ્તૂપિકા, વિવિધ પંચવર્ણ ઘંટા-પતાકાથી પરિમંડિત અગ્રશિખર, ચપલ મરીચિકવચ, વિનિર્મુક્ત, ગોબરાદિ લેપન, ચુના વડે પોછિત ગોશીર્ષ રક્ત ચંદન-દર્દરના પાંચ આંગળીઓ સહિતના થાપા ભીંતે મારેલ હતા. ચંદન ચર્ચિત કળશ રાખેલા હતા. પ્રત્યેક દ્વાર તોરણ અને ચંદન કળશોથી શોભિત હતા. દીવાલો ઉપર ઉંચેથી નીચે સુધી સુગંધી ગોળ માળાઓ લટકતી હતી. સરસ સુગંધી પંચવર્ણી પુષ્પોના મંડપ બનેલા હતા. કાળો અગરુ, પ્રવર કુંદુરુક્ક, તુરુક્ક, ધૂપના મઘમઘાટથી ગંધુદ્ધુયથી રમ્ય હતું. સુગંધવર ગંધિક ગંધવર્તીભૂત, દિવ્ય વાદ્યાદિ શબ્દોથી સંપન્ન, અપ્સરાગણ સંઘથી વ્યાપ્ત, પ્રાસાદીય-દર્શનીય યાવત્ પ્રતિરૂપ હતું.***



***તે પ્રેક્ષાગૃહ મંડપના બહુસમરમણીય ભૂમિ ભાગને વિકુર્વે છે યાવત્ મણીનો સ્પર્શ. તે પ્રેક્ષાગૃહ મંડપનો ચંદરવો વિકુર્વે છે, તે પદ્મલતાદિ ચિત્રોથી ચિત્રિત યાવત્ પ્રતિરૂપ હતો.***

***તે બહુસમરમણીય ભૂમિ ભાગના બહુમધ્યદેશભાગે એક મોટો વજ્રમય અખાડો વિકુર્વે છે. તે અખાડાના બહુમધ્ય દેશભાગમાં એક મોટી મણિપીઠિકા વિકુર્વે છે, તે લંબાઈ-પહોડાઈથી આઠ યોજન અને બાહલ્યથી ચાર યોજન, સર્વ મણિમય, સ્વચ્છ-શ્લક્ષ્ણ યાવત્ પ્રતિરૂપ હતો. તે મણિપીઠિકા ઉપર એક મોટું સિંહાસન વિકુર્વે છે. તે સીંહાસનનું આવા સ્વરૂપનું વર્ણન કહ્યું છે —***

***તપનીયમય ચક્કલા, રત્નમય સીંહ સૌવર્ણિક પાયા, વિવિધ મણિમય પાદશીર્ષક, જાંબૂનદમય ગાત્ર, વજ્રમય સંધી, વિવિધ મણિમય બેંત હતું. તે સીંહાસનમાં ઈહા-મૃગ-વૃષભ-તુરગ-મનુષ્ય-મગર-પક્ષી-વ્યાલક-કિંનર, રુરુ, સરભ, ચમર, કુંજર, વનલતા, પદ્મલતા આદિના ચિત્રો બનેલા હતા. સાર-સારોપચિત મણિરત્નની પાદપીઠ હતી, તે પાદપીઠ ઉપર પગ રાખવા માટે બિછાવેલ મસૂરક, નવતૃણ, કુશાગ્ર અને કેસર તંતુઓ જેવા અત્યંત સુકોમલ, સુંદર આસ્તારકથી રમ્ય હતો. તે સુવિરચિત રજસ્ત્રાણ, ઉપચિત ક્ષૌમદુકુલ પટ્ટથી પ્રતિચ્છાદિત હતો. રક્તાંશુ વસ્ત્ર સુરમ્ય આજીનક, રૂ, બૂર, નવનીત, તૂલ સમાન સ્પર્શયુક્ત, મૃદુ અને પ્રાસાદીયાદિ લાગતું હતું.***

● **વિવેચન-૧૫ (અધુરેથી) :-**

તે આભિયોગિક દેવ, તે દિવ્ય વિમાનના બહુ મધ્ય દેશ ભાગમાં મોટા પ્રેક્ષાગૃહમંડપ વિકુર્વે છે. કેવો ? અનેક સેંકડો સ્તંભ ઉપર રહેલ, અતિ ઉંચો, સારી રીતે બનાવેલ શ્રેષ્ઠ વેદિકા, તોરણો, શાલભંજિકાઓ યુક્ત. સુશ્લિષ્ટ, વિશિષ્ટ, મનોજ્ઞ સંસ્થાનવાળો, પ્રશસ્ત વાસ્તુ લક્ષણયુક્ત, વૈડૂર્યરત્નમય વિમળ સ્તંભ યુક્ત તથા વિવિધ મણીથી ખચિત ભૂમિભાગ - x - જે ઉજ્જ્વળ, અત્યંત સમ અને સુવિભક્ત હતો. તેમાં વરુ, વૃષભ, ઘોડા, મનુષ્ય, મગર, પક્ષી, સર્પ, કિંનર, મૃગ, જંગલી મહાકાય પશુ, જંગલી ગાય, હાથી, અશોકાદિ લતા, પદ્મિની આ બધાના ચિત્રો આલેખેલા હતા.

સ્તંભ ઉપર રહેલી વજરત્નની વેદિકાથી પરિવૃત્ત હોવાથી રમ્ય, વિશિષ્ટ વિદ્યા શક્તિવાળા, તેમના સમાન શીલવાળા પ્રપંચ વિશેષથી યુક્ત યંત્ર, હજારો મણિ-રત્નપ્રભાદિ યુક્ત એવા અર્થાત્ અતિ અદ્‌ભુત મણિરત્નની પ્રભાના જાલકથી યુક્ત. વિશિષ્ટ વિદ્યાશક્તિવાળા પુરુષના પ્રપંચથી ભાવિત હતા. - x - x - સોનું, મણી અને રત્નોની સ્તૂપિકા, વિવિધ પ્રકારના પંચવર્ણી ઘંટા, પતાકાથી સમસ્તપણે મંડિત શિખરોયુક્ત. ચંચળ-ચમકતા કિરણ કવચોને છોડતા, લાઉલ્લોઇય - ભૂમિ ઉપર છાણ આદિનું લેપન અને ભીંતો આદિને ચુના વડે સંમાર્જિત કરેલ, અર્થાત્ આ બંને દ્વારા પૂજિત, ગોશીર્ષચંદન વડે ઘણાં થાપા-હથેળી અને પાંચ આંગળી સહિત ભીંતે દેવાયેલ.

વળી મંગળકળશો જેમાં રખાયા છે તે. ચંદન ઘટથી સુકૃત્ તોરણો તેના

પ્રત્યેક દ્વારના દેશ ભાગે છે. અધોભૂમિએ લાગેલા, ઉપરના તળ સુધી બાંધેલા, વિસ્તીર્ણ, વર્તુળ, લાંબા-લટકતા એવા પુષ્પ માળાનો સમૂહ જેમાં રહેલો છે. તથા પંચવર્ણી, સરસ, સુરભિને છોડતાં પુષ્પના ઢગલાની પૂજા વડે યુક્ત છે, કાળો અગરુ, પ્રવર કુંદુરુષ્ક ઈત્યાદિથી રમ્ય, સુગંધ વર ગંધથી ગંધવર્તી ભૂત છે તથા અપ્સરાનો સમુદાય, તેના વડે રમણીયપણે વ્યાપ્ત છે. તથા દિવ્ય ત્રુટિતાદિ જે વાદ્યોના શબ્દો વડે કાનને મનોહરપણે પ્રકર્ષથી શબ્દવત્ કરે છે. સ્વચ્છ-શ્લક્ષ્ણ-ઘૃષ્ટ-મૃષ્ટ-નીરજ-નીર્મળ-નિષ્પંક-નિષ્કંટક છાયા - સપ્રભા-સકિરણ-સઉદ્યોત્-પ્રસાદીયાદિ છે.

પૂર્વોક્ત પ્રેક્ષાગૃહ મંડપ મધ્યે બહુસમ રમણીય ભૂમિભાગ વિકુર્વે છે. તે આ રીતે - આલિંગપુષ્કર આદિ મણિસ્પર્શ સૂત્ર સુધી કહેવું. પૂર્વવત્ પ્રેક્ષાગૃહ મંડપના ઉપરના ભાગની વિકુર્વણા - x - કહેવી. બહુસમ રમણીય ભૂમિ ભાગના બહુ મધ્યદેશભાગમાં પૂર્વવત્ એક મોટા વજ્રમય અક્ષપાટકને વિકુર્વે છે. તે અક્ષપાટકના બહુ મધ્ય-દેશભાગમાં એક મોટી મણિપીઠિકા વિકુર્વે છે. જે લાંબી-પહોળી આઠ યોજન અને ઉંચી ચાર યોજન છે. સંપૂર્ણ મણીમયી, સ્વચ્છ આદિ વિશેષણ સમૂહયુક્ત છે. તે મણિપીઠિકા ઉપર એક મોટું સિંહાસન વિકુર્વે છે. તે સિંહાસનનું વર્ણન —

તપેલા સોનાના ચક્કલા, રજતના સિંહો વડે શોભિત, તે સિંહાસન. સુવર્ણમય પગો, વિવિધ મણિમય પાદ શીર્ષકો, જાંબૂનદમય ગાત્રો, વજ્રરત્ન વડે પૂરિત ગાત્રોની સંધિઓ. વિવિધ મણી યુક્ત વેંત, તે સીંહાસન ઈહા-મૃગ યાવત્ પદ્મલતાના ચિત્રોથી યુક્ત, પ્રધાન મણિરત્નો વડે ઉપચિત પાદપીઠ સહિત હતું.

अस्तरक - આચ્છાદક, તે મૃદુ હતું. નવી ત્વચા, દર્ભ પર્યન્ત, પ્રત્યગ્ર ત્વચા દર્ભપર્યન્તરૂપ, કોમળ, નમનશીલ, કેસરા યુક્ત એવા આસ્તારકથી આચ્છાદિત હોવાથી રમ્ય જણાતું હતું. આજિનક, રુરુ ઈત્યાદિ પૂર્વવત્. તથા સારી રીતે રચિત એવું રજસ્ત્રાણ જેની ઉપર છે તે. પરિકર્મિત કપાસના વસ્ત્રાદિ પરિચ્છાદનને તે રજસ્ત્રાણના ઉપરી બીજા આચ્છાદનથી ઢાંકેલ છે. તે અતિ રમ્ય લાલ વસ્ત્રથી સંવૃત્ત છે. સુરમ્ય છે, પ્રાસાદીયાદિ છે.

**● સૂત્ર-૧૫ (અધુરેથી) :-**

***તે સિંહાસનની ઉપર એક મોટું વિજયદૂષ્ય વિકુર્વ્યું. તે શંખ, કુંદ, ઉદક રજ, મથેલા દહીંના ફીણના પુંજ જેવું, સર્વ રત્નમય, સ્વચ્છ, શ્લક્ષ્ણ, પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ, પ્રતિરૂપ છે. તે સિંહાસનની ઉપર વિજયદૂષ્યના બહુ મધ્યદેશ ભાગે એક મોટું વજ્રમય અંકુશ વિકુર્વે છે. તે વજ્રમય અંકુશમાં કુંભ પ્રમાણ મુક્તાદામ વિકુર્વે છે. તે કુંભ પ્રમાણ મુક્તાદામ બીજા ચાર અર્ધકુંભિક મુક્તાદામથી અને ચારે દિશામાં તેના પરિમાણના અર્ધા બીજા ચાર મુક્તાદામોથી ચોતરફથી પરિવેષ્ટિત હતું.***

***તે દામો-તપનીય સુવર્ણના લંબૂસકો, વિવિધ પ્રકારના મણિ, રત્નોના વિવિધ હાર, અર્દ્ધહાર વડે શોભિત હતું. પાસે પાસે ટાંગેલા હોવાથી જ્યારે પૂર્વ-પશ્ચિમ-દક્ષિણ-ઉત્તરને મંદમંદ પવન વાય ત્યારે હલતા-ડૂલતા, એકબીજા સાથે***





***ટકરાવાથી વિશિષ્ટ, મનોહર, મનોજ્ઞ તથા કાન અને મનને શાંતિ પ્રદાયક, ધ્વનિથી સમીપવર્તી પ્રદેશને વ્યાપ્ત કરતા એવા પોત-પોતાની શોભાથી અતી-અતી શોભાયમાન થઈ રહેલ હતા.***

***ત્યારે તે આભિયોગિક દેવે તે સિંહાસનના વાયવ્ય અને ઈશાન ખૂણામાં સૂર્યાભદેવના ૪૦૦૦ સામાનિકના ૪૦૦૦ ભદ્રાસનો વિકુર્વ્યા. તે સીંહાસનની પૂર્વમાં સૂર્યાભદેવની સપરિવાર ચાર અગ્રમહિષીઓના ચાર ભદ્રાસનો વિકુર્વ્યા. તે સીંહાસનના અગ્નિખૂણામાં સૂર્યાભદેવની અભ્યંતર પર્ષદાના ૮૦૦૦ દેવો માટે, ૮૦૦૦ ભદ્રાસનો વિકુર્વ્યા. એ પ્રમાણે દક્ષિણમાં મધ્યમ પર્ષદાના ૧૦,૦૦૦ દેવોના ૧૦,૦૦૦ ભદ્રાસનો, નૈઋત્યમાં બાહ્યપર્ષદાના ૧૨,૦૦૦ દેવોના ૧૨,૦૦૦ ભદ્રાસનો, પશ્ચિમમાં સાત સૈન્યાધિપતિના સાત ભદ્રાસન વિકુર્વ્યા.***

***તે સીંહાસનની ચારે દિશામાં સૂર્યાભદેવના ૧૬,૦૦૦ આત્મરક્ષક દેવોના ૧૬,૦૦૦ ભદ્રાસનો વિકુર્વ્યા, તે આ રીતે — પૂર્વ-દક્ષિણ-પશ્ચિમ-ઉત્તર ચારેમાં ચાર-ચાર હજાર.***

***તે દિવ્યવિમાનનું આવા પ્રકારનું વર્ણન કહ્યું છે — જેમ કોઈ તત્કાળનો ઉગેલો હેમંતઋતુનો બાલસૂર્ય, ખેરના અંગારા જે રાત્રિમાં પ્રજ્વલિત હોય, જપાકુસુમ કે કિંશુક કે પારિજાત વર્ણના ચોતરફથી સંકુસુમિત હોય. શું આવો વર્ણ હતો ? આ અર્થ સમર્થ નથી. તે દિવ્ય યાનવિમાનનો વર્ણ આથી પણ ઈષ્ટતરક કહ્યો છે. ગંધ અને સ્પર્શ મણી સમાન જાણવા. આ રીતે આભિયોગિક દેવે દિવ્ય યાન-વિમાન વિકુર્વ્યું, વિકુર્વીને સૂર્યાભદેવ પાસે આવ્યો. આવીને સૂર્યાભદેવને બે હાથ જોડી યાવત્ આજ્ઞા પાછી સોંપી.***

**● વિવેચન-૧૫ (ચાલુ) :-**

તે સીંહાસનની ઉપરના ચંદરવામાં. આ સ્થાને એક મોટું વસ્ત્ર વિશેષ. જીવાભિગમની મૂળ ટીકામાં કહે છે — વિજયદૂષ્ય વસ્ત્ર વિશેષને સ્વશક્તિથી નિષ્પાદિત કરે છે. કઈ રીતે ? શંખ, કુંદપુષ્પ, જલકણ, ક્ષીરોદધિના જળના મથનથી જે ફેણપુંજ થાય, તેના જેવી પ્રભાવાળા. વળી તે સર્વથા રત્નમય, સ્વચ્છાદિ વિશેષણયુક્ત હતું.

તે સીંહાસનની ઉપર તે વિજયદૂષ્યના બહુ મધ્ય દેશ ભાગમાં એક મોટું વજ્રરત્નમય અંકુશાકાર મુક્તાદામનું અવલંબન આશ્રય વિકુર્વે છે. તે વજ્રમય અંકુશમાં એક મોટું કુંભ પરિમાણ મુક્તાદામ વિકુર્વે છે. તે બીજા ચાર કુંભપરિમાણ મુક્તાદામની અડધી ઉંચાઈ પ્રમાણ માત્ર, સર્વ દિશામાં વ્યાપ્ત હતા.

તે પાંચે દામ તપેલા સુવર્ણના લંબૂસક-આભરણ, સુવર્ણ પત્ર વડે શોભિત અગ્રભાગવાળા, જેમાં લટકતા, વિચિત્ર હાર, અર્ધહાર વડે સમસ્તપણે શોભતા સમુદાયવાળા, તથા કંઈક પરસ્પર અસંલગ્ન પૂર્વ-પશ્ચિમ-દક્ષિણ-ઉત્તરથી આવતા મંદમંદ વાયુ વડે કંપતા - x - કંઈક કંપનવશથી પ્રકર્ષથી અહીં-તહીં કંઈક ચલનથી લટકતા-લટકતા પરસ્પર સંપર્કવશથી શબ્દ કરતા, કેવી રીતે ? ઉદાર, સ્ફાર શબ્દોથી. તે મન:પ્રતિકૂલ પણ હોય, તેથી કહે છે — મનોજ્ઞ, તે મનોનુકૂલત્વ લેશથી હોય,

તેથી કહે છે મનોહર-શ્રોતાના મનને હરે છે, એકાંતથી આત્મવશ થાય. તેનું મનોહરત્વ કઈ રીતે ? પ્રત્યેક શ્રોતાને કાન અને મનને સુખ ઉત્પાદ, તેથી મનોહર, તેના વડે નીકટના પ્રદેશને સર્વ દિશા અને વિદિશાને પૂરિત કરે છે. એ રીતે શ્રી વડે અતિ ઉપશોભિત રહે છે.

ત્યારપછી આભિયોગિક દેવ, તે સીંહાસનની વાયવ્યે, ઈશાને, ઉત્તરે આ ત્રણ દિશામાં ૪૦૦૦ સામાનિક દેવોના ૪૦૦૦ ભદ્રાસનો. પૂર્વમાં ચાર અગ્રમહિષીના પરિવારના ૪૦૦૦ ભદ્રાસનો, ઈત્યાદિ *[સૂત્રાર્થમાં કહ્યા મુજબ]* વિકુર્વે છે. ત્યારપછી, સિંહાસનની ચારે દિશામાં સામાનિકાદિ દેવ ભદ્રાસનોની પાછળ સૂર્યાભદેવના ૧૬,૦૦૦ આત્મરક્ષક દેવોના ૧૬,૦૦૦ ભદ્રાસનો વિકુર્વ્યા. તે પૂર્વાદિ ચારે દિશામાં ચાર-ચાર હજાર હતા. સર્વસંખ્યા ૫૪,૦૦૦ ભદ્રાસનો વિકુર્વે છે.

પૂર્વવત્ દિવ્ય યાનવિમાનનો હવે કહેવાનાર વર્ણક નિવેશ કહ્યો છે. તે આ પ્રમાણે - જેમ કોઈ ક્ષણ માત્ર પૂર્વે ઉગેલો, શિશિર કાળ ભાવી બાલસૂર્ય અત્યંત લાલ-દીપ્ત હોય છે. માટે તેનું ગ્રહણ કર્યુ. ખદિરના અંગારા લાલ હોય છે. રાત્રિમાં પ્રજ્વલિત જપાકુસુમ વન, કિંશુક વન, પારિજાત વનના બધી દિશામાં, સામસ્ત્યથી સમ્યક્ કુસુમિત. શિષ્ય પૂછે છે — જેવો વર્ણ આ બધાંનો છે તેવો દિવ્ય વિમાનનો વર્ણ છે ? આચાર્ય કહે છે — આ અર્થ સંગત નથી. તે દિવ્ય યાનવિમાન આનાથી પણ ઈષ્ટતર, કાંતતર, મનોજ્ઞતર, મણામતર વર્ણથી કહ્યો છે.

ગંધ અને સ્પર્શ, જેમ પૂર્વે મણીના કહ્યા, તેમ કહેવો. તે આ પ્રમાણે - તે દિવ્ય યાન વિમાનનો આ આવા પ્રકારની ગંધ કહી છે તે આ પ્રમાણે - જેમ કોઈ કોષ્ટપુડ, તગરપુટ૦ ઈત્યાદિ. તે આભિયોગિક દેવ બે હાથ જોડી, દશ નખ ભેગા કરી, મસ્તકે આવર્ત્ત કરી, મસ્તકે અંજલિ કરી, જય-વિજયથી વધાવે છે, વધાવીને આ આજ્ઞા પાછી સોંપી.

**● સૂત્ર-૧૬ :-**

***ત્યારે તે સૂર્યાભદેવ, આભિયોગિક દેવની પાસે આ અર્થને સાંભળી, સમજી હૃષ્ટ યાવત્ હૃદયી થઈ, દિવ્ય જિનેન્દ્રાભિગમન યોગ્ય ઉત્તરવૈક્રિય રૂપને વિકુર્વે છે, વિકુર્વીને સપરિવાર ચાર અગ્રમહિષી અને બે અનીકો - ગંધર્વાનીક, નૃત્યાનીકની સાથે સંપરિવૃત્ત થઈ, તે દિવ્ય યાનવિમાનની પ્રદક્ષિણા કરતા કરતા પૂર્વ દિશાના ત્રિસોપન પ્રતિરૂપકથી આરોહે છે, આરોહીને જ્યાં સીંહાસન છે, ત્યાં આવીને ઉત્તમ સીંહાસને પૂર્વાભિમુખ રહીને બેઠા. ત્યારપછી તે સૂર્યાભદેવના ૪૦૦૦ સામાનિકો તે દિવ્ય યાનવિમાનને અનુપ્રદક્ષિણા કરતા ઉત્તરના ત્રિસોપનપ્રતિરૂપકને આરોહે છે, આરોહીને પ્રત્યેક-પ્રત્યેક પૂર્વે રાખેલ ભદ્રાસને બેઠા. બાકીના દેવો અને દેવીઓ તે દિવ્ય યાનવિમાન યાવત્ દક્ષિણી ત્રિસોપાનક પ્રતિરૂપકને આરોહે છે, આરોહીને પ્રત્યેક પૂર્વે રાખેલ ભદ્રાસને બેઠા.***

***ત્યારપછી તે સૂર્યાભદેવ તે દિવ્ય યાનવિમાનમાં બેઠા પછી આગળ આઠ-આઠ મંગલો અનુક્રમે ચાલ્યા. તે આ - સ્વસ્તિક, શ્રીવત્સ યાવત્ દર્પણ.***



***ત્યારપછી પૂર્ણકળશ, ભૃંગાર, ચામર સહિત દિવ્ય છત્ર, પતાકા, ગગનતલને સ્પર્શતી અતિ સુંદર, આલોક દર્શનીય અને વાયુથી ફરફરતી એક ઘણી ઉંચી વિજય-વૈજયંતી પતાકા અનુક્રમે આગળ ચાલી. ત્યારપછી વૈડૂર્યરત્નના દીપતાં નિર્મળ દંડવાળો, લટકતા કોરંટ પુષ્પની માલાથી સુશોભિત, ચંદ્રમંડલ સમાન, ઉંચા વિમલ આતપત્ર અને અનેક કિંકર દેવો દ્વારા વહન કરાઈ રહ્યું હતું. મણિરત્નોથી બનેલ વેલાથી શોભિત, બે પાદુકા યુક્ત પાદપીઠ સહિત ઉત્તમ સિંહાસન અનુક્રમે આગળ ચાલ્યું.***

***ત્યારપછી વજરત્ન નિર્મિત વૃત્ત, લષ્ટ, સંસ્થિત, સુશ્લિષ્ટ, પરિધૃષ્ટ, મૃષ્ટ, સુપ્રતિષ્ઠિત, વિશિષ્ટ અને બીજી ઘણી મનોરમ, નાની-મોટી અનેક પ્રકારની રંગબેરંગી પંચવર્ણી ધ્વજાઓથી પરિમંડિત, વાયુ વેગથી ફરકતી વિજય વૈજયંતી પતાકા, છત્રાતિછત્રથી યુક્ત, આકાશ મંડલને સ્પર્શતો, ૧૦૦૦ યોજન ઉંચો, મોટો ઈન્દ્રધ્વજ અનુક્રમે ચાલ્યો.***

***ત્યારપછી સુરૂપ વેશભૂષા કરીને સુસજ્જિત, સર્વાલંકાર ભૂષિત, મહાન્ સુભટ સમુદાયોને સાથે લઈને પાંચ સેનાપતિઓ અનુક્રમે આગળ ચાલ્યા. ત્યારપછી ઘણાં આભિયોગિક દેવો-દેવીઓ પોત-પોતાની યોગ્ય, વિશિષ્ટ વેશભૂષા અને વિશેષતાદર્શક પોત-પોતાના ચિહ્નોથી સજ્જ થઈને પોત-પોતાના પરિકર, નેજાદિથી આગળ અનુક્રમે ચાલ્યા. ત્યારપછી સૂર્યાભવિમાનવાસી ઘણાં વૈમાનિક દેવો અને દેવીઓ સર્વઋદ્ધિ યાવત્ રૂપથી સૂર્યાભદેવની આગળ, પાછળ, બંને બાજુએ અનુસરે છે.***

**● વિવેચન-૧૬ :-**

तए णं० ઈત્યાદિ. દિવ્ય-પ્રધાન, જિનેન્દ્ર-ભગવન્ વર્દ્ધમાન સ્વામીની અભિમુખ જવાને ઉચિત ઉત્તરવૈક્રિય રૂપને વિકુર્વે છે, વિકુર્વીને સપરિવાર ચાર અગ્રમહિષી અને બે અનીકો ગંધર્વ અને નાટ્યની સાથે, તેમાં સહભાવ સ્વસ્વામીભાવ સિવાય પણ જોવા મળે છે. જેમ સમાન ગુણ-વૈભવવાળા બે મિત્રો હોય છે. તેથી સ્વસ્વામીભાવ જણાવવા કહે છે — સમ્યક્ આરાધકભાવથી પરિવૃત્ત. તે દિવ્ય યાનવિમાનને પ્રદક્ષિણા કરતા - પૂર્વ તોરણથી પ્રદક્ષિણા કરીને પૂર્વના તોરણથી સ્વ સીંહાસન અનુકૂળ પ્રવેશે છે.

પછી પ્રતિવિશિષ્ટરૂપ સોપાન વડે તે વિમાનમાં બેસે છે, બેસીને જે દેશમાં તે મણિપીઠિકાની ઉપર સિંહાસન છે ત્યાં સમીપે જાય છે, જઈને શ્રેષ્ઠ સિંહાસને જઈને પૂર્વાભિમુખ, સર્વ સેવક જનને ચમત્કારકારી ઉપવેશન સ્થિતિમાં બેઠો. પછી સૂર્યાભદેવના ૪૦૦૦ સામાનિક દેવો તે દિવ્ય વિમાનને પ્રદક્ષિણા કરી, ઉત્તરના ત્રિસોપાન પ્રતિરૂપક વડે આરોહે છે. પૂર્વે રાખેલ ભદ્રાસને બેસે છે.

અભ્યંતર પર્ષદાદિના દેવો-દેવીઓ દક્ષિણના ત્રિસોપાન પ્રતિરૂપકથી ચડીને પોતાના ભદ્રાસને બેસે છે. પછી તે વિમાનની આગળ આઠ-આઠ મંગલો કહેવાનાર પાઠના ક્રમથી ચાલ્યા. તે આ રીતે — સ્વસ્તિક, પછી શ્રીવત્સ, પછી પૂર્ણ કળશ-

ભૃંગાર-દિવ્ય આતપત્ર-પતાકાદિ. કઈ રીતે? દર્શનરતિક - જેને અવલોકતા રતિ થાય. અહીં દર્શનરતિક હોવા છતાં અમંગલત્વથી કંઈક આલોકદર્શનીય ન થાય. જેમકે - ગર્ભવતી યુવતી. તેથી કહે છે — માંગલ્યત્વથી બહાર પ્રસ્થાન સમય ભાવિનિ. જોવાને યોગ્ય થાય. - x - x -

તથા વાયુથી ઉદ્ધત વિજયસૂચિકા વૈજયંતી, તે ઉંચી કરાયેલી, આકાશના તલને સ્પર્શે છે. તે અનુક્રમે આગળ ચાલ્યો. પછી વૈડૂર્ય રત્નમય દીપતો એવો નિર્મલ દંડ જેનો છે તે તથા લટકતી-લાંબી કોરંટ પુષ્પોની માળા વડે શોભિત, ચંદ્રમંડલ સમાન દીપ્તિ વડે શોભતા, વર્તુળપણે, ચંદ્રમંડલાકાર, સમ્યક્ રીતે ઉંચું કરાયેલ વિમલ આતપત્ર તથા પ્રવર સીંહાસન, જે મણિરત્ન વડે ચિત્રયુક્ત છે, પાદપીઠ સહિત જે છે તે તથા બીજી પાદુકા, તેના સમાયોજનથી સમાયુક્ત. ઘણાં કિંકર સમાન દેવો વડે પરિગૃહીત અનુક્રમે ચાલ્યા.

ત્યારપછી વજરત્નમય તથા વર્તુળ, મનોજ્ઞ સંસ્થાન જેનું છે, તે વૃત્તલષ્ટસંસ્થિત, સુશ્લેષ આપન્ન અવયવો અર્થાત્ મસૃણ, પરિઘૃષ્ટ-ખરશાણ પાષાણ પ્રતિમાવત્, મૃષ્ટ-સુકુમાર શાણ પાષાણ પ્રતિમાવત્ સુપ્રતિષ્ઠિત, પણ તિર્છી પડેલ એવી વક્ર નહીં, તેથી જ શેષ ધ્વજોથી અતિશયવાળી, તથા અનેક સંખ્યક પ્રધાન પંચવર્ણી હજારો કુડભી જેમાં ઉંચી કરાયેલ છે તે, વાયુ વડે ઉદ્ધૃત વિજય-વૈજયંતી પતાકા અને છત્રાતિછત્ર યુક્ત, હજાર યોજન પ્રમાણ ઉચ્ચત્વથી અતિ ઉચ્ચ, આકાશતળને ઓળંગતા અગ્રભાગ જેનો છે તે. તેથી જ અતિશય મહાન્ મહેન્દ્રધ્વજ અનુક્રમે આગળ ચાલ્યો.

ત્યારપછી સુરૂપ વેશભૂષાને પરિગૃહીત, અતિશયપણે સજ્જ-પરિપૂર્ણ સ્વસામગ્રી-યુક્તપણે સર્વાલંકાર વિભૂષિત, અતિશયપણે ચટકર પ્રધાન સુભટ સમૂહથી પાંચ સૈન્યોના અધિપતિઓ અનુક્રમે ચાલ્યા. ત્યારપછી સૂર્યાભવિમાનવાસી ઘણાં વૈમાનિક દેવો અને દેવીઓ સર્વઋદ્ધિ-સર્વદ્યુતિ-સર્વબળથી સૂર્યાભદેવને અનુસરતા ચાલ્યા.

● **સૂત્ર-૧૭ થી ૧૯ :-**

***[૧૭] ત્યારે તે સૂર્યાભદેવ તે પાંચ અનીકાધિપતિ વડે પરિરક્ષિત વજરત્નમયી ગોળ, મનોજ્ઞ સંસ્થાનવાળા યાવત્ ૧૦૦૦ યોજન લાંબા, અત્યંત ઉંચા મહેન્દ્રધ્વજને આગળ કરીને તે સૂર્યાભદેવ ૪૦૦૦ સામાનિક યાવત્ ૧૬,૦૦૦ આત્મરક્ષક દેવો અને બીજાં ઘણાં સૂર્યાભવિમાનવાસી વૈમાનિક દેવો અને દેવીઓ સાથે સંપરિવૃત્ત થઈ, સર્વઋદ્ધિ યાવત્ રવથી સૌધર્મ કલ્પના મધ્યેથી તે દિવ્ય દેવર્દ્ધિ, દિવ્ય દેવદ્યુતિ, દિવ્ય દેવાનુભાવ દેખાડતા-દેખાડતા, અવલોકન કરતા-કરતા, જે સૌધર્મકલ્પના ઉત્તરના નિર્યાણ માર્ગ પાસે આવ્યા.***

***ત્યાં આવીને એક લાખ યોજન વેગવાળી યાવત્ ઉત્કૃષ્ટ દિવ્ય દેવગતિથી તિર્છા અસંખ્યાત દ્વીપસમુદ્રની મધ્યેથી જતા-જતા જે નંદીશ્વર દ્વીપમાં જે દક્ષિણ-પૂર્વીય રતિકર પર્વત પાસે આવ્યા, આવીને તે દિવ્ય દેવઋદ્ધિ યાવત્ દિવ્ય દેવાનુભાવને સંહરતા-સંહરતા, સંક્ષેપતા-સંક્ષેપતા જે જંબૂદ્વીપમાં જ્યાં ભરત ક્ષેત્રમાં જ્યાં આમકલ્પા નગરી, જ્યાં આમ્રશાલવન ચૈત્યમાં, જ્યાં શ્રમણ ભગવન્ મહાવીર હતા ત્યાં આવ્યા. આવીને ભગવંત મહાવીરને તે દિવ્ય યાનવિમાનથી ત્રણ વખત આદક્ષિણ પ્રદક્ષિણા કરી.***



***પછી શ્રમણ ભગવન્ મહાવીરના ઈશાન દિશામાં તે દિવ્ય યાનવિમાનને કંઈક ચાર અંગુલ ધરણિતલથી ઉપર સ્થાપે છે, સ્થાપીને સપરિવાર ચાર અગ્રમહિષીઓ, બે અનીકાધિપતિઓ-ગંધર્વાનિક અને નૃત્યાનીકથી પરીવરીને તે દિવ્ય યાનવિમાનના પૂર્વ દિશાના ત્રિસોપન પ્રતિરૂપકથી નીચે ઉતર્યા.***

***ત્યારે તે સૂર્યાભદેવના ૪૦૦૦ સામાનિકો, તે દિવ્ય યાન વિમાનના ઉત્તરીય ત્રિસોપાન પ્રતિરૂપકથી નીચે ઉતર્યા, બાકીના દેવો અને દેવીઓ, તેના દક્ષિણી ત્રિસોપાનકથી નીચે ઉતર્યા.***

***ત્યારે તે સૂર્યાભદેવ ચાર અગ્રમહિષી યાવત્ સોળ હજાર આત્મરક્ષકો તથા બીજા ઘણાં સૂર્યાભ વિમાનવાસી વૈમાનિક દેવો અને દેવી સાથે સંપરિવૃત્ત થઈને યાવત્ નાદિત રવથી શ્રમણ ભગવન્ મહાવીર પાસે આવ્યા. આવીને શ્રમણ ભગવન્ મહાવીરને ત્રણ વખત આદક્ષિણ પ્રદક્ષિણા કરે છે. કરીને વાંદે છે, નમે છે. વાંદી-નમીને આ પ્રમાણે કહ્યું — હે ભગવન્ ! હું સૂર્યાભદેવ આપશ્રીને વાંદુ છું, નમું છું યાવત્ પર્યુપાસના કરું છું.***

***[૧૮] સૂર્યાભને આમંત્રીને શ્રમણ ભગવન્ મહાવીરે સૂર્યાભદેવને આમ કહ્યું — હે સૂર્યાભ ! આ પુરાતન છે, આ જીતાચાર છે, હે સૂર્યાભ આ કૃત્ય છે - કરણીય છે. હે સૂર્યાભ ! આ આચરિત છે, અભ્યનુજ્ઞાત છે કે ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક દેવો અરહંત ભગવંતને વાંદે છે, નમે છે, વાંદી-નમીને પછી પોત-પોતાના નામ-ગોત્રોને કહે છે. હે સૂર્યાભ ! તે પુરાતન યાવત્ અભ્યનુજ્ઞાત છે.***

***[૧૯] ત્યારે સૂર્યાભદેવ, શ્રમણ ભગવન્ મહાવીર વડે આમ કહેતા, હર્ષિત થઈ યાવત્ શ્રમણ ભગવન્ મહાવીરને વંદન-નમન કરે છે, વાંદી-નમીને અતિ નીકટ નહીં - અતિ દૂર નહીં એવા સ્થાને રહીને નમન કરતો એવો, અભિમુખ વિનયથી અંજલી જોડી સેવે છે.***

● **વિવેચન-૧૭ થી ૧૯ :-**

ત્યારપછી તે સૂર્યાભદેવ, તે પાંચ સૈન્યાધિપતિથી પરિક્ષિપ્ત થઈ યથોક્ત વિશેષણ વિશિષ્ટથી મહેન્દ્ર ધ્વજ વડે આગળ ખેંચાતો, ૪૦૦૦ સામાનિક૦ ઈત્યાદિ વડે સંપરિવૃત્ત થઈને સર્વ ઋદ્ધિ અને સર્વદ્યુતિ પૂર્વક, યાવત્ શબ્દથી સર્વ સમુદય, સર્વ આદર, સર્વ વિભૂષા, સર્વ વિભૂતિ, સર્વ સંભ્રમથી સર્વ પુષ્પ, વસ્ત્ર, ગંધ, માળા, અલંકાર સહિત, સર્વ દિવ્ય ત્રુટિત-શબ્દ-નિનાદ વડે, મહાન્ ઋદ્ધિ-દ્યુતિ-બળ-સમુદય વડે, મહાન્ શ્રેષ્ઠ ત્રુટિતના એક સાથે વગાડાતાં વાજિંત્રના નાદ વડે, શંખ-પ્રણવ-પડહ આદિના નિર્ઘોષ નાદિત રવ વડે, સૌધર્મ કલ્પ મધ્યેથી તે દિવ્ય દેવઋદ્ધિ, દિવ્ય દેવદ્યુતિ, દિવ્ય દેવાનુભૂતિને લીલા વડે ભોગવતા, સૌધર્મકલ્પના ઉત્તરીય નિર્ગમન માર્ગ, તે જ પડખેથી નીકળે છે.

ताए उक्किट्ठाए ઈત્યાદિ પૂર્વવત્ યાવત્ દિવ્ય દેવ ગતિથી લાખ યોજન પ્રમાણ ગતિથી, નીચે ઉતરીને જતાં અસંખ્યાત તિર્છા દ્વીપસમુદ્રની મધ્યેથી નંદીશ્વર દ્વીપના અગ્નિકોણના રતિકર નામક પર્વતે આવ્યા. આવીને તે દિવ્ય દેવર્દ્ધિ યાવત્ દિવ્ય દેવાનુભાવ, ધીમે ધીમે પાછો સંહરતા, આને જ પર્યાયથી પ્રતિ સંક્ષિપ્ત કરતાં, જે પ્રદેશમાં જંબૂદ્વીપ નામક દ્વીપમાં, જે પ્રદેશમાં ભારતક્ષેત્ર છે, તેના જે પ્રદેશમાં આમલકલ્પા નગરી છે, તે આમલકલ્પા નગરીની બહાર જે પ્રદેશમાં આમ્રશાલવન ચૈત્ય છે, તે ચૈત્યમાં જે પ્રદેશમાં શ્રમણ ભગવન્ મહાવીર છે, ત્યાં આવે છે. આવીને શ્રમણ ભગવન્ મહાવીરને પૂર્વોક્ત સ્વરૂપ દિવ્ય યાનવિમાન સાથે ત્રણ વખત આદક્ષિણ-પ્રદક્ષિણા કરે છે. આદક્ષિણ-પ્રદક્ષિણા કરીને શ્રમણ ભગવન્ મહાવીરની અપેક્ષાએ ઈશાન દિશામાં જાય છે. જઈને તે દિવ્ય યાન વિમાનને કંઈક - ચાર આંગળ અસંપ્રાપ્ત રહી ધરણીતળે સ્થાપે છે.

સ્થાપીને સપરિવાર ચાર અગ્રમહિષી અને ગંધર્વ તથા નાટ્ય સૈન્યાધિપતિ સહિત સંપરિવરીને તે દિવ્ય યાનવિમાનના પૂર્વના ત્રિસોપાનકથી ઉતરે છે, ઈત્યાદિ. પછી વંદન-નમન-સત્કાર-સન્માન-કલ્યાણાદિરૂપ ભગવંતને પર્યુપાસે છે. પછી સૂર્યાભ આદિ પર્યુપાસકપણે છે તેને, ભગવંત મહાવીરે આ પ્રમાણે કહ્યું — આ પુરાતન છે ઈત્યાદિ. અવગ્રહ પરિહારથી અતિ નિકટ નહીં અથવા નજીકના સ્થાને નહીં, ઔચિત્ય પરિહારથી અતિ દૂર સ્થાને નહીં, તે રીતે ભગવદ્વચનને સાંભળવા ઈચ્છતો, ભગવંત તરફ મુખ રાખીને અર્થાત્ ભગવન્ સન્મુખ, વિનય હેતુથી, પ્રધાન કપાળતલને સ્પર્શીને હસ્ત ન્યાસ વિશેષ જેણે કરેલ છે તે. - x -

● **સૂત્ર-૨૦ થી ૨૩ :-**

***[૨૦] ત્યારે શ્રમણ ભગવન્ મહાવીરે સૂર્યાભ દેવને અને તે મહા-વિશાળ પર્ષદાને ધર્મ કહ્યો યાવત્ પર્ષદા પાછી ફરી.***

***[૨૧] ત્યારે તે સૂર્યાભદેવે શ્રમણ ભગવન્ મહાવીર પાસે ધર્મ સાંભળી-સમજીને, હૃષ્ટ-તુષ્ટ યાવત્ હૃદયી થઈ ઉત્થાન વડે ઉઠે છે, ઉઠીને શ્રમણ ભગવન્ મહાવીરને વાંદે છે - નમે છે, વાંદી-નમીને આમ કહ્યું — હે ભગવન્ ! હું સૂર્યાભદેવ ભવસિદ્ધિક છું કે અભવસિદ્ધિક ? સમ્યક્ દૃષ્ટિ કે મિથ્યાદૃષ્ટિ, પરિત્ત સંસારી કે અનંત સંસારી ? સુલભબોધિ કે દુર્લભબોધિ ? આરાધક કે વિરાધક ?, ચરમ કે અચરમ ? શ્રમણ ભગવન્ મહાવીરે સૂર્યાભ દેવને આમંત્રીને કહ્યું — હે સૂર્યાભ ! તું ભવસિદ્ધિક છે, અભવસિદ્ધિક નથી યાવત્ ચરિમ છે - અચરિમ નથી.***

***[૨૨] ત્યારે સૂર્યાભદેવ, શ્રમણ ભગવન્ મહાવીરે આમ કહેતા હર્ષિત-સંતુષ્ટ, આનંદિચિત્ત, પરમસૌમનસ્યિક થઈને શ્રમણ ભગવન્ મહાવીરને વાંદે છે - નમે છે, વાંદી-નમીને આમ કહ્યું — હે ભગવન્ ! આપ બધું જાણો છો, બધું જુઓ છો, સર્વ કાળને જાણો છો, સર્વ કાળને જુઓ છો, સર્વે ભાવને જાણો છો - સર્વ ભાવને જુઓ છો. તેથી હે દેવાનુપ્રિય ! પહેલા કે પછી, મારી આ***



***સ્વરૂપની દિવ્ય દેવર્દ્ધિ, દિવ્ય દેવદ્યુતિ, દિવ્ય દેવાનુભાગ કઈ રીતે લબ્ધ-પ્રાપ્ત-અભિસન્મુખ થયો, તેને જાણો છો. તો હે દેવાનુપ્રિય ! હું આપની ભક્તિપૂર્વક ગૌતમાદિ શ્રમણ નિર્ગ્રન્થોને દિવ્ય દેવઋદ્ધિ, દિવ્ય દેવદ્યુતિ, દિવ્ય દેવાનુભાવ, બત્રીશ પ્રકારે નૃત્યવિધિને દેખાડવા ઈચ્છુ છું.***

***[૨૩] ત્યારે શ્રમણ ભગવન્ મહાવીર, સૂર્યાભદેવે આમ કહેતા, સૂર્યાભ દેવની આ વાતનો ન આદર કર્યો, ન જાણી, પણ મૌનપૂર્વક રહ્યા, ત્યારે તે સૂર્યાભદેવે શ્રમણ ભગવન્ મહાવીરને બીજી વખત પણ આમ કહ્યું — ભગવન્ ! આપ બધું જાણો છો યાવત્ નૃત્યવિધિ દેખાડવા ઈચ્છું છું. એમ કરી શ્રમણ ભગવન્ મહાવીરને ત્રણ વખત આદક્ષિણ-પ્રદક્ષિણા કરી, વંદન-નમન કરી, ઈશાન દિશામાં ગયો, જઈને વૈક્રિય સમુદ્ઘાતથી સમવહત થયો. થઈને સંખ્યાત યોજન દંડ કાઢે છે, કાઢીને યથાબાદર પુદ્ગલ છોડીને, યથાસૂક્ષ્મને ગ્રહણ કરીને, બીજી વખત વૈક્રિય સમુદ્ઘાત કરીને યાવત્ બહુસમ રમણીય ભૂમિભાગને વિકુર્વે છે.***

***તે ભૂમિભાગ આલિંગપુષ્કર યાવત્ મણીના સ્પર્શ જેવો હતો. તે બહુસમ રમણીય ભૂમિભાગના બહુ મધ્યદેશભાગે પ્રેક્ષાઘર મંડપ વિકુર્વે છે. અનેક શત સ્તંભ સંનિવિષ્ટાદિ હતો. તે બહુસમ રમણીય ભૂમિભાગને વિકુર્વીને ચંદરવો, અક્ષાટક, મણિપિઠિકાને વિકુર્વે છે. તે મણિપીઠિકાની ઉપર સીંહાસન, સપરિવારને યાવત્ મુક્તાદામોથી શોભિત થઈ રહેલું હતું.***

***ત્યારે તે સૂર્યાભ દેવ શ્રમણ ભગવન્ મહાવીરને જોઈને પ્રણામ કરે છે, કરીને "ભગવન્ મને આજ્ઞા આપો." એમ કહી શ્રેષ્ઠ સીંહાસને જઈને તિર્થંકરાભિમુખ સુખપૂર્વક બેઠો.***

***ત્યારપછી તે સૂર્યાભદેવે પ્રથમ વિવિધ મણિ-કનક-રત્નનો વિમલ-મહાર્હ-નિપુણ શિલ્પીથી નિર્મિત, ચમકતા, રચિત, મહા આભરણ, કટક, ત્રુટિત, શ્રેષ્ઠ ઉજ્જ્વલ આભૂષણ, પીવર પ્રલંબ દક્ષિણ ભુજાને પસારે છે.***

***ત્યારપછી સદૃશ, સદૃશ ત્વચા-સદૃશ વય યુક્ત, સદૃશ લાવણ્ય-રૂપ-યૌવન-ગુણોથી યુક્ત, એક જેવા આભરણ-વસ્ત્ર-નાટ્યોપકરણથી સુસજ્જિત, સ્કંધ અને બંને તરફ લટકતા પલ્લુવાળા ઉત્તરીય વસ્ત્રને ધારણ કરેલ, શરીર ઉપર વિવિધ રંગી કંચુક વસ્ત્ર પહેરેલ, હવાના ઝોંકાથી વિનિર્ગત ફેણ જેવી પ્રતીત ઝાલરયુક્ત વિચિત્ર, દેદીપ્યમાન લટકતા અધોવસ્ત્રોને ધારણ કરેલ, એકાવલિ આદિથી શોભતા કંઠ અને વક્ષસ્થળવાળા તથા નૃત્ય કરવા તત્પર એવા ૧૦૮ દેવકુમારોને ભુજામાંથી બહાર કાઢે છે.***

***ત્યારપછી વિવિધમણી યાવત્ પીવર પ્રલંબ ડાબી ભૂજા પસારે છે. તેમાંથી સદૃશ, સદૃશ ત્વચા, સદૃશ વય, સદૃશ લાવણ્ય-રૂપ-વર્ણ-યૌવન ગુણોથી યુક્ત એક જેવા આભરણ, વસ્ત્ર, ગૃહિત નિયોગ, લલાટ ઉપર તિલક, મસ્તક ઉપર આમેલક, ગળામાં ગ્રૈવેયક અને કંચુકી ધારણ કરેલ, વિવિધ મણિ-રત્નોના***

*આભૂષણોથી વિરાજિત અંગ-પ્રત્યંગોવાળી, ચંદ્ર જેવા મુખવાળી, ચંદ્રાર્દ્ધ સમાન લલાટવાળી, ચંદ્રથી અધિક સૌમ્ય દર્શનવાળી, ઉલ્કાવત્ ઉધોતીત, શ્રૃંગારના ગૃહ જેવી, સુંદર વેશવાળી, હસિત-ભણિત-ચેષ્ટિત-વિલાસ-સલલિત સંલાપ-નિપુણ યુક્તોપચાર કુશળ-ગૃહિત આયોગ નૃત્ય સજ્જ ૧૦૮ દેવકુમારિકાઓ નીકળી.*

*ત્યારપછી તે સૂર્યાભદેવે ૧૦૮ શંખ અને ૧૦૮ શંખ વાદકો વિકુર્વ્યા. ૧૦૮ શ્રૃંગ-૧૦૮ શ્રૃંગવાદકો, ૧૦૮ શંખિકા-૧૦૮ શંખિકા વાદકો, ૧૦૮-ખરમુખી-૧૦૮ ખરમુખી વાદકો, ૧૦૮ પેયો-૧૦૮ પેયવાદકો, ૧૦૮ પીરપીરિકા વિકુર્વી. એ પ્રમાણે ૪૯ પ્રકારના વાદ્યો વિકુર્વ્યા.*

*ત્યારપછી તે ઘણાં દેવકુમારો અને દેવકુમારીઓ સૂર્યાભદેવે બોલાવતા હૃષ્ટ યાવત્ સૂર્યાભદેવ પાસે આવ્યા, આવીને સૂર્યાભદેવને બે હાથ જોડીને યાવત્ વધાવીને આમ કહ્યું —*

*હે દેવાનુપ્રિય ! આજ્ઞા કરો જે અમારે કરવા યોગ્ય છે. ત્યારે સૂર્યાભ દેવે તે ઘણાં દેવકુમારો અને દેવકુમારીઓને આમ કહ્યું —*

*હે દેવાનુપ્રિયો ! તમે જાઓ. શ્રમણ ભગવન્ મહાવીરને ત્રણ વખત આદક્ષિણ-પ્રદક્ષિણા કરો, કરીને વંદન-નમસ્કાર કરો, વાંદી-નમીને ગૌતમાદિ શ્રમણ નિર્ગ્રન્થોને તે દિવ્ય દેવઋદ્ધિ-દિવ્ય દેવધુતિ, દિવ્ય દેવાનુભાવ, દિવ્ય બત્રીશબદ્ધ નૃત્યવિધિ દેખાડો. દેખાડીને જલ્દીથી મારી આ આજ્ઞા પાછી સોંપો.*

*ત્યારે તે ઘણાં દેવકુમારો અને દેવકુમારીઓ સૂર્યાભ દેવે આ પ્રમાણે કહેતા હર્ષિત યાવત્ બે હાથ જોડી યાવત્ સ્વીકારે છે. સ્વીકારીને શ્રમણ ભગવંત મહાવીર પાસે આવે છે, આવીને શ્રમણ ભગવન્ મહાવીરને યાવત્ નમીને ગૌતમાદિ શ્રમણ નિર્ગ્રન્થો પાસે આવે છે. ત્યારપછી તે ઘણાં દેવકુમારો અને દેવકુમારીઓ પંક્તિબદ્ધ થઈને એકસાથે એકઠા થયા, થઈને એકસાથે પંક્તિબદ્ધ થયા, પંક્તિબદ્ધ થઈને એકસાથે નમ્યા, નમીને એકસાથે પોતાના મસ્તક ઉપર કરી સીધા ઉભા રહ્યા. આ ક્રમે જ ફરી બધાં એકસાથે મળીને નીચે નમે અને ફરી મસ્તક ઉંચા કરી સીધા ઉભા રહ્યા. પછી કંઈક નીચા નમ્યા અને ફરી ઉભા થયા. પછી અલગ-અલગ ફેલાઈ ગયા અને પછી યથાયોગ્ય નૃત્ય-ગીત આદિના ઉપકરણો લઈને એક સાથે વગાડવા લાગ્યા, ગાવા અને નૃત્ય કરવા લાગ્યા.*

*તેમનું સંગીત આવા પ્રકારનું હતું. ઉરથી મંદ, શિરથી તાર, કંઠથી વિતાર, ત્રણ પ્રકારે ત્રિસમય રેચકથી રચિત હતું. સંગીતના ગુંજારવથી સમસ્ત પ્રેક્ષાગૃહ ગુંજવા લાગ્યું. ગેય રાગ-રાગણીને અનુરૂપ હતું. ત્રિસ્થાન-ત્રિકરણથી શુદ્ધ હતું. ગુંજતી એવી બંસરી અને વીણાના સ્વરોથી એકરૂપે મળેલ હતું. એક-બીજાની વાગતી હથેળીના સ્વરનું અનુસરણ કરતી હતી. મુરજ અને કંશિકાદિ વાદ્યોની ઝંકાર તથા નર્તકોના પાદક્ષેપ સાથે મેળ ખાતો હતો. વીણા આદિ વાદ્ય-ધુનોનું અનુકરણ કરનારા હતા. કોયલની કુહુક જેવો મધુર તથા*



*સર્વ પ્રકારે સમ, સલલિત, મનોહર, મૃદુ, રિભિત, પદ સંચારયુક્ત, શ્રોતાઓને રતિકર, શ્રેષ્ઠ ચારુ રૂપ, દિવ્ય નૃત્યસજ્જ, ગેય પ્રગીત હતું.*

*તે કેવું હતું ? ઉદ્ધમંત શંખ, શ્રૃંગ, શંખિકા, ખરમુખી, પેય, પરપિરિકા હતી. પ્રણવ-પડહની આહત કરતા હતા. ભંભા-હોરંભ ઉપર આસ્ફાલન કરતા, વીણા-વિપંચી વગાડતા, ભેરી-ઝલ્લરી-દુંદુભીને તાડિત કરતા, મુરજ-મૃદંગ-નંદીમૃદંગનો આલાપ કરતા, આલિંગ-કુસ્તુંબ-ગોમુખી-માદલને ઉત્તાડન કરતા, વીણા-વિપંચી-વલ્લકીને મૂર્છિત કરતા, મહંતી-કચ્છપી-ચિત્ર વીણાને કૂટતા, બદ્ધીસ-સુઘોષા-નંદીઘોષનું સારણ કરતા, ભ્રામરી-ષડ્ભ્રામરી અને પરિવાદની વીણાનું સ્ફોટન કરતા, તૂણ-તુંબવીણાનો સ્પર્શ કરતા, આમોટ-ઝાંઝકુંભ-નકુલને ખણ ખણાવતા, મૃદંગ-હુડુક્ક-વિચિક્કી ધીમેથી સ્પર્શતા, કરડ-ડિંડિમ-કિણિત-કડંબને વગાડતા, દર્દરક-દર્દરિકા-કુસ્તુંબુરુ-કલશિકા-મડુને જોરજોરથી તાડિત કરતા, તલ-તાલ-કાંસ્યતાલને ધીમેથી તાડિત કરતા, રિંગિરિસિકા-લત્તિકા-મકરિકા-શિશુમારિકાનું ઘટ્ટન કરતા, વંશી-વેણુ-વાલી-પરિલ્લી-બદ્ધકોને ફૂંકતા હતા. બધાં પોત-પોતાના વાદ્ય વગાડતા હતા.*

*ત્યારપછી તે દિવ્ય ગીત, દિવ્ય નૃત્ય, દિવ્ય વાજિંત્ર તથા અદ્ભુત શ્રૃંગાર, ઉદાર, મનોજ્ઞ, મનહર ગીત, મનહર નૃત્ય, મનહર વાદ્ય, એ બધું ચિત્તને આક્ષેપક, કહકહરૂપ, દિવ્ય દેવ રમણમાં પ્રવૃત્ત હતા. ત્યારપછી ઘણાં દેવકુમારો અને દેવકુમારીઓએ શ્રમણ ભગવંત મહાવીર સમક્ષ સ્વસ્તિક, શ્રીવત્સ, નંધાવર્ત્ત, વર્દ્ધમાનક, ભદ્રાસન, કલશ, મત્સ્ય, દર્પણ, આ આઠ મંગલ દ્રવ્યોના આકાર નામક દિવ્ય નૃત્યવિધિ દેખાડી.*

**● વિવેચન-૨૦ થી ૨૩ :-**

પછી શ્રમણ ભગવન્ મહાવીરે સૂર્યાભદેવ, શ્વેતરાજા, ધારણી આદિ રાણીને, તે અતિશય મોટી ઋષિ-ત્રિકાળ દર્શનીની પર્ષદાને, અવધિ આદિ જિન પર્ષદાને, યથોક્ત અનુષ્ઠાન કરતી સાધુ પર્ષદાને, ઉત્તરગુણમાં વિશેષ પ્રત્યનશીલ અથવા વિચિત્ર દ્રવ્યાદિ અભિગ્રહાદિ યુક્ત સાધુની પર્ષદા, વિદ્વાન્ની પર્ષદાને, દેવ-ઈક્ષ્વાકુ-ક્ષત્રિય-કૌરવ્યોની પર્ષદાને...તે કેવી છે ?

અનેક શત પુરુષોની સંખ્યા જેમાં છે તે, અનેક વૃંદો જેના છે તે, અનેક શત સંખ્યક વૃંદ પરિવાર જેના છે તે. અતિ મોટી પર્ષદાને. ઓઘ - પ્રવાહથી બળ જેનું છે તે. એ પ્રમાણે જેમ "ઉવવાઈ" સૂત્રમાં છે, તેમ કહેવું. તે આ રીતે — અતિબલ, મહાબલ, અપરિમિત બલ, વીર્ય, તેજ, મહા કાંતિયુક્ત, શરદઋતુ સંબંધી - નવો - સ્તનિત - મધુર. ગંભીર - ક્રૌંચ-નિર્ઘોષ-દુંદુભિ સ્વર, ઉરમાં વિસ્તૃત, - x - x - સ્ફૂટ વિષય, મધુર, ગંભીર, સર્વાક્ષર સંનિપાતિક વાણી વડે, સર્વભાષાનુગામિની, સર્વ સંશય વિમોચની, અપુનરુક્ત, યોજન ગામીની, અર્દ્ધમાગધી ભાષામાં અરહંતો ધર્મ કહે છે. - x - x -

તે પર્ષદા ભગવન્ મહાવીરની પાસે ધર્મ સાંભળી, સમજી, અતીહર્ષિત થઈ,

શ્રમણ ભગવન્ મહાવીરને ત્રણ વખત આદક્ષિણ-પ્રદક્ષિણા કરે છે, કરીને વંદન-નમન કરીને આમ કહ્યું — ભગવન્ ! નિર્ગ્રન્થપ્રવચન સુઆખ્યાત છે, બીજા કોઈ શ્રમણ કે બ્રાહ્મણ આવો ધર્મ કહી ન શકે. એમ કહી પર્ષદા પાછી ગઈ.

ત્યારે શ્વેતરાજા ભગવંત પાસે ધર્મ સાંભળી, સમજી હર્ષિત-સંતુષ્ટ આનંદિત ચિત્ત યાવત્ હર્ષના વશથી વિકસિત હૃદય થઈ ભગવન્ મહાવીરને વાંદી-નમીને પ્રશ્નો પૂછ્યા, પૂછીને અર્થોને જાણ્યા, જાણીને ઉત્થાનથી ઉઠે છે. ઉઠીને ભગવન્ મહાવીરને વાંદી-નમીને આમ કહ્યું — ભગવન્ ! નિર્ગ્રન્થ પ્રવચન સુકથિત છે યાવત્ હાથી ઉપર બેસીને ભગવન્ મહાવીર પાસેથી, આમ્રશાલ વન ચૈત્યથી નીકળે છે, નીકળીને જ્યાંથી આવેલો, ત્યાં પાછો ગયો. અર્થાત્ - x - જે દિશામાંથી સમવસરણમાં આવેલ હતો, તે જ દિશામાં પાછો ગયો.

હવે સૂર્યાભદેવ ધર્મદેશના શ્રવણથી પ્રભૂતતર સંસાર-વૈરાગ્ય જન્મતા સ્વવિષયક ભવ્યત્વાદિ પ્રશ્ન પૂછતા કહે છે — ભવસિદ્ધિક અર્થાત્ ભવ્ય, તેથી વિપરીત અભવસિદ્ધિક-અભવ્ય. ભવ્ય પણ કોઈ મિથ્યાર્દષ્ટિ હોય, કોઈ સમ્યગ્દૃષ્ટિ હોય તેથી પોતાના સમ્યગ્દૃષ્ટિત્વના નિશ્ચયને માટે પૂછે છે, સમ્યગ્દૃષ્ટિ પણ કોઈ પરિમિત સંસારી હોય - કોઈ અપરિમિત સંસારી. ઉપશમ શ્રેણીને પ્રાપ્ત કરવા છતાં કોઈને અનંત સંસારભાવ છે, તેથી પૂછે છે - પરિત્ત સંસારી કે અનંત સંસારી ? જેનો સંસાર પરિમિત છે તે પરિત્ત સંસારી. જેનો સંસાર અનંત છે તે અનંતસંસારી પરિત સંસારી પણ કોઈ સુલભબોધિ હોય જેમ શાલિભદ્ર, કોઈ દુર્લભબોધિ હોય, જેમ પુરોહિત પુત્રનો જીવ. તેથી પૂછે છે - ભવાંતરમાં જિનધર્મ પ્રાપ્તિ સુલભ હોય તે સુલભબોધિ. એ રીતે દુર્લભબોધિ. સુલભબોધિ પણ કોઈ બોધિ પામીને વિરાધે છે. તેથી પૂછે છે - બોધિને સમ્યક્ પાલન કરે છે તે આરાધક, તેથી વિપરીત તે વિરાધક. આરાધક પણ કોઈ તે જ ભવે મોક્ષગામી ન થાય, તેથી પૂછે છે - ચરમ કે અચરમ. ચરમ એટલે અનંતર ભાવી ભવ જેનો છે તે. તેથી વિપરીત તે અચરમ.

સૂર્યાભે આમ પૂછતા ભગવન્ મહાવીરે તેને કહ્યું — સૂર્યાભ ! તું ભવસિદ્ધિક છે, અભવસિદ્ધિક નથી. સમ્યક્દૃષ્ટિ છો, મિથ્યાર્દષ્ટિ નથી. પરિત્તસંસારી છો, અનંતસંસારી નથી. સુલભબોધિ છે, દુર્લભ બોધિ નથી. આરાધક છો, વિરાધક નથી. ચરમ છો, અચરમ નથી.

ભગવન્ ! આપ બધું કેવલ જ્ઞાનથી જાણો છો, કેવલદર્શનથી જુઓ છો. આના વડે દ્રવ્ય ગ્રહણ કર્યુ. સચરાચર વિષય જ્ઞાનદર્શન જણાવવા કહે છે — ઉર્ધ્વલોક, અધોલોક બધી દિશામાં જાણો છો, અને જુઓ છો. આના દ્વારા ક્ષેત્ર પરિગ્રહ કહ્યો. આ બંને જ્ઞાન વાર્ત્તમાનિક પણ સંભવે છે, તેથી સર્વ કાળ-વિષય જ્ઞાન, દર્શન પ્રતિપાદનાર્થે કહે છે — અતીત, અનાગત અને વર્તમાનને જાણો છો, જુઓ છો. આના વડે કાળ ગ્રહણ કર્યો. તેમાં કોઈ સર્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ વિષયક જ્ઞાન સર્વ પર્યાય વિષયક ન સંભવે તેથી સર્વે ભાવો-પર્યાયોને પ્રતિદ્રવ્ય પોતાના અને પારકાના પર્યાયોને કેવળજ્ઞાનથી જાણે છે, કેવળદર્શનથી જુએ છે. - x - x - x - x -



ઉત્તરકાળે મેં આવા સ્વરૂપની દિવ્ય દેવર્દ્ધિ-દેવધુતિ-દેવાનુભાવ લબ્ધ. દેશાંતર જતાં પણ કંઈક થાય છે, તેથી કહે છે — પ્રાપ્ત. પ્રાપ્ત થવા છતાં પણ કંઈક અંતરાયના વશથી અનાત્મવશ થાય છે. તેથી કહે છે — અભિમુખ થઈ છે. દેવાનુપ્રિયની પાસે ભક્તિ-બહુમાનપૂર્વક ગૌતમાદિ શ્રમણ નિર્ગ્રન્થોને દિવ્ય દેવર્દ્ધિ-દેવધુતિ-દેવાનુભાવ દેખાડે છે. બત્રીશ પ્રકારે નાટ્ય વિધાન દેખાડવાને ઈચ્છે છે. ભગવન્ મહાવીર, સૂર્યાભ દેવના અનંતરોદિત અર્થના કરણ માટે આદરવાળા થતા નથી, અનુમતિ પણ આપતા નથી. કેમકે પોતે વીતરાગ છે અને ગૌતમાદિને નાટ્યવિધિ સ્વાધ્યાયાદિમાં વિઘાતકારી થાય, તેથી માત્ર મૌન રહે છે. આ પ્રમાણે સૂર્યાભદેવે બીજી-ત્રીજી વખત કહેવા છતાં ભગવન્ મૌન જ રહ્યા.

પછી પારિણામિકી બુદ્ધિથી તત્ત્વ સમજીને ભગવંત મૌન જ છે. ઉચિત છે કે કંઈ ન બોલવું. કેવળ મારે પોતાની ભક્તિને દેખાડવી જોઈએ, એમ પ્રમોદના અતિશયથી જાતપુલક થઈને સૂર્યાભ દેવે ભગવન્ મહાવીરને સ્તુતિથી વંદે છે, કાયા વડે નમે છે. વાંદીને-નમીને ઈશાન દિશામાં૰ ઈત્યાદિ સુગમ છે. વિશેષ એ કે — બહુસમ ભૂમિ, પ્રેક્ષાગૃહ મંડપ, મણિપીઠિકા, સિંહાસન, ચંદરવો, અંકુશ, મુક્તાદામ-આ બધાંનું વર્ણન પૂર્વવત્ જાણવું.

પછી સૂર્યાભદેવે તીર્થંકર ભગવંતને જોઈને પ્રણામ કર્યા કરીને ભગવન્ મને અનુજ્ઞા આપો, એમ કહી તીર્થંકર સન્મુખ ઉત્તમ સીંહાસને બેઠો. પછી સૂર્યાભદેવે નાટ્યવિધિમાં પહેલા જમણી ભુજા પ્રસારી. કેવી રીતે ? વિવિધ મણિ-કનક-રત્નો જેમાં છે તે, તેમાં મણી-વિવિધ ચંદ્રકાંત આદિ, કનક-વિવિધ વર્ણપણે અલગ અલગ કહ્યા. રત્નો-કર્કેતનાદિ. તથા નિર્મલ, મહાન્ ઉપભોક્તાને યોગ્ય અથવા મહમ્ - ઉત્સવ ક્ષણને યોગ્ય તે મહાર્હ તથા નિપુણ બુદ્ધિગમ્ય છે. ઓવિય - પરિકર્મિત, મિસિમિસંત - દીપતા એવા વિરચિત મહા આભરણ, કટક-કલાચિક આભરણ, ત્રુટિત-બાહુરક્ષક, બીજા જે શ્રેષ્ઠ આભૂષણો, તેના વડે ભાસ્વર, પીવર-સ્થૂલ, પ્રલંબ-દીર્ઘ.

તે દક્ષિણ ભુજાથી ૧૦૮ દેવકુમારો નીકળે છે. કેવા પ્રકારે ? સદેશ-સમાન આકારવાળા. આકારથી કોઈ સદેશ છતાં વર્ણથી સમાન હોતા નથી, તેથી સમાન વર્ણ ત્વચા પ્રતિપાદનાર્થે કહે છે — જેમની સમાનવર્ણી ત્વચા છે તે. સમાન ત્વચા છતાં કોઈક વયથી વિસદેશ સંભવે છે, તેથી કહે છે — સમાન વયવાળા. સદેશ લાવણ્ય-અતિ શુભગત શરીર કાંતિ, રૂપ-આકૃતિ વડે, યૌવન-યૌવનિકતા, ગુણ વડે-દક્ષત્વ-પ્રિયંવદત્વાદિથી યુક્ત. સમાન આભરણ, લક્ષણ, ગૃહીત નિર્યોગ-ઉપકરણ, નાટ્ય ઉપકરણ વડે. બંને પડખે સંવૃત્ત અગ્ર જેને છે તે, સામર્થ્યથી ઉત્તરીય વડે. તથા અત્યંત બદ્ધ વિચિત્ર વર્ણપટ્ટરૂપ પરિકર જેથી છે તે. તથા જે આવર્તનમાં ફિણ નીકળેલ છે, તે ''સફેનકાવર્ત્ત'' કહે છે. તે સફેનકાવર્ત્તથી રચિત - નાટ્યવિધિથી યુક્ત.

જે નિવસનના વસ્ત્રના છેડા લટકે છે તે. તે ચિત્રવર્ણ, દેદીપ્યમાન નિવસન-

પરિધાન જેના છે તે. એકાવલિ, જે કંઠમાં રચિત છે, તેના વડે શોભતું વક્ષઃસ્થળ જેનું છે તે. परिहत्थ - પરિપૂર્ણ. પૂર્ણ ભૂષણો જેના છે તે. નૃત્યમાં સજ્જ-પ્રગુણીભૂત છે તે.

ત્યારપછી યથોક્ત વિશેષણ વિશિષ્ટ ડાબી ભૂજા પ્રસારે છે. તે ડાબી ભૂજાથી ૧૦૮ દેવકુમારીઓ નીકળે છે કેવી ? સદૃશ વયવાળી, સદૃશ ત્વચાવાળી ઈત્યાદિ પૂર્વવત્. જેણીએ તિલક અને શેખરક ધારણ કર્યા છે તેવી ગળાનું આભરણ અને કંચુકને ધારણ કરેલી. વિવિધ મણિ-સુવર્ણ-રત્નોના જે ભૂષણો, તેના વડે શોભતા અંગ-પ્રત્યંગવાળી. ચંદમુખી, અર્દ્ધચંદ્રસમ કપાળવાળી આદિ સુગમ છે. શ્રૃંગારના ગૃહસમ સુંદર વેશવાળી, હસિત-ભણિત ઈત્યાદિ યાવત્ નૃત્યસજ્જ. બધું પૂર્વવત્.

ત્યારપછી સૂર્યાભ દેવે (૧) ૧૦૮ શંખ-૧૦૮ શંખવાદક વિકુર્વ્યા એ રીતે હવે પછીનું બધું ૧૦૮-૧૦૮ જાણવું તે આ પ્રમાણે – (૨) શ્રૃંગ-શ્રૃંગવાદક, (૩) શંખિકા-શંખિકાવાદક, ખરમુખી-ખરમુખીવાદક, (૪) પેયનામક મોટું કાહલ-વાદ્ય, પેયવાદક, (૫) પીરિપીરિકા-મુખવાદ્ય વિશેષ અને પીરિપીરિવાદક, (૬) પણવ-ભાંડપટહ કે લઘુ પટહ-પણવવાદક, (૭) પટહ-પટહવાદક, (૮) ભંભા-ભંભાવાદક, (૯) હોરંભા-મહાઢક્કા અને હોરંભાવાદક. (૧૦) ભેરી-ઢક્કા આકારનું વાદ્યવિશેષ અને ભેરીવાદક, (૧૧) ઝલ્લરી-ચામડાની મઢેલી, વિસ્તીર્ણ, વલયાકાર અને ઝલ્લરીવાદક. (૧૨) દુંદુંભી-ભેરી આકારે સંકટમુખી દેવ આતોદ્ય વિશેષ અને દુંદુભીવાદક. (૧૩) મુરુજ-મોટા પ્રમાણે વાળો મર્દલ અને મુરુજવાદક. (૧૪) મૃદંગ-લઘુમર્દલ, મૃદંગવાદક.

(૧૫) નંદીમૃદંગ-એક બાજુ સાંકડો, અન્યત્ર વિસ્તૃત મુરજ અને નંદીમૃદંગ-વાદક. (૧૬) આલિંગ-મુરજવાદ્ય વિશેષ અને આલિંગવાદક. (૧૭) કુસ્તુંબ-ચામડાથી મઢેલ પુટ વાદ્ય વિશેષ અને કુસ્તુંબવાદક, (૧૮) ગોમુખી અને ગોમુખીવાદક, (૧૯) મર્દલ-બંને બાજુ સમ અને મર્દલવાદક, (૨૦) વિપંચી-ત્રિતંત્રીવીણા અને વિપંચીવાદક, (૨૧) વલ્લકી-સામાન્ય વીણા, વલ્લકીવાદક. (૨૨) ભ્રામરી-ભ્રામરીવાદક, (૨૩) ષડ્ભ્રામરી-ષડ્ભ્રામરી વાદક.

(૨૪) પરિવાદિની-સપ્તતંત્રીવીણા, પરિવાદિનીવાદક, (૨૫) વવ્વીસ-વવ્વીસ-વાદક, (૨૬) સુઘોષા-સુઘોષાવાદક, (૨૭) નંદિઘોષ-નંદીઘોષવાદક, (૨૮) મહતી-શતતંત્રીવીણા, મહતીવાદક, (૨૯) કચ્છભી-કચ્છભીવાદક, (૩૦) ચિત્રવીણા-ચિત્રવીણાવાદક, (૩૧) આમોદ-આમોદવાદક, (૩૨) ઝંઝા-ઝંઝાવાદક, (૩૩) નકુલ-નકુલવાદક, (૩૪) તૂણ-તૂણવાદક, (૩૫) તુંબવીણા-તુંબવીણાવાદક, (૩૬) મુકુંદ-મુરુજવાદ્ય વિશેષ, મુકુંદવાદક, (૩૭) હુડુક્ક-હુડુક્કવાદક, (૩૮) વિચિક્કી-વિચિક્કી વાદક, (૩૯) કરટી-કરટીવાદક, (૪૦) ડિંડિમ-ડિંડિમવાદક, (૪૧) કિણિત-કિણિતવાદક.

(૪૨) કડવ-કડવવાદક, (૪૩) દર્દરક-દર્દરકવાદક (૪૪) દર્દરિકા-દર્દરિકા વાદક, (૪૫) કુસ્તુંબર - કુસ્તુંબર વાદક, (૪૬) કલશિક-કલશિક વાદક, (૪૭) કલશ-કલશવાદક, (૪૮) તાલ-તાલવાદક, (૪૯) કાંસ્યતાલ-કાંસ્યતાલવાદક, (૫૦)



રિંગિસિકા-રિંગિસિકાવાદક, (૫૧) અંગરિકા-અંગરિકાવાદક, (૫૨) શિશુમારિકા-શિશુમારિકાવાદક, (૫૩) વંશ-વંશવાદક, (૫૪) બાલી-તૂણવિશેષ, મુખવાદ્ય અને બાલીવાદક, (૫૫) વેણુ-વેણુવાદક, (૫૬) પરિલી-પરિલીવાદક, (૫૭) બદ્ધક-બદ્ધકવાદક.

ઉક્ત વાદ્યો લોકથી જાણી લેવા. એ પ્રમાણે ઘણાં આતોદ્ય અને આતોદ્યવાદકોને વિકુર્વે છે. મૂળ ભેદથી સર્વસંખ્યા ૪૯ કહી. બાકીના ભેદો આમાં અંતવર્તી જાણવા. જેમકે વંશમાં વાલી, વેણુ આદિ આવે.

ઉક્ત વાદ્યો વિકુર્વીને, પોતે વિકુર્વેલા દેવકુમાર-દેવકુમારીને બોલાવે છે, તેઓ પણ હર્ષિત આદિ થઈને સૂર્યાભની પાસે આવે છે. આવીને બે હાથ જોડી, દશ નખ ભેગા કરી, મસ્તકે આવર્ત્ત કરી, મસ્તકે અંજલિ કરી, જય-વિજયથી વધાવીને બોલ્યા કે – અમારે શું કરવું ? તેની આજ્ઞા આપો. ત્યારે સૂર્યાભ દેવે તે ઘણાં દેવકુમાર-દેવકુમારીને કહ્યું – ભગવંત મહાવીર પાસે જાઓ, તેઓને ત્રણ પ્રદક્ષિણા કરીને વાંદો-નમો, વાંદી-નમીને ગૌતમાદિ શ્રમણનિર્ગ્રન્થોને તે દેવજન પ્રસિદ્ધ દિવ્ય દેવઋદ્ધિ, દેવદ્યુતિ-દેવાનુભાવ, દિવ્ય બત્રીશ ભેદે નાટ્યવિધિ દેખાડો. - x -

ત્યારે તે ઘણાં દેવકુમાર અને દેવકુમારીઓ સૂર્યાભદેવે આમ કહેતા હર્ષિત થઈ યાવત્ આજ્ઞા સ્વીકારે છે. સ્વીકારીને શ્રમણ ભગવન્ મહાવીર જ્યાં છે, ત્યાં આવે છે. આવીને ભગવન્‌ને ત્રણ વખત પ્રદક્ષિણા કરી, વંદન-નમસ્કાર કરી, જ્યાં ગૌતમાદિ શ્રમણો છે. ત્યાં એક જ સમયે એકઠા થાય છે. એકઠા થઈ એક કાળે નીચા નમે છે, નમીને એક જ કાળે ઉભા થાય છે. પછી ક્રમ સહિત સંગત, સ્તિમિત, અવનમન, ઉન્નમન કહેવું. આ સહિતાદિના ભેદ સમ્યક્ નાટ્યોપાધ્યાયથી જાણવા. પછી સ્તિમિત સાથે જ ઉભા થયા, સાથે જ પ્રસર્યા, પ્રસરીને સાથે જ યથાયોગ્ય આતોદ્ય વિધાન ગ્રહણ કર્યા. કરીને એક સાથે જ વગાડ્યા. વગાડીને એક સાથે જ નૃત્યો કર્યા. તે કોણ ? દેવકુમાર, દેવકુમારી.

કઈ રીતે ? હૃદયમાં મંદ હોય તેમ ગાતા, મસ્તકમાં તાર સ્વર અને કંઠમાં વિતાર સ્વર અર્થાત્ પહેલાં હૃદયમાંથી ગીતને કાઢે, આ ઉત્ક્ષેપકાળે ગીત મંદ હોય છે. અન્યથા ગીતગુણમાં ક્ષતિ થાય. પછી ગાતા-ગાતા મસ્તકમાં અથડાતા તે સ્વર ઉચ્ચૈસ્તર થાય. તે બીજું સ્થાન અને ત્રીજુ કંઠમાં કંઈક અધિક થાય. તેથી મસ્તકમાં ‘તાર’ કહ્યો. મસ્તકથી નિવૃત થતા સ્વર કંઠમાં ઘોળાય છે, ઘોળાઈને અતિમધુર થાય છે. પચી કંઠમાં વિતાર થાય છે. ત્રણ સમયે રેચક રચિત થાય. ગુંજતો એવો જે શબ્દમાર્ગ અપ્રતિકૂળ, કુહરમાં ઉપગૂઢ થાય. અર્થાત્ તે દેવકુમાર-દેવકુમારીને તે પ્રેક્ષાગૃહમંડપમાં ગીત ગાતા તે પ્રેક્ષાગૃહની સમીપના કુહરમાં તેને અનુરૂપ હજારો પડઘા ઉત્પન્ન થાય.

જે ગેયરાગ અનુરક્તપણે ગીત ગવાય તે રક્ત કહેવાય. ઉર આદિ ત્રણ સ્થાનમાં ક્રિયા વડે શુદ્ધ તે આ રીતે ઉરઃશુદ્ધ, કંઠશુદ્ધ, શિરોવિશુદ્ધ. જો હૃદયમાં સ્વર વિશાળ હોય તો તે ઉરોવિશુદ્ધ, તે જ જો કંઠે વર્તતો હોય તો અસ્ફુટિતપણે

કંઠ વિશુદ્ધ અને જો મસ્તકે પ્રાપ્ત થઈ સાનુનાસિક થાય તો શિરોવિશુદ્ધ. અથવા ઉર-કંઠ-શિર વડે અવ્યાકુલિત વિશુદ્ધ વડે ગવાય તો ત્રિસ્થાનકરણ વિશુદ્ધ.

તથા કુહર સહિત જે વાંશનું ગુંજન — તંત્રી, તલ, તાલ, લય યુક્ત, તેમાં અતિશયથી સંપ્રયુક્ત અર્થાત્ સકુહર વંશમાં ગુંજે અને તંત્રીમાં વગાડાતો તે વંશ-તંત્રી સ્વરથી અવિરુદ્ધ તે સકુહર ગુંજત્ વંશ તંત્રી સંપ્રયુક્ત. પરસ્પર હસ્તતાલ સ્વરાનુવર્તી તે તલસુસંપ્રયુક્ત. જે મુરજ કંશિકાદિના આતોધના આહતનો ધ્વનિ જે નર્તિકાના નૃત્યનો પાદોત્ક્ષેપ, તેની સમ તે તાલસંપ્રયુક્ત. તથા શ્રૃંગ-દારુ-દંતમય જે આંગળી-કૌશિક, તેના વડે આહત તંત્રીનો સ્વરપ્રકાર લયને અનુસરે તે ગેયલય સંપ્રયુક્ત. વંશ તંત્રી આદિ વડે સ્વર ગૃહીત માર્ગાનુસારી તે ગ્રહ સંપ્રયુક્ત. - x - તલ, વંશ સ્વરાદિને અનુગત તે સમ. સલલિત-જે સ્વર ઘોલના પ્રકારથી લલિતસહ વર્તે તે. તેથી જ મનોહર.

વળી કેવો ? તે કહે છે — મૃદુ મૃદુ સ્વરથીયુક્ત, નિષ્ઠુર નહીં. જેમાં સ્વર અક્ષર અને ઘોલના સ્વર વિશેષમાં સંચરતો, રંગતી જેવો ભાસે છે, તે પદસંચાર રિભિત કહેવાય. મૃદુ રિભિત પદ ગેયનિબદ્ધમાં સંચાર જે ગેયનો છે, તે મૃદુરિભિત પદ સંચાર. સુરતિ-જેમાં શ્રોતાની શોભન રતિ છે તે. સુનતિ-જેમાં શોભન નતિ નામક અવસાન છે તે. वर - પ્રધાન, चारु - વિશિષ્ટ ચંગિમયુક્ત. દિવ્યપ્રધાન નૃત્યસજ્જ ગેય પ્રગીત પણ હોય. તે કોણ ? કેટલાંક દેવકુમાર, દેવકુમાર ગીત અને નૃત્યવાળા પણ હોય તે. યથાયોગ્ય સંખાદિને વગાડનારા. અહીં શંખ, શ્રૃંગ, શંખિકા, ખરમુખી, પેય, પિરિપિરિકા વાદન તે ઉદ્ધ્માન કહેવા. એ રીતે પ્રવણ-પટહનું આમોટન, ભંભા-હોરંભાનું આસ્ફાટન, ભેરી-ઝલ્લરી-દુંદુભીનું તાડનાદિ કહેવા. - x -

તે દિવ્ય ગીત, દિવ્ય વાજિંત્ર, દિવ્ય નૃત્ય થયા. દિવ્યપ્રધાન. એ રીતે અદ્ભુત-આશ્ચર્યકારી મીત, વાજિંત્ર, નૃત્ય તથા શ્રૃંગાર-શ્રૃંગાર રસયુક્ત, શ્રૃંગાર નામક અલંકાર, તેમાં અન્યાન્ય વિશેષ કરમથી અલંકૃત્ એવા ગીત, વાદન અને નૃત્ય તે શ્રૃંગાર. ઉદાર ગીત, વાદન, નૃત્ય. તેમાં ઉદાર-પરિપૂર્ણ ગુણયુક્ત. કંઈપણ હીન નહીં. મનોજ્ઞ-મનોનુકૂળ, દૃષ્ટા અને શ્રોતાના મનને નિર્વૃત્તિ કરનાર. તે સામાન્યથી પણ થાય, તેથી પ્રકર્ષ વિશેષને પ્રતિપાદન માટે કહે છે — મનહર ગીત વાદન નૃત્ય. મનને હરે, તેની જેમ અતિ ચમત્કારકારીતાથી મનોહર.

આ જ વાત કહે છે — उप्पिंजल - આકુલકભૂત અર્થાત્ મહર્દ્ધિક દેવોને પણ અતિશાયીપણે પરક્ષોભ ઉત્પાદકત્વથી સકલ દેવ-અસુર-મનુજ સમૂહના ચિત્તને આક્ષેપકારી. कहकहभूत - 'કહકહ' એ અનુકરણ છે. અર્થાત્ નિરંતર તે-તે વિશેષ દર્શનથી ઉછળતા એવા પ્રમોદભર-પરવશ-સકલ દિક્-ચક્રવાલવર્તી પ્રેક્ષકજનકૃત્ પ્રશંસા વચનના બોલ અને કોલાહલ વડે વ્યાકુલરૂપ થયેલ. - x -

ત્યારપછી તે ઘણાં દેવકુમારો-દેવકુમારીઓ શ્રમણ ભગવન્ મહાવીરની આગળ, ગૌતમાદિ શ્રમણોની આગળ, સ્વસ્તિક, શ્રીવત્સાદિ આઠ મંગલોના આલેખન કર્યુ. આ પ્રમાણે બધે વ્યુત્પત્તિ માત્ર યથાયોગ ભાવના કરવી. સમ્યગ્ ભાવના કરવાનું



શક્ય નથી. આ નાટ્યવિધિનું સમ્યક્ સ્વરૂપ પ્રતિપાદન પૂર્વ અંતર્ગત્ નાટ્યવિધિ પ્રાભૃતમાં આ નાટ્યવિધિ કહેવાયેલ હતી.

**● સૂત્ર-૨૪,૨૫ :-**

*[૨૪] ત્યારપછી તે ઘણાં દેવકુમારો, દેવકુમારીઓ એકસાથે એકઠા થયા ત્યાંથી દિવ્ય દેવરમણમાં પ્રવૃત્ત થયા સુધીનું સર્વ કથન કહેવું. ત્યારપછી તે અનેક દેવકુમારો અને દેવકુમારીઓ શ્રમણ ભગવન્ મહાવીર સન્મુખ આવર્ત્ત, પ્રત્યાવર્ત્ત, શ્રેણિ, પ્રશ્રેણિ, સ્વસ્તિક, સૌવસ્તિક, પૂષ્યમાનક, મત્સ્યંડ, મકરંડક, જાર, માર, પુષ્પાવલિ, પદ્મપત્ર, સાગરતરંગ, વાસંતીલતા, પદ્મલતાના આકારની રચનારૂપ દિવ્ય નાટ્યવિધિનો અભિનય કરીને બતાવ્યો. આ રીતે એક-એક નાટ્યવિધિમાં એકઠા થયા યાવત્ દિવ્ય દેવક્રીડામાં પ્રવૃત્ત થયા, ત્યાં સુધીની વક્તવ્યતા પૂર્વવત્ કહેવું.*

*ત્યારપછી ઘણાં દેવકુમાર-દેવકુમારીઓ શ્રમણ ભગવન્ મહાવીર સન્મુખ ઈહા-મૃગ-વૃષભ-તુરગ-નર-મગર-વિહગ-વ્યાલક-કિંનર-રુરુ-સરભ-ચમર-કુંજર-વનલતા-પદ્મલતાના આકારની રચનારૂપ દિવ્ય નાટ્યવિધિનો અભિનય કરી બતાવ્યો. - પછી -*

*એકતઃ વક્ર, દ્વિધા વક્ર, એકનો ચક્રવાલ, દ્વિધા ચક્રવાલ, ચક્રાર્દ્ધ ચક્રવાલ નામક દિવ્ય નૃત્યવિધિ દેખાડે છે - પછી - ચંદ્રાવલિ, વલિતાવલિ, હંસાવલિ, સૂરાવલિ, એકાવલિ, તારાવલિ, મુક્તાવલિ, કનકાવલિ, રત્નાવલિ પ્રવિભક્તિ નામક દિવ્ય નૃત્યવિધિ દેખાડી. - પછી - ચંદ્ર અને સૂર્ય ઉદ્ગમન પ્રવિભક્તિ, ઉદ્ગમ-અનુદ્ગમન પ્રવિભક્તિ નામક દિવ્ય નૃત્યવિધિ દેખાડી. - પછી - ચંદ્રાગમન, સૂર્યાગમન, આગમનાગમન પ્રવિભક્તિ નામક દિવ્ય નૃત્યવિધિ દેખાડી. - પછી - ચંદ્રાવરણ, સૂર્યાવરણ પ્રવિભક્તિ નૃત્યવિધિ દેખાડી.*

*- પછી ચંદ અને સૂર્ય અસ્તમન વિધિ, અસ્તમન-અસ્તમાન પ્રવિભક્તિ નામક દિવ્ય નૃત્યવિધિ દેખાડી. - પછી ચંદ્રમંડલ, સૂર્યમંડલ પ્રવિભક્તિ, નાગ-યક્ષ-ભૂત-રાક્ષસ-મહોરગ-ગંધર્વ મંડલ પ્રવિભક્તિ નામક દિવ્ય નૃત્યવિધિ દેખાડી. - પછી વૃષભ અને સીહ લલિત વ્યુત્ક્રાંત, હાથી-ઘોડા વિલંબિત, મત્ત હાથી-ઘોડા વિલંબિત અને દ્રુત વિલંબીત નામક દિવ્ય નૃત્યવિધિ દેખાડી.*

*- પછી સાગર, નાગર, સાગરનાગર પ્રવિભક્તિ નામે નૃત્ય વિધિ દેખાડી. - પછી નંદા, ચંપા, નંદાચંપા પ્રવિભક્તિ નામક દિવ્ય નૃત્યવિધિ દેખાડી - પછી મત્સ્યંડ, મકરંડ, જારા, મારા અને મત્સ્યંડ-મકરંડ-જારા-મારા પ્રવિભક્તિ નામક દિવ્ય નૃત્યવિધિ દેખાડી.*

*- પછી क આકાર, ख આકાર, ग આકાર, घ આકાર, ङ આકાર અને क-ख-ग-घ-ङ આકાર પ્રવિભક્તિ નામક દિવ્ય નૃત્યવિધિ દેખાડી. - એ પ્રમાણે ચકાર વર્ગ, ટકાર વર્ગ, તકાર વર્ગ, પકાર વર્ગ પ્રવિભક્તિ નામક દિવ્ય નૃત્યવિધિ દેખાડી.*

*- પછી અશોક-આમ્ર-જંબૂ-કોસંબપલ્લવ પ્રત્યેકની તથા પલ્લવ પ્રવિભક્તિ નામક દિવ્ય નૃત્યવિધિ દેખાડી. - પછી પદ્મલતા યાવત્ શ્યામલતા અને લતા-લતા પ્રવિભક્તિ નામક દિવ્ય નૃત્યવિધિ દેખાડી. - પછી દ્રુત, વિલંબિત અને દ્રુતવિલંબિત નામક નૃત્યવિધિ દેખાડી. — પછી અંચિત, રિભિત, અંચિતરિભિત - પછી આરભડ, ભસોલ, આરભડભસોલ નૃત્યવિધિ દેખાડી.*

*- પછી ઉત્પાતનિપાત પ્રવૃત્ત, સંકુચિત, પ્રસારિત, રતા-ખેદરચિત, ભ્રાંત-સંભ્રાત નામક દિવ્ય નૃત્યવિધિ દેખાડી.*

*ત્યારપછી તે ઘણાં દેવકુમારો અને દેવકુમારીઓ, એક સ્થાને એક સાથે એકત્રિત થયાં યાવત્ દિવ્ય દેવરમણમાં પ્રવૃત્ત થયા. - - ત્યારપછી દેવકુમારો અને દેવકુમારીઓએ શ્રમણ ભગવન્ મહાવીરના પૂર્વભવ ચરિત્ર નિબદ્ધ, દેવલોક ચરિત્ર નિબદ્ધ, ચ્યવન-સંહરણ-જન્મ-અભિષેક-બાલ્યભાવ-યૌવન-કામભોગ-નિષ્કમણ-તપશ્ચરણ-જ્ઞાનોત્પાદ-તિર્થ પ્રવર્તન-પરિનિર્વાણ અને ચરમ આ બધાં ચરિત્ર નિબદ્ધ દિવ્ય નૃત્યવિધિ દેખાડી.*

*ત્યારપછી તે ઘણાં દેવકુમારો અને દેવકુમારીઓ ચાર પ્રકારના વાજિંત્રો વગાડે છે. તે આ - તત, વિતત, ઘન, ઝુસિર. - - ત્યારપછી ઘણાં દેવકુમારો અને દેવકુમારીઓ ચાર પ્રકારના ગીત ગાયા. તે આ - ઉત્ક્ષિપ્ત, પાદાંત, મંદક, રોચિતાવસાન.*

*ત્યારપછી તે ઘણાં દેવકુમારો અને દેવકુમારીઓએ ચાર પ્રકારની નૃત્યવિધિ દેખાડી. તે આ — અંચિત, રિભિત, આરભડ, ભસોલ. ત્યારપછી તે ઘણાં દેવકુમારો અને દેવકુમારીઓએ ચાર પ્રકારનો અભિનય કર્યો. - દાર્ષ્ટાન્તિક, પ્રાત્યંતિક, સામંતોપનિપાતિક, અંતર્મધ્યાવસાનિક.*

*ત્યારપછી તે ઘણાં દેવકુમારો-દેવકુમારીએ ગૌતમાદિ શ્રમણ નિર્ગ્રન્થોને દિવ્ય દેવઋદ્ધિ, દિવ્ય દેવદ્યુતિ, દિવ્ય દેવાનુભાવ, દિવ્ય બત્રીશ બદ્ધ નાટક દેખાડી, શ્રમણ ભગવન્ મહાવીરને ત્રણ વખત આદક્ષિણ પ્રદક્ષિણા કરે છે. કરીને વંદન-નમન કરે છે. વાંદી-નમીને સૂર્યાભદેવ પાસે આવ્યા. આવીને સૂર્યાભદેવને બે હાથ જોડી, મસ્તકે આવર્ત્ત કરી, મસ્તકે અંજલિ કરી, જય-વિજય વડે વધાવે છે, વધાવીને તેમની આજ્ઞા પાછી સોંપે છે.*

*[૨૫] ત્યારપછી તે સૂર્યાભદેવે, તે દિવ્ય દેવર્દ્ધિ દિવ્ય દેવદ્યુતિ, દિવ્ય દેવાનુભાવને પડિસંહરે છે, સંહરીને ક્ષણવારમાં એકલો એકભૂત થઈ ગયો. ત્યારપછી તે સૂર્યાભદેવે શ્રમણ ભગવન્ મહાવીરને ત્રણ વખત આદક્ષિણ-પ્રદક્ષિણા કરી, વંદન-નમસ્કાર કર્યા, વાંદી-નમીને પોતાના પરિવાર સાથે પરીવરીને તે જ દિવ્ય યાન વિમાનમાં બેઠો. બેસીને જે દિશાથી આવ્યો હતો, તે જ દિશામાં પાછો ગયો.*

● **વિવેચન-૨૪,૨૫ :-**

ત્યારપછી બીજી નાટ્યવિધિ દેખાડવાની ઈચ્છાથી ફરી પણ પૂર્વોક્ત પ્રકારે





એક સાથે એકત્રિત થયા, ઈત્યાદિ પૂર્વવત્. ત્યારપછી તે ઘણાં દેવકુમાર-દેવકુમારીઓ ગૌતમાદિ શ્રમણ સન્મુખ આવર્ત્ત, પ્રત્યાવર્ત્તથી લઈને પદ્મલતા સુધીની બીજી નૃત્યવિધિ દેખાડે છે. ત્યારપછી ત્રીજી નૃત્યવિધિ દેખાડવા ફરી તે પ્રમાણે જ એકઠા થવું, એક-એક નાટ્યવિધિમાં પ્રત્યેકમાં કહેવું. તે દેવરમણમાં પ્રવૃત્ત થયા ત્યાં સુધી દરેકમાં કહેવું. - પછી - ઈહા, મૃગ, ઋષભ, તુરગ, નર, મકર ઈત્યાદિ (સૂત્રોક્ત) ત્રીજી નાટ્યવિધિ દેખાડી.

પછી ચક્ર - એકતઃ ચક્રવાલાદિ ચાર દિવ્ય નૃત્ય વિધિ દેખાડે છે. ત્યારપછી વિધિપૂર્વક ચંદ્રાવલિ પ્રવિભક્તિ, સૂર્યાવલિ પ્રવિભક્તિ આદિ [સૂત્રોક્ત] પાંચમી નાટ્યવિધિને દેખાડે છે. પછી ઉક્ત ક્રમથી ચંદ્રોદ્ગમન, સૂર્યોદ્ગમન પ્રવિભક્તિ નામે છઠ્ઠી નૃત્ય વિધિ દેખાડે છે. પછી ઉક્ત ક્રમથી ચંદ્રાગમન પ્રવિભક્તિ આદિ સાતમી નૃત્યવિધિ દેખાડે છે. પછી ઉક્ત ક્રમથી ચંદ્રાવરણપ્રવિભક્તિ ઈત્યાદિ આઠમી નૃત્યવિધિ દેખાડે છે. પછી ઉક્ત ક્રમથી ચંદ્રાસ્ત-મયન પ્રવિભક્તિ આદિ નવમી નાટ્યવિધિ દેખાડે છે.

પછી ઉક્ત પ્રકારે ચંદ્રમંડલ પ્રવિભક્તિ, સૂર્યમંડલ પ્રવિભક્તિ ઈત્યાદિ મંડલ પ્રવિભક્તિ નામક દશમી દિવ્ય નાટ્યવિધિ દેખાડી.

પછી ઉક્તક્રમથી ઋષભમંડલ પ્રવિભક્તિ, સિંહમંડલ પ્રવિભક્તિ ઈત્યાદિ સૂત્રમાં કહ્યા મુજબ દ્રુતવિલંબિત પર્યન્ત અગીયારમી નાટ્યવિધિ. પછી સાગર પ્રવિભક્તિ, નાગર પ્રવિભક્તિ, સાગરનાગર પ્રવિભક્તિ નામક બારમી નાટ્યવિધિ, પછી નંદા પ્રવિભક્તિ આદિ તેરમી નાટ્યવિધિ. પછી મત્સ્યાંડક પ્રવિભક્તિ આદિ ચૌદમી નાટ્યવિધિ પ્રદર્શિત કરી.

પછી ક્રમથી કકાર, ખકાર ઈત્યાદિ, અભિનયરૂપ क વર્ગનામક પંદરમી દિવ્ય નાટ્યવિધિ. પછી ચકાર, છકાર આદિ પ્રવિભક્તિ નામક સોળમી દિવ્ય નાટ્યવિધિ. પછી तकार, થકાર આદિ પ્રવિભક્તિ નામક અઢારમી નાટ્ય વિધિ. પછી. પછી पकार, फकार આદિ પ્રવિભક્તિ નામક ઓગણીસમી નાટ્યવિધિ.

પછી અશોકપલ્લવ પ્રવિભક્તિ આદિ વીસમી નાટ્યવિધિ. પછી પદ્મલતા પ્રવિભક્તિ, નાગલતા પ્રવિભક્તિ આદિ અભિનયાત્મક લતા પ્રવિભક્તિ નામક એકવીસમી દિવ્ય નાટ્યવિધિ દેખાડી.

પછી દ્રુત નામક બાવીશમી નાટ્યવિધિ. પછી વિલંબિત નામક તેવીસમી, પછી દ્રુત વિલંબિત નામ ચોવીસમી. પછી અંચિત નામક પચ્ચીસમી, પછી રિભિત નામક છવ્વીસમી, પછી અંચિતરિભિત નામક સત્તાવીસમી, પછી આરભટ નામક અઠ્ઠાવીસમી, પછી ભસોલ નામક ઓગણત્રીશમી, પછી આરભટ ભસોલ નામક ત્રીશમી નાટ્ય-વિધિ દેખાડી.

પછી ઉત્પાતનિપાત પ્રસક્ત, સંકુચિત પ્રસારિત રેવકરચિત, ભ્રાંતસંભ્રાંત નામક એકત્રીશમી દિવ્ય નાટ્યવિધિ દેખાડે છે.

પછી શ્રમણ ભગવંત મહાવીરના છેલ્લા પૂર્વ મનુષ્ય ભવ, ચરમ ચ્યવન, ચરમ

ગર્ભ સંહરણ, ચરમ ભરતક્ષેત્ર અવસર્પિણી તીર્થંકર જન્માભિષેક, ચરમ બાલ્યભાવ, ચરમયૌવન, ચરમ કામભોગ, ચરમ નિષ્ક્રમણ, ચરમ તપશ્ચરણ, ચરમ જ્ઞાનોત્પાદ, ચરમ તીર્થ પ્રવર્તન, ચરમ પરિનિર્વાણ નિબદ્ધ, ચરમનિબદ્ધ બત્રીશમી નાટ્યવિધિ દેખાડી.

પછી ઘણાં દેવકુમારો અને દેવકુમારીઓ નાટ્યવિધિની પરિસમાપ્તિમાં મંગલભૂત ચાર પ્રકારના વાદિત્ર વગાડે છે. તત-મૃદંગાદિ, વિતત-વીણાદિ, ઘન-કંસિકાદિ, સુષિર-શંખાદિ. પછી ચાર પ્રકારના ગીત ગાય છે. તે આ - ઉત્ક્ષિપ્ત યાવત્ વૃદ્ધાદિ ચતુર્ભાગરૂપ પાદબદ્ધ. મધ્યભાગમાં મૂર્છનાદિ ગુણોપેતપણે મંદ મંદ ઘોલનાત્મક રોચિતાવસાન.

પછી ચાર પ્રકારે નર્તનવિધિ દેખાડે છે. તે આ પ્રમાણે – 'અંચિત' ઈત્યાદિ. ત્યારપછી ચાર પ્રકારનો અભિનય કરે છે - દાર્ષ્ટાન્તિક, પ્રાત્યંતિક આદિ ચાર. આ નર્તનવિધિ અને અભિનય વિધિ નાટ્ય કુશલો પાસેથી જાણવી. ઉપસંહાર સૂત્ર સુગમ છે. એકભૂત-અનેકીભૂત એકત્વને પ્રાપ્ત. नियग - નિજક, परियाल - પરિવાર.

**● સૂત્ર-૨૬ :-**

***ભગવન્‌ને આમંત્રીને ગૌતમસ્વામીએ શ્રમણ ભગવન્ મહાવીરને વંદન-નમસ્કાર કર્યા. કરીને કહ્યું – હે ભગવન્ ! સૂર્યાભદેવને આ દિવ્ય દેવઋદ્ધિ, દિવ્ય દેવદ્યુતિ, દિવ્ય દેવાનુભાવ ક્યાં ગયો ? ક્યાં પ્રવેશ્યો ? ગૌતમ ! શરીરમાં ગઈ, શરીરમાં પ્રવેશી. ભગવન્ ! એમ કેમ કહો છો કે શરીરમાં ગઈ, શરીરમાં પ્રવેશી ? ગૌતમ ! જેમ કોઈ કૂટાગાર શાળા હોય, બંને બાજુથી લિપ્ત, બંને બાજુથી ગુપ્ત, ગુપ્ત દ્વારવાળી, નિર્વાત, નિર્વાત ગંભીર હોય. તે કૂટાગાર શાળાની કંઈક સમીપે એક મોટો જનસમૂહ હોય. ત્યારે તે જનસમૂહ એક મોટા મેઘના વાદળ કે વર્ષતા વાદળ કે મહાવાતને વાતો જોઈને તે કૂટાગાર શાળાની અંદર પ્રવેશીને રહે છે. તેમ હે ગૌતમ ! એમ કહ્યું કે શરીરમાં પ્રવેશી.***

**● વિવેચન-૨૬ :-**

ભદંત ! એવા આમંત્રણપૂર્વક ગૌતમસ્વામીએ ભગવન્ મહાવીરને વંદન-નમન કરીને પૂછ્યું. બીજી પ્રતમાં વાચના આ રીતે છે - તે કાળે, "તે સમયે શ્રમણ ભગવન્ મહાવીરના જ્યેષ્ઠ શિષ્ય૦" - x - આ બે પદ વડે, તેના સકલ સંઘાતિપતિત્વને કહ્યું. 'ઈન્દ્રભૂતિ' એ માતાપિતા કૃત્ નામ છે. - x - x - "અંતેવાસી"ની વિવક્ષા કરતા શ્રાવક પણ થાય, તેથી તે શંકાના છેદન માટે કહે છે – अनगार - જેને ઘર નથી તે. આ ગોત્રરહિત પણ સંભવે છે. તેથી કહે છે – "ગૌતમ" ગોત્રથી. આ તત્કાલ ઉચિત દેહ પરિમાણ અપેક્ષાએ ન્યૂનાધિક દેહ પણ હોય, તેથી કહે છે – સાત હાથ પ્રમાણ ઉંચુ શરીર. તે લક્ષણહીન પણ હોય, તેથી કહે છે – સમચતુરસ્ર સંસ્થાન-શરીર લક્ષણ શાસ્ત્રોક્ત પ્રમાણ અવિસંવાદિ ચાર દિશાવિભાગોપલક્ષિત શરીર અવયવો જાણવા. બીજા કહે છે – અન્યૂનાધિક ચારે દિશા - અસ્ર છે તેવું સંસ્થાન - આકાર. ડાબા-જમણા જાનુનું અંતર, આસનથી લલાટના ઉપરના ભાગનું અંતર, ડાબા



સ્કંધથી જમણાજાનુનું અંતર સમાન હોય છે. બીજા કહે છે – વિસ્તાર અને ઉત્સેધના સમપણાથી સમચતુરસ્ર.

અહીં યાવત્ શબ્દથી વજ્રઋષભ સંઘયણ, કનક પુલક નિઘસ પક્ષ્મ ગૌર, ઉગ્ર તપ, દિપ્ત તપ, તપ્ત તપ, મહા તપ, ઉદાર, ઘોર, ઘોર ગુણ, ઘોર તપસ્વી, ઘોર બ્રહ્મચર્યવાસી, શરીરત્યાગી, સંક્ષિપ્ત વિપુલ તેજોલેશ્યી, ચૌદપૂર્વી, ચાર જ્ઞાનયુક્ત, સર્વાક્ષર સંનિપાતિ, ભગવંત મહાવીરની કંઈક સમીપ ઉર્ધ્વજાનુ, અધોશિર, ધ્યાન કોષ્ઠોપગત સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિચરતા હતા૦ ઈત્યાદિ - x - x - જાણવું.

તેમાં नाराच - બંને બાજુ મર્કટ બંધ ઋષભ, તેના ઉપર વેષ્ટન પટ્ટ. કીલિકા-ત્રણે અસ્થિને પણ ભેદક અસ્થિ એવા રૂપનું સંઘયણ, સુવર્ણના જે લવ, તેનો જે કષપટ્ટક રેખારૂપ. પદ્મ-પદ્મ કેસરા કહે છે. - x - x - કનક પુલકના નિકષવત્ અને પદ્મવત્ જે ગૌર છે તે અથવા સુવર્ણનું જે દ્રવત્વ થતાં બિંદુ, તેનો નિકષ, વર્ણથી સદૃશ. પદ્મકેસરવત્ જે ગૌર તે. આ વિશિષ્ટ ચરણરહિત પણ હોય. તેથી કહે છે–

ઉગ્ર તપ - અનશનાદિ અધૃષ્ય તપ. - x - દીપ્ત-જાજ્વલ્યમાન, કર્મવન ગહન દહન સમર્થપણે જ્વલિત તપ-ધર્મધ્યાનાદિ. તપ્તતપ-જેના વડે સર્વે અશુભ કર્મો ભસ્મસાત્ થાય છે તે તપ્તતપ. મહાતપ-આશંસા દોષ રહિતત્વથી પ્રશસ્ત તપ છે તે. ઉરાલ-ઉદાર, ભીષ્મ, ઉગ્રાદિ વિશિષ્ટ તપ કરણથી પાસે રહેલા અલ્પસત્ત્વી માટે ભયાનક. ઘોર-નિર્ઘૃણ, પરીષહ, ઈન્દ્રિયાદિ રિપુગણના વિનાશને આશ્રીને નિર્દય. ઘોર-બીજા દ્વારા આચરવો મુશ્કેલ, ગુણ-મૂળ ગુણાદિ જેને છે તે ઘોરગુણ. ઘોર તપસ્વી. ઘોર-દારુણ, અલ્પસત્વી વડે આચરવું અશક્ય એવું બ્રહ્મચર્ય.

उच्छूढ - ઉજ્ઝિત, સંસ્કાર પરિત્યાગ ત્યાગેલ શરીર. સંક્ષિપ્ત - શરીર અંતર્ગતત્વથી હ્રસ્વતાને પામેલ. વિપુલ-વિસ્તીર્ણ, અનેક યોજન પ્રમાણ ક્ષેત્રાશ્રિત વસ્તુને બાળવામાં સમર્થ. તેજોલેશ્યા-વિશિષ્ટ તપોજન્ય લબ્ધિ વિશેષથી ઉત્પન્ન તેજની જ્વાળા. ચૌદપૂર્વોની રચના કરનાર. આના દ્વારા શ્રુતકેવલિત્વ કહ્યું. તે અવધિજ્ઞાન રહિતને પણ હોય, તેથી કહ્યું – ચાર જ્ઞાનથી યુક્ત. બંને વિશેષણ છતાં કોઈ સમગ્ર શ્રુત વિષય વ્યાપી જ્ઞાની ન હોય. ચૌદપૂર્વી પણ છ સ્થાન પતિત સાંભળેલ છે, તેથી કહે છે – સર્વાક્ષર સંનિપાતી - અક્ષરોનો સંયોગ, તે જેને જ્ઞેય છે તે. અર્થાત્ જગત્‌માં જે પદાનુપૂર્વી અને વાક્યાનુપૂર્વી સંભવે છે, તે બધાંને જાણે છે. વિનયસમૂહ અને શિષ્યાચારથી ભગવંતથી કંઈક નીકટ વિચરે છે. - x - x - કેવા થઈને વિચરે છે ?

ઉર્ધ્વ જાનુવાળા, અધોશિર-ઉંચે કે તિર્છી દૃષ્ટિ નહીં. પણ નિયત ભૂ ભાગે રાખેલ દૃષ્ટિ. ધ્યાન-ધર્મ અને શુક્લ. તે રૂપ કોઠો તેને પ્રાપ્ત. જેમ કોઠામાં ધાન્યને નાંખતા વિખરાતું નથી, તેમ ભગવાન પણ ધ્યાનથી અવિપ્રકીર્ણ ઈન્દ્રિય અને અંતઃકરણવૃત્તિ. પંચાશ્રવ નિરોધાદિ લક્ષણ સંયમ, અનશનાદિ તપથી. આના વડે પ્રધાન મોક્ષાંગતા જણાવી છે. સંયમની પ્રધાનતાથી નવા કર્મોના અનુપાદાન હેતુત્વથી

અને તપથી જૂના કર્મોની નિર્જરાના હેતુથી આમ કહ્યું. કેમકે નવા કર્મો ગ્રહણ ન કરવા અને જૂના કર્મોના ક્ષયથી સર્વ કર્મક્ષય લક્ષણ મોક્ષ થાય છે. - x - x - આત્માને વાસિત કરતા રહે છે.

પછી ધ્યાનકોષ્ઠોપગત વિહરણ પછી, તે ગૌતમ, જાત શ્રદ્ધાદિ વિશેષણ વિશિષ્ટ થઈ ઉત્તિષ્ઠ થાય છે. जातश्रद्ध - કહેવાનાર અર્થ, તત્ત્વને જાણવાની ઈચ્છામાં પ્રવૃત્ત. સંશય - અનવધારિતાર્થ જ્ઞાન તે આ રીતે — આવી દિવ્ય દેવર્દ્ધિ વિસ્તૃત થઈ, હવે તે ક્યાં ગઈ ? जातकुतूहल - ઉત્સુકતા જન્મી, ભગવન્ આ અર્થ કઈ રીતે પ્રરૂપશે. ઉત્પન્ન શ્રદ્ધા - પૂર્વે ન હતી પણ હવે ઉત્પન્ન થયેલ. પ્રવૃત્ત શ્રદ્ધત્વથી ઉત્પન્ન શ્રદ્ધત્વના લબ્ધત્વથી, અનુત્પન્ન શ્રદ્ધા પ્રવર્તતી નથી. - x - x - x - x - ઉત્પન્ન શ્રદ્ધ, ઉત્પન્ન સંશય પૂર્વવત્. संजातश्रद्ध - ઈત્યાદિ છ પદ પૂર્વવત્. અહીં सं શબ્દ - પ્રકર્ષાદિ વચન જાણવું.

ઉત્થાનમુત્થા - ઉર્ધ્વ વર્તનપણે ઉઠે છે. અહીં 'ઉઠે છે' કહેવાથી ક્રિયા આરંભ માત્ર જાણવો. જેમ બોલવાને ઉભો થયો, - x - ઉઠીને જે દિશામાં ભગવન્ મહાવીર છે, તે દિશામાં આવે છે, આવીને ભગવન્‌ને ત્રણ વખત આદક્ષિણ પ્રદક્ષિણા કરે છે. કરીને વંદન-નમન કરે છે. કરીને આમ કહે છે — સૂર્યાભદેવની ઋદ્ધિ ક્યાં ગઈ ? આદિ.

તેમાં અંતર પ્રવેશ અભાવે પણ ગમન દેખાય છે. જેમ ભીંતમાં ગયેલ ધૂળ. આ દિવ્યાનુભાવ અમુક પ્રદેશમાં દેખાતો હતો. હવે દેખાતો નથી. તેથી ફરી પૂછે છે - ક્યાં પ્રવેશી ગયો ? ભગવંતે કહ્યું — શરીરમાં ગઈ, શરીરમાં પ્રવેશી. ભગવન્ ! કયા હેતુથી કહો છો ? ભગવંતે કહ્યું — જેમ કોઈ શિખર આકારનો પર્વત હોય. તેની ઉપર શિખરાકાર આચ્છાદન હોય, તેવી શાળા તે કૂટાકાર શાળા. તે છાણ આદિ વડે બંને બાજુએ લિપ્ત હોય, બહારના પ્રાકારથી આવૃત્ત, દ્વાર બંધ કરવાથી ગુપ્તદ્વાર, - x - વાયુના અપ્રવેશથી નિર્વાત, નિર્વાત છતાં વિશાળ.

તે કૂટાગાર શાળાની કંઈક સમીપે એક કોઈ જનસમૂહ રહેલો હોય. તે કોઈ મોટા મેઘરૂપ વાદળને કે વર્ષાની સંભાવના યુક્ત વાદળને જુએ. વર્ષા કરતા વાદળ કે મહાવાતને આવતો જુએ, તે જોઈને તે કૂટાગાર શાળાની અંદર પ્રવેશીને રહે. એ પ્રમાણે સૂર્યાભ દેવની પણ તે વિશાળ દિવ્ય દેવર્દ્ધિ-ધુતિ-દેવાનુભાવ શરીમાં પ્રવેશી ગયો. - x - x - ફરી ગૌતમ પૂછે છે —

● સૂત્ર-૨૭ :-

*ભગવન્ ! સૂર્યાભદેવનું સૂર્યાભ નામક વિમાન ક્યાં છે ? ગૌતમ ! જંબૂદ્વીપ દ્વીપમાં મેરુ પર્વતની દક્ષિણે, આ રત્નપ્રભા પૃથ્વીના બહુસમરમણીય ભૂમિ ભાગથી ઉંચે ચંદ્ર-સૂર્ય-ગ્રહગણ-નક્ષત્ર-તારા એ બધાંથી ઘણાં યોજનો, ઘણાં સેંકડો યોજનો, ઘણાં હજારો યોજનો, ઘણાં લાખો યોજનો, ઘણાં કરોડો યોજનો, ઘણાં હજાર કરોડો યોજનો ઉંચે દૂર ગયા પછી સૌધર્મકલ્પ નામે કલ્પ કહ્યો છે. તે પૂર્વ-પશ્ચિમ લાંબો અને ઉત્તર-દક્ષિણ પહોળો છે, અર્દ્ધ ચંદ્ર સંસ્થાન સંસ્થિત છે. સૂર્ય કિરણોની માફક પોતાની ધુતિથી હંમેશાં ચમકતો રહે છે. અસંખ્યાત કોડાકોડી યોજન તેની લંબાઈ-પહોડાઈ, અસંખ્યાત યોજન પ્રમાણ તેની પરિધિ છે એ સૌધર્મકલ્પમાં બત્રીશ લાખ વિમાન કહેલા છે.*

*ઉક્ત વિમાનો સર્વ રત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. તે વિમાનોના બહુ મધ્યદેશ ભાગે પાંચ વતંસક કહ્યા છે. તે આ — અશોકાવતંસક, સપ્તપર્ણાવતંસક, ચંપકાવતંસક, ચૂયગાવતંસક અને મધ્યમાં સૌધર્માવતંસક છે. તે અવતંસકો રત્નમય યાવત્ પ્રતિરૂપ છે.*

*તે સૌધર્માવતંસક મહાવિમાનની પૂર્વમાં તિર્છા અસંખ્યાત હજારો યોજન ગયા પછી આ સૂર્યાભ દેવનું સૂર્યાભ નામે વિમાન કહ્યું છે. તે સાડા બાર લાખ યોજન લંબાઈ-પહોડાઈ છે. તેની પરિધિ ૩૯,૫૨,૮૪૮ યોજન છે. તે એક પ્રાકાર વડે ચોતરફથી પરિવૃત્ત છે. તે પ્રાકાર ૩૦૦ યોજન ઉંચો, મૂળમાં ૧૦૦ યોજન વિષ્કંભ, મધ્યમાં ૫૦ યોજન અને ઉપર ૨૫ યોજન છે. આ રીતે તે પ્રાકાર મૂળમાં વિસ્તૃત, મધ્યમાં સંક્ષિપ્ત અને ઉપર પાતળો એવા ગોપુચ્છ સંસ્થાને સંસ્થિત, સર્વ સુવર્ણમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે.*

*તે પ્રાકાર વિવિધ પંચવર્ણી કપિશીર્ષકથી શોભે છે. તે આવા — કૃષ્ણ, નીલ, લાલ, પીળો, શ્વેત, કપિશીર્ષકોથી. તે કપિશીર્ષકો એક યોજન લાંબા, અર્દ્ધ યોજન પહોળા, દેશોન યોજન ઉર્ધ્વ ઉંચાઈથી છે. સર્વે મણિરત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે.*

*સૂર્યાભ વિમાનની એક એક બાજુમાં એક-એક હજાર દ્વાર હોય છે, તેમ કહ્યું છે. તે દ્વાર ૫૦૦ યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી, ૨૫૦ યોજન વિષ્કંભથી, તેટલું જ તેનું પ્રવેશન છે. આ બધાં દ્વાર શ્વેત વર્ણી, શ્રેષ્ઠ સુવર્ણ સ્તુપિકાયુક્ત છે. તેના ઉપર ઈહા-મૃગ-વૃષભ-ઘોડા-મનુષ્ય-મગર-વિહગ-સર્પ-કિન્નર-રુરુ-સરભ-હાથી, વનલતા, પદ્મલતા આદિના ચિત્રો ચિત્રિત છે. સ્તંભો ઉપર બનેલ વજ્ર રત્નોની વેદિકાયુક્ત હોવાથી રમણીય દેખાય છે. સમશ્રેણિ સ્થિત વિદ્યાધર યુગલ યંત્ર દ્વારા ચાલતા દેખાય છે. તે દ્વારો હજારો કિરણોથી વ્યાપ્ત, હજારો રૂપકો વડે યુક્ત હોવાથી દીપ્યમાન અને અતિ દીપ્યમાન છે. જોતાં જ જોનારની આંખ ત્યાં ચોંટી જાય છે. સુખ સ્પર્શ અને રૂપ શોભા સંપન્ન છે.*

*તે દ્વારોના નેમ વજ્રમય, પ્રતિષ્ઠાન રિષ્ઠમય, સ્તંભ વૈડૂર્યમય, તલભાગ સ્વર્ણજડિત પંચરંગી મણિરત્નોનો બનેલ છે. તેની દહેલી હંસગર્ભ રત્નોની, ઈન્દ્રકીલ ગોમેદરત્નની, દ્વાર શાખા લોહિતાક્ષ રત્નોની, ઉત્તરંગ જ્યોતિરસ રત્નોનો, સંધિ કિલિકા લોહિતાક્ષ રત્નની, સંધિ વજરત્નથી પૂરેલી, સમુદ્ગક વિવિધ મણીઓના છે. અર્ગલાઓ, અર્ગલાપાસાઓ વજ્ર રત્નોની છે. આવર્તન પીઠિકા ચાંદીની છે. ઉત્તર-પાર્શ્વક અંકરત્નોના, તેમાં લાગેલા કમાડ એટલા ફીટ-સઘન છે કે બંધ કર્યા પછી થોડું પણ અંતર રહેતું નથી. પ્રત્યેક દ્વારની બંને બાજુઓની ભીંતોમાં ૧૬૮ ભિત્તિગુલિકાઓ છે. એટલી જ ગોમાનસિકાઓ છે.*

***પ્રત્યેક દ્વાર ઉપર અનેક પ્રકારના મણિરત્નમય વ્યાલ રૂપોની પુતળીઓ છે. વજરત્નમય કુડ્ડ, રત્નમય ઉત્સેધ, તપનીય સ્વર્ણમય ઉલ્લોચ, વિવિધ મણિ રત્નમય જાળપંજર, મણિમય વંશક, લોહિતાક્ષ પ્રતિવંશક, રજતમય ભૂમિ, પાંખ અને પાંખ બાહા અંક-રત્નોની છે. જ્યોતિરસ રત્નમયી વાંસ-વલ્લી છે. પાટિયા ચાંદીના છે. જાત્ય રૂપ્યમયી અવઘાટણીઓ, ઉપરી પ્રોંછનીઓ વજરત્નોની તથા નીચેના આચ્છાદન સર્વથા શ્વેત-ધવલ-રજતમય છે.***

***તેના શિખર અંકરત્નોના છે. તેના ઉપર સુવર્ણની સ્તુપિકા છે. આ દ્વાર શંખ સમાન વિમલ, દધિ ઘન ગોક્ષીરફેણ-રજતસમૂહ સમાન, તિલક-રત્ન-અર્દ્ધચંદ્ર ચિત્રાકાર છે. વિવિધ મણિદામથી અલંકૃત, અંદર-બહાર શ્લક્ષ્ણ, સુવર્ણવાલુકા પ્રસ્તટ, સુખસ્પર્શી સશ્રીક રૂપવાળા, પ્રાસાદીય-દર્શનીય-અભિરૂપ-પ્રતિરૂપ છે.***

● **વિવેચન-૨૭ :-**

સૂર્યાભદેવનું સૂર્યાભવિમાન ક્યાં કહ્યું છે ? આ જંબૂદ્વીપનો જે મેરુ પર્વત, તેની દક્ષિણે અને આ રત્નપ્રભા પૃથ્વીના બહુસમ રમણીય ભાગથી ઉપર [સૂત્રાર્થમાં કહ્યા મુજબ] ઘણે ઉપર ગયા પછી સાર્દ્ધરજ્જુ પ્રમાણ પ્રદેશમાં સૌધર્મ નામે કલ્પ છે. તે પૂર્વ-પશ્ચિમ લાંબો અને ઉત્તર દક્ષિણ પહોળો છે. અર્દ્ધ ચંદ્ર સંસ્થાન સંસ્થિત છે. સૌધર્મ અને ઈશાન દેવલોક ભેગા થઈને પરિપૂર્ણ ચંદ્ર મંડલ સંસ્થાન સંસ્થિત છે. મેરુની દક્ષિણ તરફ સૌધર્મકલ્પ અને ઉત્તર તરફ ઈશાનકલ્પ છે.

કિરણોની જે માળા તે જેને છે તે અર્ચિર્માલી - કિરણમાળા સંકુલ. લંબાઈ અને પહોડાઈથી અસંખ્યેય યોજન કોડાકોડી છે, એ રીતે પરિધિથી પણ જાણવો. તે સર્વ રત્નમય, સ્વચ્છ, શ્લક્ષ્ણ, ધૃષ્ટ, મૃષ્ટ ઈત્યાદિ વિશેષણયુક્ત. તેમાં સૌધર્મકલ્પમાં બત્રીશ લાખ વિમાનો છે એમ હું કહું છું અને બાકીના તીર્થંકરોએ પણ કહ્યું છે. તે વિમાનો સમસ્તપણે રત્નમય, આકાશ સ્ફટિકવત્ અતિ નિર્મળ ઈત્યાદિ છે, તે પૂર્વવત્.

તે વિમાનોના બહુમધ્યદેશ ભાગમાં તેરમાં પાથડામાં સર્વત્ર વિમાનાવતંસકોના પોત-પોતાના કલ્પના છેલ્લા પાથડાવર્તી પાંચ વિમાનાવતંસકો કહ્યા છે. તે આ - પૂર્વ દિશામાં અશોકાવતંસક, દક્ષિણમાં સપ્તવર્ણાવતંસક, પશ્ચિમમાં ચંપકાવતંસક, ઉત્તરમાં ચૂતાવતંસક અને મધ્યમાં સૌધર્માવતંસક છે. એ પાંચે વિમાનાવતંસક સર્વ રત્નમય, સ્વચ્છ, શ્લક્ષ્ણ, લષ્ટ, ધૃષ્ટ, મૃષ્ટ યાવત્ પ્રતિરૂપ છે.

આ સૌધર્માવતંસકની પૂર્વ દિશામાં તિર્છા અસંખ્યેય લાખ યોજન જતાં સૂર્યાભદેવનું સૂર્યાભ નામે વિમાન કહ્યું છે તે સાડા બાર લાખ યોજન લંબાઈ-પહોડાઈથી છે. ૩૯,૫૨,૯૪૮ યોજનથી કંઈક અધિક પરિધિ હતી. આ પરિધિ પ્રમાણ કરણ વશ સ્વયં જાણી લેવું.

તે વિમાન એક પ્રાકાર વડે બધી દિશામાં સામસ્ત્યથી પરિવૃત્ત હતું. તે પ્રાકાર ૩૦૦ યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી, મૂળમાં ૧૦૦, મધ્યમાં-૫૦, ઉપર-૨૫ યોજન વિષ્કંભથી



હતો. મધ્યભાગથી આરંભી, ઉપર મસ્તક સુધી પ્રત્યેક યોજને યોજનના છટ્ઠે ભાગે વિષ્કંભથી ઘટતા-ઘટતા થાય છે. તે મૂળમાં વિસ્તીર્ણ, મધ્યે સંક્ષિપ્ત, ઉપર માત્ર-૨૫ યોજન વિસ્તારત્વથી ગોપુચ્છ સંસ્થાન સંસ્થિત છે. સર્વરત્નમયાદિ પૂર્વવત્.

તે પ્રાકાર વિવિધ પંચવર્ણી - કૃષ્ણાદિ વર્ણની અપેક્ષાએ કહ્યું. તે કપિશીર્ષકો પ્રત્યેક એક યોજન લંબાઈથી, અર્ધયોજન પહોડાઈથી, દેશોન યોજન ઉચ્ચત્વથી છે. સર્વ રત્નમયાદિ પૂર્વવત્. એક-એક બાહામાં હજાર દ્વાર છે, તેથી કુલ ૪૦૦૦ દ્વારો છે. તે બધાં દ્વારો ૫૦૦ યોજન ઉંચા, ૨૫૦ યોજન પહોળા, ૨૫૦ યોજન પ્રવેશથી છે. તે બધાં દ્વારોની ઉપર શ્વેતવર્ણ યુક્ત બહુલતાથી અંકરત્નમયત્વથી, વર કનકયુક્ત શિખરો છે. તે ઈહા-મૃગ-વૃષભ-તુરગ-નર-મગર-વિહગ-સર્પ-કિન્નર-રુરુ-સરભ-ચમર-હાથી-વનલતા-પદ્મલતાના ચિત્રોયુક્ત છે. સ્તંભ ઉપરની શ્રેષ્ઠ વજ્રમય વેદિકાથી પરિગત હોવાથી રમ્ય છે. યાવત્ સુખસ્પર્શી, સશ્રીકરૂપવાળા [સુધી સૂત્રાર્થ મુજબ] છે.

તે દ્વારોનો વર્ણ સ્વરૂપ આ પ્રમાણે - 'નેમા' નામક દ્વારોના ભૂમિભાગથી ઉર્ધ્વ નીકળતો પ્રદેશ. તે સર્વે વજરત્નમય છે. તેના મૂળ પાદો રિષ્ટ રત્નમય છે. તેના સ્તંભો વૈડૂર્ય રત્નમય છે. જાતરૂપ - સુવર્ણથી યુક્ત, પ્રધાન પંચવર્ણી ચંદ્રકાંતાદિ મણિ વડે, કર્કેતન આદિ રત્નોથી તેનું ભૂમિતલ બદ્ધ છે તે. તથા હંસગર્ભ નામે રત્નમય દેહલી, ગોમેજ્જ રત્નમય ઈન્દ્રકીલ, લોહીતાક્ષરત્નમય દ્વાર શાખા, દ્વારની ઉપર તિર્છા રહેલા ઉત્તરંગો જ્યોતીરસ નામક રત્નમય છે. લોહિતાક્ષ રત્નમયી સૂચીઓ - બે પાટીયા છુટા ન પડે તે હેતુથી. પાટીયાની સંધિ વજ્રમય છે. અર્થાત્ વજ્ર રત્ન વડે પૂરિત છે.

સમુદ્ગક-શૂચિકા ગૃહ, તે વિવિધ મણિમય છે અર્ગલા અને અર્ગલાનું નિયમન કરતાં અર્ગલાપ્રાસાદ વજ્રમય છે. - x - આવર્તન પીઠિકા જેમાં ઈન્દ્રકીલક હોય છે. [આ વાત જીવાભિગમની મૂલ ટીકામાં પણ છે.] અંકરત્નમય ઉત્તર પાર્શ્વવાળા જેમાં દ્વારો છે તે. જેમાંથી લઘુ અંતરરૂપ અંતરિકા નીકળી છે તે નિરંતરિકા. તેથી જ ઘન, કબાટના દ્વારો જેના છે. તે દ્વારોના પ્રત્યેક ઉભય પાર્શ્વ ભિત્તમાં ગયેલ, પીઠકસ્થાનીય ૩૫૬ પ્રમાણ છે. - x - દ્વાર વિશેષણ કહે છે — વિવિધ મણિ રત્નમય વ્યાલક રૂપ લીલા સ્થિત પુતળીઓ જેમાં છે તે. કૂડ - માળનો ભાગ, ઉચ્છ્રય - શિખર, અહીં શિખરો તે માળભાગ સંબંધી જાણવા.

ઉપરનો ભાગ સર્વાત્મપણે તપનીય સુવર્ણ વિશેષમય છે. જેમાં મણિમય વાંસ છે તે મણિમય વંશક, જેમાં પ્રતિવાસ લોહિતાક્ષ છે, જેની ભૂમિ રજતમયી છે તે. વિવિધ મણિ રત્નમય જેના જાલપંજર છે. - x - અંક - રત્ન વિશેષમય પક્ષ, તેના એક દેશભૂત પક્ષ બાહા પણ, તેના એકદેશ ભૂત અંકમય છે. - x -

જ્યોતીરસ નામક રત્નમય મહા પૃષ્ઠવંશ, મોટા વાંસની બંને બાજુ તિર્છા સ્થાપ્ય વંશકવેલ્લુક છે. રજતમય પટ્ટિકા - વાંસની ઉપર કંબાસ્થાનીય. જાતરૂપ-સુવર્ણ વિશેષમય અવઘાટિની-આચ્છાદન હેતુથી કંબ ઉપર સ્થપાતી મોટા પ્રમાણની કલિંચ સ્થાનિકા. અવઘાટનીની ઉપર નિબિડતર આચ્છાદન હેતુ શ્લક્ષ્ણતર તૃણ

વિશેષ સ્થાનીય 'પુંછની' વજરત્નમયી છે. - x - સર્વશ્વેત રજતમય પુંછનીની ઉપર કવેલ્લુક નામક અધ આચ્છાદન છે. અંકમય-અંકરત્નમય, કનકમય, મહાન શિખરો જેમાં છે, તે કનકકૂટ - તપનીય સ્તૂપિકા છે.

- x - હવે સ્તૂપિકાના શ્વેતપણાને ઉપસંહારાર્થે ફરી દર્શાવે છે. સેય - શ્વેત. શ્વેતત્વને ઉપમા વડે દૃઢ કરે છે. જેમાંથી મલ ચાલી ગયો છે, તે વિમલ એવું જે શંખતલ - શંખનો ઉપરનો ભાગ, જે નિર્મળ, ઘન સ્વરૂપ દહીં, ગાયના દુધનું ફીણ, ચાંદીનો ઢગલા જેવો પ્રકારો છે તે. તિલકરત્નો, તે અર્ધચંદ્ર છે, એવા વિવિધ રૂપવાળા. ક્યાંક "શંખતલ વિમલ નિર્મલ દહીં ગોક્ષીરફીણ રજતનિકર સમાન અર્ધ ચંદ્ર ચિત્રિત." - x - x - વિવિધ મણિમય માળા વડે અલંકૃત, અંદર-બહાર શ્લક્ષ્ણ પુદ્‌ગલ સ્કંધ નિર્મિત. સુવર્ણમયી જે રેતી, તેનો પ્રસ્તટ જેમાં છે, તે સુખ સ્પર્શ અને શોભાસહિત રૂપવાળા છે.

● **સૂત્ર-૨૮ :-**

*તે દ્વારોની બંને પડખે નિશીધિકાઓમાં ૧૬-૧૬ ચંદન કળશોની પંક્તિઓ કહી છે. તે ચંદન કળશો ઉત્તમ કળશો ઉપર પ્રતિષ્ઠિત છે. ઉત્તમ સુગંધી જળથી ભરેલ, ચંદન લેપથી ચર્ચિત, કંઠમાં રક્તસૂત્ર બાંધેલ, પદ્મોત્પલથી ઢાંકેલ મુખવાળા હતા. આ બધાં કળશો સર્વ રત્નમય, નિર્મળ યાવત્ બૃહત્ ઈન્દ્રકુંભ જેવા વિશાળ અને અતિ રમણીય છે.*

*તે દ્વારોના ઉભય પાર્શ્વવર્તી બંને નિશીધિકાઓમાં સોળ-સોળ નાગદંત પંક્તિઓ કહી છે. આ નાગદંત મોતી અને સોનાની માળામાં લટકતી ગવાક્ષાકાર ઘુંઘરુઓથી યુક્ત, નાની-નાની ઘંટિકાથી પરિવેષ્ટિત છે. તેનો અગ્રભાગ ઉપર તરફ ઉઠેલ દિવાલથી બહાર નીકળતો છે અને પાછળનો ભાગ અંદર દિવાલમાં સારી રીતે ઘુસેલો છે. આકાર સર્પના અધોભાગ જેવો છે. અગ્રભાગ સર્પાર્ધ સમાન છે, વજરત્નોના બનેલ છે. મોટા-મોટા ગજદંતો જેવા આ નાગદંત સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે.*

*તે નાગદંતોમાં ઘણાં કાળા સૂત્રથી બદ્ધ, વૃત્ત, વગ્ઘારિત માલ્ય દામયુક્ત, નીલ-લોહિત-હાલિદ્ર-શુક્લના પણ માલ્યાદામ લટકતા હતા. તે માળા તપનીય સુવર્ણના લંબૂસક, સુવર્ણના પત્રોથી મંડિત યાવત્ કર્ણ-મનને સુખકર શબ્દોથી તે પ્રદેશમાં ચોતરફ આપૂરિત કરતા કરતા શ્રી વડે અતી-અતી શોભતા એવા રહેલા હતા.*

*તે નાગદંતો ઉપર બીજી સોળ-સોળ નાગદંતોની પંક્તિઓ કહી છે. તે નાગદંતો પૂર્વવત્ યાવત્ મોટા-મોટા ગંજદંત સમાન કહેલા છે. હે આયુષ્યમાન્ શ્રમણો ! તે નાગદંતોમાં ઘણાં રજતમય સિક્કા કહેલ છે. તે રજતમય સિક્કાઓમાં ઘણી વૈડૂર્યમય ધૂપઘડીઓ કહી છે. તે ધૂપઘડી કાળો અગરુ, પ્રવર કુંદુરુક્ક, તુરુક્ક, ધૂપથી મઘમઘતા ગંધોદ્ધૂત રમ્ય, સુગંધ વર ગંધિકાથી ગંધવર્તીભૂત ઉદાર, મનોજ્ઞ, મનહર, ઘ્રાણ અને મનને સુખકર ગંધ વડે તે પ્રદેશ ચોતરફ*



*ફેલાઈ યાવત્ રહે છે.*

*તે દ્વારોના બંને પડખે નિશીધિકાઓમાં સોળ-સોળ પુતળીની પંક્તિઓ કહી છે. તે પુતળીઓ લીલા કરતી, સુપ્રતિષ્ઠ, સુઅલંકૃત, વિવિધ રંગી વસ્ત્રો, વિવિધ માળા ધારણ કરેલી, મુઠ્ઠી પ્રમાણ કટિભાગવાળી, મસ્તકે ઉંચો અંબોડો બાંધેલ, સમશ્રેણિ સ્થિત છે, તે સહવર્તી, અભ્યુન્નત, પરિપુષ્ટ, કઠોર, ભરાવદાર, સ્થૂળ, ગોળાકાર સ્તનોવાળી. રક્તશરીરી, ડાબા હાથમાં ગૃહીત અગ્ર શાખાવાળી, કંઈક અર્ધ મીંચેલ કટાક્ષ ચેષ્ટા વડે મનને હરણ કરતી એવી, આંખોમાં વસી જાય તેવી, પરસ્પર ખેદખિન્ન થતી, પૃથ્વી પરિણામી, શાશ્વત ભાવોપગત, ચંદ્રમુખી, ચંદ્ર વિલાસિની, ચંદ્રાર્દ્ધ સમ લલાટવાળી, ચંદ્રથી અધિક સૌમ્યદર્શનવાળી, ઉલ્કા જેવી ચમકતી વિદ્યુત્ ઘન, સૂર્યના કિરણોથી દિપ્તતેજથી અધિકતર પ્રકાશવાળી, શ્રૃંગારના ગૃહસમાન સુંદર વેશવાળી, પ્રાસાદીયાદિ રહેલી હતી.*

● **વિવેચન-૨૮ :-**

તે દ્વારના પ્રત્યેકના ઉભય પડખે એક એક નૈષેધિકીભાવથી બે પ્રકારની નૈષેધિકી વડે. નૈષેધિકી - બેસવાનું સ્થાન. - x - પ્રત્યેકના સોળ-સોળ કલશની પંક્તિ કહી છે. તે ચંદનકળશો, પ્રધાન જે કમળ, તેનો આધાર છે તે વરકમલ પ્રતિષ્ઠાન. તથા સુગંધી જળથી પ્રતિપૂર્ણ ચંદનથી કરેલ ઉપરાગ, જેના કંઠમાં રક્ત સૂત્રરૂપ આરોપેલ છે તે. જેમાં પદ્મોત્પલ યથાયોગ્ય ઢાંકેલ છે. તે સર્વે રત્નમય યાવત્ પ્રતિરૂપક છે.

અતિશય મહાન્ કુંભોમાં ઈન્દ્ર તે ઈન્દ્રકુંભ એવા મહેન્દ્રકુંભ સમાન-મહાકળશ પ્રમાણ કહ્યા છે. તે દ્વારોના પ્રત્યેક ઉભય પાર્શ્વે એક એક નૈષેધિકી ભાવથી જે બે પ્રકારે નૈષેધિકી, તે પ્રત્યેકની સોળ-સોળ નાગદંત પંક્તિઓ કહી છે. આ નાગદંત-અંકોટક મુક્તા જાળના અંતરમાં જે લંબાયેલો સુવર્ણમય દામ સમૂહ, જે ગવાક્ષાકૃતિ રત્નવિશેષ માળા સમૂહ, જે ક્ષુદ્ર ઘંટસમૂહ, તેના વડે ચોતરફ વ્યાપ્ત છે. તે અગ્રભાગે કંઈક ઉન્નત છે. અભિમુખ-બહારના ભાગે અભિમુખ નિસૃષ્ટ-નિર્ગત. તિર્છા ભિત્ત પ્રદેશ વડે અતિશય સમ્યક્, કંઈપણ અચલિતપણે ગૃહીત. સર્પની નીચેનો અર્ધભાગ, તે અર્ધસર્પ રૂપ-આકાર જેનો છે તે. અર્ધસર્પ સમાન અતિ સરળ અને દીર્ઘ. તે "અધઃપન્નગાર્દ્ધ સંસ્થાન સંસ્થિત. તે સર્વાત્મના વજમય, સ્વચ્છ, શ્લક્ષ્ણ યાવત્ પ્રતિરૂપ છે. હે આયુષ્યમાન ! તે નાગદંત ગજદંત આકારના કહેલ છે.

તે નાગદંતોમાં ઘણાં કાળા દોરાથી બાંધેલ, લટકાવેલ પુષ્પમાળા સમૂહ, ઘણાં લીલા દોરાથી બાંધેલ, લટકાવેલ પુષ્પ માળાનો સમૂહ, એ રીતે લાલ, પીળો, સફેદ પણ જાણવો. તે માળા તપનીય-સુવર્ણના લંબૂસક-માળાના અગ્રિમ ભાગમાં મંડન વિશેષ, પડખામાં સમસ્તપણે સોનાના પત્રકથી મંડિત, વિવિધ પ્રકારના મણી અને રત્નોના વિચિત્ર વર્ણવાળા અઢારસરાહાર, નવસરોહાર આદિથી ઉપશોભિત તથા યાવત્ શ્રી વડે અતીવ શોભતા રહે છે. યાવત્ શબ્દથી કંઈક મનોજ્ઞ, પૂર્વાદિ દિશાથી વાતા મંદ મંદ વાયુથી કંપતા, પ્રકંપતા, લંબાયમાન થતા, ઉદાર, મનોજ્ઞ, મનહર,

કાન-મનને સુખકર શબ્દો વડે તે પ્રદેશને ચોતરફથી આપૂરિત કરતા કરતા શ્રી વડે અતી ઉપશોભિત થઈ રહે છે. આ બધાંની પૂર્વે યાનવિમાન વર્ણનમાં વ્યાખ્યા કરેલ છે.

તે નાગદંતોમાં પ્રત્યેકની ઉપર બીજી સોળ-સોળ નાગદંત પંક્તિઓ કહી છે. અહીં નાગદંતોનું પૂર્વોક્ત વર્ણન જાણી લેવું. તે નાગદંતકમાં ઘણાં રજતમય સિક્કાઓ કહ્યા છે - તે શ્રેષ્ઠ રજતમય સિક્કામાં ઘણી વૈડૂર્યરત્નમય ધૂપઘટિકાઓ છે. જેમાં કાળા અગરુ આદિની ધૂપથી મઘમઘતા ઈત્યાદિ પૂર્વવત્. ઘ્રાણ-મનને સુખકર.

તે પ્રત્યેક દ્વારના બંને પડખે બે પ્રકારની નૈષેધિકીમાં સોળ-સોળ શાલભંજિકાની પંક્તિઓ કહી છે. તે પુતળીઓ લીલા કરતી રહેલી છે. સુમનોજ્ઞપણે પ્રતિષ્ઠિત છે. અતિશય રમણીયપણે અલંકૃત્ છે. વિવિધ રંગના તેના વસ્ત્રો છે. તથા વિવિધ રૂપ પુષ્પો [પુષ્પમાળા] પહેરાવેલી છે. દર્શનથી સુખકારી છે.

(તે પુતળીઓનો) મુટ્ઠીમાં ગ્રાહ્ય, શોભન મધ્ય ભાગ છે आमेलगादि० - પીન-પુષ્ટ, રચિત સંસ્થિત-સંસ્થાન જેમનું છે, તે. આમેલક-શિખર. તેના સમશ્રેણિક જે યુગલ, તેની જેમ બદ્ધ સ્વભાવથી ઉપચિત કઠિન અને અભ્યુન્નત એવા પયોધરવાળી. રક્તોપાંગ-આંખનો અંત ભાગ લાલ છે તેવી. અસિત-કાળા વાળ વાળી. આને જ વિશેષથી કહે છે — કોમળ, નિર્મળ, શોભન અસ્ફૂટિત અગ્રત્વાદિ લક્ષણથી યુક્ત, જેમાં સંવૃત્ત અગ્ર કેશ જેના છે તેવી. કંઈક શ્રેષ્ઠ અશોકવૃક્ષને આશ્રિત, અશોક વૃક્ષની શાખા જેણીએ ડાબા હાથે ગ્રહણ કરેલ છે તેવી.

જેની આંખ કંઈક તિર્છી-કટાક્ષ રૂપે રહેલ છે, તે ચેષ્ટા વડે સુરજનોના મનને આકર્ષનારી, પરસ્પર ચક્ષુ વડે અવલોકનથી જે સંશ્લેષ, તેના વડે ખેદ પામતી એવી અર્થાત્ એ પ્રમાણે તિર્છા વલિતાક્ષિ કટાક્ષ વડે પરસ્પર અવલોકન કરતી રહેલી છે. જેમકે પરસ્પર સૌભાગ્યને ન સહન કરતી, કટાક્ષ વડે પરસ્પર ખેદ પામે છે.

પૃથ્વી પરિણામ રૂપ અને વિમાનની જેમ શાશ્વત ભાવને પામેલ, ચંદ્ર સમાન મુખવાળી, ચંદ્રવત્ મનોહર વિલાસ કરવાના સ્વભાવવાળી, આઠમના ચંદ્ર સમાન લલાટવાળી, ચંદ્રથી પણ અધિક સુભગ કાંતિયુક્ત આકાર જેણીનો છે, તેવી તથા ઉલ્કા સમાન ઉધોત્ કરતી, વિદ્યુત્ જે ઘન-અત્યધિક કિરણો, જે સૂર્યના દીપ્ત-તેજથી અધિકતર પ્રકાશવાળી. શ્રૃંગારાગાર-ચારુવેસ० આદિ પૂર્વવત્.

● સૂત્ર-૨૯ :-

*તે દ્વારના બંને પડખે નિષિધિકાઓમાં સોળ-સોળ જાળ-કટકની પંક્તિ છે. તે જાલકટક સર્વરત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. તે દ્વારોના બંને પડખે નિષિધિકાઓમાં સોળ-સોળ ઘંટાની પંક્તિઓ કહી છે. તે ઘંટાનું વર્ણન આ પ્રમાણે છે — જાંબુનદમયી ઘંટા, વજ્રમય લોલક, વિવિધ મણિમય ઘંટાપાસા, તપનીયમય સાંકળો, રજતમય દોરડાઓ છે. તે ઘંટાઓ ઓઘસ્વરા, મેઘસ્વરા, સીંહસ્વરા, દુંદુભિસ્વરા, ક્રૌંચસ્વરા, નંદિસ્વરા, નંદિઘોષા, મંજુસ્વરા, મંજુઘોષા, સુસ્વરા, સુસ્વરનિર્ઘોષવાળી, ઉદાર-મનોજ્ઞ-મનહર-કર્ણ, મનને સુખકારી શબ્દોથી તે પ્રદેશને ચોતરફથી આપૂરિત કરતા રહે છે.*



*તે દ્વારોની બંને પડખે નિષીધિકામાં સોળ-સોળ વનમાળા પંક્તિઓ કહી છે. તે વનમાળાઓ વિવિધ મણીમય દ્રુમલતા કિશલય પલ્લવથી સમાકુલ, ભ્રમરો દ્વારા પરિભોગિત થતા શોભે છે, સશ્રીક અને પ્રાસાદીયાદિ છે.*

*- - તે દ્વારોની બંને પડખે નિષીધિકામાં સોળ-સોળ પ્રકંઠક કહેલ છે. તે પ્રકંઠકો ૨૫૦ યોજન લંબાઈ-પહોળાઈથી, ૧૨૫-યોજન જાડાઈથી, સર્વ વજ્રમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે.*

*તે પ્રકંઠકોની ઉપર પ્રત્યેકમાં પ્રાસાદાવતંસક કહ્યા છે. તે પ્રાસાદાવતંસક ૨૫૦ યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી છે, ૧૨૫-યોજન વિષ્કંભથી છે. ચારો દિશામાં વ્યાપ્ત પોતાની પ્રભાથી હસતા એવા લાગે છે. વિવિધ પ્રકારના મણિ-રત્નોથી તેમાં ચિત્ર-વિચિત્ર રચનાઓ બની હતી. વાયુથી ફરકતી, વિજય સૂચિત કરનારી વૈજયંતી પતાકા અને છત્રાતિછત્રથી અલંકૃત્ છે. અત્યંત ઉંચી હોવાથી તેના શિખર આકાશતલ ઉલ્લંઘતા જણાય છે. વિશિષ્ટ શોભા માટે જાળી-ઝરોખામાં રત્નો જડેલા હતા. તે રત્નો તત્કાળ પટારામાંથી નીકળેલા હોય તેવા ચમકતા હતા. મણિ અને સુવર્ણથી તેની સ્તૂપિકા નિર્મિત છે. વિકસિત શતપત્ર પુંડરીક, તિલક રત્નોથી રચિત અર્ધચંદ્ર, વિવિધ મણિમાળાથી અલંકૃત્ હતા. અંદર-બહારથી શ્લક્ષ્ણ, સુવર્ણની રેતીના પ્રસ્તટ, સુખસ્પર્શવાળા, સશ્રીકરૂપ, પ્રાસાદીય, દર્શનીય યાવત્ માળાથી શોભિત પ્રકંઠક-ધ્વજા-છત્રાતિછત્ર ઉપર છે.*

*તે દ્વારની બંને પડખે સોળ-સોળ તોરણો કહ્યા છે. તે વિવિધ મણિમય, વિવિધ મણીઓના નિર્મિત સ્તંભોની ઉપર સારી રીતે બાંધેલ હતા યાવત્ પદ્મના ગુચ્છોથી શોભિત છે. તે તોરણો આગળ બબ્બે શાલભંજિકા કહી છે. તેનું વર્ણન પૂર્વવત્. - - તે તોરણો આગળ નાગદંતો કહ્યા છે, તેનું વર્ણન પૂર્વવત્ યાવત્ મુક્તાદામ પર્યન્ત કહેવું. તે તોરણો આગળ બબ્બે અશ્વ, હાથી, મનુષ્ય, કિંનર, કિંપુરુષ, મહોરગ, ગંધર્વ અને વૃષભ યુગલ છે. આ બધાં રત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. આ પ્રમાણે વીથી પંક્તિ અને યુગલો સ્થિત છે.*

*તે તોરણોની આગળ બબ્બે પદ્મલતા યાવત્ શ્યામલતા, નિત્ય કુસુમિત, સર્વ રત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. - - તે તોરણોની આગળ બબ્બે અક્ષત દિશા-સૌવસ્તિક કહ્યા છે. તે સર્વ રત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. તે તોરણોની આગળ બબ્બે ચંદન કળશો કહ્યા છે. તે ચંદન કળશો શ્રેષ્ઠ કમળ ઉપર પ્રતિષ્ઠિત હતા.*

*તે તોરણોની આગળ બબ્બે ભૃંગાર કહ્યા છે. તે ભૃંગારો શ્રેષ્ઠ કમળ ઉપર પ્રતિષ્ઠિત યાવત્ હે આયુષ્યમાન્ શ્રમણો ! મોટા ઉન્મત્ત ગજરાજની મુખાકૃતિ સમાન વિશાળ આકારવાળા છે. તે તોરણોથી આગળ બબ્બે દર્પણો કહ્યા છે. તે દર્પણોનું આવું વર્ણન કહ્યું છે — સુવર્ણમય, પ્રકંઠક, વૈડૂર્યમય ચોકઠા, વજ્રમય પાછળનો ભાગ, વિવિધ મણિમય મંડલ, ઘસેલા ન હોવા છતાં પોતાની નિર્મળ પ્રભાથી યુક્ત, ચંદ્રમંડલવત્ નિર્મળ, કાયાર્દ્ધ સમાન મોટા હતા.*

*તે તોરણોની આગળ બબ્બે વજનાભ થાળ કહ્યા છે, આ બધા થાળ સ્વચ્છ, ત્રણવાર છડેલ, શોધેલ, નિર્મળ તાંદુલથી પરિપૂર્ણ ભરેલ એવા રહેલા હતા. બધાં જાંબુનદમય યાવત્ પ્રતિરૂપ અને મોટા મોટા રથના ચક્ર સમાન હે આયુષ્યમાન્ શ્રમણ ! કહેલા છે.*

*તે તોરણોની આગળ બબ્બે પાત્રીઓ છે. તે પાત્રીઓ સ્વચ્છ જળથી ભરેલી, વિવિધ પંચવર્ણી મણી જેવા તાજા ફળોથી ઘણી ભરેલી એવી છે, સર્વરત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. તે મોટા ગોકલિંજર સમાન હે આયુષ્યમાન્ શ્રમણો ! કહેલી છે.*

*તે તોરણો આગળ બબ્બે સુપ્રતિષ્ઠક છે. વિવિધ ભાંડ વિરચિત સમાન રહેલ છે, સર્વે રત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. - - તે તોરણો આગળ બબ્બે મનોગુલિકાઓ છે, તેમાં અનેક સોના-ચાંદીના પાટીયા છે. તે ફલકોમાં ઘણાં વજમય નાગદંતકા છે. તે વજમય નાગદંતકોમાં ઘણાં વજમય સિક્કા છે. તે વજમય સિક્કામાં કાળા-લીલા-લાલ-પીળા-સફેદ સૂતરના વસ્ત્રથી ઢાંકેલ વાતકરક વૈડૂર્યના યાવત્ પ્રતિરૂપ છે.*

*તે તોરણોની આગળ બબ્બે ચિત્ર રત્નકરંડક છે. જેમ ચાતુરંત ચક્રવર્તી રાજાના વૈડૂર્યમય અને સ્ફટિક મણિ પટલથી આચ્છાદિત અદ્ભૂત રત્નકરંડક પોતાની પ્રભાથી તે પ્રદેશને પૂર્ણતયા પ્રકાશિત, તાપિત, ઉદ્યોતિત, પ્રભાસિત કરે છે, તે જ પ્રકારે રત્નકરંડક પોતાની પ્રભાથી પોતાના નિકટવર્તી પ્રદેશને સર્વાત્મના પ્રકાશિત૦ આદિ કરે છે.*

*તે તોરણોની આગળ બબ્બે અશ્વકંઠ, ગજકંઠ, નરકંઠ, કિન્નરકંઠ, કિંપુરુષકંઠ, ગંધર્વકંઠ, ઋષભકંઠ છે, તે સર્વરત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. તે અશ્વ યાવત્ ઋષભકંઠકમાં બબ્બે પુષ્પ-માલ્ય-ચૂર્ણ-ગંધ-વસ્ત્ર-આભરણ-સિદ્ધાર્થ-લોમહસ્તની ચંગેરીઓ કહી છે. તે બધી સર્વરત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે.*

*તે પુષ્પચંગેરીઓ યાવત્ લોમહસ્તચંગેરીમાં બબ્બે પુષ્પ પટલક યાવત્ લોમહસ્ત પટલક, સર્વે રત્નમય, સ્વચ્છ, પ્રતિરૂપ છે.*

*તે તોરણોની આગળ બબ્બે સીંહાસનો કહ્યા છે. તેનું વર્ણન યાવત્ મુક્તાદામ પૂર્વવત્. - - તે તોરણો આગળ બબ્બે રૂપાના છત્રો કહ્યા છે. તે છત્રો વૈડૂર્ય વિમલ દંડ, જાંબૂનદમય કર્ણિકા, વજની સંધિ, મુક્તાજાલ પરિગત ૮૦૦૦ સોનાની શલાકામય છે. દર્દર ચંદનની સુગંધ, સર્વઋતુક સુરભી, શીતલ છાયા, મંગલ ચિત્રોથી યુક્ત, ચંદ્ર મંડલવત્ ગોળ છે.*

*તે તોરણોની આગળ બબ્બે ચામરો કહી છે. તે ચામરો ચંદ્રપ્રભ વૈડૂર્ય શ્રેષ્ઠ વિવિધ મણિરત્ન ખચિત આશ્ચર્યકારી દંડવાળી છે. વિવિધ મણિ-સુવર્ણ-રત્ન-વિમલ-યથાર્હ-તપનીય-ઉજ્જવલ વિચિત્ર ડંડિકા યુક્ત છે. શંખ, અંક, કુંદ, જલકણ, મથિત ક્ષીરોદધિના ફીણનો પુંજ, તેમના સમાન શ્વેત પાતળા*



*લાંબા વાળ છે. આ બધી ચામર સર્વ રત્નમય, નિર્મળ યાવત્ પ્રતિરૂપ છે.*

*તે તોરણોની આગળ બબ્બે તેલસમુદ્ગક, કોષ્ઠસમુદ્ગક, પત્રસમુદ્ગક, ચોયગસમુદ્ગક, તગરસમુદ્ગક, એલા સમુદ્ગક, હરિતાલ-હિંગુલ-મનશીલ-અંજન સમુદ્ગક છે. તે સર્વરત્નમય યાવત્ પ્રતિરૂપ છે.*

● **વિવેચન-૨૯ :-**

તે દ્વારોના પ્રત્યેકના બંને પડખે એક એક નૈષેધિકી ભાવથી કે બે નૈષેધિકી છે, તેમાં ૧૬-૧૬ જાળ કટકો - જાળીવાળો રમ્ય સંસ્થાન પ્રદેશ વિશેષ છે. તે જાલકટક સર્વ રત્નમય આદિ છે.

તે દ્વારોના પ્રત્યેકના બંને પડખે નૈષેધિકીમાં સોળ ઘંટા પંક્તિ કહી છે. તે ઘંટાનું વર્ણન આ રીતે છે — જંબૂનદમયી ઘંટા, વજમય લોલક, વિવિધ મણિમય ઘંટાપાર્શ્વ, સુવર્ણની સાંકળ, જેમાં લટકીને ઘંટા રહેલી છે, રજતમય દોરડા છે. તે ઘંટા ઓઘ - પ્રવાહ સ્વરવાળી છે, મેઘની જેમ અતિ દીર્ઘ સ્વરવાળી છે, હંસની જેમ મધુર સ્વરવાળી છે. એ પ્રમાણે ક્રૌંચ સ્વરા, સિંહની જેમ પ્રભૂત દેશવ્યાપી સ્વરવાળી, તેમજ દુંદુભિસ્વરા, બાર પ્રકારના વાજિંત્રોનો સમૂહ નંદિ, નંદિવત્ ઘોષવાળી છે. મંજૂ-પ્રિય સ્વરવાળી છે. બીજું કેટલું કહીએ ? સુસ્વરા, સુસ્વર ઘોષવાળી, ઉદાર ઈત્યાદિ પૂર્વવત્ જાણવું.

તે દ્વારોના પ્રત્યેકના બંને પડખે બે પ્રકારની નૈષેધિકીમાં સોળ-સોળ વનમાલા પંક્તિ કહી છે. તે વનમાળા વિવિધ વૃક્ષો અને વિવિધ લતાના જે કિશલય, પલ્લવોથી સમ્મિશ્ર છે, ભ્રમરાઓ વડે તે સેવાતી એવી શોભી રહી છે. તેથી જ શ્રી સહિત, પ્રાસાદીયાદિ છે.

તે દ્વારોના પ્રત્યેકના બંને પડખે નૈષેધિકી ભાવથી જે બે પ્રકારે નૈષેધિકી, તેમાં સોળ-સોળ પ્રકંઠકો કહ્યા છે. પ્રકંઠક-પીઠ વિશેષ. - x - તે પ્રકંઠકો પ્રત્યેક ૨૫૦ યોજન આયામ અને વિષ્કંભથી, ૧૨૫-યોજન બાહલ્ય-પિંડભાવથી છે. તે પ્રકંઠકો સર્વ વજરત્નમય છે.

તે પ્રકંઠકોની ઉપર પ્રત્યેક - એક પ્રતિ પ્રત્યેક આભિમુખ્યતાથી વર્તમાન પ્રતિ શબ્દ જોડાય છે. ત્યાં પ્રાસાદાવતંસકો કહ્યા છે. જીવાભિગમ મૂળ ટીકામાં પ્રાસાદાવતંસક - પ્રાસાદ વિશેષ અર્થ છે. તે પ્રાસાદાવતંસક ૨૫૦ યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી છે, ૧૨૫ યોજન વિષ્કંભથી છે. તે અભ્યુદ્ગત-ઉંચા, ઉત્સૃત-પ્રબળતાથી બધી દિશામાં પ્રસરેલ જે પ્રભા વડે બદ્ધ એવા રહેલા છે. અન્યથા તે નિરાલંબ કઈ રીતે રહે ?

અનેક પ્રકારના જે મણિ-ચંદ્રકાંતાદિ, જે કર્કેતનાદિ રત્નો તેના વડે વિશેષરૂપે ચિત્રિત અથવા વિવિધ આશ્ચર્યવાળા છે. વાતોદ્ધૂત-વાયુ વડે કંપિત અભ્યુદય સૂચિકા વૈજયંતી નામક પતાકા અથવા વિજયા તે વૈજયંતીની પાર્શ્વકણિકા કહેવાય છે, પતાકા - તે જ પણ વિજય વર્જિત છત્રાતિછત્ર - ઉપર ઉપર સ્થિત આતપત્રો વડે યુક્ત. તુંગ-ઉચ્ચ, કેમકે ઉચ્ચત્વથી ૨૫૦ યોજન પ્રમાણ છે. તેથી જ ગગનતલને અભિલંઘિત કરતા શિખરો જેના છે તે. જાલક ભવનભિતિ લોકપ્રતીત છે. તેના

અંતરમાં વિશિષ્ટ શોભા નિમિત્ત રત્નોનું જેમાં છે તે જાલાંતરરત્ન.

પંજર-પેટીમાંથી બહાર કાઢેલ. જેમ કોઈ વસ્તુ પંજર-વંશાદિમય આચ્છાદન વિશેષથી બહાર કાઢેલ અત્યંત વિનષ્ટ છાયાત્વથી શોભે, તે રીતે તે પ્રાસાદાવતંસકો પણ શોભે છે. તથા મણિકનકમયી સ્તૂપિકા-શિખરો જેમાં છે તે. વિકસિત એવા શતપત્રો અને પુંડરીકો દ્વારાદિમાં પ્રતિકૃતિપણે સ્થિત છે. તિલકરત્ન-ભિત્તિ આદિમાં પુંડ્રવિશેષ અને અર્દ્ધચંદ્ર દ્વારાદિમાં તેના વડે વિવિધરૂપ કે આશ્ચર્યભૂત જે ''વિકસિત શતપત્ર પુંડરીક તિલકરત્નાર્દ્ધચંદ્ર.''

અનેકરૂપ જે મણિમય પુષ્પમાલા, તેના વડે અલંકૃત્ તથા અંદર અને બહારથી મસૃણ. તપનીય-સુવર્ણ વિશેષમયી વાલુકાના પ્રસ્તટ જેમાં છે તે સુખ સ્પર્શાદિ પૂર્વવત્ જાણવું.

તેના પ્રાસાદાવતંસકોની અંતર્ભૂમિ અને ઉપરના ચંદરવાનું વર્ણન, સિંહાસન-ઉપરનું વિજય દૂષ્ય-વજાંકુશ અને મુક્તાદામનું વર્ણન એ બધું યાનવિમાન મુજબ કહેવું.

તે દ્વારોના પ્રત્યેકના બંને પડખે એક એક નૈષેધિકી ભાવથી જે બે પ્રકારે નૈષેધિકી, તેના સોળ-સોળ તોરણો કહ્યા છે. તે તોરણો વિવિધ મણીમય છે, ઈત્યાદિ તોરણ વર્ણન યાનવિમાનવત્ નિરવશેષ કહેવું. તે તોરણોની આગળ પ્રત્યેકને બે બે શાલભંજિકા છે, વર્ણન પૂર્વવત્. તે તોરણોની આગળ બબ્બે નાગદંતકો કહ્યા છે. તેનું વર્ણન પણ પૂર્વવત્ કહેવું. માત્ર તેમાં ઉપર નાગદંતકો ન હોવાથી તેનું કથન ન કરવું.

તે તોરણોની આગળ બબ્બે અશ્વ યુગ્મ છે. એ પ્રમાણે હાથી-નર-કિંનરાદિના યુગ્મ કહેવા. તે કેવા છે ? સર્વ રત્નમય, સ્વચ્છ, શ્લક્ષ્ણ આદિ પૂર્વવત્. જે રીતે આ ઘોડા આદિના આઠ સંઘાટો કહ્યા છે, તે રીતે પંક્તિ, વીથિ, મિથુનક કહેવા. તેમાં સંઘાટ-સમાન લિંગયુગ્મ રૂપ અને પુષ્પાવકીર્ણ, એક દિક્ વ્યવસ્થિત શ્રેણિ-પંક્તિ, બંને પડખે એકૈક શ્રેણિ ભાવથી જે બે શ્રેણિ, તે વીથિ. સ્ત્રી-પુરુષનું યુગ્મ તે મિથુનક.

તે તોરણોની આગળ બબ્બે પદ્મલતા છે. યાવત્ શબ્દથી બબ્બે નાગલતા, અશોકલતા, ચંપકલતા, ચૂતલતા, વાસંતીલતા, કુંદલતા, અતિમુક્તલતા ગ્રહણ કરવી. આ લતા કેવી છે ? નિત્ય કુસુમિત ઈત્યાદિ. યાવત્ શબ્દથી નિત્ય-મુકુલિત, લવયિક, સ્તબયિક, ગૌચ્છિક, યમલિક, યુગલિક, વિનમિત, પ્રણમિત, સુવિભક્ત પિંડ મંજરિ-વતંસકધર૦ એની વ્યાખ્યા પૂર્વવત્. વળી તે સર્વે રત્નમય યાવત્ પ્રતિરૂપ છે. અહીં પણ સ્વચ્છ, શ્લક્ષ્ણાદિ લેવું.

તે તોરણોની આગળ પ્રત્યેકમાં બબ્બે દિક્પૌક્ષકો છે, તે બધાં જાંબૂનદમય છે. ક્વચિત્ સર્વરત્નમય, સ્વચ્છ ઈત્યાદિ છે. એ રીતે બબ્બે ચંદનકળશો કહ્યા છે. તે શ્રેષ્ઠ કમળ પ્રતિષ્ઠિત છે. ઈત્યાદિ પૂર્વવત્ કહેવું. બબ્બે ભૃંગાર છે, તેનું વર્ણન કળશો માફક કહેવું. વિશેષ એ કે છેલ્લે મહા ઉન્મત્ત હાથીના મુખ સમાન કહ્યા છે. અર્થાત્ અતિ વિશાળ જે મુખ, તેના આકાર સમાન છે. તેમ કહેવું.



તે તોરણો આગળ બબ્બે દર્પણ કહ્યા છે તે દર્પણનું આવા સ્વરૂપનું વર્ણન છે — તપનીય સુવર્ણમય પ્રકંઠક-પીઠ વિશેષ, અંકમય - અંકરત્નમય મંડલ, જેમાં પ્રતિબિંબ હોય છે. અવઘર્ષિત તેની નિર્મળતા છે અર્થાત્ રાખ આદિ વડે નિર્માર્જન કરેલું છે. અનવઘર્ષિત નિર્મળ છાયા વડે યુક્ત છે. ચંદ્રમંડલ સદૃશ છે. અતિશય મહાન્ અર્ધકાયા પ્રમાણ, હે આયુષ્યમાન્ શ્રમણ ! તે કહ્યા છે.

તે તોરણોની આગળ બબ્બે વજ્રમય નાભિયુક્ત સ્થાલ કહ્યા છે. તે સ્થાલ અચ્છ - નિર્મળ, શુદ્ધ, સ્ફટિકવત્ ત્રણ વખત છડેલ, તેથી જ નખ સંદષ્ટ, મુશલાદિ વડે છડિત જેમાં છે, એવા શાલિ તંદુલ વડે પરિપૂર્ણ, પૃથ્વી પરિણામરૂપ - x - તથા સર્વથા જાંબુનદમય, નિર્મળ, શ્લક્ષ્ણ ઈત્યાદિ. અતિ મહાન્ રથચક્ર સમાન કહ્યા છે.

તે તોરણો આગળ બબ્બે પાત્રીઓ કહી છે. તે પાત્રીઓ સ્વચ્છ પાણીથી પરિપૂર્ણ છે. તે વિવિધ પ્રકારના લીલા ફળો વડે ઘણી જ ભરેલી એવી છે. ખરેખર તે ફળ નથી, પરંતુ તેવા પ્રકારના શાશ્વત ભાવને પામેલ પૃથ્વી પરિણામને તે ઉપમા આપી છે. સર્વ રત્નમય ઈત્યાદિ પૂર્વવત્. તે અતિશય મોટા ગોકલિંજગ ચક્ર સમાન હે આયુષ્યમાન્ શ્રમણ કહેલી છે.

તે તોરણોની આગળ બબ્બે સુપ્રતિષ્ઠક-આધાર વિશેષ કહ્યા છે. તે સર્વૌષધિ પ્રતિપૂર્ણ છે. વિવિધ પંચવર્ણી પ્રસાધન ભાંડ વડે ઘણાં ભરેલા છે. ઉપમા ભાવના પૂર્વવત્ છે. સર્વે રત્નમય છે, ઈત્યાદિ. તે તોરણોની આગળ બબ્બે મનોગુલિકા નામે પીઠિકા છે. - x - તે મનોગુલિકા સર્વથા વૈડૂર્યમય, સ્વચ્છ ઈત્યાદિ છે. તે મનોગુલિકામાં સુવર્ણમય અને રૂપ્યમય પાટીયા કહ્યા છે. તે સોના-રૂપના ફલકોમાં ઘણાં વજ્રમય નાગદંતક-અંકુટકો છે. તે નાગદંતોમાં ઘણાં રજતમય સિક્કાઓ છે. તેમાં ઘણાં વાતકરક અર્થાત્ જળશૂન્ય કરકો છે. તે આ રીતે - કૃષ્ણ સૂત્ર ઈત્યાદિમય ગવચ્છિકા. તે કૃષ્ણ સૂત્રાદિ સિક્કગ ગવચ્છિતા, તે વાતકરકો સર્વથા વૈડૂર્યમય, સ્વચ્છ ઈત્યાદિ છે, તે પૂર્વવત્.

તે તોરણોની આગળ બબ્બે આશ્ચર્યભૂત રત્નકરંડક કહ્યા છે, જેમ કોઈ ચતુરંત ચક્રવર્તી રાજા પૂર્વાદિ ચાતુરંત પૃથ્વી પર્યન્ત ચક્ર વડે વર્તે છે, તેની જેમ આશ્ચર્યભૂત વિવિધ મણિમયત્વથી અથવા વિવિધ, બાહુલ્યથી વૈડૂર્યમણિમય, સ્ફટિક પટલથી આચ્છાદિત પોતાની પ્રભાથી ઈત્યાદિ જેમ તે ચક્રવર્તી નીકટના પ્રદેશોને ચોતરફ બધી દિશામાં સમસ્તપણે અવભાસ કરે છે, તે રીતે પર્યાયત્રયથી - ઉધોતિત, તાપિત, પ્રભાસિત કરે છે.

તે તોરણોની આગળ બબ્બે અશ્વકંઠ પ્રમાણરત્ન વિશેષ અને હાથી-મનુષ્ય-કિંનર-કિંપુરુષ-મહોરગ-ગંધર્વ-વૃષભ કંઠ પ્રમાણ રત્નવિશેષ છે. - x - સર્વે રત્નમય, સ્વચ્છાદિ છે.

તે તોરણોની આગળ બબ્બે પુષ્પચંગેરીઓ કહી છે. એ રીતે માળા-ચૂર્ણ-ગંધ-વસ્ત્ર-આભરણાદિની ચંગેરી પણ કહેવી. આ બધી સર્વથા રત્નમય, સ્વચ્છાદિ છે. આ પ્રમાણે પુષ્પાદિ આઠના પટલકો બબ્બે સંખ્યક કહેવા. - - તે તોરણો આગળ બબ્બે

સિંહાસનો કહ્યા છે. તેનું વર્ણન પૂર્વે કહ્યા મુજબ સંપૂર્ણ કહેવું.

તે તોરણો આગળ બબ્બે રૂપ્યમય છત્રો કહ્યા છે. તે છત્રો વૈડૂર્યરત્નમય વિમલદંડવાળા, જાંબૂનદ કર્ણિકાવાળા, વજરત્ન વડે આપૂરિત દંડ શલાકા સંધિયુક્ત, મુક્તાજાલ પરિગત, ૮૦૦૦ સંખ્યક વરકાંચનમય શલાકાયુક્ત, વસ્ત્રખંડથી ઢાંકેલ કુંડિકાદિના ભાજનમુખ વડે ગાળેલ કે તેમાં પકાવેલ જે મલયજ સુખડ, તેના સંબંધી જે સુગંધી જે ગંધવાસ, તેની જેમ બધી ઋતુમાં સુરભિ અને શીતલ છાયાવાળા. સ્વસ્તિકાદિ આઠ મંગલ જેમાં આલેખેલા છે તેવા ચંદ્રાકૃતિની ઉપમાવાળા, તેના જેવા વૃત્ત છે.

તે તોરણોની આગળ બબ્બે ચામર કહી છે. તે ચંદ્રકાંત, વજ, વૈડૂર્ય તથા બીજા મણિરત્નો વડે ખચિત છે. આવા પ્રકારના વિવિધ આકારવાળા દંડો જે ચામરોના છે તેવી. સૂક્ષ્મ રજતમય દીર્ઘવાળયુક્ત, શંખ-અંક-કુંદપુષ્પ-ઉદકકણ-અમૃત મથિત ફેણ પુંજ, તે બધાં જેવી પ્રભાવાળા, સ્વચ્છાદિ પૂર્વવત્.

તે તોરણોની આગળ બબ્બે તૈલ સમુદ્ગક છે. જીવાભિગમ મૂળ ટીકા મુજબ તૈલ સમુદ્ગક - સુગંધી તેલના આધારપાત્ર. એ પ્રમાણે કોષ્ઠાદિ સમુદ્ગક પણ કહેવા. - x - આ બધાં સર્વરત્નમય, સ્વચ્છ આદિ છે - પૂર્વવત્ કહેવા.

**● સૂત્ર-૩૦ :-**

*સૂર્યાભ વિમાનના પ્રત્યેક દ્વારે ૧૦૮-૧૦૮ ચક્ર, મૃગ, ગરુડ, છત્ર, પિચ્છ, શકુનિ, સીંહ, વૃષભ, ચાર દાંતવાળા શ્વેત હાથી અને ઉત્તમ નાગથી અંકિત ધજાઓ ફરકે છે. આ પ્રમાણે બધી મળીને સૂર્યાભ વિમાનના પ્રત્યેક દ્વારે ૧૦૮૦ ધ્વજા ત્યાં કહી છે.*

*ત્યાં સૂર્યાભ વિમાનમાં ૬૫-૬૫ ભૌમ બતાવેલા છે. તે ભૌમનો ભૂમિભાગ અને ચંદરવાને કહેવા. તે ભૌમના બહુ મધ્યદેશ ભાગે એક-એક સીંહાસન છે, સીંહાસનનું વર્ણન સપરિવાર પૂર્વવત્ કહેવું. બાકીના ભૌમમાં ભદ્રાસન રાખેલ છે. તે દ્વારોના ઉત્તમાગાર સોળ પ્રકારના રત્નોની સુશોભિત છે. તે આ રીતે - રત્નો યાવત્ રિષ્ટરત્ન વડે.*

*તે દ્વારોની ઉપર આઠ-આઠ મંગલક, ધ્વજ સહિત યાવત્ છત્રાતિછત્રથી શોભિત છે. આ પ્રમાણે બધાં મળીને ૪૦૦૦ દ્વારો સૂર્યાભ વિમાનમાં હોય છે, તેમ કહ્યું છે.*

*તે સૂર્યાભ વિમાનમાં અશોકવન, સપ્તપર્ણવન, ચંપકવન, ચૂતકવન ચારે દિશામાં ૫૦૦-૫૦૦ યોજનના અંતરે છે. આ વનખંડ આ રીતે છે — પૂર્વમાં અશોકવન, દક્ષિણમાં સપ્તપર્ણ વન, પશ્ચિમમાં ચંપકવન, ઉત્તરમાં ચૂતક વન. તે વનખંડો સાતિરેક સાડા બાર યોજનથી અધિક લાંબા, ૫૦૦ યોજન પહોળા છે. પ્રત્યેકે પ્રત્યેક પ્રાકારથી પરિવેષ્ટિત, કાળા-કાળીઆભાવાળા છે.*

**● વિવેચન-૩૦ :-**

સૂર્યાભ વિમાનના એક-એક દ્વારમાં ૧૦૮ ચક્રધ્વજ ઈત્યાદિ કહ્યા. ચક્રધ્વજ-





ચક્ર રેખારૂપ ચિહ્નયુક્ત ધ્વજા. એ રીતે મૃગ-ગરુડ આદિ [સૂત્રોક્ત] બધી ૧૦૮-૧૦૮ જાણવી. આ પ્રમાણે પૂર્વાપર બધી મળીને તે સૂર્યાભ વિમાનના એક-એક દ્વારે ૧૦૮૦-૧૦૮૦ ધ્વજાઓ મેં અને બીજા તીર્થંકરોએ કહેલી છે.

તે દ્વારો સંબંધી પ્રત્યેકના ૬૫-૬૫ વિશિષ્ટ સ્થાનો કહ્યા છે. તે ભૂમોના ભૂમિભાગ અને ઉલ્લોક યાન વિમાન વત્ કહેવા. તે ભૌમોના બહુ મધ્યદેશ ભાગે જે ૩૩-ભૌમ છે, તેના પ્રત્યેકના બહુમધ્યદેશ ભાગે પ્રત્યેકમાં સૂર્યાભદેવને યોગ્ય સિંહાસન છે. તે સિંહાસનોની પશ્ચિમ-ઉત્તર-પૂર્વાદિમાં સામાનિક દેવ યોગ્ય ભદ્રાસનો ક્રમથી યાનવિમાનવત્ કહેવા. બાકીના ભૌમોમાં દરેકમાં એક-એક સિંહાસન પરિવાર રહિત છે.

તે દ્વારોનો ઉપરિત આકાર ઉત્તરંગાદિ રૂપ, ક્વચિત્ ઉપરનો ભાગ એ પાઠ છે. તે સોળ પ્રકારના રત્નો વડે શોભે છે. તે આ — કર્કેતનરત્ન, વજ, વૈડૂર્ય, લોહિતાક્ષ, મસારગલ્લ, હંસગર્ભ, પુલક, સૌગંધિક, જ્યોતીરસ, અંક, અંજન, રજત, અંજનપુલક, જાતરૂપ, સ્ફટિક અને રિષ્ઠરત્નો વડે.

તે પ્રત્યેક દ્વારની ઉપર આઠ-આઠ સ્વસ્તિકાદિ મંગલક ઈત્યાદિ છે, યાનવિમાનના તોરણવત્ તે કહેવા યાવત્ ઘણાં સહસ્રપત્ર કમળો છે. કોઈક પ્રતમાં વધારાનો આ પાઠ છે - આ પ્રમાણે બધાં મળીને સૂર્યાભવિમાનમાં ૪૦૦૦ દ્વારો છે.

સૂર્યાભ વિમાનની ચારે દિશામાં મળીને — ચારે દિશામાં ૫૦૦-૫૦૦ યોજને બાધા રહિત અર્થાત્ અપાંતરાલ છોડીને ચાર વનખંડો છે. વનખંડ - ‘‘અનેક જાતીય ઉત્તમ વૃક્ષોનો સમૂહ’’ એમ જીવાભિગમ ચૂર્ણિમાં કહ્યું છે. તે વનખંડોને નામથી અને દિશાભેદથી દર્શાવે છે. અશોકવન-અશોકવૃક્ષ પ્રધાન વન. એ જ રીતે સપ્તપર્ણવન, ચંપકવન, ચૂતવન કહેવા. પૂર્વાદિ દિશા પાઠસિદ્ધ છે. - x - તે વનખંડો સાતિરેક સાડા બાર લાખ યોજન લાંબા અને ૫૦૦ યોજન વિષ્કંભથી છે. પ્રત્યેક વન પ્રાકાર વડે પરિક્ષિપ્ત છે. વળી તે વનખંડ કૃષ્ણ-કૃષ્ણ આભાવાળા, નીલ-નીલાવભાસ, હરિત-હરિતાવભાસ, શીત-શીતાવભાસ, સ્નિગ્ધ-સ્નિગ્ધાવભાસ, તિવ્ર-તિવ્રાવભાસ, કૃષ્ણ-કૃષ્ણછાય, નીલ-નીલચ્છાય, હરિત-હરિતચ્છાય, શીત-શીતચ્છાય, સ્નિગ્ધ-સ્નિગ્ધછાય, શાખા-પ્રશાખા એક બીજામાં મળી જવાથી સઘન છાયાવાળુ, રમ્ય, મહામેઘના સમુદાયથી શોભે છે. તે વૃક્ષો મૂળ-કંદ-સ્કંધ-ત્વચા-પ્રવાલ-પત્ર-પુષ્પ-બીજ-ફળથી યુક્ત છે. અનુક્રમે સુજાતાદિ, એકસ્કંધ, અનેક શાખા-પ્રશાખા યુક્ત, અનેક મનુષ્યો વડે પ્રસારેલ બાહાથી અગ્રાહ્ય ઘન વિપુલ વૃત્ત સ્કંધવાળુ, અછિદ્ર-અવિરલ આદિ પત્રોથી યુક્ત, જરઠ પાંડુ પત્રો રહિત, નવા હરિત પત્રાદિના ભારથી અંધકાર યુક્ત અને ગંભીર દર્શનીય, શ્રેષ્ઠ તરુણ પત્ર-પલ્લવ આદિ નીકળેલા છે તેવું નિત્ય કુસુમિત-મુકુલિત, લવચિક-સ્તબકીય-ગુલયિત-ગોચ્છિક-યમલિય-યુગલિક-વિનમિત-પ્રણમિતાદિ, સુવિભક્ત ઈત્યાદિ ઉવવાઈ સૂત્રાનુસાર જાણવું - x -

ઉક્ત વૃક્ષ વર્ણનની વ્યાખ્યા [નો સાર] આ પ્રમાણે છે —

આ વૃક્ષો મધ્યે પ્રાયઃ મધ્યમ વયમાં વર્તતા પાનો કાળા હોય છે, તેના યોગથી

વનખંડ પણ કૃષ્ણ લાગે છે. માત્ર ઉપચારથી કૃષ્ણ નહીં, પણ તેવી આભાને પણ ધારણ કરેલ છે. કેમકે કૃષ્ણ આભાવાળા પાન પણ અમુક ભાગમાં છે. તથા હરિતપણાને ઓળંગેલ પણ કૃષ્ણત્વને અસંપ્રાપ્ત પાન તે નીલ, તેના યોગથી વનખંડ પણ નીલ છે. આ કથન ઉપચારમાત્રથી નથી. પણ તેવા અવભાસ થકી છે. યૌવનમાં તે જ પાનના કિસલય રક્તત્વને ઓળંગેલ પણ હરિતત્વને અપ્રાપ્ત તે હરિત કહેવાય છે. - x - બાલ્યત્વને ઓળંગેલ પાન શીત હોય છે, તેના યોગથી વનખંડ શીત કહ્યો. આ કૃષ્ણ-નીલ-હરિત વર્ણા, પોતાના સ્વરૂપને તજ્યા વિના, સ્નિગ્ધ અને તીવ્ર ભાસે છે. તેના યોગે વનખંડ પણ તેવા કહ્યા.

હવે તેના સ્વરૂપના પ્રતિપાદન માટે બીજા વિશેષણને કહે છે – કૃષ્ણ વનખંડ, કેવા ? કૃષ્ણછાય - જેમાંથી કૃષ્ણા છાયા-આકાર, સર્વ અવિસંવાદિપણે છે તેથી કૃષ્ણ. તે તત્ત્વથી કૃષ્ણ છે, ભ્રાંતિ કે અવભાસમાત્રપણે વ્યવસ્થાપિત નથી. એ પ્રમાણે નીલા-નીલચ્છાયા આદિ કહેવા. માત્ર-શીતમાં છાયા શબ્દ આતપ પ્રતિપક્ષ વસ્તુ વાચી જાણવો. ઘનકડિતડિતચ્છાયા - શરીરનો મધ્ય ભાગ કટિ છે. તેથી બીજાનો મધ્યભાગ પણ કટિ જેવો - કટિજ કહેવાય છે. કટિનો તટ તે કટિતટ, ઘન-અન્યોન્ય શાખાપ્રશાખા અનુપ્રવેશથી નિબિડ મધ્ય ભાગમાં છાયા જેમાં છે તે.

તેથી જ રમ્ય, મહા જળભારથી નમેલ વર્ષાકાળનો જે મેઘસમૂહ, તેના ગુણથી પ્રાપ્ત અર્થાત્ મહામેઘવૃંદ સમાન. શ્રેષ્ઠ અશોકવૃક્ષ પરિવારરૂપ પૂર્વોક્ત તિલકાદિ વૃક્ષ વર્ણનવત્ કહેવું. માત્ર પોપટ-મોર-મદનશલાકા આદિ વિશેષણ અહીં ઉપમારૂપે કહેવા. - x -

● **સૂત્ર-૩૧,૩૨ :-**

*[૩૧] તે વનખંડોમાં બહુ સમરમણીય ભૂમિભાગ છે. જેમ કોઈ આલિંગપુષ્કર યાવત્ વિવિધ પંચવર્ણી મણી અને તૃણો વડે શોભિત છે. તેના ગંધ અને સ્પર્શ યથાક્રમે જાણવા. ભગવન્ ! તે તૃણ અને મણીઓ પૂર્વ-પશ્ચિમ-દક્ષિણ-ઉત્તરના વાયુના સ્પર્શથી મંદ-મંદ ધ્રુજતા, વિશેષ ધ્રુજતા, કાંપતા, ચાલતા, સ્પંદન પામતા, ઘટ્ટિત, ક્ષોભિત, પ્રેરિત થતાં કેવા શબ્દો થાય છે ?*

*ગૌતમ ! જેમ કોઈ શિબિકા, સ્યંદમાનિકા, અથવા રથ, જે છત્ર-ધ્વજા-ઘંટા-પતાકા અને ઉત્તમ તોરણોથી સુશોભિત, નંદિઘોષ સહિત, ઘુંઘરુ અને સુવર્ણ જાળથી પરિક્ષિપ્ત, હૈમવતચિત્ત તિનિશ, કનક કાષ્ઠ વડે નિર્મિત, સુવ્યવસ્થિત લગાડેલા ચક્રમંડલ અને ધુરાથી સજ્જિત હોય, લોઢાના પટ્ટોથી સુરક્ષિત પટ્ટિવાળા, શુભલક્ષણ અને ગુણોથી યુક્ત કુલીન અશ્વો જેમાં જોડેલા હોય, રથ સંચાલનમાં કુશળ, દક્ષ સારથી દ્વારા સંચાલિત હોય, સો-સો બાણ વાળા બત્રીશ તૂણીરોથી પરિમંડિત હોય, કવચ આચ્છાદિત અગ્ર ભાગ વાળા હોય, ધનુષ્-બાણ-પ્રહરણ-કવચાદિ યુદ્ધોપકરણથી ભરેલ હોય, યુદ્ધ તત્પર યોદ્ધા માટે સજાવેલ હોય, એવો રથ મણિ અને રત્નોથી બનાવેલા ભૂમિવાળા રાજાંગણ, રાજઅંતઃપુર, રમ્ય પ્રદેશમાં આવાગમન કરે ત્યારે બધી દિશા-વિદિશામાં*



*ચોતરફ ઉત્તમ, મનોજ્ઞ, મનોહર, કાન અને મનને આનંદકારી મધુર શબ્દ ફેલાય છે.*

*શું તે ધ્વનિ આ રથાદિના ધ્વનિ જેવો છે ? ના, તે અર્થ સમર્થ નથી. - - - જેમ કોઈ વિકાલમાં વાદન કુશળ મનુષ્ય દ્વારા ખોળામાં લઈને ચંદનના સારભાગથી રચિત કોણના સ્પર્શથી ઉત્તર-મંદ મૂર્છનાવાળી વીણાને મંદ-મંદ તાડિત, કંપિત, પ્રકંપિત, ચલિત, ઘર્ષિત, ક્ષુભિત અને ઉદીરિત કરાતા બધી દિશા અને વિદિશામાં ચોતરફ ઉદાર, સુંદર, મનોજ્ઞ, મનોહર, કર્ણપ્રિય અને મનમોહક ધ્વનિ ગુંજે તેવો આ સ્વર છે ? ના, તે અર્થ સમર્થ નથી.*

*જેમ કોઈ કિંનર, કિંપુરુષ, મહોરગ કે ગંધર્વ ભદ્રશાલ-નંદન-સોમનસ કે પાંડુક વનમાં, હિમવંત-મલય કે મેરુની ગુફામાં ગયેલ અને એક સ્થાને એકઠા થઈ, આવીને બેઠા હોય અને પોત-પોતાના સમૂહ સાથે ઉપસ્થિત, હર્ષોલ્લાસપૂર્વક ક્રીડા કરતા, સંગીત-નૃત્ય-હાસ્ય-પરિહાસ પ્રિય કિન્નરાદિના ગેય, પદ્ય, કથનીય, ગેયપદબદ્ધ પાત્રબદ્ધ, ઉત્ક્ષિપ્ત, પાદાંત, મંદમંદ ઘોલનાત્મક, રોચિતાવસાન, સપ્ત સ્વરોથી સમન્વિત, ષડ્દોષથી રહિત, અગિયાર અલંકાર અને આઠ ગુણોથી યુક્ત, ગુંજારવ વડે દૂર દૂરના ક્ષેત્રોને વ્યાપ્ત કરનાર રાગ-રાગિણી યુક્ત ત્રણ સ્થાન-ત્રણ કરણથી શુદ્ધ ગીતોના મધુર બોલ, આવા પ્રકારનો તેનો હોય છે ? હા એવો મધુર સ્વર તે મણિ-તૃણથી નીકળે છે.*

*[૩૨] તે વનખંડના તે-તે સ્થાને, તે-તે દેશમાં અનેક નાની-નાની વાવો, પુષ્કરિણીઓ, દીર્ઘિકા, ગુંજાલિકા, સરપંક્તિ, બિલ-પંક્તિઓ સ્વચ્છ, શ્લક્ષ્ણ, રજયમય કાંઠાઓ, અતિ સમ છે.*

*આ જળાશયો વજ્રમય પાષાણના, તપનીય તળવાળા, સુવર્ણ-શુભ-રજત વાલુકાના, વૈડૂર્ય મણિ-સ્ફટિક પટલના બનેલા છે. સુખાકારી ઉતરવા-ચડવાના સ્થાન છે, વિવિધ મણિ સુબદ્ધ ચતુષ્કોણ વાવ અનુક્રમે સુજાત, ગંભીર, શીતળ જળયુક્ત, કમલપત્ર - બીસ-મૃણાલથી ઢાંકેલ, ઘણાં ઉત્પલ, કુમુદ, નલિન, સુભગ, સૌગંધિક, પુંડરીક, શતપત્ર, સહસ્રપત્ર કમળોથી સુશોભિત છે. તેના ઉપર પરાગને માટે ભ્રમરસમૂહ ગુંજી રહ્યો છે. સ્વચ્છ-નિર્મળ જળ વડે ભરેલ છે. કલ્લોલ કરતા મગરમચ્છ-કાચબા આદિ તેમાં અહીં-તહીં ફરી રહ્યા છે. વિવિધ પક્ષીઓના ગમનાગમનથી વ્યાપ્ત છે.*

*આ જળાશયોમાં કેટલાંક આસવોદક, કેટલાંક વારુણોદક, કેટલાંક ઘૃતોદક, કેટલાંક ક્ષીરોદક, કેટલાંક ક્ષારોદક, કેટલાંક ઉદકરસ વડે યુક્ત કહ્યા છે. તે પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ, પ્રતિરૂપ છે.*

*તે વાવ યાવત્ કૂપપંક્તિની ચારે દિશામાં ત્રણ-ત્રણ સુંદર સોપાન બનેલ છે. તે ત્રિસોપાન પ્રતિરૂપકોની નેમો વજરત્નોની છે, તોરણ-ધ્વજ-છત્રાતિછત્ર પૂર્વવત્ જાણવા.*

*તે નાની-નાની વાવ યાવત્ બિલપંક્તિઓમાં તે તે દેશમાં ઘણાં ઉત્પાદ*

*પર્વતો, નિયતી પર્વતો, જગતી પર્વતો, દારુ પર્વતો છે. (કેટલાંક) દકમંડપ, દકનાલક, દક મંચકો છે જે ઊંચા-નીચા અને નાના-મોટા અંદોલક, પ્રક્ષાંદોલક છે. તે બધાં રત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. તે ઉત્પાદ પર્વત યાવત્ પ્રક્ષાંદોલકમાં ઘણાં હંસાસન, ક્રૌંચાસન, ગરુડાસન, ઉન્નતાસન, પ્રણતાસન, દીર્ઘાસન, પક્ષાસન, ભદ્રાસન, વૃષભાસન, સીંહાસન, પદ્માસન, દિશાસૌવસ્તિકાદિ સર્વે રત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે.*

*તે વનખંડોમાં ત્યાં-ત્યાં તે તે દેશમાં ઘણાં આલિગૃહ, માલિગૃહ, કદલિગૃહ, લતાગૃહ, આસનગૃહ, પ્રેક્ષણગૃહ, મંડનગૃહ, પ્રસાધનગૃહ, ગર્ભગૃહ, મોહનગૃહ, શાલગૃહ, જાલગૃહ, ચિત્તગૃહ, કુસુમ ગૃહ, ગંધગૃહ, આદર્શગૃહ. સર્વે રત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે.*

*તે આલિગૃહ યાવત્ આદર્શગૃહમાં ઘણાં હંસાસન યાવત્ દિશા સૌવસ્તિક આસન સર્વે રત્નમય યાવત્ પ્રતિરૂપ છે.*

*તે વનખંડોમાં તે-તે દેશમાં ત્યાં-ત્યાં ઘણા જાઈ-જૂઈ-નવમાલિકા-વાસંતિ-સૂરમલ્લિકા-દધિવાસુક-તંબોલિ-મુદ્રિકા-નાગલતા-અતિમુક્તલતા અને આસ્ફોવક માલુકાના મંડપો છે. તે બધાં સ્વચ્છ, સર્વ રત્નમય યાવત્ પ્રતિરૂપ છે.*

*તે જાઈ યાવત્ માલૂકા મંડપમાં ઘણાં પૃથ્વીશિલા પટ્ટક, હંસાસન સંસ્થિત યાવત્ દિશાસૌવસ્તિકાસન સંસ્થિત બીજો પણ ઘણાં માંસલ, ધૃષ્ટ, વિશિષ્ટ સંસ્થાન સંસ્થિત પૃથ્વી શિલાપટ્ટકો, હે આયુષ્યમાન્ શ્રમણો ! ત્યાં કહ્યા છે. તે આજિનક, રૂત, બૂર, નવનીત, તૂલ સ્પર્શવાળા, સર્વે રત્નમય, નિર્મળ યાવત્ પ્રતિરૂપ છે ત્યાં ઘણાં વૈમાનિક દેવ-દેવીઓ બેસે છે, સુવે છે, ઉભે છે, વિશ્રામ કરે છે, પડખાં બદલે છે, હસે છે, રમે છે, લીલા-ક્રીડા-કિટ્ટ-મોહન કરે છે. એ રીતે પૂર્વે જૂના સંચિત કરેલા, સુપ્રતિકાંત, શુભ, કરેલા કર્મોના કલ્યાણમય, શુભ ફલપ્રદ વિપાક અનુભવે છે.*

● વિવેચન-૩૧,૩૨ :-

તે વનખંડોની મધ્યે બહુસમરમણીય ભૂમિભાગ કહ્યો છે. ભૂમિભાગનું વર્ણન પૂર્વે કહ્યા મુજબ મણીના સ્પર્શ સુધી કહેવું. માત્ર અહીં તૃણો પણ કહેવા. તે આ રીતે - વિવિધ પ્રકારના પંચવર્ણી મણી અને તૃણોથી શોભે છે ઈત્યાદિ. હવે તે મણી અને તૃણોના વાયુ વડે કંપવા આદિથી થતાં શબ્દ સ્વરૂપને કહે છે —

ભંતે-પરમ કલ્યાણ યોગી. - x - एजित - કંપિત, વ્યેજિત-વિશેષ કંપિત. આ જ પર્યાય શબ્દથી કહે છે — ચાલિત - કંઈક વિક્ષિપ્ત, સ્પંદિત. ઘટ્ટિત-પરસ્પર સંઘર્ષયુક્ત. ઘટ્ટિત કેમ ? ક્ષોભિત, સ્વસ્થાનથી અચલિત છતા કઈ રીતે ? ઉદીરિત.

કેવા શબ્દો કહ્યા ? હે ગૌતમ ! જેમ કોઈ શિબિકા-જંપાન વિશેષ, ઉપરથી આચ્છાદિત કોષ્ઠાકાર. સ્યંદમાનિકા - દીર્ઘ જંપાન કે પુરુષ પ્રમાણ. - x - રથ-સંગ્રામ રથ. તેના ફલકવેદિકા, જે કાળે જે પુરુષ, તેની અપેક્ષાએ તેટલા પ્રમાણમાં જાણવા. રથના વિશેષણો — છત્ર, ધ્વજ, ઘંટા - બંને પડખે લટકતા મહાપ્રમાણ ઘંટા યુક્ત,



પતાકા સહિત તોરણ. નંદીઘોષ - બાર વાજિંત્રના નિનાદસહ. સકિંકિણી - ક્ષુદ્રઘંટિકાયુક્ત. હેમજાલ-હેમમય દામ સમૂહ - x - હૈમવતપર્વતીય વિચિત્ર મનોહારી વિશેષયુક્ત. તિનિશ વૃક્ષ સંબંધી કનકમય કાષ્ઠ. તથા અતિશય સમ્યક્ પિનદ્ધ આરક મંડલ તથા કાલાયસ - લોઢાથી અતિશયયુક્ત કરાયેલ નેમ-યંત્રની બાહ્ય પરિધિ, અરકના ઉપરના ફલક ચક્રવાલનું કર્મ જેમાં છે તે.

તથા ગુણ વડે વ્યાપ્ત જે પ્રધાન અશ્વો, તે અતિ સમ્યક્પણે યોજિત જેમાં છે તે. સારથિ કર્મમાં જે કુશળ મનુષ્યો, તેઓમાં અતિશય દક્ષ સારથિ, તેના વડે સમ્યક્ પરિગૃહીત. પ્રત્યેક પાસે સો બાણો છે, તે બત્રીશ તૂણ, તેનાથી મંડિત. અર્થાત્ તે બત્રીશ સો શરથી ભરેલ તૂણો, રથને સર્વથા છેડે લટકાવેલા છે તે, સંગ્રામને માટે ઉપકલ્પિતના અતીવ મંડનને માટે થાય છે. કંટક - કવચ સહ કંટક, તે રૂપ શેખર જેના છે તે. ચાપ સહિત જેમાં છે, તે સચાપ જે શર-બાણ. કુંત, ભલ્લિ, મુસંઢી વગેરે વિવિધ પ્રકારના પ્રહરણો, તેના વડે પરિપૂર્ણ, યોધાનું યુદ્ધ, તે નિમિત્તે સદ્ય-પ્રગુણીભૂત જે છે તે યોધયુદ્ધ સજ્જરત.

આવા પ્રકારે રાજાંગણે કે અંતઃપુરમાં રમ્ય કે મણિબદ્ધ ભૂમિતલમાં વારંવાર કુટ્ટિમ તલ પ્રદેશમાં. વેગ વડે જતાં જે ઉદાર, મનોજ્ઞ, કર્ણ મનો સુખકર, સર્વથા ચોતરફથી. उप्पित्थ - શ્વાસયુક્ત, - x - શ્લક્ષ્ણ સ્વરથી-કાકસ્વર, સાનુનાસિક-નાસિકાથી નીકળેલ સ્વરાનુગત. આઠ ગુણો વડે યુક્ત, તે આ આઠ ગુણ — પૂર્ણ, રક્ત, અલંકૃત્, વ્યક્ત, અવિઘુષ્ટ, મધુર, સમ, લલિત છે.

તેમાં જે સ્વર કલા વડે પરિપૂર્ણ ગવાય છે, તે પૂર્ણ. ગેયરાગાનુરક્ત વડે જે ગવાય છે, તે રક્ત. અન્યોન્ય સ્વર વિશેષ કરણથી જે અલંકૃત્ વત્ ગવાય તે અલંકૃત્. અક્ષર-સ્વર-સ્ફૂટ કરણથી વ્યક્ત, વિસ્વર ક્રોશતી વત્ વિઘુષ્ટ નહીં તે અવિઘુષ્ટ. મધુર સ્વર વડે ગવાતું તે મધુર કોકીલાના સ્વર જેવું. તાલ-વંશ-સ્વરાદિ સમ અનુગત તે સમ. જે સ્વર ઘોલના પ્રકારથી લલન કરતા એવા તે સહ લલિત વડે વર્તતા. સલલિત. અથવા જે શ્રોત્રેન્દ્રિય શબ્દના સ્પર્શનથી અતિ સૂક્ષ્મને ઉત્પન્ન કરે અને સુકુમારની જેમ ભાસે છે, તે સલલિત. આ આઠ મધ્યે કેટલાંક ગુણો બીજી રીતે કહે છે —

કુહર, ગુજંત, વંસ, તંતી, તલ, તાલ, લય, ગદ્દથી સંપ્રયુક્ત મધુર-સમ-સલલિત-મનોહર-મૃદુ-રિભિત-પદ-સંચાર, સુરતિ-સુનતિ-વર ચારુરૂપ દિવ્ય નૃત્ય-સજ્જ-ગેય-પ્રગીત. જેમ પૂર્વે નાટ્ય વિધિમાં કહ્યું તેમ કહેવું. - x - x -

તે વનખંડો મધ્યે, તે-તે દેશમાં, તે જ દેશના એકદેશમાં ઘણી લઘુ-લઘુ, વાવ-ચોખૂણી, પુક્ખરિણી-વૃત્તાકાર અથવા જેમાં પુષ્કરો વિદ્યમાન છે તે. દીર્ઘિકા-ઋજુ નદીઓ, ગુંજાલિકા-વક્ર નદીઓ. ઘણાં કેવલ-કેવલ પુષ્પાવકીર્ણ સરોવર-એક પંક્તિ વ્યવસ્થિત, તે સરપંક્તિ, તે ઘણી સરપંક્તિઓ તથા જે સરમાં પંક્તિ વડે વ્યવસ્થિત કૂવાનું ઉદક, પ્રનાલિકા વડે સંચરે છે તે. સરપંક્તિ, તે ઘણી સરસર પંક્તિ. બિલ-કૂવા તેની પંક્તિ.

આ બધાં કેવા પ્રકારના છે, તે કહે છે – अच्छ - સ્ફટિક વત્ બહારથી નિર્મળ પ્રદેશ શ્લક્ષ્ણ - શ્લક્ષ્ણ પુદ્‌ગલ નિષ્પાદિત બાહ્ય પ્રદેશ, શ્લક્ષ્ણદલ નિષ્પન્ન વસ્ત્રવત્. રજતમય-કાઠા જેના છે તે. તથા सम - ગર્તાના અભાવથી વિષમ નહીં. તીર-કાંઠાનું જળ વડે આપૂરિત સ્થાન જેનું યે તે સમતીર. તથા વજ્રમય પાષાણ યુક્ત. તપનીય - હેમ વિશેષ, જેના તળીયા તપનીયમય છે તે. સુવર્ણ-પીળી કાંતિવાળુ હેમ, સુભ્ભ-રૂપ્ય વિશેષ, રજત-ચાંદી, તેનાથી યુક્ત વાલુકા જેમાં છે તે. વૈડૂર્ય મણિમય અને સ્ફટિક પટલ મય કિનારાની સમીપનો અતિ ઉન્નત પ્રદેશ જેમાં છે તે.

(તથા) સુખથી જળ મધ્યમાં પ્રવેશન જેમાં છે તે. તથા સુખપૂર્વક જળમધ્યેથી બહિર્નિગર્મન જેમાં છે તે. વિવિધ પ્રકારના મણીઓ વડે જેના કાંઠા સારી રીતે બદ્ધ છે તે. - x - જેના ચાર કોણ છે તે ચતુષ્કોણ. આ વિશેષણ વાવ અને કૂવાનું છે બાકીનામાં ચતુષ્કોણત્વ સંભવતું નથી. તથા ક્રમથી નીચૈસ્તરાભાવ રૂપથી અતિશયથી જે ક્યારા, જળસ્થાન તેમાં ગંભીર-જેમાં નીચે શીતળ જળ છે તે આનુપૂર્વ્ય-સુજાતવપ્રગંભીર શીતલ જળ.

સંચ્છન્ન-જળ વડે અંતરિત પત્ર, બિસ, મૃણાલ જેમાં છે તે. અહીં બિસ-મૃણાલના સાહચર્યથી પત્ર-પદ્મિની પત્રો સમજવા. બિસ-કંદ, મૃણાલ-પદ્મનાલ તથા ઘણાં ઉત્પલ, કુમુદ, નલિન, સુભગ, સૌગંધિક, સહસ્રપત્ર વડે કેસરાપ્રધાન, વિકસિત વડે ઉપચિત તથા ભ્રમરો વડે ઉપભોગ કરાતા કમળો. अच्छ - સ્વરૂપથી સ્ફટિકવત્ શુદ્ધ, વિમલ-આવનાર મળથી રહિત, સલિલ વડે પૂર્ણ. પડિહત્થ-અતિરેક કે અતિપ્રભૂત. - x - x -

ભમતા મત્સ્ય, કાચબા છે જેમાં તે. અનેક પક્ષીયુગલો અહીં-તહીં જવા વડે સર્વતઃ વ્યાપ્ત છે. - x - આ વાપી આદિથી સરસર પંક્તિ પર્યન્ત. પ્રત્યેકે-પ્રત્યેક પદ્મવર વેદિકાથી પરિક્ષિપ્ત છે પ્રત્યેક પ્રત્યેક વનખંડથી પરિક્ષિપ્ત છે. अप्पेगइया० ઈત્યાદિ अपि શબ્દ બાઢ અર્થે છે. કોઈ વાપી આદિ ચંદ્રહાસાદિ પરમ આસવવત્ ઉદક જેમાં છે તે, આસવોદક. કેટલીક વારુણ સમુદ્રની જેમ જળ જેમાં છે તે વારુણોદક. કેટલીક ક્ષીર જેવા જળ જેમાં છે તે. જેમાં ઘી જેવું જળ છે તે, ક્ષોદ-ઈક્ષુરસ સમાન જળ જેમાં છે તે ક્ષીરોદક. કોઈક ઉદક રસયુક્ત છે.

તે ક્ષુલ્લિકા વાપી યાવત્ બિલપંક્તિ, અહીં યાવત્ શબ્દથી પુષ્કરિણી આદિ લેવા. પ્રત્યેક ચારે દિશામાં, અર્થાત્ એકૈક દિશામાં એક-એકના ત્રિસોપાનક પ્રતિરૂપક છે. તે ત્રણ સોપાનપ્રતિરૂપક, અહીં કહેવાનાર વર્ણનરૂપ જાણવા. તે વજ્રરત્નમય વંગા આદિ પૂર્વવત્. તે ત્રિસોપાન પ્રતિરૂપકોના પ્રત્યેકના તોરણો કહ્યા છે. તોરણનું વર્ણન સંપૂર્ણ યાનવિમાનવત્ કહેવું યાવત્ ઘણાં સહસ્રપત્ર કહેવું. - x -

તે તે દેશમાં, તે જ દેશના તે-તે એકદેશમાં ઘણાં ઉત્પાત પર્વતો છે, જ્યાં આવીને ઘણાં સૂર્યાભવિમાનવાસી વૈમાનિક દેવો અને દેવીઓ વિચિત્ર ક્રીડા નિમિત્તે વૈક્રિય શરીરની રચના કરે છે. નિયતિ વડે વ્યવસ્થિત પર્વત તે નિયતિ પર્વત. ક્યાંય ‘નિયત’ પાઠ છે નિયત - સદા ભોગ્યત્વથી અવસ્થિત પર્વત. જેમાં સૂર્યાભવિમાનવાસી



વૈમાનિક દેવો અને દેવીઓ ભવધારણીય વૈક્રિયશરીર વડે સદા રમમાણ રહે છે. જગતી પર્વત-પર્વત વિશેષ. દારુપર્વત - કાષ્ઠ નિર્મિત પર્વરતો.

દકમંડપ-‘સ્ફટિક મંડપ’ અર્થ જીવાભિગમ મૂળ ટીકામાં છે. દકમંચક, દક માલક, દકપ્રાસાદ. આ દકમંડપાદિ કેટલાંક ઉચ્ચ છે, કેટલાંક નાના છે. અંદોલક-પક્ષી માટેના હીંડોલા જ્યાં આવીને મનુષ્યો પોતાને આંદોલિત કરે છે. જ્યાં પક્ષી આવીને પોતાને અંદોલિત કરે છે, તે પક્ષ્યંદોલક. તે ઉક્ત વનખંડોમાં તે-તે પ્રદેશમાં દેવક્રીડા યોગ્ય ઘણાં છે. આ ઉત્પાદ પર્વતાદિ કેવા પ્રકારના છે ? સર્વથા રત્નમય આદિ છે.

તે ઉત્પાદ પર્વતોમાં યાવત્ પક્ષ્યંદોલકમાં અહીં યાવત્ કરણથી નિયતિ પર્વતકાદિ ગ્રહણ કરવા, ઘણાં હિંસાસનાદિ આસનો છે. તેમાં જેમાં આસનોના નીચેના ભાગે હંસો રહેલા છે. જેમ સિંહાસનમાં સિંહો હોય, તેમ હંસાસનો જાણવા. આ રીતે ક્રૌંચાસન, ગરુડાસન પણ કહેવા. એ રીતે ઉચ્ચ આસન, નિકત આસન, શય્યારૂપ દીર્ઘાસન, ભદ્રાસન-જેના નીચેના ભાગે પીઠિકાબંધ છે. પક્ષ્યાસન-જેના નીચેના ભાગે વિવિધ પક્ષીઓ છે. એ રીતે મકરાસન કહેવું પદ્માસન - પદ્મ આકારના આસન. દિશાસૌવસ્તિક આસન-જેના નીચેના ભાગે દિક્ સૌવસ્તિકો આલેખેલા હોય છે. - x - આ બધાં આસનો કેવા સ્વરૂપના છે ? સર્વ રત્નમય આદિ પૂર્વવત્.

તે વનખંડો મધ્યમાં તે-તે પ્રદેશમાં, તે જ દેશના તે-તે એક દેશમાં ઘણાં આલિ-વનસ્પતિ વિશેષ, તેનાથી યુક્ત ગૃહો, માલિ પણ વનસ્પતિ વિશેષ છે, તેનાથી યુક્ત ગૃહો. કદલીગૃહક અને લતાગૃહકો પ્રતીત છે. જેમાં અવસ્થાનગૃહકો છે. ત્યાં આવીને સુખે રહે છે. પ્રેક્ષણકગૃહ - જ્યાં આવીને પ્રેક્ષણક કરે છે અને જુએ યે. મજ્જનક ગૃહ-જ્યાં આવીને સ્વેચ્છાએ સ્નાન કરે છે. પ્રસાધનગૃહ - જ્યાં સ્વ અને પરને મંડિત કરે છે. ગર્ભગૃહ, મોહન-મૈથુન ગૃહ અર્થાત્ વાસગૃહ. શાલાગૃહક-પટ્ટશાલા પ્રધાન, જાલગૃહ-ગવાક્ષયુક્ત ગૃહ, કુસુમગૃહ - પુષ્પ સમૂહ યુક્ત ગૃહ. ચિત્ર પ્રધાન ગૃહ, ગીત-નત્ય યોગ્ય ગૃહો તે ગંધર્વગૃહ, દર્પણમય ગૃહો તે આદર્શગૃહક. સર્વરત્નમય છે.

તે આલિગૃહ યાવત્ આદર્શગૃહોમાં અહીં યાવત્ શબ્દથી માલિકાગૃહ આદિ લેવા. ત્યાં ઘણાં હંસાસન છે ઈત્યાદિ પૂર્વવત્.

તે વનખંડોમાં તે-તે દેશમાં, તે જ દેશના તે-તે એક દેશમાં ઘણાં જાઈ, જૂઈ, મલ્લિકા, નવમાલિકા, વાસંતી આદિ મંડપો છે. દધિવાસુક - વનસ્પતિ વિશેષમય મંડપ, સુરુલ્લિ પણ વનસ્પતિ છે, તાંબૂલી-નાગવલ્લી. નાગ-વૃક્ષ વિશેષ, તે જ લતા તે નાગલતા અહીં જેની તિર્છી તથાવિધા શાખા કે પ્રશાખા પ્રસારેલ નથી તે લતા. નાગલતામય મંડપ તે નાગલતામંડપ. અફ્ફોયા - વનસ્પતિ વિશેષ છે, તન્મય મંડપ તે અફ્ફોયામંડપક. માલુકા - એકાસ્થિફળ વૃક્ષ વિશેષ, તન્મય મંડપ તે માલુકામંડપ. આ બધાં સર્વરત્નમય આદિ છે.

તે જાતિમંડપ યાવત્ માલુકામંડપમાં ઘણાં શિલાપટ્ટકો કહ્યા છે. કેટલાંક

હંસાસન સંસ્થિત યાવત્ દિક્સૌવસ્તિકાસન સંસ્થિત. અહીં યાવત્ શબ્દથી હંસાસન, ગરુડાસન, ઉન્નતાસન, પ્રનતાસન, દીર્ઘાસન, ભદ્રાસન, આદર્શાસન, વૃષભાસન, સિંહાસન, પદ્માસન, આ સર્વે સંસ્થિત છે. બીજા પણ ઘણાં શિલાપટ્ટક, જે વિશિષ્ટ ચિહ્નો, વિશિષ્ટ નામો, પ્રધાન શયન-આસનવત્ સંસ્થિત હતા. ક્યાંક માંસલસુઘટ્ટ૦ આદિ પાઠ છે. ત્યાં ઘણાં શિલાપટ્ટક માંસલ-અકઠિન, સુઘૃષ્ટ - અતિ મસૃણ. વિશિષ્ટ સંસ્થાન સંસ્થિત. આ પર્વતો બધાં રત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે આદિ પૂર્વવત્.

તે ઉત્પાદ પર્વત આદિમાં રહેલ હંસાસન આદિમાં યાવત્ વિવિધ રૂપ સંસ્થાન સંસ્થિત પૃથ્વીશિલાપટ્ટકમાં પૂર્વવત્ ઘણાં સૂર્યાભ વિમાનવાસી દેવો-દેવીઓ સુખ પડે તેમ બેસતા, કાયાને લાંબી કરીને રહેતા પણ નિદ્રા કરતા ન હતા. તેમને દેવયોનિકત્વથી નિદ્રાનો અભાવ હોય છે. ઉર્ધ્વસ્થાને રહે છે. બેસે છે, ત્વગ્ વર્તન કરે છે. ડાબું પડખું ફેરવી જમણે પડખે અને જમણું પડખું ફેરવી ડાબે પડખે થાય છે. રમણ કરે છે, મનને ઈચ્છિત જેમ થાય તેમ વર્તે છે. યથાસુખ અહીં-તહીં ગમનવિનોદ અને ગીત-નૃત્યાદિ વિનોદથી રહે છે. મૈથુન સેવે છે. એ રીતે પૂર્વભવમાં કરેલ કર્મો જે સુચરિત છે. - x - વિશિષ્ટ તથાવિધ ધર્માનુષ્ઠાન વિષયક અપ્રમાદકરણ ક્ષાંત્યાદિ સુચરિત જનિત, સુપરાક્રાંત અર્થાત્ સર્વ સત્ત્વ, મૈત્રી, સત્યભાષણ, પરદ્રવ્ય ન હરવું, સુશીલાદિરૂપ સુપરાક્રમ જનિત. તેથી જ શુભફળદાયી. અહીં કંઈક અશુભ ફળ પણ ઈન્દ્રિય જાતિ વિપર્યાસથી શુભ ફળ લાગે છે. તેથી તાત્ત્વિક શુભત્વ પ્રતિપત્તિ અર્થે આનો જ પર્યાય કહે છે - કલ્યાણ અર્થાત્ તથાવિધ વિશિષ્ટ ફળદાયી, અથવા અનર્થોપશમકારી ફળ વિપાકને અનુભવતા રહે છે.

● સૂત્ર-૩૩ :-

*તે વનખંડના બહુમધ્યદેશ ભાગે પ્રત્યેકમાં પ્રાસાદાવતંસક કહ્યા છે. તે પ્રાસાદાવતંસકો ૫૦૦ યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી, ૨૫૦ યોજન વિષ્કંભથી, અભ્યુદ્ગત ઉચ્ચ પ્રહસિત એવા પૂર્વવત્ બહુ સમ રમણીય ભૂમિભાગ, ઉલ્લોક, સપરિવાર સીંહાસન આદિ વર્ણન પૂર્વવત્ ત્યાં ચાર મહર્દ્ધિક દેવો યાવત્ પલ્યોપમ સ્થિતિક રહે છે. તે આ પ્રમાણે — અશોક, સપ્તપર્ણ, ચંપક, ચૂત.*

*સૂર્યાભદેવ વિમાનની મધ્યે બહુસમ રમણીય ભૂમિભાગ કહ્યો છે. તે આ - વનસંડ સિવાય યાવત્ ઘણાં વૈમાનિક દેવો અને દેવીઓ બેસે છે યાવત્ વિચરે છે. તે બહુસમ રમણીય ભૂમિ ભાગના બહુ મધ્યદેશમાં એક મોટું ઉવરિકાલયન કહ્યું છે. તે એક લાખ યોજન લંબાઈ-પહોળાઈથી, ૩,૧૬,૨૨૭ યોજન, ત્રણ કોશ, ૨૮ ધનુષ્ ૧૩॥ અંગુલથી કંઈક વિશેષ ન્યૂન પરિધિ છે. એક યોજન જાડાઈ છે, સર્વ જાંબૂનદમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે.*

● વિવેચન-૩૩ :-

તે વનખંડોના બહુમધ્યદેશ ભાગમાં પ્રત્યેક પ્રાસાદાવતંસક છે. અવતંસક વત્ શેખરક સમાન પ્રાસાદોના અવતંસક સમાન પ્રાસાદ વિશેષ. તે પ્રાસાદાવતંસક ૫૦૦ યોજન ઉંચા, ૨૫૦ યોજન વિષ્કંભથી છે. અભ્યુદ્ગતાદિ વિશેષણ પૂર્વવત્. ભૂમિ-



ઉલ્લોક વર્ણન પૂર્વવત્.

તે વનખંડોમાં પ્રત્યેક-ઐકૈક દિગ્ભાગથી ચાર દેવો-મહર્દ્ધિક, મહાદ્યુતિક, મહાબલી, મહાસુખી, મહાનુભાવવાળા તથા પલ્યોપમ સ્થિતિક રહે છે. અશોકવનમાં અશોક, સપ્તપર્ણવનમાં સપ્તપર્ણ, ચંપકવનમાં ચંપક, ચૂતવનમાં ચૂત. તે અશોકાદિ દેવો સ્વકીય વનખંડના પોતાના પ્રાસાદાવતંસકના, પોત-પોતાના સામાનિક દેવોના, પોત-પોતાની સપરિવાર અગ્રમહિષીના, પોત-પોતાની પરિષદના, પોત-પોતાના સૈનિકો, સૈન્યાધિપતિઓનું આધિપત્યાદિ કરતો.

સૂર્યાભ વિમાનના મધ્ય ભાગમાં બહુસમરમણીય ભૂમિભાગ છે. તેનું વર્ણન યાનવિમાનવત્ જાણવું. ત્યાં એક મોટું ઉપકારિકાલયન કહ્યું છે. - x - x - x - તે એક લાખ યોજન આયામ અને વિષ્કંભથી છે. ૩,૧૬,૨૨૭ યોજનાદિ સૂત્રવત્ કહેવું.

● સૂત્ર-૩૪ :-

*તે ઉપરિકાલયન બધી દિશા-વિદિશાઓમાં ચોતરફથી એક પદ્મવરવેદિકા અને એક વનખંડથી ઘેરાયેલ છે. તે પદ્મવર વેદિકા અર્દ્ધ યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી, ૫૦૦ ધનુષ્ વિષ્કંભથી, ૫૦૦ ધનુષ્ પહોળી અને ઉપરિકાલયન જેટલી તેની પરિધિ છે.*

*તે પદ્મવર વેદિકાનું વર્ણન — વજ્રમય નેમ, રિષ્ટરત્ન મય પ્રતિષ્ઠાન, વૈડૂર્યમય સ્તંભ, સોના-રૂપામય ફલક, લોહિતાક્ષમય શૂચિઓ, વિવિધ મણિમય કડેવર, વિવિધમણિમય કડેવર સંઘાટક, વિવિધ મણિમય રૂપ અને રૂપ સંઘાટક, અંકમય પક્ષ બાહા, જ્યોતિ રસમય વંશ, વંશકવેલુક, રજતમય પટ્ટિકા, જાતરૂપ્યમય અવઘાટની, વજ્રમયી ઉપરી પ્રૌંછની, સર્વરત્નમય આચ્છાદન છે.*

*તે પદ્મવરવેદિકા ચારે દિશા-વિદિશામાં એક એક હેમજાલ, ગવાક્ષજાલ, ઘંટિકાજાલ, ઘંટાજાલ, મુક્તાજાલ, મણિજાલ, કનકજાલ, રત્નજાલ, પદ્મજાલ વડે સંપરિવૃત્ત છે. તે માળાઓ સુવર્ણ લંબૂસકથી યાવત્ રહેલી છે.*

*તે પદ્મવરવેદિકાના તે-તે દેશમાં, ત્યાં-ત્યાં ઘણાં અશ્વસંઘાટક યાવત્ વૃષભ સંઘાટક, સર્વે રત્નમય, નિર્મળ યાવત્ પ્રતિરૂપ છે, પ્રાસાદીયાદિ છે યાવત્ વીથિઓ, પંક્તિઓ, મિથુનો, લતાઓ છે. ભગવન્ ! એમ કેમ કહ્યું કે — પદ્મવર વેદિકા, પદ્મવર વેદિકા છે ? ગૌતમ ! પદ્મવરવેદિકાના તે-તે દેશમાં ત્યાં-ત્યાં વેદિકામાં, વેદિકાબાહામાં, વેદિકાફલકોમાં, વેદિકા પુંડતરમાં, સ્તંભ-સ્તંભબાહા-સ્તંભશીર્ષ-સ્તંભપુટંતરમાં, શુચિ-શુચિ મુખો-શુચિફલક-શુચિપુટંતરમાં, પક્ષ-પક્ષબાહા - પક્ષ પેરંત-પક્ષપુટંતરમાં ઘણાં ઉત્પલ, પદ્મ, કુમુદ, નલીન, સુભગ, સૌગંધિક, પુંડરીક, મહાપુંડરીક, શતપત્ર, સહસ્રપત્રો છે. તે બધાં, હે આયુષ્યમાન્ શ્રમણો ! સર્વ રત્નમય, નિર્મળ, પ્રતિરૂપ, મહા વરસાદથી બચવામાં છત્ર સમાન છે. તેથી આ કારણે હે ગૌતમ ! પદ્મવર વેદિકા, પદ્મવરવેદિકા કહેવાય છે.*

*ભગવન્ ! પદ્મવર વેદિકા શું શાશ્વત છે ? ગૌતમ ! તે કથંચિત્ શાશ્વત*

***છે, કથંચિત અશાશ્વત છે. ભગવન્ ! એમ કેમ કહો છો ? હે ગૌતમ ! દ્રવ્યાર્થપણે શાશ્વત છે અને વર્ણ-ગંધ-રસ-સ્પર્શ પર્યાયોથી અશાશ્વત છે. તેથી આમ કહ્યું.***

***ભગવન્ ! તે પદ્મવરવેદિકા કાળથી કેટલો કાળ રહેશે ? ગૌતમ ! તે પદ્મવરવેદિકા, કદિ ન હતી તેમ નથી, કદિ નથી તેમ નહીં, કદિ નહીં હશે તેમ નહીં, હતી છે અને રહેશે. તે ધ્રુવ, નિત્ય, શાશ્વત, અક્ષય, અવ્યય, અવસ્થિત, નિત્ય છે.***

***તે વનખંડ દેશોન બે યોજન ચક્રવાલવિષ્કંભથી, ઉપકારિકાલયન સમ પરિક્ષેપથી છે, વનખંડ વર્ણન યાવત્ વિચરે છે, સુધી કહેવું. તે ઉપકારિકાલયનની ચારે દિશામાં ચાર ત્રિસોપાનપ્રતિરૂપક કહ્યા છે. તોરણ-ધ્વજ-છત્રાતિછત્ર વર્ણવવા. તે ઉપરિકાલયનની ઉપર બહુસમરમણિય ભૂમિભાગ, મણી જેવા સ્પર્શ પર્યન્ત કહેવો.***

**● વિવેચન-૩૪ :-**

તે એક પદ્મવર વેદિકા એક વનખંડથી બધી દિશામાં સામસ્ત્યથી સમ્યગ્ પરિક્ષિપ્ત છે. તે અર્ધયોજન ઉંચી, ૫૦૦ ધનુષ્ વિષ્કંભથી, પરિક્ષેપથી ઉપરિકાલયનના પરિધિ પરિમાણ સમાન છે. તે પદ્મવરવેદિકાનું આ આવા સ્વરૂપનું વર્ણન છે - વર્ણ-શ્લાઘા, યથાવસ્થિત સ્વરૂપકીર્તન, તેનો નિવાસ, ગ્રન્થપદ્ધતિરૂપ વર્ણાવાસ, તે મેં તથા બાકીના તીર્થંકરોએ કહેલ છે. - x - x -

અહીં સૂત્ર પુસ્તકોમાં અન્યથા અતિદેશ બહુલ પાઠ દેખાય છે. તેથી મતિસંમોહ ન થાય, તેથી શિષ્યજનના અનુગ્રહને માટે પાઠ કહે છે — વજ્રમય નેમા, રિષ્ટમય પ્રતિષ્ઠાન, વૈડૂર્યમય સ્તંભ, સુવર્ણ રૂપ્યમય ફલક, લોહિતાક્ષમય સૂઈ૦ ઈત્યાદિ બધું સૂત્રાર્થમાં જણાવેલું છે. - x - આ બધું દ્વારવત્ કહેવું. માત્ર कलेवर - મનુષ્ય શરીરો, कलेवरसंघाट - મનુષ્ય શરીરયુગ્મ, रूपाणि - રૂપકો.

તે પદ્મવરવેદિકા તે-તે દેશમાં, એક એક હેમજાલથી, એક એક ગવાક્ષજાલથી એ રીતે ઘંટાજાલ - ઘંટિકાજાલ - મુક્તાજાલ-કનકજાલ-મણિજાલ-રત્નજાલ-સર્વ-રત્નજાલ-પદ્મજાલથી ચોતરફથી પરિવૃત્ત છે તે જાલ સુવર્ણના લંબૂસક, સુવર્ણપ્રતર મંડિત, વિવિધ મણિ-રત્ન, વિવિધ હાર - અર્દ્ધહારથી શોભિત, સમુદ્ધય રૂપ, કંઈક અન્યોન્ય સંપ્રાપ્ત, પૂર્વ-પશ્ચિમ-દક્ષિણ-ઉત્તરથી આવેલ વાયુથી મંદ-મંદ કંપતા-ઝુંઝતા-ઉદાર-મનોજ્ઞ-મનહર કર્ણ-મનને સુખકર શબ્દોથી તે પ્રદેશમાં ચોતરફથી પૂરિત કરતા, શ્રી વડે શોભિત છે.

તે પદ્મવર વેદિકામાં તે-તે દેશમાં, ત્યાં-ત્યાં અશ્વ, નર, કિંનર, કિંપુરિષ, મહોરગ, ગંધર્વ, વૃષભના સંઘાટક સર્વ રત્નમય, નિર્મળ યાવત્ પ્રતિરૂપ છે. એ રીતે પંક્તિ, વીથિ, મિથુનો જાણવા. તે પદ્મવર વેદિકામાં ઘણી પદ્મ-નાગ-અશોક-ચંપક-વન-વાસંતિક-અતિમુક્ત-કુંદ-શ્યામ લતાઓ છે. તે નિત્ય કુસુમિત, મુકુલિત, લવચીક, સ્તબકીય, ગુલયિત, ગોચ્છિક, યમલિક, યુગલિક, વિનમિત, પ્રણમિત છે. - x - x - આ સર્વે રત્નમય, નિર્મળ યાવત્ પ્રતિરૂપ છે.



ઉક્ત પાઠની વ્યાખ્યાનો સાર :- हेमजाल - સર્વથા સુવર્ણમય લટકતો માળા સમૂહ. ગવાક્ષજાલ - ગવાક્ષાકૃતિ રત્નવિશેષ દામસમૂહ. કિંકિણી - નાની ઘંટિકા, ઘંટાજાલ - ઘંટડીની અપેક્ષાએ કંઈક મોટો ઘંટ, મુક્તાજાલ-મુક્તાફળમય માળા સમૂહ, મણિજાલ-મણીમય માળા સમૂહ, કનકજાલ - પીળું એવું સુવર્ણ વિશેષ મય માળા સમૂહ, એ રીતે રત્નજાલ, પદ્મજાલ, સર્વે દિશા-વિદિશામાં વ્યાપ્ત છે. હેમજાલ આદિજાલ, ક્યાંક 'દામ'એ પાઠ છે. ત્યાં હેમજાલાદિરૂપ માળા અર્થ કરવો. અશ્વસંઘાટક, લતાસૂત્ર ઇત્યાદિ પૂર્વવત્ જાણવા.

હવે પદ્મવર વેદિકાનું સ્વરૂપ જિજ્ઞાસુ પૂછે છે - હવે કયા કારણે ભગવન્ ! એમ કહેવાય છે ? પદ્મવર વેદિકા એવા સ્વરૂપના શબ્દની તેમાં પ્રવૃત્તિમાં નિમિત્ત શું છે ? ત્યારે ભગવંતે કહ્યું — તેમાં સ્થાને-સ્થાને વેદિકામાં - ઉપવેશન યોગ્ય મત્તવારણ રૂપ, વેદિકાબાહા - વેદિકાના પડખા, વેદિકાપુટંતર - બે વેદિકા તેના અપાંતરાલમાં, સામાન્યથી સ્તંભમાં, સ્તંભબાહા - સ્તંભ પડખામાં, સ્તંભશીર્ષમાં, સ્તંભપુટ - બે સ્તંભો, તેના અંતરોમાં. સૂચિ-પાટીયાના સંબંધના વિઘટન અભાવહેતુ પાદુકા સ્થાનીય અર્થાત્ તેના ઉપર. સૂચિમુખ - જે પ્રદેશે શૂચિ ફલકને ભેદીને મધ્યમાં પ્રવેશે છે, તે પ્રત્યાસન્ન દેશ. સૂચિફલક - સૂચિ સંબંધી જે ફલક પ્રદેશ, તે પણ ઉપચારથી સૂચિફલક છે તે સૂચિના ઉપર કે નીચે વર્તે છે. સૂચિપુટંતર - બે સૂચિના અંતરમાં. પક્ષા, પક્ષબાહા-વેદિકાના એક દેશ વિશેષમાં - - -

- - - ઘણાં ઉત્પલ - ગર્દભક, પદ્મ-સૂર્યવિકાસી, કુમુદ-ચંદ્રવિકાસી, નલિન-કંઈક લાલ પદ્મ, સુભગ-પદ્મવિશેષરૂપ, સૌગંધિક-કલ્હાર, પુંડરીક-સિતઅંબુજ, તે જ મહા-મહાપુંડરીક, શતપત્ર - સો પાંદડીયુક્ત, સહસ્રપત્ર - હજાર પત્રયુક્ત. આ બંને કમળ સંખ્યા વિશેષથી ભિન્ન હોવાથી જુદા ગ્રહણ કર્યા છે. આ સર્વે રત્નમય છે, નિર્મળ છે ઈત્યાદિ વિશેષણ પૂર્વવત્ જાણવા.

महान्ति - મહાપ્રમાણ, વાષિકાણિ-વર્ષાકાળે પાણીથી રક્ષા માટે જે કરાયેલ છે, તે - તે છત્રો, તેની સમાન કહેવાયેલ છે. હે ગૌતમ ! આ અન્વર્થથી એમ કહેવાય છે - પદ્મવર વેદિકા છે. તે - તે યથોક્તરૂપ પ્રદેશોમાં યથોક્તરૂપ પદ્મો, પદ્મવરવેદિકા શબ્દની પ્રવૃત્તિ-નિમિત્ત છે. વ્યુત્પત્તિ આ રીતે - પદ્મપ્રધાન વેદિકા તે પદ્મવરવેદિકા.

પદ્મવર વેદિકા શું શાશ્વતી છે કે અશાશ્વતી. અર્થાત્ શું નિત્ય છે કે અનિત્ય ? ભગવંતે કહ્યું — હે ગૌતમ ! કંઈક શાશ્વતી - કંઈક અશાશ્વતી અર્થાત્ કથંચિત્ નિત્ય-કથંચિત્ અનિત્ય. સ્યાત્ શબ્દ કથંચિત્ અર્થમાં નિપાત છે. પ્રશ્નસૂત્ર સુગમ છે. ભગવંત કહે છે — ગૌતમ ! દ્રવ્યાસ્તિકનયના મતથી શાશ્વતી છે. તાત્ત્વિકો માને છે - દ્રવ્યાસ્તિક નય જ દ્રવ્ય છે, પર્યાયો નહીં. દ્રવ્ય અન્વયિ પરિણામીપણાથી અને અન્વયિત્વથી સર્વકાળભાવી હોવાથી દ્રવ્યાર્થપણે શાશ્વતી. વર્ણ પર્યાયથી, તેનાથી અન્ય સમુત્પદ્યમાન વર્ણ વિશેષરૂપથી, એ રીતે ગંધ-રસ-સ્પર્શ પર્યાયથી, તેના-તેના અન્ય પુદ્ગલ વિચટન-ઉચ્ચટન વડે અશાશ્વતી. અર્થાત્ પર્યાયાસ્તિક નય મતથી, પર્યાય પ્રાધાન્ય વિવક્ષામાં અશાશ્વતી. પર્યાયોના પ્રતિક્ષણ ભાવિતપણા કે કેટલોક

કાળ ભાવિતપણાથી વિનાશિતપણાથી. ઉપસંહાર સુગમ છે.

અહીં દ્રવ્યાસ્તિક નયવાદી સ્વમત પ્રતિષ્ઠાપનાર્થે કહે છે — અત્યંત ઉત્પાદ નથી, સત્‌નો નાશ નથી, વિદ્યમાન ભાવ અસત્ નથી, અભાવ એ સત્ નથી. જે પ્રતિવસ્તુનો ઉત્પાદ-વિનાશ દેખાય છે, તે આવિર્ભાવ અને તિરોભાવ માત્ર છે. તેથી સર્વ વસ્તુ નિત્ય છે. તેના મતમાં સંશય કરે છે કે શું ઘટાદિવત્ દ્રવ્યાર્થતાથી શાશ્વતી કે સર્વકાળ એકરૂપ છે ? તે સંશયાર્થે ફરી પૂછે છે —

ભગવન્ ! પદ્મવર વેદિકા કાળથી કેટલો કાળ સુધી હોય છે ? એ રીતે કેટલો કાળ રહે છે ? ભગવન્ કહે છે — ગૌતમ ! તે કદી ન હતી તેમ નહીં અર્થાત્ સર્વદા હતી કેમકે અનાદિ છે. કદી નથી તેમ પણ નહીં, સર્વદા વર્તમાનકાળમાં રહેલી છે. કદી નહીં હશે તેમ પણ નહીં, ભાવિમાં પણ સર્વદા હશે. કેમકે અનંતકાળ છે. આ રીતે ત્રણ કાળ વિચારણામાં નાસ્તિત્વનો પ્રતિષેધ કરીને હવે અસ્તિત્વ પ્રતિપાદિત કરવા કહે છે — હતી, છે અને રહેશે. એ રીતે ત્રિકાળ અવસ્થાયીત્વથી ધ્રુવ, મેરુ આદિ વત્ ધ્રુવત્વથી જ સદૈવ સ્વસ્વરૂપ નિયત, નિયતત્વથી જ શાશ્વતી, શાશ્વતત્વથી જ સતત ગંગા-સિંધુ પ્રવાહપ્રવૃત્ત છતાં પુંડરીક દ્રહ વત્ અનેક પુદ્‌ગલોના વિચટન છતાં તેટલી જ માત્રાના પુદ્‌ગલના ઉચ્ચટન સંભવથી અક્ષય - જેમાં યથોક્ત સ્વરૂપમાં પરિભ્રંશ થતો નથી તે. અક્ષયત્વથી જ અવ્યય - પોતાના સ્વરૂપથી ચલનના અભાવથી. અવ્યયત્વથી સ્વસ્વ પ્રમાણમાં અવસ્થિત માનુષોત્તરતી બાહ્ય સમુદ્રવત્. તેથી જ નિત્ય-ધર્માસ્તિકાયાદિવત્.

આ પદ્મવરવેદિકા એક વનખંડથી ચોતરફથી પરિક્ષિપ્ત છે. તે વનખંડ દેશોન બે યોજન ચક્રવાલ વિષ્કંભથી છે. વનખંડ વર્ણન - કૃષ્ણ, કૃષ્ણાવભાસ ઈત્યાદિરૂપ પૂર્વવત્ જાણવું.

તે ઉપકારિકા લયનની ચારે દિશામાં, પ્રત્યેકમાં એક-એક એમ ચાર ત્રિસોપન-પ્રતિરૂપક કહ્યા છે. તેનું વર્ણન યાન વિમાનવત્ છે. તે ત્રિસોપાનકની આગળ પ્રત્યેકમાં એક એક તોરણ છે. તોરણ વર્ણન પણ પૂર્વવત્. ઈત્યાદિ - x -

● **સૂત્ર-૩૫ :-**

***તે બહુસમ રમણીય ભૂમિભાગના બહુમધ્યદેશે એક મોટું પ્રાસાદાવતંસક કહ્યું છે. તે પ્રાસાદાવતંસક ૫૦૦ યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી, ૨૫૦ યોજન વિષ્કંભથી તથા પોતાની ફેલાઈ રહેલ પ્રભાથી હસતું એવું પ્રતીત થાય છે. ચંદરવો અને સપરિવાર સીંહાસન કહેવા. અષ્ટ અષ્ટમંગલ, ધ્વજ, છત્રાતિ છત્ર કહેવા. તે મૂળ પ્રાસાદાવતંસક, બીજા ચાર પ્રાસાદાવતંસકો તેનાથી અર્ધ ઉચ્ચત્વ પ્રમાણ માત્રથી ચોતરફ પરિવૃત્ત છે. તે પ્રાસાદાવતંસકો ૨૫૦ યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી, ૧૨૫-યોજન વિષ્કંભતી છે.***

***તે પ્રાસાદાવસંતકો બીજા ચાર પ્રાસાદાવતંસકોથી ઘેરાયેલ છે, તે અર્ધા ઉચ્ચત્વ પ્રમાણથી છે. તે પ્રાસાદાવતંસકો પચીશ યોજન ઉંચા અને સાડા બાસઠ યોજન પહોળા, એકત્રીશ યોજન અને એક કોશ વિષ્કંભથી છે. ઉલ્લોક, સપરિવાર સીંહાસન, પ્રાસાદ ઉપર આઠ આઠમંગલો, ધ્વજો અને છત્રાતિછત્રો છે.***



● **વિવેચન-૩૫ :-**

તે બહુસમરમણીય ભૂમિભાગના બહુમધ્યદેશે એક મોટું મૂલપ્રાસાદાવતંસક છે, તે ૫૦૦ યોજન ઉંચા છે, ૨૫૦ યોજન પહોળા છે. તેનું વર્ણન, મધ્યના ભૂમિભાગ, ઉલ્લોક વર્ણન દ્વારની બહાર રહેલ પ્રાસાદવત્ જાણવું. તેના મધ્ય ભાગમાં એક મણિપીઠિકા કહી છે. આઠ યોજન લંબાઈ-પહોળાઈથી, ચાર યોજન જાડાઈથી છે. તે સર્વથા મણીમય, નિર્મળ ઈત્યાદિ પૂર્વવત્ છે.

તે મણિપીઠિકાની ઉપર એક મોટું સિંહાસન છે. તે સિંહાસન અને પરિવારરૂપ ભદ્રાસન પૂર્વવત્ જાણવું. તે મૂળ પ્રાસાદાવતંસક બીજા ચાર પ્રાસાદાવતંસકથી ચોતરફથી પરિવૃત્ત છે. તેનું અર્દ્ધત્વ પ્રમાણ બતાવે છે - ૨૫૦ યોજન ઉંચો, ૧૨૫ યોજન વિષ્કંભથી. તેનું વર્ણન, મધ્યભૂમિભાગ ઈત્યાદિ પૂર્વવત્ જાણવું.

તે પ્રાસાદાવતંસકના બહુ મધ્યદેશ ભાગમાં પ્રત્યેકમાં સિંહાસન કહ્યું છે. તે સીંહાસન વર્ણન પૂર્વવત્. માત્ર અહીં બાકી પરિવારરૂપ ભદ્રાસન કહેવા. તે પ્રાસાદાવતંસકો બીજા ચાર પ્રાસાદાવતંસકથી પરિવૃત્ત છે. તેનું ઉચ્ચત્વ પ્રમાણ આ રીતે છે - મૂલ પ્રાસાદાવતંસકની અપેક્ષાએ ચોથા ભાગ પ્રમાણથી છે. તેનું અર્દ્ધઉચ્ચત્વ પ્રમાણથી બતાવે છે - તે ૧૨૫ યોજન ઉચ્ચત્વથી, ૬૨॥ યોજન વિષ્કંભથી છે - x - શેષ વર્ણન પૂર્વવત્. *[અહીં વૃત્તિકૃત્ સર્વ વર્ણન સૂત્રાર્થ મુજબ છે તેથી નોંધેલ નથી.]* વિશેષ એટલું કે છેલ્લા ચાર પ્રાસાદાવતંસક પંદર યોજનથી અધિક ઉચ્ચત્વથી અને દેશોન આઠ યોજન વિષ્કંભથી છે.

● **સૂત્ર-૩૬ :-**

***તે મૂલ પ્રાસાદાવતંસકની પૂર્વે અહીં સુધર્માસભા કહી છે. તે ૧૦૦ યોજન લાંબી, ૫૦ યોજન પહોળી, ૭૨ યોજન ઉંચી, અનેકશત સ્તંભ સંનિવિષ્ટ, અભ્યુદ્‌ગત સુકૃત્ વજ વેદિકા અને તોરણ, વર રચિત શાલભંજિકા યાવત્ અપ્સરાગણ સંઘથી વ્યાપ્ત, પ્રાસાદીય આદિ છે. તે સુધર્માસભામાં ત્રણ દિશામાં ત્રણ દ્વારો કહ્યા છે. તે આ — પૂર્વમાં, દક્ષિણમાં, ઉત્તરમાં. આ દ્વારો ૧૬-યોજન ઉચ્ચત્વથી, આઠ યોજન વિષ્કંભથી, તેટલાં જ પ્રવેશ ભાગમાં છે. તે દ્વાર શ્વેત અને શ્રેષ્ઠ સુવર્ણની સ્તુપિકાઓ તથા વનમાળાથી અલંકૃત્ છે. તે દ્વારોની ઉપર આઠ-આઠ મંગલો, ધ્વજા, છત્રાતિછત્રો છે.***

***તે દ્વારોની આગળ પ્રત્યેક-પ્રત્યેક મુખ મંડપ કહ્યા છે. તે મુખ મંડપો ૧૦૦ યોજન લંબાઈથી, ૫૦ યોજન વિષ્કંભથી, સાતિરેક ૧૬ યોજન ઉંચાઈથી છે. સુધર્મ સભા સમાન વર્ણન કહેવું. તે મુખમંડપની ત્રણ દિશામાં ત્રણ દ્વારો કહ્યા છે. તે આ — પૂર્વમાં, દક્ષિણમાં, ઉત્તરમાં. તે દ્વારો ૧૬ યોજન ઉંચા, આઠ યોજન પહોળા, આઠ યોજન પ્રવેશથી છે. આ દ્વારો શ્વેત, શ્રેષ્ઠ સુવર્ણ સ્તુપિકા યાવત્ વનમાળાઓથી અલંકૃત્ છે. તે મુખમંડપના ભૂમિભાગ, ઉલ્લોક, તેની ઉપરના આઠ મંગલ, છત્રાદિ કહેવા.***

તે મુખમંડપની આગળ પ્રત્યેક-પ્રત્યેક પ્રેક્ષાગૃહ મંડપ કહેલ છે. દ્વાર, ભૂમિભાગ, ઉલ્લોક પર્યન્ત મુખમંડપ કહેવો તે બહુસમ રમણીય ભૂમિભાગના બહુમધ્યદેશ ભાગમાં પ્રત્યેક પ્રત્યેકમાં વજ્રમય અક્ષાટક કહ્યા છે. તે વજ્રમય અક્ષાટકના બહુ મધ્યદેશ ભાગમાં પ્રત્યેક-પ્રત્યેક મણિપીઠિકા કહી છે. તે મણિપીઠિકા આઠ યોજન આયામ-વિષ્કંભથી, ચાર યોજન બાહલ્યથી, સર્વમણિમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે તે મણિપીઠિકા ઉપર પ્રત્યેક પ્રત્યેક સ્તુપ કહ્યા છે. તે સ્તૂપ ૧૬-યોજન લંબાઈ-પહોળાઈથી, સાતિરેક ૧૬ યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી, શંખ-અંક-કુંદ-દકરજ-અમૃત મથિત ફેણપુંજ સદંશ શ્વેત છે તથા સર્વરત્નમય, નિર્મળ યાવત્ પ્રતિરૂપ છે.

તે સ્તૂપોની ઉપર આઠ આઠ મંગલો, ધ્વજ, છત્રાતિછત્ર છે. તે સ્તૂપોની ચારે દિશામાં પ્રત્યેક-પ્રત્યેકને મણિપીઠિકા કહી છે, તે મણિપીઠિકાઓ આઠ યોજન આયામ-વિષ્કંભથી, ચાર યોજન બાહલ્યથી સર્વે મણિમય, નિર્મળ યાવત્ પ્રતિરૂપ છે.

તે મણિપીઠિકા ઉપર ચાર જિન [અરિહંતની] પ્રતિમા છે, તે જિનોત્સેધ પ્રમાણ માત્ર, પર્યંકાસને બિરાજમાન, સ્તૂપાભિમુખ રહેલી છે. તે આ રીતે — ઋષભ, વર્ધમાન, ચંદ્રાનન, વારિષેણ.

તે સ્તૂપોની આગળ પ્રત્યેક-પ્રત્યેકને મણિપીઠિકાઓ કહી છે. તે મણિપીઠિકા સોળ યોજન લંબાઈ-પહોળાઈથી, આઠ યોજન બાહલ્યથી, સર્વે મણિમયી યાવત્ પ્રતિરૂપ છે. તે મણિપીઠિકાની ઉપર પ્રત્યેક-પ્રત્યેક ચૈત્યવૃક્ષ કહેલ છે તે ચૈત્યવૃક્ષ આઠ યોજન ઉર્ધ્વ ઉંચા, અર્દ્ધ યોજન ઉદ્વેધથી, બે યોજન સ્કંધ, અર્ધ યોજન વિષ્કંભ, છ યોજનમાં ફેલાયેલ શાખા, બહુમ-ધ્યદેશ ભાગમાં આઠ યોજન આયામ વિષ્કંભથી, સાતિરેક આઠ યોજન સર્વ પરિણામ છે.

તે ચૈત્યવૃક્ષનું આવા પ્રકારનું વર્ણન કહ્યું છે — વજ્રમય મૂળ, રજતના સુપ્રતિષ્ઠિત વિડિમા, રિષ્ટમય વિપુલ કંદ, વૈડૂર્ય રુચિર સ્કંધ, સુજાત શ્રેષ્ઠ જાતરૂપ પ્રથમક વિશાળ શાખા, વિવિધ મણિમય રત્નની વિવિધ શાખા-પ્રશાખા, વૈડૂર્યપત્ર, તપનીયબિંટ, જંબૂનદ રક્ત મૃદુ સુકુમાલ પ્રવાલથી શોભિત ઉત્તમ કુરાગ્ર શિખરો, વિચિત્ર મણિરત્ન સુરભિ કુસુમ ફળથી ભરેલ નમેલી શાખા અધિક મન-નયનને સુખકર છે, અમૃતરસ સમાન રસવાળા ફળો યુક્ત વૃક્ષ છાયા-પ્રભા-શોભા અને ઉદ્યોત સહિત અને પ્રાસાદીયાદિ છે.

તે ચૈત્યવૃક્ષોની ઉપર આઠ આઠ મંગલો, ધ્વજ, છત્રાતિછત્ર છે. તે ચૈત્યવૃક્ષોની આગળ પ્રત્યેક-પ્રત્યેક મણિપીઠિકા કહી છે. તે મણિપીઠિકા આઠ યોજન લંબાઈ-પહોળાઈથી છે, ચાર યોજન બાહલ્યથી છે, સર્વે મણીમય, નિર્મળ યાવત્ પ્રતિરૂપ છે.

તે મણિપીઠિકાની ઉપર પ્રત્યેક-પ્રત્યેક મહેન્દ્રધ્વજ કહ્યો છે. તે મહેન્દ્રધ્વજ



સાઈઠ યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી છે. યોજન ઉદ્વેધથી, યોજન વિષ્કંભથી, વજ્રમય, વૃત્ત-લષ્ટ-સુશિલિષ્ટ-પરિવૃષ્ટ-મૃષ્ટ-સુપ્રતિષ્ઠિત, વિશિષ્ટ અનેક પંચવર્ણી હજારો કુડભિથી પરિમંડિત અને અભિરામ વાતોદ્ધૂત વિજય-વૈજયંતીપતાકા, છત્રાતિછત્ર યુક્ત, ઉંચી, ગગનતલને સ્પર્શતા પ્રાસાદીયાદિ છે. [તેની ઉપર] આઠ આઠમંગલો, ધ્વજા, છત્રાતિછત્ર છે.

તે મહેન્દ્રધ્વજ આગળ એક-એક નંદા પુષ્કરિણીઓ છે. તે પુષ્કરિણીઓ ૧૦૦ યોજન લંબાઈ, ૫૦ યોજન પહોળાઈ, ૧૦ યોજન ઉદ્વેધથી અને નિર્મળ યાવત્ વર્ણન કરવું (કે) એક ઉદરકરસયુક્ત કહી છે. તે એક-એક પદ્મવર વેદિકાથી પરિવૃત્ત છે. એક-એક વનખંડથી પરિવૃત્ત છે. તે નંદા પુષ્કરિણીની ત્રણ દિશામાં ત્રિસોપાન પ્રતિરૂપક કહ્યા છે. ત્રિસોપાનપ્રતિરૂપકનું વર્ણન કરવું. તોરણ-ધ્વજ-છત્રાતિછત્ર કહેવા.

સુધર્માસભામાં ૪૮,૦૦૦ મનોગુલિકાઓ કહી છે. તે આ રીતે - પૂર્વમાં ૧૬,૦૦૦, પશ્ચિમમાં ૧૬,૦૦૦, દક્ષિણમાં, ૮૦૦૦, ઉત્તરમાં ૮૦૦૦. તે મનોગુલિકામાં ઘણાં સુવર્ણ-રૂપ્યમય ફલકો કહ્યા છે. તે સુવર્ણ-રૂપ્યમય ફલકોમાં ઘણાં વજ્રમય નાગદંતો કહ્યા છે. તે વજ્રમય નાગદંતોમાં કાળા સૂત્રના બનેલ ગોળ લાંબી-લાંબી માળાઓ લટકે છે.

સુધર્માસભામાં ૪૮,૦૦૦ ગોમનસિકાઓ કહી છે. નાગદંતક પર્યન્ત મનોગુલિકા સમાન કહેવું. તે નાગદંતકોમાં ઘણાં રજતમય સિક્કા કહ્યા છે. તે રજતમય સિક્કામાં ઘણી વૈડૂર્યમય ધૂપઘટિકાઓ કહી છે. તે ધૂપઘટિકામાં કાલો અગરુ યાવત્ છે.

સુધર્માસભામાં બહુસમરમણીય ભૂમિભાગ કહ્યો છે, યાવત્ મણિ વડે શોભિત, મણિ સ્પર્શ અને ઉલ્લોક છે. તે બહુસમ રમણિય ભૂમિભાગના બહુ મધ્ય દેશ ભાગમાં એક મોટી મણિપીઠિકા કહી છે. તે ૧૬ યોજન લંબાઈ-પહોળાઈથી, આઠ યોજન બાહલ્યથી છે અને સર્વ મણિમયી યાવત્ પ્રતિરૂપ છે.

તે મણિપીઠિકાની ઉપર અહીં માણવક ચૈત્ય સ્તંભ કહ્યો છે. તે ૬૦ યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી, ઉદ્વેધથી એક યોજન અને વિષ્કંભથી એક યોજન છે. તે ૪૮ દ્વારો, ૪૮ આયામોવાળા છે. શેષ વર્ણન માહેન્દ્રધ્વજ સમાન જાણવું. તે માણવક ચૈત્યસ્તંભ ઉપર બાર યોજન અને નીચે પણ બાર યોજન છોડી, મધ્યના ૩૬-યોજનમાં અહીં ઘણાં સુવર્ણ-રૂપ્યમય ફલોક કહ્યા છે. તે ફલકોમાં ઘણાં વજ્રમય નાગદંતો કહ્યા છે, તે વજ્રમય નાગદંતોમાં ઘણાં રજતમય સિક્કા કહ્યા છે. તે સિક્કામાં ઘણાં વજ્રમય ગોળ ગોળ સમુદ્ગકો કહ્યા છે. તે સમુદ્ગકોમાં ઘણાં જિનસક્થિઓ સુરક્ષિત છે.

તે (અસ્થીઓ) સૂર્યાભ દેવને અને અન્ય ઘણાં દેવો અને દેવીઓને અર્ચનીય યાવત્ પર્યુપાસનીય છે. તે માણવક ચૈત્ય સ્તંભની ઉપર આઠ આઠ મંગલો, ધ્વજો, છત્રાતિછત્રો છે.

● **વિવેચન-૩૬ :-**

તે મૂળ પ્રાસાદાવતંસકના ઈશાનખૂણામાં સુધર્માસભા કહી છે. સુધર્મા નામક વિશિષ્ટ છંદકયુક્ત. તે ૧૦૦ યોજન લાંબી, ૫૦-યોજન પહોળી, ૭૨-યોજન ઉંચી છે. તે સભા અનેક શત સ્તંભ ઉપર રહેલી છે. અતિરમણીયપણે જોનાર પ્રતિ પ્રાબલ્યથી સ્થિત, નિપુણ શિલ્પીરચિત છે. દ્વારમુંડિક ઉપર વજરત્નમય વેદિકા અને તોરણ છે. પ્રધાન રચિતા કે રતિદા શાલભંજિકા વડે સંબદ્ધ, પ્રધાન, મનોજ્ઞ, સંસ્થાનવાળી છે. પ્રશસ્ત-પ્રશંસાસ્પદી રૂપ વૈડૂર્ય રત્નમય તેના સ્તંભો છે. તથા વિવિધ મણિ-કનક રત્ન ખચિત છે. નિર્મળ, અત્યંત સમ, સુવિભક્ત, નિબિડ અને રમણીય ભૂમિભાગ છે.

ત્યાં ઈહામૃગ-ઋષભ-તુરગ-નર-મગર-વિહગ-વ્યાલક-કિન્નર-રુરુ-સરભ-ચમર-કુંજર-વનલતા-પદ્મલતાના ચિત્રો ચિત્રિત છે. સ્તંભોદ્‌ગત વજવેદિકાથી અભિરામ, વિદ્યાધરના યમલયુગલ યંત્રથી યુક્ત, સૂર્યના હજારો કિરણોથી યુક્ત, દીપતા, અત્યંત દીપતા, ચક્ષુ ચોંટી જાય તેવા, સુખસ્પર્શ, સશ્રીકરૂપ, કંચન-મણિ-રત્ન સ્તુપિકા, વિવિધ પંચવર્ણી ઘંટા-પતાકાથી પરિમંડિત શિખરવાળી, ધવલ, મરીચિ કવચને છોડતી, લીંપેલ-ચુનો કરેલ, ગોશીર્ષ સરસ સુરભિ રક્ત ચંદન દદ્દર દત્ત પંચાગુલિતલ, ચંદન-કળશ આદિથી શોભિત દ્વાર દેશભાગ, માલ્યદામ - x - પુષ્પોચાર - x - વર ગંધ યુક્ત - x - અપ્સરા - x - દિવ્ય ત્રુટિતયુક્ત - x - પ્રતિરૂપ છે.

સુધર્માસભાની ત્રણે દિશામાં - એક એક દિશામાં એક એક દ્વાર ભાવથી ત્રણ દ્વારો કહ્યા છે - એક પૂર્વમાં, એક દક્ષિણમાં, એક ઉત્તરમાં તે દ્વારો પ્રત્યેક ૧૬-૧૬ યોજન ઉંચા, આઠ યોજન પહોળા, આઠ યોજન પ્રવેશમાં છે. વનમાળા સુધી આ વક્તવ્ય કહેવું. તે દ્વારોની આગળ એક-એક મુખમંડપ કહ્યો છે, તે મુખમંડપ ૧૦૦ યોજન લાંબો, ૫૦ યોજન પહોળો, સાતિરેક ૧૬-યોજન ઉંચા છે. તે અનેકશત સ્તંભ ઉપર રહેલ છે, ઈત્યાદિ વર્ણન સુધર્માસભાની જેમ સંપૂર્ણ કહેવું.

તે મુખમંડપો આગળ એક એક પ્રેક્ષાગૃહ મંડપ છે. તે પ્રેક્ષાગૃહમંડપ મણીના સ્પર્શ સુધી પૂર્વવત્ કહેવો. તેના બહુ સમરમણીય ભૂમિભાગના બહુ મધ્યદેશભાગે એક એક વજમય અક્ષપાટક કહ્યા છે. તેના બહુમધ્યદેશ ભાગમાં એક એક મણિપીઠિકા આઠ યોજન લંબાઈ-પહોળાઈથી અને ચાર યોજન બાહલ્યથી-પિંડરૂપે સર્વથા મણિમય છે. તે નિર્મળ છે ઈત્યાદિ વિશેષણ પૂર્વવત્ કહેવા.

તે મણિપીઠિકા ઉપર એક એક સિંહાસન છે, તે પૂર્વવત્. પ્રેક્ષાગૃહ મંડપ ઉપર આઠ-આઠ મંગલ, ઘણાં કાળા ચામર, ધ્વજ ઈત્યાદિ પૂર્વવત્ છે. તે પ્રેક્ષામંડપોની આગળ એક એક મણિપીઠિકા છે. તે એક એક ૧૬ યોજન લંબાઈ-પહોળાઈથી, આઠ યોજન બાહલ્યથી છે. સર્વથા મણિમય છે. નિર્મળ ઈત્યાદિ વિશેષણ પૂર્વવત્.

તે મણિપીઠિકા ઉપર એક એક ચૈત્યસ્તૂપ છે. તે ચૈત્યસ્તૂપ ૧૬ યોજન લંબાઈ-પહોળાઈથી છે. સાતિરેક સોળ યોજન ઉંચો છે. તે ચૈત્ય સ્તૂપની ઉપર આઠ સ્વસ્તિકાદિ મંગલ છે. ઘણાં કાળા ચામર-ધ્વજ યાવત્ શુકલ ચામર-ધ્વજ છે, જે શ્લક્ષ્ણ રૂપ્યપટ્ટ વજદંડવાળા, સુગંધી યાવત્ પ્રતિરૂપ છે.





તે ચૈત્ય સ્તૂપોની ઉપર ઘણાં છત્રાતિછત્ર, પતાકા, ઘંટા યુગલ, ઉત્પલસમૂહ યાવત્ સહસ્રપત્રસમૂહ છે, તે સર્વ રત્નમય યાવત્ પ્રતિરૂપ છે. આ બધું જ પૂર્વવત્ જાણવું. તે ચૈત્ય સ્તૂપોના એક-એકની ચારે દિશામાં એક એક મણિપીઠિકારૂપથી ચાર મણિપીઠિકા કહી છે. આઠ યોજન લંબાઈ-પહોળાઈથી, ચાર યોજન બાહલ્યથી, સર્વથા મણિમય, નિર્મળ ઇત્યાદિ પૂર્વવત્ છે.

તે મણિપીઠિકાની ઉપર એક-એક પ્રતિમા હોવાથી ચાર જિનપ્રતિમા, જિનોત્સેધ પ્રમાણ માત્ર છે. જિનોત્સેધ ઉત્કૃષ્ટથી ૫૦૦ ધનુષ્ અને જઘન્યથી સાત હાથ છે. અહીં તે ૫૦૦ ધનુષ્ સંભવે છે. તે પદ્માસને છે, સ્તૂપની સામે રહેલી છે. જગત્ સ્થિતિ સ્વાભાવ્યથી સમ્યગ્‌પણે રહેલી છે. તે ઋષભાદિ ચાર છે.

તે ચૈત્યસ્તૂપોની આગળ એક એક મણિપીઠિકા કહી છે. તે મણિપીઠિકા ૧૬ યોજન લંબાઈ-પહોળાઈથી, આઠ યોજન બાહલ્યથી છે. સર્વ મણિમયી છે, ઈત્યાદિ પૂર્વવત્. તે મણિપીઠિકા ઉપર એક એક ચૈત્યવૃક્ષો આઠ યોજન ઉંચા, અર્ધયોજન ઉંડા, બે યોજન સ્કંધ ઈત્યાદિ વર્ણન સૂત્રાર્થ મુજબ જ વૃત્તિમાં છે.

ચૈત્યવૃક્ષનું વર્ણન - વજમય મૂળ, રજત પ્રતિષ્ઠિત વિડિમા-બહુમધ્યદેશ ભાગમાં ઉંચે નીકળેલ શાખા છે. રિષ્ટ રત્નમય તેનો કંદ છે. વૈડૂર્યરત્નમય રુચિર સ્કંધ જેમાં છે, સુજાત-મૂલ દ્રવ્યશુદ્ધ પ્રધાન જે જાતરૂપ, તદાત્મક મૂળભૂત વિશાળ શાખા જેમાં છે તે. નાનામણિરત્નમય વિવિધ શાખા-પ્રશાખા જેની છે. તે વૈડૂર્યમય પત્રો જેમાં છે તે. તપનીયમય પત્રવૃંત જેમાં છે તે. જાંબુનદસુવર્ણ વિશેષમય રક્તવર્ણ, મૃદુ-મનોજ્ઞ, સુકુમાર સ્પર્શવાળા, પ્રવાલ-કંઈક ઉઘડેલ પત્રભાવ, પલ્લવ-સંજાત પરિપૂર્ણ પ્રથમ પત્ર ભાવ રૂપ, વરાંકુર-પ્રથમ ઉઘડતા અંકુરો, તેને ધારણ કરે છે. વિચિત્ર મણિ રત્નમય જે સુરભી કુસુમ અને ફળોના ભારથી નમેલી શાખા જેની છે તે. શોભનછાયા જેની છે તે સચ્છાય, શોભન કાંતિ જેની છે તે સત્પ્રભા, તેથી જ સશ્રીક. ઉદ્યોત સહ વર્તે છે, મણિરત્નોના ઉદ્યોત ભાવથી સોદ્યોત. મન-નયનને અધિક સુખકર. અમૃતરસ સમાન ફળોવાળી ઈત્યાદિ.

આ ચૈત્યવૃક્ષો બીજા ઘણાં તિલક-લવકચ્છત્ર યુક્ત શિરીષ સપ્તપર્ણ દધિપર્ણ લુબ્ધક ધવલ ચંદન નીપકુટજ પનસ તાલ તમાલ પ્રિયાલ પ્રિયંગુ પારાપત રાજવૃક્ષ નંદિવૃક્ષ વડે ચોતરફથી પરિવૃત્ત છે. તે તિલક યાવત્ નંદિવૃક્ષ મૂલમંત આદિ બધું અશોકવૃક્ષના વર્ણનની માફક કહેવું યાવત્ પરિપૂર્ણ લતા.

તે ચૈત્યવૃક્ષ બીજા ઘણાં તિલક-લવકચ્છત્ર યુક્ત શિરીષ સપ્તપર્ણ દધિપર્ણ લુબ્ધક ધવલ ચંદન નીપકુટજ પનસ તાલ તમાલ પ્રિયાલ પ્રિયંગુ પારાપત રાજવૃક્ષ નંદિવૃક્ષ વડે ચોતરફથી પરિવૃત્ત છે. તે તિલક યાવત્ નંદિવૃક્ષ મૂલમંત આદિ બધું અશોકવૃક્ષના વર્ણનની માફક કહેવું યાવત્ પરિપૂર્ણ લતા.

તે ચૈત્યવૃક્ષોની ઉપર આઠ-આઠ મંગલ, ઘણાં કાળા ચામર-ધ્વજાદિ છે. ચૈત્યસ્તૂપનું વર્ણન ઘણાં સહસ્રપત્રસમૂહ સર્વે રત્નમય યાવત્ પ્રતિરૂપક છે. ત્યાં સુધી કહેવું. તે ચૈત્યવૃક્ષો આગળ એક એક મણિપીઠિકા છે. તે મણિપીઠિકા આઠ યોજન

આયામ વિષ્કંભથી છે, ચાર યોજન બાહલ્યથી છે. સર્વે રત્નમય છે આદિ પૂર્વવત્. તે મણિપીઠિકા ઉપર એક મહેન્દ્રધ્વજ કહ્યો છે તે મહેન્દ્રધ્વજ સાઈઠ યોજન ઉંચો, અર્ધ ગાઉ ઉંડો, અર્ધ ગાઉ વિષ્કંભ છે. વજરત્નમય, વર્તુળ, મનોજ્ઞ સંસ્થાનયુક્ત છે. તે સુશ્લિષ્ટ, પરિઘૃષ્ટ સમાન - ખરશાણયા પાષાણ પ્રતિમાવત્ છે. મૃષ્ટ-સુકુમાર શાણયા પાષાણપ્રતિમા વત્ સુપ્રતિષ્ઠિત, અચલ છે.

- x - x - તે મહેન્દ્રધ્વજ ઉપર આઠ-આઠ મંગલો, ઘણાં કાળાચામર-ધ્વજ ઈત્યાદિ તોરણવત્ બધું કહેવું. તે મહેન્દ્ર ધ્વજોની આગળ એક એક નંદા નામક પુષ્કરિણી કહી છે. તે ૧૦૦ યોજન લાંબી, ૫૦ યોજન પહોળી, ૭૨ યોજન ઉંડી છે તે નંદાપુષ્કરિણીના નિર્મળ-શ્લક્ષ્ણ-રજતમયકુલાદિ પૂર્વવત્. તે પુષ્કરિણી પ્રત્યેક પદ્મવર વેદિકા અને એક એક વનખંડથી પરિવૃત્ત છે. તે નંદા પુષ્કરિણીના પ્રત્યેક ત્રણ દિશામાં ત્રિસોપાનપ્રતિરૂપક અને તોરણોનું વર્ણન પૂર્વવત્ છે.

સુધર્મા સભામાં ૪૮,૦૦૦ મનોગુલિકા - પીઠિકા કહી છે. તે આ રીતે - પૂર્વ દિશામાં સોળ હજાર આદિ સૂત્રાર્થ મુજબ છે. તેમાં પણ ફલક, નાગદંતક, માલ્યદામ વર્ણન પૂર્વવત્. સિક્કા અને ધુપઘટિકાનું વર્ણન દ્વારવત્ કરવું. સુધર્માસભામાં ૪૮,૦૦૦ ગોમાનસિકા - શય્યારૂપ સ્થાન વિશેષ કહ્યા છે. તે આ રીતે ૧૬,૦૦૦ પૂર્વમાં, ૧૬,૦૦૦ પશ્ચિમમાં ઈત્યાદિ બધું વર્ણન સૂત્રાર્થ મુજબ છે. ફલક-નાગદંત-સિક્કા-ધુપઘટિકા - x - ઉલ્લોક વર્ણન પૂર્વવત્.

તે બહુસમ રમણીય ભૂમિભાગના બહુ મધ્યદેશ ભાગમાં એક મોટી મણિપીઠિકા કહી છે. ૧૬ યોજન લંબાઈ પહોળાઈથી, આઠ યોજન બાહલ્યથી, સર્વ રત્નમયી આદિ પૂર્વવત્ તે મણિપીઠિકા ઉપર એક મોટો માણવક નામે ચૈત્ય સ્તંભ છે. તે ૬૦-યોજન ઉચ્ચ, યોજન ઉંડા, યોજન વિષ્કંભથી છે. ૪૮ ખૂણા છે. ઈત્યાદિ સંપ્રદાયગમ્ય છે. ઈત્યાદિ મહેન્દ્રધ્વજવત્ વર્ણન સંપૂર્ણ સહસ્રપત્ર સમૂહ સર્વરત્નમય છે સુધી કહેવું.

તે માણવક ચૈત્યસ્તંભની ઉપર બાર યોજન અને નીચેના બાર યોજન છોડીને વચ્ચેના છત્રીશ યોજનોમાં ઘણાં સુવર્ણ-રૂપ્યમય ફલક છે. ઈત્યાદિ ફલક-નાગદંત-સિક્કાનું વર્ણન પૂર્વવત્ છે. તે રજતમય સિક્કામાં ઘણાં વજમય, ગોળ સમુદ્‌ગકો કહ્યા છે. તેમાં જિનસક્થી રહેલા છે.

સૂર્યાભદેવના અને બીજા ઘણાં વૈમાનિક દેવો અને દેવીઓને ચંદન વડે અર્ચનીય, સ્તુત્યાદિથી વંદનીય, પુષ્પાદિથી પૂજનીય, બહુમાનથી માનનીય, વસ્ત્રાદિથી સત્કરણીય, કલ્યાણ-મંગલ-દૈવત-ચૈત્ય બુદ્ધિથી પર્યુપાસનીય છે, ઈત્યાદિ પૂર્વવત્.

● **સૂત્ર-૩૭ :-**

***તે માણવક ચૈત્ય સ્તંભની પૂર્વે એક મોટી મણિપીઠિકા કહી છે. તે આઠ યોજન લંબાઈ-પહોળાઈથી, ચાર યોજન બાહલ્યથી, સર્વ મણિમય, નિર્મળ યાવત્ પ્રતિરૂપ છે. તેની ઉપર એક મોટું સીંહાસન છે, સપરિવાર તેનું વર્ણન કરવું. તે સ્તંભની પશ્ચિમે એક મોટી મણિપીઠિકા કહી છે. તે આઠ યોજન લાંબી-પહોળી, ચાર યોજન બાહલ્યથી છે, સર્વે મણિમયી, નિર્મળ યાવત્ પ્રતિરૂપ છે. તે***



***મણિપીઠિકાની ઉપર એક મોટું દેવશયનીય કહ્યું છે. તે દેવ શયનિયનું વર્ણન આ પ્રમાણે છે —***

***વિવિધ મણિમય, સ્વર્ણના પ્રતિપાદ છે. તે વિવિધ મણિમય પાદશીર્ષકો, જાંબુનદમય ગાત્રકો, વિવિધ મણિમય સાંધા, રજતમય તૂલી, તપનીયમય ગંડોપધાનિકા, લોહિતાક્ષમય ઓસિકા છે. તે શયનીય બંને બાજુ ઓસિકા, બંને તરફ ઉન્નત્ત, મધ્યમાં ગંભીર, શાલિંગણ વર્તિત ગંગાપુલિન વાલુકા ઉદ્દાલ સાલસિક, સુવિરચિત રજસ્ત્રાણ, ઉપચિત ક્ષૌમદુકુલપટ્ટ પ્રતિચ્છાદન, રક્તાંશુ સંવૃત્ત, સુરમ્ય, આજિનક, રુચ, બૂર, નવનીતતુલ સ્પર્શ-મૃદુ છે.***

● **વિવેચન-૩૭ :-**

તે માણવક ચૈત્યસ્તંભની પૂર્વદિશામાં એક મોટી મણિપીઠિકા કહી છે. તે આઠ યોજન લાંબી-પહોળી છે૦ ઈત્યાદિ પૂર્વવત્. તે મણિપીઠિકા ઉપર એક મોટું દેવશયનીય કહ્યું છે તે દેવશયનીયનું વર્ણન આ પ્રમાણે - વિવિધ મણિમય મૂલપાદ, પ્રતિ વિશિષ્ટ ઉપષ્ટંભ કરવાને માટે જે પાદ તે સપ્રતિપાદ. સુવર્ણ મય પાદ-મૂલપાદ. વિવિધ મણિમય પાદશિર્ષકો, જાંબૂનદમય ગાત્રો, કંઈક વજરત્ન વડે પૂરિત સંધિઓ. વિવિધમણિ મય-વિશિષ્ટવાન રજતમય તૂલી, લોહિતાક્ષમય ઉપધાનક-ઓસીકા. તપનીયમય ગંડોપધાનિક. તે દેવશયનીય આલિંગનવર્તી-શરીર પ્રમાણથી ઓસિકા વડે જે છે તે. તેમાં મસ્તક અને પગના અંતને આશ્રીને ઉપધાનક જેમાં છે તે ‘‘ઉભયતો બિબ્બોયણ.’’

તે બંને તરફથી ઉન્નત, મધ્યમાં ગંભીર - નમેલી, જેમ ગંગાની રેતીમાં પગ મૂકતા નીચે ધસી જાય, તેની સમાન આ શય્યા હતી. તે હંસતૂલ્યાદિ, વિશિષ્ટ પરિકર્મિત કપાસની બનેલ, વસ્ત્રપટ્ટ, તેનું આચ્છાદન જેને કરાયેલ છે તેવી. આજિનકાદિ પૂર્વવત્. રક્તાંશુક સંવૃત, તેથી જ સુરમ્યાદિ પૂર્વવત્.

● **સૂત્ર-૩૮ :-**

***તે દેવશયનીયની પૂર્વમાં એક મોટી મણિપીઠિકા કહી છે. તે આઠ યોજન લાંબી-પહોળી, ચાર યોજન બાહલ્યથી, સર્વ મણિમય યાવત્ પ્રતિરૂપ છે તે મણિપીઠિકાની ઉપર એક મોટો ક્ષુલ્લક મહેન્દ્રધ્વજ કહ્યો છે. તે ૬૦ યોજન ઉંચો, એક યોજન વિષ્કંભથી, વજમય-વૃત્ત-લષ્ટ-સંસ્થિત-સુશ્લિષ્ટ યાવત્ પ્રતિરૂપ છે. ઉપર આઠ આઠમંગલ, ધ્વજ, છત્રાતિછત્ર છે. તે ક્ષુલ્લક મહેન્દ્રધ્વજની પશ્ચિમે અહીં સૂર્યાભદેવનો ચોપ્ફાલ નામે પ્રહરણકોશ કહ્યો છે, સર્વ વજમય, નિર્મળ યાવત્ પ્રતિરૂપ છે. તે સૂર્યાભદેવનું પરિઘરત્ન, ખડ્‌ગ, ગદા, ધનુષ્ પ્રમુખ ઘણાં પ્રહરણ રત્નો રાખેલા છે. તે શસ્ત્રો ઉજ્જ્વલ, નિસિત, સુતિક્ષ્ણધારવાળા, પ્રાસાદીયાદિ છે. સુધર્માસભાની ઉપર આઠ આઠમંગલક, ધ્વજ, છત્રાતિછત્રો છે.***

● **વિવેચન-૩૮ :-**

તે દેવશયનીયની ઇશાને એક મોટી મણિપીઠિકા કહી છે. તે આઠ યોજન લંબાઈ-પહોળાઈ છે, ઈત્યાદિ પૂર્વવત્. તે મણિપીઠિકા ઉપર ક્ષુલ્લક મહેન્દ્રધ્વજ છે.

તે મહેન્દ્ર ધ્વજવત્ કહેવો. તે ક્ષુલ્લક મહેન્દ્રધ્વજની પશ્ચિમે સૂર્યાભદેવનો ચોપ્પાલ નામે પ્રહરણ સ્થાન છે. - x - તેમાં ઘણાં પરિઘરત્ન, ખડ્ગ, ગદા ધનુષ્ આદિ પ્રહરણ રત્નો છે. જે નિર્મળ, અતિતેજિત, તેથી જ તીક્ષ્ણધારા, પ્રાસાદીયાદિ પૂર્વવત્ છે. - x - સર્વે પૂર્વવત્ કહેવું.

● **સૂત્ર-૩૯ :-**

***સુધર્માસભાની ઇશાને એક મોટું સિદ્ધાયતન-જિનાલય કહ્યું છે. તે ૧૦૦ યોજન લાંબુ, ૫૦ યોજન પહોળું, ૭૨ યોજન ઉંચુ છે. તેનું ગોમાનસિકા પર્યન્ત તથા ભૂમિભાગ, ચંદરવાનું વર્ણન પૂર્વવત્ કહેવું. તે સિદ્ધાયતનના બહુમધ્યદેશ ભાગમાં એક મોટી મણિપીઠિકા કહી છે. તે ૧૬ યોજન લંબાઈ-પહોળાઈથી અને આઠ યોજન બાહલ્યથી છે. તે મણિપીઠિકા ઉપર એક મોટો દેવછંદક છે. ૧૬ યોજન લાંબો-પહોળો, સાતિરેક સોળ યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી છે. તે સર્વરત્નમય યાવત્ પ્રતિરૂપ છે.***

***અહીં ૧૦૮ જિનપ્રતિમા, જિનોત્સેધ પ્રમાણ માત્ર બિરાજમાન છે. તે જિનપ્રતિમાનું વર્ણન આ પ્રમાણે — તપનીયમયલ, હથેળી અને પાદતલ, અંકમય નખો — મધ્યમાં લોહિતાક્ષ પ્રતિસેક, સુવર્ણમયી જંઘા, કનકમય જાનૂ, કનકમય ઊરુ, કનકમય ગાત્રલષ્ટી, તપનીયમય નાભી, રિષ્ટમય રોમરાજી, તપનીયમય ચુચુક, તપનીયમય શ્રીવત્સ, શિલપ્રવાલમય હોઠ, સ્ફટિકમય દાંત, તપનીયમય જીભ અને તાળુ, કનકમયી નાસિકા - મધ્યમાં લોહિતાક્ષ પ્રતિસેક, અંકમય આંખો - મધ્યમાં લોહિતાક્ષ પ્રતિસેવક, રિષ્ટમય તારા-કીકી, રિષ્ટમય અક્ષિપત્ર-પલક અને ભ્રમર, કનક મય કપાળ, કાન અને નિડાલ-લલાટ, વજમય શીર્ષઘટી, તપનીય મય કેશાંત-કેશ ભૂમિ, રિષ્ટરત્નમય કેશ છે.***

***તે જિનપ્રતિમાની પ્રત્યેકની પાછળ એક એક છત્રધારકની પ્રતિમા કહી છે. તે હિમ-રજત-કુંદ-ચંદ્ર સમાન, કોરંટ પુષ્પમાળા યુક્ત ધવલ આતપત્ર-છત્રોને લીલાપૂર્વક ધારણ કરીને ઉભી છે. તે જિનપ્રતિમાની બંને પડખે એક-એક ચામરધારી પ્રતિમા કહી છે. તે પ્રતિમા વિવિધ વિમલ અને મહાર્હ મણિ-કનક-રત્નથી રચિત યાવત્ લીલા સહિત ધારણ કરતી ઉભી છે.***

***તે જિનપ્રતિમાની આગળ બબ્બે નાગ પ્રતિમા, ભૂત પ્રતિમા, યક્ષ પ્રતિમા, કુંડધાર પ્રતિમા છે, જે સર્વ રત્નમય, નિર્મળ યાવત્ ઉભી છે. - - - તે જિનપ્રતિમા આગળ ૧૦૮-૧૦૮ ઘંટ, કળશ, ભૃંગાર, આદર્શ, થાળા, પાત્રી, સુપ્રતિષ્ઠક, મનોગુલિકા, વાતકરગ, ચિત્રકર, રત્નકરંડક, અશ્વકંઠ યાવત્ વૃષભ કંઠ, પુષ્પચંગેરી યાવત્ રોમહસ્ત ચંગેરી, પુષ્પપટલ, તેલ સમુદ્ગક યાવત્ અંજન સમુદ્ગક અને ધૂપ કડુચ્છુક રહેલ છે. - - સિદ્ધાયતન ઉપર આઠ અષ્ટમંગલ, ધ્વજ, છત્રાતિછત્ર છે.***

● **વિવેચન-૩૯ :-**

સુધર્મા સભાની ઈશાન દિશામાં એક મોટું જિનાલય કહ્યું છે. તે ૧૦૦ યોજન



લાંબુ, ૫૦ યોજન પહોળું, ૭૨ યોજન ઉંચુ છે. બધી વક્તવ્યતા ગોમાનસીક પર્યન્ત સુધર્માસભાવત્ છે. અર્થાત્ જેમ સુધર્મા સભામાં પૂર્વ-દક્ષિણ-ઉત્તરવર્તી ત્રણ દ્વારો છે. દ્વારોની આગળ મુખમંડપો છે, મુખમંડપ આગળ પ્રેક્ષાગૃહમંડપો છે, પ્રેક્ષાગૃહ મંડપ આગળ ચૈત્યસ્તૂપ પ્રતિમા સહ છે, તે ચૈત્યસ્તૂપો પાસે ચૈત્યવૃક્ષો છે. ચૈત્યવૃક્ષો પાસે મહેન્દ્રધ્વજા છે, તેની આગળ નંદાપુષ્કરિણી, પછી ગુલિકા અને ગોમાનસિકા કહી છે. તેમ અહીં પણ બધું આક્રમથી જ કહેવું. - x -

તે સિદ્ધાયતનમાં અંદર બહુ મધ્યદેશ ભાગમાં અહીં એક મોટી મણિપીઠિકા છે. તે સોળ યોજન લાંબી-પહોળી, આઠ યોજન જાડી છે, સર્વમણિમય ઈત્યાદિ પૂર્વવત્ છે. તેની ઉપર એક મોટો દેવ છંદક છે. તે ૧૬ યોજન લાંબો-પહોળો, સાતિરેક સોળ યોજન ઉંચો છે. - x - તે દેવછંદકમાં ૧૦૮ જિનપ્રતિમા ૫૦૦ ધનુષ્ પ્રમાણ રહેલી છે. તે જિનપ્રતિમાનું વર્ણન આ રીતે —

હાથ-પગના તળીયા તપેલ સોના જેવા, મધ્યમાં લોહતાક્ષ રત્નની રેખાયુક્ત અંકરત્નમય નખો, પીળા સુવર્ણમય જંઘા-જાનૂ-ઊરૂ-ગાત્રયષ્ટિ, તપેલા સુવર્ણની નાભિ, રિષ્ટરત્નમય રોમરાજી, તપેલા સુવર્ણમય સ્તનની ડીંટડી અને શ્રીવત્સ, વિદ્રુમ મય હોઠ, સ્ફટિકમય દાંત, તપેલ સોનાની જીભ અને તાળવું, કનકમયી નાસિકા જેમાં મધ્યે લોહિતાક્ષરત્નની રેખા, રિષ્ટરત્નમય પલકો અને ભ્રમર. કનકમય કપોલ-કાન-લલાટપટ્ટિકા, વજરત્નની ખોપડી, તપેલ સુવર્ણમય કેશાંત અને કેશભૂમિ, રિષ્ટરત્નના વાળ છે.

તે જિનપ્રતિમાની પાછળ એકૈક છત્રધર પ્રતિમા, - x - બંને પડખે બબ્બે ચામરધર પ્રતિમા છે. ચંદ્રકાંત - વજ - વૈડૂર્ય અને બીજા વિવિધ મણિરત્ન ખચિત દંડયુક્ત, આવા વિવિધ પ્રકારના દંડ છે તેવી, સૂક્ષ્મ-રજતમય-લાંબા વાળ વાળી, શંખ-કુંદ આદિવત્ ધવલ ચામરો લઈ વીંઝતી ઉભી છે.

તે જિનપ્રતિમાઓની આગળ બબ્બે નાગપ્રતિમા, બબ્બે યક્ષપ્રતિમા, બબ્બે ભૂતપ્રતિમા, બબ્બે કુંડધાર પ્રતિમા ઉભેલી છે. તે દેવછંદકમાં તે જિનપ્રતિમાની આગળ ૧૦૮-૧૦૮ ઘંટા, ચંદનકળશ, મંગલ કળશ, ભૃંગાર, દર્પણ, સ્થાલ, પાત્રી, સુપ્રતિષ્ઠક, મનોગુલિકા-પીઠિકા વિશેષ, વાતકરક, રત્નકરંડક, અશ્વકંઠ, ગજકંઠ, નરકંઠ યાવત્ વૃષભકંઠ, છુટાપુષ્પો-ગ્રથિત માળા-ચૂર્ણ-ગંધ-વસ્ત્ર-આભરણ-સિદ્ધાર્થ-મોર પીંછી-પુષ્પ પટલકની ચંગેરી-છાબડીઓ છે. સીંહાસન, ચામર, છત્રો છે.

૧૦૮-૧૦૮ તૈલ, કોષ્ઠ, પત્ર, ચોયક, તગર, હરતાલ, હિંગલોક, મનોશિલા, અંજન [એ બધાંના] સમુદ્ગકો છે. આ બધાં તેલ આદિ પરમ સુગંધયુક્ત છે. ૧૦૮ ધ્વજો છે. અહીં સંગ્રહણી ગાથા છે. જેમાં ઉક્ત ૧૦૮ વસ્તુનું વર્ણન છે. - x - શેષ પૂર્વવત્ જાણવું.

● **સૂત્ર-૪૦ :-**

***તે સિદ્ધાયતનની ઇશાનમાં અહીં એક મોટી ઉપપાતસભા કહી છે. સુધર્માસભા સમાન ઉપપાતસભાનું વર્ણન કરવું યાવત્ મણિપીઠિકા આઠ યોજન,***

*દેવશયનીયવત્ શયનીયનું વર્ણન, આઠ-આઠ મંગલ, ધ્વજ, છત્રાતીછત્રો છે. તે ઉપપાત સભાનું પૂર્વે એક મોટું દ્રહ છે. તે ૧૦૦ યોજન લાંબુ, ૫૦ યોજન પહોળું, ૧૦ યોજન ઉંડુ છે.*

*તે દ્રહની ઈશાનમાં અહીં એક મોટી અભિષેક સભા કહી છે. સુધર્માસભાના ગમક મુજબ યાવત્ ગોમાનસિકા, મણિપીઠિકા, સપરિવાર સિંહાસન યાવત્ મુકાતાદામ છે. ત્યાં સૂર્યાભદેવના ઘણાં અભિષેક ભાંડ રહેલા છે. આઠ આઠ મંગલ પૂર્વવત્.*

*તે અભિષેક સભાની ઈશાનમાં અહીં એક અલંકારિક સભા કહી છે. સુધર્માસભા મુજબ આઠયોજન મણિપીઠિકા, સપરિવાર સિંહાસન સુધી કહેવું. ત્યાં સૂર્યાભદેવના ઘણાં જ અલંકાર ભાંડ છે, બાકી પૂર્વવત્.*

*તે અલંકારિકસભાની ઈશાનમાં એક મોટી વ્યવસાય સભા કહી છે. ઉપપાત સભા સમાન સપરિવાર સીંહાસન, મણિપીઠિકા, આઠ આઠ મંગલો૦ આદિ કહેવા. ત્યાં સૂર્યાભદેવનું એક મહાન્ પુસ્તકરત્ન રહેલું છે. તે પુસ્તક રત્નનું વર્ણન આ પ્રમાણે – રત્નમય પત્રક, રિષ્ઠ રત્નમય કંબિકા, તપેલ સુવર્ણમય દોરા, વિવિધ મણિમય ગાંઠ, વૈડૂર્યમય લિપ્યાસન, રિષ્ઠરત્નમય ઢાંકણ, તપેલ સુવર્ણમય સાંકળ, રિષ્ઠરત્નમય શાહી, વજરત્નમય લેખણી, રિષ્ટરત્નમય અક્ષરોથી ધાર્મિક શાસ્ત્ર લખેલ છે. વ્યવસાયસભા ઉપર આઠ-આઠ મંગલો છે.*

*તે વ્યવસાયસભાની ઈશાન દિશામાં નંદા પુષ્કરિણી કહી છે. તે દ્રહ સદેશ છે. તે નંદા પુષ્કરણીની ઈશાનમાં એક મોટી બલિપીઠ કહી છે. સર્વરત્નમય, નિર્મળ યાવત્ પ્રતિરૂપ છે.*

**● વિવેચન-૪૦ :-**

તે સિદ્ધાયતનની ઈશાનમાં ઉપપાતસભા કહી છે. તેનું સુધર્માસભાના ગમ મુજબ સ્વરૂપ વર્ણન - પૂર્વાદિ દ્વાર ત્રણ, મુખમંડપ, પ્રેક્ષાગૃહમંડપાદિ, ઉલ્લોક વર્ણન પર્યન્ત કહેવું. તેના બહુસમ રમણીય ભૂમિભાગની બહુ મધ્યદેશ ભાગમાં એક મોટી મણિપીઠિકા કહી છે. તે આઠ યોજન લાંબી-પહોળી, ચાર યોજન જાડી છે, ઈત્યાદિ પૂર્વવત્.

તે મણિપીઠિકા ઉપર એક મોટું દેવશયનીય કહ્યું છે. તેનું સ્વરૂપ સુધર્માસભાના દેવશયનીયવત્ કહેવું. - x - ઉપપાત સભાની ઈશાન દિશામાં એક મોટો દ્રહ કહ્યો છે. તે ૧૦૦ યોજન લાંબો, ૫૦ યોજન પહોળો, દશ યોજન ઉંડો છે. નંદાપુષ્કરિણી વત્ વર્ણન સંપૂર્ણ કહેવું. તે દ્રહ એક પદ્મવરવેદિકાથી એક વનખંડથી ચોતરફથી પરિવૃત્ત છે.

તે દ્રહની ત્રણે દિશામાં ત્રિસોપાન પ્રતિરૂપક કહેલ છે. તે ત્રિસોપાન પ્રતિરૂપકો અને તોરણનું વર્ણન પૂર્વવત્. તે દ્રહના ઈશાનમાં એક મોટી અભિષેક સભા કહી છે તે સુધર્માસભાવત્ પ્રમાણ, સ્વરૂપ, ત્રણ દ્વાર, મુખમંડપાદિ પ્રકારથી ગોમાનસી વક્તવ્યતા સુધી કહેવું. - x -



તે અભિષેક સભાના બહુસમ રમણીય ભૂમિભાગના બહુમધ્ય દેશ ભાગમાં એક મોટી મણિપીઠિકા છે. તે આઠ યોજન લાંબી-પહોળી, ચાર યોજન જાડી છે. માત્ર અહીં પરિવારભૂત ભદ્રાસનો કહેવા. તે સિંહાસનમાં સૂર્યાભદેવના અભિષેક યોગ્ય ઘણાં ઉપસ્કાર રહેલ છે.

તે અભિષેક સભાની ઈશાન દિશામાં એક મોટી અલંકાર સભા કહી છે. અભિષેકસભા સમાન પ્રમાણ, સ્વરૂપ, ત્રણ દ્વાર, મુખ મંડપ, પ્રેક્ષાગૃહ મંડપાદિ વર્ણન પ્રકારથી સિંહાસન સુધી કહેવું. તેમાં સૂર્યાભદેવના અલંકાર યોગ્ય ભાંડ રહેલા છે, બાકી પૂર્વવત્.

તે અલંકારસભાની ઈશાનમાં એક મોટી વ્યવસાયસભા કહી છે. તે અભિષેક સભા સમાન પ્રમાણાદિ સપરિવાર સિંહાસન સુધી કહેવું. ત્યાં એક મોટું પુસ્તક રત્ન રહેલ છે. તેનું વર્ણન –

રિષ્ઠ રત્નમય પૃષ્ઠક, રત્નમય દોરામાં પત્રો પરોવેલા છે. વિવિધ મણિમય ગાંટ દોરાની આદિમાં છે, જેથી પત્રો નીકળે નહીં, અંક રત્નમય પત્રો છે. વિવિધ મણિમય શાહીનું ભાજન છે. તે ભાજનની સાંકળ તપેલ સુવર્ણની છે. તેનું છાદન રિષ્ઠ રત્નમય છે ઈત્યાદિ.

તે ઉપપાત સભાની ઈશાન દિશામાં એક મોટી બલિપીઠ કહી છે. તે આઠ યોજન લાંબી-પહોળી, ચાર યોજન જાડી ઈત્યાદિ પૂર્વવત્. તે બલિપીઠની ઈશાન દિશામાં એક મોટી નંદાપુષ્કરિણી કહી છે. તે દ્રહ પ્રમાણ છે. તેના ત્રિસોપાન અને તોરણ વર્ણન પૂર્વવત્ છે.

સૂર્યાભદેવનું વિમાન વર્ણવ્યુ. હવે તેનું અભિષેક વર્ણન –

**● સૂત્ર-૪૧,૪૨ :-**

*[૪૧] તે કાળે તે સમયે સૂર્યાભદેવ તત્કાળ ઉત્પન્ન થઈને પાંચ પ્રકારની પર્યાપ્તિઓ પૂર્ણ કરી તે આ – આહાર - શરીર - ઈન્દ્રિય-આનપ્રાણ-ભાષામન પર્યાપ્તિ. ત્યારે તે સૂર્યાભદેવને પંચવિધ પર્યાપ્તિથી પર્યાપ્તભાવ પામીને આવા સ્વરૂપનો અભ્યર્થિત, ચિંતિત, પ્રાર્થિત, મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો – મારે પહેલા શું કરવું જોઈએ ? પછી શું કરવું જોઈએ ? મને પહેલા શું શ્રેય છે ? પછી શું શ્રેય છે ? મારે પહેલા પણ-પછી પણ હિત, સુખ, ક્ષેમ, નિઃશ્રેયસ, આનુગામિકપણે થશે ? ત્યારે તે સૂર્યાભદેવના સામાનિક પર્ષદામાં ઉત્પન્ન દેવ સૂર્યાભ દેવના આવા અભ્યર્થિત યાવત્ સમુત્પન્નને સમ્યક્ રીતે જાણી સૂર્યાભદેવ પાસે આવ્યા. સૂર્યાભદેવને બે હાથ જોડી, મસ્તકે આવર્ત્ત કરી, મસ્તકે અંજલિ કરી, જય-વિજયથી વધાવીને આમ કહ્યું –*

*હે દેવાનુપ્રિય ! સૂર્યાભ વિમાનમાં સિદ્ધાયતનમાં જિન ઉત્સેધ પ્રમાણ ૧૦૮ જિનપ્રતિમા બિરાજમાન છે. સુધર્માસભામાં માણવક ચૈત્યમાં સ્તંભમાં વજ્રમય ગોળ-વૃત્ત સમુદ્ગકોમાં ઘણા જિન અસ્થિ રહેલા છે. તે આપને અને બીજા ઘણાં વૈમાનિક દેવો અને દેવીઓને અર્ચનીય યાવત્ પર્યુપાસનીય છે. તેથી*

આપને તે પહેલા કરણીય છે - પછી કરણીય છે, આપને પહેલા શ્રેયરૂપ છે - પછી શ્રેયરૂપ છે. આપને પહેલા પણ અને પછી પણ હિત-સુખ-ક્ષેમ-નિઃશ્રેયસ અને આનુગામિકપણે થશે.

[૪૨] ત્યારે તે સૂર્યાભદેવે તે સામાનિક પર્ષદા ઉત્પન્ન દેવો પાસે આ અર્થ સાંભળી, સમજી, હૃષ્ટ-તુષ્ટ યાવત્ હૃદયી થઈ, શયનીયથી ઉભો થયો, થઈને ઉપપાતસભાના પૂર્વીય દ્વારથી નીકળ્યો જ્યાં દ્રહ હતું ત્યાં આવ્યો. આવીને દ્રહને અનુપ્રદક્ષિણા કરતો કરતો પૂર્વીય તોરણથી પ્રવેશ્યો, પ્રવેશીને પૂર્વીય ત્રિસોપાનક પ્રતિરૂપકથી નીચે ઉતર્યો, ઉતરીને પાણીમાં ગયો, પાણીથી સ્નાન કર્યું. કરીને જલક્રીડા કરી, કરીને જલાભિષેક કર્યો, કરીને આચમન કરી, ચોક્ખો થઈ, પરમ શુચિભૂત થઈ, દ્રહથી બહાર નીકળ્યો.

ત્યારપછી જ્યાં અભિષેક સભા છે, ત્યાં આવે છે, આવીને અભિષેક સભાને અનુપ્રદક્ષિણા કરતો કરતો પૂર્વના દ્વારેથી પ્રવેશે છે. પ્રવેશીને સીંહાસને આવે છે. આવીને શ્રેષ્ઠ સીંહાસને પૂર્વાભિમુખ બેઠો.

ત્યારે સૂર્યાભદેવના સામાનિક પર્ષદામાં ઉત્પન્ન દેવો આભિયોગિક દેવોને બોલાવે છે, બોલાવીને આમ કહ્યું — હે દેવાનુપ્રિયો ! જલ્દીથી સૂર્યાભદેવના મહાર્થ, મહાર્ઘ, મહાર્હ, વિપુલ ઈન્દ્રાભિષેકની [સામગ્રી] લાવો. ત્યારે તે આભિયોગિક દેવો, સામાનિક પર્ષદાના દેવો વડે આમ કહેવાતા હર્ષિત યાવત્ હૃદયી થઈ, બે હાથ જોડી, મસ્તકે આવર્ત કરી, મસ્તકે અંજલિ કરી, 'તહત્તિ' કહી, વિનયપૂર્વક આજ્ઞા વચનોને સ્વીકારે છે. સ્વીકારીને ઈશાન દિશામાં જાય છે. જઈને વૈક્રિય સમુદ્‌ઘાતથી સમવહત થઈને સંખ્યાત યોજનનો યાવત્ બીજી વખત પણ વૈક્રિયસમુદ્‌ઘાત વડે સમવહત થઈને —૦

૦—૧૦૦૮-૧૦૦૮ રૂપાના કળસો, સોનાના કળશો, મણિમય કળશો, સોનારૂપાના કળશો, સોના-મણિના કળશો, રૂપામણિના કળશો, સોના-રૂપા-મણિના કળશો, માટીના કળશો. એ પ્રમાણે ભૃંગાર, દર્પણ, થાળી, પાત્રી, સુપ્રતિષ્ઠક, રત્નકરંડક, પુષ્પચંગેરી યાવત્ રોમહસ્ત ચંગેરી, પુષ્પપટલક યાવત્ રોમહસ્તપટલક, છત્ર, ચામર, તેલ સમુદ્‌ગક યાવત્ અંજન સમુદ્‌ગક, ૧૦૦૮ ધૂપકડછા વિકુર્વે છે.

વિકુર્વીને તે સ્વાભાવિક અને વૈક્રિય કળશો યાવત્ ધૂપકડછાઓને ગ્રહણ કરે છે. કરીને સૂર્યાભ વિમાનથી બહાર નીકળ્યા. નીકળીને તેવી ઉત્કૃષ્ટ, ચપલ યાવત્ તિર્છા અસંખ્યાત યોજન યાવત્ જતાં જતાં ક્ષીરોદક સમુદ્રે આવે છે. આવીને ક્ષીરોદક લે છે. જે ત્યાં ઉત્પલો છે, તે લે છે. યાવત્ શત-સહસ્રપત્રો લે છે. લઈને પુષ્કરોદ સમુદ્રે આવે છે. આવીને પુષ્કરોદક લઈને ત્યાંના ઉત્પલ યાવત્ શત-સહસ્રપત્રો લે છે. લઈને મનુષ્યક્ષેત્રમાં ભરત-ઐરવત ક્ષેત્રો છે, તેમાં માગધ-વરદામ-પ્રભાસ તિર્થો છે, ત્યાં આવે છે. આવીને તિર્થોદક અને તિર્થમાટી લે છે. પછી ગંગા, સિંધુ, રક્તા, રક્તવતી મહાનદીઓ પાસે આવે છે, આવીને



સલિલોદક લે છે. પછી બંને કાંઠાની માટી લે છે. લઈને લઘુહિમવંત, શિખરી વર્ષધર પર્વતે આવે છે, આવીને જળ લે છે, સર્વ તુવર, સર્વ પુષ્પ, સર્વ ગંધ, સર્વ માલ્ય, સર્વૌષધિ સિદ્ધાર્થક લે છે. લઈને પછી...

...પદ્મ પુંડરીક દ્રહે જાય છે, જઈને દ્રહનું જળ લે છે, લઈને ત્યાંના ઉત્પલ યાવત્ સહસ્રપત્રો લે છે. લઈને હેમવત-ઐરાવત વર્ષક્ષેત્રોની રોહિતા, રોહિતાંશા, સુવર્ણકૂલા, રૂપ્યકૂલા મહાનદીઓ છે, ત્યાં આવે છે, સલિલોદક લે છે. લઈને બંને કાંઠેથી માટી લે છે. લઈને શબ્દાપાતી, વિકટાપાતી વૃત્ત વૈતાઢ્ય પર્વત છે, ત્યાં આવે છે, આવીને સર્વઋતુકાદિ પૂર્વવત્ પછી મહાહિમવંત, રુકિમ વર્ષધર પર્વતે આવે છે. આવીને મહાપદ્મ અને મહાપુંડરીક દ્રહે આવે છે. આવીને દ્રહનું જળ લે છે ઈત્યાદિ.

પછી હરિવાસ, રમ્યક્ વાસ ક્ષેત્રમાં હરિકંત, નારિકંતા મહાનદી છે, ત્યાં આવે છે, ઈત્યાદિ પૂર્વવત્. પછી ગંધાપાતી, માલ્યવંત વૃત્તવૈતાઢ્ય પર્વતે આવે છે આદિ પૂર્વવત્. પછી નિષઢ, નીલવંત વર્ષધર પર્વતે આવે છે, પૂર્વવત્. પછી તિગિચ્છિ, કેસરી દ્રહે જાય છે, પૂર્વવત્. પછી મહાવિદેહ વર્ષક્ષેત્રે સીતા, સીતોદા મહાનદીએ જાય છે, પૂર્વવત્. પછી ચક્રવર્તી વિજયોમાં બધાં માગધ, વરદામ, પ્રભાસ તિર્થોમાં જાય છે, ત્યાં તિર્થોદક લે છે, લઈને સર્વે અંતનદીઓના સર્વે વક્ષસ્કાર પર્વતોએ જઈને પૂર્વવત્ પુષ્પ, ફળાદિ લે છે. પછી મેરુ પર્વતે ભદ્રશાલ વનમાં જાય છે. ત્યાં સર્વ ઋતુક પુષ્પ, માળા, સર્વૌષધિ સિદ્ધાર્થક લે છે.

પછી નંદનવનમાં જાય છે, ત્યાં સર્વઋતુક યાવત્ સર્વૌષધિ સિદ્ધાર્થક, સરસ ગોશીર્ષચંદન લે છે. લઈને સોમનસ વનમાં જાય છે, ત્યાં સર્વઋતુક યાવત્ સિદ્ધાર્થક અને સરસ ગોશીર્ષ ચંદન, દિવ્ય પુષ્પમાળા, દર્દર મલય સુગંધિ ગંધને ગ્રહણ કરે છે, પછી આ બધું લઈ તે દેવો એક સ્થાને ભાગે થયા.

પછી તેવી ઉત્કૃષ્ટ યાવત્ ગતિથી સૌધર્મ કલ્પમાં સૂર્યાભ વિમાનમાં અભિષેક સભામાં સૂર્યાભદેવ પાસે આવીને તેમને બે હાથ જોડી, મસ્તકે આવર્ત્ત કરી, મસ્તકે અંજલિ કરી, જય-વિજય વડે વધાવે છે. વધાવીને તે મહાર્થ, મહાર્ઘ, મહાર્હ, વિપુલ ઈન્દ્રાભિષેક [ની સામગ્રી] ઉપસ્થાપિત કરી.

ત્યારે તે સૂર્યાભ દેવ ૪૦૦૦ સામાનિકો, સપરિવાર અગ્રમહિષીઓ, ત્રણ પર્ષદા, સાત સૈન્યાધિપતિ યાવત્ બીજા ઘણાં સૂર્યાભવિમાનવાસી દેવો અને દેવીઓએ તે સ્વાભાવિક તથા વૈક્રિયિક શ્રેષ્ઠ કમલે પ્રતિષ્ઠાપિત, સુગંધિત શ્રેષ્ઠ જળથી ભરેલ, ચંદન કૃત્ ચર્ચિત, કંઠ ગુણોથી બદ્ધ, પદ્મોત્પલથી ઢાંકેલ, સુકુમાલકોમળ હાથ વડે પરિગૃહીત ૧૦૦૮ સુવર્ણ કળશ યાવત્ ૧૦૦૮ માટીના કળશો સર્વે જળથી - માટીથી - પુષ્પાદિથી યાવત્ સિદ્ધાર્થકો [વડે ભરીને] સર્વ ઋદ્ધિથી યાવત્ વાદ્ય ઘોષ સહ અતિમહાન્ ઈન્દ્રાભિષેકથી અભિસિંચિત્ કરે છે.

ત્યારે તે સૂર્યાભદેવનો અતિમહાન્ ઈન્દ્રાભિષેક વર્તતો હતો ત્યારે — કેટલાંક દેવો સૂર્યાભવિમાનને અતિ જળ કે માટી નહીં પણ પ્રવિરલ વર્ષતી, રજ-

*રેણુ વિનાશક, દિવ્ય સુરભિ ગંધોદકની વર્ષા વરસાવે છે. કેટલાંક દેવો વિમાનને હત-નષ્ટ-ભ્રષ્ટ-ઉપશાંત-પ્રશાંત રજ કરે છે. કેટલાંક દેવો વિમાનને સિંચન-સંમાર્જન-ઉપલિપ્ત, શુચિ સંમૃષ્ટ રથ્યાંતર આપણવીહિને કરે છે. કેટલાંક મંચાતિમંચ યુક્ત કરે છે. કેટલાંક વિવિધ રંગની ધ્વજા, પતાકાતિપતાકાથી મંડિત કરે છે. કેટલાંક લીંપણ-ગુંપણ કરે છે. ગોશીર્ષ-સરસ-રક્તચંદન-દર્દર-પંચાંગુલિતલ કરે છે....*

*કેટલાંક દેવો સૂર્યાભ વિમાનના દ્વારોને ચંદન ચર્ચિત કળશોથી બનેલ તોરણોથી સજાવે છે. કેટલાંક ઉપરથી નીચે સુધી લટકતી લાંબી લાંબી ગોળ માળાથી વિભૂષિત કરે છે. કેટલાંક પંચવર્ણી સુગંધી પુષ્પો વિખેરી સુશોભિત કરે છે. કેટલાંક કાલાગુરુ પ્રવર કુંદુરુક્ક તુરુષ્ક ધુપથી મઘમઘાતી સુગંધથી અભિરામ કરે છે. કેટલાંક સુગંધ ગંધિક ગંધવર્તીભૂત કરે છે. કેટલાંકે હિરણ્ય, સુવર્ણ, રજત, વજ, પુષ્પ, ફળ, માળા, ગંધ, ચૂર્ણ, આભરણની વર્ષા કરે છે. કેટલાંકે સુવર્ણ કે યાવત્ આભરણની એકબીજાને ભેટ આપે છે. કેટલાંક ચતુર્વિધ વાજિંત્રને વગાડે છે — તત, વિતત, ઘન, ઝુસિર.*

*કેટલાંક દેવો ચતુર્વિધ ગીતો ગાય છે - ઉત્ક્ષિપ્ત, પાદાંત, મંદ, રોચિતાવસાન. કેટલાંક દેવોએ દ્રુત કે વિલંબિત કે દ્રુતવિલંબિત નાટ્યવિધિ દેખાડી, કેટલાંકે અંચિત નૃત્યવિધિ દેખાડી. કેટલાંક દેવોએ આરભડ, ભસોલ કે આરભટભસોલ, કેટલાંકે ઉત્પાત-નિપાત પ્રવૃત્ત, કેટલાંકે સંકુચિત-પ્રસારિત-રિતારિત, કેટલાંકે ભ્રાંત-સંભ્રાત દિવ્ય નૃત્યવિધિ દેખાડી. - - કેટલાંક દેવોએ ચતુર્વિધ અભિનય કર્યો. તે આ — દાર્ષ્ટાન્તિક, પ્રાત્યાંતિક, સામંતોપનિપાતિક, લોકાંતમધ્યાવસાનિક.*

*કેટલાંક દેવો બુક્કાર કરે છે, કેટલાંક શરીર ફૂલાવે છે, કેટલાંક નાચે છે, કેટલાંક હક્કાર કરે છે, કેટલાંક લાંબી લાંબી દોડ દોડે છે, કેટલાંક ગણગણે છે - આસ્ફોટન કરે છે. કેટલાંક આસ્ફોટન કરી ગણગણે છે, કેટલાંક ત્રિપદી દોડે છે, કેટલાંક ઘોડાની જેમ હણે છે — હાથીવત્ ગુલગુલ કરે છે - રથની જેમ ઘણઘણે છે - કેટલાંક આ ત્રણે કરે છે.*

*કેટલાંક ઉછળે છે, વિશેષ ઉછળે છે. કેટલાંક હર્ષધ્વનિ કરે છે. કેટલાંક આ ત્રણે કરે છે. કેટલાંક ઉપર - કેટલાંક નીચે-કેટલાંક લાંબુ કુદા, કેટલાંકે આ ત્રણે કર્યુ, કોઈ સિંહનાદ કરે છે - કોઈએ બીજાને રંગ્યા-કોઈએ ભૂમિ થપથપાવી, કોઈએ આ ત્રણે કર્યુ. કોઈ ગર્જે છે - કોઈ ચમકે છે - કોઈ વર્ષા કરે છે, કોઈ ત્રણે કરે છે. કોઈ બળે છે - કોઈ તપે છે - કોઈ પ્રતાપે છે - કોઈ ત્રણે કરે છે. કોઈ હક્કારે છે - થુક્કારે છે - ધક્કારે છે. કોઈ પોત-પોતાના નામ કહે છે, કોઈ ચારે પણ કરે છે.*

*કેટલાંક દેવો દેવસન્નિપાત કરે છે, કોઈ દેવોદ્યોત કરે છે, કોઈ દેવોત્કલિત કરે છે, કોઈ કહકહ કરે છે, કોઈ દુહદુહ કરે છે, કોઈ વસ્ત્રોત્ક્ષેપ કરે છે.*



*કોઈ દેવસન્નિપાત યાવત્ વસ્ત્રોત્ક્ષેપ કરે છે. કેટલાંક હાથમાં ઉત્પલ યાવત્ સહસ્રપત્ર કમળ લીધા, કોઈએ હાથમાં કળશ યાવત્ ધૂપકડછાં લીધા, હૃષ્ટ-તુષ્ટ યાવત્ હૃદયી થઈ ચારે તરફ અહીં-તહીં દોડે છે - વિશેષ દોડે છે.*

*ત્યારે તે સૂર્યાભદેવને, ૪૦૦૦ સામાનિકો યાવત્ ૧૬,૦૦૦ આત્મરક્ષક દેવો, બીજાં પણ ઘણાં સૂર્યાભ રાજધાની વાસ્તવ્યા દેવો અને દેવીઓએ અતિ મહાન્ ઈન્દ્રાભિષેક વડે અભિસિંચિત કરે છે, કરીને એકે એકે બે હાથ જોડી, મસ્તકે આવર્ત્ત કરી, મસ્તકે અંજલિ કરીને કહ્યું — હે નંદ ! તમારો જય થાઓ, હે ભદ્ર તમારો જય થાઓ. તમારું કલ્યાણ થાઓ. ન જિતેલાને જીતો, જિતેલને પાળો, જિતેલ મધ્યે વસો. દેવોમાં ઈન્દ્રવત્, તારામાં ચંદ્રવત્, અસુરોમાં ચમરવત્, નાગોમાં ધરણવત્, મનુષ્યોમાં ભરતવત્, ઘણાં પલ્યોપમ - ઘણાં સાગરોપમ - ઘણાં પલ્યોપમ સાગરોપમ (સુધી) ૪૦૦૦ સામાનિક યાવત્ ૧૬,૦૦૦ આત્મ રક્ષક દેવો, સૂર્યાભવિમાનના બીજા ઘણાં સૂર્યાભવિમાનવાસી દેવો અને દેવીઓનું આધિપત્ય યાવત્ મહત્તરકત્વ કરતાં, પાલન કરતા, વિચરો એમ કહીને જય-જય શબ્દ કરે છે.*

*ત્યારે તે સૂર્યાભદેવ, મહાન્ ઈન્દ્રાભિષેકથી અભિષિક્ત થઈને, અભિષેક સભાના પૂર્વ દ્વારથી નીકળે છે. નીકળીને અલંકારિક સભાએ આવે છે, આવીને અલંકારિક સભાને અનુપ્રદક્ષિણા કરતા, અલંકારિકસભાના પૂર્વ દ્વારેથી પ્રવેશે છે, પ્રવેશીને સીંહાસન પાસે આવે છે. તે શ્રેષ્ઠ સીંહાસન ઉપર પૂર્વાભિમુખ કરીને બેઠો.*

*ત્યારે તે સૂર્યાભદેવના સામાનિક પર્ષદાના દેવોએ તેમની સમક્ષ અલંકારિક ભાંડ ઉપસ્થિત કર્યા. ત્યારે તે સૂર્યાભદેવે સર્વ પ્રથમ રોમયુક્ત સુકુમાલ સુરભી ગંધ કાષાયિકથી ગાત્રો લુછ્યા, લુંછીને સરસ ગોશીર્ષ ચંદનથી ગાત્રોને અનુલિંપિત કરે છે, કરીને નાકના શ્વાસથી ઉડી જાય તેવા ચક્ષુર્હર વર્ણ-સ્પર્શ યુક્ત, ઘોડાની લાળથી પણ અધિક સુકોમળ, ધવલ, સુવર્ણથી ખચિત કર્મ યુક્ત, આકાશ અને સ્ફટિક જેવી પ્રભાવાળા, દિવ્ય દેવદૂષ્ય યુગલને ધારણ કર્યું, કરીને હાર-અર્ધહાર-એકાવલિ-મુક્તાવલિ-રત્નાવલિને ધારણ કર્યા. કરીને અંગદ, કેયુર, કડગ, ત્રુટિત, કટિસૂત્રક, દશ વીંટીઓ, વક્ષસૂત્ર, મુરવિ, પ્રાલંબ, કુંડલ, ચૂડામણિ, મુગટને ધારણ કર્યા. પછી ગ્રંથિમ-વેષ્ટિમ-પૂરિમ-સંઘાતિમ ચાર પ્રકારની માળા વડે કલ્પવૃક્ષની સમાન પોતાને અલંકૃત્-વિભૂષિત કરે છે. દર્દર-મલય-સુગંધની ગંધ ગાત્રો ઉપર છાંટી, દિવ્ય સુમનદામ ધારણ કરે છે.*

● **વિવેચન-૪૧,૪૨ :-**

તે કાળે, તે સમયે સૂર્યાભદેવ સૂર્યાભવિમાનમાં ઉપપાત સભામાં દેવશયનીયમાં દેવદૂષ્યમાં પહેલા અંગુલના અસંખ્યેય ભાગ માત્ર અવગાહનાથી ઉત્પન્ન થયો. અહીં ભાષા અને મન પર્યાપ્તિના સમાપ્તિકાળનું અંતર પ્રાયઃ શેષ પર્યાપ્તિકાલાંતરની અપેક્ષાથી સ્તોકપણથી એકપણે વિવક્ષા કરી છે. - x - પછી તે સૂર્યાભદેવને પંચવિધ

પર્યાપ્તિભાવ પામ્યા પછી આવો સંકલ્પ થયો. મારે પહેલા કે પછી શું કરણીય છે ? શું શ્રેયરૂપ છે ? મારે પહેલા કે પછી હિતપણે-પરિણામે સુંદરતા માટે, સુખપણે, ક્ષમા-સંગતત્વને માટે, નિઃશ્રેયસ-નિશ્ચિત કલ્યાણને માટે, આનુગામિક-પરસ્પર શુભાનુબંધ સુખને માટે થશે ? - x - x - આ બધું પ્રાયઃ સુગમ છે. પૂર્વે વ્યાખ્યાત છે, વાચના ભેદ પણ બહુ મોટો નથી સ્વયં જાણવું.

શુદ્ધોદક પ્રક્ષાલનથી આચાન્ત - ગૃહીત આચમન, ચોક્ષ - થોડાં પણ શંકિત મલને દૂર કરવો, તેથી જ પરમશુચિભૂત. મહાર્થ-જેમાં મણિ, કનક, રત્નાદિ ઉપયોજાય તે. મહાર્ઘ-જેમાં મહાન્ પૂજા છે તે. મહાર્હ-ઉત્સવને યોગ્ય, વિપુલ-વિસ્તીર્ણ. શક્રાભિષેકવત્ ઈન્દ્રાભિષેક ઉપસ્થિત કર્યા. અહીં મોટો વાચના ભેદ છે, તેથી લખીએ છીએ –

૧૦૦૮ સુવર્ણના કળશ, ૧૦૦૮ રૂપાના, ૧૦૦૮ મણિના, ૧૦૦૮ સુવર્ણમણિમય, ૧૦૦૮ સુવર્ણરૂપ્યમય, ૧૦૦૮ રૂપ્યમણિમય, ૧૦૦૮ સુવર્ણરૂપ્યમણિમય, ૧૦૦૮ માટીના કળશો છે. ૧૦૦૮-૧૦૦૮ ભૃંગાર, દર્પણ, સ્થાલ, પાત્રી, સુપ્રતિષ્ઠિત યાવત્ ધૂપના કડછાં વિકુર્વે છે, વિકુર્વીને તેણી ઉત્કૃષ્ટ૦ ઈત્યાદિ વ્યાખ્યા કરાયેલ છે.

સવ્વતૂવર - કષાય, સર્વ પુષ્પો, સર્વ ગંધવાસાદિ, સર્વમાળા, સર્વૌષધિ, સરસવોને ગ્રહણ કરે છે. આ જ ક્રમ - પહેલા ક્ષીર સમુદ્રે ગયા, ત્યાં જળ અને ઉત્પલાદિ લે છે. પછી પુષ્કરોદ સમુદ્રે પણ તેમજ. પછી મનુષ્ય ક્ષેત્રમાં ભરત-ઐરવત ક્ષેત્રમાં માગધાદિ તીર્થોમાં તીર્થોદક અને તીર્થ માટી લે છે. પછી ગંગા, સિંધુ, રક્તા, રક્તવતી નદીમાં નદીનું જળ અને કાંઠાની માટી લે છે. પછી લઘુહિમવત્ અને શિખરીમાં સર્વતૂવરાદિ લે છે. પચી ત્યાં જ પદ્મદ્રહ-પુંડરીક દ્રહમાં દ્રહનું જળ અને ઉત્પલાદિ લે છે. પછી હૈમવત, ઐરણ્યવત્ વર્ષક્ષેત્રમાં રોહિતા, રોહિતાંશા, સુવર્ણકૂલા, રૂપ્યકૂલા મહાનદીમાં નદીનું જળ, બંને કાંઠાની માટી લીધી. પછી શબ્દાપાતિ, વિકટાપાતી વૃત્ત વૈતાઢ્યમાં સર્વે તૂવરાદિ લીધી. પછી મહાહિમવંત અને રૂકમી વર્ષધર પર્વતોમાં સર્વે તૂવરાદિ લીધા. પછી મહાપદ્મ અને પુંડરીક દ્રહોમાંથી ઉદકાદિ લીધા. પછી મહાપદ્મ અને પુંડરીક દ્રહોમાંથી ઉદકાદિ લીધા. પછી હરિવર્ષ, રમ્યક્ વર્ષમાં હરિસલિલા-હરિકાંતા-નરકાંતા-નારીકાંતા મહાનદીમાંથી જળ અને માટી લીધા.

પછી ગંધાપાતી, માલ્યવત્ વૃત્ત વૈતાઢ્યમાંથી તૂવરાદિ, પછી નિષધ, નીલવંત વર્ષધર પર્વતમાંથી સર્વ તૂવરાદિ લીધા. પછી ત્યાં રહેલ તિગિચ્છિ, કેસરી મહાદ્રહોમાંથી જળ આદિ લીધા. પછી પૂર્વ-પશ્ચિમ વિદેહમાં સીતા-સીતોદા નદીમાંથી જળ, માટી લીધા. પછી બધી ચક્રવર્તી વિજયના માગધાદિ તીર્થનું જળ અને માટી લીધા.

પછી વક્ષસ્કાર પર્વતોમાંથી સર્વ તૂવરાદિ લીધા. પછી બધી અંતર્ નદીના જળ અને માટી, પછી મેરુ પર્વતના ભદ્રશાલવનના તૂવરાદિ, પછી નંદનવનમાં તૂવરાદિ અને સરસ ગોશીર્ષચંદન, પછી સૌમનસવનમાં સર્વતૂવરાદિ, સરસ ગોશીર્ષ ચંદન, પુષ્પમાળા લીધા. પછી પંડકવનથી તૂવર, પુષ્પ, ગંધ, માળા, ગોશીર્ષ ચંદન, દિવ્ય પુષ્પમાળા લીધા.



દર્દર - કુંડિકાના ભાજનને વસ્ત્રથી બાંધી, તેના વડે ગાળીને, કે તેમાં પકાવેલ જે મલયોદ્‌ભવતાથી પ્રસિદ્ધ શ્રીખંડ, તેની સુગંધી-પરમ ગંધયુક્ત ગંધોને ગ્રહણ કરે છે. - - પાણી છાંટીને, સંભવિત કચરો શોધીને, છાણ આદિથી લીંપીને તથા છાંટેલા જળ વડે જ શુચિ-પવિત્ર, કચરો દૂર કરવાથી સંમૃષ્ટ ગલીના માર્ગો અને હાટ માર્ગો.

કેટલાંક દેવો હિરણ્યરૂપ મંગલભૂત બીજા દેવોને આપે છે. એ રીતે સુવર્ણ, રત્ન, પુષ્પ, ફળ, માળા, ગંધ, ચૂર્ણ, આભરણ, એ બધું પણ બીજા દેવોને આપે છે, તે કહેવું. જેમાં ઉત્પાત્ પૂર્વ નિપાત છે તે ઉત્પાતનિપાત, એ રીતે નિપાતોત્પાત, સંકુચિત પ્રસારિત, ગમનાગમન, ભ્રાંત-સંભ્રાંત, આરભટ-સોલ દિવ્ય નાટ્યવિધિ દેખાડે છે કોઈ દેવો 'વુક્કા' શબ્દ કરે છે, પોતાને સ્થૂળ કરે છે, લાસ્યરૂપ નૃત્ય કરે છે. તાંડવરૂપ નૃત્ય કરે છે, ભૂમિ આદિ ઉપર આસ્ફોટન કરે છે. ઉછળે છે, વધુ ઉછળે છે, નીચે પડે છે, ઉછળે છે, તીર્છા પડે છે.જ્વાલા માલાકુલ થાય છે, તપ્ત અને પ્રતપ્ત થાય છે. મોટા શબ્દથી થૂત્કાર કરે છે. દેવો વાયુની જેમ ઉત્કલિકા કરે છે. દેવોના પ્રમોદભરવશથી સ્વેચ્છા વચન વડે બોલ-કોલાહલ, દેવ કહકહ કરે છે.

તે અલંકારસભામાં પહેલા પક્ષ્મલ એવા સુકુમારપણે સુરભી ગંધકાષાયિક દ્રવ્ય પરિકર્મિતાથી લઘુશાટિકાથી ગાત્રોને સાફ કરે છે. નાકના નિશ્વાસના વાયુ વડે વાહય, આ ઉપમાથી તેની શ્લક્ષ્ણતા કહી. ચક્ષુર્હર - વિશિષ્ટ રૂપાતિશય કલિતત્વથી સ્વવશ કરે છે. અતિશય વર્ણ અને સ્પર્શથી યુક્ત છે. ઘોડાની લાળથી પણ વધુ સૂક્ષ્મ. અતિ વિશિષ્ટ મૃદુત્વ-લઘુત્વ ગુણયુક્ત. ધવલ-શ્વેત, સુવર્ણ વડે ખચિત અંતકર્મ - આંચલ કે છેડારૂપ. આકાશ સ્ફટિક સમાન અતિ સ્વચ્છ, સ્ફટિક વિશેષ સમાનપ્રભા. દિવ્ય દેવદૂષ્યયુગલ, ધારણ કરે છે, હારાદિ આભરણોને ધારણ કરે છે. તેમાં –

હાર - અઢાર સરો, અર્ધહાર-નવસરો, એકાવલિ-વિચિત્રમણિકા, મુક્તાવલી - મુક્તાફળમયી, રત્નાવલી - રત્નમય મણિકાત્મિક, પ્રાલંબ-સુવર્ણમય વિચિત્ર મણિરત્નથી ચિત્રિત શરીર પ્રમાણ આભરણ વિશેષ, કટક-કલાચિક આભરણ, ત્રુટિત-બાહુ રક્ષિકા, અંગદ-બાહુનું આભરણ વિશેષ, - x - કુંડલ-કાનનું આભરણ, ચૂડામણિ-સકલ પાર્થિવ રત્ન સર્વસાર દેવેન્દ્ર મનુષ્યેન્દ્ર ઊર્ધ્વ કૃત્ નિવાસ, નિઃશેષ અમંગલ-અશાંતિ-રોગ પ્રમુખ દોષાપહારકારી પ્રવર લક્ષણોપેત પરમમંગલભૂત આભરણ વિશેષ.

ચિત્રાણિ - વિવિધ પ્રકારના જે રત્નો, તે સંકટ ચિત્ર રત્ન સંકટ પ્રભૂત રત્નના સમૂહ યુક્ત દિવ્ય પુષ્પમાલા, ગ્રંથિમ-ગ્રંથ વડે નિવૃત્ત, જે સૂત્રાદિ વડે બંધાય છે. પૂરિમ - જે ગ્રથિત હોય અને વેષ્ટન કરાય છે. પુષ્પલંબૂસક - ગંડક. વંશશલાકામય પંજરાદિમાં પૂરાય છે, સંઘાતિમ - પરસ્પરથી નાળ સંઘાત વડે બાંધેલ.

**● સૂત્ર-૪૩,૪૪ :-**

***[૪૩] ત્યારે તે સૂર્યાભદેવ કેશાલંકાર, માલ્યાલંકાર, આભરણાલંકાર, વસ્ત્રાલંકાર એ ચતુર્વિધ અલંકાર વડે અલંકૃત્ અને વિભૂષિત થઈને - પ્રતિપૂર્ણલંકાર થઈને સીંહાસનથી ઉભા થાય છે, થઈને અલંકાર સભાના પૂર્વના***

દ્વારથી નીકળે છે. નીકળીને વ્યવસાય સભાએ જાય છે. વ્યવસાય સભાને અનુપ્રદક્ષિણા કરતા-કરતા પૂર્વના દ્વારેથી પ્રવેશ કરે છે. ઉત્તમ સીંહાસને યાવત્ બેસે છે.

ત્યારે તે સૂર્યાભદેવના સામાનિક પર્ષદાના દેવો પુસ્તકરત્ન લાવે છે. ત્યારપછી સૂર્યાભદેવ પુસ્તકરત્નને ગ્રહણ કરે છે. લઈને મૂકે છે. પુસ્તકરત્નને ઉઘાડે છે, ઉઘાડીને વાંચે છે. વાંચીને ધાર્મિક કાર્ય કરવાનો નિર્ણય કરે છે, પછી પુસ્તકરત્નને પાછું મૂકે છે. સીંહાસનથી ઉભો થાય છે, થઈને વ્યવસાયસભાના પૂર્વના દ્વારેથી નીકળે છે.

નીકળીને નંદા પુષ્કરિણીએ આવે છે. આવીને તેના પૂર્વના તોરણથી પૂર્વના ત્રિસોપાન પ્રતિરૂપકથી તેમાં ઉતરે છે, ઉતરીને હાથ-પગ ધુવે છે. ધોઈને આચમન કરી, ચોકખો થઈ, પરમશૂચિભૂત થઈ, એક મોટા શ્વેત રજતમય વિમલ સલિલપૂર્ણ મત્ત ગજમુખ આકૃતિ કુંભ સમાન ભૃંગારને ગ્રહણ કરે છે. ત્યાંના જે ઉત્પલ યાવત્ શતસહસ્રપત્રોને ગ્રહણ કરીને નંદા પુષ્કરિણીથી બહાર નીકળે છે નીકળી જ્યાં સિદ્ધાયતન છે, ત્યાં જવા તૈયાર થયો.

[૪૪] ત્યારે તે સૂર્યાભદેવના ૪૦૦૦ સામાનિકો યાવત્ ૧૬,૦૦૦ આત્મરક્ષક દેવો, બીજા પણ ઘણાં સૂર્યાભવિમાનવાસી દેવો અને દેવીઓમાં કેટલાંક હાથમાં ઉત્પલ યાવત્ શત-સહસ્ર પત્રો લઈને સૂર્યાભદેવની પાછળ-પાછળ ચાલ્યા. ત્યારપછી સૂર્યાભદેવના ઘણાં આભિયોગિક દેવો અને દેવીઓમાં કેટલાંક હાથમાં કળશો યાવત્ કેટલાંક હાથમાં ધૂપકડછા લઈ અતિ હર્ષિત થઈ સૂર્યાભદેવની પાછળ ચાલ્યા. ત્યારપછી સૂર્યાભદેવના ૪૦૦૦ સામાનિક દેવો યાવત્ બીજા ઘણાં સૂર્યાભવિમાનના દેવો-દેવીઓથી સંપરિવૃત્ત થઈને સર્વઋદ્ધિથી યાવત્ વાદ્યોની ધ્વનિપૂર્વક સિદ્ધાયતન હતું ત્યાં આવ્યા.

પછી સિદ્ધાયતનના પૂર્વના દ્વારેથી પ્રવેશ્યા, પ્રવેશીને જ્યાં દેવછંદક છે, જ્યાં જિનપ્રતિમાઓ છે, ત્યાં આવે છે. આવીને જિન પ્રતિમાને જોતાં જ પ્રણામ કરે છે. કરીને લોમહસ્તકને ગ્રહણ કરે છે, કરીને જિનપ્રતિમાને લોમહસ્તકથી પ્રમાર્જે છે. પ્રમાર્જીને જિનપ્રતિમાને સુગંધી ગંધોદકથી નવડાવે છે. નવડાવીને સરસ ગોશીર્ષ ચંદનથી ગાત્રોને લિંપે છે. લિંપીને સુગંધી ગંધ કાષાયિકથી ગાત્રોને લુંછે છે, લુંછીને જિનપ્રતિમાને અહત દેવદૂષ્ય યુગલ પહેરાવે છે. પહેરાવીને પુષ્પ-માળા-ગંધ-ચૂર્ણ-વર્ણ-વસ્ત્ર-આભરણ ચઢાવે છે.

પછી નીચે સુધી લટકતી લાંબી-લાંબી ગોળ માળા પહેરાવી. પહેરાવીને પંચવર્ણી પુષ્પપુંજો હાથમાં લઈને તેની વર્ષા કરી અને માંડવો કરીને તે સ્થાનને સુશોભિત કર્યું. પછી તે જિનપ્રતિમાની આગળ સ્વચ્છ, શ્લક્ષ્ણ, રજતમય, અક્ષતતંદુલ વડે આઠ આઠમંગલનું આલેખન કર્યું. તે આ પ્રમાણે — સ્વસ્તિક યાવત્ દર્પણ. પછી ચંદ્રપ્રભ-રત્ન-વજ્ર-વૈડૂર્ય વિમલ દંડ, સ્વર્ણ-મણિ-રત્ન વડે ચિત્રિત, કાળો અગરુ, પ્રવર કુંદુરુષ્ક, તુરુષ્ક, ધૂપના મઘમઘાટથી ઉત્તમ ગંધ વડે



વ્યાપ્ત અને ધૂપવર્તી છોડતા વૈડૂર્યમય કડછાને ગ્રહણ કરીને ધૂપક્ષેપ કરીને જિનવરને ૧૦૮ વિશુદ્ધ ગ્રન્થયુક્ત - અર્થયુક્ત - અપુનરુક્ત મહિમાશાળી છંદોથી સ્તુતિ કરી, પછી સાત-આઠ પગલા પાછળ ખસ્યો, ખસીને ડાબો ઘૂંટણ ઉંચો કર્યો. કરીને જમણો ઘૂંટણ ભૂમિ તલે સ્થાપી, ત્રણ વખત મસ્તકને ભૂમિતલે લગાડ્યુ, લગાડીને કંઈક નમે છે. નમીને બે હાથ જોડી, મસ્તકે આવર્ત્ત કરી, મસ્તકે અંજલિ કરીને આ પ્રમાણે કહ્યું —

નમસ્કાર થાઓ - અરિહંતોને યાવત્ સંપ્રાપ્તને. વંદે છે, નમે છે, નમીને જ્યાં દેવછંદક છે, જ્યાં સિદ્ધાયતનનો બહુ મધ્યદેશ ભાગ છે, ત્યાં જાય છે. જઈને લોમહસ્તકને ઉઠાવે છે. પછી સિદ્ધાયતનના બહુમધ્યદેશ ભાગને લોમહસ્તકથી પ્રમાર્જે છે. દિવ્ય ઉદકધારાથી સીંચે છે. સરસ ગોશીર્ષ ચંદનથી પંચાંગુલિતલ મંડલને આલેખે છે. આલેખીને, હાથમાં લઈને યાવત્ પુંજોપચાર યુક્ત કરે છે. કરીને ધૂપ દે છે. પછી સિદ્ધાયતનના દક્ષિણ દ્વારે આવે છે.

ત્યાં લોમહસ્તક લઈને પછી દ્વારચેટી અને શાલ ભંજિકાઓ તથા વ્યાલરૂપને લોમહસ્તકથી પ્રમાર્જે છે. પ્રમાર્જીને દિવ્ય ઉદકધારાથી સીંચે છે. સીંચીને સરસ ગોશીર્ષચંદન વડે ચર્ચિત કરે છે. કરીને પુષ્પા રોહણ, માલ્ય યાવત્ આભરણારોહણ કરે છે, કરીને લાંબી લટકતી માળા યાવત્ ધૂપક્ષેપ કરે છે. કરીને જ્યાં દક્ષિણના દ્વારે મુખમંડપ છે, જ્યાં તે મુખમંડપનો બહુ મધ્ય દેશ ભાગ છે, ત્યાં આવે છે. આવીને લોમહસ્તક લે છે. લઈને બહુ મધ્યદેશ ભાગને લોમહસ્તકને પ્રમાર્જે છે. પ્રમાર્જીને દિવ્ય ઉદકધારાથી સીંચે છે, સીંચીને સરસ ગોશીર્ષ ચંદનથી પંચાંગુલિતલ મંડપને આલેખે છે. આલેખીને, ગ્રહિત પુષ્પો વીખેરી યાવત્ ધૂપ દે છે.

પછી જે દક્ષિણના મુખમંડપના પશ્ચિમી દ્વારે જાય છે, જઈને લોમહસ્તક હાથમાં લે છે લઈને દ્વાર શાખા, શાલભંજિકા, વ્યાલરૂપોને લોમહસ્તકથી પ્રમાર્જે છે. પ્રમાર્જીને દિવ્ય જળધારાથી સીંચે છે. સરસ ગોશીર્ષ ચંદનથી ચર્ચિત કરે છે. પુષ્પ યાવત્ આભરણ ચડાવે છે. લાંબી માળા - પુષ્પો વિખેરવા - ધૂપ આપવો. આ બધું કરીને દક્ષિણના મુખ મંડપના ઉત્તરની સ્તંભ પંક્તિ પાસે આવે છે. આવીને લોમહસ્તક હાથમાં લે છે. સ્તંભ, શાલભંજિકા અને વ્યાલરૂપને લોમહસ્તકથી પ્રમાર્જે છે. પશ્ચિમના દ્વારવત્ યાવત્ ધૂપ દે છે.

ત્યારપછી દક્ષિણી મુખ મંડપના પૂર્વ દ્વારે આવે છે. આવીને લોમહસ્તક હાથમાં લઈને દ્વાર શાખા ઈત્યાદિ પૂર્વવત્ કહેવું. પછી દક્ષિણના મુખમંડપના દક્ષિણ દ્વારે આવે છે, આવીને દ્વાર શાખા ઈત્યાદિ પૂર્વવત્ કહેવું. પછી દક્ષિણના પ્રેક્ષાગૃહ મંડપમાં જ્યાં પ્રેક્ષાગૃહમંડપનો બહુ મધ્યદેશ ભાગ છે, તેમાં વજ્રમય અક્ષપાટક છે. મણિપીઠિકા છે, જ્યાં સીંહાસન છે, ત્યાં આવે છે. આવીને લોમહસ્તક હાથમાં લે છે. લઈને અક્ષપાટકને, મણિપીઠિકાને, સીંહાસનને લોમ હસ્તકથી પ્રમાર્જે છે. પ્રમાર્જીને તે દિવ્ય ઉદકધારાથી સીંચી, સરસ ગોશીર્ષ ચંદન

વડે ચર્ચિત કરે છે. પુષ્પ ચડાવે છે, લાંબી લટકતી માળા ચડાવી, ધૂપ આપે છે. આપીને દક્ષિણના પ્રેક્ષાગૃહ મંડપના પશ્ચિમના દ્વારે આવે છે. ઉત્તરના દ્વારે બધું પૂર્વના દ્વાર માફક કહેવું. દક્ષિણના દ્વારે પણ પૂર્વવત્ જ કહેવું. પછી દક્ષિણના ચૈત્યવસ્તુપે આવે છે.

ત્યાં આવીને સ્તૂપ અને મણિપીઠિકાને દિવ્ય જળધારા વડે સીંચે છે, સરસ ગોશીર્ષ ચંદનથી ચર્ચિત કરે છે. પુષ્પ ચડાવે છે. યાવત્ ધૂપક્ષેપ કરે છે. પશ્ચિમની મણિપીઠિકાએ જ્યાં પશ્ચિમમાં જિનપ્રતિમા છે, ત્યાં આવે છે. શેષ પૂર્વવત્. ઉત્તરની જિનપ્રતિમામાં પણ બધું તેમજ કહેવું. પછી પૂર્વની મણિપીઠિકા છે, જ્યાં પૂર્વીય દિશાની જિનપ્રતિમા છે, ત્યાં આવે છે, શેષ પૂર્વવત્. દક્ષિણની મણિપીઠિકાએ દક્ષિણની જિનપ્રતિમાએ આવે છે. શેષ પૂર્વવત્.

જ્યાં દક્ષિણનું ચૈત્યવૃક્ષ છે, ત્યાં આવે છે. શેષ પૂર્વવત્. જ્યાં મહેન્દ્રધ્વજ છે, જ્યાં દક્ષિણની નંદાપુષ્કરિણી છે, ત્યાં આવે છે લોમહસ્તક હાથમાં લે છે, તોરણ, ત્રિસોપાન પ્રતિરૂપક, શાલભંજિકા અને વ્યાલરૂપોને લોમહસ્તકથી પ્રમાર્જી, દિવ્ય ઉદકધારાથી સીંચી, સરસ ગોશીર્ષ ચંદનથી ચર્ચિત કરી, પુષ્પમાળા ચડાવી, લાંબી માળાને લટકાવી, ધૂપક્ષેપ કરે છે. સિદ્ધાયતનની અનુપ્રદક્ષિણા કરતા, જ્યાં ઉત્તરની નંદા પુષ્કરિણી છે, ત્યાં આવે છે. શેષ પૂર્વવત્. જ્યાં ઉત્તરનું ચૈત્યવૃક્ષ છે, ત્યાં આવે છે, ઉત્તરના ચૈત્યસ્તૂપે આવે છે. શેષ પૂર્વવત્. જ્યાં પશ્ચિમની પીઠિકા છે, પશ્ચિમની જિન પ્રતિમા છે, શેષ પૂર્વવત્.

ઉત્તરના પ્રેક્ષાગૃહ મંડપે આવે છે. આવીને૦ દક્ષિણની વક્તવ્યતા છે, તે બધી કહેવી. પૂર્વના દ્વારે, દક્ષિણની સ્તંભ પંક્તિ, તે બધું પૂર્વવત્. જ્યાં ઉત્તરનો મુખ મંડપ છે, જ્યાં ઉત્તરના મુખમંડપનો બહુ મધ્યદેશભાગ છે, તે બધું પૂર્વવત્ કહેવું. પશ્ચિમના દ્વારે તેમજ. ઉત્તરના દ્વારે૦ દક્ષિણની સ્તંભ પંક્તિ આદિ બાકીનું બધું પૂર્વવત્.

જ્યાં સિદ્ધાયતનનું ઉત્તરનું દ્વાર, પૂર્વવત્.. જે સિદ્ધાયતનનું પૂર્વનું દ્વાર છે ત્યાં જાય છે. તે પૂર્વવત્. જે પૂર્વનો મુખમંડપ છે, જ્યાં મુખમંડપનો બહુમધ્યદેશ ભાગ છે, ત્યાં આવે છે. શેષ પૂર્વવત્. પૂર્વનું મુખમંડપના દક્ષિણના દ્વારે પશ્ચિમની સ્તંભ પંક્તિ, ઉત્તરના દ્વારે તે પૂર્વવત્. જ્યાં પૂર્વનું પ્રેક્ષાગૃહ મંડપ છે, સ્તૂપ છે, જિનપ્રતિમા-ચૈત્યવૃક્ષ-મહેન્દ્ર ધ્વજ-નંદાપુષ્કરિણી બધું પૂર્વવત્ યાવત્ ધૂપ દે છે.

પછી સુધર્માસભાએ આવે છે. આવીને સુધર્માસભાના પૂર્વના દ્વારેથી પ્રવેશે છે, પ્રવેશીને માણવક ચૈત્યસ્તંભ છે, જ્યાં વજ્રમય ગોળ-વૃત્ત-સમુદ્ગક છે, ત્યાયં આવે છે. આવીને લોમહસ્તક હાથમાં લે છે. લઈને વજ્રમય ગોળ-વૃત્ત સમુદ્ગકને લોમહસ્તકથી પ્રમાર્જે છે. પ્રમાર્જીને સમુદ્ગકને ખોલે છે. ખોલીને જિન અસ્થિને લોમહસ્તકથી પ્રમાર્જે છે. પ્રમાર્જીને સુરભિ ગંધોદકથી પ્રક્ષાલે છે. પ્રક્ષાલીને સર્વોત્તમ શ્રેષ્ઠ ગંધ અને માળાથી અર્ચિત કરી, ધૂપ દે છે. દઈને જિન અસ્થિને વજ્રમય ગોળ-વૃત્ત સમુદ્ગકમાં મૂકે છે. માણવક ચૈત્યસ્તંભને





લોમહસ્તકથી પ્રમાર્જે છે. દિવ્ય જળધારા-સરસ ગોશીર્ષ ચંદનથી ચર્ચિત કરી, પુષ્પારોહણ યાવત્ ધૂપ દે છે. સીંહાસનમાં પૂર્વવત્, દેવશયનીયે પૂર્વવત્. લઘુ મહેન્દ્રધ્વજમાં પણ તેમજ જાણવું.

જે પ્રહરણ કોશ ચોપ્પાલક છે ત્યાં આવે છે, આવીને તે લોમહસ્તક હાથમાં લે છે. લઈને ચોપ્પાલ પ્રહરણ કોશને લોમહસ્તકથી પ્રમાર્જે છે. પ્રમાર્જીને દિવ્ય ઉદકધારા - સરસ ગોશીર્ષ ચંદનથી ચર્ચિત-પુષ્પ ચડાવવા - લાંબી લટકતી માળા યાવત્ ધૂપ આપે છે.

જ્યાં સુધર્મા સભાનો બહુ મધ્યદેશ ભાગ, જ્યાં મણિપીઠિકા, જ્યાં દેવ શયનીય ત્યાં આવે છે, આવીને લોમહસ્તક હાથમાં લઈ દેવશયનીય અને મણિપીઠિકાને લોમહસ્તકથી પ્રમાર્જે છે યાવત્ ધૂપ દે છે. પછી જ્યાં ઉપપાતસભાનું દક્ષિણનું દ્વાર છે ત્યાં પૂર્વવત્. અભિષેક સભા સદેશ યાવત્ પૂર્વની નંદા પુષ્કરિણી, જ્યાં દ્રહ છે ત્યાં આવે છે, આવીને તોરણ, ત્રિસોપાનક, શાલભંજિકા, વ્યાલરૂપ પૂર્વવત્.

જ્યાં અભિષેક સભા છે, ત્યાં આવે છે. આવીને પૂર્વવત્. સીંહાસન અને મણિપીઠિકા, બાકી પૂર્વવત્. આયતન સદેશ યાવત્ પૂર્વની નંદા પુષ્કરિણી. જ્યાં અલંકારિક સભા છે, ત્યાં જાય છે. જઈને ત્યાં અભિષેક સભા મુજબ બધું કહેવું. પછી વ્યવસાય સભાએ જાય છે. જઈને પૂર્વવત્, લોમહસ્તક હાથમાં લઈ પુસ્તકરત્નને લોમહસ્તક વડે પ્રમાર્જે છે. પ્રમાર્જીને દિવ્ય જળધારાથી સિંચી, સર્વોત્તમ ગંધ અને માળા વડે અર્ચા કરે છે. કરીને મણિપીઠિકા અને સીંહાસનને૦ બાકી પૂર્વવત્. પૂર્વની નંદા પુષ્કરિણીમાં જ્યાં દ્રહ છે, ત્યાં જાય છે. જઈને તે તોરણ, ત્રિસોપાનક, શાલભંજિકા, વ્યાલરૂપ પૂર્વવત્.

જ્યાં બલિપીઠ છે, ત્યાં જાય છે. ત્યાં બલિ વિસર્જન કરે છે. આભિયોગિક દેવને બોલાવે છે. બોલાવીને આમ કહ્યું —

ઓ દેવાનુપ્રિયો ! જલ્દી સૂર્યાભવિમાનમાં શ્રૃંગાટક, ત્રિક, ચતુષ્ક, ચત્વર, ચતુર્મુખ, મહાપથ, પ્રાકાર, અટ્ટાલક, ચરિકા, દ્વાર, ગોપુર, તોરણ, આરામ, ઉદ્યાન, વન, વનરાજી, કાનન અને વનખંડમાં અર્ચનીય કરે છે. કરીને જલ્દીથી આજ્ઞાને પાછી સોંપો.

ત્યારે તે આભિયોગિક દેવો, સૂર્યાભદેવે આમ કહેતા યાવત્ સ્વીકારીને સૂર્યાભવિમાનમાં શ્રૃંગાટક, ત્રિક યાવત્ વનખંડમાં અર્ચનીય કરે છે, કરીને જ્યાં સૂર્યાભદેવ છે યાવત્ આજ્ઞા સોંપે છે.

ત્યારપછી સૂર્યાભદેવ, જ્યાં નંદા પુષ્કરિણી છે, ત્યાં આવે છે. આવીને નંદા પુષ્કરિણીને પૂર્વના ત્રિસોપાન પ્રતિરૂપકથી ઉતરે છે. ઉતરીને હાથ-પગ ધુવે છે, ધોઈને નંદાપુષ્કરિણીથી બહાર નીકળી, જ્યાં સુધર્માસભા છે, ત્યાં જવાને પ્રવૃત્ત થયો.

ત્યારે તે સૂર્યાભદેવ, ૪૦૦૦ સામાનિક યાવત્ ૧૬,૦૦૦ આત્મરક્ષક દેવો,

***બીજા ઘણાં સૂર્યાભવિમાનવાસી વૈમાનિક દેવ-દેવી સાથે પરીવરીને સર્વઋદ્ધિથી યાવત્ નાદિત સ્વથી સુધર્માસભાએ આવે છે. સુધર્માસભાના પૂર્વના દ્વારેથી પ્રવેશે છે. પ્રવેશીને સીંહાસન પાસે આવે છે. આવીને શ્રેષ્ઠ સીંહાસને પૂર્વાભિમુખ બેઠો.***

**● વિવેચન-૪૩,૪૪ :-**

વ્યવસાય નિબંધનરૂપ સભા તે વ્યવસાય સભા. ક્ષેત્રાદિ પણ કર્મોદયાદિ નિમિત્તત્વથી છે. - x - પુસ્તકરત્ન ઉત્સંગમાં કે ઉત્તમ સ્થાન વિશેષમાં મૂકે છે - ઉઘાડે છે. ધર્માનુગત વ્યવસાય કરે છે. કરવા અભિલાષા કરે છે. પ્રત્યાસન્ન વસ્તુ પ્રતિબિંબ આધારરૂપ અતિ નિર્મળ. अच्छरसातंदुल - દિવ્ય તંદુલ. ચંદ્રપ્રભ વજ્ર વૈડૂર્ય વિમલ દંડ જેનો છે તે. સુવર્ણ-મણિ-રત્નથી ચિત્રિત. કાળો અગરુ આદિની ધૂપથી ઉત્તમ ગંધ વડે અનુવિદ્ધ. ધૂપને છોડતા વૈડૂર્યમય કડછા લઈને પ્રયત્નથી જિનવરોને ધૂપ દઈને, પાછો ખસી દશ આંગળીની મસ્તકે અંજલિ રચીને, નિર્મળ-લક્ષણદોષ રહિત જે ગ્રંથ-શબ્દ સંદર્ભ વડે યુક્ત ૧૦૮ સ્તુતિ, તે અર્થસારયુક્ત-પુનરુક્તિ રહિત-મહાવૃત્તથી, સ્તવીને ડાબો ઘુંટણ ઉંચો કરી, વિધિથી પ્રણામ કરીને પ્રણિપાત દંડક કહે છે —

नमोऽत्थु - દેવાદિ અતિશય પૂજાને યોગ્ય તે અર્હન્ત. તેમને નમસ્કાર. તે અરહંત નામાદિરૂપે પણ છે. તેથી ભાવઅર્હત્ પ્રતિપત્તિ અર્થે કહે છે — ભગવંતોને. भग - સમગ્ર ઐશ્વર્યાદિ લક્ષણ જેમાં છે તે. आदि - ધર્મની પ્રથમ પ્રવૃત્તિ કરવાના આચારવાળા તે આદિકર. જેના વડે સંસાર સમુદ્ર તરાય તે તીર્થ અર્થાત્ પ્રવચન, તેને કરનાર તે તીર્થકર. સ્વયં-બીજાના ઉપદેશ વિના સમ્યગ્ વરબોધિ પ્રાપ્ત, બુદ્ધ-મિથ્યાત્વનિદ્રા જવાથી સંબોધ વડે. તે સ્વયંસંબુદ્ધ. પુરુષોમાં ઉત્તમ, ભગવંત જ પરાર્થવ્યસની આદિ ગુણયુક્તતાથી પુરુષોત્તમ છે. કર્મરૂપી હાથી પ્રત્યે પુરુષોમાં પુંડરીક સમાન. પરચક્ર-દુર્ભિક્ષ-મારિ આદિ ક્ષુદ્ર હાથીના નિરાકરણથી પુરુષવરગંધહસ્તિ...

...લોક-ભવ્યસત્વલોક, તે સકલ કલ્યાણ એક નિબંધનતાથી ભવ્યત્વ ભાવથી ઉત્તમ તે લોકોત્તમ. લોકના નાથ-યોગક્ષેમકૃત્. તેમાં યોગ-બીજાધાનોદ્‌ભેદપોષણ કરણ. ક્ષેમ-તે ઉપદ્રવાદિનો અભાવ. લોક-પ્રાણિલોક અથવા પંચાસ્તિકાયાત્મક તેના હિત-હિતોપદેશથી સમ્યક્ પ્રરૂપણાથી લોકહિત. લોક-દેશના યોગ્ય, દેશના કિરણોથી યથાવસ્થિત વસ્તુ પ્રકાશક તે લોકપ્રદીપ લોક-ઉત્કૃષ્ટમતિ ભવ્ય સત્વ લોકના પ્રદ્યોતન-પ્રદ્યોતકત્વ વિશિષ્ટ, જ્ઞાનશક્તિને કરનાર, તે લોકપ્રદ્યોતકર. તે ભગવંતની કૃપાથી તત્ક્ષણ ગણધરો-વિશિષ્ટ જ્ઞાન સંપત્તિયુક્ત, જેના લીધે દ્વાદશાંગી રચે છે તે.

અભય-વિશિષ્ટ આત્મસ્વાસ્થ્ય, નિઃશ્રેયસ ધર્મ-ભૂમિકા નિબંધનરૂપ પરમ ધૃતિ. એ અભયને દેનારા. ચક્ષુ-વિશિષ્ટ આત્મધર્મ, તત્ત્વાબોધ નિબંધન શ્રદ્ધા સ્વભાવ - x - તેને દેનાર. માર્ગ-વિશિષ્ટ ગુણસ્થાન પ્રાપ્તિ રૂપ પ્રગુણ સ્વરસવાહી ક્ષયોપશમ વિશેષને દેનાર તે માર્ગદ. શરણ-સંસાર કાંતારમાં અતિપ્રબળ રાગાદિથી પીડિત સમાશ્વાસન સ્થાનરૂપ તત્ત્વચિંતારૂપ અધ્યવસાન તેને આપે, તેથી શરણદા. બોધિ-



જિન પ્રણિત ધર્મ પ્રાપ્તિ, તત્ત્વાર્થ શ્રદ્ધા લક્ષણ સમ્યગ્દર્શન રૂપ, તેને આપે તે બોધિદા. ધર્મ-ચારિત્રરૂપ, તેને આપે છે. ધર્મદા કઈ રીતે ? તે હવે કહે છે —

ધર્મને કહે તે ધર્મદેશક, ધર્મના નાયક - સ્વામી, તેના વશીકરણ ભાવથી અને તેના ફળના પરિભોગથી, ધર્મનાયક ધર્મમાં સમ્યક્ પ્રવર્તન યોગથી ધર્મસારથી. ધર્મ જ પ્રધાન ચતુરંત હેતુત્વથી ચતુરંત ચક્રવત્ વર્તનારા. અપ્રતિહત - અપ્રતિસ્ખલિત, ક્ષાયિકત્વથી પ્રધાન જ્ઞાન, દર્શનને ધારણ કરનાર. છાદન કરે તે છદ્મ-ઘાતિકર્મચતુષ્ક, તે ચાલ્યુ ગયું છે, તે વ્યાવૃત્તછદ્મ, जिन - રાગ, દ્વેષ, કષાય, ઈન્દ્રિય, પરીષહ, ઉપસર્ગ ઘાતિકર્મ શત્રુને જિતનાર, બીજાને જિતાવનાર. ભવસમુદ્રને સ્વયં તરનાર, બીજાને તારનાર. કેવળજ્ઞાનથી તત્ત્વને જાણવાથી બુદ્ધ અને બીજાને બોધ કરનાર. મુક્ત-કૃતકૃત્ય, નિષ્ઠિતાર્થ બીજાને મુકાવનાર તે મુક્ત-મોચક. સર્વજ્ઞ-સર્વદર્શી.

शिव - સર્વ ઉપદ્રવ રહિતથી. अचल - સ્વાભાવિક, પ્રાયોગિક ચલન ક્રિયા રહિતતાથી. अरुज - શરીર, મનના અભાવે આધિ-વ્યાધિના અસંભવથી. अनंत - કેવળ આત્માથી અનંતપણે. अक्षय - વિનાશકરણ અભાવે. अव्याबाध - કોઈના વડે બાધિત કરવાને અશક્ય કેમકે અમૂર્ત છે. જ્યાંથી પુનઃ આવવાનું નથી તે અપુનરાવૃત્તિ. સિદ્ધયંતિ-નિષ્ઠિતાર્થ થાય છે. સિદ્ધિ-લોકાંત ક્ષેત્રરૂપ. - x - વ્યવહારથી સિદ્ધિ ક્ષેત્ર, નિશ્ચયથી યથાવસ્થિત સ્વસ્વરૂપ સ્થાન-સ્થાનીના ભેદોપચાર રહિત. તેવા સિદ્ધિગતિ નામધેય સ્થાનને સંપ્રાપ્ત કરનાર.

આ પ્રમાણે પ્રણિપાત દંડક બોલીને, તે પ્રતિમાને ચૈત્યવંદન વિધિથી વંદે છે. પછી પ્રણિધાનાદિ યોગથી નમસ્કાર કરે છે. બીજા કહે છે ઉક્ત વિધિ વિરતિવાળાને જ હોય. - x - તેથી વંદન એટલે-સામાન્યથી નમસ્કાર કરે છે. - x - અહીં તત્ત્વ તો કેવલી જ જાણે.

અહીંથી આગળ સૂત્ર સુગમ છે, કેવળ વિધિવિષયક વાચના ભેદ ઘણો છે. અહીં માત્ર વિધિ બતાવે છે - પછી મોરપીંછીથી દેવછંદક પ્રમાર્જે છે. પાણીની ધારથી સીંચે છે. પછી ગોશીર્ષ ચંદનથી હથેળીના થાપા મારે છે. પછી પુષ્પારોહણ આદિ અને ધૂપદહન કરે છે. પછી સિદ્ધાયતનના બહુમધ્યદેશ ભાગે જળધારા સિંચન, ચંદનના થાપા, પુષ્પ પુંજોપચાર, ધૂપદાન કરે છે. પછી સિદ્ધાયતનના દક્ષિણ દ્વારે આવીને લોમહસ્તકથી દ્વાર શાખ. શાલભંજિકા, વ્યાલરૂપોને પ્રમાર્જે છે. જળથી સીંચે છે, ગોશીર્ષ ચંદનથી ચર્ચા, પુષ્પાદિ આરોહણ અને ધૂપદાન કરે છે.

પછી દક્ષિણ દ્વારેથી નીકળીને દક્ષિણના મુખમંડપના બહુ મધ્ય દેશ ભાગમાં લોમહસ્તકથી પ્રમાર્જી, જળધારાથી સીંચી, ચંદનના થાપા દઈ, પુષ્પપુંજોપચાર, ધૂપદાનાદિ કરે છે. પછી પશ્ચિમદ્વારે આવીને પૂર્વવત્ દ્વાર અર્ચનાદિ કરે છે. તે જ દક્ષિણના મુખમંડપની ઉત્તરની સ્તંભ પંક્તિ પાસે આવી પૂર્વવત્ અર્ચનિકા કરે છે. અહીં જે દિશામાં સિદ્ધાયતનાદિ દ્વાર છે, તેની બીજી દિશામાં મુખમંડપની સ્તંભપંક્તિ છે. પછી તે જ દક્ષિણના મુખમંડપના પૂર્વ દ્વારે આવીને પૂજા કરે છે. કરીને તે દક્ષિણના મુખમંડપના દક્ષિણ દ્વારે આવીને પૂર્વવત્ પૂજા કરીને, તે દ્વારેથી નીકળીને પ્રેક્ષાગૃહ

મંડપના બહુ મધ્યદેશ ભાગમાં આવીને અક્ષપાટક, મણિપીઠિકા, સીંહાસનને લોમહસ્તથી પ્રમાર્જી, ઉદકધારાથી સીંચી, ચંદન ચર્ચા, પુષ્પપૂજા, ધૂપદાનાદિ કરીને તે જ પ્રેક્ષા મંડપના ક્રમથી પશ્ચિમ-ઉત્તર-પૂર્વ-દક્ષિણ દ્વારોની અર્ચનિકા કરીને દક્ષિણ દ્વારેથી નીકળે છે.

પછી દક્ષિણ દિશાના ચૈત્યવૃક્ષે આવીને, ચૈત્યવૃક્ષની દ્વારની જેમ પૂજા કરી, પછી મહેન્દ્રધ્વજની જે દક્ષિણી નંદાપુષ્કરિણી ત્યાં આવે છે. તોરણ-ત્રિસોપાનક-શાલભંજિકાદિને મોરપીંછીથી પ્રમાર્જી, જળથી સીંચી, ચંદનચર્ચા, પુષ્પ ચડાવવા, ધૂપદાન કરીને સિદ્ધાયતનની પ્રદક્ષિણા કરી ઉત્તરની નંદા પુષ્કરિણીએ આવીને પૂર્વવત્ પૂજા કરી. પછી ઉત્તરીય મહેન્દ્રધ્વજ, પછી ઉત્તરીય ચૈત્યવૃક્ષ, પછી ઉત્તરીય ચૈત્યસ્તૂપ. પછી પશ્ચિમ ઉત્તર પૂર્વ દક્ષિણ જિન-પ્રતિમાની પૂર્વવત્ પૂજા કરીને ઉત્તરના પ્રેક્ષાગૃહ મંડપે આવે છે. તેમાં દક્ષિણના પ્રેક્ષાગૃહ મંડપવત્ સર્વ વક્તવ્યતા કહેવી. પછી દક્ષિણ સ્તંભ પંક્તિથી નીકળીને ઉત્તરના મુખમંડપે આવે છે, ત્યાં પણ દક્ષિણના મુખમંડપ સમાન બધું પશ્ચિમ-ઉત્તર-પૂર્વ દ્વાર ક્રમથી કરીને દક્ષિણ સ્તંભ પંક્તિથી નીકળીને સિદ્ધાયતનના ઉત્તર દ્વારે આવીને પૂર્વવત્ અર્ચનિકા કરીને પૂર્વ દ્વારે આવે છે. ત્યાં પૂર્વવત્ અર્ચનિકા કરીને પૂર્વના મુખમંડપના દક્ષિણ દ્વારે પશ્ચિમ સ્તંભ પંક્તિના ઉત્તરપૂર્વ દ્વારોમાં ક્રમથી ઉક્ત રૂપ પૂજા કરીને પૂર્વ દ્વારેથી નીકળીને પૂર્વ પ્રેક્ષાગૃહ મંડપમાં આવીને પૂર્વવત્ દ્વાર મધ્યભાગ દક્ષિણદ્વાર પશ્ચિમ સ્તંભપંક્તિ ઉત્તર પૂર્વ દ્વારોમાં પૂર્વવત્ અર્ચનિકા કરે છે.

ત્યારપછી પૂર્વ પ્રકારના ક્રમથી ચૈત્યસ્તૂપ-જિનપ્રતિમા-ચૈત્યવૃક્ષ-મહેન્દ્રધ્વજ-નંદાપુષ્કરિણીમાં [પૂજા કરે છે] પછી સુધર્મા સભામાં પૂર્વદ્વારથી પ્રવેશે છે. પ્રવેશીને જ્યાં મણિપીઠિકા છે, ત્યાં આવે છે. જિનપ્રતિમાને જોઈને પ્રણામ કરે છે. કરીને જ્યાં માણવક ચૈત્યસ્તંભ છે, જ્યાં વજ્રમય ગોળવૃત્ત સમુદ્ગક છે, ત્યાં આવીને સમુદ્ગકને લે છે. લઈને ખોલે છે, મોરપીંછીથી પ્રમાર્જીને જળધારાથી સીંચીને, ગોશીર્ષ ચંદનથી લીંપે છે. પછી પ્રધાન ગંધમાળા રચે છે. ધૂપ કરે છે. પછી ફરી તેને વજ્રમય ગોળવૃત્ત સમુદ્ગકમાં મૂકે છે. મૂકીને તે વજ્રમય ગોળવૃત્ત સમુદ્ગક સ્વસ્થાને મૂકે છે. તેમાં પુષ્પ-ગંધ-માળા-વસ્ત્રાદિ ચડાવે છે.

પછી મોરપીંછીથી માણવક ચૈત્યસ્તંભ પ્રમાર્જીને જળધારાથી સીંચી, ચંદન ચર્ચા, પુષ્પાદિ આરોપી અને ધૂપદાન કરે છે. કરીને સિંહાસન પ્રદેશમાં આવીને મણિપીઠિકાના સિંહાસનને મોરપીંછીથી પ્રમાર્જનાદિ રૂપ પૂર્વવત્ અર્ચા કરે છે. પછી મણિપીઠિકામાં દેવશયનીયે આવીને દેવશયનીયની દ્વારવત્ અર્ચા કરે છે. પછી ઉક્ત પ્રકારે લઘુ ઈન્દ્રધ્વજે પૂજા કરે છે. પછી ચોપ્પાલક પ્રહરણકોશે આવીને મોરપીંછીથી પરિઘરત્ન આદિ પ્રહરણરત્ન પ્રમાર્જે છે. એકધારાથી સીંચી, ચંદનચર્ચા-પુષ્પાદિ આરોપણ-ધૂપદાન કરે છે.

પછી સુધર્માસભાના બહુમધ્યદેશ ભાગે પૂર્વવત્ અર્ચા કરે છે. કરીને સુધર્માસભાના દક્ષિણ દ્વારે આવીને તેની અર્ચા કરે છે. પછી દક્ષિણ દ્વારથી નીકળે



છે. અહીંથી આગળ જેમ સિદ્ધાયતનથી નીકળી દક્ષિણ દ્વારાદિના દક્ષિણ નંદા પુષ્કરિણી સુધી ફરી પણ પ્રવેશીને ઉત્તરનંદા પુષ્કરિણી આદિ ઉત્તરનું દ્વાર અંત સુધી. પછી બીજા દ્વારથી નીકળીને પૂર્વદ્વારાદિ, પૂર્વ નંદા પુષ્કરિણી સુધી અર્ચનિકા કહેવી. તે જ સુધર્માસભાની અન્યૂન-અતિરિક્ત વક્તવ્યતા છે.

પછી પૂર્વ નંદાપુષ્કરિણીમાં અર્ચનિકા કરીને ઉપપાત સભામાં પૂર્વ દ્વારથી પ્રવેશે છે, પ્રવેશીને મણિપીઠિકાના દેવશયનીયની, ત્યારપછી બહુ મધ્યદેશ ભાગે પૂર્વવત્ અર્ચનિકા કરે છે. પછી દક્ષિણ દ્વારે આવીને તેની અર્ચનિકા કરે છે. આગળ સિદ્ધાયતન વત્ દક્ષિણ દ્વારાદિક પૂર્વ નંદા પુષ્કરિણી સુધીની અર્ચનિકા કહી, પછી પૂર્વ નંદાપુષ્કરિણીથી આગળ દ્રહે આવીને પૂર્વવત્ તોરણ અર્ચનિકા કરે છે. પછી પૂર્વના દ્વારથી અભિષેક સભામાં પ્રવેશે છે. પ્રવેશીને મણિપીઠિકાના સિંહાસન, અભિષેક ભાંડ અને બહુમધ્ય દેશ ભાગના ક્રમથી પૂર્વવત્ અર્ચનિકા કરે છે પછી અહીં પણ સિદ્ધાયતનવત્ દક્ષિણદ્વારાદિક પૂર્વ નંદાપુષ્કરિણી સુધીની અર્ચનિકા કહેવી. પછી ત્યાંથી પૂર્વ દ્વારથી અલંકારિક સભામાં પ્રવેશે છે. મણિપીઠિકાના સિંહાસનના બહુમધ્યદેશભાગના ક્રમથી પૂર્વવત્ અર્ચનિકા કરે છે.

ત્યાં પણ ક્રમથી સિદ્ધાયતનવત્ દક્ષિણ દ્વારાદિક પૂર્વ નંદા પુષ્કરિણી સુધી અર્ચનિકા કહેવી. પછી પૂર્વનંદાપુષ્કરિણીથી પૂર્વ દ્વારથી વ્યવસાયસભામાં પ્રવેશે છે. પુસ્તક રત્નને મોરપીંછીથી પ્રમાર્જીને આગળ જળધારાથી સીંચી, ચંદનથી ચર્ચીને, શ્રેષ્ઠગંધ માળાથી રચીને પુષ્પાદિ આરોપીને ધૂપદાન કરે છે. મણિપીઠિકાના સિંહાસનના બહુ મધ્યદેશ ભાગના ક્રમથી પૂર્વવત્ અર્ચનિકા કરે છે. ત્યારપછી અહીં પણ સિદ્ધાયતનવત્ દક્ષિણ દ્વારાદિક પૂર્વનંદા પુષ્કરિણી સુધી અર્ચનિકા કહેવી. પછી પૂર્વ નંદા પુષ્કરિણીથી બલિપીઠે આવીને તેના બહુ મધ્યદેશભાગવત્ અર્ચા કરે છે. પછી આભિયોગિક દેવોને બોલાવીને આમ કહ્યું — તે સુગમ છે.

શ્રૃંગાટક આકૃતિ પથયુક્ત ત્રિકોણ સ્થાન. ત્રિક-જ્યાં ત્રણ માર્ગો મળે છે. ચતુષ્ક-ચાર પથયુક્ત, ચત્વર-ઘણાં માર્ગો મળતા હોય. ચતુર્મુખ - જ્યાંથી ચારે દિશામાં માર્ગ નીકળે છે. મહાપથ-રાજપથ, બાકી સામાન્ય પંથ. અટ્ટાલક-પ્રાકારની ઉપર ભૃત્યાશ્રય વિશેષ. ચરિકા-આઠ હાથ પ્રમાણ નગર-પ્રાકારનો મધ્યનો માર્ગ - દ્વાર - પ્રાસાદાદિના ગોપુર-પ્રાકાર દ્વાર. તોરણ-દ્વારાદિ સંબંધી. આરામ-જ્યાં માધવીલતા ગૃહાદિમાં દંપતી રમણ કરે છે. ઉદ્યાન-પુષ્પાદિમય વૃક્ષ સંકુલ, જ્યાં ઘણાં લોકો આવે. કાનન-સામાન્ય વૃક્ષવૃંદ જે નગરની નીકટ હોય, જો દૂર હોય તો વન કહેવાય. અનેકજાતિક ઉત્તમ વૃક્ષ સમૂહ તે વનખંડ.

સૂર્યાભદેવ બલિપીઠે બલિવિસર્જન કરે છે. કરીને ઉત્તરપૂર્વા નંદા પુષ્કરિણીને અનુપ્રદક્ષિણા કરતા પૂર્વ તોરણેથી પ્રવેશી હાથ-પગ ધોઈને, પુષ્કરિણીથી બહાર આવી યાવત્ સિંહાસને બેઠો.

- **સૂત્ર-૪૫ :-**

***ત્યારપછી તે સૂર્યાભદેવની પશ્ચિમોત્તર અને ઉત્તરપૂર્વ દિશામાં સ્થાપિત***

*૪૦૦૦ ભદ્રાસનો ઉપર ૪૦૦૦ સામાનિક દેવો બેઠા. પછી સૂર્યાભદેવની પૂર્વ દિશામાં ચાર અગ્રમહિષીઓ ચાર ભદ્રાસનોમાં બેઠી. પછી સૂર્યાભ દેવની દક્ષિણ-પૂર્વે અભ્યંતર પર્ષદાના ૮૦૦૦ દેવો, ૮૦૦૦ ભદ્રાસનોમાં બેઠા. પછી સૂર્યાભદેવની દક્ષિણે મધ્યમ પર્ષદાના ૧૦,૦૦૦ દેવો, ૧૦,૦૦૦ ભદ્રાસનોમાં બેઠા. ત્યારપછી તે સૂર્યાભદેવની દક્ષિણ-પશ્ચિમે બાહ્ય પર્ષદાના ૧૨,૦૦૦ દેવો ૧૨,૦૦૦ ભદ્રાસનોમાં બેઠા. પછી તે સૂર્યાભદેવની પશ્ચિમે સાત અનિકાધિપતિઓ સાત ભદ્રાસનોમા બેઠા.*

*ત્યારપછી તે સૂર્યાભદેવની ચારે દિશામાં ૧૬,૦૦૦ આત્મરક્ષક દેવો ૧૬,૦૦૦ સીંહાસનોમાં બેઠા. તે આ રીતે – પૂર્વમાં ૪૦૦૦, દક્ષિણમાં-૪૦૦૦, પશ્ચિમમાં-૪૦૦૦, ઉત્તરમાં-૪૦૦૦. તે આત્મરક્ષકો સન્નદ્ધ-બદ્ધ-વર્મિત કવચવાળા, શરાસન પટ્ટિકાયુક્ત, ગ્રૈવેયક પહેરેલા, બદ્ધ-આવિદ્ધ વિમલવર ચિંધપટ્ટવાળા, ગૃહિત આયુધ-પ્રહરણ, ત્રણ સ્થાને નમેલ, ત્રિસંધિક, વજ્રમય કોડી-ધનૂષ્ લઈને, પર્યાપ્ત કાંડ કલાપ, નીલ-પીત-રક્ત પ્રભાવાળા ધનુષ્-ચારુ-ચર્મ-દંડ-ખડ્ગ-પાશને હાથમાં લઈને, નીલ-પીન-રક્ત-ચાપ-ચારુ-ચર્મ દંડ-ખડ્ગ-પાશ ધારણ કરેલ, આત્મરક્ષક, રક્ષા ઉપગત, ગુપ્ત-ગુપ્તપાલિત, યુક્ત-યુક્તપાલિત, દરેકે દરેક વિનયપૂર્વક પોતાની આચાર-મર્યાદા મુજબ સેવક થઈને રહ્યા છે.*

● વિવેચન-૪૫ :-

પૂર્વે દર્શાવિલ સિંહાસન ક્રમથી સામાનિકાદિ બેસે છે. તે આત્મરક્ષકો સન્નદ્ધ-બદ્ધ-વર્મિત કવચવાળા, શરાસનપટ્ટિકા બાંધેલ, ગ્રૈવેયક આભરણ પહેરેલા, વિમલવર ચિહ્નપટ્ટ પહેરેલા, આયુધ અને પ્રહરણ ગ્રહણ કરેલ, આદિ-મધ્યમ-અંતે નમેલ, આ ત્રણેમાં સંધિભાવથી, વજ્રમય કોટી ધનૂષ લઈને, વિચિત્ર કાંડ કલાપના યોગથી- જેના હાથમાં નીલકાંડ કલાપ છે તે, એ રીતે પીળા અને લાલ પણ જાણવા. જેના હાથમાં ચાપ, ચારુ-પ્રહરણ વિશેષ, અંગુઠા અને અંગુલી આચ્છાદન રૂપ ચર્મ, એ રીતે દંડપાણી, ખડ્ગપાણી, પાશપાણી. યથાયોગ નીલ-પીત-રક્ત-ચાપ-ચારુ-ચર્મ-દંડ-ખડ્ગ-પાશ ધારક આત્મરક્ષક દેવો રક્ષાને કરે છે. તે એકચિત્તપણે, તેમાં પરાયણ વર્તે છે તે રક્ષોપગા, ગુપ્ત પણ સ્વાતિભેદકારી નહીં. ગુપ્ત-બીજાને અપ્રવેશ્ય. પાલિ-સેતુ જેમાં છે તે ગુપ્તપાલિકા. યુક્ત-સેવકના ગુણોથી યુક્ત. યુક્ત-પરસ્પર બદ્ધ. જે પાલિમાં બૃહત્ અંતર નથી તે યુક્ત પાલિકા, સમય-આચાર. કિંકર - તે ખરેખર કિંકર નથી, તેમના પણ પૃથક્ આસન હોવાથી, પરંતુ તેઓ નિજાચાર પરિપાલનથી, વિનિતપણે તથારૂપે રહે છે. - x -

● સૂત્ર-૪૬,૪૭ :-

*[૪૬] ભગવન્ ! સૂર્યાભદેવની કેટલા કાળની સ્થિતિ કહી છે ? ગૌતમ ! ચાર પલ્યોપમ. ભગવન્ ! સૂર્યાભદેવના સામાનિક પર્ષદામાં ઉત્પન્ન દેવની કેટલા કાળની સ્થિતિ છે ? ગૌતમ ! ચાર પલ્યોપમ તે સૂર્યાભદેવ મહાઋદ્ધિ, મહાદ્યુતિ, મહાબલ, મહાયશ, મહાસૌખ્ય, મહાપ્રભાવવાળો છે. - - અહો ભદંત ! તે સૂર્યાભદેવ આવો મહા ઋદ્ધિક યાવત્ મહાનુભાગ છે.*



*[૪૭] ભગવન્ ! સૂર્યાભદેવે તે દિવ્ય-દેવઋદ્ધિ, દેવદ્યુતિ, દેવાનુભાગ કઈ રીતે લબ્ધ-પ્રાપ્ત-અભિમુખ કરી ? તે પૂર્વભવે કોણ હતો ? શું નામ કે શું ગોત્ર હતું ? ક્યાં ગામ યાવત્ સંનિવેશનો હતો ? શું દઈને કે ખાઈને, શું કરીને કે આચરીને ? કેવા તથારૂપ શ્રમણ કે બ્રાહ્મણની પાસે એક પણ આર્ય ધાર્મિક સુવચનને સાંભળીને કે અવધારીને સૂર્યાભદેવે તે દિવ્ય દેવર્દ્ધિ યાવત્ દેવાનુભાવને લબ્ધ-પ્રાપ્ત કે અભિ સન્મુખ કરી ?*

● વિવેચન-૪૬,૪૭ :-

સૂર્યાભદેવની સ્થિતિ આદિના સૂત્રો સુગમ છે...બુદ્ધિ આદિ ગુણોને ગ્રસે તે અથવા શાસ્ત્રપ્રસિદ્ધ અઢાર કર જેમાં છે તે ગામ. જેમાં કર વિદ્યમાન નથી તે નગર. નિગમ-પ્રભૂતતર વણિક્ વર્ગનો આવાસ. રાજાધિષ્ઠાન નગર તે રાજધાની. ધૂળ પ્રાકારનિબદ્ધ-ખેટ. ક્ષુલ્લક પ્રાકાર વેષ્ટિત તે કર્બટ, મંડપ - અર્ધા ગાવના અંતરયુક્ત. ગ્રામાંતર રહિત. પટ્ટન-જળ સ્થળ નિર્ગમ પ્રવેશ. - x - દ્રોણ મુખ-જળ નિર્ગમ પ્રવેશ. સન્નિવેશ-તથાવિધ સામાન્ય લોકનો નિવાશ.

શું અશનાદિ દાન દઈને ? અંતઃપ્રાંતાદિ ખાઈને ? તપ, શુભધ્યાનાદિ કરીને ? પ્રત્યુપેક્ષા-પ્રમાર્જનાદિ આચરીને.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**સૂર્યાભદેવ પ્રકરણનો ટીકા-સહિત અનુવાદ પૂર્ણ**

● સૂત્ર-૪૮ :-

*ગૌતમને આમંત્રીને શ્રમણ ભગવન્ મહાવીરે ગૌતમ સ્વામીને આ પ્રમાણે કહ્યું — હે ગૌતમ ! તે કાળે, તે સમયે આ જ જંબૂદ્વીપ દ્વીપના ભરતક્ષેત્રમાં કૈકયાર્દ્ધ નામે જનપદ ઋદ્ધ-સ્તિમિત-સમૃદ્ધ હતું. તે કૈકયાર્દ્ધ જનપદમાં સેયવિયા નામે ઋદ્ધ-સ્તિમિત-સમૃદ્ધ યાવત્ પ્રતિરૂપ નગરી હતી. તે નગરીની બહાર ઈશાન દિશામાં એક મૃગવન નામે ઉધાન હતું. તે રમ્ય, નંદનવન સમાન, સર્વ ઋતુક ફળથી સમૃદ્ધ, શુભ-સુરભી-શીતલ છાયાથી સમનુબદ્ધ, પ્રાસાદિય યાવત્ પ્રતિરૂપ હતું.*

*તે સેયવિયા નગરીમાં પ્રદેશી નામક રાજા હતો. તે મહા હિમવંત યાવત્ વિચરતો હતો. તે અધાર્મિક, અધર્મીષ્ઠ, અધર્મખ્યાતિ, અધર્માનુગ, અધર્મપ્રલોકી, અધર્મપ્રજનક, અધર્મશીલ-સમુદાચાર, અધર્મથી જ વૃત્તિ કરનારો, “હણ-છિંદ-ભિંદ” એવી આજ્ઞા કરતો, ચંડ-રુદ્ર-ક્ષુદ્ર-લોહિતપાણી-સાહસીક-ઉત્કંચન વંચન માયા નિકૃતિ કૂડ કપટ સાતિ સંપ્રયોગ-બહુલ, નિઃશીલ, નિર્વ્રત, નિર્ગુણ, નિર્મર્યાદ, નિષ્પ્રત્યાખ્યાનપૌષધોપવાસ, ઘણાં જ દ્વિપદ-ચતુષ્પદ-મૃગ-પશુ-પક્ષી-સરીસૃપોના ઘાત-વધ-ઉચ્છેદનમાં અધર્મકેતુ હતો. ઉભો થઈને ગુરુનો આદર ન કરતો, વિનય ન કરતો, જનપદનો પ્રજાજનોથી રાજ કર લઈને પણ તેનું સમ્યક્ પાલન ન કરનાર હતો.*

● વિવેચન-૪૮ :-

કેકયીનો અર્દ્ધ-અડધો દેશ જ આર્ય છે. તે પરિપૂર્ણ જનપદ છે. અર્દ્ધો આર્ય અને અર્દ્ધ અનાર્ય છે. તેથી અર્દ્ધ કેકયી કહ્યું. અર્વર્તુક - સર્વ ઋતુમાં થનાર પુષ્પ અને ફળથી સમૃદ્ધિવાળુ રમ્ય-રમણીય, નંદનવન સમ. - x - પ્રાસાદીય ઈત્યાદિ ચાર પદ પૂર્વવત્.

મહયા હિમવંત આદિ રાજ વર્ણન પૂર્વવત્. અધાર્મિક-ધર્મથી ન વિચરનાર. અધર્મિષ્ઠ - અતિશય અધર્મવાળો. તેથી જ અધર્મ વડે ખ્યાતિવાળો. અધર્મની પાછળ જનાર, તે અધર્માનુગ. અધર્મ જ પરિભાવિત થવાના આચારવાળો તે અધર્મપ્રલોકી. અધર્મને પ્રકર્ષથી ઉત્પાદન કરનાર તે અધર્મપ્રજનન. “ધર્મનો અભાવ હોવાથી ધર્મથી કંઈ થતું નથી” તે અધર્મશીલ સમુદાચાર. અધર્મથી વૃત્તિ કરનાર.

હણો, છેદો, ભેદો એમ પ્રવર્તન કરનાર. તેથી જ મારીને હાથને ન ધોવાથી લોહિતપાણિ. તેથી જ પાપકર્માકારિત્વથી પાપી. ચંડતીવ્ર કોપના આવેશથી. રૌદ્ર-નૃશંસકર્મકારીત્વથી. સાહસિક-પરલોક ભયના અભાવથી. હીનગુણના ઉર્ધ્વ-ગુણોત્કર્ષ પ્રતિપાદન તે ઉત્કંચન, વંચન-છેતરવું, માયા-પરવંચન બુદ્ધિ, નિકૃતિ-બક વૃત્તિથી ગલકર્તકની જેમ અવસ્થાન. કૂટ - અનેક મૃગાદિના ગ્રહણ માટે વિવિધ પ્રયોગ કરવા તે. કપટ - વસ્ત્ર અને ભાષાને વિપરીત કરવા. આ ઉત્કંચન આદિ વડે અતિશય સહિત જે સંપ્રયોગ, તેની બહુલતા અથવા સાતિ સંપ્રયોગ નામક જે સાતિશયથી કસ્તૂરી આદિ દ્રવ્યમાં બીજું ભેળવવું. - x - x - તે સંપ્રયોગબહુલ.



બીજા આ રીતે વ્યાખ્યા કરે છે —

ઉત્કંચન - ઉત્કોચા, નિકૃતિ - વંચન પ્રચ્છાદન કર્મ, સાતિ-વિશ્રંભ, આ સંપ્રયોગ બહુલ. બાકી પૂર્વવત્. નિઃશીલ-બ્રહ્મચર્ય પરિણામના અભાવથી. નિર્વ્રત - હિંસાદિ વિરતિના અભાવથી નિર્ગુણ-ક્ષાંત્યાદિ ગુણના અભાવથી, નિર્મર્યાદ-પરસ્ત્રી પરિહારાદિ મર્યાદાના વિલોપિત્વથી. નિષ્પ્રત્યાખ્યાન પોષધોપવાસ - પ્રત્યાખ્યાન પરિણામ પર્વ દિવસ ઉપવાસ પરિણામના અભાવથી. ઘણાં દ્વિપદ આદિના વિનાશ માટે, તાડન માટે, નિર્મૂલાભાવિ કરણને માટે અધર્મરૂપ ગ્રહ વિશેષ સમાન સમુત્થિત. ગુરુ-પિતા આદિને આવતા જોઈને ઉભો ન થાય, સામે ન જાય. વિનય ન કરે. ઈત્યાદિ - x -

● સૂત્ર-૪૯,૫૦ :-

*[૪૯] તે પ્રદેશી રાજાને સૂર્યકાંતા નામે રાણી હતી. તે સુકુમાલ હાથ-પગવાળી ઈત્યાદિ ધારિણીવત્ વર્ણન કરવું. તેણી પ્રદેશી રાજાની સાથે અનુરક્ત, અવિરક્ત, ઈષ્ટ શબ્દાદિથી વિચરતી હતી.*

*[૫૦] તે પ્રદેશી રાજાનો જ્યેષ્ઠ પુત્ર અને સૂર્યકાંતા દેવીનો આત્મજ સૂર્યકાંત નામે પુત્ર હતો. તે સુકુમાલ હાથ-પગવાળો યાવત્ પ્રતિરૂપ હતો. તે સૂર્યકાંત કુમાર યુવરાજ થયો. તે પ્રદેશી રાજાના રાજ્ય, રાષ્ટ્ર, બલ, વાહન, કોશ, કોષ્ઠાગાર, અંતઃપુર, જનપદને સ્વયંજ દેખભાળ કરતો વિચરતો હતો.*

● વિવેચન-૪૯,૫૦ :-

સૂર્યકાંતા દેવીનું વર્ણન પૂર્વવત્. પ્રદેશી રાજા સાથે અનુરક્ત, અવિરક્ત-કંઈક વિપ્રિય કરવા છતાં વિરાગનો અભાવ. કુમાર વર્ણન - સુકુમાલ હાથ-પગ, અહીન પંચેન્દ્રિય શરીરી, લક્ષણ-વ્યંજન-ગુણોથી યુક્ત, માન-ઉન્માન-પ્રમાણ પ્રતિપૂર્ણ, સુજાત સર્વાંગ સુંદરંગ, શશિ સૌમ્યાકાર, કાંત, પ્રિયદર્શન, સુરૂપ. - x - તે સૂર્યકાંત કુમાર યુવરાજ થયો. પ્રદેશી રાજાના રાજ્ય-રાષ્ટ્રાદિ સમુદાયાત્મક, રાષ્ટ્ર-જનપદ, બલ-સૈન્ય, વાહન, કોશ-ભાંડાગાર, કોષ્ઠાગાર-ધાન્ય ગૃહ, નગર અને અંતઃપુરને સ્વયં જ દેખરેખ કરતો હતો.

● સૂત્ર-૫૧ :-

*તે પ્રદેશી રાજાનો મોટો ભાઈ અને મિત્ર સમાન ‘ચિત્ત’ નામે સારથી હતો. તે આઢ્ય યાવત્ ઘણાં લોકોથી અપરિભૂત, શામ-દંડ-ભેદ-ઉપપ્રદાન, અર્થશાસ્ત્ર-ઈહા મતિ વિશારદ, ઔત્પાતિકી-વૈનયિકી-કર્મજા-પારિણામિકી એ ચતુર્વિધ બુદ્ધિથી યુક્ત હતો. પ્રદેશી રાજાના ઘણાં કાર્યો, કારણો, કુટુંબ, મંત્ર, ગુહ્ય, રહસ્ય, વ્યવહાર, નિશ્ચયમાં પૂછવા યોગ્ય, મેઢી, પ્રમાણ, આધાર, આલંબન, ચક્ષુ, મેઢિભૂત, પ્રમાણભૂત, આધારભૂત, આલંબનભૂત, સર્વે સ્થાન - સર્વ ભૂમિકામાં લબ્ધપ્રત્યય, વિદિર્ણવિચાર, રાજ્યધુરાચિંતક હતો.*

● વિવેચન-૫૧ :-

આઢ્ય - સમૃદ્ધ, દીપ્ત-કાંતિમાન્, વિત્ત-ધનવાન્, વિપુલ ભવન શયન આસન યાન વાહનથી આકીર્ણ, ઘણાં દાસી-દાસ-ગાય-ભેંસ-ઘેટા આદિ ઘણાં ધન-ઘણાં

જાતરૂપ રજત, વિચ્છર્દિત પ્રચુર ભોજન-પાન આદિ લેવા. આની વ્યાખ્યા રાજવર્ણકવત્ ભાવવી. રાજ માન્યત્વથી અને સ્વયં જાત્યક્ષત્રિયત્વથી ઘણાં લોકથી અપરિભૂત. શામ, ભેદ, દંડ, ઉપપ્રદાન રૂપ નીતિ, અર્થશાસ્ત્ર-અર્થોપાયવ્યુત્પાદન ગ્રન્થની ઈહા-વિમર્શ, તત્પ્રધાન મતિમાં વિચક્ષણ.

ઔત્પાતિકી - અદૃષ્ટ, અશ્રુત, અનનુભૂત વિષય અકસ્માત થનારી, વૈનયિકી - વિનયથી પ્રાપ્ત શાસ્ત્રાર્થ સંસ્કારજન્ય બુદ્ધિ કર્મજા-કૃષિ, વાણિજ્યાદિ કર્મથી પ્રભવેલ. પારિણામિકી - પ્રાયઃ વયવિપાક જન્ય. આવી ચર્તુવિધ બુદ્ધિથી યુક્ત, પ્રદેશી રાજાના ઘમાં કાર્ય-કર્તવ્ય, કારણ-કર્તવ્યોપાય, સ્વ-પર વિષયભૂત કુટુંબમાં, મંત્ર-રાજ્યાદિ ચિંતારૂપ. ગુહ્ય-બહારના લોકોને અપ્રકાશનીય, રહસ્ય, નિશ્ચય-અવશ્ય કરણીય કર્તવ્ય વિશેષ, વ્યવહાર-આહ્વાન, વિસર્જન આદિરૂપ, એક વખત પૂછવું, અનેક વખત પૂછવું.

મેઢી-ખલક મધ્યવર્તી સ્થૂણા જેમાં નિયમિત ગો પંક્તિ, ધાન્યને ગ્રહણ કરે છે, તેની જેમ જેને આલંબીને સર્વ મંત્રી મંડળ મંત્રણીય અર્થોને ધાન્યની જેમ જુદું પાડે છે. તે મેઢી. પ્રમાણ-પ્રત્યક્ષાદિ, - x - તેમાં જ મંત્રીના પ્રવૃત્તિ-નિવૃત્તિભાવથી, આદાર-આધેયના સર્વ કાર્યોમાં લોકોને ઉપકારીપણાથી. આલંબન-રજ્જુ આદિ, તેની જેમ આપત્તિમાં પડેલને નિસ્તારકત્વથી. ચક્ષુ-લોચન, તેની જેમ લોકોના વિવિધ કાર્યોમાં પ્રવૃત્તિ-નિવૃત્તિ વિષય દર્શક. આ જ વસ્તુનો પ્રપંચ કરતા મેઢિભૂત આદિ કહ્યું. અહીં ભૂત શબ્દ ઉપમા અર્થમાં છે. ઈત્યાદિ - x - x - x -

**● સૂત્ર-૫૨ :-**

***તે કાળે, તે સમયે કુણાલા નામે ઋદ્ધ, સ્તિમિત, સમૃદ્ધ જનપદ હતું. તે કુણાલા જનપદમાં શ્રાવસ્તી નામે નગરી હતી. તે ઋદ્ધ-સ્તિમિત-સમૃદ્ધ યાવત્ પ્રતિરૂપ હતી. તે શ્રાવસ્તી નગરીની બહાર ઈશાન દિશાભાગમાં કોષ્ઠક નામે પુરાતન યાવત્ પ્રાસાદીય ચૈત્ય હતું. તે શ્રાવસ્તી નગરીમાં પ્રદેશી રાજાનો આજ્ઞાપાલક જિતશત્રુ નામે રાજા હતો. તે મહા હિમવંત યાવત્ વિચરતો હતો.***

***ત્યારે તે પ્રદેશી રાજાએ અન્ય કોઈ દિને મહાર્થ, મહાર્ઘ, મહાર્હ, વિપુલ, રાજાને યોગ્ય પ્રાભૃત તૈયાર કરાવ્યું. કરાવીને ચિત્ત સારથીને બોલાવ્યો, બોલાવીને આમ કહ્યું — જા, હે ચિત્ત ! તું શ્રાવસ્તીનગરી જઈ જિતશત્રુ રાજાને આ મહાર્થ યાવત્ પ્રાભૃત ભેંટ ધર. તેની સાથે રહીને સ્વયં ત્યાંના રાજા કાર્યો, રાજકૃત્યો, રાજનીતિ અને રાજવ્યવહાર જો, સાંભળ અને અનુભવ કરતો વિચર, એમ કહી વિદાય કર્યો.***

***ત્યારે તે ચિત્તસારથી, પ્રદેશી રાજાએ આમ કહેતા હર્ષિત થયો યાવત્ આજ્ઞા સ્વીકારી. તે મહાર્થ યાવત્ પ્રાભૃત લે છે. પ્રદેશીરાજા પાસેથી યાવત્ નીકળ્યો. નીકળીને સેયવિયાનગરીની વચ્ચોવચ્ચથી, પોતાના ઘેરથી નીકળ્યો, નીકળીને તે મહાર્થ યાવત્ પ્રાભૃત સ્થાપે છે. કૌટુંબિક પુરુષોને બોલાવીને આ પ્રમાણે કહ્યું—***



***ઓ દેવાનુપ્રિયો ! જલ્દીથી છત્રસહિત યાવત્ ચાતુર્ઘંટ અશ્વરથ જોડીને ઉપસ્થિત કરો યાવત્ મારી આજ્ઞા પાછી સોંપો. ત્યારે તે કૌટુંબિક પુરુષો તે પ્રમાણે આજ્ઞા સ્વીકારી, જલ્દીથી છત્રસહિત યાવત્ યુદ્ધ સજ્જ ચાતુર્ઘંટ અશ્વરથ જોડીને ઉપસ્થિત કર્યો. તેની આજ્ઞા પાછી સોંપી. ત્યારે તે ચિત્તસારથી કૌટુંબિક પુરુષો પાસે આ વૃત્તાંત સાંભળી યાવત્ વૃત્તાંત સાંભળી યાવત્ વિકસિત હૃદયી થઈ, બલિકર્મ કર્યું. કૌતુક-મંગલ-પ્રાયશ્ચિત્ત કર્યા. સન્નદ્ધ-બદ્ધ-વર્મિત કવચ થઈ, શરાસન પટ્ટિકા બાંધી, ગ્રૈવેયક પહેર્યું. વિમલવર ચિંધપટ્ટથી બદ્ધ આવિદ્ધ થયો. આયુધ પ્રહરણ ગૃહિત કર્યા. તે મહાર્થ યાવત્ પ્રાભૃત લીધું.***

***લઈને જે ચાતુર્ઘંટ અશ્વરથ પાસે આવ્યો, આવીને ચાતુર્ઘંટ અશ્વરથે આરૂઢ થયો. ઘણાં સન્નદ્ધ પુરુષો સાથે યાવત્ આયુધ-પ્રહરણ ગ્રહિત સાથે સંપરિવૃત્ત થઈ કોરંટ માલ્યદામથી યુક્ત છત્ર ધારણ કરેલ, મહાન્ સુભટ ચટકર પથકર વૃંદથી પરિક્ષિપ્ત થઈ પોતાના ઘેરથી નીકળે છે. સેયવિયા નગરીની વચ્ચોવચ્ચથી નીકળે છે. નીકળીને સુખે વાસ કરતો, પ્રાતઃરાશપૂર્વક, અતિવિકૃષ્ટ અંતરે વાસમાં ન વસતો, કેકય અર્ધ જનપદની વચ્ચોવચ્ચથી કુણાલા જનપદની જે શ્રાવસ્તી નગરી છે, ત્યાં આવ્યો.***

***પછી શ્રાવસ્તીનગરની વચ્ચોવચ્ચથી પ્રવેશે છે. પછી જિતશત્રુ રાજાનું ગૃહ, જ્યાં બાહ્ય ઉપસ્થાનશાળા છે, ત્યાં આવે છે. આવીને ઘોડાને રોકે છે. રોકીને રથને સ્થાપે છે. રથથી નીચે ઉતરે છે. તે મહાર્થ યાવત્ પ્રાભૃત લે છે. લઈને અભ્યંતર ઉપસ્થાન શાલામાં જિતશત્રુરાજા હતો, ત્યાં આવે છે. આવીને જિતશત્રુ રાજાને બે હાથ જોડીને યાવત્ જય-વિજયથી વધાવી તે ભેંટણું આપે છે.***

***ત્યારપછી તે જિતશત્રુરાજા ચિત્ત સારથીના તે મહાર્થ યાવત્ પ્રાભૃતને સ્વીકારે છે. પછી ચિત્ત સારથીને સત્કારે-સન્માને છે, પછી વિસર્જિત કરી રાજમાર્ગમાં અવગાઢ આવાસ આપે છે. ત્યારે તે ચિત્તસારથી વિસર્જિત થઈને જિતશત્રુરાજાની પાસેથી નીકળે છે. નીકળીને જે બાહ્ય ઉપસ્થાન શાળામાં જ્યાં ચાતુર્ઘંટ અશ્વરથ છે, ત્યાં આવીને ચાતુર્ઘંટ અશ્વરથમાં આરૂઢ થઈ, શ્રાવસ્તી નગરીની વચ્ચોવચ્ચથી રાજમાર્ગે અવગાઢ આવાસે પહોંચે છે. પછી ઘોડાઓને રોકે છે, રોકીને રથને સ્થાપે છે. રથથી ઉતરે છે. સ્નાન કરી, બલિકર્મ કરી, કૌતુક-મંગલ-પ્રાયશ્ચિત્ત કરી, શુદ્ધ પ્રાવેશ્ય મંગલ પ્રવર વસ્ત્રોને પહેર્યા. અલ્પ પણ મહાર્ઘ આભરણથી શરીર અલંકૃત્ કર્યુ. ભોજનાદિ કરીને ત્રીજા પ્રહરે ગંધર્વો, નર્તકો, નાટ્યકારોના સંગીત, નૃત્ય, નાટ્યાભિનયોને સાંભળતા-જોતાં, ઈષ્ટ શબ્દ-સ્પર્શ-રસ-રૂપ અને ગંધમૂલક મનુષ્ય સંબંધી કામભોગોને ભોગવતો વિચરવા લાગ્યો.***

**● વિવેચન-૫૨ :-**

અંતેવાસી - સમીપે વસનાર, શિષ્ય. શિષ્ય માફક સમ્યગ્ આજ્ઞાપાલક. કવચ - તનુત્રાણ, વર્મ્મ - લોઢાના બખ્તરરૂપ. સન્નદ્ધશરીરે આરોપણથી. બદ્ધ - ગાઢતર બંધનથી બંધનથી. ઉત્પીડિત-ગાઢ કરેલ, શર ફેંકાય છે, જેમાં તે શરાસન-ઇષુધિ,

તેની પટ્ટિકા, ગ્રૈવેયક-ડોકનું આભરણ, - x - જેના વડે આયુધ થાય તે આયુધ-ખેટક આદિ, પ્રહરણ-અસિ, કુંત આદિ ગ્રહણ કરેલ આયુધ અને પ્રહરણ.

● સૂત્ર-૫૩ :-

*તે કાળે, તે સમયે પાર્શ્વાપત્ય કેશી નામે કુમારશ્રમણ, જે જાતિ-કુળ-બલ-રૂપ-વિનય-જ્ઞાન-દર્શન-ચારિત્ર-લજ્જા-લાઘવ અને લજ્જાલાઘવ સંપન્ન, ઓજસ્વી, તેજસ્વી, વર્ચસ્વી, યશસ્વી, ક્રોધ-માન-માયા-લોભ-નિદ્રા-ઈન્દ્રિય અને પરીષહને જિતેલ, જીવિતાશા અને મરણભયથી વિમુક્ત, વ્રત-ગુણ-કરણ-ચરણ-નિગ્રહ-આર્જવ-માર્દવ-લાઘવ-ક્ષાંતિ-મુક્તિ-બ્રહ્મ-નય-નિયમ-સત્ય-શૌચ-જ્ઞાન-દર્શન અને ચારિત્ર પ્રધાન, ચૌદપૂર્વી, ચાર જ્ઞાનોપગત, ૫૦૦ સાધુ સાથે પરિવરીને પૂર્વાનુપૂર્વી વિચરતા, ગ્રામાનુગ્રામ જતાં, સુખે-સુખે વિહાર કરતા શ્રાવસ્તી નગરીના કોષ્ઠક ચૈત્યે આવ્યા. આવીને શ્રાવસ્તી નગરીની બહાર કોષ્ઠક ચૈત્યમાં યથાપ્રતિરૂપ અવગ્રહને અવગ્રહીને સંયમ અને તપથી પોતાના આત્માને ભાવિત કરતા વિચરે છે.*

● વિવેચન-૫૩ :-

જાતિસંપન્ન-ઉત્તમ માતૃપક્ષ યુક્ત. - x - x - કુળસંપન્ન ઉત્તમ પિતૃપક્ષથી યુક્ત. બલ-સંહનન વિશેષ સમુત્થ પ્રાણ. રૂપ-અનુપમ શરીરસૌંદર્ય. - x - લાઘવ-દ્રવ્યથી અલ્પ ઉપધિત્વ, ભાવથી ત્રણ ગૌરવનો ત્યાગ. લજ્જા-મનો, વાક્, કાય સંયમ, ઓજસ્વી-માનસિક અવષ્ટંભવાન. તેજસ્વી-શરીરપ્રભાયુક્ત, વચસ્વી-સૌભાગ્યાદિ યુક્ત વચનવાળો. - x - ક્રોધ આદિનો જય એટલે ઉદય પ્રાપ્ત ક્રોધાદિને વિફળ કરવા. તપ વડે શેષ મુનિજનની અપેક્ષાએ પ્રધાન કે ઉત્તમ તે. ગુણ-સંયમ ગુણ. આ બંને વિશેષણ - તપ અને સંયમમાં જૂના કે નવા કર્મોની નિર્જરા, મોક્ષ સાધનમાં મુમુક્ષુને ઉપાદેય બતાવ્યું.

ગુણપ્રાધાન્ય પ્રપંચન અર્થે કહે છે — કરણપ્રધાન, करण - પિંડ વિશુદ્ધિ આદિ, કહ્યું છે — પિંડ વિશુદ્ધિ, સમિતી, ભાવના, પ્રતિમા અને ઈન્દ્રિય નિરોધ, પડિલેહણ-ગુપ્તિ-અભિગ્રહ તે કરણ. चरण - મહાવ્રતાદિ. કહ્યું છે — વ્રત, શ્રમણ ધર્મ, સંયમ, વૈયાવચ્ચ, બ્રહ્મચર્યગુપ્તિ, જ્ઞાનાદિત્રિક, તપ, ક્રોધ નિગ્રહ તે ચારિત્ર છે. તેમાં નિગ્રહ-અનાચારપ્રવૃત્તિ નિષેધ. નિશ્ચય-તત્ત્વનિર્ણય અથવા વિહિત અનુષ્ઠાનોનો સ્વીકાર. આર્જવ - માયા નિગ્રહ, લાઘવ - ક્રિયામાં દક્ષત્વ, ક્ષાંતિ - ક્રોધ નિગ્રહ, ગુપ્તિ-મનોગુપ્તિ આદિ, મુક્તિ-નિર્લોભતા વિદ્યા-પ્રજ્ઞપ્તિ આદિ દેવતા અધિષ્ઠિત વર્ણાનુપૂર્વી. મંત્ર-દેવતા અધિષ્ઠિત અથવા સસાધના વિદ્યા સાધન રહિત. બ્રહ્મચર્ય-બસ્તિ નિરોધ અથવા કુશલ અનુષ્ઠાન. વેદ-લૌકિક લોકોત્તર આગમ. નય-નૈગમાદિ સાત. નિયમ-વિચિત્ર અભિગ્રહ. સત્ય-પ્રાણીને હિતકર વચન. શૌચ-દ્રવ્યથી નિર્લેપતા, ભાવથી અનવદ્ય સમાચરણ.

જ્ઞાન-મતિ આદિ, દર્શન-સમ્યકત્વ, ચારિત્ર-બાહ્ય સત્ અનુષ્ઠાન. જે આ ચરણ-કરણ ગ્રહણ છતાં આર્જવાદિ ગ્રહણ છે, તે આર્જવાદિના પ્રાધાન્યને જણાવવા



માટે છે. જિતક્રોધાદિ અને આર્જવાદીમાં ભેદ શો છે ? જિતક્રોધાદિ વિશેષણ - તેના ઉદયને વિફળ કરણ અર્થે છે. માર્દવ પ્રધાનાદિ - કર્મના ઉદયના નિરોધાર્થે છે. - x - જ્ઞાનસંપન્ન ઈત્યાદિમાં જ્ઞાનાદિમત્ત્વમ્ અહીં કહ્યું. જ્ઞાનપ્રધાનાદિમાં તેનું પ્રાધાન્ય અન્યત્ર પુનરુક્તિ માનવી. ઉદાર, ઘોર ઈત્યાદિ પૂર્વવત્.

● સૂત્ર-૫૪ :-

*ત્યારે શ્રાવસ્તી નગરીના શ્રૃંગાટક, ત્રિક, ચતુષ્ક, ચત્વર, ચતુર્મુખ, મહાપથ-પથોમાં મહા જનશબ્દ, જનવ્યૂહ, જનકલકલ, જન બોલ, જનઉર્મી, જનઉત્કલિક, જન સંનિપાતિક યાવત્ પર્ષદા સેવે છે. ત્યારે તે ચિત્ત સારથી, તે મહા જનશબ્દ અને જન કલકલ સાંભળીને અને જોઈને આવા પ્રકારનો સંકલ્પ યાવત્ ઉત્પન્ન થયો શું આજે શ્રાવસ્તી નગરીમાં ઈન્દ્ર-સ્કંદ-રુદ્ર-મુકુંદ-નાગ-ભૂત-યક્ષ-સ્તૂપ-ચૈત્ય-વૃક્ષ-પર્વત-દરિ-અગડ-નદી-સરોવર કે સાગર મહોત્સવ છે ? જેથી આ ઘણાં ઉગ્ર, ભોગ, રાજન્ય, ઈક્ષ્વાકુ, ક્ષત્રિય, જ્ઞાત, કૌરવ્ય યાવત્ ઇભ્ય-ઇભ્યપુત્રો સ્નાન કરી, બલિકર્મ કરી જેમ ઉવવાઈમાં કહ્યું તેમ યાવત્ કોઈક ઘોડા ઉપર, કોઈક હાથી ઉપર, પગે ચાલતા મહા વૃંદાવૃંદોથી નીકળે છે.*

*આમ વિચારી કંચૂકી પુરુષને બોલાવીને કહ્યું કે — હે દેવાનુપ્રિય ! શું આજે શ્રાવસ્તીનગરીમાં ઈન્દ્ર યાવત્ સાગર મહોત્સવ છે, કે આ ઘણાં ઉગ્ર, ભોગાદિ લોકો જઈ રહ્યા છે ?*

*ત્યારે તે કંચુકી પુરુષે કેશીકુમાર શ્રમણના આગમનનો નિશ્ચય કરીને, ચિત્તસારથીને બે હાથ જોડી યાવત્ વધાવીને કહ્યું — હે દેવાનુપ્રિય ! આજે શ્રાવસ્તી નગરીમાં ઈન્દ્ર યાવત્ સાગર મહોત્સવ નથી, જેથી આ બધાં જઈ રહ્યા છે. પણ હે દેવાનુપ્રિય ! નિશ્ચે પાર્શ્વાપત્ય કેશી નામે કુમાર શ્રમણ, જાતિસંપન્ન યાવત્ વિચરતા અહીં આવેલ છે, યાવત્ વિચરે છે. તેથી આજે શ્રાવસ્તીનગરીમાં ઘણાં ઉગ્રો યાવત્ ઇભ્ય-ઇભ્યપુત્રોમાં કેટલાંક વંદન નિમિત્તે યાવત્ વૃંદમાં નીકળે છે.*

*ત્યારે તે ચિત્તસારથી, કંચુકી પુરુષ પાસે આ અર્થ સાંભળી, સમજી અતિ હર્ષિત યાવત્ હૃદયી થઈ, કૌટુંબિક પુરુષોને બોલાવે છે, બોલાવીને કહ્યું — દેવાનુપ્રિય ! જલ્દીથી ચાતુર્ઘંટ અશ્વરથ જોડીને લાવો યાવત્ છત્રસહિત ઉપસ્થિત કરો.*

*ત્યારપછી ચિત્તસારથીએ સ્નાન કર્યુ, બલિકર્મ કર્યુ, કૌતુક-મંગલ-પ્રાયશ્ચિત્ત કર્યા. શુદ્ધ-પ્રાવેશ્ય-મંગલ-પ્રવર વસ્ત્રો ધારણ કર્યા. અલ્પ-મહાર્ઘ આભરણથી શરીર અલંકૃત્ કરી, ચાતુર્ઘંટ અશ્વરથ પાસે આવ્યા. આવીને અશ્વરથમાં બેઠો. કોરંટપુષ્પની માળા સહિતનું છત્ર ધારણ કર્યુ. મોટા ભટ્ટ-ચટકર-વૃંદથી પરિક્ષિપ્ત થઈને શ્રાવસ્તી નગરીની વચ્ચોવચ્ચથી નીકળ્યો. નીકળીને કોષ્ઠક ચૈત્યમાં કેશીકુમાર શ્રમણ હતા, ત્યાં આવ્યો. આવીને કેશીકુમાર શ્રમણથી બહુ દૂર કે નીકટ નહીં, તેવા સ્થાને અશ્વો રોકી, રથ સ્થાપન કર્યો.*

*પછી રથમાંથી ઉતરીને કેશીકુમાર શ્રમણ પાસે આવ્યો, આવીને કેશીકુમારને ત્રણ વખત આદક્ષિણ-પ્રદક્ષિણા કરી, કરીને વંદન-નમસ્કાર કર્યા. પછી બહુ નીકટ કે દૂર નહીં તેવા સ્થાને શ્રવણની ઈચ્છાથી નમન કરવાપૂર્વક, અભિમુખ, અંજલી કરી રહ્યો.*

*ત્યારે કેશીકુમાર શ્રમણે ચિત્ત સારથી અને તે મહા-મોટી વિશાળ પર્ષદાને ચતુર્યામ ધર્મ કહ્યો — સર્વથા પ્રાણાતિપાત વિરમણ, સર્વથા મૃષાવાદ વિરમણ, સર્વથા અદત્તાદાન વિરમણ, સર્વથા બહિદ્ધાદાન વિરમણ. ત્યારે તે અતિવિશાળ મોટી પર્ષદાએ કેશીકુમાર શ્રમણની પાસે ધર્મ સાંભળી-સમજીને જે દિશાથી આવેલા તે જ દિશામાં પાછા ગયા. ત્યારે તે ચિત્ત સારથી કેશીકુમાર શ્રમણ પાસે ધર્મ સાંભળી, સમજીને હર્ષિત યાવત્ હૃદયી થઈ, ઉત્થાન વડે ઉઠે છે. ઉઠીને કેશીકુમારને ત્રણ વખત આદક્ષિણ-પ્રદક્ષિણા કરે છે. કરીને વંદન-નમસ્કાર કર્યા. પછી આમ કહ્યું —*

*ભગવન્ ! હું નિર્ગ્રન્થ પ્રવચનની શ્રદ્ધા કરું છું, પ્રીતિ કરું છે, રુચિ કરું છું. નિર્ગ્રન્થ પ્રવચન માટે અભ્યુત્થિત થયો છું. નિર્ગ્રન્થપ્રવચન એમ જ છે, તેમ જ છે, અવિતથ છે, અસંદિગ્ધ છે. આ અર્થ સત્ય છે, જેમ આપ કહો છો. એમ કહી, વાંદી-નમીને આમ કહ્યું —*

*જે રીતે આપ દેવાનુપ્રિયની પાસે ઘણાં ઉગ્રો, ભોગો યાવત્ ઇભ્ય-ઇભ્યપુત્રો, હિરણ્ય-સુવર્ણ-ધન-ધાન્ય-બલ-વાહન-કોશ-કોષ્ઠાગાર-પુર-અંતઃપુરનો ત્યાગ કરીને, વિપુલ ધન-કનક-રત્ન-મણિ-મોતી-શંખ-શિલા-પ્રવાલ-સંતસારરૂપ દ્રવ્યને વિતરિત કરી, વિગોપીત કરી, દાન દઈને, પરિભાગ કરીને, મુંડ થઈને, ઘરથી નીકળીને અનગારિક પ્રવ્રજ્યા લે છે. હું તેમ કરવા-હિરણ્યાદિનો ત્યાગ કરી યાવત્ પ્રવ્રજિત થવાને માટે સમર્થ નથી.*

*હું આપ દેવાનુપ્રિયની પાસે પાંચ અણુવ્રતિક અને સાત શિક્ષાવ્રતિક રૂપ બાર પ્રકારનો ગૃહસ્થ ધર્મ સ્વીકારીશ. - - દેવાનુપ્રિય ! સુખ ઉપજે તેમ કરો, પ્રતિબંધ ન કરો. ત્યારે ચિત્તસારથી, કેશીકુમાર શ્રમણ પાસે પંચાણુવ્રતિક યાવત્ ગૃહીધર્મ સ્વીકારીને વિચરે છે.*

*ત્યાર પછી તે ચિત્તસારથી કેશીકુમાર શ્રમણને વંદન-નમસ્કાર કરીને જ્યાં ચાતુર્ઘંટ અશ્વરથ છે, ત્યાં જવા ઉદ્યત્ થયો. ચાતુર્ઘંટ અશ્વરથમાં બેસી, જે દિશાથી આવેલ ત્યાં પાછો ગયો.*

**● વિવેચન-૫૪ :-**

મહાન્ જનશબ્દ, પરસ્પર આલાપાદિરૂપ. જનવ્યૂહ-જનસમુદાય, બોલ-અવ્યક્તવર્ણ ધ્વનિ, કલકલ-તે જ ઉપલભ્યમાન વચન વિભાગ. ઉર્મી-સંભાદ, ઉત્કલિક-લઘુતર સમુદાય, સંનિપાત - જુદા જુદા સ્થાનેથી લોકોનું એકઠાં થવું. ઘણાં લોકો પરસ્પર આમ કહે છે, બોલે છે, પ્રરૂપે છે કે હે દેવાનુપ્રિય ! પાર્શ્વાપત્ય કેશીકુમાર શ્રમણ જાતિસંપન્ન યાવત્ ગ્રામાનુગ્રામ જતાં અહીં આવેલ છે, સંપ્રાપ્ત છે,



સમોસર્યા છે. આ જ શ્રાવસ્તી નગરીના કોષ્ઠક ચૈત્યમાં યથાપ્રતિરૂપ અવગ્રહ અવગ્રહીને, સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિચરે છે. તથારૂપ શ્રમણના નામ ગોત્રનું શ્રવણ મહાફળને માટે છે.

ઈન્દ્રમહ - ઈન્દ્રોત્સવ, ઈન્દ્ર-શક્ર, સ્કંદ-કાર્તિકેય, રુદ્ર-શીવ, મુકુંદ-બળદેવ, શિવ-દેવવિશેષ, વૈશ્રમણ-યક્ષરાજ, નાગ-ભવનપતિ વિશેષ, યક્ષ અને ભૂત-વ્યંતર વિશેષ, સ્તૂપ-ચૈત્યસ્થંભ, ચૈત્ય-પ્રતિમા. - x - ઉગ્ર-આદિ દેવે સ્થાપેલ ઈક્ષુવંશમાં જન્મેલ, ઉગ્રપુત્ર - તે જ કુમારાદિ અવસ્થાવાળા. ભોગ-આદિ દેવે સ્થાપેલ ગુરુવંશમાં જન્મેલ, રાજન્ય-ભગવંતના વયસ્યના વંશજો. યાવત્ શબ્દથી ક્ષત્રિય, બ્રાહ્મણ, ભટ્ટ, યોદ્ધા, મલ્લકી, મલ્લકીપુત્રો ઈત્યાદિ ગ્રહણ કરવા. તેમાં ક્ષત્રિય-સામાન્ય રાજકુલીન, ભટ્ટ-શૌર્યવાળા, યોધા-તેનાથી વિશિષ્ટતર, મલ્લકી-લેચ્છકી બંને રાજા વિશેષ.

રાજા-માંડલિક, ઈશ્વર-યુવરાજ, તલવર-રાજાએ ખુશ થઈને આપેલ પટ્ટબંધ વિભૂષિત રાજસ્થાનીય. માડંબિક-મંડપ અધિપતિ. કુટુંબિક-કેટલાંક કુટુંબનો સ્વામી ઈભ્ય-મહાધનીક શ્રેષ્ઠી-શ્રીદેવતા અધ્યાસિત સૌવર્ણપટ્ટ વિભૂષિત મસ્તકવાળા, સેનાપતિ-રાજા દ્વારા નિયુક્ત ચતુરંગ સૈન્ય નાયક. સાર્થવાહ-સાર્થ નાયક આદિ શબ્દથી મંત્રી, મહામંત્રી - મંત્રી મંડલ પ્રધાન અથવા મહાવત્, ગણક-ગણિતજ્ઞ કે ભાંડાગારિક, જ્યોતિષ્, દૌવારિક-પ્રતીહાર અથવા રાજદ્વારિક, પીઠમર્દ-નીકટ આસને રહેતા વયસ્કો.

કેટલાંક વંદન નિમિત્તે, કેટલાંક પૂજન નિમિત્તે, એ રીતે સત્કાર, સન્માન, કુતૂહલ નિમિત્તે. ન સાંભળેલું સાંભળવા, સાંભળેલને નિઃશંકિત કરવા, મુંડ થઈ પ્રવ્રજિત થવા, બાર ભેદે ગૃહીધર્મ અંગીકાર કરવાના હેતુથી, કેટલાંક જિનભક્તિ રાગથી, કેટલાંક પોતાનો આચાર સમજીને — સ્નાન કરી, બલિકર્મ કરી, કૌતુક-મંગલ-પ્રાયશ્ચિત્ત કરી, મસ્તકે અને કંઠે માળા પહેરી, મણિ-સુવર્ણ પહેરી, હાર-અર્દ્ધહારાદિ આભરણો પહેરી, પ્રવર વસ્ત્રો પહેરી, ચંદનથી લિપ્ત શરીરવાળા થઈને [નીકળ્યા. તેમાં] -

કોઈ ઘોડા ઉપર, કોઈ હાથી ઉપર, એ રીતે રથમાં, શિબિકામાં, સ્યંદમાનિકામાં, પગે ચાલતા એ રીતે પુરુષોથી પરિક્ષિપ્ત મહા-ઉત્કૃષ્ટ સીંહનાદ, બોલ કલકલ રવપૂર્વક, સમુદ્રના રવ જેવો નાદ કરી આકાશતળ ફોડતા હોય તેવા. આ બધું પ્રાયઃસુગમ છે. માત્ર ગુણવ્રતોને નિરંતર અભ્યાસ કરવાપણાથી શિક્ષાવ્રતરૂપે વિવક્ષા કરતા સાત શિક્ષાવ્રતો એમ કહ્યું છે.

સ્નાત-ન્હાઈને. બલિકર્મ-સ્વગૃહ દેવતાને કરેલ, કૌતુક-મષી, તિલકાદિ. મંગલં-સિદ્ધાર્થક, દહીં, અક્ષત, દૂર્વાદિ. પ્રાયશ્ચિત્ત-દુઃસ્વપ્નાદિના નાશ અર્થે. - x - આવિદ્ધ-પહેરેલ. કલ્પિત-વિન્યસ્ત, હાર-અઢાર સરો, અર્દ્ધહાર-નવસરો, પ્રલંબ-ઝુંબનક, કટિસૂત્રથી બીજા પણ સુકૃત-શોભન આભરણો જેમાં છે તે. ચંદન વડે લિપ્ત ગાત્રો અને તથાવિધ શરીરવાળા. - x -

મહત્ ઉત્કૃષ્ટિ-આનંદ મહાધ્વનિ. બોલ-વર્ણ રહિત ધ્વનિ, કલકલ-વ્યક્ત

વચન. આવા સ્વરૂપનો જે રવ, તેના વડે સમુદ્ર મહાઘોષ પ્રાપ્ત જેવા. અંબરતલ - આકાશતલને ફોડતા હોય તેમ. ઈશાનરૂપ એક જ દિશામાં, એક ભગવન્ પ્રતિજ અભિમુખ. ચાતુર્ઘંટ - ચાર ઘંટ જેમાં લટકે છે તે. અશ્વપ્રધાન રથ તે અશ્વરથ.

“જે રીતે જીવો બંધાય છે” ઈત્યાદિ રૂપ ધર્મકથા ઉવવાઈ ગ્રંથથી જાણવી. सद्दहामि - ‘છે’ એમ સ્વીકારવું. નિર્ગ્રન્થ પ્રવચન - જૈન શાસન. पत्तियामि - વિશ્વાસ કરું છું. રોચયામિ - કરણરુચિ વિષયી કરું છું. અભ્યુપગચ્છામિ-સ્વીકાર કરું છું. આપના દ્વારા જે પ્રતિપાદિત છે, તે તેમજ છે. યાથાત્મ્યવૃત્ત્યા છે. અવિતથ - સત્ય છે. અસંદિગ્ધ - સમ્યક્ તથ્ય છે. ઈચ્છિત - અભિલષિત, પ્રતિષ્ટ-આભિમુખ્યતાથી સમ્યક્ સ્વીકૃત્-જેમ તમે કહે છે. હિરણ્ય - અઘટિત સુવર્ણ, ધન-રૂપુ આદિ. - x - x - x - શિલાપ્રવાલ-વિદ્રુમ, સત્-વિધમાન, સાર-પ્રધાન, સ્વાપચેત્-દ્રવ્ય. વિચ્છર્દયિત્વા-ભાવથી ત્યજીને, વિગોવઇત્તા-પ્રગટ કરાયેલ, દાન-દીન, અનાથાદિને દેવું. પરિભાવ્ય-પુત્રાદિને ભાગ પાડવો.

● સૂત્ર-૫૫ :-

*ત્યારપછી તે ચિત્તસારથી શ્રાવક થયો. તે જીવાજીવનો જ્ઞાતા, પાપ-પુન્યનો ભેદ પામેલ, આસ્રવ-સંવર-નિર્જરા-ક્રિયા-અધિકરણ-બંધ-મોક્ષ સ્વરૂપમાં કુશળ. બીજાની સહાયતાનો અનિચ્છુક, દેવ-અસુર-નાગ-સુવર્ણ-યક્ષ-રાક્ષસ-કિંનર-કિંપુરુષ-ગરુડ-ગંધર્વ-મહોરગાદિ દેવગણ વડે નિર્ગ્રન્થ પ્રવચનથી અનતિક્રમણીય, નિર્ગ્રન્થ પ્રવચનમાં નિઃશંકિત-નિષ્કાંક્ષિત-નિર્વિચિકિત્સિક, લબ્ધાર્થ-ગૃહિતાર્થ-પુચ્છિતાર્થ-વિનિશ્ચિત્તાર્થ-અભિગતાર્થ, અસ્થિમજ્જામાં પ્રેમાનુરાગરક્ત હતો.*

*હે આયુષ્યમાન્ ! આ નિર્ગ્રન્થ પ્રવચન જ અર્થ છે, પરમાર્થ છે, શેષ અનર્થ છે. સ્ફટિક હૃદયી, અપ્રાવૃત્તદ્વાર, ઘર અને અંતઃપુરમાં નિઃશંક પ્રવેશ, ચૌદશ-આઠમ-અમાસ-પૂનમમાં પ્રતિપૂર્ણ પૌષધને સમ્યક્ પાલન કરતો, શ્રમણ નિર્ગ્રન્થને પ્રાસુક-એષણીય અશન-પાન-ખાદિમ-સ્વાદિમ વડે તથા પીઠ-ફલક-શય્યા-સંસ્તારક વડે તથા વસ્ત્ર-પાત્ર-કંબલ-પાદપ્રોંછન-ઔષધ-ભૈષજથી પ્રતિલાભિત કરતો, ઘણાં શીલ-વ્રત-ગુણ-વેરમણ-પચ્ચક્ખાણ-પૌષધોપવાસથી આત્માને ભાવિત કરતા જે ત્યાંના રાજકાર્યો યાવત્ રાજવ્યવહારોને જિતશત્રુ રાજા સાથે સ્વયં જ પ્રત્યુપ્રેક્ષણ કરતો વિચરવા લાગ્યો.*

● વિવેચન-૫૫ :-

अभिगत - સમ્યક્ વિજ્ઞાત જીવાજીવ જેના વડે તે. उपलब्ध - યથાવસ્થિત સ્વરૂપથી પુન્યપાપ જાણેલ, આશ્રવ-પ્રાણાતિપાતાદિ, સંવર-પ્રાણાતિપાતાદિ પ્રત્યાખ્યાનરૂપ, નિર્જરા-કર્મોનું દેશથી ખરવું. ક્રિયાકાયિકી આદિ, અધિકરણ-ખડ્ગાદિ, બંધ-કર્મપુદ્ગલ અને જીવપ્રદેશોનું પરસ્પર ચોંટવું. મોક્ષ-કર્મોનું સંપૂર્ણ દૂર થવું. કુશળ-સમ્યક્ પરિજ્ઞાતા અસહેજ્જ-અવિધમાન સાહાય્ય, કુતીર્થિક પ્રેરિત સમ્યકત્વ અવિચલન પ્રતિ બીજાની સહાયની અપેક્ષા ન રાખતો. તેથી કહ્યું – દેવ, અસુરાદિ વડે નિર્ગ્રન્થ પ્રવચનથી





અનતિક્રમણીય. - x - ગરુડ-સુવર્ણકુમાર.

તેથી નિર્ગ્રન્થ પ્રવચનમાં શંકારહિત, બીજા દર્શનની આકાંક્ષા રહિત, ફળ પ્રતિ નિઃશંક, અર્થ શ્રવણથી લબ્ધાર્થ, અર્થાવધારણથી ગૃહીતાર્થ, સંશય થતાં પૃચ્છિતાર્થ, સમ્યક્ ઉત્તર સાંભળી વિમલબોધથી અધિગતાર્થ, પદાર્થોપલંભથી વિનિશ્ચિત્તાર્થ, અસ્થિ અને તેના મધ્યેની મજ્જામાં સર્વજ્ઞપ્રવચન પ્રીતિરૂપ કુસુંભાદિ રાગથી રક્તની જેમ રક્ત. કેવા ઉલ્લેખથી કહે છે ? - હે આયુષ્યમાન્ ! આના દ્વારા પુત્રાદિને આમંત્રણ છે. શેષ એટલે ધન, ધાન્ય, પુત્ર, પત્ની, રાજ્ય, કુપ્રવચનાદિ.

સ્ફટિક જેવા અંતઃકરણવાળો, મૌનીન્દ્ર પ્રવચનથી તુષ્ટ મનવાળો અથવા અર્ગલાસ્થાનથી દૂર કરી ઉર્ધ્વીકૃત્ પણ તીર્છું નહીં, અથવા - x - ઉત્સૃત-અપગત, પરિઘા-અર્ગલા, જેના ગૃહદ્વારે છે તે. ઔદાર્યના અતિરેકથી અતિશય દાનદાયિપણાથી ભિક્ષુક પ્રવેશાર્થે અનર્ગલિત ગૃહદ્વાર, ભિક્ષુક પ્રવેશાર્થે અપ્રાવૃત્ત દ્વાર. ભાવના વાક્ય આ છે – સમ્યગ્દર્શન પામતા કોઈ પાખંડીથી બીતો નથી, શોભન માર્ગના પરિગ્રહથી ઉદ્ઘાટિત શિર રહે છે. અંતઃપુરગૃહમાં જેનો પ્રવેશ અપ્રીતિકર નથી, આના વડે અનીર્ષ્યાલુત્વ કહ્યું અથવા જેની અતિ ધાર્મિકતા અને સર્વત્ર અશંકનીયત્વથી લોકોના અંતઃપુર કે ગૃહમાં પ્રવેશ પ્રીતિકર છે તે.

ચૌદશ-આઠમ-અમાસ-પૂનમે અહોરાત્ર યાવત્ પૌષધ-આહારાદિ પૌષધને સમ્યક્ પાલન કરતા. પીઠ-આસન, ફલક-અવષ્ટંભ, શય્યા-વસતિ કે શયન. સંસ્તારક-જેમાં પગ પ્રસારી સુવાય તે. પડતા એવા ભોજન કે પાનને ગ્રહણ કરે તે પાત્ર. પાદપ્રોંછન-રજોહરણ - x - શીલવ્રત-સ્થૂળ પ્રાણાતિપાતવિરમણાદિ, ગુણવ્રત-દિગ્વ્રતાદિ - x -

● સૂત્ર-૫૬ થી ૬૧ :-

*[૫૬] ત્યારે તે જિતશત્રુરાજા અન્ય કોઈ દિને મહાર્થ યાવત્ ભેંટણું તૈયાર કરે છે. કરીને ચિત્તસારથીને બોલાવીને કહ્યું – હે ચિત્ત ! તું સેયવિયા નગરી જઈ પ્રદેશી રાજાને આ મહાર્થ યાવત્ ભેટણું આપ. મારા તરફથી વિનયથી નિવેદન કરજે કે આપે મારા માટે જે સંદેશ મોકલ્યો છે, તે જ પ્રકારે અવિતથ અને અસંદિગ્ધરૂપે સ્વીકારું છું. એમ કહી ચિત્ત સારથીને વિદાય આપી.*

*ત્યારે તે ચિત્તસારથી, જિતશત્રુ વડે વિસર્જિત કરાતા, તે મહાર્થ ભેંટણું યાવત્ લઈને યાવત્ જિતશત્રુ રાજા પાસેથી નીકળે છે, નીકળીને શ્રાવસ્તી નગરીની વચ્ચોવચ્ચ થઈ, રાજમાર્ગે અવગાઢ આવાસમાં જાય છે, ત્યાં મહાર્થ ભેંટણુ યાવત્ સ્થાપે છે. સ્નાન કરી યાવત્ કોરંટ પુષ્પમાળા યાવત્ મહત્૦ પાદચાર વિહારથી, મહત્ પુરુષ વાગુરાથી પરિક્ષિપ્ત, રાજમાર્ગે અવગાઢ આવાસથી નીકળે છે, શ્રાવસ્તીનગરીની વચ્ચોવચ્ચથી કોષ્ઠક ચૈત્યે કેશીકુમાર શ્રમણ પાસે આવે છે.*

*કેશીકુમાર શ્રમણ પાસે ધર્મ સાંભળી યાવત્ હર્ષિત થઈ, ઉત્થિત થઈ યાવત્ કહે છે – હે ભગવન્ ! નિશ્ચે જિતશત્રુ રાજાએ પ્રદેશી રાજાને આ મહાર્થ ભેંટણું યાવત્ આપવાનું કહી મને વિદાય આપી. હે ભગવન્ ! તેથી હું સેયવિયા*

નગરી જઉં છું. ભગવન્ ! સેયવિયા નગરી પ્રાસાદીય છે, દર્શનીય છે, અભિરૂપ છે, પ્રતિરૂપ છે. ભગવન્ ! આપ સેયવિયા નગરી પધારો. ત્યારે તે કેશીકુમાર શ્રમણે, ચિત્તસારથીને આમ કહેતો સાંભળી ચિત્તસારથીના આ કથનનો આદર ન કર્યો, જાણ્યું નહીં, પરંતુ મૌન થઈને રહ્યા. ત્યારે ચિત્તસારથીએ કેશીકુમાર શ્રમણને બીજી-ત્રીજી વખત પણ આ પ્રમાણે કહ્યું — ભગવન્ ! નિશ્ચે જિતશત્રુ રાજાએ પ્રદેશીરાજાને આ મહાર્થ યાવત્ વિસર્જિત કર્યો આદિ પૂર્વવત્ યાવત્ હે ભગવન્ ! આપ સેયવિયા નગરીએ પધારો.

ત્યારે કેશીકુમાર શ્રમણ ચિત્ત સારથીએ બીજી-ત્રીજી વખત આમ કહેતા, ચિત્ત સારથીને કહ્યું — હે ચિત્ત ! જેમ કોઈ વનખંડ કૃષ્ણ-કૃષ્ણપ્રભાવાળું યાવત્ પ્રતિરૂપ હોય. હે ચિત્ત ! તે વનખંડ ઘણાં દ્વિપદ-ચતુષ્પદ-મૃગ-પશુ-પક્ષી-સરીસૃપોને ગમન યોગ્ય છે ? હા, છે.

હે ચિત્ત ! જો તે વનખંડમાં ઘણાં દ્વિપદ-ચતુષ્પદ-મૃગ-પશુ-પક્ષી-સરીસૃપાદિ પ્રાણીના લોહી-માંસને ખાનારા ભીલુંગ નામક પાપશકુન રહેતા હોય તો તે વનખંડ તે ઘણાં દ્વિપદ યાવત્ સરીસૃપોને રહેવા યોગ્ય થઈ શકે ? ના, તે અર્થ સમર્થ નથી. કેશીકુમારે પૂછ્યું — કેમ ? હે ભગવન્ ! તે ઉપસર્ગવાળું થાય છે. - - એ પ્રમાણે હે ચિત્ત ! તારી પણ સેયવીયા નગરીમાં પ્રદેશી નામે રાજા વસે છે. તે અધાર્મિક યાવત્ પ્રજાજનો પાસેથી રાજકર લઈને પણ તેનું યોગ્ય પાલન કરતો નથી. તેથી હે ચિત્ત ! હું સેયવિયા નગરીમાં કઈ રીતે આવી શકું ?

ત્યારે તે ચિત્તસારથીએ કેશીકુમાર શ્રમણને આમ કહ્યું — ભગવન્ ! આપે પ્રદેશી રાજાથી શું પ્રયોજન છે ? ભગવન્ ! સેયવિયા નગરીમાં બીજા ઘણાં ઈશ્વર, તલવર યાવત્ સાર્થવાહ વગેરે છે, જે આપ દેવાનુપ્રિયને વંદન-નમસ્કાર યાવત્ પર્યુપાસના કરશે. વિપુલ અશન, પાન, ખાદિમ, સ્વાદિમથી પ્રતિલાભિત કરશે. પ્રાતિહારિક પીઠ-ફલક-શય્યા-સંસ્તારક વડે ઉપનિમંત્રિત કરશે. ત્યારે કેશીકુમારે ચિત્તસારથીને કહ્યું — હે ચિત્ત ! આમંત્રણને ધ્યાનમાં રાખીશ.

[૫૭] ત્યારપછી તે ચિત્તસારથીએ કેશીકુમારને વંદન-નમન કર્યું. તેમની પાસેથી કોષ્ઠક ચૈત્યથી નીકળ્યો. નીકળીને શ્રાવસ્તી નગરીમાં રાજમાર્ગમાં અવગાઢ પોતાના આવાસે આવ્યો. કૌટુંબિક પુરુષોને બોલાવ્યા. બોલાવીને કહ્યું — ઓ દેવાનુપ્રિય ! જલ્દીથી ચાતુર્ઘંટ અશ્વરથ જોડીને લાવો. જે રીતે સેયવિયા નગરીથી નીકળેલ તે જ રીતે યાવત્ નિવાસ કરતો કરતો કુણાલાજનપદની વચ્ચોવચ્ચથી કેકય અર્દ્ધ દેશમાં સેયવીયા નગરીના મૃગવન ઉદ્યાનમાં આવ્યો.

આવીને ઉદ્યાનપાલકને બોલાવ્યો, બોલાવીને કહ્યું કે — હે દેવાનુપ્રિય ! જ્યારે પાર્શ્વાપત્ય કેશીકુમાર શ્રમણ પૂર્વાનુપૂર્વી ચરતા, ગ્રામાનુગ્રામ જતાં, અહીં આવે, ત્યારે તું તેમને વંદન-નમસ્કાર કરજે. વાંદી-નમીને યથાપ્રતિરૂપ અવગ્રહની અનુજ્ઞા આપજે, પ્રાતિહારક પીઠ, ફલકાદિથી યાવત્ નિમંત્રણા કરજે. આ આજ્ઞાને જલ્દી પાળજે.



ત્યારે તે ઉદ્યાનપાલક, ચિત્ત સારથીએ આમ કહેતા હૃષ્ટ-તુષ્ટ યાવત્ હૃદયી થઈ, બે હાથ જોડી યાવત્ આમ કહ્યું — ''તહત્તિ''. વિનયથી આજ્ઞાવચનને સ્વીકારે છે.

[૫૮] ત્યારે ચિત્ત સારથી, સેયવિયા નગરીએ આવ્યો. આવીને સેયવિયા નગરીની વચ્ચોવચ્ચથી પ્રવેશે છે. પ્રવેશીને પ્રદેશી રાજાના ઘેર, બાહ્ય ઉપસ્થાનશાળાએ આવ્યો. આવીને ઘોડાને રોક્યા, રથને ઉભો રાખ્યો. રથથી નીચે ઉતર્યો. ઉતરીને તે મહાર્થ ભેટણું યાવત્ લીધું. લઈને પ્રદેશી રાજા પાસે આવ્યો. આવીને પ્રદેશી રાજાને બે હાથ જોડી યાવત્ વધાવીને તે મહાર્થ ભેટણું યાવત્ ધર્યું.

ત્યારે તે પ્રદેશી રાજા, ચિત્ત સારથીના તે મહાર્થ ભેટણાને યાવત્ સ્વીકારે છે, સ્વીકારીને ચિત્ત સારથીને સત્કારે છે, સન્માને છે, પછી વિસર્જિત કરે છે ત્યારે તે ચિત્ત સારથી પ્રદેશી રાજા દ્વારા વિસર્જિત કરાતા હર્ષિત્ યાવત્ હૃદયી થઈ પ્રદેશી રાજા પાસેથી નીકળે છે. નીકળીને ચાતુર્ઘંટ અશ્વરથ પાસે આવે છે, રથમાં આરૂઢ થાય છે. થઈને સેયવિયા નગરીની વચ્ચોવચ્ચથી પોતાના ઘેર આવે છે. આવીને ઘોડાને રોકે છે. રથ ઉભો રાખે છે. રથતી ઉતરે છે. પછી સ્નાન કરી યાવત્ ઉપરના શ્રેષ્ઠ પ્રાસાદે સ્ફૂટ કરાતા મૃદંગ મસ્તક અને બત્રીશબદ્ધ નાટક સાથે શ્રેષ્ઠ તરુણી યુક્ત નૃત્ય કરાતા, ગીતો ગવાતા, લાલન કરતા, ઈષ્ટ શબ્દ-સ્પર્શ૦ યાવત્ વિચરે છે.

[૫૯] ત્યારપછી તે કેશીકુમાર શ્રમણ અન્ય કોઈ દિને પ્રાતિહારક પીઠ-ફલક-શય્યા-સંસ્તારકને પાછા સોંપી, શ્રાવસ્તીનગરીના કોષ્ઠક ચૈત્યથી નીકળે છે, નીકળીને ૫૦૦ સાધુ સાથે યાવત્ વિચરતા કેકયાર્દ્ધ જનપદમાં સેયવિયા નગરીના મૃગવન ઉદ્યાનમાં આવે છે. આવીને યથાપ્રતિરૂપ અવગ્રહ અવગ્રહીને સંયમ અને તપથી પોતાના આત્માને ભાવિત કરતા વિચરે છે.

ત્યારે સેયવિયા નગરીના શૃંગાટ કે મહા જનશબ્દથી યાવત્ પર્ષદા નીકળી. ત્યારપછી તે ઉદ્યાન પાલકે આ વૃત્તાંત લબ્ધાર્થ થતાં હૃષ્ટતુષ્ટ યાવત્ હૃદયી થઈ, કેશીકુમાર શ્રમણ પાસે આવે છે. પછી કેશીકુમાર શ્રમણને વંદન-નમસ્કાર કરે છે. કરીને યથાપ્રતિરૂપ અવગ્રહની અનુજ્ઞા આપે છે. પ્રાતિહારિક યાવત્ સંસ્તારક માટે ઉપનિમંત્રી, નામ-ગોત્રને પૂછે છે. પૂછીને અવધારે છે. પછી એકાંતમાં જઈને એકબીજાને આ પ્રમાણે કહે છે — દેવાનુપ્રિયો ! ચિત્ત સારથી જેના દર્શનને કાંક્ષે છે, પ્રાર્થે છે, સ્પૃહા કરે છે, અભિલાષા કરે છે, જેના નામગોત્રના શ્રવણથી હૃષ્ટતુષ્ટ યાવત્ હૃદયી થાય છે, તે કેશીકુમાર શ્રમણ પૂર્વાનુપૂર્વી ચરતા, એક ગામથી બીજે ગામ જતાં અહીં આવ્યા છે - સંપ્રાપ્ત થયા છે - પધાર્યા છે, આ જ સેયવિયાની બહાર મૃગવન ઉદ્યાનમાં યાવત્ વિચરે છે.

હે દેવાનુપ્રિયો ! ચાલો, ચિત્તસારથીને પ્રિય આ અર્થનું નિવેદન કરીએ, તે તેમને પ્રિય થાઓ. એકબીજાની પાસે આ વૃત્તાંતને સ્વીકારે છે, સ્વીકારીને

*સેયવિયા નગરીમાં ચિત્તસારથીને ઘેર, જ્યાં ચિત્તસારથી છે, ત્યાં જાય છે. જઈને ચિત્તસારથીને હાથ જોડી યાવત્ વધાવે છે, વધાવીને આમ કહ્યું – દેવાનુપ્રિય ! આપ જેના દર્શનની કાંક્ષા યાવત્ અભિલાષા કરો છો, જેમના નામ-ગોત્રના શ્રવણથી હર્ષિત યાવત્ થાઓ છો. તે આ કેશીકુમાર શ્રમણ પૂર્વાનુપૂર્વી ચરતા પધાર્યા છે૦*

*ત્યારે તે ચિત્તસારથી, તે ઉદ્યાનપાલક પાસે આ અર્થ સાંભળી, સમજી, હૃષ્ટ-તુષ્ટ થઈ યાવત્ આસનથી ઉભો થઈ, પાદપીઠથી નીચે ઉતરે છે, ઉતરીને પાદુકા ઉતારે છે. ઉતારીને એકશાટિક ઉત્તરાસંગ કરે છે. અગ્રહસ્તથી મુકુલિત અંજલિ કરી, કેશીકુમાર શ્રમણ અભિમુખ સાત-આઠ પગલાં જાય છે, જઈને બે હાથ જોડી, મસ્તકે આવર્ત્ત કરી, મસ્તકે અંજલિને કરીને આ પ્રમાણે કહે છે –*

*અરહંત યાવત્ સંપ્રાપ્તને નમસ્કાર થાઓ. મારા ધર્માચાર્ય, ધર્મોપદેશ કેશીકુમાર શ્રમણને નમસ્કાર થાઓ. અહીં રહેલો હું ત્યાં રહેલ ભગવંતને વંદુ છું. તેઓ મને જુએ. એમ કહી વંદન-નમસ્કાર કર્યા. તે ઉદ્યાનપાલકને વિપુલ વસ્ત્ર-ગંધ-માળા-અલંકારથી સત્કારી, સન્માની વિપુલ જીવિત યોગ્ય પ્રીતિદાન આપે છે, આપીને વિસર્જિત કર્યો.*

*ત્યારપછી કૌટુંબિક પુરુષોને બોલાવ્યા. બોલાવીને કહ્યું – ઓ દેવાનુપ્રિયો ! જલ્દીથી ચાતુઘંટ અશ્વરથ જોડીને લાવો યાવત્ આજ્ઞા પાછી સોંપો. ત્યારે તે કૌટુંબિક પુરુષો યાવત્ જલ્દીથી છત્ર-ધ્વજ સહિત યાવત્ અશ્વરથ લાવીને તેમની આજ્ઞા પાછી સોંપી. ત્યારે ચિત્તસારથી, કૌટુંબિક પુરુષો પાસે આ વૃત્તાંતને સાંભળી, સમજીને હૃષ્ટ-તુષ્ટ યાવત્ હૃદયી થઈ, સ્નાન કરી, બલિકર્મ કરી યાવત્ અલંકૃત્ શરીરી થઈ ચાતુર્ઘંટ યાવત્ બેસીને, સકોરેંટ૦ મહા સુભટ સમૂહ સાથે પૂર્વવત્ પર્યુપાસે છે. યાવત્ ધર્મકથા કહી૦*

*[૬૦] ત્યારપછી તે ચિત્તસારથી કેશીકુમાર શ્રમણની પાસે ધર્મ સાંભળી, અવધારી હૃષ્ટ-તુષ્ટ થઈ, પૂર્વવત્ ઉઠીને આમ બોલ્યો – હે ભગવન્ ! નિશ્ચે અમારો પ્રદેશી રાજા અધાર્મિક યાવત્ રાજકર લઈને પોતાના જ જનપદનું સમ્યક્ પાલન કરતો નથી. તો હે દેવાનુપ્રિય ! જો આપ પ્રદેશી રાજાને ધર્મ કહેશો તો તે પ્રદેશી રાજાને અને ઘણાં દ્વિપદ-ચતુષ્પદ-મૃગ-પશુ-પક્ષી-સરીસૃપોને નિશ્ચે ઘણું જ ગુણકારી થશે. તથા ઘણાં શ્રમણ-બ્રાહ્મણ-ભિક્ષુને પણ લાભકારી થશે જો તે પ્રદેશી રાજાને બહુ ગુણવાળું થશે તો તેનાથી જનપદને પણ લાભ થશે.*

*[૬૧] ત્યારે કેશીકુમાર શ્રમણે ચિત્ત સારથીને કહ્યું – હે ચિત્ત ! ચાર કારણે જીવ કેવલીપ્રજ્ઞપ્ત ધર્મનું શ્રવણ પામતો નથી – (૧) આરામ કે ઉદ્યાનમાં રહેલ શ્રમણ કે બ્રાહ્મણની અભિમુખ ન જાય, વંદન-નમન-સત્કાર અને સન્માન ન કરે. કલ્યાણ-મંગલ-દેવ-ચૈત્યરૂપ તેમને સેવે નહીં, અર્થ-હેતુ-પ્રશ્ન-કારણ-ઉત્તર ન પૂછે છે. આ કારણે હે ચિત્ત ! જીવો કેવલી પ્રજ્ઞપ્ત ધર્મને સાંભળી શકતા નથી.*



*(૨) ઉપાશ્રયમાં સ્થિત શ્રમણને પૂર્વવત્ કહેવું યાવત્ આ કારણે પણ જીવો, હે ચિત્ત ! કેવલી પ્રજ્ઞપ્ત ધર્મ સાંભળી ન શકે.*

*(૩) ગૌચરી ગયેલ શ્રમણ કે બ્રાહ્મણને યાવત્ પર્યુપાસે નહીં, વિપુલ અશન-પાન-ખાદિમ સ્વાદિમથી પડિલાભે નહીં, અર્થ આદિ પૂછે નહીં, તો આ કારણે હે ચિત્ત ! કેવલિ પ્રજ્ઞપ્ત ધર્મ સાંભળી ન શકે.*

*(૪) જો શ્રમણ કે બ્રાહ્મણનો સામેથી યોગ મળે ત્યારે પણ પોતાને હાથ-વસ્ત્ર-છત્ર વડે આવરીને રાખે, અર્થ આદિ ન પૂછે, તો હે ચિત્ત ! આ કારણે પણ જીવો કેવલિપ્રજ્ઞપ્ત ધર્મ સાંભળી શકે નહીં.*

*હે ચિત્ત ! ઉક્ત ચાર કારણે જીવો કેવલિપ્રજ્ઞપ્ત ધર્મ ન પામે.*

*હે ચિત્ત ! ચાર કારણે જીવો કેવલિપ્રજ્ઞપ્ત ધર્મ સાંભળવા પામે છે - આરામ કે ઉદ્યાનસ્થિત શ્રમણ કે બ્રાહ્મણને વાંદે-નમે યાવત્ પર્યુપાસે, અર્થાદિ યાવત્ પૂછે, તો યાવત્ શ્રવણને પામે. એ રીતે ઉપાશ્રય સ્થિત કે ગૌચરીએ ગયેલ શ્રમણને પર્યુપાસે, વિપુલ અશનાદિથી યાવત્ પ્રતિલાભે, અર્થાદિ યાવત્ પૂછે, તો ધર્મ શ્રવણ પામે. જો કોઈ શ્રમણનો સામેથી સંયોગ પ્રાપ્ત થાય, ત્યારે પોતાને હાથ આદિથી આવરીને ન રહે, તો હે ચિત્ત ! આ કારણે જીવો કેવલિ પ્રજ્ઞપ્ત ધર્મનું શ્રવણ પામે છે. હે ચિત્ત ! તારો પ્રદેશી રાજા આરામસ્થિત ઈત્યાદિ પૂર્વવત્ બધું કહેવું. તે રાજા આવતો-જતો નથી, યાવત્ પોતાને આવરીને રહેલો છે, તો હે ચિત્ત ! તેને હું ધર્મ કઈ રીતે કહી શકું ?*

*ત્યારે તે ચિત્તસારથીએ કેશીકુમાર શ્રમણને આમ કહ્યું – ભદન્ત ! નિશ્ચે અન્ય કોઈ દિને કંબોજદેશવાસીએ ચાર ઘોડા ભેટરૂપે આપેલ છે. મેં તેને પ્રદેશી રાજાને ત્યાં મોકલી આપેલ હતા. હે ભદંત ! આ ઘોડાને બહાને હું પ્રદેશી રાજાને આપ દેવાનુપ્રિયની પાસે જલ્દી લાવીશ. ત્યારે હે દેવાનુપ્રિય ! આપ પ્રદેશી રાજાને ધર્મ કહેતા લેશમાત્ર ગ્લાનિ ન કરતા. ભદંત ! આપ અગ્લાનભાવે પ્રદેશી રાજાને ધર્મ કહેજો.*

*ત્યારે કેશીકુમાર શ્રમણે ચિત્ત સારથીને આમ કહ્યું – હે ચિત્ત ! અવસર જોઈશું. ત્યારે તે ચિત્તસારથી, કેશીકુમાર શ્રમણને વંદન-નમન કરે છે, કરીને ચાતુર્ઘંટ અશ્વરથ પાસે આવ્યો. આવીને તેમાં આરૂઢ થયો. પછી જે દિશાથી આવ્યો હતો, તે જ દિશામાં પાછો ચાલ્યો ગયો.*

● વિવેચન-૫૬ થી ૬૧ :-

[ચિત્તસારથી] કેશીકુમાર શ્રમણ પાસે ગયો. પંચવિધ અભિગમ કર્યા. તે આ - સચિત્ત દ્રવ્ય પુષ્પ તાંબુલાદિનો ત્યાગ, અચિત્ત દ્રવ્ય-અલંકાર, વસ્ત્રાદિનો અત્યાગ અથવા અચિત્ત દ્રવ્ય - છત્રાદિનો પરિહાર, - x - એકશાટિકને ઉત્તરીય રૂપે ન્યાસ વિશેષ, દર્શન થતાં જ હાથ જોડવા અને મનથી એકત્વ ભાવ ધારણ કરવો.

પ્રાતિહારિક - પાછા આપવા યોગ્ય પીઠ-ફલકાદિથી નિમંત્રણ. અવિયાઈ - અવસરે ચિત્તમાં ભાવિત કરવો. અથવા વર્તમાનયોગ મુજબ આ પણ ધ્યાનમાં રાખીશ.

- x - फुट्टमाणेहिंमुइंगमत्थएहिं - સ્ફૂટ થવા ડે અતિ જોરથી આસ્ફાલન કરીને મર્દલના મુખ પટ વડે બત્રીશ પાત્ર નિબદ્ધ નાટકો વડે, શ્રેષ્ઠ તરુણયુક્તથી નૃત્ય કરાતા, તેના અભિનય પૂર્વક નર્તનથી તેના ગુણોને ગાતા. કાંક્ષા-પ્રાર્થના-સ્પૃહા-અભિલાષા.

ચાર કારણે - આરામ આદિમાં સ્થિત શ્રમણાદિની સામે ન જવું ઈત્યાદિ પહેલું કારણ, ઉપાશ્રયસ્થિત સામે ન જવું તે બીજું, પ્રાતિહારિક પીઠ ફલકાદિ વડે આમંત્રણ ન આપવું તે ત્રીજું, ગૌચરી ગયેલને અશનાદિ વડે પ્રતિલાભવા નહીં, તે ચોથું. આ ચાર કારણે કેવલિ પ્રજ્ઞપ્ત ધર્મ સાંભલી શકે છે ઈત્યાદિ સૂત્રાર્થ મુજબ જાણવું. જેમાં શ્રમણ-સાધુ, માહન-પરમ ગીતાર્થ શ્રાવક આવે ત્યારે પણ હાથ-વસ્ત્રનો છેડો-છત્ર વડે પોતાને ઢાંકીને ન રહે તે પ્રથમ. એ રીતે બીજા કારણો પણ કહેવા.

તારો પ્રદેશી રાજા ઈત્યાદિ બધું કહેવું. आइल्लगम - પહેલો આલાવો તે આ — તારો પ્રદેશી રાજા, હે ચિત્ર ! આરામસ્થિત શ્રમણને વંદતો નથી જ્યાંથી શ્રમણ આવતા હોય ત્યારે પણ હાથ આદિથી પોતાને ઢાંકે છે આદિ.

● સૂત્ર-૬૨ થી ૬૪ :-

*[૬૨] ત્યારે તે ચિત્તસારથી બીજા દિવસે રાત્રિ પ્રભાતરૂપ થઈ, કોમળ ઉત્પલ કમલ વિકસિત થયા, પ્રભાત સોનેરી થયું ત્યારે નિયમ અને આવશ્યક કાર્યોથી નિવૃત્ત થઈ, જાજ્વલ્યમાન તેજ સહિત સહસ્રરશ્મિ સૂર્ય નીકળ્યા પછી પોતાના ઘેરથી ચિત્તસારથી નીકળ્યો. જ્યાં પ્રદેશી રાજાનું ઘર અને પ્રદેશી રાજા છે ત્યાં આવ્યો. આવીને પ્રદેશી રાજાને બે હાથ જોડી યાવત્ અંજલિ કરી, જય-વિજયથી વધાવીને કહ્યું —*

*હે દેવાનુપ્રિય ! નિશ્ચે કંબોજ દેશવાસીઓએ ચાર અશ્વો લાવીને ભેટ આપેલા. તે મેં આપ દેવાનુપ્રિયને ત્યાં કોઈ દિને પ્રશિક્ષિત કરી દીધા છે. તેથી હે સ્વામી ! આજે આપણે તે ઘોડાનું નિરીક્ષણ કરીએ.*

*ત્યારે પ્રદેશી રાજાએ કહ્યું — હે ચિત્ત ! તું જા અને તે ચાર ઘોડાને જોડીને અશ્વરથને અહીં લાવ યાવત્ મારી આજ્ઞા પાછી સોંપ. ત્યારે તે ચિત્ત સારથી, પ્રદેશી રાજાએ આમ કહેતા હૃષ્ટ-તુષ્ટ યાવત્ હૃદયી થઈ, તે અશ્વોને ઉપસ્થિત કરીને આ આજ્ઞા પાછી સોંપી.*

*ત્યારે તે પ્રદેશી રાજા, ચિત્તસારથીની પાસે આ વૃત્તાંત સાંભળી, સમજી, હૃષ્ટ-તુષ્ટ થઈ યાવત્ અલ્પ-મહાર્ઘ આભરણથી શરીર અલંકારી પોતાના ઘેરથી નીકળ્યો, નીકળીને ચાતુર્ઘંટ અશ્વરથ પાસે આવ્યો, તે રથમાં બેઠો. સેયવિયા નગરીની વચ્ચોવચ્ચ થઈને નીકળે છે ત્યારે તે ચિત્તસારથી, તે રથને અનેક યોજનો સુધી દોડાવ્યો.*

*ત્યારપછી તે પ્રદેશી રાજા ગરમી, તરસ અને રથ ચાલતા લાગતી હવાથી પરેશાન-ખિન્ન થતાં, ચિત્તસારથીને કહ્યું — હે ચિત્ત ! મારું શરીર ખેદ-ખિન્ન થયું છે, રથને પાછો વાળ. ત્યારે ચિત્તસારથીએ રથને પાછો વાળ્યો. મૃગવન ઉધાન હતું ત્યાં આવીને પ્રદેશી રાજાને કહ્યું — હે સ્વામી ! આ મૃગવન ઉધાનમાં*



*ઘોડાનો શ્રમ અને આપણો થાક દૂર કરી લઈએ. ત્યારે પ્રદેશી રાજાએ ચિત્તને કહ્યું — ભલે તેમ કરીએ.*

*ત્યારપછી તે ચિત્તસારથી મૃગવન ઉધાનમાં જ્યાં કેશીકુમાર શ્રમણ હતા, તેની બહુ દૂર કે નીકટ નહીં, તે સ્થાને ગયા. જઈને ઘોડા રોક્યા, રથ ઉભો રાખ્યો, રથથી નીચે ઉતર્યા, ઉતરીને ઘોડાને છોડ્યા. છોડીને પ્રદેશી રાજાને કહ્યું — હે સ્વામી ! આપણે અહીં ઘોડાનો શ્રમ અને આપણો થાક દૂર કરીએ. ત્યારે તે પ્રદેશી રાજા રથથી નીચે ઉતર્યો. ચિત્ત સારથી સાથે ઘોડાનો શ્રમણ અને પોતાનો થાક દૂર કરતા, તે તરફ જોયું, જ્યાં કેશીકુમાર શ્રમણ અતિવિશાળ પર્ષદા મધ્યે મોટા-મોટા શબ્દોથી ધર્મોપદેશ કરી રહ્યા હતા.*

*તે જોઈને રાજાને આ આવા પ્રકારનો યાવત્ મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો. નિશ્ચે જડ જ જડની ઉપાસના કરે છે. મુંડ-મુંડની, મૂઢ-મૂઢની, અપંડિતો-અપંડિતોની અને અજ્ઞાની જ અજ્ઞાનીની ઉપાસના કરે છે. પણ આ પુરુષ કોણ છે ? જે જડ, મુંડ, મૂઢ, અપંડિત અને અજ્ઞાની હોવા છતાં શ્રી-હ્રી થી સંપન્ન છે, શારીરિક કાંતિવાળો છે. આ પુરુષ શેનો આહાર કરે છે ? કઈ રીતે પરિણમાવે છે ? શું ખાય છે ? શું પીએ છે ? શું આપે છે ? શું ભાગ પાડે છે ? જેથી આવી મોટી મનુષ્ય પર્ષદા મધ્યે મોટા-મોટા શબ્દોથી બરાડે છે ?*

*આમ વિચારીને ચિત્ત સારથીને કહ્યું — હે ચિત્ત ! નિશ્ચે જડ જ જડને ઉપાસે છે યાવત્ બરાડે છે ? જેથી આપણી જ ઉધાન ભૂમિમાં આપણે ઈચ્છાનુસાર ફરી શકતા નથી. ત્યારે ચિત્ત સારથીએ પ્રદેશી રાજાને કહ્યું — હે સ્વામી ! આ પાર્શ્વપત્ય કેશી નામે કુમારશ્રમણ છે. તે જાતિસંપન્ન યાવત્ ચાર જ્ઞાનયુક્ત છે. આધોવધિ જ્ઞાનથી સંપન્ન અને અન્નજીવી છે. ત્યારે પ્રદેશીએ ચિત્તને પૂછ્યું — શું આ પુરુષ આધોવધિજ્ઞાની અને અન્નજીવી છે તેમ તું કહે છે ? હા, સ્વામી ! હું તેમ કહું છું, હે ચિત્ત ! તે પાસે જવા યોગ્ય છે ? હા, સ્વામી ! છે. તો હે ચિત્ત ! આપણે તેની પાસે જઈશું ? હા, સ્વામી ! જઈએ.*

*[૬૩] ત્યારપછી તે પ્રદેશી રાજા, ચિત્તસારથી સાથે જ્યાં કેશીકુમાર શ્રમણ છે, ત્યાં ગયો. જઈને કેશીકુમાર શ્રમણથી કંઈક દૂર યોગ્ય સ્થાને રહીને આમ પૂછ્યું ? ભદંત ! તમે આધોવધિક અને અન્નજીવિક છો ? ત્યારે કેશીકુમાર શ્રમણે પ્રદેશી રાજાને કહ્યું —*

*હે પ્રદેશી ! જેમ કોઈ અંકવણિક્, શંખવણિક્, દંતવણિક્ રાજકર ન દેવા માટે સીધો માર્ગ પૂછતો નથી. તેમ હે પ્રદેશી ! તને મને જોઈને આ આવા પ્રકારનો મનોગત સંકલ્પ થયો કે નિશ્ચે જડ જ જડની ઉપાસના કરે છે, યાવત્ સ્વેચ્છાપૂર્વક ભમી શકતા નથી. હે પ્રદેશી ! શું આ વાત બરાબર છે ? - - હા, બરાબર છે.*

*[૬૪] ત્યારે પ્રદેશી રાજાએ કેશીકુમાર શ્રમણને કહ્યું — ભદંત ! તમને એવું કયું જ્ઞાન કે દર્શન છે. જેથી તમે મારા આવા સ્વરૂપના મનોગત યાવત્*

*સંકલ્પ ઉત્પન્ન થયાને જાણો છો - જુઓ છો, ત્યારે કેશીકુમાર શ્રમણે પ્રદેશી રાજાને કહ્યું — નિશ્ચે હે પ્રદેશી ! અમને શ્રમણ નિર્ગ્રન્થોને પંચવિધ જ્ઞાન કહ્યા છે — આભિનિબોધિકજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન.*

*તે આભિનિબોધિક જ્ઞાન શું છે ? આભિનિબોધિક જ્ઞાન ચાર ભેદે કહ્યું છે — અવગ્રહ, ઈહા, અપાય, ધારણા. તે અવગ્રહ શું છે ? અવગ્રહ બે ભેદે કહ્યો છે. નંદીસૂત્ર મુજબ "તે આ ધારણા" ત્યાં સુધી બધું કહેવું. તે આ આભિનિબોધિક જ્ઞાન છે.*

*તે શ્રુતજ્ઞાન શું છે ? શ્રુતજ્ઞાન બે ભેદે કહ્યું છે — અંગપ્રવિષ્ટ અને અંગ બાહ્ય. બધું નંદીસૂત્ર વત્ દૃષ્ટિવાદ સુધી કહેવું. અવધિજ્ઞાન ભવપ્રત્યયિક અને ક્ષાયોપશમિક છે, નંદીસૂત્રવત્ કહેવું. મનઃપર્યવજ્ઞાન ઋજુમતિ અને વિપુલમતિ બે ભેદે છે, પૂર્વવત્. કેવળજ્ઞાન, તે પ્રમાણે બધું જ કહેવું. તેમાં જે આભિનિબોધિકજ્ઞાનથી મનઃપર્યવજ્ઞાન છે, તે મારે છે. કેવળજ્ઞાન મારે નથી, તે અરિહંત ભગવંતોને જ હોય છે. આ ચતુર્વિધ છાદ્મસ્થિક જ્ઞાનો દ્વારા હે પ્રદેશી ! હું તારા આવા મનોગત યાવત્ સંકલ્પને જાણું છું - જોઉં છું.*

**● વિવેચન-૬૨ થી ૬૪ :-**

અશ્વોનો ખેદ, આપણી ગ્લાનિને સમ્યક્ દૂર કરીએ. જડ, મૂઢ, અપંડિત, નિર્વિજ્ઞાન શબ્દો એકાર્થિક છે, તે મૌખર્યના પ્રકર્ષના પ્રતિપાદનાર્થે કહ્યા છે. શોભા, લજ્જાયુક્ત છે - x - દેદીપ્યમાન શરીરવાળા છે. તેનું કારણ વિચારે છે - કયો આહાર કરે છે ? કુત્સિત અન્નથી આવી શરીરકાંતિ ન હોય. - x - આને ગ્રહણ કરેલ આહાર કઈ રીતે પરિણામ પામે છે ? શોભનાહાર છતાં મંદાગ્નિ હોય તો આવી કાંતિ ન થાય. વળી શું ખાય-પીએ છે ? શું આપે છે ? - x - જેથી આટલા લોકો પર્યુપાસે છે ? - x - x - તેના મોટા અવાજથી અહીં મારી જ ઉદ્યાન ભૂમિમાં હું સ્વેચ્છાએ વિચરવા શક્તિમાન થતો નથી.

આ પ્રમાણે પોતાના ચિત્તમાં ભાવના ભાવે છે. ચિત્ત સારથીને કહ્યું, ઈત્યાદિ. પરમ અવધિથી નીચેનું જ્ઞાન, અન્ન વડે પ્રાણ ધારણ કરનાર. જેમ કોઈ અંક-શંખ-મણિ રત્નનો વેપારી જકાત ન ચૂકવવાના વિચારથી સાચો માર્ગ પૂછતો નથી. એ પ્રમાણે તું પણ છે.

અવગ્રહ - શેષ કે વિશેષની વિવક્ષા વિના સામાન્ય રૂપના નિર્દેશ વિના રૂપાદિનું અવગ્રહણ. તેના અર્થગત અસદ્‌ભૂત-સદ્‌ભૂત વિશેષ આલોચના તે ઈહા. પ્રક્રાંત અર્થ વિશેષ નિશ્ચય તે અપાય. અવગત અર્થ વિશેષનું ધારણ તે ધારણા. શેષ 'નંદી' સૂત્ર મુજબ જાણવું.

**● સૂત્ર-૬૫,૬૬ :-**

*[૬૫] ત્યારે તે પ્રદેશી રાજાએ કેશીકુમાર શ્રમણને આમ પૂછ્યું — ભદંત ! હવે હું અહીં બેસું ? હે પ્રદેશી ! આ ઉદ્યાનભૂમિ તારી પોતાની છે, માટે તું જાણ.*



*ત્યારે તે પ્રદેશી રાજા, ચિત્ત સારથી સાથે કેશીકુમાર શ્રમણની કંઈક સમીપે બેઠો. કેશીકુમાર શ્રમણને કહ્યું —*

*ભદંત ! આપ શ્રમણ, નિર્ગ્રન્થોને આવી સંજ્ઞા, આવી પ્રતિજ્ઞા, આવી દૃષ્ટિ, આવી રુચિ, આવો ઉપદેશ, આવો સંકલ્પ, આવી તુલા, આવું માન, આવું પ્રમાણ કે આવું સમોસરણ છે કે — જીવ અન્ય છે અને શરીર અન્ય છે, જીવ એ જ શરીર નથી ? ત્યારે કેશીકુમારે તેને કહ્યું —*

*હે પ્રદેશી ! અમને શ્રમણ નિર્ગ્રન્થોને આવી સંજ્ઞા યાવત્ આવો સિદ્ધાંત છે કે જીવ અને શરીર જુદા છે, તે બંને એક નથી.*

*ત્યારે પ્રદેશીએ કેશીશ્રમણને કહ્યું — ભદંત ! તમને શ્રમણ નિર્ગ્રન્થોને જો આવી સંજ્ઞા યાવત્ સિદ્ધાંત છે કે જીવ અને શરીર બંને જુદા જ છે. તો મારા દાદા હતા, તે આ જ જંબૂદ્વીપ દ્વીપની સેયવિયા નગરીમાં અધાર્મિક યાવત્ પોતાના જ જનપદના સમ્યક્ કરભરવૃત્તિમાં પ્રવર્તતા ન હતા. તે આપની વક્તવ્યતા મુજબ ઘણાં જ પાપકર્મો કરી કલિકલુષ સમર્જિત કરી કાળમાસે કાળ કરીને કોઈ એક નરકમાં નૈરયિકપણે ઉત્પન્ન થાય. તે દાદાનો હું ઈષ્ટ, કાંત, પ્રિય, મનોજ્ઞ, સ્થૈર્ય, વિશ્વાસ્ય, સંમત, બહુમત, અનુમત, રત્નકરંડક સમાન જીવનના શ્વાસ સમ, હૃદયને આનંદ આપનાર, ઉંબરના પુષ્પ સમાન, નામ પણ શ્રવણ દુર્લભ હોય તો દર્શનનું કહેવું જ શું ? એવો પુત્ર હતો. તેથી જો મારા દાદા આવીને મને આ પ્રમાણે કહે કે —*

*હે પૌત્ર ! હું તારો દાદા હતો. આ જ સેયવિયાનગરીમાં અધાર્મિક યાવત્ સમ્યક્ કરભરવૃત્તિથી પ્રવર્તતો ન હતો. તે કારણે હું અતિ કલુષિત પાપકર્મો કરીને નરકમાં ઉત્પન્ન થયો છું. તેથી હે પૌત્ર ! તું અધાર્મિક ન થતો યાવત્ કરભરવૃત્તિમાં પ્રમાદ ન કરતો, તું આવા અનેક પાપકર્મો ન કરતો યાવત્ નરકમાં ઉપજીશ. તો જો મારા દાદા અહીં આવીને મને કહે તો હું આપના કથનની શ્રદ્ધા, પ્રતીતિ, રુચિ કરું કે જીવ અન્ય છે અને શરીર અન્ય છે, જીવ એ જ શરીર નથી. જ્યાં સુધી મારા દાદા આવીને આમ ન કહે, ત્યાં સુધી આયુષ્યમાન્ શ્રમણ ! મારી પ્રતિજ્ઞા સુપ્રતિષ્ઠિત છે. જીવ એ જ શરીર.*

*ત્યારે કેશી કુમારશ્રમણે પ્રદેશી રાજાને કહ્યું — હે પ્રદેશી ! તારે સૂર્યકાંતા નામે રાણી છે ? હા, છે. હે પ્રદેશી ! જો તું સૂર્યકાંતા રાણીને સ્નાન કરી, બલિકર્મ કરી, કૌતુક-મંગલ-પ્રાયશ્ચિત્ત કરી, સર્વાલંકારથી વિભૂષિત થઈ, કોઈ પુરુષ કે જે સ્નાન કરેલ યાવત્ સર્વાલંકાર વિભૂષિત હોય તેની સાથે ઈષ્ટ શબ્દ-સ્પર્શ-રસ-રૂપ-ગંધયુક્ત પંચવિધ માનુષી કામભોગ અનુભવતો હોય તે તું જોઈ લે, તો હે પ્રદેશી ! તું તે પુરુષનો શો દંડ નિશ્ચિત કર ?*

*ભદંત ! હું તે પુરુષના હાથ છેદી નાંખુ, તેને શૂળી ઉપર ચઢાવી દઉં, શૂળથી ભેદું, પગ છેદી નાંખુ, એક જ ઘા કરીને તેને જીવિતથી રહિત કરી દઉં. - - -હે પ્રદેશી ! હવે જો તે પુરુષ તને કહે કે — હે સ્વામી ! મુહૂર્ત માત્ર રોકાઈ*

જાઓ. ત્યાં સુધી મારા હાથ ન છેદશો યાવત્ મારી ન નાંખશો. ત્યાં સુધીમાં હું મારા મિત્ર, જ્ઞાતિ, નિજક, સ્વજન, સંબંધી, પરિજનને એમ કહું કે – દેવાનુપ્રિયો ! નિશ્ચે પાપ કર્મોને આચરીને હું આવા પ્રકારની આપત્તિમાં પડેલો છું તો હે દેવાનુપ્રિયો ! તમે કોઈ પાપકર્મ આચરશો નહીં, જેથી તમારે આ પ્રકારની આપત્તિની પ્રાપ્તિ થાય, જેવી મને થઈ છે. તો હે પ્રદેશી ! શું ક્ષણ માત્ર મારે પણ તે પુરુષની વાત તું માનીશ ? - - ના, તે અર્થ સમર્થ નથી. કેમકે તે પુરુષ અપરાધી છે.

એ પ્રમાણે જ હે પ્રદેશી ! તારા દાદા પણ છે, જેઓ આ જ સેયવિયા નગરીમાં અધાર્મિક યાવત્ સમ્યક્ કરભરવૃત્તિ પ્રવર્તતા ન હતા. તે અમારી વક્તવ્યતા મુજબ ઘણાં પાપ કરીને યાવત્ નરકે ઉપજ્યા છે. તું તે દાદાનો ઈષ્ટ, કાંત યાવત્ દુર્લભ પૌત્ર છો. જો કે તે જલ્દી મનુષ્ય લોકમાં આવવા ઈચ્છે છે, પણ ત્યાંથી આવવામાં સમર્થ નથી. કેમકે હે પ્રદેશી ! તત્કાલ નરકમાં નારકરૂપે ઉત્પન્ન જીવ શીઘ્ર જ ચાર કારણોથી મનુષ્યલોકમાં આવવા ઈચ્છે તો પણ ત્યાંથી આવી શકતા નથી.

(૧) નરકમાં તત્કાળ ઉત્પન્ન નૈરયિક ત્યાંની અત્યંત તીવ્ર વેદના વેદતા - - - (૨) નરકમાં તત્કાળ ઉત્પન્ન નૈરયિક નરકપાલો દ્વારા વારંવાર તાડિતાદિ કરતા - - - (૩) નરકમાં તત્કાળ ઉત્પન્ન નૈરયિક નરકવેદનીયકર્મ અક્ષીણ-અવેદિત-અનિર્જીર્ણ હોવાથી - - - (૪) એ રીતે નરકાયુષ્ કર્મ અક્ષીણ-અવેદિત-અનિર્જિણ હોવાથી - - - [આ ચાર કારણે] નારકી જીવ મનુષ્ય લોકમાં આવવાની ઈચ્છા રાખવા છતાં આવી શકતો નથી.

હે પ્રદેશી ! આ કારણે તું શ્રદ્ધા કર કે જીવ અન્ય છે, શરીર અન્ય છે. પણ જીવ એ જ શરીર થી.

[૬૬] ત્યારે તે પ્રદેશી રાજાએ કેશી કુમારશ્રમણને આમ કહ્યું – ભદંત ! આ બુદ્ધિ-ઉપમા છે કે આ કારણે આવતા નથી.

ભદંત ! નિશ્ચે મારા દાદી હતા, તે ધાર્મિક યાવત્ વૃત્તિ કરતાં શ્રાવિકા હતા, જીવાજીવના જ્ઞાતા હતા. બધું વર્ણન કરવું યાવત્ આત્માને ભાવિત કરતા વિચરતા હતા. તે આપની વક્તવ્યતા મુજબ ઘણું જ પુન્ય ઉપાર્જી-સંચય કરી કાળમાસે કાળ કરી કોઈ દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા છે. તે દાદીને હું ઈષ્ટ, કાંત યાવત્ દુર્લભ પૌત્ર હતો. તેથી જો તે દાદી અહીં આવીને મને કહે કે – હે પૌત્ર ! નિશ્ચે હું તારી દાદી, આ જ સેયવીયા નગરીમાં ધાર્મિક યાવત્ વૃત્તિ કરતી શ્રાવિકા યાવત્ વિચરતી હતી. ત્યારે મેં ઘણું પુન્ય સંચિત કરી - ઉપાર્જીને યાવત્ દેવલોકમાં ઉત્પન્ન થઈ, તો હે પૌત્ર ! તું પણ ધાર્મિક થઈને યાવત્ વિચર, તો તું પણ આ ઘણાં જ પુન્યના સંચય - ઉપાર્જનથી યાવત્ દેવલોકમાં ઉત્પન્ન થઈશ.

તો જ્યારે મારી દાદી આવીને મને કહેશે, તો હું શ્રદ્ધા, પ્રીતિ, રુચિ કરીશ



કે જીવ અન્ય છે - શરીર અન્ય છે. જીવ એ જ શરીર નથી, જો તે મારી દાદી આવીને આમ નહીં કહે તો "જીવ એ જ શરીર છે, પણ જીવ અને શરીર જુદા નથી, તે મારી પ્રતિજ્ઞા યોગ્ય જ છે.

ત્યારે કેશી કુમાર શ્રમણે પ્રદેશીરાજાને આમ કહ્યું – હે પ્રદેશી ! જો તું સ્નાન, બલિકર્મ, કૌતુકમંગલ પ્રાયશ્ચિત્ત કરી, ભીની ધોતી પહેરી, હાથમાં ભૃંગાર ધૂપ કડછો લઈને દેવકુળમાં પ્રવેશ કરતો હો, તે સમયે કોઈ પુરુષ વિષ્ટાગૃહમાં રહીને એમ કહે કે – હે સ્વામી ! મુહૂર્ત્ત માત્ર અહીં બેસો, ઉભો, નિષધા કરો, ત્વગ્ વર્તન કરો તો હે પ્રદેશી ! તું ક્ષણવાર માટે પણ આ વૃત્તાંત સ્વીકારીશ ? ના, તે ન સ્વીકારું. - - કેમ ? - - ભદંત ! તે સ્થાન અશુચિ અને અશુચિ વસ્તુથી ભરેલ છે.

આ પ્રમાણે હે પ્રદેશી ! તારી દાદી પણ આ જ સેયવિયા નગરીમાં ધાર્મિક યાવત્ વિચરતી હતી. તેણી અમારી વક્તવ્યતા મુજબ યાવત્ સ્વર્ગે ઉત્પન્ન થાય. તે દાદીનો તું પૌત્ર ઈષ્ટ આદિ પૌત્ર છો. તે મનુષ્યલોકમાં જલ્દી આવવા ઈચ્છે તો પણ આવી ન શકે.

હે પ્રદેશી ! ચાર કારણે તુરંતનો ઉત્પન્ન દેવ, દેવલોકથી મનુષ્ય લોકમાં આવવા ઈચ્છે, તો પણ આવી શકતો નથી. – (૧) અભિનવ ઉત્પન્ન દેવ દેવલોકમાં દિવ્ય કામભોગમાં મૂર્છિત, ગૃદ્ધ, ગ્રથિત, અત્યાસક્ત થઈ, તેઓ માનુષી ભોગોનો આદર કરતા નથી કે જાણતા નથી તેથી ઈચ્છવા છતાં મનુષ્યલોકમાં આવી શકતા નથી.

(૨) અભિનવ ઉત્પન્ન દેવ દેવલોકમાં દિવ્ય કામભોગમાં મૂર્છિત યાવત્ અત્યાસક્ત થઈ, તેને માનુષી પ્રેમ નષ્ટ થાય છે. દિવ્ય પ્રેમ સંક્રાંત થાય છે. તેથી યાવત્ અહીં આવી શકતો નથી.

(૩) અભિનવ ઉત્પન્ન દેવ દિવ્ય કામભોગમાં મૂર્છિત યાવત્ અત્યાસક્ત હોય, તેને એમ થાય કે હમણાં જઈશ, મુહૂર્તમાં જઈશ, તેટલામાં અહીં અલ્પાયુષ્ક મનુષ્યો કાળધર્મને પામે છે, તેથી૦

(૪) અભિનવ ઉત્પન્ન દેવ દિવ્ય કામભોગમાં યાવત્ અત્યાસક્ત હોય, તેને માનુષી વિશાળ દુર્ગંધ પ્રતિકૂળ અને પ્રતિલોમ થાય છે. ઉંચે પણ ૪૦૦-૫૦૦ યોજન અશુભ માનુષી ગંધ ઉછળતી હોય છે, તેથી તે મનુષ્યલોકમાં આવવા ઈચ્છે તો પણ આવી ન શકે.

આ કારણોથી હે પ્રદેશી ! અભિનવ ઉત્પન્ન દેવ દેવલોકથી મનુષ્યલોકમાં જલ્દી આવવા ઈચ્છે, તો પણ આવી શકતા નથી. તેથી હે પ્રદેશી ! તું શ્રદ્ધા કર કે જીવ અન્ય છે અને શરીર અન્ય છે૦

● વિવેચન-૬૫,૬૬ :-

સંજ્ઞા - સમ્યગ્જ્ઞાન, પ્રતિજ્ઞા-નિશ્ચયરૂપ અભિગમ, દૃષ્ટિ-દર્શન, સ્વતત્ત્વ. રુચિ-પરમ શ્રદ્ધાનુગત અભિપ્રાય. આ બધાં પદો "તમારું દર્શન" એવું દર્શાવે છે.

આ સદૈવ આપનો તાત્ત્વિક અધ્યવસાય છે. તુલાની જેમ તોલીને સમ્યગ્ અવધારાય છે. - x - x - x - આને જ માન અને પ્રમાણ કહ્યું છે. પ્રમાણ - જેમ પ્રત્યક્ષાદિ પ્રમાણ અવિસંવાદી છે, તેમ આવો 'અભ્યુપગમ' પણ અવિસંવાદી છે. આ સમવસરણ - બધાં તત્ત્વોનું આ ''અભ્યુપગમ''માં મીલન છે.

इष - ઈચ્છાવિષયક, कांत - કમનીયતમ, प्रिय - પ્રેમ નિબંધક, મનોજ્ઞ-મનથી સમ્યક્ ઉપાદેયથી જ્ઞાત, મનામ-મનથી ગમ્ય, સ્થૈર્ય-સ્થૈર્યગુણથી, વિશ્વાસક-વિશ્વાસ સ્થાન, સંમત, બહુમત - બહુપણાથી માન્ય, કાર્યવિઘાત પછી પણ અનુમત. રત્ન કરંડકવત્ એકાંતે ઉપાદેય. જીવિતના ઉત્સવ સમાન. હૃદયનંદિજનન આદિ.

सूलाइयं० ઈત્યાદિ. - x - શૂળ વડે ભિન્ન, એક જ ઘાત વડે - કૂટમાં પડેલ મૃગની જેમ ઘાત વડે. चउहिं ठाणेहिं - તેમાં એક ખૂબ જ વધુ નરકવેદના વેદન, બીજું પરમાધામી વડે કદર્થના, ત્રીજું-નરક વેદનીય કર્મના અ-ક્ષયથી ઉદ્વિજ, નરકાયુના અ-ક્ષયથી થયેલ.

ચાર કારણે દેવ ન આવે૦ તે સુગમ છે. જો કે નવયોજન પછી ગંધ પુદ્ગલો ઘ્રાણેન્દ્રિય ગ્રહણ યોગ્ય થતાં નથી. કેમકે પુદ્ગલોના મંદ પરિણામ અને ઘ્રાણેન્દ્રિયની તથાવિધ શક્તિનો અભાવ છે. પણ અહીં આગળ-આગળ ઉત્કટ ગંધ પરિણામથી પરિણમે છે માટે ૪૦૦-૫૦૦ યોજન કહ્યા. તેમાં ઘણાં મૃત કલેવરમાં ૫૦૦, બાકી ૪૦૦ યોજન છે.

● **સૂત્ર-૬૭ થી ૭૪ :-**

*[૬૭] ત્યારે તે પ્રદેશી રાજાએ કેશી કુમારશ્રમણને આમ કહ્યું કે — આ બુદ્ધિઉપમા છે કે આ કારણે આવતા નથી.*

*હે ભદંત ! હું અન્ય કોઈ દિને બાહ્ય ઉપસ્થાન શાળામાં અનેક ગણનાયક, દંડનાયક, ઈશ્વર, તલવર, માડંબિક, કૌટુંબિક, ઈભ્ય, શ્રેષ્ઠી, સેનાપતિ, સાર્થવાહ, મંત્રી, મહામંત્રી, ગણક, દૌવારિક અમાત્ય, ચેટ, પીઠમર્દક, નગર નિગમ, દૂત, સંધિપાલ સાથે પરીવરીને રહેલો હતો. ત્યારે મારા નગરરક્ષકે મુદ્દા-માલ-સાક્ષી સહિત ગરદન અને પાછળ બંને હાથ બાંધીને એક ચોરને લાવ્યા.*

*ત્યારે મેં તે પુરુષને જીવતો જ લોહ કુંભીમાં નાંખ્યો, લોઢાના ઢાંકણથી તેનું મુખ ઢાંકી દીધું. પછી ગરમ લોઢા અને શીશાનો તેના ઉપર લેપ કરી દીધો, દેખરેખ માટે વિશ્વાસ્થ પુરુષો મૂક્યા. પછી કોઈ દિને હું લોહકુંભી પાસે ગયો. જઈને તે લોહકુંભી ખોલાવી. ખોલાવીને મેં પોતે જોયું કે તે પુરુષ મરી ગયો હતો. તે લોહકુંભીમાં કોઈ છિદ્ર, વિવર કે રાઈ જેટલું પણ અંતર ન હતું. કે જેમાંથી તે પુરુષનો જીવ બહાર નીકળીને જાય. જો તે લોહકુંભીમાં કોઈ છિદ્ર યાવત્ દરાર હોત તો હે ભદંત ! હું માનત કે અંદર બંધ પુરુષનો જીવ બહાર નીકળેલ છે. તો હું શ્રદ્ધા-પ્રતીતિ-રુચિ કરત કે જીવ અન્ય છે અને શરીર અન્ય છે, જીવ એ જ શરીર નથી. પણ હે ભદંત ! તે કુંભીમાં કોઈ છિદ્ર આદિ ન હતું કે યાવત્ જીવ નીકળે, તેથી મારી પ્રજ્ઞા સુપ્રતિષ્ઠિત છે કે — જીવ એ જ શરીર છે, તે બંને જુદા નથી.*

*ત્યારે કેશી કુમારશ્રમણે પ્રદેશી રાજાને કહ્યું — હે પ્રદેશી ! જેમ કોઈ કુટાગાર શાળા હોય, બંને તરફ લિપ્ત હોય, ગુપ્ત હોય, ગુપ્તદ્વાર - નિર્વાત - ગંભીર હોય, હવે કોઈ પુરુષ ભેરી અને દંડ લઈને કૂટાગારશાળાની અંદર પ્રવેશે છે, પ્રવેશીને તે કૂટાગાર શાળામાં ચોતરફથી ઘન-નિચિત-નિરંતર-નિશ્છિદ્ર હોય, તેના દ્વારા આદિને બંધ કરી દે. તે કૂટાગારશાળાના બહુમધ્યદેશભાગે રહીને તે ભેરીને દંડ વડે મોટા-મોટા શબ્દોથી વગાડે, હે પ્રદેશી ! શું તે શબ્દો અંદરથી બહાર નીકળે છે ? - - હા, નીકળે છે.*

*હે પ્રદેશી ! તે કૂટાગાર શાળામાં કોઈ છિદ્ર યાવત્ દરાર છે કે જ્યાંથી તે શબ્દો અંદરથી બહાર નીકળે છે ? - - ના, તેમ નથી. આ પ્રમાણે હે પ્રદેશી ! જીવ પણ અપ્રતિહત ગતિ છે, પૃથ્વી-શિલા કે પર્વતને ભેદીને અંદરથી બહાર નીકળી જાય છે. તેથી હે પ્રદેશી ! તું શ્રદ્ધા કર કે જીવ અન્ય છે અને શરીર અનય છે, બંને એક નથી.*

*ત્યારે પ્રદેશી રાજાએ કેશીકુમારશ્રમણને આમ કહ્યું — ભદંત ! આ તમારી બુદ્ધિયુક્ત ઉપમા છે, પણ આ કારણે યુક્તિયુક્ત નથી. હે ભદંત ! નિશ્ચે હું અન્ય કોઈ દિને બાહ્ય ઉપસ્થાનશાળામાં યાવત્ રહ્યો હતો. ત્યારે મારા નગરરક્ષક સાક્ષી સહિત યાવત્ ચોરને પકડી લાવ્યા. ત્યારે મેં તે પુરુષને જીવિતથી રહિત કર્યો. કરીને એક લોહકુંભીમાં નાંખ્યો. નાખીને લોહ ઢાંકણથી બંધ કર્યો યાવત્ વિશ્વાસ્ય પુરુષોને રક્ષા કરવા મૂક્યા. પછી કોઈ દિને તે કુંભી પાસે ગયો. તે કુંભી ઉઘડાવી, ઉઘડાવતા તે લોહકુંભીને કૃમિકુંભી સમાન જોઈ. તે લોહ કુંભીમાં કોઈ છિદ્ર યાવત્ દરાર ન હતી, જેમાંથી તે જીવો બહારથી પ્રવેશે. જો તે કુંભીમાં કોઈ છિદ્રાદિ હોત યાવત્ જીવો પ્રવેશ્યા હોત તો હું શ્રદ્ધા કરત કે જીવ અન્ય છે અને શરીર અન્ય છે. પણ જે કારણે તે લોહકુંભીમાં કોઈ છિદ્ર યાવત્ દરાર ન હતી, છતાં જીવો પ્રવેશ્યા, તેથી મારી પ્રજ્ઞા સુપ્રતિષ્ઠિત છે કે જીવ એ જ શરીર છે.*

*ત્યારે કેશીકુમાર શ્રમણે પ્રદેશીરાજાને આમ કહ્યું — હે પ્રદેશી ! શું તે અગ્નિથી તપાવેલ લોઢું જોયેલ છે ? - - હા, જોયું છે. હે પ્રદેશી ! તપાવ્યા પછી શું તે લોઢું પૂર્ણપણે અગ્નિરૂપે પરિણત થઈ જાય છે ? હા, થઈ જાય છે. હે પ્રદેશી ! તે લોઢામાં કોઈ છિદ્ર આદિ છે, કે જેનાથી અગ્નિ બહારથી અંદર પ્રવેશ્યો ? - ના, તેમ નથી. એ પ્રમાણે હે પ્રદેશી ! જીવ પણ અપ્રતિહત ગતિ છે, પૃથ્વી કે શીલાદિ ભેદીને બહારથી અંદર પ્રવેશે છે. માટે તું શ્રદ્ધા કર, જીવ-શરીર ભિન્ન છે.*

*[૬૮] ત્યારે પ્રદેશી રાજાએ કેશીકુમાર શ્રમણને કહ્યું — ભદંત ! આ તમારી બુદ્ધિયુક્ત ઉપમા માત્ર છે, આ કારણે તે યુક્તિયુક્ત નથી. ભદંત ! જેમ કોઈ પુરુષ તરુણ યાવત્ શિલ્પ ઉપગત હોય, તે એક સાથે પાંચ બાણો ફેંકવામાં*

સમર્થ છે ? - - હા, સમર્થ છે. ભદંત ! જો તે જ પુરુષ બાળ યાવત્ મંદવિજ્ઞાનવાળો હોવા છતાં પાંચ બાણો એક સાથે ફેંકવામાં સમર્થ હોય તો હે ભદંત ! હું શ્રદ્ધાદિ કરી શકું કે જીવ અન્ય છે અને શરીર અન્ય છે. પણ તે બાલ, મંદવિજ્ઞાનવાળો પુરુષ પાંચ બાણ એક સાથે ફેંકવામાં સમર્થ નથી, તેથી હે ભદંત ! મારી ધારણા છે કે "જીવ અને શરીર એક જ છે" તે સુપ્રતિષ્ઠ છે.

ત્યારે કેશીકુમારશ્રમણે પ્રદેશી રાજાને કહ્યું કે – જેમ કોઈ પુરુષ તરુણ યાવત્ શિલ્પઉપગત હોય, તે નવું ધનુષ્, નવી જીવા, નવું બાણ લઈ, એક સાથે પાંચ બાણો ફેંકવામાં સમર્થ છે ? - - હા, છે. - - પણ તે તરુણ યાવત્ નિપુણ શીલ્પ ઉપગત પુરુષ જીર્ણ-શીર્ણ ધનુષ્, જીર્ણ જીવા અને જીર્ણ બાણથી એક સાથે પાંચ બાણો છોડવામાં સમર્થ છે ? ના, તે અર્થ સંગત નથી. - - કયા કારણે ? ભદંત ! તે પુરુષ પાસે અપર્યાપ્ત ઉપકરણ છે.

આ પ્રમાણે હે પ્રદેશી ! તે બાલ યાવત્ મંદવિજ્ઞાન પુરુષ અપર્યાપ્ત ઉપકરણથી પાંચ બાણ ફેંકવામાં સમર્થ નથી. તેથી હે પ્રદેશી ! તું શ્રદ્ધા કર કે જીવ અન્ય છે અને શરીર અન્ય છે.

[૬૯] ત્યારે પ્રદેશી રાજાએ કેશીકુમાર શ્રમણને કહ્યું – ભદંત ! આ તમારી બુદ્ધિયુક્ત ઉપમા માત્ર છે, પણ આ કારણે તે યુક્તિયુક્ત નથી. હે ભદંત ! આ તમારી બુદ્ધિયુક્ત ઉપમા માત્ર છે, પણ આ કારણે તે યુક્તિયુક્ત નથી. હે ભદંત ! જેમ કોઈ પુરુષ તરુણ યાવત્ શિલ્પ કુશળ હોય, તે એક મોટા લોહભારક, ત્રપુભારક, શીશાભારકને વહન કરવા સમર્થ છે ? હા, છે. - - હે ભદંત ! તે જ પુરુષ વૃદ્ધ હોય, જરા જર્જરીત દેહવાળો હોય, શિથિલ-કડચલી પડેલ અને અશક્ત હોય, હાથમાં લાકડી લઈ ચાલતો હોય, પ્રવિરલ-પરિસડિત દંત શ્રેણી હોય, રોગી-કૃશ-તરસ્યો-દુર્બળ-ક્લાંત હોય તો તે મોટા લોહભારકને યાવત્ વહન કરવા સમર્થ ન થાય. ભદંત ! જો તે જ પુરુષ જીર્ણ, જરા જર્જરિતદેહ યાવત્ પરિક્લાંત હોવા છતાં મોટો લોહભારને યાવત્ વહન કરવા સમર્થ થાય તો હું શ્રદ્ધા આદિ કરું કે શરીર અને જીવ જુદા છે. પણ જો તે જીર્ણ યાવત્ ક્લાંત પુરુષ મોટો લોહભારકને યાવત્ વહન કરવાને સમર્થ નથી તો મારી પ્રજ્ઞા સુપ્રતિષ્ઠ છે કે જીવ એ જ શરીર છે.

ત્યારે કેશી કુમારશ્રમણે પ્રદેશી રાજાને કહ્યું – જેમ કોઈ પુરુષ તરુણ યાવત્ શિલ્પકુશલ હોય, નવી કાવડથી - નવી રસ્સીથી બનેલ નવા સીક્કાથી અને નવી ટોકરીથી એક મોટા લોહભારકને યાવત્ વહન કરવામાં સમર્થ છે ? - - હા, છે. હે પ્રદેશી ! તે જ પુરુષ તરુણ યાવત્ શિલ્પકુશળ હોય, તે જીર્ણ-દુર્બળ-ઘૂણો ખાધેલ કાવડથી, જીર્ણ-શીર્ણ દુર્બળ-ઘૂણો ખાધેલ શિથિલ સિક્કા કે ટોકરા વડે એક મોટા લોહભારક આદિને લઈ જવામાં સમર્થ છે ?

હે ભદંત ! આ અર્થ સંગત નથી. કેમ ? - - ભદંત ! તે પુરુષના ઉપકરણ જીર્ણ છે. - - આ પ્રમાણે. હે પ્રદેશી ! તે પુરુષ જીર્ણ યાવત્ કલાંત, ઉપકરણયુક્ત



હોવાથી એક મોટા લોહભારને યાવત્ વહન કરવાને સમર્થ નથી. તેથી હે પ્રદેશી ! તું શ્રદ્ધાકર કે જીવ જુદો છે, અને શરીર જુદું છે.

[૭૦] ત્યારે તે પ્રદેશીએ કેશીશ્રમણને કહ્યું – ભદંત ! તમારી આ બુદ્ધિયુક્ત ઉપમા માત્ર છે યાવત્ યુક્તિયુક્ત નથી. ભદંત ! યાવત્ ત્યારે મારો નગરરક્ષક ચોરને લાવ્યો. ત્યારે મેં તે પુરુષનું જીવતા વજન કર્યું, પછી શરીરછેદ કર્યા વિના જ તેને મારી નાંખ્યો, પછી ફરી વજન કર્યું. તે પુરુષનું જીવતા કે મૃત્યુ પછીના વજનમાં કંઈ અંતર ન દેખાયુ. ન વજન વધ્યુ કે ઘટ્યુ, ન ભારે થયો કે ન હલકો થયો. ભદંત ! જો તે પુરુષનું જીવતા કે મર્યા પછીનું વજન, કંઈક જુદું કે યાવત્ લઘુ થયું હોત તો હું શ્રદ્ધા કરત કે જીવ અને શરીર જુદા છે. પણ તેના - x - વજનમાં કોઈ ભેદ કે લઘુપણું ન જોયું, તેથી મારી પ્રજ્ઞા સુપ્રતિષ્ઠિત છે કે – "જીવ એ જ શરીર છે."

ત્યારે કેશી કુમારશ્રમણે પ્રદેશી રાજાને કહ્યું – પ્રદેશી ! તેં કદી બસ્તીમાં હવા ભરી કે ભરાવી છે ? - - હા, - - હે પ્રદેશી ! તે બસ્તીને પૂર્ણ કે અપૂર્ણનું વજન કરતા, કંઈ જુદું કે લઘુ જણાયું ? - - ના, તે અર્થ સંગત નથી. એ પ્રમાણે હે પ્રદેશી ! જીવના અગુરુ-લઘુત્વને આશ્રીને જીવતા વજન કરો કે મૃત્યુ પછી કરો. તેમાં કોઈ ભેદ કે લઘુતા થતી નથી. તો પ્રદેશી ! તું શ્રદ્ધા કર - જીવ અને શરીર જુદા છે.

[૭૧] ત્યારે પ્રદેશીએ કેશી શ્રમણને કહ્યું – ભદંત ! આ બુદ્ધિયુક્ત તમારી પ્રજ્ઞા માત્ર છે, સ્વીકાર્ય નથી. હે ભદંત ! કોઈ દિવસે યાવત્ ચોરને લાવ્યો. મેં તે પુરુષને ચોતરફથી સારી રીતે જોયો, પણ તેમાં મને ક્યાય જીવ દેખાયો નહીં, પછી મેં તે પુરુષના બે ટુકડા કર્યા, કરીને ચોતરફથી અવલોક્યો, પણ તેમાં મને ક્યાંય જીવ ન દેખાયો. એ રીતે ત્રણ-ચાર-સંખ્યાત ફાડીયા કર્યા, પણ તેમાં મને ક્યાંય જીવ ન દેખાયો. હે ભદંત ! જો મને તે પુરુષના બે-ત્રણ-ચાર-કે સંખ્યાત ફાડીયા કરતા જીવ દેખાત, તો હું શ્રધ્ધા કરત કે જીવ અને શરીર જુદા છે. પણ - x - x - મને તેમાં જીવ ન દેખાયો, તેથી મારી પ્રજ્ઞા સુપ્રતિષ્ઠિત છે કે – જીવ એ જ શરીર છે.

ત્યારે કેશી શ્રમણે, પ્રદેશીને કહ્યું – હે પ્રદેશી તું મને તે તુચ્છ કઠિયારાથી પણ અધિક મૂઢ જણાય છે. - - ભદંત ! તે દીન કઠિયારો કોણ ? હે પ્રદેશી ! જેમ કોઈ વનમાં રહેનાર, વનોપજીવી, વન ગવેષણાથી આગ અને અંગીઠી લઈને લાકડીના વનમાં પ્રવેશ્યો ત્યારે તે પુરુષ તે અગ્રામિક યાવત્ કોઈ પ્રદેશ અનુપ્રાપ્ત થતાં એક પુરુષને કહ્યું – હે દેવાનુપ્રિય ! આપણે કાષ્ઠ અટવીમાં જઈએ છીએ. તું આ અંગીઠીથી આગ લઈને અમારે માટે ભોજન બનાવજે. જો અંગીઠીમાં આગ બુઝાઈ જાય, તો આ લાકડીથી આગ ઉત્પન્ન કરીને ભોજન બનાવી લેજે. એમ કહીને તેઓ કાષ્ઠ અટવીમાં પ્રવેશ્યા.

ત્યારે તે પુરુષે મુહૂર્તાન્તર પછી વિચાર્યુ કે ભોજન બનાવું. એમ વિચારી

અંગીઠી પાસે આવ્યો, તેમાં આગ બુઝાયેલ જોઈ તેથી તે પુરુષ કાષ્ઠ પાસે ગયો. તે કાષ્ઠને ચોતરફથી અવલોક્યુ. તેમાં અગ્નિ ન જોયો. પછી તે પુરુષે કમર કસી કુહાડી લીધી. તે કાષ્ઠના બે ફાડીયા કર્યા, ચોતરફથી અવલોક્યા, તેમાં ક્યાંય અગ્નિ ન જોયો. એ પ્રમાણે યાવત્ સંખ્યાત ફાડીયા કરીને ચોતરફથી અવલોકતા પણ તેમાં ક્યાંય અગ્નિ ન જોયો. ત્યારે તે પુરુષે તે કાષ્ઠમાં - x - ક્યાંય અગ્નિ ન જોતાં તે શ્રાંત, કલાંત, ખિન્ન, દુઃખી થઈ કુહાડીને એક બાજુ રાખી, કમર ખોલી મનોમન બોલ્યો – હું તે લોકો માટે કઈ રીતે ભોજન બનાવું ? એમ વિચારી, તે અપહત મનો સંકલ્પ, ચિંતા-શોક-સાગર પ્રવિષ્ટ, હથેળી ઉપર મુખ રાખી, આર્તધ્યાન પામી, ભૂમિ તરફ દૃષ્ટિ રાખી ચિંતામગ્ન થઈ ગયો.

ત્યારપછી તે પુરુષો કાષ્ઠને છેદીને, તે પુરુષ પાસે આવ્યા, તે પુરુષને અપહત મનોસંકલ્પ યાવત્ ચિંતામગ્ન જોઈને કહ્યું – તું અપહત મનો સંકલ્પ યાવત્ ચિંતામગ્ન કેમ છે ? ત્યારે તે પુરુષે કહ્યું – તમે કાષ્ઠની અટવીમાં પ્રવેશતા મને એમ કહેલું - x - મુહૂર્ત પછી ભોજન તૈયાર કરજે યાવત્ પૂર્વવત્ હું ચિંતામાં છું.

ત્યારે તે પુરુષોમાં એક છે, દક્ષ, પ્રાપ્તાર્થ યાવત્ ઉપદેશલબ્ધ પુરુષે પોતાના સાથીઓને કહ્યું – તમે જાઓ, સ્નાન અને બલિકર્મ કરી યાવત્ જલ્દી પાછા આવ્યો. ત્યાં સુધીમાં હું ભોજન તૈયાર કરું. એમ કહી કમર બાંધી, કુહાડી લીધી, સર બનાવ્યુ, સરથી અરણી ઘસીને આગ પ્રગટાવી, પછી તેને સંધુકીને અગ્નિ પ્રજ્વલિત કરી, ભોજન બનાવ્યુ. ત્યારપછી તે પુરુષો સ્નાન, બલિકર્મ યાવત્ પ્રાયશ્ચિત્ત કરી, તે પુરુષ પાસે આવ્યા. પછી તે બધાં પુરુષો ઉત્તમ સુખાસને બેઠા, તે પુરુષ વિપુલ અશનાદિ લાવ્યો. ત્યારે તે પુરુષો તે વિપુલ અશનાદિ આસ્વાદતા, વિસ્વાદતા યાવત્ વિચરે છે.

જમીને આચમનાદિ કરી, સ્વચ્છ, શુદ્ધ થઈને પોતાના પહેલા સાથીને કહ્યું – તું જડ, મૂઢ, અપંડિત, નિર્વિજ્ઞાન, અનુપદેશ લબ્ધ છો, જેથી તેં કાષ્ઠ ટુકડામાં આગ જોવાની ઈચ્છા કરી. હે પ્રદેશી ! તું આ પ્રમાણે તે તુચ્છ કઠિયારા જેવો મૂઢ છે.

[૭૨] ત્યારે તે પ્રદેશીએ કેશી શ્રમણને કહ્યું – ભદંત ! તે યુક્ત છે, આપ જેવા છેક, દક્ષ, બુદ્ધ, કુશલ, મહામતી, વિનીત, વિજ્ઞાનપ્રાપ્ત, ઉપદેશલબ્ધનું મને આ અતિ વિશાળ પર્ષદા મધ્યે નિષ્ઠુર શબ્દોનો પ્રયોગ - ભર્ત્સના-પ્રતિતાડન-ધમકાવવું યોગ્ય છે ? ત્યારે કેશી શ્રમણે, પ્રદેશી રાજાને આમ પૂછ્યું –

હે પ્રદેશી ! તું જાણે છે કે પર્ષદા કેટલી છે ? ભદંત ! ચાર. તે આ – ક્ષત્રિયપર્ષદા, ગાથાપતિપર્ષદા, બ્રાહ્મણપર્ષદા, ઋષિપર્ષદા. - - હે પ્રદેશી ! તું જાણે છે કે આ ચાર પર્ષદાના અપરાધી માટે શું દંડનીતિ કહી છે ?

હા, જાણું છું. જે ક્ષત્રિયપર્ષદાનો અપરાધ કરે છે તેના હાથ, પગ કે માથુ





છેદી નંખાય છે, શૂળીએ ચડાવાય છે અથવા એક જ પ્રહારથી કચળીને પ્રાણ રહિત કરી દેવાય છે.

જે ગાથાપતિ પર્ષદાનો અપરાધ કરે છે, તેને તૃણ, વેઢ, પલાલથી વીંટીને અગ્નિકાયમાં નાંખી દેવાય છે - - જે બ્રાહ્મણ પર્ષદાનો અપરાધ કરે છે, તે અનિષ્ટ, અકાંત યાવત્ અમણામ શબ્દો વડે ઉપાલંભ દઈને કુંડિકા કે કુતરાના ચિહ્નથી લાંછિત કરાય છે કે દેશ નિકાલની આજ્ઞા કરાય છે. જે ઋષિપર્ષદાનો અપરાધ કરે છે તેને ન અતિ અનિષ્ટ કે ન અતિ અમનોજ્ઞ શબ્દોથી ઉપાલંભ અપાય છે. - - - આ પ્રમાણે હે પ્રદેશી ! તું જાણે છે, તો પણ તું મારા પ્રતિ વિપરીત, પરિતાપજનક, પ્રતિકૂળ, વિરુદ્ધાદિ વ્યવહાર કરે છે !

ત્યારે પ્રદેશી રાજાએ કેશીકુમાર શ્રમણને એમ કહ્યું – ભદંત ! આપની સાથે પ્રથમ વાર્તાલાપ થયો ત્યારે મારા મનમાં આવો વિચાર યાવત્ સંકલ્પ ઉત્પન્ન થયો કે જેમ જેમ હું આ પુરુષની વિપરીત યાવત્ સર્વથા વિપરીત વ્યવહાર કરીશ, તેમ તેમ હું જ્ઞાન-જ્ઞાનલાભ, કરણ-કરણલાભ, દર્શન-દર્શનલાભ, જીવ-જીવલાભને પ્રાપ્ત કરીશ. આ કારણે હે દેવાનુપ્રિય ! હું આપની વિરુદ્ધ વર્તતો હતો.

ત્યારે કેશી શ્રમણે પ્રદેશીને પૂછ્યું – હે પ્રદેશી ! તું જાણે છે કે વ્યવહારકર્તા કેટલા પ્રકારે છે ? હા, જાણું છું. વ્યવહાર ચાર ભેદે છે – (૧) દાન દે પણ પ્રીતિયુક્ત ન બોલે, (૨) સંતોષપ્રદ બોલે પણ દાન ન દે, (૩) દાન દે અને પ્રીતિયુક્ત પણ બોલે, (૪) બંને ન કરે.

હે પ્રદેશી ! તું જાણે છે કે આ ચાર પુરુષોમાં કોણ વ્યવહારી છે અને કોણ અવ્યવહારી છે ? હા, જાણું છું. જે પુરુષ આપે છે પણ સંભાષણ કરતો નથી તે વ્યવહારી છે, એ રીતે બીજા અને ત્રીજા પ્રકારના પુરુષ વ્યવહારી છે, જે ચોથા પ્રકારનો છે, તે અવ્યવહારી છે. - - આ પ્રમાણે હે પ્રદેશી ! તું વ્યવહારી છે, અવ્યવહારી નથી.

[૭૩] ત્યારે પ્રદેશી રાજાએ કેશીકુમાર શ્રમણને કહ્યું – ભદંત ! આપ, છે, દક્ષ યાવત્ ઉપદેશ લબ્ધ છો. મને હથેળીમાં રહેલ આમળા માફક શરીરની બહાર જીવને કાઢીને દેખાડવામાં સમર્થ છો ? તે કાળે, તે સમયે પ્રદેશી રાજાની કંઈક સમીપે વાયુ વડે સંવૃત્ત તૃણ વનસ્પતિકાય કંપે છે, વિશેષ કંપે છે, ચાલે છે, સ્પંદિત થાય છે, ઘટ્ટિત, ઉદીરિત થાય છે, તે - તે ભાવે પરિણમે છે.

ત્યારે કેશી શ્રમણે પ્રદેશીને કહ્યું – હે પ્રદેશી ! તું આ તૃણ વનસ્પતિઓને કંપતી યાવત્ તે તે ભાવે પરિણમતી જુએ છે ? હા, જોઉં છું. હે પ્રદેશી ! તું જાણે છે કે તેને કોઈ દેવ, અસુર, નાગ, કિંનર, કિંપુરુષ, મહોરગ કે ગંધર્વ ચલિત કરે છે ? - - હા, જાણું છું. દેવ યાવત્ ગંધર્વ ચલિત નથી કરતા, વાયુકાયથી ચલિત થાય છે.

હે પ્રદેશી ! શું તું તે મૂર્ત-કામ-રાગ-મોહ-વેદ-લેશ્યા અને શરીરધારી વાયુના રૂપે જુએ છે ? ના, તે અર્થ સંગત નથી. હે પ્રદેશી ! જો, તું આ

વાયુકાયના સરૂપી યાવત્ સશરીરના રૂપને જોતો નથી, તો પ્રદેશી ! હું તને હાથમાં આમળાવત્ જીવ કેમ દેખાડું ?

હે પ્રદેશી ! દશ સ્થાનોને છદ્મસ્થ મનુષ્ય સર્વભાવથી જાણતા-જોતા નથી. તે આ — ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, અશરીરબદ્ધ જીવ, પરમાણુપુદ્ગલ, શબ્દ, ગંધ, વાયુ, આ જિન થશે કે નહીં ?, આ સર્વ દુઃખોનો અંત કરશે કે નહીં ? આ બધું ઉત્પન્ન જ્ઞાન-દર્શનધર અરહંત જિન કેવલી સર્વભાવથી જાણે છે - જુએ છે. તે આ - ધર્માસ્તિકાય યાવત્ અંત કરશે કે નહીં. તો હે પ્રદેશી ! તું શ્રદ્ધા કર કે જીવ અન્ય છે અને શરીર અન્ય છે.

[૭૪] ત્યારે તે પ્રદેશીરાજાએ કેશીકુમાર શ્રમણને કહ્યું — ભદંત ! હાથી અને કુંથુનો જીવ સમાન છે ? હા, પ્રદેશી ! - x - છે ભદંત ! હાથીથી કુંથુઓ અલ્પકર્મ, અલ્પક્રિય, અલ્પાશ્રવી છે અને એ રીતે આહાર, નિહાર, શ્વાસોચ્છ્વાસ, ઋદ્ધિ, ધુતિ અલ્પ છે અને કુંથુઆથી હાથી મહાકર્મી, મહાક્રિયાવાળો યાવત્ છે ? હા, પ્રદેશી ! - x - તેમજ છે.

ભદંત ! હાથી અને કુંથુનો જીવ સમાન કઈ રીતે છે ? પ્રદેશી ! જેમ કોઈ કૂટાગારશાળા હોય યાવત્ ગંભીર હોય. હવે કોઈ પુરુષ અગ્નિ અને દીવો લઈને તે કૂટાગાર શાળામાં અંદર પ્રવેશે. તે શાળાને ચારે તરફથી ઘન-નિચિત-નિરંતર, છિદ્રો, દ્વાર આદિ બંધ કરે. તે શાળાના બહુમધ્યદેશભાગે તે દીવો પ્રગટાવે. ત્યારે તે દીવો તે કૂટાગાર શાળાને અંદર અંદર અવભાસિત, ઉધોતીત, તાપિત, પ્રભાસિત કરે છે, પણ બહાર નહીં. હવે તે પુરુષ તે દીવાને પિટારીથી ઢાંકી દે, ત્યારે તે દીવો તે પિટારીને અંદરથી અવભાસે છે, પણ પિટારીની બહારની કૂટાગારશાળાને નહીં. એ રીતે ગોકિલિંજ, ગંડમાણિકા, પચ્છિપિંડક, આઢક, અર્દ્ધાઢિક, પ્રસ્થક, અર્દ્ધપ્રસ્થક, અષ્ટભાગિકા, ચતુર્ભાગિકા, ષોડશિકા, છત્રિશિકા, ચૌસઠિકા કે દીપચંપકથી ઢાંકે તો ત્યારે તે દીવો દીપચંપકની અંદર અવભાસિતાદિ કરે છે, બહાર નહીં. એ રીતે ચૌસઠિકા બહાર નહીં, કૂટાગારશાળા બહાર નહીં. એ પ્રમાણે હે પ્રદેશી ! જીવે પણ જેવા પ્રકારે પૂર્વકર્મબદ્ધ શરીર પામે, તે અસંખ્યાત જીવપ્રદેશથી લઘુ કે મહા એ રીતે સચિત્ત કરે છે. તો તું શ્રદ્ધા કર, હે પ્રદેશી ! જીવ અન્ય છે અને શરીર અન્ય છે.

● વિવેચન-૬૭ થી ૭૪ :-

ભદંત ! પ્રજ્ઞા - બુદ્ધિ વિશેષથી ઉપમા. ગણનાયક-પ્રકૃતિ મહત્તર, દંડનાયક-તંત્રપાલ, રાજા-ઈશ્વર૦ આદિનું સ્વરૂપ પૂર્વે કહેલ છે. અમાત્ય-રાજ્યાધિષ્ઠાયક, ચેટા-પાદમૂલિકા, નગર-નગરનિવાસી પ્રજા, નિગમ-કારણિક, દૂત-બીજે જઈને રાજાદેશના નિવેદક, સંધિપાલ-રાજ્ય સંધિરક્ષક, નગરગુત્તિય - નગર રક્ષા કરનાર. સસક્ખં - સાક્ષિ સહિત, સહોઢ-સલોદ્ર, સગેવેજ્જ-ગળામાં બાંધેલ કિંચિત્ લોદ્ર. અવાઉડ-અપ્રાવૃત્ત બંધનબદ્ધ ચૌર. ભેરી-ઢક્કા, દંડ-વાદનદંડ.

દેઈ-દાન આપે છે, સમ્યક્ આલાપથી સંતોષતા નથી. ચતુર્ભંગી પાઠ સિદ્ધ છે



- x - ભલે તું સમ્યક્ આલાપથી મને સંતોષતો નથી, તો પણ મારા પ્રત્યે ભક્તિબહુમાન કરતા આધ પુરુષવત્ વ્યવહારી છો, અવ્યવહારી નહીં. મૂઢતર૦ એ વચનથી જે કાલુષ્ય પ્રાપ્ત કરેલ છે, તેને દૂર કરી પરમ સંતોષ પ્રાપ્ત કર્યો.

કુંથુઆ અને હાથીનું પ્રદેશોથી તુલ્યત્વ છે. માત્ર સંકોચ કે વિકોચ ધર્મત્વથી કુંથુ-હાથીમાં ભેદ છે. - x - તેને અહીં લક્ષમાં ન લેવો. તે માટે અહીં દીવાનું દૃષ્ટાંત કહે છે. कर्म्म - આયુષ્ક લક્ષણ, क्रिया - કાયિકી આદિ, आश्रव - પ્રાણાતિપાતાદિ. - x - इड्डुरक - મોટી પેટી, જેમાં બધી રસોઈ રખાય છે. ગોકલિંજ-જેમાં ગાયનું ભોજન રખાય છે. - x - x - આઢક, અર્ધાઢક ઈત્યાદિ મગધદેશ પ્રસિદ્ધ ધાન્યનું પ્રમાણ વિશેષ છે. ચતુર્ભાગિકા ઈત્યાદિ માગધ દેશ પ્રસિદ્ધ જ રસમાન વિશેષ છે. दीपचंपक - દીવાનું ઢાંકણ. - x -

● સૂત્ર-૭૫ થી ૮૦ :-

[૭૫] ત્યારે પ્રદેશી રાજાએ કેશી કુમારશ્રમણને કહ્યું — ભદંત ! નિશ્ચે. મારા દાદાની આ સંજ્ઞા યાવત્ સિદ્ધાંત હતો કે જીવ એ જ શરીર છે, જીવ જુદો અને શરીર જુદું નથી. ત્યારપછી મારા પિતાની પણ આ સંજ્ઞા હતી, પછી મારી પણ આ સંજ્ઞા અને સિદ્ધાંત હતો. તેથી હું ઘણા પુરુષ પરંપરાગત કુળ નિશ્રિત દૃષ્ટિ છોડીશ નહીં.

ત્યારે કેશીશ્રમણે પ્રદેશીને કહ્યું — હે પ્રદેશી ! તું તે લોહ-વણિકની જેમ પશ્ચાનુતાપિત ન થઈશ. - - ભદંત ! તે લોહવણિક કોણ છે ? હે પ્રદેશી ! તે કોઈ પુરુષ અર્થાર્થી, અર્થગવેસી, અર્થલુબ્ધક, અર્થ કાંક્ષિત, અર્થપિપાસુ, અર્થગવેષણાર્થે વિપુલ પ્રણિત ભાંડમાત્રથી ઘણાં જ ભોજન-પાન પાથેય લઈને એક મોટા અકામિત, છિન્નાપાત, દીર્ઘમાર્ગી અટવીમાં પ્રવેશ્યા. ત્યારે તે પુરુષો તે અકામિત અટવીના કોઈ દેશને પ્રાપ્ત કરી એક મોટી લોહ ખામને જુએ છે. તે ચોતરફ લોઢા વડે આકીર્ણ, વિસ્તીર્ણ, સચ્છડ, ઉવચ્છડ, સ્ફૂટ, ગાઢ, અવગાઢને જુએ છે, જોઈને હૃષ્ટ-તુષ્ટ યાવત્ હૃદયી થઈ એકબીજાને બોલાવીને કહ્યું — હે દેવાનુપ્રિયો ! લોહભાંડ ઈષ્ટ, કાંત યાવત્ મણામ છે. તો આપણે શ્રેયકર છે કે આપણે લોહભાર બાંધી લઈએ, એમ કહી પરસ્પર આ વાત સ્વીકારીને લોહભાર બાંધીને અનુક્રમે આગળ ચાલ્યા.

ત્યારપછી તે પુરુષો અકામિત યાવત્ અટવીમાં કોઈ દેશને પામીને એક મોટી શીશાની ખાણને જુએ છે, બધું પૂર્વવત્ કહેવું. યાવત્ બોલાવીને કહ્યું — હે દેવાનુપ્રિયો ! શીશાના ભાંડ યાવત્ મણામ છે. અલ્પ એવા શીશાથી ઘણું લોઢું મેળવીશું. આપણે શ્રેયકર છે કે લોહભાર છોડીને શીશાનો ભારો બાંધીએ. પરસ્પર આ વાત સ્વીકારી લોહભારને છોડે છે અને શીશાનો ભારો બાંધે છે. તેમાં એક પુરુષ લોહભાર છોડીને શીશાનો ભારો બાંધવા સમર્થ ન થયો. ત્યારે તે પુરુષો, તે પુરુષને કહે છે — શીશાના ભાંડથી યાવત્ ઘણું લોઢું મળશે, તો લોહભારક છોડી દે અને શીશાનો ભારક બાંધી લે. ત્યારે તે પુરુષે કહ્યું — આ

લોહભાર દૂરાહત, ચિરાહત છે. મારે આ લોઢું અતિગાઢ બંધન બદ્ધ, અસિલિષ્ટ બંધનબદ્ધ, ઘણિય બંધનબદ્ધ છે, હું તેને છોડી શકતો નથી. - x -

ત્યારે તે પુરુષો, તે પુરુષને ઘણી આઘવણા, પ્રજ્ઞાપના વડે કહેવા-સમજાવવા સમર્થ ન થયા, ત્યારે અનુક્રમે આગળ ચાલ્યા. એ પ્રમાણે તાંબાની, રૂપાની, સોનાની, રત્નોની, વજ્રની ખાણો કહેવી.

ત્યારપછી તે પુરુષો પોતાના જનપદમાં, પોતાના નગરમાં આવ્યા, આવીને વજરત્નનો વિક્રય કરીને ઘણાં દાસી, દાસ, ગાય, ભેંસ, ઘેટાં લીધા. લઈને આઠ માળ ઉંચો પ્રાસાદ કરાવી, સ્નાન-બલિકર્મ કરી ઉપરના પ્રાસાદમાં સ્ફૂટ થતાં મૃદંગમસ્તક, બત્રીસ બદ્ધ નાટક, શ્રેષ્ઠ તરુણીયુક્ત નૃત્યાદિ કરાતા અને ઈષ્ટ શબ્દ, સ્પર્શાદિથી વિચરે છે.

ત્યારે તે પુરુષ લોહભારક લઈ પોતાના નગરે આવ્યો. લોહભારક લઈને લોઢાનો વેપાર કરીને તે અલ્પમૂલ્યક હોવાથી તેને થોડું ધન મળ્યું. તેણે પોતાના સાથીઓને ઉપરના શ્રેષ્ઠ પ્રાસાદમાં યાવત્ વિચરતા જોયા, જોઈને બોલ્યો — અહો ! હું અધન્ય, અપુન્ય, અકૃતાર્થ, અકૃતલક્ષણ હ્રી-શ્રી વર્જિત, હીનપુન્ય ચૌદશીયો, દુરંત-પ્રાંત લક્ષણ છું. જેથી હું મિત્ર, જ્ઞાતિક, નિજકની વાત માની હોત તો હું પણ ઉપરી પ્રાસાદમાં યાવત્ વિચરત. તેથી હે પ્રદેશી ! એમ કહ્યું કે — તું પશ્ચાનુતાપિત થઈશ, જેમ તે લોહભારક થયો.

[૭૬] આથી તે પ્રદેશી રાજા બોધ પામ્યો. કેશી શ્રમણને વંદન કર્યુ યાવત્ આમ કહ્યું — ભદંત ! હું પશ્ચાનુતાપિત નહીં થાઉં, જેમ તે લોહભારક થયો. હું આપની પાસે કેવલિપ્રજ્ઞપ્ત ધર્મ સાંભળવા ઈચ્છું છું. - - હે દેવાનુપ્રિય ! સુખ ઉપજે તેમ કર, પ્રતિબંધ ન કર. ચિત્રની જેમ ધર્મકથા. તેમજ ગૃહીધર્મ સ્વીકાર્યો, સ્વીકારીને જ્યાં સેયવિયા નગરી છે, ત્યાં જવાને પ્રવૃત્ત થયો.

[૭૭] ત્યારે કેશીશ્રમણે પ્રદેશીને કહ્યું — પ્રદેશી ! તું જાણે છે કે આચાર્યો કેટલા પ્રકારે છે ? - - હા, જાણું છું. આચાર્યો ત્રણ પ્રકારે છે — કલાચાર્ય, શિલ્પાચાર્ય, ધર્માચાર્ય. હે પ્રદેશી ! તું જાણે છે કે આ ત્રણે આચાર્યોમાં કોની કેવી વિનય પ્રતિપત્તિ કરવી જોઈએ ? હા, જાણું છું, કલાચાર્ય અને શિલ્પાચાર્યને ઉપલેપન કે સંમાર્જન કરવું જોઈએ. સામે પુષ્પાદિ મૂકવા, મજ્જન-મંડન-ભોજન કરાવવું જોઈએ. જીવિત યોગ્ય વિપુલ પ્રીતિદાન દેવું, પુત્રાનુપુત્રિક વૃત્તિ આપવી જોઈએ. જ્યારે ધર્માચાર્યને જોતાં ત્યાં જ વંદન-નમન-સત્કાર-સન્માન કરવા જોઈએ, કલ્યાણ-મંગલ-દેવ-ચૈત્યરૂપ તેમને પર્યુપાસવા, પ્રાસુક, એષણીય અશન-પાન-ખાદિમ-સ્વાદિમથી પડિલાભવા. પ્રાતિહારિક પીઠ, ફલક, શય્યા, સંસ્તારકથી નિમંત્રણા કરવી.

હે પ્રદેશી ! તું ત્યારે આમ જાણે છે, તો પણ તું મારા પ્રત્યે પ્રતિકૂળ વ્યવહાર કરતો રહ્યો, તેને માટે ક્ષમા માંગ્યા વિના જ સેયવિયા નગરીએ જવાને પ્રવૃત્ત થઈ રહ્યો છે ?



ત્યારે પ્રદેશી રાજાએ કેશીશ્રમણને કહ્યું — ભદંત ! નિશ્ચે મને આવા સ્વરૂપનો મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો છે કે — હું આપના પ્રતિ પ્રતિકૂળ યાવત્ વર્ત્યો, તો તે શ્રેયકર છે કે હું કાલે રાત્રિ વિત્યા પછી પ્રભાત થતા યાવત્ તેજથી જાજ્વલ્યમાન્ સૂર્ય થતાં અંતઃપુર, પરિવાર સાથે પરીવરીને આપને વાંદુ-નમું. આ વૃત્તાંતને માટે સારી રીતે વિનયપૂર્વક ખમાવું. એમ કહી જ્યાંથી આવેલ ત્યાં પાછો ગયો.

ત્યાર પછી તે પ્રદેશી રાજા બીજે દિવસે, રાત્રિ વીત્યા પછી પ્રભાત થતાં યાવત્ તેજથી જાજ્વલ્યમાન સૂર્ય થતાં હૃષ્ટ-તુષ્ટ યાવત્ હૃદયી થઈ કોણિકરાજાની જેમ નીકળ્યો. અંતઃપુર, પરિવાર સાથે પરીવરીને પંચવિધ અભિગમથી વાંદી-નમી, ઉક્ત અર્થ માટે વારંવાર ખમાવ્યા.

[૭૮] ત્યારે કેશીશ્રમણે પ્રદેશીરાજાને, સૂર્યકાંતાદિ રાણીને અને અતિ વિશાળ પર્ષદાને યાવત્ ધર્મ કહ્યો. ત્યારે તે પ્રદેશી રાજા ધર્મ સાંભળી, અવધારીને ઉત્થાનથી ઉઠે છે. ઉઠીને કેશી શ્રમણને વંદન-નમન કરીને સેયવિયા નગરી જવાને પ્રવૃત્ત થયો. ત્યારે કેશીશ્રમણે પ્રદેશી રાજાને આમ કહ્યું —

હે પ્રદેશી ! તું પહેલાં રમણીય થઈ પછી અરમણીય બનતો નહીં, જેમ તે વનખંડ, નાટ્યશાળા, ઈક્ષુવાડ કે ખલવાડ. ભદંત ! તે કઈ રીતે ? - - વનખંડ પાન, પુષ્પ, ફળ, હરિતકથી અતિ સોહામણુ અને શ્રી વડે અતિ શોભતું રહેલ હોય છે, તે વનખંડ રમણીય લાગે છે. જ્યારે વનખંડ પત્રિત, પુષ્પિત, ફલિત આદિ વડે શોભતું હોતું નથી, ત્યારે જીર્ણ, ઝડેલ-સડેલ પાંડુ પત્રવાળુ, શુષ્ક-રૂક્ષની જેમ મ્લાન થઈને રહે છે ત્યારે રમણીય ન લાગે.

એમ નૃત્યશાળા પણ જ્યાં સુધી ગાજતી-વાગતી-નાચતી-હસતી-રમતી હોય છે, ત્યાં સુધી રમણીય લાગે છે. પણ જ્યારે નૃત્યશાળા ગાજતી યાવત્ રમતી હોતી નથી ત્યારે તે અરમણીય લાગે છે..ઈક્ષુવાડમાં શેરડી કપાતી, ભેદાતી, સીઝતી, પીલાતી, અપાતી હોય ત્યારે તે રમણીય લાગે છે, પણ જ્યારે છેદાતી આદિ ન હોય ત્યારે યાવત્ રમણીય ન લાગે.

ખલવાડમાં જ્યારે ધાન્યના ઢગલા હોય, ઉડાવની, મર્દન-ખાદન-પીલણ-લેણદેણ થતી હોય ત્યારે તે રમણીય લાગે છે, જ્યારે ખલવાડમાં ધાન્યાદિ ન હોય યાવત્ અરમણીય લાગે.

તે કારણે હે પ્રદેશી ! એમ કહ્યું કે તું પહેલા રમણીય થઈ, પછી અરમણીય થતો નહીં, જેમ તે વનખંડ. ત્યારે પ્રદેશીએ કેશીશ્રમણને કહ્યું — ભદંત ! હું પહેલા રમણીય અને પછી અરમણીય થઈશ નહીં, જેમ તે વનખંડ યાવત્ ખલવાડ. હું સેયવિયા નગરી આદિ ૭૦૦૦ ગામોના ચાર વિભાગ કરીશ, એક ભાગ સૈન્ય અને વાહનને આપીશ, એક ભાગ કોઠારમાં રાખીશ, એક ભાગ અંતઃપુરમાં આપીશ, એક ભાગ વડે અતિ વિશાળ કૂટાગારશાળા કરીશ, ત્યાં ઘણાં પુરુષોને દૈનિક મૂલ્ય અને ભોજનથી રાખી વિપુલ અશનાદિ તૈયાર કરાવીશ,

*ઘણાં શ્રમણ-બ્રાહ્મણ-ભિક્ષુક-પંથિક પથિતનો ભાગ કરતો ઘણાં શીલ, ગુણ, વ્રત, વેરમણ, પ્રત્યાખ્યાન પૌષધોપવાસ કરતો યાવત્ વિચરીશ, એમ કહીને જ્યાંથી આવેલ ત્યાં પાછો ગયો.*

*[૭૯] ત્યારે તે પ્રદેશી રાજા બીજા દિવસે યાવત્ સૂર્ય તેજથી જાજ્વલ્યમાન થતા સેયવિયા આદિ ૭૦૦૦ ગામોના ચાર ભાગ કરે છે. એક ભાગ સૈન્ય અને વાહનને આપે છે. યાવત્ કૂટાગારશાળા કરે છે. ત્યાં ઘણાં પુરુષો વડે યાવત્ તૈયાર કરાવે છે, ખવડાવતા અને ઘણાં શ્રમણને યાવત્ ભાગ કરતા વિચરે છે.*

*[૮૦] ત્યારપછી તે પ્રદેશીરાજા શ્રાવક થઈ, જીવાજીવનો જ્ઞાતા થઈ વિચરે છે. જ્યારથી પ્રદેશી રાજા શ્રાવક થયો ત્યારથી રાજ્ય, રાષ્ટ્ર, સૈન્ય, વાહન, કોશ, કોષ્ઠાગાર, પુર, અંતઃપુર અને જનપદનો અનાદર કરતો યાવત્ વિચરે છે. ત્યારે તે સૂર્યકાંતા રાણીને આવા સ્વરૂપનો મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો કે — જ્યારથી પ્રદેશી રાજા શ્રાવક થયો છે, ત્યારથી રાજ્ય, રાષ્ટ્ર યાવત્ અનાદર કરતો વિચરે છે.*

*તો મારા માટે શ્રેયસ્કર છે કે પ્રદેશી રાજાને કોઈપણ શસ્ત્ર-અગ્નિ-મંત્ર-વિષ પ્રયોગથી મારી નાંખી સૂર્યકાંતકુમારને રાજ્યમાં સ્થાપી, સ્વયંજ રાજ્યશ્રીને ભોગવતી-પાલન કરતી વિચરું, એમ વિચાર કર્યો, વિચારીને સૂર્યકાંત કુમારને બોલાવ્યો. બોલાવીને કહ્યું — જ્યારથી પ્રદેશી રાજા શ્રાવક થયો છે ત્યારથી રાજ્ય યાવત્ અંતઃપુર અને જનપદ તથા માનુષી કામભોગની ઉપેક્ષા કરતો વિચરે છે. તે હે પુત્ર ! શ્રેયસ્કર છે કે પ્રદેશી રાજાને કોઈ શસ્ત્રાદિપ્રયોગ મારી નાંખીને સ્વયં રાજ્યશ્રી કરતા-પાળતા વિચરીએ.*

*ત્યારે સૂર્યકાંતકુમારે સૂર્યકાંતાદેવીને આમ કહેતા સાંભળી, તેણીની આ વાતનો આદર ન કર્યો, જાણી નહીં, મૌન થઈને રહ્યો. ત્યારે તે સૂર્યકાંતા રાણીને આવા સ્વરૂપનો મનોગત સંકલ્પ થયો કે સૂર્યકાંત કુમાર પ્રદેશી રાજાને આ રહસ્ય ભેદ ન કરી દે, એમ વિચારી પ્રદેશી રાજાના છિદ્રો, મર્મો, રહસ્યો, વિવરો અને અંતરોને શોધતી વિચરે છે. પછી સૂર્યકાંતા દેવી અન્ય કોઈ દિને પ્રદેશી રાજાના અંતરને જાણીને અશન યાવત્ ખાદિમ તથા સર્વ વસ્ત્ર, ગંધ, માળા, અલંકારને વિષપ્રયોગથી યુક્ત કરે છે.*

*પ્રદેશી રાજા સ્નાન કરી યાવત્ પ્રાયશ્ચિત્ત કરી ઉત્તમ સુખાસને જઈને તે બેઠો. તેને વિષ સંયુક્ત ઘાતક અશન, વસ્ત્ર યાવત્ અલંકારોથી સજ્જિત કર્યો. ત્યારે તે પ્રદેશી રાજા તે વિષસંયુક્ત અશનાદિનો આહાર કરતા શરીરમાં ઉજ્જ્વલ, વિપુલ, પ્રગાઢ, કર્કશ, કટુક, ચંડ, તીવ્ર, દુઃખદ, વિકટ, દુસ્સહ વેદના ઉત્પન્ન થઈ, વિષમ પિત્તજ્વરથી પરિગત શરીરમાં દાહ વ્યુત્કાંત થઈ ગયો.*

● વિવેચન-૭૫ થી ૮૦ :-

બીજે દિવસે, રાત્રિ વીત્યા પછી પ્રભાત થતા, ઉત્પલ કમળ વિકસીત થતા, યથા પાંડુરપ્રભા થતા, લાલ અશોક - કિંશુક, શુક-મુખ, પલાશાદિ સદેશ, સહસ્રરશ્મિ



દિનકર ઉત્થિત થતા, ઈત્યાદિ પાઠ કહેવો - x - x - દિનકર-દિવસને કરવાના સ્વભાવવાળો, સૂર્ય રેરિજ્જમાણ-હરિતપણાથી દેદીપ્યમાન.

''પહેલા રમણીય થઈ પછી અરમણીય ન થઈશ'' તેનો ભાવાર્થ આ છે — પહેલા બીજાનો દાતા થઈ. હાલ જૈનધર્મ સ્વીકારથી તેઓનો અદાતા ન થતો. અમને તેનાથી અંતરાય બંધાય અને જિનધર્મની અપભ્રાજના થાય... વેદના ઉજ્જ્વલ-દુઃખરૂપ, વિપુલ-વિસ્તીર્ણ, સર્વ શરીર વ્યાપી. પ્રગાઢ-પ્રકર્ષથી મર્મપ્રદેશ વ્યાપી, કર્કશ એવી - x - કટુક-પ્રિત પ્રકોપ પરિકલિત - x - પરુષ-મનને અતી રૂક્ષત્વજનક, નિષ્ઠુર-પ્રતિકાર કરવો અશક્ય, ચંડ-રુદ્ર, તીવ્ર-અતિશય, દુર્લંઘ્ય. - x -

● સૂત્ર-૮૧,૮૨ :-

*[૮૧] ત્યારે તે પ્રદેશી રાજા, સૂર્યકાંતા રાણીને આ ઉત્પાતમાં જોડાયેલી જાણીને, સૂર્યકાંતા દેવી પ્રતિ મનથી પણ પ્રદ્વેષ ન કરતો, પૌષધશાળામાં જાય છે. પૌષધશાળાને પ્રમાર્જે છે, પ્રમાર્જીને ઉચ્ચાર પ્રસ્રવણભૂમિને પડિલેહે છે. પછી દર્ભનો સંથારો પાથરે છે પાથરીને તેના ઉપર આરૂઢ થાય છે. થઈને પૂર્વાભિમુખ પલ્યંકાસને બેઠો, બે હાથ જોડી, મસ્તકે આવર્તકરી, મસ્તકે અંજલિ કરી બોલ્યો —*

*અરહંત યાવત્ સંપ્રાપ્તને નમસ્કાર થાઓ. નમસ્કાર હો મારા ધર્મોપદેશક, ધર્માચાર્ય કેશીકુમાર શ્રમણને. અહીં રહેલો એવો હું ત્યાં રહેલ ભગવંતને વંદુ છું. ત્યાં રહેલા ભગવંત અહીં રહેલા એવા મને જુઓ. એમ કહી વંદન-નમન કરે છે. પૂર્વે પણ મેં કેશીકુમાર પાસે સ્થૂળ પ્રાણાતિપાત યાવત્ પરિગ્રહનું પ્રત્યાખ્યાન કરેલ છે. હાલ પણ તે જ ભગવંત પાસે સર્વ પ્રાણાતિપાત યાવત્ સર્વ પરિગ્રહનું પચ્ચક્ખાણ કરું છું. સર્વ ક્રોધ યાવત્ મિથ્યાદર્શનશલ્યનું પ્રત્યાખ્યાન કરું છું. અકરણીય યોગને પચ્ચક્ખુ છું. સર્વે અશનાદિ ચતુર્વિધ આહારને જાવજ્જીવને માટે પચ્ચક્ખુ છું. જે આ મારું શરીર ઈષ્ટ યાવત્ સ્પર્શે પણ નહીં, તેને પણ છેલ્લા શ્વાસોચ્છ્વાસે વોસિરાવું છું.*

*આ પ્રમાણે કરી આલોચના પ્રતિક્રમણ કરી, સમાધિ પામી કાળમાસે કાળ કરી સૌધર્મકલ્પમાં સૂર્યાભવિમાનમાં ઉપપાતસભામાં યાવત્ ઉત્પન્ન થયો. ત્યારે તે સૂર્યાભદેવે તત્કાળ ઉત્પન્ન થઈ પંચવિધ પર્યાપ્તિભાવે પર્યાપ્તિ પામે છે. તે આ — આહાર, શરીર, ઈન્દ્રિય, આનપ્રાણ, ભાષામન પર્યાપ્તિ. આ પ્રમાણે [હે ગૌતમ !] આ પ્રમાણે સૂર્યાભદેવે તે દિવ્ય દેવઋદ્ધિ, દેવદ્યુતિ, દેવાનુભાવ લબ્ધ-પ્રાપ્ત અને અભિસન્મુખ કરેલ છે.*

*[૮૧] ભગવન્ ! સૂર્યાભદેવની કેટલી કાળ સ્થિતિ કહી છે ? ગૌતમ ! ચાર પલ્યોપમ. તે સૂર્યાભદેવ, તે દેવલોકથી આયુ-ભવ-સ્થિતિનો ક્ષય થતાં અનંતર ચ્યવીને ક્યાં જશે, ક્યાં ઉપજશે ? ગૌતમ ! મહાવિદેહ ક્ષેત્રમાં જે આઢ્ય, દીપ્ત, વિપુલ, વિસ્તીર્ણ વિપુલ ભવન શયન આસન યાનવાહન યુક્ત, ઘણાં ધન જાત્યરૂપ રજતાદિ અને આયોગ-સંપ્રયોગ યુક્ત, વિચ્છર્દિત પ્રચુર*

*ભોજન-પાન, ઘણાં દાસી દાસ ગાય ભેંસ ઘેટા આદિ યુક્ત એવા કુળમાં તથા ઘણાં લોકોથી અપરિભૂત, એવા કોઈ એક કુળમાં પુત્રપણે ઉત્પન્ન થશે.*

*ત્યારે તે બાળક ગર્ભમાં આવશે ત્યારે માતાપિતા ધર્મમાં દૃઢપ્રતિજ્ઞ થશે. ત્યારપછી તે બાળકને નવ માસ બહુપ્રતિપૂર્ણ થઈને સાડા સાત રાત્રિ-દીન વીત્યા પછી, સુકુમાલ હાથ-પગવાળા, અહીન પ્રતિપૂર્ણ પંચેન્દ્રિયશરીરી, લક્ષણ વ્યંજન ગુણયુક્ત, માન ઉન્માન પ્રમાણ પ્રતિપૂર્ણ સુજાન સર્વાંગ સુંદરાંગ, શશિ સૌમ્યાકાર, કાંત, પ્રિયદર્શન, સુરૂપ બાળકને જન્મ આપશે.*

*ત્યારપછી તે બાળકના માતાપિતા પહેલા દિને સ્થિતિ-પતિતા કરશે, ત્રીજે દિને ચંદ્ર-સૂર્ય દર્શન કરાવશે, છઠ્ઠે દિને જાગરિકાથી જાગશે, અગીયારમો દિવસ વીત્યા પછી, બારમો દિવસ પ્રાપ્ત થતાં, અશુચિ જાતકર્મકરણથી નિર્વૃત્ત થતાં, પવિત્ર થઈ, ઘરનું સંમાર્જન-લિંપણ કરીને વિપુલ અશન-પાન-ખાદિમ-સ્વાદિમ તૈયાર કરાવશે. પછી મિત્ર, જ્ઞાતિ, નિજક, સ્વજન, સંબંધી, પરીજનને આમંત્રીને પછી સ્નાન કરી, બલિકર્મ કરી યાવત્ અલંકૃત્ થઈ ભોજનમંડપમાં ઉત્તમ સુખાસને બેસી તે મિત્ર, જ્ઞાતિ યાવત્ પરિજન સાથે વિપુલ અશનાદિને આસ્વાદતા, વિસ્વાદતા, ભોજન કરતા, લેતા-દેતા એ પ્રમાણે વિચરે છે.*

*જમી-ભોજન કર્યા પછી, આચમન કરી, ચોક્ખો થઈ, પરમ શૂચિભૂત થઈ, તે મિત્ર-જ્ઞાતિ યાવત્ પરિજનને વિપુલ વસ્ત્ર, ગંધ, માલા, અલંકારથી સત્કારે છે, સન્માને છે, સન્માનીને ને જ મિત્ર યાવત્ પરિજનની આગળ એમ કહેશે — હે દેવાનુપ્રિયો ! જે કારણે આ બાળક ગર્ભમાં આવતા ધર્મમાં દૃઢ પ્રતિજ્ઞ થયા, તેથી અમારા આ બાળખનું 'દૃઢપ્રતિજ્ઞ' નામ થાઓ. ત્યારે તે બાળખના માતાપિતાએ તેનું નામ કર્યું - 'દૃઢપ્રતિજ્ઞ' પછી તેના માતાપિતાએ અનુક્રમે સ્થિતિપતિતા, ચંદ્ર-સૂર્ય દર્શન, ધર્મજાગરિકા, નામકરણ, જમણ, પ્રતિવર્ધાપન, પ્રચંક્રમણ, કર્ણવિધન, સંવત્સર પડિલેહણ, ચૂડોપનયન અને બીજા પણ ઘણાં ગર્ભાધાન જન્માદિ સંબંધી મહા ઋદ્ધિ-સત્કાર-સમુદયથી કરશે.*

● **વિવેચન-૮૧,૮૨ :-**

સંપલિયક-પદ્માસન, ક્રોધાદિમાં પ્રેમ-આસક્તિ માત્ર, દ્વેષ-અપ્રીતિમાત્ર, અભ્યાખ્યાન-અસત્ આરોપણ, પૈશુન્ય-ચુગલી, પરિવાદ-પરદોષ કથા વિસ્તારવી, માયામૃષા - બીજો વેશ કરીને લોકોને છેતરવા. - x - x - आयोग - અર્થ લાભના પ્રયોગ - ઉપાય, સંપ્રયુક્ત-વ્યાપારિત. વિચ્છર્દિત-ત્યક્ત, ઘણાં લોકોને ભોજન અને દાનથી વિશિષ્ટ ઉચ્છિષ્ટનો સંભવ છે. - x - તથા ઘણાં દાસી, દાસ, ગાય આદિ યુક્ત એવા.

સ્થિતિ - કુળમર્યાદાની અંતર્ભૂત પ્રક્રિયા, જે પુત્રજન્મ ઉત્સવ સંબંધી હોય તે. - x - જાગરિકા-રાત્રિ જાગરણરૂપ. નિર્વૃત્ત-અતિક્રાંત, અશુચિ-જાતકર્મ, આસ્વાદયંત-પરિભોગવતો, વીસાએમાણ-વિવિધ ખાદ્યાદિને આસ્વાદતો. પરિભાએમાણ-એકબીજાને આપતા. - x - आयंत - શુદ્ધ જળના યોગથી, चोक्ष - લેપ આદિને દૂર કરવા વડે.



प्रजेमण - ભોજન ગ્રહણ. प्रचंक्रमण - બે પગે ચાલવું, पजंपण - બોલવું. - x - x - ચૂડોપનયન-મુંડન કરવું. कौतुक - ઉત્સવ વિશેષરૂપ. મહાઋદ્ધિ, સત્કાર-પૂજા, લોક સમુદાયથી.

● **સૂત્ર-૮૩ :-**

*ત્યારપછી દૃઢપ્રતિજ્ઞ બાળક પાંચ ધાત્રીથી પાલન કરાતો - ક્ષીરધાત્રી, મજ્જનધાત્રી, મંડનધાત્રી, અંકધાત્રી, ક્રીડાપનધાત્રી. બીજી પણ ઘણી ચિલાતિકા, વામનિકા, વડભિકા, બર્બરી, બાકુશિકા, યોનકી, પલ્હવિકા, ઈસિનિકા, વારુણિકા, લાસિકા, લાકુસિકા, દમિલી, સિંહલી, આરબી, પુલિન્દ્રિ, પક્વણી, બહલી, મુરુંડી, પારસી આદિ વિવિધ દેશ-વિદેશની પરિમંડિત, સ્વદેશ નેપથ્યગ્રહિત વેશ વડે, ઇંગિત-યાચિત-પ્રાર્થિતને જાણનારી, નિપુણ-કુશલ, વિનિત ચેટિકા ચક્વાલ તરુણી વૃંદ પરિવારથી પરિવૃત્ત, વર્ષધર, કંચુકી, મહત્તર વૃંદ પરિક્ષિપ્ત. એક હાથથી બીજા હાથમાં સંહરાતો, નચાવાતો, એક ગોદથી બીજી ગોદમાં લઈ જવાનો, ગીત વડે ગવાતો, લાલિત કરાતો, હાલરડા સંભળાવાતો, ચુંબન કરાતો, રમ્ય મણિ કોટ્ટિમતલોના પ્રાંગણમાં ગિરિકંદરમાં સ્થિત ચંપકવૃક્ષની જેમ નિર્વ્યાઘાતથી સુખે-સુખે પરિવૃદ્ધિ પામશે.*

*ત્યારપછી તે દૃઢપ્રતિજ્ઞ બાળકના માતા-પિતા સાતિરેક આઠ વર્ષનો થયો જાણીને શોભન તિથિકરણ નક્ષત્ર મુહૂર્તમાં સ્નાન કરી, બલિકર્મ કરી, કૌતુકમંગલ પ્રાયશ્ચિત્ત કરી, સર્વાલંકારથી વિભૂષિત કરીને મહા ઋદ્ધિ સત્કારના સમુદયથી કલાચાર્ય પાસે લઈ જશે. ત્યારે તે કલાચાર્ય તે દૃઢપ્રતિજ્ઞને ગણિત પ્રધાન લેખ આદિ શકુનરુત પર્યન્તની બોંતેર કળા સૂત્રથી, અર્થથી શીખવાડશે. સિદ્ધ કરાવશે. તે બોંતેર કળા આ પ્રમાણે છે—*

*લેખન, ગણિત, રૂપ, નૃત્ય, ગીત, વાજિંત્ર, સ્વરગત, પુષ્કરગત, સમતાલ, દ્યુત, જનપદ, પાશક, અષ્ટાપદ, પારેકાવ્ય, દગમટ્ટિક, અન્નવિધિ, પાનવિધિ, વસ્ત્રવિધિ, વિલેપનવિધિ, શયન વિધિ, આર્યા, પ્રહેલિકા, માગધિકા, નિદ્રાયિકા, ગાથા, ગીતિક, શ્લોક, હિરણ્યયુક્તિ, સુવર્ણયુક્તિ, આભરણવિધિ, તરુણપ્રતિકર્મ. સ્ત્રી લક્ષણ, પુરુષલક્ષણ, અશ્વલક્ષણ, ગજલક્ષણ, કુર્કુટલક્ષણ, છત્રલક્ષણ, ચક્રલક્ષણ, દંડલક્ષણ, અસિલક્ષણ, મણિલક્ષણ, કાકણિલક્ષણ, વાસ્તુવિધા, નગરમાન, સ્કંધાવાર, માનવાર, પ્રતિચાર, વ્યૂહ, પ્રતિવ્યૂહ, ચક્રવ્યૂહ, ગરુડવ્યૂહ, શકટ વ્યૂહ, યુદ્ધ, નિર્યુદ્ધ, યુદ્ધયુદ્ધ, અસ્થિયુદ્ધ, મુષ્ટિયુદ્ધ, બાહુયુદ્ધ, લતા યુદ્ધ, ઈષુઅસ્ત્ર, ત્સરુપ્રવાદ, ધનુર્વેદ, હિરણ્યપાક, સૂવર્ણ પાક, મણિપાક, ધાતુપાક, સૂત્રખેડ, વૃત્તખેડ, નાલિકાખેડ, પત્રછેદ્ય, કડગછેદ્ય, સજીવ-નિર્જીવ અને શકુનરુત.*

*ત્યારે તે કલાચાર્ય દૃઢપ્રતિજ્ઞ બાળકને લેખાદિ ગણિતપ્રધાન, શકુનરુત સુધીની બોંતેર કળાઓને સૂત્રથી, અર્થથી, ગ્રંથથી, કરણથી શિખવાડી, સિદ્ધ કરાવી, માતા-પિતા પાસે લાવ્યા. ત્યારે તે દૃઢપ્રતિજ્ઞના માતા-પિતાએ તે કલાચાર્યને વિપુલ અશન-પાન-ખાદિમ-સ્વાદિમથી, વસ્ત્ર-ગંધ-માળા-અલંકારથી સત્કારશે,*

*સન્માનિત કરશે, કરીને વિપુલ જીવિતયોગ્ય પ્રીતિદાન આપશે. પ્રીતિદાન આપીને વિસર્જિત કરશે.*

**● વિવેચન-૮૩ :-**

ક્ષીરધાત્રી-દુધપાનારી, મંડનધાત્રી-મંડન કરનારી, મજ્જન ધાત્રી-નવડાવનારી, ક્રીડનધાત્રી - ક્રીડા કરાવનારી, અંકધાત્રી-ખોળામાં રાખનારી. કુબ્જિકા-વક્રજંઘા, લાસિકા-લકુસિકાથી પારસી સુધી તે-તે વિવિધ દેશ-અનાર્ય પ્રદેશોત્પન્ન, વિદેશ-આ દેશ અપેક્ષાએ બીજો દેશ. ઇંગિત-નયનાદિ ચેષ્ટા, ચિંતિત-બીજાના હૃદયમાં રહેલ, પ્રાર્થિત-અભિલાષા કરેલ, નેપથ્ય-પરિધાનાદિ રચના, તેનો ગૃહીતવેશ. નિપુણોમાં અતિ કુશળ તે નિપુણકુશલ, તેથી જ વિનીત. - x - વર્ષધર-વર્ધિતક પ્રયોગથી નપુંસક કરાયેલ, કંચુકી-અંતઃપુર પ્રયોજન નિવેદક, મહત્તરક-અંતઃપુર કાર્ય ચિંતક. - x - x - પરિગીયમાન-તેવા પ્રકારના બાલોચિત ગીત વિશેષથી, ઉપલાલ્યમાન-ક્રીડાદિ. લાલનતા, ઉપગૂહિજ્જમાણ-આલિંગન કરાતા, અવયાસેજ્જ-આલિંગન વિશેષ, પરિયંદિજ્જ-સ્તવાતા, - x - x - સુખે સુખે મોટો થશે. અર્થથી-વ્યાખ્યાનથી, કરણથી-પ્રયોગથી. - x -

**● સૂત્ર-૮૪,૮૫ :-**

**[૮૪] ત્યારપછી તે દૃઢપ્રતિજ્ઞ, બાલ્યભાવ છોડીને વિજ્ઞાત પરિણત માત્ર, બોંતેર કલા પંડિત, અઢાર ભેદે દેશી પ્રકારની ભાષામાં વિશારદ, સુપ્તનવાંગ જાગૃત થયેલ, ગીતરતી, ગંધર્વ-નૃત્ય કુશળ, શ્રૃંગારાગારચારુવેશી, સંગત હસિત ભણિત ચેષ્ટિત વિલાસ સંલાપ નિપુણ યુક્તોપચાર કુશળ, અશ્વ-હાથી-બાહુયોધી, બાહુપ્રમર્દી, પર્યાપ્ત ભોગ સમર્થ, સાહસીક, વિકાલચારી થશે.**

**ત્યારે તે દૃઢપ્રતિજ્ઞાના માતાપિતા તેને બાલ્યભાવથી ઉન્મુક્ત યાવત્ વિકાલચારી જાણીને વિપુલ અન્ન-પાન-લયન-વસ્ત્ર-શયન ભોગ વડે ઉપનિમંત્રે છે. ત્યારપછી દૃઢપ્રતિજ્ઞ તે વિપુલ અન્ન યાવત્ શયન ભોગ વડે આસક્ત નહીં થાય, ગૃદ્ધ-મૂર્છિત કે અત્યાસક્ત નહીં થાય. જેમ કોઈ પદ્મોત્પલ, પદ્મ યાવત્ શતસહસ્ર પત્ર (કમળ) કાદવમાં ઉત્પન્ન થાય છે, જળમાં વધે છે પણ તે કાદવથી કે જળરજથી લિપ્ત થતાં નથી, તેમ દૃઢપ્રતિજ્ઞ કામમાં જન્મ્યો, ભોગમાં વૃદ્ધિ પામ્યો છતાં તેનાથી લેપાશે નહીં – મિત્ર, જ્ઞાતિ-નિજક-સ્વજન-સંબંધિ-પરિજનથી [લેપાશે નહીં.]**

**તે તથારૂપ સ્થવીરો પાસે કેવલ બોધિ, બોધિત થઈ, કેવલ મુંડ થઈને, ઘર છોડીને અણગારિક પ્રવ્રજ્યા લેશે. તે ઇર્યાસમિત યાવત્ સુહુત હુતાશન સમાન તેજથી જાજ્વલ્યમાન અણગાર થશે. તે ભગવંત અનુત્તર જ્ઞાન-દર્શન-ચારિત્ર-આલય-વિહાર-આર્જવ-માર્દવ-લાઘવ-ક્ષાંતિ-ગુપ્તિ-મુક્તિ અને અનુત્તર સર્વ સંયમ તપ સુચરિત ફળ નિર્વાણ માર્ગથી આત્માને ભાવિત કરતા અનંત અનુત્તર સંપૂર્ણ પ્રતિપૂર્ણ નિરાવરણ નિર્વ્યાઘાત કેવલ વર જ્ઞાન-દર્શનને ઉત્પન્ન કરશે.**



*ત્યારે તે ભગવન્ અરહંત, જિન, કેવલી થશે. દેવ-મનુષ્ય-અસુરલોક સહિતના પર્યાયોને જાણશે. તે આ – આગતિ, ગતિ, સ્થિતિ, ચ્યવન, ઉપપાત, તર્ક, કૃત્, મનોમાનસિક, ખાદિત, ભુક્ત, પ્રતિસેવિત, આવીકર્મ, રહોકર્મ, અરહસ્, અરહસ્ય ભાગી, તે તે મન-વચન-કાય યોગમાં વર્તમાન સર્વલોક, સર્વ જીવ, સર્વ ભાવને જાણતા-જોતા વિચરશે.*

*ત્યારે તે દૃઢપ્રતિજ્ઞ કેવળી આવા સ્વરૂપના વિહારથી વિચરતા. ઘણાં વર્ષો કેવલિ પર્યાય પાળીને પોતાનું આયુ શેષ જાણીને ઘણાં ભોજનનું પચ્ચકખાણ કરશે, કરીને ઘણાં ભક્તોને અનશન વડે છેદશે. છેદીને જે કારણે નગ્નભાવ, કેશલોચ, બ્રહ્મચર્યવાસ, અસ્નાન, અદંતધાવન, અનુવહાણ, ભૂમિશચ્યા, ફલકશચ્યા, પરગૃહપ્રવેશ, લબ્ધ-અલબ્ધ, માન-અપમાન, બીજાની હીલના, ખિંસણા, ગર્હણા, આક્રોશ, વિરૂપ, બાવીશ પરીષહોપસર્ગ, ગ્રામકંટકને અધ્યાસિત કરી, તે અર્થને આરાધશે. આરાધીને છેલ્લા શ્વાસોચ્છ્વાસે સિદ્ધ-મુક્ત-પરિનિર્વૃત-દુઃખાંતકર થશે.*

*[૮૫] ભગવન્ ! તે એમજ છે, એમ જ છે. એમ કહી ગૌતમસ્વામી, શ્રમણ ભગવંત મહાવીરને વંદન-નમન કરીને સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિચરે છે.*

*ભયવિજેતા ભગવન્‌ને નમસ્કાર, શ્રુતદેવતા ભગવતીને નમસ્કાર, પ્રજ્ઞપ્તિ ભગવતીને નમસ્કાર, અરહંત-ભગવન્-પાર્શ્વને નમસ્કાર, પ્રશ્ન સુપ્રશ્ન પ્રદર્શકને નમસ્કાર.*

**● વિવેચન-૮૪,૮૫ :-**

નવંગ - બે કાન, બે આંખ, બે નાક, એક જીભ, એક ત્વચા, એક મન. બાલ્યત્વથી અવ્યક્ત ચેતન હતા, તે યૌવનમાં વ્યક્ત ચેતન થયા. અઢાર પ્રકારની દેશી સ્વરૂપ ભાષામાં વિચક્ષણ. - x - ઘોડા વડે લડે તે અશ્વયોધી, એ રીતે ગજાદિ યોધી જાણવા. - x - સર્વ સંયમ-મન, વચન, કાય યોગનો સંયમ, તેનું આશંસાદિ દોષ રહિત તપનું ફળ તે નિર્વાણ. - x - x - x - પડિસેવિત-સ્ત્રી આદિનું પ્રતિસેવન, અધઃકર્મ-ભૂમિમાં રાખેલ, રહઃકર્મ-ગુપ્ત સ્થાને રહેલ. ''હીલના'' આદિ શબ્દોની વ્યાખ્યા પૂર્વવત્.

**મુનિ દીપરત્નસાગરે કરેલ-ઉપાંગસૂત્ર-૨-રાજપ્રશ્નીયનો ટીકા સહિત અનુવાદ પૂર્ણ**

# જીવાજીવાભિગમ
# ઉપાંગ સૂત્ર-૩/૧

## અનુવાદ તથા ટીકાનુસારી વિવેચન

● ભૂમિકા :-

અહીં રાગદ્વેષાદિથી અભિભૂત સાંસારિક જીવો વડે અસહ્ય શારીર-માનસિક દુઃખોપનિપાત પીડિતથી તેને દૂર કરવા હેય-ઉપાદેય પદાર્થના જ્ઞાનમાં પ્રયત્ન કરવો. તે વિશિષ્ટ વિવેકના સ્વીકાર સિવાય ન થાય. સંપૂર્ણ અતિશયકલા પ્રાપ્ત ઉપદેશભૂત સિવાય વિશિષ્ટ વિવેક ન પ્રાપ્ત થાય. રાગદ્વેષમોહાદિ દોષોના આત્યંતિક ક્ષયથી તે પ્રાપ્ત થાય. તે દોષોનો આત્યંતિક પ્રક્ષય અર્હત્‌ને જ હોય. તેથી અર્હન્‌વચનનો અનુયોગ આરંભીએ છીએ. તેમાં આચારાદિ શાસ્ત્રનો અનુયોગ પૂર્વાચાર્ય વડે અનેકવાર કરાયો, તેથી તેનું વ્યાખ્યાન કરતા નથી. તેથી જે ત્રીજું સ્થાન નામક અંગના રાગવિષમાં પરમ મંત્રરૂપ, દ્વેષઅગ્નિમાં સલિલપૂર સમાન, તિમિરમાં સૂર્યસમાન ભવસમુદ્રમાં પરમસેતુ રૂપ મહાપ્રયત્ન ગમ્ય, કલ્યાણને આપનાર જીવાજીવાભિગમ નાસતા ઉપાંગને પૂર્વટીકાકારે અતિગંભીર અલ્પાક્ષર વડે વ્યાખ્યા કરી છે. તેથી મંદબુદ્ધિના ઉપકાર માટે, તેમના અનુગ્રહને માટે સવિસ્તર અન્વાખ્યાન કરીએ છીએ.

તેમાં જીવાજીવાભિગમના - x - પ્રયોજનાદિને પહેલા કહીએ છીએ. - x - x - તેમાં પ્રયોજન બે ભેદે પરમ અને અપરમ. તે એકએકના બે ભેદ - કર્તૃગત અને શ્રોતૃગત. તેમાં આગમના દ્રવ્યાસ્તિક નયમતના પર્યાલોચન માટે નિત્યત્વ કર્તાનો અભાવ છે. - x - x - પર્યાયાસ્તિકનયમત પર્યાલોચનામાં અનિત્યત્વથી અવશ્યંભાવી તેનો સદ્‌ભાવ છે. તત્ત્વપર્યાલોચનામાં તો સૂત્રાર્થઉભય રૂપત્વથી આગમના અર્થની અપેક્ષાથી નિત્યત્વ વડે અને સૂત્ર અપેક્ષાથી અનિત્યત્વથી કથંચિત્ કર્તૃ સિદ્ધિ છે. તેમાં સૂત્રકર્તાને પરમ અપવર્ગની પ્રાપ્તિ, બીજાને સત્વાનુગ્રહ છે. તેના અર્થ પ્રતિપાદક અરહંતને શું પ્રયોજન છે ? તે કહે છે —

કોઈ પ્રયોજન નથી. કેમકે ભગવન્ કૃતકૃત્ય છે. પ્રયોજન સિવાય અર્થપ્રતિપાદન પ્રયાસ નિરર્થક ન થાય ? ના, કેમકે તે તીર્થંકર નામકર્મ વિપાકના ઉદયથી જન્મે છે. - x - શ્રોતાઓનું અનંતર પ્રયોજન વિવક્ષિત અધ્યયનનું અર્થ પરિજ્ઞાન છે, પરમ નિઃશ્રેયસ પદ છે. વિવક્ષિત અધ્યયનના સમ્યક્ અર્થના બોધથી સંયમ પ્રવૃત્તિ વડે સર્વકર્મક્ષયની પ્રાપ્તિ છે. તેથી પ્રયોજનવાન્ અધિકૃત્ અધ્યયન પ્રારંભ છે.

અભિધેય જીવ-અજીવ સ્વરૂપ. - x - સંબંધ બે ભેદે — ઉપાય, ઉપેય ભાવલક્ષણ અને ગુરુપર્વક્રમ લક્ષણ. તેમાં પહેલો તર્કાનુસારી પ્રતિ છે. તે આ — ઉપાય એ વચનરૂપ પ્રાપ્ત પ્રકરણ છે. ઉપેય - તેનું પરિજ્ઞાન છે. ગુરુપર્વક્રમલક્ષણ



કેવળ શ્રદ્ધાનુસારી પ્રતિ છે. તે આ - અર્થથી ભગવંત વર્દ્ધમાનસ્વામી વડે જીવાજીવાભિગમ કહેવાયું છે. સૂત્રથી બાર અંગોમાં ગણધર વડે કહેવાયું. ત્યારપછી પણ મંદબુદ્ધિના અનુગ્રહ માટે અતિશય ચૌદપૂર્વધર વડે ત્રીજા અંગથી ઉદ્ધરીને પૃથક્ અધ્યયનપણે સ્થાપિત છે. આ જ સંબંધ વિચારીને સ્થવિર ભગવંતોએ પ્રજ્ઞાપિતવાન્ છે તે કહ્યું.

આ જીવાજીવાભિગમ નામ અધ્યયન સમ્યગ્‌જ્ઞાન હેતુત્વ વડે પરંપરાએ મુક્તિ પદ પ્રાપકપણાથી શ્રેયકારી છે. તેથી આમાં વિઘ્ન ન થાય, તેથી વિઘ્નની ઉપશાંતિ માટે શિષ્યોને મંગલબુદ્ધિ માટે, પોતાને પણ મંગલરૂપ હોવાથી મંગલને સ્થાપે છે.

મંગલ આદિ-મધ્ય-અવસાન ભેદથી ત્રણ પ્રકારે છે. તેમાં આદિ મંગલ તે 'इह खलु जिणमय' ઈત્યાદિ છે. અહીં જિનનું નામોત્કીર્તન તે મંગલ છે. નામાદિ ભેદ મંગલ ચારભેદે છે. તેમાં આ નોઆગમથી ભાવમંગલ છે. આ અધિકૃત્ અર્થનું પારગમન કારણ છે. મધ્યમંગલ દ્વીપ સમુદ્ર સ્વરૂપ કથન છે. કેમકે નિમિત્તશાસ્ત્રમાં તેને પરમ મંગલ કહેલ છે. - x - મધ્ય મંગલ અધિકૃત્ અધ્યયન અર્થના સ્થિરીકરણાર્થે છે. અંત્યમંગલ ''दसविहा सव्वजीवा'' રૂપ છે. સર્વ જીવ પરિજ્ઞાનહેતુથી માંગલિકપણે છે. અંત્ય મંગલ શિષ્ય-પ્રશિષ્ય પરંપરામાં અવ્યવચ્છેદાર્થે છે. હવે આ સર્વ અધ્યયન કઈ રીતે પોતે મંગલરૂપ છે ?

નિર્જરાર્થત્વથી તપની જેમ. નિર્જરાર્થતા સમ્યગ્‌જ્ઞાન રૂપત્વથી છે. કહ્યું છે — અજ્ઞાની જે કર્મ કરોડો વર્ષે ખપાવે છે, તે ત્રિવિધ ગુપ્ત જ્ઞાની શ્વાસમાત્રમાં ખપાવે છે. મંગલ શબ્દની વ્યુત્પત્તિ આ રીતે — જેના વડે હિતની પ્રાપ્તિ થાય તે મંગલ અથવા મંગ - ધર્મ, તેને લાવે તે મંગલ. આ અધ્યયનમાં મનમાં ભાવથી પરિણમે છે - સમુત્પન્ન થાય છે - સુવિશુદ્ધ સમ્યગ્‌દર્શનાદિ તે ભાવધર્મ અથવા મને ભવમાંથી કાઢે - દૂર કરે તે મંગલ. गल - વિઘ્ન, गाल - નાશ, શાસ્ત્રનો નાશ કે શાસ્ત્રમાં વિઘ્ન ન થાય તે મંગલ. આ રીતે મંગલ દર્શાવ્યું.

હવે અનુયોગ — સૂત્ર પાઠાંતર પછી સૂત્રની અર્થ સાથે જે ઘટના તે અનુયોગ, સૂત્ર અધ્યયન પછી અર્થકથન અથવા સૂત્રનો અર્થ સાથે અવિરોધી યોગ તે અનુયોગ.

## ❀ પ્રતિપત્તિ-ભૂમિકા ❀

— o — o — o —

● સૂત્ર-૧ :-

***અહીં [જૈન પ્રવચન] નિશ્ચે જિનમત, જિનાનુમત, જિનાનુલોમ, જિનપ્રણિત, જિનપ્રરૂપિત, જિનાખ્યાત, જિનાનુચિર્ણ, જિન પ્રજ્ઞપ્ત, જિનદેશિત, જિનપ્રશસ્ત છે. પર્યાલોચન કરીને તેની શ્રદ્ધા કરતા, પ્રતીતિ કરતા, રુચિ કરતા સ્થવિર ભગવંતો જીવાજીવાભિગમ નામક અધ્યયન પ્રરૂપિત કરે છે.***

● વિવેચન-૧ :-

આ પ્રવચનમાં નિશ્ચે, આ જ પ્રવચનમાં પણ બીજા શાક્ય આદિ પ્રવચનમાં

નહીં. અથવા આ મનુષ્યલોકમાં. જિનમત - રાગાદિ શત્રુઓને જીતે છે તે જિન. તે ભલે છદ્મસ્થવીતરાગ પણ હોય, તો પણ તે તીર્થપ્રવર્તક યોગથી ઉત્પન્ન કેવળજ્ઞાન તીર્થંકર કહેવાય. તે વર્દ્ધમાન સ્વામી, વર્તમાન તીર્થાધિપતિત્વથી છે. તે વર્દ્ધમાનસ્વામીનો મત - અર્થથી તેમના વડે જ પ્રણીતત્વથી આચારાદિ દ્વાદશાંગી ગણિપિટક તે જિનમત. આ વર્દ્ધમાન સ્વામીનો જિનમત-અતીતાદિના અર્થાત્ ઋષભ, પદ્મનાભ, સીમંધર સ્વામી આદિને આનુકૂલ્યથી સંમત વસ્તુતત્ત્વ અને અપવર્ગના માર્ગમાં કંઈપણ વિસંવાદનો અભાવ છે. તેથી જિનાનુમત કહ્યું. આ રીતે તીર્થંકરોની અવિસંવાદી વચનતા કહી.

વળી જિનાનુલોમ-અવધિ આદિ જિનોને અનુકૂળ છે. આના વશથી અવધિ આદિ જિનત્વની પ્રાપ્તિ છે. યથોક્ત આ જિનમતને સેવતા સાધુઓ અવધિ, મનઃપર્યવ, કેવલજ્ઞાનના લાભને પામે છે. જિનપ્રણીત - ભગવંત વર્દ્ધમાન સ્વામી દ્વારા પ્રણીત, સમસ્ત અર્થ સંગ્રહાત્મક માતૃકાપદત્રયના પ્રણયનથી જિન પ્રણીત વર્દ્ધમાન સ્વામીએ કેવળજ્ઞાન પ્રાપ્ત થતાં બીજબુદ્ધિત્વાદિ પરમગુણયુક્ત ગૌતમાદિ ગણધર પ્રતિ આ ત્રણ માતૃકાપદ કહ્યા — ‘‘उप्पन्ने इ वा, विगमे इ वा, धुवे इ वा.’’ આ ત્રણ પદોથી ગૌતમાદિએ દ્વાદશાંગી રચી. તેથી આ જિનમત, જિનપ્રણિત છે. આના દ્વારા આગમનું સૂત્રથી પૌરુષેયત્વ જણાવ્યું. કેમકે પુરુષ પ્રવૃત્તિ સિવાય વચનોનો અસંભવ છે. જેઓ અપૌરુષેયવાદને સ્થાપે છે, - x - તેનો નિરાસ કર્યો છે.

- x - x - પછી કહે છે — जिनप्ररूपितं - ભગવંત વર્દ્ધમાન સ્વામી વડે જે રીતે શ્રોતાને સમજાય, તે રીતે સમ્યક્ પ્રણયન ક્રિયા પ્રવર્તન વડે પ્રરૂપિત છે અર્થાત્ જો કે શ્રોતા ભગવત્ વિવક્ષાને સાક્ષાત્ જાણતાં નથી, તો પણ આ અનાદિ શાબ્દ વ્યવહાર સાક્ષાત્ વિવક્ષા ગ્રહણ વિના પણ થાય છે. યથા સંકેત શબ્દાર્થ અવગમ, બાળક આદિને તથા દર્શનથી છે. અન્યથા સકલ શબ્દ વ્યવહારોચ્છેદ થાય. ચિત્રાર્થ શબ્દ પણ ભગવંત વડે જ સંકેતિત પ્રસ્તાવ ઔચિત્યાદિ વડે નિયત અર્થનું પ્રતિપાદન કરે છે. તેથી ચિત્રાર્થ શબ્દ શ્રવણથી પણ યથાવસ્થિત અર્થનો બોધ થાય છે. - x - x - ગણધરોને સાક્ષાત્ પરંપરાથી બાકીના આચાર્યોને યથાવસ્થિત અર્થ બોધ અવિજ્ઞાત નથી. - - વળી બીજા કહે છે. —

ભગવન્ પ્રવચન માટે પ્રયાસ કરતા નથી. કેવળ તેમના પુણ્ય પ્રાગ્ભારથી જ શ્રોતાને પ્રતિભાસ ઉપજે છે. જેમકે ભગવંત આ - આ તત્ત્વને કહે છે. કહ્યું છે — ‘‘સ્વયં ચિંતામણિવત્ યત્નરહિત રહે છે’’ તેના મતને ખંડન કરવા કહ્યું — जिनाख्यात ભગવંત વર્ધમાનસ્વામી વડે પ્રકૃષ્ટ પુણ્ય સંભારના વિપાકોદય તથા વ્યાપાર યોગથી કહેલ છે. તેથી જિનાખ્યાત કહ્યું. - x - આ જે કંઈ છે તે બધું ભગવંતે શ્રોતાને સમ્યગ્ યોગથી કહ્યું છે, અયોગથી નહીં, અમૂઢ લક્ષણત્વથી. - x -

શ્રોતૃલક્ષણ આ છે — મધ્યસ્થ, બુદ્ધિમાન, અર્થી, જાતિ-આદિ ગુણ સંગત, યથાશક્તિ શ્રુતકૃત્ શ્રોતાને પાત્ર જાણવો. પછી ફળવત્ આ જિનાખ્યાતને જણાવવા કહે છે — जिनानुचिर्ण - અહીં જિન હિત આપ્તિ અનિવર્તક યોગ સિદ્ધ ગણધર



લેવા અર્થાત્ જિન - હિતપ્રાપ્ત અનિવર્તક યોગસિદ્ધ ગણધરો વડે અનુચીર્ણ - જિનમતનો અર્થ હૃદયંગમ કરી અનાસક્તિ દ્વારા સમભાવની પ્રાપ્તિ કરીને સમાધિ દશાનો અનુભવ કરનાર. તેથી તથારૂપ સમાધિ ભાવથી ઉલ્લસિત અતિશય વિશેષ ભાવથી તેમની તેવી સૂત્રકરણ-શક્તિ છે, તે દર્શાવવાને માટે કહે છે —

जिनप्रज्ञप्त - હિત પ્રાપ્ત અનિવર્તક યોગી વડે પ્રજ્ઞપ્ત - તેના સિવાયના જીવોના અનુગ્રહને માટે સૂત્રથી — ‘આચાર’ આદિ અંગ-ઉપાંગભેદથી રચિત. કહ્યું છે — અરહંતો અર્થને કહે છે, નિપુણ ગણધરો સૂત્રથી ગુંથે છે. શાસનના હિતાર્થે તે સૂત્ર પ્રવર્તે છે. આ હિતપ્રવૃત્તાદિરૂપ જિન વડે દેશનીય છે. - x - તે જણાવતા કહે છે —

जिनदेशित - અહીં જિન એટલે હિતપ્રવૃત્ત ગોત્ર વિશુદ્ધ ઉપાય અભિમુખ અને અપાય વિમુખાદિ લેવા. જિન - હિત પ્રવૃત્તાદિ રૂપથી શુશ્રૂષાદિ વડે વ્યક્ત ભાવથી કહેવાયેલ તે જિનદેશિત. [શંકા] આ સિદ્ધાંત પ્રકૃતિ સુંદર હોવા છતાં બધાંને કેમ અપાતા નથી ? - - અયોગ્ય વ્યક્તિ પ્રકૃતિથી અસુંદર હોવાથી અનર્થોની સંભાવના છે. જેમ સ્વયં સુંદર સૂર્ય, ઘુવડ માટે અનર્થકારી છે. માછલી માટે કાંટામાં લાગેલ આહાર અનર્થક થાય છે.

जिनप्रशस्त - જિન એટલે હિતમાર્ગમાં પ્રવૃત્તિકર્તા અને અહિતમાર્ગથી વિમુખ રહેતા, પ્રશસ્ત-નિરોગીને પથ્ય અન્નવત્ ઉચિત સેવનાથી હિતકર છે. આવા સ્વરૂપના જિનમતને ઔત્પાત્તિકી આદિ ભેદભિન્ન બુદ્ધિથી વિચારીને જિનમતની શ્રદ્ધા કરતા, મેધા આદિ ગુણહીન પ્રાણી પણ, થોડું પણ જાણીને ભવ છેદને માટે આર્દ્રચિત્તતાથી થાય, તેમ માનતા. જિનમતની પ્રીતિ કરતા - x - જિનમતની જ રુચિ કરતા - આત્મીયભાવથી અનુભવતા. તેવા કોણ ?

સ્થવિર ભગવંત, તેમાં ધર્મપરિણતિથી નિવૃત્ત, અસમંજસ ક્રિયામતિ સ્થવિર વત્ સ્થવિર અર્થાત્ પરિણત સાધુભાવ આચાર્યો. ભગવંત - શ્રુતઐશ્વર્યાદિ યોગથી ભગ્નવંત કષાયાદિ. જીવાજીવાભિગમ નામથી. जीव - એકેન્દ્રિયાદિ, अजीव - ધર્માસ્તિકાયાદિનો પરિચ્છેદ જેમાં છે તે. - x - ભણાય તે અધ્યયન-વિશિષ્ટાર્થ-ધ્વનિસંદર્ભરૂપ. પ્રરૂપિત કરેલ છે. આના દ્વારા ગુરુપર્વક્રમ લક્ષણ સંબંધ સાક્ષાત્ કહ્યો. - x -

● **સૂત્ર-૨ :-**

***તે જીવાજીવાભિગમ શું છે ? જીવાજીવાભિગમ બે ભેદે છે. તે આ — જીવાભિગમ અને અજીવાભિગમ.***

● **વિવેચન-૨ :-**

આ સૂત્ર - x - પ્રશ્નસૂત્ર છે. મધ્યસ્થ બુદ્ધિમાને ભગવંતના ઉપદિષ્ટ તત્ત્વને પૂછતા તત્ત્વ પ્રરૂપણા કરવી, બીજાને નહીં. से-अथ. अथ શબ્દ પ્રક્રિયાદિ અર્થ જણાવે છે. - x - किं - પરપ્રશ્ન - x - x - પછી વળી અર્થ અપેક્ષાથી યથા અભિધેય સંબંધ જોડે છે. હવે તે જીવાજીવાભિગમ શું છે ? - x - x - એ પ્રમાણે સામાન્યથી કોઈ

પ્રશ્ન કરાતા ભગવન્ ગુરુ, શિષ્ય વચનના અનુરોધથી આદરાધનાર્થે કંઈક પ્રતિ ઉચ્ચારતા કહે છે — જીવાજીવાભિગમ બે પ્રકારે તીર્થંકર અને ગણધરે કહેલ છે. આના દ્વારા અગૃહીત શિષ્યાભિધાનથી નિર્વચન સૂત્રથી કહે છે —

આ બધું માત્ર ગણધરપ્રશ્ન - તીર્થંકર નિર્વચનરૂપ નથી, પણ કંઈક અન્યથા પણ છે. કેવલ સૂત્ર બાહુલ્યથી ગણધરોએ કહ્યું છે - x - તે જીવાજીવાભિગમ જે રીતે બે ભેદે થાય છે, તે રીતે દેખાડે છે. જીવાભિગમ અને અજીવાભિગમ. च શબ્દ વસ્તુતત્ત્વને આશ્રીને બંનેની તુલ્યકક્ષતા જણાવવા માટે છે. - x - x - x - જીવ પછી અજીવ શબ્દ હોવા છતાં અલ્પતર વક્તવ્યત્વથી પહેલાં અજીવાભિગમને જણાવવા પ્રશ્નસૂત્ર કહે છે —

● **સૂત્ર-૩ થી ૫ :-**

***[૩] તે અજીવાભિગમ શું છે ? અજીવાભિગમ બે ભેદે છે. તે આ - રૂપી અજીવાભિગમ અને અરૂપી અજીવાભિગમ.***

***[૪] તે અરૂપી અજીવાભિગમ શું છે ? તે દશ ભેદે છે — ધર્માસ્તિકાય આદિ પ્રજ્ઞાપના મુજબ યાવત્ આ અરૂપી અજીવાભિગમ છે.***

***[૫] તે આ રૂપી અજીવાભિગમ શું છે ? તે ચાર ભેદે છે. તે આ — સ્કંધ, સ્કંધદેશ, સ્કંધપ્રદેશ, પરમાણુ પુદ્‌ગલો. તે સંક્ષેપથી પાંચ ભેદે છે — વર્ણ-ગંધ-રસ-સ્પર્શ-સંસ્થાન પરિણત. આ બધુ જેમ પ્રજ્ઞાપનામાં છે તેમ કહેવું. તે રૂપી અજીવાભિગમ, તે અજીવાભિગમ છે.***

● **વિવેચન-૩ થી ૫ :-**

આ અજીવાભિગમ શું છે ? આચાર્ય કહે છે, તે બે ભેદે છે. તે આ - રૂપી જીવાભિગમ અને અરૂપી જીવાભિગમ. જેને રૂપ છે, તે રૂપી. રૂપ ગ્રહણ ગંધાદિનું ઉપલક્ષણ છે. તેના સિવાય તેનો અસંભવ છે. તેથી કહ્યું છે — પ્રતિ પરમાણુ રૂપ-રસ-ગંધ-સ્પર્શ યુક્ત છે. કહ્યું છે — પરમાણુ સૂક્ષ્મ અને નિત્ય હોય છે. એકરસ-ગંધ-વર્ણ અને બે સ્પર્શયુક્ત હોય છે. આના વડે રૂપ અને પરમાણુઓ જુદા છે અને રસાદિ પરમાણુ જુદા જુદા છે — આ મતનું ખંડન કરેલ છે. કેમકે પ્રત્યક્ષબાધિત છે.

તેથી કહે છે — નિરંતરપણાથી કુચકળશ ઉપર નિવિષ્ટ રૂપ પરમાણુ ઉપલબ્ધિ ગોચર, તેમાં જ અવ્યવચ્છેદથી સર્વે પણ સ્પર્શો પ્રાપ્ત થાય છે. જે ધૃતાદિ રસ પરમાણુ કે કર્પૂરાદિ ગંધ પરમાણુ, તેમાં નિરંતરપણે રૂપ અને સ્પર્શ ઉપલબ્ધિ વિષય છે. - x - તેથી પરસ્પર રૂપાદિ અવ્યતિરેક છે. રૂપી એવા તે અજીવનો અભિગમ તે રૂપી-અજીવાભિગમ. અર્થાત્ પુદ્‌ગલરૂપ અજીવાભિગમ. કેમકે પુદ્‌ગલોને જ રૂપાદિપણું છે. રૂપ સિવાય તે અરૂપી - ધર્માસ્તિકાયાદિ, તે અજીવ એવા અરૂપી છે, તેનો અભિગમ તે અરૂપી અજીવાભિગમ.

તેમાં અરૂપી તે પ્રત્યક્ષાદિ - અવિષય છે, માત્ર આગમ પ્રમાણ ગમ્ય છે. તેથી પહેલા તેના સંબંધમાં પ્રશ્નસૂત્ર કહ્યું છે.

અરૂપી અજીવાભિગમ દશ પ્રકારે કહેલ છે. તેનું દશવિધત્વ કહે છે —





ધર્માસ્તિકાયાદિ. જેમ પ્રજ્ઞાપનામાં કહ્યું છે, તેમ કહેવું. તે આ છે — ધર્માસ્તિકાય, ધર્માસ્તિકાયદેશ, ધર્માસ્તિકાય પ્રદેશ, અધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય દેશ, અધર્માસ્તિકાય પ્રદેશ, આકાશાસ્તિકાય, આકાશાસ્તિકાય દેશ, આકાશાસ્તિકાય પ્રદેશ, અદ્ધાસમય.

તેમાં જીવો અને પુદ્‌ગલોના જે સ્વભાવથી જ ગતિ પરિણામ પરિણતોનું તે સ્વભાવ ધારણ અને પોષણથી ધર્મ. અસ્તિ - પ્રદેશો, તેની કાય - સંઘાત. અસ્તિકાય - પ્રદેશ સંઘાત. આના દ્વારા સકલ ધર્માસ્તકાય રૂપ અવયવિ દ્રવ્ય કહે છે. અવયવી - અવયવોના તથારૂપ સંઘાત પરિણામ વિશેષ જ, પણ અવયવદ્રવ્યથી પૃથક્ બીજું દ્રવ્ય નહીં. કેમકે તે પ્રાપ્ત નથી. તંતુઓ જ આતાન-વિતાનરૂપ સંઘાત પરિણામ વિશેષથી પ્રાપ્ત લોકમાં પટ-વ્યપદેશ-ભાગ્ પ્રાપ્ત છે, પણ તેના સિવાય 'પટ' નામક દ્રવ્ય નથી. - x - x - ધર્મસંગ્રહણીટીકામાં તેની ચર્ચા છે.

તેનો જ બુદ્ધિ પરિકલ્પિત દ્વયાદિ પ્રદેશાત્મક વિભાગ તે ધર્માસ્તિકાય દેશ. ધર્માસ્તિકાય પ્રદેશ-પ્રકૃષ્ટ દેશ, નિર્વિભાગ ભાગ. તે અસંખ્યેય છે. કેમકે તેનું લોકાકાશ પ્રદેશ પ્રમાણત્વ છે.

ધર્માસ્તિકાયનું પ્રતિપક્ષભૂત તે અધર્માસ્તિકાય — જીવોના અને પુદ્‌ગલોના સ્થિતપરિણામ પરિણતોના તત્પરિણામ ઉપષ્ટંભક અમૂર્ત અસંખ્યાત પ્રદેશાત્મક તે અધર્માસ્તિકાય. - x -

આકાશ - ચોતરફથી સર્વે દ્રવ્યો દીપ છે તે. અસ્તિ - પ્રદેશ, તેનો જે કાય તે અસ્તિકાય. આકાશાસ્તિકાયનો દેશ આદિ પૂર્વવત્. માત્ર તેના પ્રદેશો અનંત છે, કેમકે અલોકનું અનંતત્વપણું છે.

અદ્ધાસમય - અદ્ધા એટલે કાળ, અદ્ધા એવો સમય અથવા અદ્ધાનો સમય - નિર્વિભાગ ભાગ તે અદ્ધા સમય. આ એક જ વર્તમાન પરમાર્થથી છે, પણ અતીત-અનાગત નથી, કેમકે તેમનું યથાક્રમ વિનષ્ટ અનુત્પન્ન છે. પછી કાયત્વ અભાવથી દેશ, પ્રદેશ કલ્પના વિરહ છે. હવે આકાશ અને કાળ તો લોકમાં પ્રતીત હોવાથી શ્રદ્ધા માટે શક્ય છે, પણ ધર્મ-અધર્માસ્તિકાયને કેમ માનવા ? કે જેથી તેના વિષયમાં શ્રદ્ધા થાય. - કહે છે — ગતિ અને સ્થિતિરૂપ કાર્યદર્શનથી. - x - જેમ ચક્ષુ ઈન્દ્રિયથી ચાક્ષુષ્ વિજ્ઞાન છે, તેમ જીવો અને પુદ્‌ગલોનું ગતિ-સ્થિતિ પરિણામ પરિણતથી યથાક્રમે ધર્માધર્માસ્તિકાય.

- x - x - જીવોની અને પુદ્‌ગલોની ગતિસ્થિતિ પરિણામ પરિણત છતાં ગતિ-સ્થિતિ છે, તેના પરિણમન માત્ર હેતુક નથી. તેની માત્ર હેતુકતામાં અલોકમાં પણ તે પ્રવર્તે. તેથી તે માત્ર પરિણમન હેતુ નથી, પણ વિશિષ્ટ પરિણામ છે. તે આ રીતે — લોકમાત્ર ક્ષેત્રના અંતરમાં આની ગતિ-સ્થિતિ થાય છે, તેની બહાર પ્રદેશ માત્ર અધિક નહીં.

શું આવા પ્રકારના વિશિષ્ટ પરિણામ આકાલ જીવો અને પુદ્‌ગલોને ઉત્કર્ષથી પણ આટલા પ્રમાણમાં જ થયા, છે અને થશે કે ક્યારેક અધિકતર નહીં, આનું

નિયામક શું છે ? પરમાણુ જઘન્યથી પરમાણુ માત્ર ક્ષેત્ર અતિક્રમને આદિ કરીને ઉત્કર્ષથી ચૌદ રાજલોક ક્ષેત્ર સુધી ગતિ થાય છે, પછી પ્રદેશ માત્ર પણ અધિક કેમ ન થાય ? તેથી અહીં અવશ્ય કોઈ બીજો નિયમક કહેવું જોઈએ. તે ધર્માધર્માસ્તિકાય જ છે, માત્ર આકાશ નહીં. આકાશ માત્રનો અલોકે પણ સંભવ છે. આકાશ લોક પરિમિત નથી. - - તેથી કહે છે – જીવ અને પુદ્ગલોની અન્યત્ર ગતિ-સ્થિતિનો અભાવ સિદ્ધ થતાં વિવક્ષિત પરિમિત આકાશની લોકત્વ સિદ્ધિ છે, તેની સિદ્ધિથી - x - તેનો બીજે અભાવ સિદ્ધ છે.

આવું અસંબદ્ધ કેમ કહે છે ? લોકત્વથી સંપ્રતિ કહેલ ક્ષેત્ર છે, તેટલા જ આકાશખંડમાં ગતિ-સ્થિતિ સ્વભાવ છે, તેથી આગળ પ્રદેશમાત્ર પણ નહીં, તેથી કંઈ દોષ નથી. - x - x - તેટલો જ માત્ર આકાશખંડનો તે સ્વભાવ છે, આગળ નહીં, ક્યા પ્રમાણથી તે પરિકલ્પના કરી ? આગમ પ્રમાણથી. - x - x - જો આમ છે, તો આગમ પ્રમાણ્ય બળથી જ ધર્માધર્માસ્તિકાય ગતિ-સ્થિતિ નિબંધન ઈચ્છવો જોઈએ. આકાશખંડના નિર્મૂલ સ્વાભાવાંતર પરિકલ્પના આયાસથી શું ? અહીં આ ક્રમ ઉપન્યાસનું શું પ્રયોજન છે ? તે કહે છે –

અહીં ધર્માસ્તિકાય પદ મંગલભૂત છે. કેમકે આદિમાં ધર્મ શબ્દ છે. પદાર્થ પ્રરૂપણા હાલ ઉત્ક્ષિપ્તા વર્તે છે, તેથી મંગલાર્થે આદિમાં ધર્માસ્તિકાયનું ઉપાદાન છે. તેના પ્રતિપક્ષરૂપ હોવાથી અધર્માસ્તિકાય પછી ગ્રહણ કર્યુ. બંનેનો આધાર આકાશ હોવાથી પછી આકાશાસ્તિકાય લીધું. પછી અજીવના સાધર્મ્યથી અદ્ધાસમય છે અથવા અહીં ધર્મ-અધર્મ અસ્તિકાયો પ્રધાન ન થાય, તેથી તેની પ્રધાનતા અને સામર્થ્યથી જીવ અને પુદ્ગલોના અસ્ખલિત પ્રચાર પ્રવૃત્તિથી લોકવ્યવસ્થા ન થાય, પણ લોકાલોક વ્યવસ્થા છે. તેથી ધર્માધર્મ અપ્રધાન થઈ જે ક્ષેત્રમાં સમવગાઢ છે, તેટલા પ્રમાણવાળો લોક છે. બાકી અલોક સિદ્ધ થાય છે. - x - x - તેથી આ પ્રમાણે લોકાલોક વ્યવસ્થાહેતુ ધર્માધર્માસ્તિકાય એ બંનેનું પહેલા ઉપાદન છે. તેમાં પણ માંગલિકત્વથી ધર્માસ્તિકાય પહેલા લીધું. અધર્માસ્તિકાય તેનું પ્રતિપક્ષી હોવાથી પછી લીધું. પછી લોકાલોક વ્યાપિત્વથી આકાશાસ્તિકાય, પછી લોકમાં સમય-અસમય ક્ષેત્ર વ્યવસ્થાકારીત્વથી અદ્ધાસમય, એમ આગમાનુસારી યુક્તિ કહેવી.

ઉપસંહાર વાક્ય - તે આ અરૂપી અજીવાભિગમ કહ્યું. હવે આગળ આ સૂત્ર – તે રૂપી અજીવાભિગમ શું છે ? ચાર ભેદે છે. અહીં 'સ્કંધો' એવું બહુવચન પુદ્ગલ સ્કંધોનું અનંતત્વ જણાવે છે. સ્કંધ દેશ-સ્કંધોના સ્કંધત્વ પરિણામને ન છોડીને બુદ્ધિ પરિકલ્પિત દ્વ્યાદિ પ્રદેશાત્મક વિભાગ. - x - સ્કંધપ્રદેશ-સ્કંધોના સ્કંધત્વ પરિણામને છોડ્યા વિના પ્રકૃષ્ટ દેશો-નિર્વિભાગ ભાગ પરમાણુઓ. પરમાણુ પુદ્ગલ-સ્કંધ પરિણામ રહિત કેવળ પરમાણુઓ.

આગળનું સૂત્ર છે – તેઓ સંક્ષેપથી પાંચ ભેદે છે – વર્ણ-ગંધ-રસ-સ્પર્શ-સંસ્થાન પરિણત. તેમાં જે વર્ણ પરિણત છે તે પાંચ ભેદે છે – કાળવર્ણ પરિણત, નીલ



વર્ણ પરિણત ઈત્યાદિ.

● **સૂત્ર-૬,૭ :-**

***[૬] તે જીવાભિગમ શું છે ? બે ભેદે છે – સંસાર સમાપન્નક જીવાભિગમ અને અસંસાર સમાપન્નક જીવાભિગમ.***

***[૭] તે અસંસાર સમાપન્નક જીવાભિગમ શું છે ? તે બે ભેદે છે – અનંતર સિદ્ધ સમાપન્નક જીવાભિગમ અને પરંપરસિદ્ધ સંસાર સમાપન્નક જીવાભિગમ. તે અનંતસિદ્ધ સંસાર સમાપન્નક જીવાભિગમ શું છે ? તે ૧૫-ભેદે છે – તિર્થસિદ્ધ યાવત્ અનેકસિદ્ધ. તે આ અનંતર સિદ્ધ કહ્યા.***

***તે પરંપર સિદ્ધ સંસાર સમાપન્નક જીવાભિગમ શું છે ? અનેકવિધ છે – પ્રથમસમયસિદ્ધ, દ્વિસમયસિદ્ધ યાવત્ અનંત સમય સિદ્ધ. તે આ પરંપર સિદ્ધ૦ - - તે આ અસંસાર સમાપન્નક૦***

● **વિવેચન-૬,૭ :-**

સંસરવું તે સંસાર-નારકાદિમાં ભવભ્રમણ લક્ષણ. સમ્યગ્-એકીભાવથી પ્રાપ્ત, તે સંસાર સમાપન્ન - સંસારવર્તી. તેનો અભિગમ. - x - ન સંસાર તે અસંસાર - સંસારથી પ્રતિપક્ષી તે મોક્ષ. તેને પ્રાપ્ત જીવોનો અભિગમ તે અસંસાર સમાપન્ન જીવાભિગમ. च શબ્દ આ બંને જીવોના જીવત્વ પ્રતિ તુલ્યકક્ષતા સૂચક છે. તેના વડે નિર્વાણ સ્વીકારથી આત્મગુણોનો અત્યંત વિચ્છેદ કહે છે, તેનું ખંડન કર્યુ. - x - x - x - x - x - x - x - અહીં અલ્પ વક્તવ્યત્વથી પહેલા અસંસારસમાપન્ન જીવાભિગમ સૂત્ર છે. - x - x - આની વ્યાખ્યા પ્રજ્ઞાપના ટીકાથી જાણવી, ત્યાં સવિસ્તર કહી છે. હવે સંસાર સમાપન્ન જીવોનો પ્રશ્ન.

● **સૂત્ર-૮ :-**

***તે સંસાર સમાપન્નક જીવાભિગમ શું છે ? સંસાર સમાપન્ન જીવોમાં આ નવ પ્રતિપત્તિઓ [મતો] આ પ્રકારે છે – કોઈ કહે છે – સંસાર સમાપન્નક જીવો બે ભેદે છે. કોઈ કહે છે ત્રણ ભેદે૦ છે. કોઈ કહે છે ચાર ભેદે૦ છે, કોઈ કહે છે પાંચ ભેદે૦ છે. આ આલાવા મુજબ યાવત્ દશ પ્રકારે સંસાર સમાપન્નક જીવો કહેલા છે.***

● **વિવેચન-૮ :-**

આચાર્ય કહે છે સંસાર સમાપન્ન જીવોમાં હવે કહેવાનાર બે ભેદથી દશ ભેદ સુધીની નવ પ્રતિપત્તિનું પ્રતિપાદન કરે છે. - x - આ પ્રતિપત્તિ આખ્યાન વડે પ્રણાલિકાથી અર્થકથન જાણવું. કેમકે પ્રતિપત્તિ ભાવમાં પણ શબ્દથી અર્થમાં પ્રવૃત્તિ કરણ છે. તેનાથી શબ્દાદ્વૈતવાદનું ખંડન કરેલ છે. - x - x - પ્રણાલિકા વડે અર્થ અભિધાનને જણાવે છે.

એક આચાર્ય કહે છે – જીવો બે ભેદે સંસાર સમાપન્ન છે. એક આચાર્ય કહે છે. ત્રણ ભેદે છે. યાવત્ દશ ભેદે છે. આ કોઈ પૃથક્ મતાવલંબી બીજું દર્શન નથી. જેઓ બે ભેદે વિવક્ષા કરે છે, તેઓ જ ત્રણ ભેદે વિવક્ષા કરે છે. તેમાં બે ભેદની

વિવક્ષાની અપેક્ષાએ ત્રણ ભેદ વિવક્ષા અન્યત્વથી છે. - x - તેથી જ પ્રતિપત્તિઓ પરમાર્થથી અનુયોગ દ્વારો છે, તેમ જાણવું. અહીં જે બે ભેદે છે, તે જ ત્રણ ભેદે, તે જ ચાર ચાર ભેદે યાવત્ દશ ભેદે છે. તેની અનેક સ્વભાવતા તે-તે ધર્મ ભેદથી છે. તે-તે રૂપે અભિધાનતા યોજાય છે, અન્યથા નહીં. - x - x - ''અધિષ્ઠાતા જીવોના એકરૂપત્વ અભ્યુપગમથી તથારૂપ વૈચિત્ર્ય અસંભવ છે અને બીજા પણ પ્રવાદો છે.'' આ બધાનું ખંડન કરેલ છે.

હવે આ પ્રતિપત્તિ ક્રમથી જ વ્યાખ્યા કરે છે૦ - x -

## ❀ ૧-દ્વિવિધા પ્રતિપત્તિ ❀

-- x -- x -- x -- x --

● **સૂત્ર-૯ :-**

***તેમાં જે એમ કહે છે કે ''બે ભેદે સંસાર સમાપન્નક જીવો છે, તેઓ એમ કહે છે – ત્રસ અને સ્થાવર બે ભેદો છે.***

● **વિવેચન-૯ :-**

તે નવ પ્રતિપત્તિમાં જે બે પ્રત્યાવતાર વિવક્ષામાં વર્તે છે, તે કહે છે – બે ભેદે સંસાર સમાપન્નક જીવો કહ્યા છે. - x - તે દ્વૈવિધ્ય જણાવે છે - ત્રસ અને સ્થાવર. ત્રસ-ઉષ્ણાદિ અભિતપ્ત થતાં જે-તે સ્થાને ઉદ્વેગ પામીને બીજા સ્થાને છાયાદિ આસેવનાર્થે જાય તે. આ વ્યુત્પત્તિથી ત્રસનામ કર્મોદયવર્તી ત્રસ જ લેવા, બીજા નહીં. બાકીનાનું જે પ્રયોજન છે તે આગળ કહેવાશે, તેની વ્યુત્પત્તિ- ત્રસ અભિસંધિ કે અનભિસંધિપૂર્વક ઉર્ધ્વ-અધો કે તીર્છા ચાલે તે, તેઉ, વાયુ અને દ્વિ-ઈન્દ્રિયાદિ. સ્થાવર-ઉષ્ણાદિ અભિતાપ છતાં તે સ્થાનને છોડવામાં અસમર્થ થઈને રહેનાર-પૃથ્વી આદિ. 'ચ' શબ્દ સ્વગત અનેક ભેદ સમુચ્ચયાર્થે છે. તેથી જ સંસારસમાપન્નક જીવો છે, આ સિવાયના સંસારીપણાના અભાવથી છે. હવે સ્થાવર –

● **સૂત્ર-૧૦ :-**

***તે સ્થાવરો કયા છે ? તે ત્રણ ભેદે કહ્યા છે. તે આ – પૃથ્વીકાયિક, અપ્કાયિક અને વનસ્પતિકાયિક.***

● **વિવેચન-૧૦ :-**

આ સ્થાવર કોણ છે ? ત્રણ ભેદે. પૃથ્વી કાયા છે તે જ પૃથ્વીકાયિક. અપ્-દ્રવ, તે જ કાય-શરીર જેનું છે તે અપ્કાયિક. વનસ્પતિ-લતા આદિ રૂપ. તે જેનું શરીર છે, તે વનસ્પતિકાયિક. બધે બહુવચન બહુત્વ જણાવવા માટે છે. તેનાથી 'પૃથ્વીદેવતા' આદિ એક જીવત્વ માત્ર પ્રતિપાદનનું ખંડન કર્યુ. - x - સર્વે ભૂતોના આધાર પૃથ્વી છે, તેથી પહેલા પૃથ્વીકાયિકને લીધા. તેના પછી ત્યાં સ્થિત હોવાથી અપ્કાયિક, પછી જ્યાં જળ ત્યાં વન૰ તે સૈદ્ધાંતિક વસ્તુ પ્રતિપાદનાર્થે વનસ્પતિકાયિક. અહીં ત્રણ સ્થાવરોમાં તેઉ અને વાયુને સ્થાવરત્વ હોવા છતાં તેની ગતિત્રસમાં વિવક્ષા કરી છે. તત્ત્વાર્થસૂત્રમાં પણ તેમજ કહ્યું છે. જુઓ અધ્યયન-૨, સૂત્ર-૧૩, ૧૪. હવે પહેલા પૃથ્વીકાયિકના પ્રતિપાદનાર્થે કહે છે –



● **સૂત્ર-૧૧ :-**

***તે પૃથ્વીકાયિક કોણ છે ? બે ભેદે – સૂક્ષ્મ૰, બાદર૰***

● **વિવેચન-૧૧ :-**

તે પૃથ્વીકાયિક કોણ છે ? આચાર્ય કહે છે, તે બે ભેદે છે – સૂક્ષ્મપૃથ્વીકાયિક અને બાદરપૃથ્વીકાયિક. સૂક્ષ્મ નામકર્મોદયથી સૂક્ષ્મ, બાદરનામ કર્મોદયથી બાદર. આ સૂક્ષ્મ-બાદરત્વ કર્મોદય જનિત છે, આપેક્ષિક નહીં. 'ચ' શબ્દ સ્વગત ભેદ સૂચક છે. સૂક્ષ્મ-સકલ લોકવર્તી, બાદર-પ્રતિ નિયત એક દેશધારી.

● **સૂત્ર-૧૨ :-**

***તે સૂક્ષ્મ પૃથ્વીકાયિક શું છે ? બે ભેદે કહેલ છે, તે આ – પર્યાપ્તક અને અપર્યાપ્તક.***

● **વિવેચન-૧૨ :-**

આ સૂક્ષ્મ પૃથ્વીકાયિકો કોણ છે ? તે બે ભેદે છે – પર્યાપ્તક અને અપર્યાપ્તક. તેમાં પર્યાપ્તિ - આહારાદિ પુદ્ગલ ગ્રહણ - પરિણમન હેતુ આત્માની શક્તિ વિશેષ. તે પુદ્ગલના ઉપચયથી થાય. અર્થાત્ ઉત્પત્તિદેશે આવીને જે પહેલા પુદ્ગલો ગ્રહણ કરે, તથા બીજાં પણ પ્રતિ સમય ગૃહ્યમાણ છે, તેના સંપર્કથી તદ્રુપતાથી ઉત્પન્ન જે શક્તિવિશેષ આહારાદિ પુદ્ગલ, ખલ, રસ, રૂપતા પ્રાપ્તિ હેતુ જે ઉદર અંતર્ગત્ પુદ્ગલ વિશેષોનું આહાર પુદ્ગલ વિશેષ આહાર પુદ્ગલ-ખલ-રસ-રૂપતા પરિણમન હેતુ તે પર્યાપ્તિ. તે છ ભેદે છે – આહાર, શરીર, ઈન્દ્રિય, પ્રાણાપાન, ભાષા અને મનઃપર્યાપ્તિ. તેમાં જે બાહ્ય આહાર લઈને ખલ-રસ-રૂપપણે પરિણમે છે, તે આહાર પર્યાપ્તિ૰ ઈત્યાદિ વૃત્તિ મુજબ જાણવું. - x - x - આ બધી યથાક્રમે એકેન્દ્રિયાદિને ચાર-પાંચ-છ હોય.

ઉત્પત્તિના પહેલા સમયે જ આ બધી એકસાથે નિષ્પાદિત થવાની શરૂ થઈને ક્રમથી પૂરી થાય છે. તે આ રીતે – પહેલા આહાર પર્યાપ્તિ, પછી શરીર પર્યાપ્તિ, પછી ઈન્દ્રિય પર્યાપ્તિ આદિ. આહારપર્યાપ્તિ પહેલા સમયે જ નિષ્પત્તિ પામે છે. બાકી બધી અંતર્મુહૂર્ત કાળથી પામે. આર્યશ્યામે પ્રજ્ઞાપનાના આહાર પદમાં બીજા ઉદ્દેશામાં આ સૂત્ર કહ્યું છે - x - x - ઉપપાત ક્ષેત્રે આવીને પ્રથમ સમયે જ આહારક છે, પછી એક સામયિકી આહાર પર્યાપ્ત નિર્વૃત્તિ છે. - x - x - બધી પર્યાપ્તિનો પર્યાપ્તિ પરિસમાપ્તિ કાળ અંતર્મુહૂર્ત્ત પ્રમાણ છે. જેમાં પર્યાપ્તિઓ વિધમાન છે તે 'પર્યાપ્તા' છે.

વળી જેઓ સ્વયોગ્ય પર્યાપ્તિ પરિસમાપ્તિ રહિત છે તે અપર્યાપ્તા છે. તે બે ભેદે – લબ્ધિ વડે અને કરણ વડે. તેમાં જે અપર્યાપ્તા જ મૃત્યુ પામે છે તે લબ્ધિ અપર્યાપ્તા છે. જે કરણ-શરીર, ઈન્દ્રિયાદિથી નિર્વર્ત્તતા નથી, હવે જે અવશ્ય નિર્વર્તશે તે કરણપર્યાપ્ત સંપ્રાપ્ત છે.

હવે શિષ્યજનના અનુગ્રહને માટે શેષવક્તવ્યતા સંગ્રહાર્થે સંગ્રહણી ગાથા છે.

● **સૂત્ર-૧૩ :-**

***શરીર, અવગાહના, સંઘયણ, સંસ્થાન, કષાય, સંજ્ઞા, લેશ્યા, ઈન્દ્રિય,***

સમુદ્ઘાત, સંજ્ઞી, વેદ, પર્યાપ્તિ, દૃષ્ટિ, દર્શન, જ્ઞાન, યોગ, ઉપયોગ, આહાર, ઉપપાત, સ્થિતિ, સમુદ્ઘાત, ચ્યવન, ગતિ આગતિ.

● વિવેચન-૧૩ :-

પહેલા સૂક્ષ્મ પૃથ્વીકાયિકના શરીરની વક્તવ્યતા, પછી અવગાહના, પછી સંઘયણ ઈત્યાદિ ગાથાક્રમે જાણવું. આ ૨૩-દ્વારો છે.

● સૂત્ર-૧૪ :-

ભગવન્ ! તે સૂક્ષ્મપૃથ્વીકાયિક જીવોના કેટલા શરીરો છે ? ગૌતમ ! ત્રણ. ઔદારિક, તૈજસ, કાર્મણ... ભગવન્ ! તે જીવોની શરીર અવગાહના કેટલી મોટી છે ? ગૌતમ ! જઘન્યથી અંગુલના અસંખ્યાતભાગ, ઉત્કૃષ્ટથી અંગુલનો અસંખ્યાતભાગ... તે જીવોના શરીર ક્યા સંઘયણવાળા છે ? ગૌતમ ! સેવાર્ત્ત સંઘયણી છે.

ભગવન્ ! તે જીવોના શરીરનું સંસ્થાન શું છે ? ગૌતમ ! મસૂર ચંદ્ર સંસ્થિત... ભગવન્ ! તે જીવોને કેટલા કષાયો છે ? ગૌતમ ! ચાર. ક્રોધ-માન-માયા-લોભકષાય... ભગવન્ ! તે જીવોને કેટલી સંજ્ઞા છે ? ગૌતમ ! ચાર. આહારસંજ્ઞા યાવત્ પરિગ્રહ સંજ્ઞા.

ભગવન્ ! તે જીવોને કેટલી લેશ્યા છે ? ગૌતમ ! ત્રણ. કૃષ્ણ-નીલ-કાપોત લેશ્યા... ભગવન્ ! તે જીવોને કેટલી ઈન્દ્રિયો છે ? ગૌતમ ! એક સ્પર્શનેન્દ્રિય... તે જીવને કેટલા સમુદ્ઘાતો છે ? ગૌતમ ! ત્રણ. વેદના-કષાય-મારણાંતિક સમુદ્ઘાત... ભગવન્ ! તે જીવો સંજ્ઞી છે કે અસંજ્ઞી ? ગૌતમ ! સંજ્ઞી નથી, અસંજ્ઞી છે... ભગવન્ ! તે જીવો સ્ત્રી-પુરુષ કે નપુંસક વેદે છે ? ગૌતમ ! નપુંસકવેદી છે.

ભગવન્ ! તે જીવોને કેટલી પર્યાપ્તિઓ છે ? ગૌતમ ! ચાર. આહાર-શરીર-ઈન્દ્રિય-આનપ્રાણ પર્યાપ્તિ... ભગવન્ ! તે જીવોને કેટલી અપર્યાપ્તિઓ છે ? ગૌતમ ! ચાર. આહાર યાવત્ આનપ્રાણ પર્યાપ્તિ... ભગવન્ ! તે જીવો સમ્યક્-મિશ્ર કે મિશ્રદૃષ્ટિ છે ? ગૌતમ ! તે મિથ્યાદૃષ્ટિ છે... ભગવન્ ! તે જીવો ચક્ષુ-અચક્ષુ-અવધિ કે કેવલદર્શની છે ? ગૌતમ ! તેઓ અચક્ષુદર્શની માત્ર છે.

ભગવન્ ! તે જીવો જ્ઞાની છે કે અજ્ઞાની ? ગૌતમ ! તેઓ અજ્ઞાની છે. નિયમા બે અજ્ઞાન છે - મતિ અજ્ઞાની અને શ્રુતઅજ્ઞાની... ભગવન્ ! તે જીવો મન-વચન કે કાયયોગી છે ? ગૌતમ ! તેઓ કાયયોગી છે... ભગવન્ ! તે જીવો સાકારોપયુક્ત છે કે અનાકારોપયુક્ત ? ગૌતમ ! સાકારોપયુક્ત પણ છે, અનાકારોપયુક્ત પણ.... ભગવન્ ! તે જીવો શું આહાર કરે છે ? ગૌતમ ! દ્રવ્યથી અનંતપ્રદેશિક, ક્ષેત્રથી અસંખ્ય પ્રદેશાવગાઢ, કાળથી કોઈપણ સમય સ્થિતિક, ભાવથી વર્ણાદિમંત છે.

ભગવન્ ! જો વર્ણવાળા પુદ્ગલોનો આહાર કરે છે, તો એક-બે-ત્રણ-ચાર કે પાંચ વર્ણવાળાનો કરે છે ? ગૌતમ ! સ્થાનમાર્ગણા અપેક્ષાએ એક-બે-



ત્રણ-ચાર કે પાંચવર્ણવાળાનો પણ આહાર કરે છે, વિધાન માર્ગણા અપેક્ષાએ કાળા યાવત્ સફેદ વર્ણવાળા આહારે છે.

જો વર્ણથી કાળાને આહારે, તો એકગુણ કાળા કે યાવત્ અનંતગુણકાળાને આહારે છે ? ગૌતમ ! એક ગુણ કાળાને પણ આહારે છે યાવત્ અનંતગુણ કાળાને પણ. એ રીતે યાવત્ શુક્લવર્ણ જાણવો.

જો ભાવથી ગંધવાળા પુદ્ગલો આહારે, તો શું એક ગંધ કે બે ગંધવાળાને આહારે છે ? ગૌતમ ! સ્થાનમાર્ગણાને આશ્રીને એક ગંધવાળાને પણ અને બે ગંધવાળાને પણ આહારે. વિધાનમાર્ગણા આશ્રીને સુરભિગંધીને પણ અને દુરભિગંધીને પણ આહારે છે, જો સુગંધી પુદ્ગલ આહારે છે તો શું એકગુણવાળાને કે યાવત્ અનંતગુણ સુરભિગંધીને આહારે છે ? ગૌતમ ! એક ગુણ સુરભિ-ગંધવાળાને પણ યાવત્ અનંત ગુણ સુરભિગંધવાળાને પણ આહારે છે. એ રીતે દુર્ગંધી પણ છે.

રસવાળાનું વર્ણન વર્ણવાળાની જેમ કરવું.

જો ભાવથી સ્પર્શવાળા પુદ્ગલોને આહારે તો એક સ્પર્શવાળાને કે યાવત્ આઠ સ્પર્શવાળાને આહારે ? ગૌતમ ! સ્થાનમાર્ગણાને આશ્રીને એક સ્પર્શવાળાને યાવત્ આઠ સ્પર્શવાળાને આહારે છે. વિધાન માર્ગણાને આશ્રીને કર્કશ યાવત્ રૂક્ષ સ્પર્શવાળાને પણ આહારે છે.

જો સ્પર્શથી કર્કશ સ્પર્શવાળાને આહારે તો શું એક ગુણ કર્કશને કે યાવત્ અનંતગુણ કર્કશને આહારે ? ગૌતમ ! એક ગુણ કર્કશવાળાને પણ યાવત્ અનંતગુણ કર્કશને પણ. એ રીતે રૂક્ષ સુધી જાણવું.

ભગવન્ ! તે શું સ્પૃષ્ટને આહારે છે કે અસ્પૃષ્ટને ? ગૌતમ ! સ્પૃષ્ટને આહારે છે, અસ્પૃષ્ટને નહીં. ભગવન્ ! તે અવગાઢને આહારે છે કે અનવગાઢને ? ગૌતમ ! અવગાઢને, અનવગાઢને નહીં. ભગવન્ ! તે અનંતરાવગાઢને આહારે છે કે પરંપરાવગાઢને ? ગૌતમ ! અનંતરાવગાઢને આહારે છે, પરંપરાવગાઢને નહીં. ભગવન્ ! તે અણુને આહારે છે કે બાદરોને ? ગૌતમ ! અણુને પણ અને બાદરને પણ.

ભગવન્ ! તે ઉર્ધ્વ, અધો કે તિર્છા સ્થિત પુદ્ગલોને આહારે છે ? ગૌતમ ! ઉર્ધ્વ, અધો અને તિર્છા ત્રણે આહારે છે. ભગવન્ ! તે આદિ, મધ્ય કે અંત્ય પુદ્ગલોને આહારે છે ? ગૌતમ ! ત્રણેને. ભગવન્ ! તે સ્વવિષય પુદ્ગલો આહારે છે કે અવિષય ? ગૌતમ ! સ્વવિષય આહારે છે, અવિષય નહીં. ભગવન્ ! તે આનુપૂર્વી પુદ્ગલો આહારે છે કે અનાનુપૂર્વી ? ગૌતમ ! આનુપૂર્વી આહારે છે, અનાનુપૂર્વી નહીં. ભગવન્ ! તે ત્રણ-ચાર-પાંચ કે છ દિશાથી આહારે છે ? ગૌતમ ! નિર્વ્યાઘાતથી છ દિશામાં, વ્યાઘાતને આશ્રીને કદાચ ત્રણ દિશાથી, કદાચ ચાર દિશાથી, કદાચ પાંચ દિશાથી પુદ્ગલો આહારે છે.

વિશેષ કરીને વર્ણથી કાળા, નીલા યાવત્ શુક્લ, ગંધથી સુરભિ ગંધ

*અને દુરભિગંધવાળા, રસથી યાવત્ તિક્ત-મધુર, સ્પર્શથી કર્કશ, મૃદુ યાવત્ સ્નિગ્ધ, રુક્ષ પુદ્ગલોનો આહાર કરે છે. તે પુરાણા વર્ણગુણો યાવત્ સ્પર્શગુણોને બદલીને, ખસેડીને, ઝટકીને, વિધ્વંસ કરીને તેમાં બીજા અપૂર્વ વર્ણ આદિ ગુણોને ઉત્પન્ન કરીને આત્મ-શરીર અવગાઢ પુદ્ગલોને બધાં આત્મપ્રદેશોથી ગ્રહણ કરે છે.*

*ભગવન્ ! તે જીવો ક્યાંથી આવીને ઉત્પન્ન થાય છે ? શું નરક-તિર્યંચ-મનુષ્ય કે દેવથી આવીને ઉત્પન્ન થાય છે ? ગૌતમ ! તિર્યંચ કે મનુષ્યથી ઉત્પન્ન થાય છે, નૈરયિક દેવથી નહીં. તિર્યંચ યોનિકથી ઉપજે તો અસંખ્યાત વર્ષાયુષ્કને વર્જીને બાકીના પર્યાપ્ત-અપર્યાપ્ત તિર્યંચોથી ઉપજે છે. મનુષ્યોથી ઉત્પન્ન થાય તો અકર્મભૂમિજ અને અસંખ્યાત વર્ષાયુષ્કને છોડીને બાકીના મનુષ્યોથી ઉપજે છે.*

*આ પ્રમાણે વ્યુત્ક્રાંતિ-ઉપપાત કહેવો જોઈએ.*

*ભગવન્ ! તે જીવોની કેટલી કાળસ્થિતિ છે ? ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને અંતર્મુહૂર્ત. ભગવન્ ! તે જીવો મારણાંતિક સમુદ્ઘાતથી સમવહત થઈને મરે છે કે અસમવહત થઈને ? ગૌતમ ! બંને રીતે. ભગવન્ ! તે જીવો અનંતર ઉદ્વર્તીને ક્યાં જાય છે ? ક્યાં ઉપજે છે ? નૈરયિકમાં - તિર્યંચમાં - મનુષ્યમાં કે દેવમાં ? ગૌતમ ! નૈરયિક કે દેવમાં નહીં, પણ તિર્યંચ કે મનુષ્યમાં ઉપજે છે.*

*તેઓ એકેન્દ્રિયોમાં ઉપજે છે યાવત્ પંચેન્દ્રિયોમાં ઉપજે છે ? ગૌતમ ! એકેન્દ્રિયોમાં ઉપજે છે યાવત્ પંચેન્દ્રિય તિર્યંચયોનિકોમાં ઉપજે છે. અસંખ્યાત-વર્ષાયુષ્કગ સિવાયના પર્યાપ્તા-અપર્યાપ્તામાં ઉપજે છે. અકર્મભૂમિજ, અંતર્દ્વીપક અને અસંખ્યાત વર્ષાયુષ્કોને વર્જીને પર્યાપ્તા-અપર્યાપ્તામાં ઉપજે છે. - - - ભગવન્ ! તે જીવો કેટલી ગતિ અને કેટલી આગતિવાળા છે ? ગૌતમ ! બે ગતિક, બે આગતિક, પરિત્ત અસંખ્યાતા હે આયુષ્યમાન્ શ્રમણ કહ્યા. તે આ સૂક્ષ્મપૃથ્વીકાયિક.*

● **વિવેચન-૧૪ :-**

તે સૂક્ષ્મપૃથ્વીકાયિકો. ભદંત-પરમકલ્યાણયોગી ! કેટલા શરીરો કહ્યા છે ? ગૌતમસ્વામી ભગવંત મહાવીરને, આ કઈ રીતે નિશ્ચય કરે છે, તે નિર્વચન સૂત્રથી કહે છે. [શંકા] ગૌતમસ્વામી, ભગવંત ઉપચિત કુશલમૂલ ગણધર છે. તીર્થંકરે કહેલ ત્રણ માતૃકાપદ સાંભળી, પ્રકૃષ્ટ શ્રુત જ્ઞાનાવરણના ક્ષયોપશમથી ચૌદપૂર્વી આ જ્ઞાન યુક્ત જ છે, તો કેમ પૂછે છે ? ચૌદપૂર્વીને પ્રજ્ઞાપનીય કંઈ જ અવિદિત નથી. વિશેષથી તેઓ - x - x - સર્વોત્કૃષ્ટ શ્રુતલબ્ધિ યુક્ત છે ઈત્યાદિ. [સમાધાન] શિષ્યના સંપ્રત્યયાર્થે. જાણવા છતાં શિષ્યોના નિમિત્તે વારંવાર ભગવન્‌ને પૂછે છે. અથવા ગણધર પ્રશ્ન - તીર્થંકર નિર્વચનરૂપ કેટલાંક સૂત્રો અહીં અધિકૃત્ સૂત્રકાર સૂત્રો રચે છે. અથવા સ્વલ્પ અનાભોગ છદ્મસ્થત્વથી પૂછતા હોય તેમ પણ સંભવે છે - x - હવે પ્રસ્તુત સૂત્રને કહે છે.



ભગવંતે કહ્યું — ગૌતમ ! ઈત્યાદિ. આના વડે લોકપ્રસિદ્ધ મહાગોત્ર વિશિષ્ટ નામથી આમંત્રણ ધ્વનિ વડે આમંત્રતા આમ જણાવે છે — પ્રધાન અસાધારણગુણ વડે ઉત્સાહીને શિષ્યની ધર્મ કહેવો. આ જ સમ્યક્ પ્રતિપત્તિ છે. ત્રણ શરીરો છે. શરીર પાંચ હોય. ઉદાર-પ્રધાન, તીર્થંકર-ગણધરના શરીરને આશ્રીને આનું પ્રાધાન્ય છે. તેથી અનુત્તર દેવ શરીર પણ અનંતગુણ હીન છે. અથવા સાતિરેક હજાર યોજનથી બાકીના શરીરની અપેક્ષાએ મોટું છે માટે પ્રધાન. આ પ્રધાનતા વૈક્રિય ભવધારણીય શરીર અપેક્ષાએ જાણવી, અન્યથા ઉત્તર વૈક્રિય શરીર લાખ યોજનનું સંભવે છે.

વૈક્રિય - વિવિધ કે વિશિષ્ટ ક્રિયાથી થયેલ તે વૈક્રિય તે એક થઈ અનેક થાય છે, અનેક થઈ એક થાય છે. અણુથી મહદ્ અને મહદ્‌થી અણુ થાય, ખેચર થઈ ભૂમિચાર - ભૂમિચર થઈ ખેચર થાય. દૃશ્ય થઈ અદૃશ્ય થાય, અદૃશ્ય થઈ દૃશ્ય થાય. તે બે ભેદે છે. ઔપપાતિક-જન્મ નિમિત્ત, દેવ-નારકોને છે. લબ્ધિ નિમિત્ત - તિર્યંચો, મનુષ્યોને છે.

આહારક-ચૌદ પૂર્વી, તીર્થંકરની લબ્ધિ આદિ પ્રયોજનથી વિશિષ્ટ લબ્ધિવશાત્ રચે છે. વિશિષ્ટ લબ્ધિથી શ્રુતકેવલી, કાર્ય ઉત્પન્ન થતાં જે રચે છે તે આહારક. કાર્ય આ — પ્રાણિદયા, ઋદ્ધિદર્શન, સૂક્ષ્મતત્ત્વ જાણવા, સંશય છેદનાર્થે જિનેશ્વર પાસે જવું. આ શરીર લોકમાં સર્વથા ન હોય, તે જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી છ માસ હોય. આહારક શરીર વૈક્રિય શરીરની અપેક્ષાએ અતિ શુભ, સ્વચ્છ, સ્ફટિક શિલાવત્ હોય.

તૈજસ-તેજસ્ પુદ્ગલોનો વિકાર. ઉષ્ણ લક્ષણ ભુક્ત આહારનું પરિણમન કારણ છે. વિશિષ્ટ તપોલબ્ધિથી પુરુષની તેજોલેશ્યાનું વિનિર્ગમ છે. - - - કાર્મણ - કર્મથી બનેલ. કર્મ પરમાણુ આત્મપ્રદેશ સાથે ક્ષીર-નીરવત્ અન્યોન્યાનુગત થઈ શરીરરૂપે પરિણત થાય છે અથવા કર્મનો વિકાર તે કાર્મણ, અષ્ટવિધ વિચિત્ર કર્મ નિષ્પન્ન અને બધાં શરીરોના કારણભૂત, ઔદારિકાદિ શરીરના બીજભૂત. ભવપ્રપંચ બીજભૂત સર્વથા કર્મશરીર ઉચ્છેદ થતાં બાકીના શરીરો ઉદ્ભવે નહીં. બીજી ગતિમાં જવામાં તે સાધકતમ કારણ છે. કાર્મણ અને તૈજસ સહિત જીવો મરણ દેશ છોડીને ઉત્પત્તિ દેશે જાય છે. - x - x - પણ તે અતિસૂક્ષ્મ હોવાથી ચક્ષુ આદિ ઈન્દ્રિયોને ન દેખાતુ હોવાથી જતા-આવતા દેખાતું નથી.

આ પાંચ શરીરોમાં ત્રણ શરીર સૂક્ષ્મ પૃથ્વીકાયિકોને હોય છે તે — ઔદારિક, તૈજસ, કાર્મણ. બાકીના બે તેમને ન સંભવે.

હવે અવગાહનાદ્વાર - જઘન્ય અને ઉત્કૃષ્ટપદ તુલ્ય કહ્યા છે, છતાં જઘન્ય પદથી ઉત્કૃષ્ટ પદ અધિક જાણવું.

સંહનનદ્વાર - x - સંહનન એટલે હાડકાનો સમૂહ. તે છ ભેદે છે — (૧) વજ્ર ઋષભ નારાચ - બંને હાડકાઓ ઉભયથી મર્કટ બંધ વડે બદ્ધ, પટ્ટાકૃતિ થતાં, ત્રીજા હાડકા વડે ઉપર પરિવેષ્ટિત હોય, તે ત્રણ હાડકાંને ભેદીને કીલિકા નામે વજ્ર નામક હાડકું હોય તે. (૨) જે કીલિકા રહિત સંહનન તે ઋષભ નારાચ. (૩) જેમાં

બે હાડકાંનો મર્કટબંધ જ હોય તે નારાચ. (૪) એક પડખે મર્કટબંધ અને બીજા પડખે કીલિકા છે તે અર્દ્ધનારાચ. (૫) જેમાં હાડકાં માત્ર કીલિકાબદ્ધ હોય તે કીલિકા. (૬) જેમાં હાડકાં પરસ્પર છેદથી જ વર્તતા હોય, કીલિકા માત્રનો પણ બંધ ન હોય તે છેવટ્ઠુ, આ છ માં તેમને કયું શરીર કહ્યું છે ? ભગવંતે કહ્યું — છેવટનું. જો કે સૂક્ષ્મ પૃથ્વીકાયિકોને હાડકાનો અભાવ છે, તો પણ ઔદારિક શરીરીને અસ્થ્યાત્મક સંહનનથી જે શક્તિ વિશેષ ઉપજે, તે ઉપચારથી સંહનન જ કહેવાય. જઘન્ય શક્તિ વિશેષ છેદવર્તી સંહનન વિષય હોવાથી તેમને છેદવર્તી સંહનન છે.

સંસ્થાનદ્વાર - મસૂર નામક ધાન્યનું જે ચંદ્રાકૃતિ દળ, તેના જેવા સંસ્થાનવાળા. જીવોને છ સંસ્થાન હોય. તેમાં પહેલા પાંચ સંસ્થાન મસૂર ચંદ્રકાકાર વાળા ન સંભવે. તેથી આ મસૂર ચંદ્રક આકાર સંસ્થાન હુંડ જાણવું. સર્વત્ર અસંસ્થિત રૂપ તેનું લક્ષણ છે. - x - x -

કષાયદ્વાર - x - જેમાં પરસ્પર પ્રાણી હણાય - કષ્ પામે તે. कष - સંસાર જેના વડે પ્રાણી પામે તે. કષાય - ક્રોધાદિ પરિણામ વિશેષ. ક્રોધ-અપ્રીતિ પરિણામ, માન-ગર્વ પરિણામ, માયા-નિકૃતિ રૂપ, લોભ-ગૃદ્ધિ લક્ષણ. જો કે આ જીવોમાં કષાય અને તેના બાહ્ય ચિહ્ન દેખાતા નથી, પણ મંદ પરિણામથી તેનામાં તે અવશ્ય હોય છે - x -

સંજ્ઞાદ્વાર - સંજ્ઞાન તે સંજ્ઞા. તે બે ભેદે - જ્ઞાનરૂપ અને અનુભવરૂપ. મત્યાદિ પાંચ જ્ઞાન તે જ્ઞાનરૂપ. તેમાં કેવલજ્ઞાન સંજ્ઞા ક્ષાયિકી છે, બાકીની ક્ષાયોપશમિક છે. અનુભવસંજ્ઞા - સ્વકૃત્ અશાતા વેદનિયાદિ કર્મવિપાકોદય જન્ય છે. તેમાં આહાર સંજ્ઞા-ક્ષુધાવેદનીય જન્ય આહાર ઈચ્છા, આ આત્મ પરિણામ અશાતા વેદનીયથી ઉપજે છે. ભયસંજ્ઞા - ભય વેદનીય જનિત ત્રાસ પરિણામરૂપ. પરિગ્રહ સંજ્ઞા-લોભવિપાકોદયજ મૂર્છા પરિણામરૂપ. મૈથુનસંજ્ઞા - વેદોદય જનિત-મૈથુન અભિલાષ. આ ચારે સંજ્ઞા મોહનીયોદયજન્ય છે. આ સંજ્ઞા પણ સૂક્ષ્મ પૃથ્વીકાયિકોને અવ્યક્તરૂપે જાણવી.

લેશ્યાદ્વાર - આત્મા કર્મની સાથે જેનાથી ચોંટે તે લેશ્યા-કૃષ્ણાદિ દ્રવ્યના સાન્નિધ્યથી આત્માના શુભાશુભ પરિણામ. તે છ છે. કૃષ્ણ-નીલ-કાપોત-તેજો-પદ્મ અને શુક્લલેશ્યા. આનું સ્વરૂપ જાંબૂફળ ખાદક છ પુરુષોના દૃષ્ટાંતથી જાણવું. છ પુરુષો માર્ગભ્રષ્ટ થઈ અટવીમાં આવી પડ્યા. છેદન-સ્કંધ-શાખા-પ્રશાખા-ગુચ્છ-પાકીને પડેલા જાંબુ ખાવાના ભાવ અનુસાર છ એ લેશ્યાઓ જાણવી. સૂક્ષ્મ પૃથ્વીકાયિકને અતિ સંક્લિષ્ટ પરિણામ આદિથી કૃષ્ણ-નીલ-કાપોત ત્રણ લેશ્યા જાણવી.

ઈન્દ્રિયદ્વાર - સર્વોપલબ્ધિરૂપ પરમ ઐશ્વર્ય યોગથી તેનું અવિનાભાવી ચિહ્ન તે ઈન્દ્રિયો છે. તે પાંચ છે — શ્રોત્ર, ચક્ષુ, જિહ્વા, ઘ્રાણ અને સ્પર્શન. દરેક બે ભેદે — દ્રવ્ય અને ભાવથી. દ્રવ્યેન્દ્રિય બે ભેદે છે - નિર્વૃત્તિ અને ઉપકરણરૂપ. તેમાં નિર્વૃત્તિ તે પ્રતિવિશિષ્ટ સંસ્થાન વિશેષ છે. તે પણ બાહ્ય - અભ્યંતર બે ભેદે છે. તેમાં બાહ્ય-કાનની પાપડીરૂપ છે. તે નિયતરૂપ નથી. - x - અભ્યંતર નિર્વૃત્તિ બધાંને એકરૂપે



છે. તેને આશ્રીને જ આ સૂત્રો છે. જેમકે — ભગવન્ ! શ્રોત્રેન્દ્રિય કયા સંસ્થાને સંસ્થિત છે ? ગૌતમ ! કલંબુકા સંસ્થા સંસ્થિત ઈત્યાદિ પ્રશ્નો જાણવા. અહીં સ્પર્શનેન્દ્રિય નિર્વૃત્તિના પ્રાયઃ અભ્યંતર-બાહ્ય ભેદ નથી. કેમકે તત્ત્વાર્થમૂલટીકામાં જણાતા નથી.

ઉપકરણ નામક ખડ્ગસ્થાનીયાની બાહ્ય નિર્વૃત્તિના જે ખડ્ગધારા સ્થાનીય સ્વચ્છતર પુદ્ગલ સમૂહાત્મિક અભ્યંતર નિર્વૃત્તિ, તેની શક્તિ વિશેષ. - x - x - કદંબપુષ્પાદિ આકૃતિરૂપ અંતર નિર્વૃત્તિમાં મહાકઠોરતર ઘન ગર્જિતાદિ વડે શક્તિ ઉપઘાત થવા છતાં પ્રાણીને તે શબ્દાદિનો પરિચ્છેદ કરતી નથી.

ભાવેન્દ્રિય પણ બે ભેદે — લબ્ધિ, ઉપયોગ. લબ્ધિ-શ્રોત્રેન્દ્રિયાદિ વિષયનો તદાવરણ ક્ષયોપશમ. ઉપયોગ - સ્વસ્વ વિષયમાં લબ્ધિ અનુસાર આત્માનો પરિચ્છેદ વ્યાપાર. તેમાં જો કે દ્રવ્ય અને ભાવરૂપ અહીં ઈન્દ્રિય અનેક પ્રકારે છે, તો પણ બાહ્યનિર્વૃત્તિરૂપ ઈન્દ્રિય પ્રશ્ન જાણવો. તેને આશ્રીને વ્યવહાર પ્રવર્તે છે. - x - x -

પછી દ્રવ્યેન્દ્રિયને આશ્રીને નિર્વચન સૂત્ર સુગમ છે.

સમુદ્ઘાત દ્વાર - સાત સમુદ્ઘાતો છે — વેદના, કષાય, મારણ, વૈક્રિય, તૈજસ, આહારક અને કેવલી. તેમાં વેદનાનો સમુદ્ઘાત તે વેદના સમુદ્ઘાત, તે અસાતાવેદનીય કર્માશ્રયી છે. કષાયોદય વડે સમુદ્ઘાત તે કષાય સમુદ્ઘાત - કષાય ચારિત્ર મોહનીય કર્માશ્રય. મરણમાં થાય તે મારણ. વૈક્રિય આરભ્યમાણમાં સમુદ્ઘાત, તે વૈક્રિય શરીર નામ કર્માશ્રયી છે. તૈજસ હેતુભૂતથી સમુદ્ઘાત. આહારક પ્રારભ્યમાણમાં સમુદ્ઘાત, તે આહારક નામ કર્માશ્રયી છે. કેવલીનો અંતર્મુહૂર્તમાં થતો પરમપદમાં સમુદ્ઘાત તે કેવલી સમુદ્ઘાત.

સમુદ્ઘાત એટલે એકીભાવે પ્રાબલ્યથી ઘાત. અર્થથી વેદનાદિ વડે એકીભાવ થવો. જ્યારે આત્મા વેદનાદિ સમુદ્ઘાત ગત હોય છે, ત્યારે વેદનાદિ અનુભવ જ્ઞાન પરિણત જ હોય, અન્ય જ્ઞાન પરિણત નહીં. વેદનાદિ સમુદ્ઘાત પરિણત ઘણાં વેદનીયાદિ કર્મ પુદ્ગલોને કાલાંતરે અનુભવયોગ્યને ઉદીરણા કરણથી ખેંચીને ઉદયાવલિકામાં પ્રક્ષેપીને અનુભવીને નિર્જરે છે. અર્થાત્ આત્મપ્રદેશથી છૂટા પાડે છે - x - વેદના યુક્ત જીવ સ્વપ્રદેશને અનંતાનંત કર્મ પરમાણુથી વીંટીને શરીરથી બહાર ફેંકે છે. તે પ્રદેશ વડે વદન, જઘનાદિ છિદ્રો કર્ણસ્કંધાદિ અંતરાલોને પૂરતા વિસ્તરીને શરીર માત્ર ક્ષેત્રમાં વ્યાપીને અંતર્મુહૂર્ત સુધી રહે છે. તે અંતર્મુહૂર્તમાં ઘણાં અસાતા વેદનીયને ખેરવી નાંખે છે.

કષાય સમુદ્ઘાત સમુદ્ધત કષાય ચારિત્ર મોહનીય કર્મ પુદ્ગલોને ખેરવે છે. શેષ કથન વેદના સમુદ્ઘાતવત્ જાણવું. એ પ્રમાણે મરણસમુદ્ઘાતમાં આયુકર્મ પુદ્ગલોને ખેરવે છે. વૈક્રિય સમુદ્ઘાતમાં જીવ સ્વપ્રદેશોને શરીરથી બહાર કાઢીને શરીર વિષ્કંભ બાહલ્યમાન લંબાઈથી સંખ્યાત યોજન પ્રમાણ દંડ કાઢીને સ્થૂળ વૈક્રિય શરીર નામકર્મ પુદ્ગલો પૂર્વબદ્ધ હોય તેને ખેરવે છે. તૈજસ અને આહારક સમુદ્ઘાતમાં તે-તે શરીર નામકર્મ પુદ્ગલો ખેરવે છે. કેવલી સમુદ્ઘાત સમુદ્ધત કેવલી સાતા-

અસાતા વેદનીય, શુભાશુભ નામ, ઉચ્ચનીચ ગોત્ર કર્મ પુદ્‌ગલો ખેરવે છે.

કેવલિ સમુદ્‌ઘાત સિવાયના બાકીના છ સમુદ્‌ઘાતો, પ્રત્યેક આંતર્મુહૂર્તિક છે. કેવલિ સમુદ્‌ઘાત આઠ સમયનો છે. આ કથન પ્રજ્ઞાપનામાં પણ છે. અનેક સમુદ્‌ઘાત સંભવમાં સૂક્ષ્મ પૃથ્વીકાયિકોને તે પૂછે છે. આ પ્રશ્ન સુગમ છે. - x -

સંજ્ઞીદ્વાર - સૂક્ષ્મ પૃથ્વીકાયિકો સંજ્ઞી છે કે અસંજ્ઞી ? ભૂત-વર્તમાન-ભાવી સ્વભાવ પર્યાલોચન જેમાં વિદ્યમાન છે તે સંજ્ઞી-વિશિષ્ટ સ્મરણાદિ રૂપ મનોવિજ્ઞાનભાજ. યથોક્ત મનોવિજ્ઞાન વિકલ તે અસંજ્ઞી. કેમકે વિશિષ્ટ મનોલબ્ધિ અભાવ છે.

વેદનાદ્વાર - જેમને સ્ત્રીનો વેદ છે, તે સ્ત્રી વેદક, એ રીતે પુરુષ વેદ, નપુંસક વેદ કહેવો. સ્ત્રીને પુરુષનો અભિલાષ તે સ્ત્રી વેદ, પુરુષને સ્ત્રીનો અભિલાષ તે પુરુષવેદ. બંનેનો અભિલાષ તે નપુંસક વેદ. સૂક્ષ્મ પૃથ્વીકાયિકો સંમૂર્છિમ હોવાથી નપુંસકવેદક છે.

પર્યાપ્તિદ્વાર - સુગમ છે, તેના પ્રતિપક્ષે અપર્યાપ્તિનું નિરૂપણ કરે છે. ચારે અપર્યાપ્તિઓ કરણ અપેક્ષાએ જાણવી. લબ્ધિ અપેક્ષાએ તો એક જ પ્રાણાપાન પર્યાપ્તિ છે. તેથી જ આગમમાં કહ્યું છે કે — આ લબ્ધિ અપર્યાપ્તક હોવા છતાં નિયમથી આહાર-શરીર-ઈન્દ્રિય પરિસમાપ્તિમાં જ મરે છે, પહેલા નહીં. - x -

દૃષ્ટિદ્વાર-તેમાં સમ્યગ્ - અવિપરીતા, દૃષ્ટિ-જિનપ્રણિત વસ્તુતત્ત્વ પ્રતિપત્તિ. મિથ્યા - વિપર્યસ્ત દૃષ્ટિ. એકાંત સમ્યગ્ રૂપ-મિથ્યારૂપ પ્રતિપત્તિ રહિત તે સમ્યગ્‌મિથ્યા દૃષ્ટિ. હવે નિર્વચન સૂત્ર-સુગમ છે. વિશેષ આ — - x - આસ્વાદન સમ્યક્ત્વ વાળાના તેમાં ઉત્પાદનો અભાવ છે. કેમકે તેઓ અતિ સંક્લિષ્ટ પરિણામી છે. સદા સંક્લિષ્ટ પરિણામત્વથી તેઓમાં સમ્યગ્ મિથ્યાદૃષ્ટિત્વ પરિણામ પણ હોતા નથી. સમ્યગ્ મિથ્યાદૃષ્ટિ થઈ તેમની મધ્યે ન ઉપજે.

દર્શનદ્વાર - દર્શન એટલે સામાન્ય વિશેષાત્મક વસ્તુમાં સામાન્ય અવબોધ. તે ચાર ભેદે — (૧) ચક્ષુર્દર્શન - ચક્ષુ વડે રૂપ સામાન્ય પરિચ્છેદ. (૨) અચક્ષુર્દર્શન - ચક્ષુ સિવાયની બાકીની ઈન્દ્રિયો વડે દર્શન. (૩) રૂપી સામાન્ય ગ્રહણ તે અવધિદર્શન. (૪) સકળ જગત્ ભાવિ વસ્તુ-સામાન્ય પરિચ્છિત્ત રૂપ તે કેવલ દર્શન. સૂક્ષ્મ પૃથ્વીકાયિકને સ્પર્શન ઈન્દ્રિય અપેક્ષાએ અચક્ષુર્દશનિત્વ છે, બાકીના દર્શનનો નિષેધ છે.

જ્ઞાનદ્વાર - મિથ્યાદૃષ્ટિત્વથી અજ્ઞાનત્વ છે. તે પણ મતિ અજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અપેક્ષાએ છે. તે બંને અજ્ઞાન પણ શેષજીવ બાદર રાશિ અપેક્ષાએ અત્યંત અલ્પ જાણવું. - x - x - યોગદ્વાર૦

ઉપયોગદ્વાર - ઉપયોગ બે ભેદે છે - સાકાર, અનાકાર. સાકાર - કોઈપણ વસ્તુના પ્રતિનિયત ધર્મને ગ્રહણ કરવાના પરિણામ, તેમાં પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન જાણવા. યથોક્ત આકાર રહિત તે અનાકાર. તે ચક્ષુર્દર્શનાદિ દર્શન ચતુષ્ટયરૂપ છે. સૂક્ષ્મ પૃથ્વીકાયિકનો ઉપયોગ શું છે ? ઉત્તર સુગમ છે. વિશેષ એ કે — સાકારોપયોગોપયુક્તો મતિ અજ્ઞાન, શ્રુત અજ્ઞાન ઉપયોગ અપેક્ષાએ છે. અનાકારો-



પયોગયુક્ત અચક્ષુર્દર્શન ઉપયોગ અપેક્ષાએ છે.

આહારદ્વાર - સૂક્ષ્મ પૃથ્વીકાયિકો શું આહાર કરે છે ? દ્રવ્યસ્વરૂપ પર્યાલોચનામાં અનંત પ્રાદેશિક દ્રવ્યો, કેમકે સંખ્યાત કે અસંખ્યાત પ્રદેશ રૂપ સ્કંધો જીવને ગ્રહણ પ્રાયોગ્ય ન થાય. ક્ષેત્રથી અસંખ્યાત પ્રદેશાવગાઢ, કાળથી જઘન્ય-મધ્યમ કે ઉત્કૃષ્ટ સ્થિતિક. સ્થિતિ - આહાર યોગ્ય સ્કંધ પરિણામત્વમાં અવસ્થાન. - x - ભાવથી વર્ણ-ગંધ-રસ-સ્પર્શવાળી. પ્રતિ પરમાણુ એક-એક વર્ણ-ગંધ-રસ-બે સ્પર્શભાવથી. એ પ્રમાણે પ્રજ્ઞાપનાના અઠ્ઠાવીસમાં આહારપદના પહેલા ઉદ્દેશા મુજબ કહેવું. તે આ રીતે — જો ભાવથી વર્ણવાળાને આહારે છે, તે શું એક વર્ણવાળાને આહારે છે ? યાવત્ પાંચ વર્ણવાળાને આહારે છે ? ગૌતમ ! સ્થાનમાર્ગણા આશ્રીને એક વર્ણવાળાને પણ આહારે છે યાવત્ પાંચ વર્ણવાળાને પણ આહારે છે. વિધાન માર્ગણાને આશ્રીને કાળા યાવત્ શુક્લવર્ણીને આહારે છે. *[ઈત્યાદિ. અહીં વૃત્તિકારશ્રીએ પ્રજ્ઞાપનાના આ સૂત્રનો આખો પાઠ મૂકેલ છે. જે અમે અહીં અનુવાદરૂપે રજૂ કરતા નથી. તે પ્રજ્ઞાપનામાં પદ-આહાર, ઉદ્દેશો-૧, સૂત્ર-૫૫૧ થી ૫૫૫માં જુઓ]* યાવત્ નિર્વ્યાઘાતથી છ દિશામાંથી, વ્યાઘાત આશ્રીને કદાચ ત્રણ દિશા, કદાચ ચાર દિશા, કદાચ પાંચ દિશામાંથી આહારે છે.

વ્યાખ્યા — ઠાણમગ્ગણં - જેમાં વિશેષથી રહેવાય તે સ્થાન-સામાન્ય એક વર્ણ, દ્વિવર્ણ, ત્રિવર્ણ ઈત્યાદિ રૂપ તેનું અન્વેષણ તેને આશ્રીને અર્થાત્ સામાન્ય ચિંતાને આશ્રીને. તેમાં અનંત પ્રદેશિક સ્કંધોનું એક વર્ણત્વ, દ્વિવર્ણત્વ ઈત્યાદિ વ્યવહારનય મત અપેક્ષાથી છે. નિશ્ચયનય મત અપેક્ષાથી અનંત પ્રાદેશિક સ્કંધ અલ્પ હોય તો પણ પંચવર્ણી જ જાણવો. વિધાનમાર્ગણાને આશ્રીને. ઈત્યાદિ. - x - તેની માર્ગણાને આશ્રીને કાળવર્ણી પણ આહારે છે, ઈત્યાદિ સુગમ. આ પણ વ્યવહારથી જાણવું. નિશ્ચયથી તે અવશ્ય પંચવર્ણી છે. જો વર્ણથી કાળાવર્ણના હોય, ઈત્યાદિ સુગમ છે. આ રીતે ગંધ-રસ-સ્પર્શ-વિષયક સૂત્રો પણ કહેવા. અનંતગુણ રૂક્ષ, ઉપલક્ષણથી એક ગુણ કાળા આદિ આહારે છે.

તે સ્પૃષ્ટ - આત્મપ્રદેશ સ્પર્શ વિષયોને આહારે છે કે અસ્પૃષ્ટોને ? ભગવંતે કહ્યું સ્પૃષ્ટોને. તેમાં આત્મપ્રદેશોથી સંસ્પર્શન આત્મપ્રદેશાવગાઢ ક્ષેત્રથી બહાર પણ સંભવે છે. તેથી પૂછે છે જે સ્પૃષ્ટને આહારે છે, તે શું અવગાઢ - આત્મપ્રદેશો સાથે એક ક્ષેત્ર અવસ્થાયી છે કે અનવગાઢ - આત્મપ્રદેશ અવગાહ ક્ષેત્રથી બહાર અવસ્થિત ? ગૌતમ ! તે અવગાઢને આહારે છે. જો અવગાઢને આહારે છે તો અનંતર અવગાઢ - જે આત્મપ્રદેશોમાં જે અવ્યવધાનથી અવગાઢ છે, તે આત્મ પ્રદેશો વડે તેને જ આહારે છે કે પરંપરાવગાઢ - એક, બે, ત્રણ આદિ આત્મપ્રદેશોથી વ્યવહાર કરે છે. ગૌતમ ! અનંતરાવગાઢને આહારે છે.

જો અનંતરાવગાઢ આહારે છે, તો અણુ-સ્તોક, થોડાને કે બાદર-પ્રભૂત પ્રદેશોપચિતને ? બંનેને આહારે છે. આ અણુત્વ-બાદરત્વ તેઓને આહારયોગ્ય સ્કંધોના પ્રદેશના સ્તોકત્વ બાહુલ્ય અપેક્ષાએ જાણવા. જો અણુનો આહાર કરે તો ઉર્ધ્વ-અધો કે તીર્છાને આહારે ? અહીં 'ઉર્ધ્વ-અધો-તીર્છા' જેટલા ક્ષેત્રમાં સૂક્ષ્મ

પૃથ્વીકાયિક અવગાઢ છે, તેટલા ક્ષેત્રમાં, તેની અપેક્ષાએ જ કહેવા. અહીં ઉર્ધ્વ-ઉર્ધ્વપ્રદેશ અવગાઢ, એ રીતે અધો અને તીર્છા પણ કહેવા.

જો ઉર્ધ્વાદિ આહારે છે તો આદિ-મધ્ય કે અંત્ય આહારે ? સૂક્ષ્મ પૃથ્વીકાયિકો જ અનંતપ્રાદેશિક દ્રવ્યો અંતર્મુહૂર્ત કાળ સુધી ઉપભોગોચિત લેવા. તે ઉપભોગોચિત કાળના અંતર્મુહૂર્ત પ્રમાણના પહેલા સમયે આહારે, મધ્યે કે અંતે. ભગવંતે કહ્યું ત્રણે પણ આહારે. જો આદિ-મધ્ય-અંત્ય ત્રણે આહારે, તે શું સ્વવિષય - સ્વોચિત આહાર યોગ્ય આહારે છે કે અવિષય - સ્વોચિત આહાર અયોગ્યને આહારે છે ? ગૌતમ ! સ્વવિષયક આહારે છે. જો સ્વવિષય આહારે છે, તો આનુપૂર્વી આહારે છે કે અનાનુપૂર્વી ? આનુપૂર્વી એટલે યથાનીકટ. અનાનુપૂર્વી - તેથી વિપરીત. - x - આનુપૂર્વી આહારે છે, અતિક્રમીને ન આહારે.

આનુપૂર્વી આહારે તો ત્રણ દિશામાંથી - ત્રણ દિશાનો સમાહાર, તે ત્રિદિક્, તેમાં વ્યવસ્થિતને આહારે છે કે ચાર-પાંચ-છ દિશામાંથી ? અહીં લોક નિષ્કુટ પર્યન્તમાં જઘન્યપદે ત્રિદિક્ જ પ્રાપ્ત થાય. નિર્વ્યાઘાત-અલોકાકાશ વડે પ્રતિસ્ખલનનો અભાવ. તેમાં નિયમા છ દિશામાં સ્થિત. દ્રવ્યોને આહારે છે. વ્યાઘાતને આશ્રીને લોકનિષ્કુટાદિમાં કદાચ ત્રણ દિશામાંથી આવેલ, કદાચ ચારથી આવેલ અને કદાચ પાંચથી આવેલ.

અહીં લોકનિષ્કૂટમાં અંતે અધઃપ્રતર આગ્નેયકોણમાં અવસ્થિત જે સૂક્ષ્મ-પૃથ્વીકાયિક વર્તે છે, ત્યારે તેના નીચેના અલોકથી વ્યાપ્તત્વથી અધોદિક્ પુદ્ગલાભાવ, આગ્નેયકોણાવસ્થિતત્વથી પૂર્વદિક્ પુદ્ગલાભાવ, દક્ષિણદિક્ પુદ્ગલાભાવ. એ રીતે અધઃપૂર્વ દક્ષિણ રૂપ ત્રણે દિશા અલોકમાં વ્યાપેલ હોવાથી. તેને છોડીને જે બાકીની ઉર્ધ્વ-પશ્ચિમ-ઉત્તર દિશા અવ્યાહત છે, ત્યાંથી આવેલ પુદ્ગલોને આહારે છે. જો તે પૃથ્વીકાયિક પશ્ચિમ દિશાને અનુસરીને વર્તે છે, તો પૂર્વ દિશા અધિક થશે, બે દિશા અલોકથી વ્યાહત થશે. તેથી ચાર દિશાથી આવેલ પુદ્ગલોને આહારે છે. જો ઉર્ધ્વ દ્વિતીયાદિ પ્રતરગત પશ્ચિમ દિશાને આશ્રીને રહે છે, તો માત્ર દક્ષિણ પર્યન્તવર્તી અલોકથી જ વ્યાઘાત થાય છે. ત્યારે પાંચ દિશાથી આવતા પુદ્ગલો આહારે છે.

વર્ણથી કાળો આદિ પાંચ, ગંધથી બંને ગંધ, રસથી તિક્તાદિ, સ્પર્શથી કર્કશાદિ તથા તેમના આહાર્યમાણ પુદ્ગલોના પુરાણા-અગ્રેતન વર્ણાદિ ગુણો, વિપરિણામિતાદિ - વિનાશ કરીને અર્થાત્ બીજા અપૂર્વ વર્ણાદિ ગુણોને ઉપજાવીને આત્મ-શરીર ક્ષેત્રાવગાઢ પુદ્ગલોને સર્વ આત્મ પ્રદેશોથી આહાર રૂપ પુદ્ગલો આહારે છે.

ઉપપાતદ્વાર - તે સૂક્ષ્મ પૃથ્વીકાયિક જીવો કયા જીવોથી ઉદ્વર્તીને ઉત્પન્ન થાય છે ? પાઠ સિદ્ધ છે. વિશેષ એ કે — દેવ, નારકીથી ઉત્પાદ પ્રતિષેધ, તેમના તથાભવ સ્વભાવતાથી, તેમાં ઉત્પાદ અસંભવ છે. જેમ પ્રજ્ઞાપનાના વ્યુત્ક્રાંતિપદમાં છે, તેમ કહેવું. બાકી સૂત્રાર્થ મુજબ.

સ્થિતિદ્વાર - જઘન્યપદથી ઉત્કૃષ્ટપદ અધિક જાણવું.

સમુદ્ઘાતને આશ્રીને મરણને ચિંતવી કહે છે તે સુગમ છે.



ચ્યવનદ્વાર - સૂક્ષ્મ પૃથ્વીકાયિકના ભવથી અનંતરપણે ઉદ્વર્તીને ક્યાં જાય છે ? આના વડે આત્મનું ગમન અને પર્યાયાંતરને આશ્રીને ધર્મપણું પ્રતિપાદિત કર્યુ. તેના વડે સર્વગત-અનુત્પતિધર્મક આત્મવાદનું ખંડન કર્યુ. પ્રશ્નોત્તર પાઠ સિદ્ધ છે. તે પ્રજ્ઞાપના સૂત્રમાં વ્યુત્ક્રાંતિ પદમાં જેમ ચ્યવન કહ્યું, તેમ અહીં પણ કહેવું.

ગતિ-આગતિ — કેટલી ગતિ અને કેટલી આગતિ કહી છે ? બે આગતિ-કેમકે નરક અને દેવગતિથી સૂક્ષ્મમાં ઉત્પાદનો અભાવ છે પરીત્ત-પ્રત્યેક શરીરી, અસંખ્યેય - અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણપણાથી, મેં તથા બીજા તીર્થંકરોએ કહેલ છે. આના દ્વારા સર્વે તીર્થંકરોની અવિસંવાદી વચનતા કહી. તે આ સૂક્ષ્મ પૃથ્વીકાયિકા કહ્યા.

● **સૂત્ર-૧૫ :-**

***તે બાદર પૃથ્વીકાયિકો શું છે ? બે ભેદે — શ્લક્ષ્ણ બાદર પૃથ્વીકાયિક અને ખર બાદર પૃથ્વીકાયિક.***

● **વિવેચન-૧૫ :-**

- x - x - શ્લક્ષ્ણ-ચૂર્ણિત લોટ સમાન મૃદુ પૃથ્વી, તે રૂપ જીવો પણ ઉપચારથી શ્લક્ષ્ણ છે. શ્લક્ષ્ણ એવા બાદર પૃથ્વીની તે કાયશરીર જેનું છે તે શ્લક્ષ્ણબાદર પૃથ્વીકાય. खर - પૃથ્વી સંઘાત વિશેષ કે કાઠિન્ય વિશેષ, તદાત્મક જીવો પણ ખર છે. च શબ્દ બીજા ભેદો માટે છે.

● **સૂત્ર-૧૬ :-**

***તે શ્લક્ષ્ણ બાદર પૃથ્વીકાયિક શું છે ? તે સાત ભેદે છે — કૃષ્ણ માટી૦ પ્રજ્ઞાપના મુજબ ભેદો જાણવા. તે સંક્ષેપથી બે ભેદે છે — પર્યાપ્તા અને અપર્યાપ્તા. - - ભગવન્ ! તે જીવોને કેટલા શરીરો છે ? ગૌતમ ! ત્રણ — ઔદારિક, તૈજસ, કાર્મણ. બધું પૂર્વવત્, વિશેષ એ કે લેશ્યા ચાર છે, બાકી સૂક્ષ્મપૃથ્વીકાયિકવત્. 'આહાર' યાવત્ નિયમા છ દિશામાંથી છે. ઉપપાત — તિર્યંચ, મનુષ્ય, દેવમાંથી દેવોમાં યાવત્ સૌધર્મ-ઈશાનથી. સ્થિતિ-જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ૨૨,૦૦૦ વર્ષ.***

***ભગવન્ ! તે જીવો મારણાંતિક સમુદ્ઘાતથી સમવહત થઈને મરે કે અસમવહત થઈને ? ગૌતમ ! બંને રીતે. ભગવન્ ! તે જીવો અનંતર ઉદ્વર્તીને ક્યાં જાય ? ક્યાં ઉપજે ? શું નૈરયિકમાં ઉપજે૦ ? ઈત્યાદિ પૃચ્છા. નારક કે દેવમાં ન ઉપજે. તિર્યંચ અને મનુષ્યોમાં ઉપજે. પણ અસંખ્યાતવર્ષાયુવાળામાં ન ઉપજે. - - ભગવન્ ! તે જીવો કેટલી ગતિ, કેટલી આગતિવાળા છે ? ગૌતમ ! દ્વિગતિક, ત્રિઆગતિક, પરિત્ત, અસંખ્યાતા. હે આયુષ્યમાન્ શ્રમણ ! તે બાદરપૃથ્વીકાયિક કહ્યા.***

● **વિવેચન-૧૬ :-**

તે શ્લક્ષ્ણબાદર પૃથ્વીકાયિક કેટલા છે ? સાત ભદે છે. પ્રજ્ઞાપના સૂત્ર મુજબ - x - જાણવા. તે આ — કાળી-લીલી-રાતી-પીળી-સફેદ-પાંડુ-પનક માટી. તે ખરબાદર પૃથ્વીકાયિક કેટલા છે ? અનેક વિધ-પૃથ્વી, કાંકરા, રેતી, ઢેફા, શિલા, લૂણ ઈત્યાદિ

સૂર્યકાંત પર્યન્ત તથા આવા પ્રકારના બીજા પણ છે તે પ્રજ્ઞાપના સૂત્ર મુજબ કહેવા.

તે પર્યાપ્તા, અપર્યાપ્તા બે ભેદે છે. તેમાં જે અપર્યાપ્તા છે તે અસંપ્રાપ્ત છે. તેમાં જે પર્યાપ્તા છે તે વર્ણ-ગંધ-રસ-સ્પર્શ આદેશથી હજારો વિધાનોથી સંખ્યાત લાખ યોનિ પ્રમુખ પર્યાપ્તાની નિશ્રાએ અપર્યાપ્તા વ્યુત્ક્રાંતે છે. જો એક હોય તો નિયમા અસંખ્યાતા.

વ્યાખ્યા-કૃષ્ણમૃતિક, તે કાળી માટીરૂપ છે. એ રીતે નીલ-લોહિત-હારિદ્ર-શુક્લ જાણવા. પાંડુમૃતિકા, તે દેશ વિશેષમાં જે ધૂળરૂપ હોવાથી પાંડુ નામે પ્રસિદ્ધ છે. તદાત્મક જીવો પણ પાંડુમૃતિકા કહેવાય છે. 'પણગમૃત્તિકા' - નદ્યાદિપૂરથી પ્લાવિત દેશમાં નદ્યાદિના પૂર જતાં જે ભૂમિમાં શ્લક્ષ્ણમૃદુ રૂપ કાદવાદિ તે પનકમૃત્તિકા છે. તદાત્મક જીવો પણ ભેદોપચારથી પનકમૃત્તિકા કહેવાય છે.

તે ખરબાદરપૃથ્વીકાયિકો અનેકવિધ છે. તેમાં ચાલીશ મુખ્ય ભેદો કહ્યા. તેમાં વિશેષ ભેદોનો અર્થ આ છે – પૃથ્વી-નદીતટની માટીરૂપ. શર્કરા-કાંકરા, વાલુકા-રેતી, ઉપલ-ઢેફા, શિલા-મોટોપાષાણ, લવણ-મીઠું, ઊષ-ક્ષાર, વજ-હીરા, સાસગ-પારો, પ્રવાલ-વિદ્રુમ, અભ્રવાલુકા-અભ્રપટલમિશ્ર રેતી, બાયરકાય-બાદર પૃથ્વીકાયમાં આ ભેદો છે, તે શેષ કહે છે. મણિવિધાનાનિ-મણિના ભેદ બાદર પૃથ્વીકાયભેદપણે જાણવા. તે મણિવિધાન દર્શાવે છે. ગોમેજ્જક ઈત્યાદિ. અહીં પહેલી ગાથામાં પૃથ્વી આદિ ચૌદ ભેદો કહ્યા, બીજી ગાથામાં હરિતાલાદિ આઠ, ત્રીજી ગાથામાં ગોમેજ્જકાદિ દશ, ચોથી ગાથામાં આઠ, સર્વ સંખ્યા ચાલીશ છે. - x -

બાદર પૃથ્વીકાયિકો સંક્ષેપથી બે ભેદે છે - પર્યાપ્તક અને અપર્યાપ્તક. તેમાં અપર્યાપ્તક - સ્વયોગ્ય પર્યાપ્તિ સાકલ્યથી અસંપ્રાપ્ત અથવા અસંપ્રાપ્ત વિશિષ્ટ વર્ણાદિ અનુપગત. તેથી વર્ણાદિ ભેદ વિવક્ષામાં કૃષ્ણ આદિ ભેદથી વ્યપદેશ કરવો શક્ય નથી. - x - તે અપર્યાપ્તા ઉચ્છ્વાસ પર્યાપ્તિથી અપર્યાપ્તા જ મરે છે. તેથી વર્ણાદિ વિભાગ સ્પષ્ટ ન હોવાથી અસંપ્રાપ્ત કહ્યા. - x - x - તેમાં જે પર્યાપ્તક - પરિસમાપ્ત સમસ્ત સ્વયોગ્ય પર્યાપ્તિઓ. તે વર્ણ-ગંધ-રસ-સ્પર્શ ભેદ વિવક્ષાથી હજાર સંખ્યાથી ભેદો છે. વર્ણ-કૃષ્ણાદિ ભેદથી પાંચ, ગંધ-સુરભી આદિ બે, રસ-તિક્તાદિ પાંચ, સ્પર્શ-મૃદુ આદિ આઠ. એકૈક વર્ણાદિમાં તારતમ્ય ભેદથી અનેક અવાંતર ભેદો છે. તેથી કહે છે – ભ્રમર, કોકીલ, કાજળ આદિમાં તરતમભાવથી કૃષ્ણ, કૃષ્ણતર, કૃષ્ણતમ ઈત્યાદિ રૂપે અનેક કૃષ્ણભેદો છે. આ પ્રમાણે નીલાદિ વર્ણમાં તથા ગંધ-રસ-સ્પર્શમાં હજારો ભેદો થાય.

એકૈક વર્ણ-ગંધ-રસ-સ્પર્શમાં પૃથ્વીકાયિકોની સંવૃત્તા યોનિ છે. વળી તે ત્રણ ભેદે છે – સચિત્ત, અચિત્ત અને મિશ્ર. વળી તે પ્રત્યેક ત્રણ ભેદે છે – શીત, ઉષ્ણ, શીતોષ્ણ. શીતાદિના પ્રત્યેકના તારતમ્ય ભેદથી અનેક ભેદત્વ છે. કેવળ એક વિશિષ્ટ વર્ણાદિયુક્ત સંખ્યાતીતા સ્વસ્થાને. વ્યક્તિભેદથી યોનિ-જાતિ અધિકૃત્ય એક જ યોનિ ગણાય છે. તેથી સંખ્યાત પૃથ્વીકાયિકોની લાખ યોનિ થાય છે. તે સૂક્ષ્મ બાદર ગત સર્વ સંખ્યાથી સાત [લાખ] થાય છે. પર્યાપ્તાની નિશ્રાથી અપર્યાપ્તકો





ઉત્પન્ન થાય છે. એક પર્યાપ્તાની નિશ્રાએ નિયમા સંખ્યાતીત અપર્યાપ્તકા.

આ પ્રમાણે જે સૂક્ષ્મપૃથ્વીકાયિકોનો ગમ છે તે કહેવો. વિશેષ એ કે – લેશ્યાદ્વારમાં ચાર લેશ્યા કહેવી. કેમકે તેજોલેશ્યા પણ સંભવે છે. તેથી કહે છે – વ્યંતરાદિ ઈશાનાંત દેવો ભવન-વિમાનાદિમાં અતિ મૂર્છાથી પોતાના રત્ન, કુંડલાદિમાં ઉત્પન્ન થાય છે. તે તેજોલેશ્યાવાન્ પણ હોય છે. જે લેશ્યામાં મરે છે, આગળ તે લેશ્યામાં જ ઉપજે છે. પછી કેટલોક કાળ અપર્યાપ્તાવસ્થામાં તેજોલેશ્યાવાળા પણ આવે, તેથી ચાર લેશ્યા કહી.

આહાર નિયમથી છ દિશામાંથી કેમકે બાદરો લોક મધ્યે જ ઉપપાત પામે છે. ઉપપાત દેવોમાં પણ થાય. સ્થિતિ જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી ૨૨,૦૦૦ વર્ષ. આગતિ ત્રણ છે. ગતિ બે પૂર્વવત્. પ્રત્યેક શરીરી અસંખ્યાતા કહ્યા. - x - x - હવે અપ્કાયિકોને કહે છે –

**● સૂત્ર-૧૭ :-**

***તે અપ્કાયિકો કેટલાં છે ? બે ભેદે – સૂક્ષ્મ અને બાદર. સૂક્ષ્મ અપ્કાયિક બે ભેદે - પર્યાપ્તા અને અપર્યાપ્તા. ભગવન્ ! તે જીવોને કેટલા શરીરો કહ્યા છે ? ગૌતમ ! ત્રણ. ઔદારિક, તૈજસ, કાર્મણ. સૂક્ષ્મ પૃથ્વીકાયિકવત્ કહેવું. વિશેષ આ - સ્તિબુક સંસ્થિત છે. બાકી પૂર્વવત્ યાવત્ દ્વિગતિ, દ્વિઆગતિ, પરિત્ત, અસંખ્યાત કહ્યા. આ સૂક્ષ્મ અપ્કાયિક.***

**● વિવેચન-૧૭ :-**

અપ્કાયિકો બે ભેદે - સૂક્ષ્મ અને બાદર. તેમાં સૂક્ષ્મ સર્વ લોક વ્યાપી છે, બાદર ઘનોદધ્યાદિભાવી છે. ચ શબ્દ સ્વગત ભેદ સૂચક. સૂક્ષ્મ પૃથ્વીકાયિકવત્ સંપૂર્ણ કહેવું. માત્ર સંસ્થાન દ્વારાં ભેદ બતાવ્યો છે.

**● સૂત્ર-૧૮ :-**

***તે બાદર અપ્કાયિક શું છે ? અનેકવિધ કહ્યા, તે આ – ઓસ, હીમ યાવત્ આવા પ્રકારના અન્ય. તે સંક્ષેપથી બે ભેદે - પર્યાપ્તા અને અપર્યાપ્તા. બધું પૂર્વવત્. વિશેષ એ - સ્તિબુક સંસ્થાન છે. લેશ્યાચાર, આહાર નિયમા છ દિશાથી, ઉપપાત-તિર્યંચ, મનુષ્ય, દેવોથી. સ્થિતિ-જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ ૭૦૦૦ વર્ષ. બાકી બધું બાદર પૃથ્વીકાયિકવત્ જાણવું. યાવત્ બે ગતિ, ત્રણ આગતિ, પરિત્ત, અસંખ્યાત, હે આયુષ્યમાન્ શ્રમણ ! કહેલ છે. તે બાદર અપ્કાયિક કહ્યા.***

**● વિવેચન-૧૮ :-**

તે બાદર અપ્કાયિકો અનેક ભેદે છે. તે આ – ઓસ, હિમ, મહિકા, કરગ, હરતનૂ, શુદ્ધોદક, શીતોદક, ખટ્ટોદક, ક્ષારોદક, અમ્લોદક, લવણોદક, વરુણોદક, ક્ષીરોદક, ક્ષોદોદક, રસોદક. તેવા પ્રકારના જે બીજા છે તે. તે સંક્ષેપથી બે ભેદે છે - પર્યાપ્તક અને અપર્યાપ્તક. તેમાં જે અપર્યાપ્તકો છે, તે વર્ણ-ગંધ-રસ-સ્પર્શ આદેશથી હજારો ભેદથી સંખ્યાતી યોનિપ્રમુખ લાખ, પર્યાપ્તાની નિશ્રાએ અપર્યાપ્તા વ્યુત્ક્રમે છે.

વ્યાખ્યા — ઓસ-ઝાકળ, હિમ-બરફ, મહિકા-ધુમ્મસ, કરક-ઘનોપલ, હરતનુ-ભૂમિફોડા ઉપરના જળબિંદુ, શુદ્ધોદક-આકાશથી પડેલ કે નદ્યાદિ ગત પાણી, તેના સ્પર્શ, રસાદિ ભેદથી અનેક ભેદ છે. તે આ - શીતોદક એટલે નદી, તળાવ, વાવ, પુષ્કરિણી આદિમાં શીત પરિણામ પામેલ. ઉષ્ણોદક-સ્વભાવથી જ ક્વચિત્ ઝરણાદિમાં ઉષ્ણ પરિણામ. ક્ષીરોદક-કંઈક લવણ પરિણામ. ખટ્વોદક-કંઈક અમ્લ પરિણામ. અમ્લોદક-અતી સ્વભાવથી જ અમ્લ પરિણામ, લવણાદિ સમુદ્રમાં લવણાદિ જળ. આ તથા અન્ય પણ તેવા પ્રકારના રસ, સ્પર્શાદિ ભેદથી ધૃતોદકાદિ બાદર અપ્કાયિક, તે બધાં બાદર અપ્કાયિકપણે જાણવા. તે સંક્ષેપથી ઈત્યાદિ પૂર્વવત્ છે. માત્ર સંખ્યાત યોનિ પ્રમુખને સાત લાખ જાણવી.

તે જીવોની શરીર સંખ્યા આદિ બાદર પૃથ્વીકાયિકવત્ જાણવી. માત્ર સંસ્થાન દ્વારમાં સ્તિબુક સંસ્થાન કહેવું. સ્થિતિદ્વારમાં જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃર્ષથી ૭૦૦૦ વર્ષ. હવે વનસ્પતિકાયિક કહે છે—

**● સૂત્ર-૧૯,૨૦ :-**

***[૧૯] તે વનસ્પતિકાયિક શું છે? બે ભેદે — સૂક્ષ્મ, બાદર.***

***[૨૦] તે સૂક્ષ્મવનસ્પતિકાયિક શું છે? બે ભેદે — પર્યાપ્તા, અપર્યાપ્તા, પૂર્વવત્. વિશેષ આ — અનિયત સંસ્થાન સંસ્થિત, દ્વિગતિક, દ્વિઆગતિક, અપરિત્ત, અનંતા છે. બાકી બધું પૃથ્વીકાયિકવત્ જાણવું. તે આ સૂક્ષ્મ વનસ્પતિ-કાયિક કહ્યા.***

**● વિવેચન-૧૯,૨૦ :-**

તે વનસ્પતિકાયિક શું છે ? સૂક્ષ્મ અને બાદર. 'च' શબ્દ સ્વગત અનેક ભેદ સૂચક છે. સૂક્ષ્મ વનસ્પતિકાયના બે ભેદ - પર્યાપ્ત અને અપર્યાપ્ત. શરીર આદિ દ્વાર સૂક્ષ્મ પૃથ્વીકાયિકવત્ ચિંતવવા. માત્ર સંસ્થાન દ્વારમાં અનિયત આકારવાળા કહેવા. તે સંસ્થાન વડે સંસ્થિત તે અનિયત સંસ્થાન સંસ્થિત. છેલ્લે અપરિત્તા અનંતા કહ્યું. અર્થાત્ અપ્રત્યેકશરીરી અનંતકાયિક. તેથી જ અનંતા કહ્યા.

**● સૂત્ર-૨૧ થી ૨૮ :-**

***[૨૧] તે બાદરવનસ્પતિકાયિક શું છે? બે ભેદે - પ્રત્યેકશરીર બાદર વનસ્પતિકાયિક, સાધારણ શરીર બાદર વનસ્પતિકાયિક.***

***[૨૨] તે પ્રત્યેક શરીર બાદર વનસ્પતિકાયિક શું છે? તે બાર ભેદે છે - - - [૨૩] - - - વૃક્ષ, ગુચ્છ, ગુલ્મ, લતા, વલ્લી, પર્વગ, તૃણ, વલય, હરિત, ઔષધિ, જલરુહ, કુહણ.***

***[૨૪] તે વૃક્ષો શું છે? બે ભેદે છે — એકબીજક, બહુબીજક. તે એકબીજક શું છે? અનેકવિધ છે — નીમ, આમ, જાંબુ યાવત્ પુન્નાગ, નાગવૃક્ષ, શ્રીપર્ણી, અશોક તથા બીજા પણ આવા પ્રકારના વૃક્ષ. એના મૂળ અસંખ્યાત જીવવાળા છે. એ રીતે કંદ, સ્કંધ, ત્વચા, શાખા, પ્રશાખા, પગ એક એક જીવવાળા છે. પુષ્પો અનેકજીવવાળા, ફળ એકબીજક છે.***



***તે બહુબીજક શું છે? અનેક ભેદે છે — અસ્તિક, તેંદુક, ઉંબર, કપિક્ષ, આંબળા, પનસ, દાડમ, ન્યગ્રોધ, કાદુંબર, તિલક, લકુચ, લોધ્ર, ધવ અને બીજા પણ આવા વૃક્ષો. તેના મૂળ અસંખ્યાત જીવવાળા છે, યાવત્ ફળ બહુબીજવાળા છે. આ બહુબીજક કહ્યા. તે આ વૃક્ષો, એ પ્રમાણે પ્રજ્ઞાપના અનુસાર કહેવું યાવત્ આવા પ્રકારના અન્ય.***

***[૨૫] વૃક્ષોના સંસ્થાન વિવિધ પ્રકારે છે. તાડ, સરલ અને નાળિયેરના વૃક્ષોના પાન અને સ્કંધ એક એક જીવવાળા છે.***

***[૨૬] જેમ શ્લેષ દ્રવ્યોથી મિશ્રિત કરેલ અખંડ સરસવની બનાવેલ બટ્ટી એકરૂપ હોય, પણ દાણા અલગ-અલગ હોય છે, એ રીતે પ્રત્યેકશરીરીના શરીરસંઘાત હોય છે.***

***[૨૭] જેમ તલપાપડી૦ તેમ શરીર સંઘાત સમુદાયરૂપ છે.***

***[૨૮] તે આ પ્રત્યેકશરીર બાદર વનસ્પતિકાયિક.***

**● વિવેચન-૨૧ થી ૨૮ :-**

તે બાદર વનસ્પતિકાયિક શું છે ? બે ભેદે - પ્રત્યેક૦ અને સાધારણ શરીર બાદર વનસ્પતિકાય. પ્રત્યેક શરીર બાદર વનસ્પતિકાયિક બાર ભેદે છે — વૃક્ષ-આંબો આદિ, ગુચ્છ-રીંગણા આદિ, ગુલ્મ નવમાલિકા આદિ, લતા-ચંપકલતા આદિ, જે સ્કંધ પ્રદેશમાં વિવક્ષિત ઉર્ધ્વશાખા સિવાયની બીજી શાખા, તેના જેવી પરિસ્થૂલ ન નીકળે તે લતા કહેવાય. વલ્લી-કુષ્માંડી, ત્રપુષી આદિ પર્વગ-શેરડી આદિ, તૃણ-કુશ, અર્જુન આદિ. વલય - કેતકી, કદલી આદિ, તેમની જ ત્વચા વલયાકારે રહેલ છે. હરિત-તંદુલીયક, વત્થુલા આદિ. ઔષધિ-શાલિ આદિ જે પાકીને સૂકાઈ જાય. જલરૂહ-પાણીમાં ઉગતી. કુહણા-ભૂમિફોડા આદિ.

પ્રજ્ઞાપના સૂત્રાનુસાર ઉક્ત ભેદો કહેવા. - x -

જો આ વૃક્ષાદિના મૂલ આદિ પ્રત્યેક અનેક, પ્રત્યેક શરીર જીવાધિષ્ઠિત છે, તો આ અખંડશરીરી કઈ રીતે પ્રાપ્ત થાય છે? જેમ સર્વે સરસવોના શ્લેષ દ્રવ્ય મિશ્રિત વળીમાં 'વર્તી' એકરૂપ હોય છે, તે બધાં સરસવો પરિપૂર્ણ શરીરી થઈ પૃથક્ પૃથક્ સ્વ-સ્વ અવગાહનાથી રહે છે, આ ઉપમા વડે પ્રત્યેક શરીરી જીવોનો શરીરસમૂહ પૃથક્ પૃથક્ સ્વ-સ્વ અવગાહનાવાળો હોય છે. અહીં શ્લેષ દ્રવ્યસ્થાનીય રાગ-દ્વેષયુક્ત તથાવિધ સ્વકર્મ, સકલ સરસવ સ્થાનીય પત્યેકશરીરી છે. સકલ સરસવ ગ્રહણ વિવિક્ત પ્રતિપત્તિથી પૃથક્ પૃથક્ સ્વ-સ્વ અવગાહ પ્રત્યેક શરીર વૈવિક્ત્ય પ્રતિપત્તિ અર્થે છે.

આ જ કથન બીજા દૃષ્ટાંતથી કહે છે — જેમ તલપાપડી, ઘણાં તલ વડે મિશ્રિત છે છતાં પૃથક્ પૃથક્ સ્વ-સ્વ અવગાહ તલયુક્ત હોય છે, આ ઉપમા વડે પ્રત્યેક શરીરી જીવોનો શરીર સંઘાત જાણવો.

હવે સાધારણ વનસ્પતિકાયના પ્રતિપાદનાર્થે કહે છે —

**● સૂત્ર-૨૯ :-**

***તે સાધારણ શરીર બાદર વનસ્પતિકાયિક શું છે? અનેક ભેદે છે —***

*આલુ, મૂળા, આદૂ, હિરિલિ, સિરિલિ, સિસ્સિરિલિ, કિટ્ટિયા, છિરિયા, ખલ્લૂડ, છિરિયવિરાલિકા, કૃષ્ણકંદ, વજકંદ, સૂરણકંદ, કૃમિરાશિ, ભદ્ર, મોત્થાપિંડ, હળદર, લોહારી, નિહુ, થિભૂ, અશ્વકર્ણી, સીંહકર્ણી, સીકુંડી, મૂસુંઢી, બીજી પણ આ પ્રકારની હોય તે.*

*તે સંક્ષેપથી બે ભેદે છે — પર્યાપ્તક, અપર્યાપ્તક. ભગવન્ ! તે જીવોને કેટલા શરીરો કહ્યા છે ? ગૌતમ ! ત્રણ — ઔદારિક, તૈજસ, કાર્મણ. બધું બાદર પૃથ્વીકાયિક મુજબ જાણવું. વિશેષ આ — શરીર અવગાહના જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટથી સાતિરેક હજાર યોજન. શરીર અનિયત સંસ્થિત, સ્થિતિ જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી ૧૦,૦૦૦ વર્ષ યાવત્ બે ગતિ, ત્રણ આગતિ, પરિત્ત, અનંત કહી છે. તે બાદર વનસ્પતિકાયિક કહ્યા. તે સ્થાવર કહ્યા.*

● વિવેચન-૨૯ :-

તે સાધારણ બાદર વનસ્પતિકાયિક અનેક ભેદે કહેલ છે. આલુ, મૂળા, આદુ ઈત્યાદિ નામો સૂત્રાર્થ મુજબ કહેવા. આ સાધારણ વનસ્પતિકાયિક ભેદો છે. કેટલાંક અતિ પ્રસિદ્ધ છે, કેટલાંક દેશ વિશેષ થકી સ્વયં જાણવા. આ અને આવા પ્રકારના બીજા — અવક, પનક, સેવાળ આદિ સાધારણ શરીર બાદર વનસ્પતિકાયિકો જાણવા.

તે બાદર વનસ્પતિકાયિકો સંક્ષેપથી બે ભેદે કહ્યા છે — પર્યાપ્તક, અપર્યાપ્તક. તેમાં જે અપર્યાપ્તા છે, તે અસંપ્રાપ્ત છે. જે પર્યાપ્તા છે, તે વર્ણ-ગંધ-રસ-સ્પર્શાદિશથી હજારો વિધાનોથી સંખ્યાત યોનિપ્રમુખ લાખ ભેદ છે. પર્યાપ્તાની નિશ્રાએ અપર્યાપ્તા વ્યુત્ક્રમે છે. જ્યાં એક છે, ત્યાં કદાચ સંખ્યાત, કદાચ અસંખ્યાત, કદાચ અનંતા છે. - x - પ્રત્યેક વૃક્ષો સંખ્યાતા કે અસંખ્યાતા, સાધારણો નિયમા અનંતા.

શરીરાદિ બાદર પૃથ્વીકાયિકવત્ છે. સંસ્થાન દ્વારમાં વિવિધ સંસ્થાન સંસ્થિત છે. અવગાહના - તે સાતિરેક હજાર યોજન, તે બાહ્ય દ્વીપોમાં વલ્લી આદિની અપેક્ષાએ, સમુદ્ર અને ગોતીર્થોમાં પદ્મનાલની અપેક્ષાએ સમજવી. પદ્મોની તેનાથી અધિક ઉંચાઈ પૃથ્વીકાયનું પરિણામ છે તેમ વૃદ્ધો કહે છે. - x - x - પરીત્ત-પ્રત્યેકશરીરી અસંખ્યાતા, અપરિત્ત-અપ્રત્યેકશરીરી અનંતા કહ્યા. સ્થાવરો કહીને ત્રસને કહે છે —

● સૂત્ર-૩૦ :-

*તે ત્રસો શું છે ? ત્રસો ત્રણ ભેદ છે. તે આ — તેઉકાયિક, વાયુકાયિક અને ઉદાર ત્રસપ્રાણ.*

● વિવેચન-૩૦ :-

તે ત્રસો ત્રણે ભેદે કહ્યા છે. તે આ — તેજસ્કાયિક, વાયુકાયિક, ઔદારિક ત્રસ. તેમાં જેમનું શરીર અગ્નિ છે, તે તેઉકાયિક. જેનું શરીર વાયુ છે, તે વાયુકાયિક. ઉદાર એવા ઔદારિક. પ્રત્યક્ષથી સ્પષ્ટ ત્રસત્વ નિબંધન અભિસંધિપૂર્વક ગતિ અને લિંગપણે ઉપલભ્યમાનત્વથી. તેમાં ત્રસ-બેઈન્દ્રિયાદિ. ઔદારિકત્રસ-સ્થૂલત્રસ.

તેમાં તેઉકાયિકને પ્રતિપાદનાર્થે કહે છે —



● સૂત્ર-૩૧ થી ૩૩ :-

*[૩૧] તે તેઉકાયિક શું છે ? તે બે ભેદે કહ્યું છે. તે આ - સૂક્ષ્મ તેઉકાયિક અને બાદર તેઉકાયિક.*

*[૩૨] તે સૂક્ષ્મ તેઉકાયિક શું છે ? સૂક્ષ્મ પૃથ્વીકાયિક માફક જાણવું. વિશેષ એ - શરીર શૂચિકલાપ સંસ્થિત છે. એકગતિક, બે આગતિક, પરિત્ત, અસંખ્યાત કહ્યા છે, બાકી બધું પૂર્વવત્.*

*[૩૩] તે બાદર તેઉકાયિક શું છે ? અનેકવિધ કહેલ છે. તે આ — અંગાર, જ્વાલા, મુર્મુર યાવત્ સૂર્યકાંતમણી નિશ્રિત, બીજા પણ તેવા પ્રકારના કહેવા. તે સંક્ષેપથી બે ભેદે છે — પર્યાપ્તા, અપર્યાપ્તા. ભગવન્ ! તે જીવોને કેટલા શરીરો કહ્યા છે ? ગૌતમ ! ત્રણ શરીરો. તે આ — ઔદારિક, તૈજસ, કાર્મણ. બાકી પૂર્વવત્. શરીર શૂચિકલાપ સંસ્થિત, ત્રણ લેશ્યા, સ્થિતિ-જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી ત્રણ અહોરાત્ર. તિર્યંચ અને મનુષ્યથી ઉપપાત. બાકી પૂર્વવત્. એક ગતિક, બે આગતિ, પરિત્ત, અસંખ્યાતા કહ્યા છે. તે તેઉકાયિક છે.*

● વિવેચન-૩૩ થી ૩૩ :-

તે તેઉકાયિકો બે ભેદે કહ્યા છે. તે આ - સૂક્ષ્મ અને બાદર. 'च' શબ્દ અનેક ભેદ સંગ્રહાર્થે છે. સૂક્ષ્મ તેઉકાયિકો ઈત્યાદિ સૂત્ર, બધું સૂક્ષ્મપૃથ્વીકાયિક વત્ કહેવું. વિશેષ એ - સંસ્થાન દ્વારમાં શરીરો સૂચિકલાપ સંસ્થિત કહેવા. ચ્યવનદ્વારમાં અનંતર ઉદ્વર્તીને તિર્યંચગતિમાં જ ઉત્પન્ન થાય છે, મનુષ્યગતિમાં નહીં. કેમકે તેઉ, વાયુથી અનંતર ઉદ્વર્તીને મનુષ્યગતિમાં ઉત્પાદનો પ્રતિષેધ છે.

ગતિ-આગતિ દ્વારમાં બે આગતિ કહી. તિર્યંચગતિ અને મનુષ્યગતિથી તેમનો ઉત્પાદ છે. ગતિ, માત્ર તિર્યંચગતિમાં ગમન છે.

બાદર તેઉકાયિકોને કહે છે — તે અનેકભેદે કહેલા છે. તે આ — અંગાર, જ્વાલા, મુર્મુર, અર્ચીઃ, અલાત, શુદ્ધાગ્નિ, ઉલ્કા, વિદ્યુત્, અશનિ, નિર્ઘાત, સૂર્યકાંત મણિ નિશ્રિત. આવા પ્રકારના બીજા બધાં.

તે સંક્ષેપથી બે ભેદે - પર્યાપ્તા અને અપર્યાપ્તા. તેમાં જે અપર્યાપ્તકા છે, તે અસંપ્રાપ્ત છે. તેમાં જે પર્યાપ્તકા છે, તે વર્ણ-ગંધ-રસ-સ્પર્શ આદેશથી હજારો વિધાનથી સંખ્યાત યોનિપ્રમુખ લાખ પર્યાપ્તકનિશ્રાએ અપર્યાપ્તા વ્યુત્ક્રમે છે, એક ત્યાં અસંખ્યાતા.

વ્યાખ્યા — અંગાર-ધૂમ રહિત જાજ્વલ્યમાન ખૈર આદિ અગ્નિ. જ્વાલા-અગ્નિ સંબંધી દીપશિખા, મુર્મુર-ભસ્મ મિશ્રિત અગ્નિકણ, અર્ચિ - અગ્નિ અપ્રતિબદ્ધ જ્વાલા, અલાત-ઉલ્મુક, શુદ્ધાગ્નિ-લોહપિંડાદિ, ઉલ્કા-તેજોમાલા, અશનિ-આકાશમાં પડતાં અગ્નિમય કણ, નિર્ઘાત-વિદ્યુત્પાત, સંઘર્ષસમુત્થિત-અરણ્યાદિના કાષ્ઠના મથનથી ઉત્પન્ન, સૂર્યકાંત મણિ નિશ્રિત - પ્રખર સૂર્યકિરણના સંપર્કમાં સૂર્યકાંતમણિથી જે ઉપજે છે તે. જે બીજા પણ આવા પ્રકારના તેજસ્કાયિક, તે પણ બાદર તેજસ્કાયિક જાણવા.

શરીરાદિ દ્વાર ચિંતના સૂક્ષ્મ તેજસ્કાયિકવત્ છે. માત્ર સ્થિતિદ્વારમાં જઘન્યથી

અંતર્મુહૂર્ત સ્થિતિ, ઉત્કૃષ્ટથી ત્રણ અહોરાત્રિ. આહાર-બાદર પૃથ્વીકાયિકોની સમાન જાણવો.

તેજસ્કાયિક કહ્યા, હવે વાયુકાયિકોને કહે છે —

● સૂત્ર-૩૪ :-

*તે વાયુકાયિકો શું છે ? તે બે ભેદે છે - સૂક્ષ્મ અને બાદર વાયુકાયિકો. સૂક્ષ્મવાયુકાયિકોને તેઉકાયિકવત્ કહેવા. વિશેષ એ કે શરીર પતાકા સંસ્થિત છે, એક ગતિક, બે આગતિક, પરિત્ત, અસંખ્યાત. તે આ સૂક્ષ્મવાયુકાયિકો છે.*

*તે બાદર વાયુકાયિકો શું છે ? અનેક ભેદે છે. તે આ — પૂર્વીવાયુ, પશ્ચિમવાયુ, આવા પ્રકારના અન્ય વાયુકાય. તે સંક્ષેપથી બે ભેદે છે - પર્યાપ્તા અને અપર્યાપ્તા. ભગવન્ ! તે જીવોને કેટલા શરીરો કહ્યા છે ? ગૌતમ ! ચાર શરીરો છે. તે આ — ઔદારિક, વૈક્રિય, તૈજસ, કાર્મણ. શરીર પતાકા સંસ્થાને છે. ચાર સમુદ્‌ઘાતો છે — વેદના-કષાય-મારણાંતિક-વૈક્રિય સમુદ્‌ઘાત. નિર્વ્યાઘાતથી આહાર છ દિશાથી અને વ્યાઘાતને આશ્રીને કદાચ ત્રણ દિશાથી, કદાચ ચાર દિશાથી, કદાચ પાંચ દિશાથી. ઉપપાત દેવ, મનુષ્ય, નૈરયિકોમાં નથી. સ્થિતિ જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ૩૦૦૦ વર્ષ બાકી પૂર્વવત્. એકગતિક, બે આગતિક, પરિત્ત, અસંખ્યાતા કહ્યા છે.*

*હે આયુષ્યમાન્ શ્રમણો ! તે આ બાદર વાયુકાય કહ્યા.*

● વિવેચન-૩૪ :-

વાયુકાયિકો બે ભેદે કહ્યા છે — સૂક્ષ્મ વાયુકાયિક અને બાદર વાયુકાયિક. ‘च’ શબ્દ પૂર્વવત્. તેમાં સૂક્ષ્મવાયુકાયિકો સૂક્ષ્મ તેઉકાયિકવત્ કહેવા. વિશેષ એ કે — સંસ્થાનદ્વારમાં - તેમના શરીર પતાકા સંસ્થાન સંસ્થિત કહેવું. બાકી પૂર્વવત્. બાદરવાયુકાયિકો પણ સૂક્ષ્મતેજસ્કાયિકવત્ જાણવા. વિશેષ એ - તેના ભેદ પ્રજ્ઞાપના સૂત્ર મુજબ કહેવા. તે આ પ્રમાણે — બાદર વાયુકાયિક શું છે ?

બાદર વાયુકાયિક અનેકભેદે કહેલ છે — પૂર્વવાયુ, પશ્ચિમ વાયુ, દક્ષિણવાયુ, ઉત્તરવાયુ, ઉર્ધ્વવાયુ, અધોવાયુ, તિર્છો વાયુ, વિદિશિવાયુ, વાતોદ્‌ભ્રામ, વાતોત્કલિકા, મંડલિકવાયુ, ઉત્કલિક વાયુ, ગુંજાવાયુ, ઝંઝાવાયુ, સંવર્ત્તક વાયુ, ઘનવાયુ, તનુવાયુ, શુદ્ધવાયુ, બીજા અન્ય આવા પ્રકારના વાયુ. તે સંક્ષેપથી બે ભેદે કહેલ છે — પર્યાપ્તક અને અપર્યાપ્તક. તેમાં જે અપર્યાપ્તકો છે, તે અસંપ્રાપ્ત છે. તેમાં જે પર્યાપ્તા છે, તે વર્ણ-ગંધ-રસ-સ્પર્શ આદેશથી હજારો વિધાનોથી સંખ્યાત યોનિ પ્રમુખ લાખ, પર્યાપ્તક નિશ્રાએ અપર્યાપ્તા વ્યુત્ક્રમે છે.

વ્યાખ્યા — પાઈણવાયુ - પૂર્વ દિશાથી આવતો વાયુ, તે પ્રાચીન વાયુ. એ રીતે પશ્ચિમી આદિ વાયુ કહેવા. ઉંચે જઈને વહેતો વાયુ તે ઉર્ધ્વ વાયુ. એ રીતે અધો, તીર્છો વાયુ. વાતોદ્‌ભ્રમ - અનિયત વાયુ, વાતોત્કલિકા - સમુદ્રની જેમ વાયુની આંધી. મંડલિકાવાત-મંડલિકાથી આરંભી પ્રચુરતર આંધીથી મિશ્રિત વાત. ગુંજાવાત-ગુંજન શબ્દ કરતા વહેતો પવન, ઝંઝાવાત - વર્ષા સાથે કે નિષ્ઠુર હવા. સંવર્તકવાયુ



- તૃણાદિ સંવર્તન સ્વભાવ. ઘનવાત - ઘન પરિણામી વાયુ, રત્નપ્રભા પૃથ્વી આદિ અધોવર્તી. તનુવાત-ઘનવાતની નીચે રહેલ પાતળો વાયુ, શુદ્ધવાત-મંદવાયુ, મશકાદિમાં ભરેલ વાયુ, તે સંક્ષેપથી ઇત્યાદિ પૂર્વવત્.

શરીરાદિ દ્વાર કલાપ ચિંતામાં શરીર દ્વારમાં ચાર શરીરો કહ્યા, કેવલી સિવાયના ચાર સમુદ્‌ઘાતો કહ્યા. સ્થિતિદ્વાર, આહાર દ્વાર આદિ સૂત્રાર્થસમાન જાણવા. લોકનિષ્કુટાદિમાં પણ બાદર વાયુકાયનો સંભવ છે. બાકી સૂક્ષ્મ વાયુકાયવત્ છે.

● સૂત્ર-૩૫ :-

*તે ઔદારિક ત્રસ પ્રાણી શું છે ? તે ચાર ભેદે કહેલ છે — બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચતુરિન્દ્રિય, પંચેન્દ્રિય.*

● વિવેચન-૩૫ :-

ઔદારિક ત્રસો ચાર ભેદે છે. તે આ — બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચતુરિન્દ્રિય, પંચેન્દ્રિય. તેમાં બે — સ્પર્શન, રસનારૂપ ઈન્દ્રિયો. ત્રણ — સ્પર્શન, રસન, ઘ્રાણરૂપ ઈન્દ્રિયો. ચાર - સ્પર્શન, રસના, ઘ્રાણ, ચક્ષૂરૂપ ઈન્દ્રિયો. પાંચ-સ્પર્શનાદિ પાંચે ઈન્દ્રિયો.

● સૂત્ર-૩૬ :-

*તે બેઈન્દ્રિયો શું છે ? અનેકવિધ છે — પુલાકૃમિક યાવત્ સમુદ્રલિક્ષા, જે આવા બીજા પ્રકારના છે, તે બેઈન્દ્રિયજીવ. તે સંક્ષેપથી બે ભેદે છે — પર્યાપ્તા અને અપર્યાપ્તા. ભગવન્ ! તે જીવોને કેટલા શરીરો છે ? ગૌતમ ! ત્રણ — ઔદારિક, તૈજસ અને કાર્મણ. ભગવન્ ! તે જીવોની શરીર અવગાહના કેટલી મોટી છે ? જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટથી બાર યોજન. છેવટ્ટુ સંઘયણ અને હુંડ સંસ્થાન સંસ્થિત છે. ચાર કષાયો, ચાર સંજ્ઞા, ત્રણ લેશ્યા, બે ઈન્દ્રિયો, ત્રણ સમુદ્‌ઘાતો-વેદના, કષાય, મારણાંતિક, સંજ્ઞી નથી - અસંજ્ઞી છે. નપુંસક વેદક છે. પાંચ પર્યાપ્તિ, પાંચ અપર્યાપ્તિ, સમ્યક્ દૃષ્ટિ પણ છે, મિથ્યાદૃષ્ટિ પણ છે, પણ સમ્યક્ મિથ્યાદૃષ્ટિ નથી. અવધિદર્શની - ચક્ષુદર્શની કે કેવલદર્શની નથી, માત્ર અચક્ષુદર્શની છે.*

*ભગવન્ ! તે જીવો જ્ઞાની છે કે અજ્ઞાની ? ગૌતમ ! જ્ઞાની પણ છે, અજ્ઞાની પણ. જે જ્ઞાની છે, તે નિયમા બે જ્ઞાનવાળા છે - આભિનિબોધિક જ્ઞાની અને શ્રુતજ્ઞાની. જે અજ્ઞાની છે, તે નિયમા બે અજ્ઞાનવાળા છે - મતિ અજ્ઞાની, શ્રુત અજ્ઞાની. મનોયોગી નથી પણ વચનયોગી, કાયયોગી છે. સાકારોપયુક્ત અને અનાકારોપયુક્ત પણ છે. આહાર નિયમા છ દિશાથી છે. ઉપપાત અસંખ્યાત વર્ષાયુ સિવાયના તિર્યંચ અને મનુષ્ય તથા દેવ અને નરકથી થાય છે. સ્થિતિ જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી બાર વર્ષ. સમવહત થઈને પણ મરે, અસમવહત થઈને પણ મરે.*

*ક્યાં જાય છે ? નૈરયિક, દેવ અને અસંખ્યાત વર્ષાયુ વર્જીને તિર્યંચો અને મનુષ્યોમાં જાય છે. બે ગતિક, બે આગતિક, પરિત્ત, અસંખ્યાતા છે. તે આ*

*બેઈન્દ્રિયો કહ્યા.*

● **વિવેચન-૩૬ :-**

બેઈન્દ્રિયો અનેક ભેદે કહ્યા છે. તે આ — પુલાકકૃમિક, કુચ્છિકૃમિક, ગંડોલક, ગોલોમ, નેઉર, સોમંગલક, વંસીમુખ, શૂચિમુખ, ગોજલોક, જલોક, જાલાયુષ, શંખા, શંખણગ, ધુલ્લા, ખુલ્લા, વરાડા, સોત્તિકા, મૌક્તિકા, કલ્લુયાવાસ, એકતોવક્રા, દ્વિધાવક્રા, નંદિયાવર્ત્ત, શંબુક્ક, માઈવાહ, સિપ્પિસંપુડ, ચંદન, સમુદ્રલિક્ષા.

વ્યાખ્યા-પુલાકૃમિક-મળદ્વારમાં ઉત્પન્ન કૃમિ, કુક્ષિકૃમિ-કુક્ષિપ્રદેશોત્પન્ન. શંખ-સમુદ્રમાં થાય. શંખનક-શંખિકા, ખુલ્લા-લઘુ શંખ, વરાટા-કપર્દા, માતૃવાહા - કોદ્રવ આકારપણાથી કોદ્રવ. સિપ્પિસંપુડ-સંપુટરૂપ શુક્તિ, ચંદનક-અક્ષ. જે બીજા આવા પ્રકારના મૃતક ક્લેવર સંભૂત કૃમિ આદિ, તે બધાં બેઈન્દ્રિયો જાણવા.

આ બેઈન્દ્રિયો સંક્ષેપથી બે ભેદે કહ્યા — અપર્યાપ્તા, પર્યાપ્તા. શરીર દ્વારમાં આ ત્રણ શરીરો — ઔદારિક, તૈજસ, કાર્મણ. અવગાહના - જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટથી બાર યોજન. સંહનન-છેદવર્તિસંહનન. અસ્થિનિચયભાવથી સંહનન મુખ્ય જ જાણવું. સંસ્થાન દ્વારમાં - હુંડ સંસ્થાન. કષાયદ્વાર - ચારે કષાય, સંજ્ઞાદ્વાર - ચારે સંજ્ઞા, લેશ્યાદ્વાર - પહેલી ત્રણ લેશ્યા. ઈન્દ્રિય દ્વાર - સ્પર્શન અને રસન બે. સમુદ્ઘાત દ્વાર - ત્રણ સમુદ્ઘાત — વેદના, કષાય, મારણાંતિક સમુદ્ઘાત. સંજ્ઞીદ્વાર - નો સંજ્ઞી નોઅસંજ્ઞી. વેદદ્વાર-નપુંસક વેદ, કેમકે સંમૂર્છિમ છે. પર્યાપ્તિદ્વારમાં પાંચ પર્યાપ્તિ, પાંચ અપર્યાપ્તિ.

દૃષ્ટિ દ્વારમાં - સમ્યગ્દૃષ્ટિ કે મિથ્યાદૃષ્ટિ સમ્યગ્મિથ્યા દૃષ્ટિ નહીં. કઈ રીતે? કંઈક સાસ્વાદન સમ્યક્ત્વ શેષ કોઈ બેઈન્દ્રિયમાં ઉપજે છે. પછી અપર્યાપ્તા-વસ્થામાં કેટલોક કાળ સાસ્વાદન સમ્યકત્વ સંભવથી સમ્યગ્દૃષ્ટિત્વ, બાકીનો કાળ મિથ્યાદૃષ્ટિતા, તેથી સમ્યગ્મિથ્યા દૃષ્ટિત્વ તેમને ન સંભવે. તથા ભવસ્વભાવતા, તથારૂપ પરિણામ યોગથી. સમ્યગ્મિથ્યાદૃષ્ટિ થઈ ન કોઈ તેમાં ઉત્પન્ન થાય છે.

દર્શનદ્વાર પૂર્વવત્. જ્ઞાનદ્વારમાં જ્ઞાની અને અજ્ઞાની. તેમાં જ્ઞાનીત્વ સાસ્વાદન સમ્યકત્વ અપેક્ષાથી છે, તે જ્ઞાની નિયમથી બે જ્ઞાનયુક્ત છે — મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન. અજ્ઞાની પણ નિયમથી બે અજ્ઞાનવાળા છે. મતિઅજ્ઞાન, શ્રુતાજ્ઞાન. યોગદ્વારમાં માત્ર વચન અને કાયયોગવાળા. આહાર નિયમથી છ દિશાથી, કેમકે બેઈન્દ્રિયાદિઓ ત્રસનાડીમાં જ હોય છે. ઉપપાત - દેવ, નારક અને અસંખ્યાતવર્ષાયુ વર્જિત બાકીના તિર્યંચ, મનુષ્યોથી. સ્થિતિ જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી બાર વર્ષ. ચ્યવનદ્વારમાં દેવ, નારક અને સંખ્યાતવર્ષાયુ વર્જિત બાકીના તિર્યંચ, મનુષ્યોમાં, ઉદ્વર્તીને જાય છે. તેથી જ ગતિ-આગતિ દ્વારમાં દ્વિગતિક, દ્વિઆગતિક તિર્યંચ-મનુષ્ય ગતિ અપેક્ષાથી પરીત્ત-પ્રત્યેકશરીરી, અસંખ્યેય ઘનીકૃત્ લોકના જે ઉર્ધ્વ-અધો લાંબા, એક પ્રાદેશિક્ય શ્રેણી-અસંખ્યાત યોજન કોડાકોડી પ્રમાણ આકાશ સૂચિગત પ્રદેશ રાશિ પ્રમાણ, તેટલા પ્રમાણત્વથી કહેલ છે.



● **સૂત્ર-૩૭ :-**

*તે તેઈન્દ્રિયો શું છે ? અનેક ભેદે કહ્યા છે — ઔપયિક, રોહિણીક, હસ્તિશૌંડ. બીજા પણ આવા પ્રકારના તેઈન્દ્રિય જીવ. તે સંક્ષેપથી બે ભેદે કહ્યા - પર્યાપ્તા અને અપર્યાપ્તા. બેઈન્દ્રિયવત્ કહેવા. માત્ર શરીર અવગાહના ઉત્કૃષ્ટથી ત્રણ ગાઉ. ત્રણ ઈન્દ્રિયો, સ્થિતિ જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી ૪૯-અહોરાત્રિ. બાકી પૂર્વવત્. બે ગતિ - બે આગતિ, પરિત્ત, અસંખ્યાતા કહ્યા છે. તે તેઈન્દ્રિય કહ્યા.*

● **વિવેચન-૩૭ :-**

તેઈન્દ્રિયો અનેક ભેદે કહ્યા છે. પ્રજ્ઞાપના સૂત્રાનુસાર આ છે — ઔપચિકા, રોહિણીકા, કુંથુ, પિપિલિકા, ઉદ્દેશકા, ઉદ્દેહિકા, ઉક્કલિયા, તણહાર, કાષ્ઠહાર, પત્રહાર, માલુકા, તૃણ-પત્ર-ફળવૃંતિક, તેંબુરુ-તપુસ-કાર્પાસસ્ઠિ મિંજિકા, ઝિલ્લિકા, ઝિંગિરા, ઝિગિરિડા, વાહુકા, મુરગા, સૌવસ્તિકા, સુયબેંટા, ઈન્દ્રકાયિક, ઈન્દ્રગોપક, કોત્થલવાહકા, હાલાહલા, પિસુયા, તસવાઈયા, ગોમ્હી, હત્થિસોંડા, આમાં કેટલાંક પ્રસિદ્ધ છે, કેટલાંક દેશવિશેષથી જાણવા. આવા પ્રકારના અન્ય બધાં તેઈન્દ્રિયો જાણવા. સમસ્ત સૂત્ર બેઈન્દ્રિયવત્ કહેવું. વિશેષ એ કે અવગાહના, ઈન્દ્રિય, સ્થિતિમાં સૂત્રાર્થ મુજબ કહેવું. હવે ચઉરિન્દ્રિય કહે છે —

● **સૂત્ર-૩૮ :-**

*તે ચતુરિન્દ્રિય શું છે ? તે અનેક ભેદે છે — અંધિકા, પુત્રિકા યાવત્ ગોમયકીડા. આ પ્રકારના અન્ય જીવ. તે સંક્ષેપથી બે ભેદે કહ્યા છે — પર્યાપ્તા અને અપર્યાપ્તા. ભગવન્ ! તે જીવોને કેટલા શરીરો કહ્યા છે ? ગૌતમ ! ત્રણ શરીરો છે, બધું પૂર્વવત્. વિશેષ આ - શરીરાવગાહના ઉત્કૃષ્ટથી ચાર ગાઉ, ઈન્દ્રિયો ચાર, ચક્ષુદર્શની-અચક્ષુર્દર્શની, સ્થિતિ ઉત્કૃષ્ટથી છ માસ, બાકી તેઈન્દ્રિયવત્ યાવત્ અસંખ્યાતા કહ્યા છે. તે આ ચઉરિન્દ્રિય કહ્યા.*

● **વિવેચન-૩૮ :-**

ચઉરિન્દ્રિયો અનેક ભેદે કહ્યા છે, તે આ — અંધિકા, પુત્રિકા, માખી, મચ્છર, કીટ, પતંગ, ઢિંકુણ, કુક્કુડ, કુક્કુહ, નંદાવર્ત્ત, શ્રૃંગિરિટ, કૃષ્ણપત્ર, નીલપત્ર, લોહિતપત્ર, હરિતપત્ર, શુક્લપત્ર, ચિત્રપક્ષ, વિચિત્રપક્ષ, ઓભંજલિક, જલચારિક, ગંભીર, નીનિક, તંતવ, અક્ષિરોટ, અક્ષિવેધ, સારંગ, નેવલ, દાલા, ભ્રમર, ભરિલી, જરુલા, તોટ્ટ, વિંછી, પત્રવિંછી, છાણવિંછી, જળવિંછી, પ્રિયંગાલ, કનક, ગોમયકીટ. આવા પ્રકારના બીજા પણ બધાં ચઉરિન્દ્રિયો લોકથી જાણવા. તે સંક્ષેપથી ઈત્યાદિ બધું પણ સૂત્ર બેઈન્દ્રિયવત્ જાણવું. માત્ર અવગાહના ચાર ગાઉ ઉત્કૃષ્ટથી કહેવી. ઈન્દ્રિય દ્વારમાં સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુરૂપ ચાર ઈન્દ્રિયો છે. સ્થિતિ-ઉત્કૃષ્ટથી છ માસ છે. બાકી પૂર્વવત્. - - હવે પંચેન્દ્રિયનું કથન —

● **સૂત્ર-૩૯ :-**

*તે પંચેન્દ્રિયો શું છે ? તે ચાર ભેદે છે, તે આ — નૈરયિક, તિર્યંચયોનિક,*

*મનુષ્ય, દેવ.*

● વિવેચન-૩૯ :-

પંચેન્દ્રિયો ચાર પ્રકારે કહ્યા છે, તે આ પ્રમાણે - નૈરયિકાદિ. તેમાં — નીકળી ગયું છે. ઈષ્ટ ફળ કર્મ જેમાંથી તે નિરયા - નરકાવાસ, તેમાં થનાર નૈરયિક. તિર્યંચ-પ્રાયઃ તિર્છાલોકમાં યોનિ છે, તેમાં જન્મેલ તે તિર્યક્યોનિજ અથવા તિર્યંચયોનિક એ શબ્દ સંસ્કાર છે, પ્રાયઃ તિર્છા લોકમાં ઉત્પત્તિસ્થાન જેના છે તે. 'મનુ' એ મનુષ્યની સંજ્ઞા છે, મનુના સંતાનો તે મનુષ્ય. સુખમાં રમણ કરે છે તે દેવ

હવે - નૈરયિકને કહે છે —

● સૂત્ર-૪૦ :-

*તે નૈરયિકો શું છે ? તે સાત ભેદે છે - રત્નપ્રભાપૃથ્વી નૈરયિક યાવત્ અધઃસપ્તમી પૃથ્વી નૈરયિક. તે સંક્ષેપથી બે ભેદે છે - પર્યાપ્તા અને અપર્યાપ્તા. -- ભગવન્ ! તે જીવોને કેટલા શરીરો છે ? ગૌતમ ! ત્રણ છે — વૈક્રિય, તૈજસ, કાર્મણ. - - ભગવન્ ! તે જીવોની શરીરાવગાહના કેટલી મોટી છે ? ગૌતમ ! શરીરાવગાહના બે ભેદે છે — ભવધારણીય અને ઉત્તરવૈક્રિય. તેમાં જે ભવધારણીય છે, તે જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ અને ઉત્કૃષ્ટથી ૫૦૦ ધનુષ્. તેમાં જે ઉત્તરવૈક્રિય છે, તે જઘન્યથી અંગુલનો સંખ્યાતભાગ, ઉત્કૃષ્ટથી હજાર ધનુષ્.*

*ભગવન્ ! તે જીવોના શરીર કયા સંઘયણે છે ? ગૌતમ ! છ સંઘયણમાંથી એક પણ નહીં, તે અસંઘયણી છે. તેમના શરીરમાં હાડકા નથી, નાડી નથી, સ્નાયુ નથી, સંઘયણ નથી. જે પુદ્ગલો છે તે અનિષ્ટ, અકાંત, અપ્રિય, અશુભ, અમનોજ્ઞ, અમણામ છે. તે તેમને સંઘાતપણાએ પરિણમે છે. - - - ભગવન્ ! તે જીવોના શરીર કયા આકારે છે ? ગૌતમ ! સંસ્થાન બે ભેદે છે — ભવધારણીય અને ઉત્તરવૈક્રિય. તેમાં ભવધારણીય છે. તે હુંડ સંસ્થિત છે, જે ઉત્તરવૈક્રિય છે, તે પણ હુંડ સંસ્થિત છે.*

*ચાર કષાયો, ચાર સંજ્ઞાઓ, ત્રણ લેશ્યા, પાંચ ઈન્દ્રિયો, પહેલાં ચાર સમુદ્ઘાતો, સંજ્ઞી પણ છે - અસંજ્ઞી પણ છે, નપુંસકવેદ છે, છ પર્યાપ્તિ - છ અપર્યાપ્તિ, ત્રણ દૃષ્ટિ, ત્રણ દર્શન, જ્ઞાની પણ છે - અજ્ઞાની પણ છે. જે જ્ઞાની છે, તે નિયમા ત્રણ જ્ઞાની - આભિનિબોધિક જ્ઞાની, શ્રુતજ્ઞાની, અવધિજ્ઞાની. જે અજ્ઞાની છે તેમાં કેટલાંક બે અજ્ઞાની છે, કેટલાંક ત્રણ અજ્ઞાની છે. જે બે અજ્ઞાની છે, તે નિયમા મતિ અજ્ઞાની અને શ્રુત અજ્ઞાની છે. જે ત્રણ અજ્ઞાની છે, તે નિયમા મતિ અજ્ઞાની, શ્રુત અજ્ઞાની અને વિભંગજ્ઞાની છે. ત્રણ યોગ, બે ઉપયોગ છે.*

*આહાર છ દિશાથી, પ્રાયઃ કરીને વર્ણથી કાળા યાવત્ આહારને આહારે છે. ઉપપાત તિર્યંચ અને મનુષ્યોમાંથી છે. સ્થિતિ જઘન્ય ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટ ૩૩-સાગરોપમ. બંને રીતે મરે છે. ઉદ્વર્તના મનુષ્ય અને તિર્યંચમાં છે પણ સંમૂર્છિમોમાં જતા નથી. બે ગતિ - બે આગતિ, પરિત્ત, અસંખ્યાત હે આયુષ્યમાન્*



*શ્રમણ કહ્યા છે. તે નૈરયિક કહ્યા.*

● વિવેચન-૪૦ :-

નૈરયિકો સાત ભેદે કહ્યા છે. તે આ — રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમઃપ્રભા, અધઃસપ્તમી (આ સાત પૃથ્વીના) નૈરયિકો. સંક્ષેપથી પર્યાપ્તા, અપર્યાપ્તા છે. હવે શરીરાદિ દ્વાર પ્રતિપાદના - સુગમ છે. વિશેષ આ - ભવપ્રત્યયથી જ તેમના શરીર વૈક્રિય છે, ઔદારિક નથી. ત્રણ શરીરો કહ્યા — વૈક્રિય, તૈજસ અને કાર્મણ.

તેમની અવગાહના બે ભેદે — ભવધારણીય, ઉત્તરવૈક્રિય. જેનાથી ભવ ધારણ કરાય તે ભવધારણીય, બીજી ભવાંતરવૈરી નારકોના પ્રતિઘાત અર્થે ઉત્તરકાળ જે વિચિત્રરૂપા જે વૈક્રિય અવગાહના તે ઉત્તરવૈક્રિય. તેમાં ભવધારણીય તે જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ, તે ઉપપાતકાળે જાણવી. ઉત્કૃષ્ટથી ૫૦૦ ધનુષ્. આ ઉત્કૃષ્ટ પ્રમાણ સાતમી નરકને આશ્રીને જાણવું. પ્રત્યેક પૃથ્વીનું ઉત્કૃષ્ટ પ્રમાણ સંગ્રહણી ટીકાથી કહેવું. ઉત્તર વૈક્રિયા જઘન્યથી અંગુલનો સંખ્યાત ભાગ, અસંખ્યાત ભાગ નહીં કેમકે તેવા પ્રયત્નનો અભાવ છે. ઉત્કૃષ્ટથી હજાર ધનુષ્. આ ઉત્કૃષ્ટ પરિમાણ પણ સાતમી નરક પૃથ્વીને આશ્રીને જાણવું. - x -

સંહનન દ્વારમાં — છમાંથી કોઈ સંહનનમાંથી કોઈ પણ સંહનન વડે તેમનું સંહનન નથી, તેઓ અસંઘયણી છે. કેમકે તેમના શરીરમાં હાડકાં નથી, ધમનિ-નાડી નથી, સ્નાયુ નથી, અસ્થ્યાદિ અભાવથી અસંઘયણી શરીર કહ્યું. તત્ત્વવૃત્તિથી સંહનન અસ્થિ નિચયાત્મક છે. જેમ પૂર્વે એકેન્દ્રિયોનું સેવાર્ત્ત સંહનન કહ્યું, તે ઔદારિક શરીર સંબંધ માત્ર અપેક્ષાએ ઔપચારિક છે. દેવો પણ પ્રજ્ઞાપનાદિમાં વજ્ર સંઘયણી કહ્યા, તે ગૌણવૃત્તિથી છે. તેથી કહે છે — જેમ મનુષ્યલોકમાં ચક્રવર્તી આદિ વિશિષ્ટ વજ્રઋષભનારાચ સંઘયણી બીજા બધાં મનુષ્યજનથી અસાધારણ શક્તિ છે. - x - તેથી અધિકતર દેવોની પર્વતોત્પાટનાદિ વિષયક શક્તિ સંભળાય છે, શરીર પરિક્લેશ નથી. તેથી તેઓ પણ વજ્રસંહનની જેવા કહ્યા. પરમાર્થથી તેઓ સંહનનવાળા નથી. તેમ નારકોમાં અસ્થિના અભાવથી સંહનનનો અભાવ છે. - x - x -

(શંકા) નૈરયિકોને અસ્થિ અભાવે કઈ રીતે શરીરબંધન થાય ? તથાવિધ પુદ્ગલ સ્કંધવત્ શરીરબંધન થાય.

તેથી જ કહે છે — જે પુદ્ગલો અનિષ્ટ-મનથી ઈચ્છાને ઉલ્લંઘેલ. તેમાં કેટલાંક કમનીય છતાં કોઈને અનિષ્ટ થાય, તેથી કહ્યું - અકાંત-અકમનીય, અત્યંત અશુભવર્ણયુક્તપણાથી. તેથી જ અપ્રિય છે. દર્શનાપાતકાળે પણ પ્રિયબુદ્ધિ ઉત્પન્ન કરનારા નથી. અશુભ રસ, ગંધ, સ્પર્શાત્મકત્વથી અશુભ. અમનોજ્ઞ-મનને આનંદહેતુક નહીં, વિપાકથી દુઃખજનક. અમનામ છે. તથારૂપ શરીર પરિણતિ ભાવે પરિણમે છે.

સંસ્થાન દ્વારમાં - તેમના ભવધારણીય અને ઉત્તરવૈક્રિય શરીર હુંડ સંસ્થાન કહેવા. તેથી કહે છે — તેમના ભવધારણીય શરીર, ભવ સ્વભાવથી જ નિર્મૂલ વિલુપ્ત પક્ષોત્પાટિત સકલ ગ્રીવાદિ રોમ પક્ષી શરીરવત્ અતિ બીભત્સ હુંડ સંસ્થાન યુક્ત

છે. ઉત્તરવૈક્રિયને પણ શુભ વિકુર્વવા જાય, તો પણ તથાવિધ નામકર્મોદયથી અતીવ અશુભતર ઉપજે છે. તેથી તે પણ હુંડ સંસ્થાન છે.

લેશ્યા-પહેલી ત્રણ. પહેલી બે નરકમાં કાપોત, ત્રીજામાં કોઈક નરકાવાસમાં કાપોત, બાકીમાં નીલલેશ્યા, ચોથીમાં નીલલેશ્યા, પાંચમી નરકના કેટલાંક નરકાવાસોમાં નીલલેશ્યા, બાકીનામાં કૃષ્ણલેશ્યા. છઠ્ઠીમાં કૃષ્ણલેશ્યા, સાતમી નરકમાં પરમકૃષ્ણલેશ્યા છે. - x -

ઈન્દ્રિય દ્વારમાં સ્પર્શન, રસન આદિ પાંચે ઈન્દ્રિયો છે.

સમુદ્‌ઘાત દ્વારમાં વેદના, કષાય, વૈક્રિય, મારણાંતિક ચાર.

સંજ્ઞીદ્વારમાં – સંજ્ઞી, અસંજ્ઞી. તેમાં જે ગર્ભવ્યુત્ક્રાંતિથી ઉત્પન્ન તે સંજ્ઞી કહેવાય. જે સંમૂર્છનજથી છે તે અસંજ્ઞી. તેઓ રત્નપ્રભા નારકીમાં જ ઉત્પન્ન થાય, પછી નહીં. અનાશય-અશુભક્રિયાના દારુણ એવા અનંતર વિપાકી છતાં આટલું જ ફળપણું છે તેથી કહે છે કે અસંજ્ઞી પહેલી સુધી, સરીસર્પ બીજી સુધી, પક્ષી ત્રીજી સુધી, સિંહ ચોથી સુધી, ઉરગ પાંચમી સુધી, સ્ત્રી છઠ્ઠી સુધી, મનુષ્ય અને મત્સ્ય સાતમી નરક સુધી ઉત્પન્ન થાય. આ પરમ ઉપાત નરકમાં જાણવો.

વેદ-નપુંસક, પર્યાપ્તિ અને અપર્યાપ્તિ-પાંચ, પાંચ છે. દૃષ્ટિ-ત્રણ પ્રકારે છે. મિથ્યાદૃષ્ટિ, સમ્યગ્‌દૃષ્ટિ, સમ્યગ્‌મિથ્યાદૃષ્ટિ. દર્શન ત્રણ – ચક્ષુ, અચક્ષુ, અવધિ. જ્ઞાનદ્વારમાં જ્ઞાની પણ છે, અજ્ઞાની પણ છે. નિયમા ત્રણ જ્ઞાન કે ત્રણ અજ્ઞાન છે. જે નારકો અસંજ્ઞી છે, તેને અપર્યાપ્તાવસ્થામાં બે અજ્ઞાન અને પર્યાપ્તાવસ્થામાં ત્રણ અજ્ઞાન. સંજ્ઞીને ઉભયાવસ્થામાં ત્રણે અજ્ઞાન છે. અસંજ્ઞીથી ઉત્પન્ન થનારને તેવી બોધમંદતા અપર્યાપ્તાવસ્થામાં હોવાથી અવ્યક્તઅવધિ પણ નથી.

ઉપપાત - પ્રજ્ઞાપનાના વ્યુત્ક્રાંતિ પદ મુજબ કહેવો. પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચ-મનુષ્યોથી અસંખ્યાત આયુ વર્જીને બાકીનાનો કહેવો. સ્થિતિ, સમુદ્‌ઘાત સૂત્રાર્થ મુજબ. ઉદ્વર્તના - પ્રજ્ઞાપનાના વ્યુત્ક્રાંતિ પદ મુજબ કહેવી. ગતિ-દ્વિગતિક, આગતિ-દ્વિઆગતિક. પરીત્ત-પ્રત્યેક શરીરી, અસંખ્યાતા કહેવા. - - હવે તિર્યંચ પંચેન્દ્રિય–

● **સૂત્ર-૪૧ :-**

***તે પંચેન્દ્રિય તિર્યંચયોનિકો શું છે ? બે ભેદે – સંમૂર્છિમ પંચેન્દ્રિય તિર્યંચયોનિક અને ગર્ભવ્યુત્ક્રાંતિક પંચેન્દ્રિય તિર્યંચયોનિક.***

● **વિવેચન-૪૧ :-**

પંચેન્દ્રિય તિર્યંચયોનિકો બે ભેદે – સંમૂર્છિમ, ગર્ભજ. સંમૂર્છન-ગર્ભ ઉપપાત સિવાય જે પ્રાણીનો ઉત્પાદ, તેના વડે જન્મેલ. ગર્ભજ-ગર્ભમાં ઉત્પત્તિ જેની છે તે અથવા ગર્ભવશથી નિષ્ક્રમણ જેનું છે, તે ગર્ભ વ્યુત્ક્રાંતિક. 'च' શબ્દ સ્વગત અનેક ભેદ સૂચક છે.

● **સૂત્ર-૪૨,૪૩ :-**

***[૪૨] તે સંમૂર્છિમ પંચેન્દ્રિય તિર્યંચ યોનિક શું છે ? તે ત્રણ ભેદે છે – જલચર, સ્થલચર, ખેચર.***



***[૪૩] તે જલચર શું છે ? તે પાંચ ભેદે છે – મત્સ્ય, કાચબા, મગર, ગાહ, સુંસુમાર. - - તે મત્સ્ય શું છે ? જેમ પ્રજ્ઞાપનામાં કહ્યું તેમ યાવત્ જે આ પ્રકારના અન્ય છે તે. તે સંક્ષેપથી બે ભેદે - પર્યાપ્તા અને અપર્યાપ્તા. - - ભગવન્ ! તે જીવોને કેટલા શરીર છે ? ગૌતમ ! ત્રણ – ઔદારિક, તૈજસ, કાર્મણ. શરીરાવગાહના - જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટથી હજાર યોજન. છેવટનું સંઘયણ, હુંડ સંસ્થિત.***

***ચાર કષાયો, ચાર સંજ્ઞા, છ લેશ્યા, પાંચ ઈન્દ્રિયો, સમુદ્‌ઘાત ત્રણ, સંજ્ઞી નથી - અસંજ્ઞી છે. નપુંસક વેદ, પર્યાપ્તિ અને અપર્યાપ્તિ-પાંચ. બે દૃષ્ટિ, બે દર્શન, બે જ્ઞાન, બે અજ્ઞાન, બે યોગ, બે ઉપયોગ. આહાર છ દિશામાથી, ઉપપાત-તિર્યંચ અને મનુષ્યમાંથી થાય, દેવ કે નારકથી નહીં. તિર્યંચમાં અસંખ્યાત વર્ષાયુને વર્જીને. મનુષ્યોમાં અકર્મભૂમિજ, અંતર્દ્વિપજ, અસંખ્યાત વર્ષાયુવાળાને વર્જીને જાણવો.***

***સ્થિતિ-જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી પૂર્વકોડી, મારણાંતિક સમુદ્‌ઘાતથી બંને રીતે મરે છે, અનંતર ઉદ્વર્તીને ક્યાં જાય ? નૈરયિક, તિર્યંચયોનિક, મનુષ્ય, દેવો-ચારેમાં પણ જાય. નૈરયિકમાં માત્ર રત્નપ્રભામાં જાય, બાકીનાનો પ્રતિષેધ છે. બધાં જ તિર્યંચોમાં ઉપજી શકે, સંખ્યાત વર્ષાયુમાં પણ, અસંખ્યાત વર્ષાયુમાં પણ, ચતુષ્પદ અને પક્ષીઓમાં પણ. મનુષ્યોમાં બધી કર્મભૂમિમાં ઉપજે. અકર્મભૂમિમાં ન ઉપજે, અંતર્દ્વીપોમાં પણ, સંખ્યાત વર્ષાયુ, અસંખ્યાત વર્ષાયુવાળામાં પણ ઉપજે. દેવોમાં વ્યંતરો સુધી ઉપજે. ચાર ગતિક, બે આગતિક છે. પરિત્ત, અસંખ્યાતા કહ્યા છે. તે જલચર સંમૂર્છિમ૦ છે.***

● **વિવેચન-૪૨,૪૩ :-**

સંમૂર્છિમ પંચેન્દ્રિય તિર્યંચયોનિકો ત્રણ ભેદે કહ્યા છે – જલચર, સ્થલચર, ખેચર. જે જળમાં ચરે તે જળચર ઈત્યાદિ.

જળચર કોણ છે ? પાંચ ભેદે છે – મત્સ્ય, કચ્છપ, જાગર, ગ્રાહ, સુંસુમાર. એ પ્રમાણે પ્રજ્ઞાપનાનુસાર ભેદો કહેવા. તે આ રીતે –

તે મત્સ્યો શું છે ? અનેકવિધ છે – શ્લક્ષ્ણ મત્સ્ય, ખવલ્લ મત્સ્ય, યુગમત્સ્ય, ભિબ્ભિયમત્સ્ય, હેલિયમત્સ્ય, મંજરિકા મત્સ્ય, રોહિત મત્સ્ય, હલીસાકાર, મોગરાવડા, વડગર, તિમિતિમિંગલ, તંદુલમત્સ્ય, કર્ણિક, સિલેચ્છિયા, લંભણ, પતાકા, પતાકાતિ-પતાકા. તથા આવા પ્રકાર અન્ય પણ. તે આ મત્સ્ય કહ્યા.

તે કાચબા શું છે ? કાચબા બે ભેદે – અસ્થિ, માંસલ.

તે ગાહા શું છે ? પાંચ ભદે છે – દિલી, વેષ્ટક, મૃદુગ, પુલક, સ્તમાકારા. તે ગ્રાહ કહ્યા.

તે મકરો શું છે ? બે ભેદે છે – સોંડમગર, મૃષ્ટ મગર.

તે સુંસુમાર શું છે ? એક જ પ્રકારના છે.

આ મત્સ્યાદિ ભેદ લોકથી જાણવા. જે બીજા પણ ઉક્ત પ્રકારના મત્સ્યાદિરૂપ,

તે બધાં જળચર સંમૂર્છિમ પંચે૦તિર્યંચ છે.

શરીરાદિ દ્વાર ચઉરિન્દ્રિયવત્ કહેવા. માત્ર અવગાહના દ્વારમાં જઘન્યથી અંગુલનો અસંખ્યાતભાગ, ઉત્કૃષ્ટથી હજાર યોજન. ઈન્દ્રિયો પાંચ. સંમૂર્છિમ અને સમનસ્કત્વના યોગથી સંજ્ઞી, અસંજ્ઞી બંને છે. ઉપપાત - વ્યુત્ક્રાંતિ પદ મુજબ. - x - સ્થિતિ ઉત્કૃષ્ટથી પૂર્વકોડી. ચ્યવન-અનંતર ઉદ્વર્તીને ચારે ગતિમાં ઉપજે છે. તેમાં નરકમાં રત્નપ્રભામાં જ, તિર્યંચમાં બધામાં, મનુષ્યોમાં કર્મભૂમિજમાં, દેવોમાં વ્યંતર અને ભવનવાસીમાં. તે સિવાય અસંજ્ઞીઆયુ નથી. તેથી ચાર ગતિક, બે આગતિક. પ્રત્યેકશરીરી અસંખ્યાતા છે.

હવે સંમૂર્છિમ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક —

● સૂત્ર-૪૪ :-

*તે સ્થલચર સંમૂર્છિમ પંચેન્દ્રિય તિર્યંચયોનિક શું છે ? બે ભેદે — ચતુષ્પદ સ્થલ સંમૂર્છિમ અને પરિસર્પ સંમૂર્છિમ૦*

*તે સ્થલચર ચતુષ્પદ સંમૂર્છિમ૦ શું છે ? ચાર ભેદે છે. તે આ — એકખુર, દ્વિખુર, ગંડીપદ, સનખપદ યાવત્ આવા પ્રકારના બીજા પણ. તે સંક્ષેપથી બે ભેદે છે - પર્યાપ્તા અને અપર્યાપ્તા.*

*શરીર ત્રણ, અવગાહના જઘન્યથી અંગુલનો અસંખ્યાત-ભાગ-ઉત્કૃષ્ટથી ગાઉ પૃથકત્વ. સ્થિતિ-જઘન્યથી અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટથી ૮૪,૦૦૦ વર્ષ. બાકી જલચર મુજબ યાવત્ ચતુર્ગતિક, બે આગતિ. પરિત્ત-અસંખ્યાતા કહ્યા છે. તે સ્થલચર ચતુષ્પદ૦*

*તે સ્થલચર પરિસર્પ સંમૂર્છિમ શું છે ? બે ભેદે છે — ઉરગ પરિસર્પ સંમૂર્છિમ અને ભુજગ પરિસર્પ સંમૂર્છિમ.*

*તે ઉરગ૦ શું છે ? ચાર ભેદે — અહી, અજગર, મહોરગ... તે અહી શું છે ? બે ભેદે - દર્વીકર અને મુકુલિક. તે દર્વીકર શું છે ? અનેક ભેદે છે - આસીવિષ યાવત્ તે દર્વીકર છે. તે મુકુલિક શું છે ? અનેકવિધ છે - દિવ્ય, ગોનસ યાવત્ મુકુલિક.*

*તે અજગરો શું છે ? એક પ્રકારના કહ્યા છે. તે આસાલિક શું છે ? પ્રજ્ઞાપનાનુસાર કહેવું. - x - તે મહોરગ શું છે ? પ્રજ્ઞાપના મુજબ કહેવું. આવા પ્રકારના અન્ય પણ કહેવા. તે સંક્ષેપથી બે ભેદે છે. પર્યાપ્તા અને અપર્યાપ્તા. પૂર્વવત્ જાણવા.*

*વિશેષ એ કે - શરીરાવગાહના જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટથી યોજન પૃથક્ત્વ. સ્થિતિ - જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી ૫૩,૦૦૦ વર્ષ. બાકી જલચર મુજબ જાણવું. યાવત્ ચાર ગતિક, બે આગતિ, પરિત્તા અસંખ્યાતા ઉરગ પરિસર્પ છે.*

*તે ભુજગ પરિસર્પ સંમૂર્છિમ સ્થલચર શું છે ? તે અનેક ભેદે છે — ગોધા, નોળીયા યાવત્ તેવા અન્ય પ્રકારના. તે સંક્ષેપથી બે ભેદે કહ્યા છે, તે આ - પર્યાપ્તા અને અપર્યાપ્તા.*



*શરીરાવગાહના જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટથી ધનુષ્ પૃથકત્વ. સ્થિતિ-ઉત્કૃષ્ટથી ૪૨,૦૦૦ વર્ષ. બાકી જલચર મુજબ. યાવત્ ચારગતિક, બે આગતિ. પરિત્ત, અસંખ્યાત કહ્યા છે. તે ભુજગપરિસર્પ સંમૂર્છિમ તે આ સ્થલચર.*

*તે ખેચર શું છે ? તે ચાર ભેદે કહ્યા છે. તે આ છે — ચર્મપક્ષી, રોમપક્ષી, સમુદ્ગપક્ષી, વિતતપક્ષી.*

*તે ચર્મપક્ષી શું છે ? અનેક ભેદે છે - વલ્ગુલી યાવત્ આવા પ્રકારના બીજા પણ... તે રોમપક્ષી શું છે ? અનેક ભેદે છે — ઢંક, કંક, આવા પ્રકારના અન્ય પણ... તે સમુદ્ગ પક્ષી શું છે ? એક પ્રકારના છે, જેમ પ્રજ્ઞાપનામાં કહ્યા. એ રીતે વિતત પક્ષી યાવત્ આવા પ્રકારના અન્ય પણ. તે સંક્ષેપથી બે ભેદે છે — પર્યાપ્તા અને અપર્યાપ્તા. વિશેષ આ — શરીરાવગાહના - જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટથી ધનુષ્ પૃથકત્વ. સ્થિતિ-ઉત્કૃષ્ટથી ૭૨,૦૦૦ વર્ષ. બાકી જળચર મુજબ યાવત્ ચાર ગતિ, બે આગતિ. પરિત્તા, અસંખ્યાતા કહ્યા છે. તે ખેચર સંમૂર્છિમ તિર્યંચ કહ્યા.*

● વિવેચન-૪૪ :-

સંમૂર્છિમ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકો બે ભેદે કહ્યા છે — ચતુષ્પદ૦ અને પરિસર્પ૦ તેમાં ચાર પગ જેને છે તે ચતુષ્પદ, અશ્વ આદિ. એવા તે સ્થલચર સંમૂર્છિમ પંચેન્દ્રિયતિર્યંચ. છાતી કે ભુજા વડે સરકે છે તે પરિસર્પ, સાપ-નોળીયાદિ. 'च' શબ્દ સ્વ-સ્વગત અનેક ભેદ સૂચક છે. તે અનેકવિધત્વ ક્રમથી કહે છે —

ચતુષ્પદ સ્થલચર સંમૂર્છિમ પંચેન્દ્રિય તિર્યંચયોનિક ચાર ભેદે કહ્યા છે — જે પ્રમાણે પ્રજ્ઞાપના સૂત્રમાં પહેલા પદ પ્રજ્ઞાપના નામક પદમાં ભેદો કહ્યા તેમ કહેવા. તે એકખુરાદિ ચાર છે. તે એકખુર કયા છે ? અનેક ભેદે છે — અશ્વ, અશ્વતર, ઘોટક, ગર્દભ, ગોરક્ષુર, કંદલક, સિરિકંદલક, આવર્ત્ત, તથા આવા પ્રકારના બીજા.

તે દ્વિખુર કયા છે ? અનેકવિધ છે. તે આ — ઉંટ, ગાય, ગવય, મહિષ, સંવર, વરાહ, અજ, ઘેંટા, રુરૂ, સરભ, ચમરી, કુરંગ, ગોકર્ણ આદિ... તે ગંડીપદ શું છે ? અનકે ભેદે છે — હાથી, હસ્તિપૂયણ, મંકુણ હસ્તી, ખડ્ગ, ગંડ, પરાસર, શીયાળ, શુનક, કોકંતિક, શશક, ચિત્તક, ચિત્તલક. આવા બીજા પ્રકારના પણ. - x - x - સનખપદ-લાંબા નખથી યુક્ત પગ જેના છે તે સનખપદ - કુતરા આદિ.

અશ્વ આદિ આ ભેદોમાં. કેટલાંક અતિપ્રસિદ્ધ છે. આ બધાં સ્વયં કે અન્ય લોકથી જાણવા. વિશેષ આ - સનખપદમાં द्वीपक - ચિત્રક, अच्छ - ઋક્ષ, परासर - સરભ, कोकंतिका - લોમઠિકા, ચિત્તા-ચિત્તલકા એ આરણ્યજીવ વિશેષ છે. બાકીના સિંહ આદિ પ્રતીત છે. તે સંક્ષેપથી પર્યાપ્તા અને અપર્યાપ્તા ભેદે છે. શરીરાદિ દ્વાર જલચરવત્ કહેવા. વિશેષ એ કે — ઉત્કૃષ્ટાવગાહના ગાઉ પૃથક્ત્વ, સ્થિતિ-ઉત્કૃષ્ટથી ૮૪,૦૦૦ વર્ષ. બાકી પૂર્વવત્.

તે પરિસર્પ સ્થલચર સંમૂર્છિમ પંચેન્દ્રિય તિર્યચયોનિકા - બે ભેદે છે. ઉક્ત પ્રકારે પ્રજ્ઞાપનાનુસાર ભેદો કહેવા. તે આ રીતે - ઉર પસિર્પસ્થલચર સંમૂર્છિમ પંચેન્દ્રિય તિર્યચયોનિક અને ભુજ પરિસર્પ સ્થલચર સંમૂર્છિમ પંચેન્દ્રિય તિર્યચયોનિક અને ભુજ પરિસર્પ સ્થલચર સંમૂર્છિમ પંચેન્દ્રિય તિર્યચયોનિક. સુગમ છે વિશેષ એ કે — છાતી વડે સરકે તે ઉરઃપરિસર્પ-સર્પાદિ. ભુજા વડે સરકે છે, તે ભુજ પરિસર્પ-નકુલાદિ. તે ઉરપરિસર્પ૦ શું છે ? તે ચાર ભેદે કહે છે, તે આ — અહી, અજગર, આસાલિક, મહોરગ.

તે અહી શું છે ? અહી બે ભેદે છે — દર્વીકર, મુકુલિક. તે દર્વીકર શું છે ? દર્વીકરો અનેક ભેદે કહ્યા છે — આસીવિસ, દૃષ્ટિવિષ, ઉગ્રવિષ, ભોગવિષ, ત્વચાવિષ, લાલાવિષ, નિઃશ્વાસવિષ, કૃષ્ણસર્પ, શ્વેતસર્પ, કાકોદર, દર્ભપુષ્પ, કોલાહ, શૈલેસિંદ્ર, એવા બીજા પણ.

તે અજગરો શું છે ? એક ભેદે કહ્યા છે... તે આસાલિક શું છે ? ભગવન્ ! આસાલિક ક્યાં સંમૂર્છે છે. ગૌતમ ! મનુષ્ય ક્ષેત્રમાં અઢી દ્વીપમાં, નિર્વ્યાઘાતથી પંદર કર્મભૂમિમાં, વ્યાઘાતને આશ્રીને પાંચ મહાવિદેહમાં ચક્રવર્તી સ્કંધાવારમાં, બલદેવ-વાસુદેવ-માંડલિક-મહામાંડલિકના સ્કંધાવારમાં, ગામ-નગર-ખેડ-કર્બડ-મડંબ-દ્રોણમુખ-પટ્ટણ-આકર-આશ્રમ-રાજધાની નિવેસોમાં, જ્યારે તેનો વિનાશ થવાનો હોય ત્યારે અહીં આસાલિકા સંમૂર્છે છે. જઘન્યથી અંગુલના અસંખ્યાત ભાગ માત્ર અવગાહના, ઉત્કૃષ્ટ બાર યોજન. તદાનુરૂપ લાંબી-પહોળી ભૂમિને ફાળીને સંમૂર્છે છે. તેઓ અસંજ્ઞી, મિથ્યાદૃષ્ટિ, અજ્ઞાની, અંતર્મુહૂર્ત્ત આયુ ભોગવીને કાળ કરે છે.

તે આસાલિક કહ્યા.

તે મહોરગ શું છે ? મહોરગ અનેક ભેદે છે. કોઈ અંગુલ માત્ર, કોઈ અંગુલ પૃથક્ત્વના, કોઈ વેંત પ્રમાણ, કોઈ વેંત પૃથક્ત્વ, એ રીતે રત્નિ-રત્નિપૃથકત્વ, કુક્ષિ-કુક્ષિપૃથકત્વ, ધનુષ્-ધનુપૃથકત્વ, ગાઉ-ગાઉપૃથકત્વ, યોજન-યોજનપૃથકત્વ, સો યોજન, સો યોજન પૃથક્ત્વના પણ હોય છે. તે સ્થળમાં જન્મી જળમાં પણ ચરે છે, સ્થળમાં પણ ચરે છે. તે અહીં નહીં, પણ બહારના દ્વીપ-સમુદ્રમાં હોય છે.

વિષમપદ વ્યાખ્યા - દર્વી - ફેણ, તેને કરવાના સ્વભાવથી દર્વીકર, મુકુલ - ફેણ વિરહ યોગ્ય, શરીર અવયવ વિશેષાકૃતિ તે મુકુલિન-ફેણ કરવાની શક્તિ વિકલ. 'ચ' શબ્દ સ્વગત અનેક ભેદ સૂચક. આસીવિસ - દાઢમાં વિષવાળા. દૃષ્ટિવિષ - જેની દૃષ્ટિમાં વિષ છે તે. ઉગ્રવિષ - ઉગ્ર વિષવાળા. ભોગવિષ - શરીર, તેમાં સર્વત્ર વિષવાળા. ત્વગ્‌વિષ - જેની ત્વચામાં વિષ છે તે. લાલાવિષ - મુખથી શ્રવે તે વિષયુક્ત. નિશ્વાસવિષ - જેના નિઃશ્વાસમાં વિષ છે તે. શેષ લોકથી જાણવા.

તે આસાલિક કોણ છે ? - x - x - ભદંત-પરમકલ્યાણ યોગી ! આસાલિક સંમૂર્છે છે. તે ગર્ભજ નહીં પણ સંમૂર્છિમ જ છે. તેથી 'સંમૂર્ચ્છતિ' કહ્યું. ગૌતમ ! મનુષ્ય ક્ષેત્રમાં. મનુષ્ય ક્ષેત્ર બહાર તેમનો ઉત્પાદ થતો નથી. તે પણ મનુષ્યક્ષેત્રમાં સર્વત્ર નહીં. પણ અઢી દ્વીપમાં. લવણ કે કાલોદ સમુદ્રમાં નહીં. નિર્વ્યાઘાત-વ્યાઘાતનો





અભાવ. - x - x - ત્યારે પંદર કર્મભૂમિમાં સંમૂર્છે છે. વ્યાઘાતને આશ્રીને, શું કહે છે ? પાંચ ભરત, પાંચ ઐરવતમાં યથોક્તરૂપ વ્યાઘાત હોય છે. - x - ત્રીશ કર્મભૂમિમાં ઉત્પન્ન થતા નથી, તેમ પ્રતિપાદિત કર્યુ. પંદર કર્મભૂમિમાં, પાંચ મહાવિદેહમાં સર્વત્ર ન સંમૂર્છે. પણ ચક્રવર્તી - બળદેવ-વાસુદેવ-માંડલિક-મહામાંડલિકના સ્કંધાવારમાં ગ્રામ આદિના નિવેશોમાં, તેમાં ગ્રામ-બુદ્ધિ આદિ ગુણોને ગ્રસે તે. શાસ્ત્ર પ્રસિદ્ધ અઢાર કરો જેમાં છે તે ગ્રામ, નિગમ-પ્રભૂતતર વણિક્ વર્ગનો આવાસ. ખેડ-પાંસુ પ્રાકાર નિબદ્ધ, કર્બટ-ક્ષુલ્લક પ્રાકાર વેષ્ટિત. મડંબ-અઢી ગાઉમાં ગામ ન હોય તે. પટ્ટન-પાટણ જેમ કે ભૃગુકચ્છ. દ્રોણમુખ - પ્રાયઃ જળનિર્ગમ પ્રવેશ. આકર-હિરણ્ય આદિની ખાણ, આશ્રમ-તાપસનો આશ્રય. સંબાધ-યાત્રાથી આવેલ પ્રભૂતજન નિવેશ.

આ ચક્રવર્તી સ્કંધાવારાદિનો વિનાશ ઉપસ્થિત થતાં તે સ્થાનોમાં આસાલિકો સંમૂર્છે છે. તે જઘન્યથી અંગુલના અસંખ્યાત ભાગ માત્ર અવગાહનામાં રહે છે. આ ઉત્પાદના પ્રથમ સમયે જાણવું. ઉત્કૃષ્ટથી બાર યોજન પ્રમાણ અવગાહના છે, બાર યોજન પ્રમાણ દીર્ઘતા અનુરૂપ વિષ્કંભ અને બાહલ્ય ભૂમિને વિદારીને રહે છે. ચક્રવર્તી સ્કંધાવાર આદિની નીચેની ભૂમિથી ઉત્પન્ન થાય છે. તે સંમૂર્છિમત્વથી અમનસ્ક છે. મિથ્યાદૃષ્ટિ - આસ્વાદન સમ્યક્ત્વનો પણ તેમને અસંભવ છે. તેથી જ અજ્ઞાની છે. અંતર્મુહૂર્ત્ત અદ્ધાયુમાં જ કાળ કરે છે.

કેટલાંક મહોરગો જે અંગુલ પ્રમાણ શરીરાવગાહનાથી હોય છે. અહીં અંગુલ ઉંચાઈથી અંગુલ જાણવું. શરીર પ્રમાણ ચિંતનથી બે થી નવ અંગુલ પ્રમાણ શરીર અવગાહના માનવાળા. આ પ્રમાણે બાકીના સૂત્રો પણ વિચારવા. વિશેષ એ - બાર આંગળ પ્રમાણની વેંત. બે વેંત પ્રમાણ રત્નિ-હાથ. બે હાથ પ્રમાણ - કુક્ષિ. ચાર હાથ પ્રમાણ - ધનુષ્ ૨૦૦૦ ધનુષ્ પ્રમાણનો ગાઉ, ચાર ગાઉનો યોજન. આવા પ્રમાણવાળા મહોરગ સ્થળચર વિશેષત્વથી સ્થળમાં જન્મીને તથા સ્વાભાવ્યથી જળમાં પણ સ્થળની જેમ વિચરે છે, સ્થળમાં પણ વિચરે છે. આ કહેલા સ્વરૂપવાળા મહોરગો બાહ્ય દ્વીપ-સમુદ્રોમાં ઉત્પન્ન થાય છે. સમુદ્રમાં પણ પર્વત, દેવનગરી આદિમાં સ્થળોમાં ઉત્પન્ન થાય છે, જળમાં નહીં. તેથી અહીં મનુષ્ય ક્ષેત્રમાં દેખાતા નથી. - x -

એ અને આવા પ્રકારના ઉક્તરૂપ ''અહી'' આદિ, તે બધાં પણ ઉરઃપરિસર્પ સ્થલચર સંમૂર્છિમ પંચેન્દ્રિય તિર્યંચો જાણવા. તે સંક્ષેપથી પર્યાપ્ત-અપર્યાપ્ત સૂત્ર, શરીરાદિ દ્વાર કદંબક જળચર સમાન કહેવા. વિશેષ એ — અવગાહના ઉત્કૃષ્ટથી યોજન પૃથકત્વ છે. સ્થિતિ દ્વારમાં - ઉત્કૃષ્ટથી ૫૩,૦૦૦ વર્ષ છે. બાકી પૂર્વવત્.

ભુજ પરિસર્પ પ્રતિપાદનાર્થે કહે છે — ભુજ પરિસર્પ સંમૂર્છિમ સ્થલચર પંચેન્દ્રિય તિર્યચયોનિકો અનેક ભેદો કહ્યા છે. તે આ રીતે — ગોધા, નકુલ, સરટ, શલ્ય, સરંડ, સાર, ખાર, ઘરોળી, વિષંભરા, મૂષક, મંગુસ, પયોલાતિક, ક્ષીર વિરાલી. આ બધાં દેશ-વિશેષથી જાણવા. આ અને આવા પ્રકારના ગોધાદિ રૂપ બધાં ભુજ-પરિસર્પો જાણવા. તે સંક્ષેપથી બધું પૂર્વવત્ કહેવું. અવગાહના-ઉત્કૃષ્ટથી ધનુષ્પૃથકત્વ, સ્થિતિ-ઉત્કૃષ્ટથી ૪૨,૦૦૦ વર્ષ.

હવે ખેચરના પ્રતિપાદનાર્થે કહે છે – તે સંમૂર્છિમ ખેચર પંચેન્દ્રિય તિર્યંચ યોનિક શું છે ? તે ચાર ભેદે કહ્યા છે. ભેદો પ્રજ્ઞાપનાનુસાર કહેવા. તે આ – ચર્મ-રોમ-સમુદ્ગ-વિતતપક્ષી.

તે ચર્મપક્ષી શું છે ? અનેક ભેદે છે – વલ્ગુલી, જલોકા, અડિલા, ભારંડપક્ષી, જીવંજીવા, સમુદ્રવાયસ, કર્મત્તિક, પક્ષિવિરાલી. આ અને આવા પ્રકારના છે તે ચર્મપક્ષી કહ્યા, તે રોમપક્ષી શું છે ? તે અનેકભેદે છે – ઢક્ક, કંક, કુરલ, વાયસ, ચક્રવાક, હંસ, કલહંસ, પોતહંસ, રાજહંસ, અડા, સેડીવડા, વેલાયકા, ક્રૌંચ, સારસ, મેસર, મયૂર, સેયવક, ગહરા, પોંડરીક, કામા, કામેયક, વંજુલાગા, તિત્તિર, વર્તક, લાવક, કપોત, કપિંજલ, પારેવક, ચિડક, વીસા, કુકકુડા, શુક, વરહિક, મદનશલાકા, કોકિલા ઈત્યાદિ રોમ પક્ષી છે.

તે સમુદ્ગક પક્ષી શું છે ? એક પ્રકારે છે. તે બહારના દ્વીપ-સમુદ્રમાં થાય છે. - - - તે વિતતપક્ષી શું છે ? તે એક પ્રકારે છે, તે પણ બહારના દ્વીપસમુદ્રમાં હોય છે. - અહીં હોતા નથી.

ચર્મરૂપ પાંખો જેને છે, તે ચર્મપક્ષી. રોમરૂપ પાંખો જેને છે, તે રોમપક્ષી. ગમન કરવા છતાં સમુદ્ગવત સ્થિત પાંખો જેની છે, તે સમુદ્ગકપક્ષી. નિત્ય અનાકુંચિત પાંખવાળા તે વિતત પક્ષી. શેષ જળચરવત્ કહેવું. વિશેષ આ - અવગાહના ઉત્કૃષ્ટથી ધનુષ્ પૃથક્ત્વ. સ્થિતિ-ઉત્કૃષ્ટથી ૭૨,૦૦૦ વર્ષ.

અહીં કોઈ બીજા પુસ્તકમાં અવગાહના અને સ્થિતિ યથાક્રમે સંગ્રહણી ગાથામાં કહ્યા છે. તે ગાથાની વ્યાખ્યા આ પ્રમાણે - સંમૂર્છિમ જલચરોની ઉત્કૃષ્ટ અવગાહના હજાર યોજન છે, ચતુષ્પદની ગવ્યૂત પૃથક્ત્વ, ઉર પરિસર્પોની યોજન પૃથક્ત્વ, સંમૂર્છિમ ભુજગ પક્ષી અને સંમૂર્છિમ ભુજગ પરિસર્પોની પ્રત્યેકની ધનુષ્ પૃથક્ત્વ. સંમૂર્છિમ જળચરોની ઉત્કૃષ્ટ સ્થિતિ પૂર્વકોટી, ચતુષ્પદોની ૮૪,૦૦૦ વર્ષ. ઉરઃ પરિસર્પોની ૫૩,૦૦૦ વર્ષ. ભુજ પરિસર્પની ૪૨,૦૦૦ વર્ષ, પક્ષીની ૭૨,૦૦૦ વર્ષ. - - - હવે ગર્ભવ્યુત્કાંતિક પંચેન્દ્રિય તિર્યંચ –

● **સૂત્ર-૪૫ :-**

***તે ગર્ભવ્યુત્કાંતિક પંચેન્દ્રિય તિર્યંચયોનિક શું છે ? ત્રણ ભેદે કહ્યા છે – જલચર, સ્થલચર, ખેચર.***

● **વિવેચન-૪૫ :-**

તે ગર્ભ વ્યુત્કાંતિક પંચેન્દ્રિય તિર્યંચયોનિકો ત્રણ પ્રકારે કહેલા છે - જલચરાદિ. તેમાં જલચર પ્રતિપાદનાર્થે કહે છે –

● **સૂત્ર-૪૬ :-**

***તે જલચરો શું છે ? તે પાંચ ભેદે છે – મત્સ્ય, કચ્છપ, મગર, ગ્રાહ, સુંસુમાર. પ્રજ્ઞાપનામાં છે તે મુજબ બધાં ભેદો કહેવા. યાવત્ આવા પ્રકારના જે ગર્ભજ જલચર, સંક્ષેપથી બે ભેદે કહ્યા છે – પર્યાપ્તા અને અપર્યાપ્તા... ભગવન્ ! તે જીવોના કેટલા શરીરો છે ? ગૌતમ ! ચાર શરીરો કહ્યા છે – ઔદારિક, વૈક્રિય, તૈજસ, કાર્મણ. શરીરની અવગાહના જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટથી હજાર યોજન. સંઘયણ છ ભેદે કહ્યા છે – વજ્રઋષભનારાચ સંઘયણી, ઋષભનારાચ સંઘયણી, નારાચ સંઘયણી, અર્દ્ધનારાચ સંઘયણી, કીલિકા સંઘયણી, સેવાર્ત્ત સંઘયણી. છ પ્રકારે સંસ્થિત કહ્યા છે – સમચતુરસ્ર, ન્યગ્રોધપરિમંડલ, સાદિ, કુબ્જ, વામન, હુંડ.***



***ચાર કષાયો, ચાર સંજ્ઞા, છ લેશ્યા, પાંચ ઈન્દ્રિયો, પાંચ પહેલાના સંઘયણો, સંજ્ઞી છે - અસંજ્ઞી નહીં, ત્રણ વેદો, છ પર્યાપ્તિ - છ અપર્યાપ્તિ, ત્રણે દૃષ્ટિ, ત્રણ દર્શન, જ્ઞાની પણ છે - અજ્ઞાની પણ. જે જ્ઞાની છે તેમાં કોઈક બે જ્ઞાનવાળા છે, કોઈક ત્રણ જ્ઞાનવાળા છે. જે બે જ્ઞાનવાળા છે, તે નિયમા આભિનિબોધિક, શ્રુત જ્ઞાની છે. જે ત્રણ જ્ઞાનવાળા છે, તે નિયમા આભિનિબોધિક જ્ઞાની, શ્રુતજ્ઞાની, અવધિજ્ઞાની છે. આ પ્રમાણે અજ્ઞાની પણ છે.***

***ત્રણ ભેદે યોગ, બે ભેદે ઉપયોગ. આહાર છ એ દિશાથી. ઉપપાત-નૈરયિકમાં યાવત્ અધઃસપ્તમીથી તિર્યંચ યોનિકોમાં અસંખ્યાત વર્ષાયુષ્કને વર્જીને બધાથી, અકર્મભૂમગ-અંતર્દ્વિપક-અસંખ્યાતવર્ષાયુષ્કને વર્જીને બાકી બધાં મનુષ્યોથી, દેવોમાં-સહસ્રાર કલ્પ સુધીથી. સ્થિતિ-જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી પૂર્વકોડી. બંને રીતે મરે છે. અનંતર ઉદ્વર્તીને નૈરયિકમાં યાવત્ અધઃસપ્તમીમાં, બધાં તિર્યંચયોનિકોમાં, બધાં મનુષ્યોમાં, સહસ્રારકલ્પ દેવલોક સુધી છે. ચાર ગતિ - ચાર આગતિ, પરિત્તા-અસંખ્યાતા કહ્યા છે. તે જલચરો કહ્યા.***

● **વિવેચન-૪૬ :-**

પ્રજ્ઞાપનાનુસાર મત્સ્યાદિના ભેદો કહેવા, તે પૂર્વે કહ્યા જ છે. પર્યાપ્તા-અપર્યાપ્તા પાઠસિદ્ધ છે. શરીરાદિ દ્વારો સંમૂર્છિમ જળચરવત્ કહેવા. માત્ર અહીં શરીર દ્વારમાં ચાર શરીરો કહેવા. કેમકે ગર્ભ વ્યુત્કાંતિકોમાં તેઓમાં વૈક્રિયનો પણ સંભવ છે. અવગાહના દ્વારમાં હજાર યોજન ઉત્કૃષ્ટ અવગાહના છે.

સંહનન વિચારણામાં છ એ સંહનનો છે. તત્સ્વરૂપ પ્રતિપાદક આ બે ગાથા છે – વજ્રઋષભનારાચ, ઋષભનારાચ, નારાચ, અર્ધનારાચ, કીલિકા, છેવટ્ટુ. ઋષભ એ પટ્ટ છે, વજ્ર પુનઃ કીલિકાને જાણવી, ઉભય મર્કટ બંધને નારાચ જાણવો. સંસ્થાન વિચારણામાં છ એ સંસ્થાનો છે. તે આ – સમચતુરસ્ર, ન્યગ્રોધપરિમંડલ, સાદિ, વામન, કુબ્જ અને હુંડ. તેમાં સમ - સામુદ્રિક શાસ્ત્રોક્ત પ્રમાણાવિસંવાદિ ચાર દિક્ વિભાગ ઉપલક્ષિત, શરીર અવયવો જેમાં છે - સમચતુરસ્ર. તેથી જ તે બીજે તુલ્યપણે વ્યવહાર કરાય છે - તથા -

ન્યગ્રોધ પરિમંડલ – જેમ ન્યગ્રોધ ઉપરના ભાગે સંપૂર્ણ પ્રમાણ, નીચે હીન હોય, તેમ જે સંસ્થાન નાભિની ઉપર સંપૂર્ણ પણ નીચે નહીં, તે. ઉપરમાં વિસ્તાર બહુલ છે. તથા આદિમાં જે ઉત્સેધ, નાભિથી નીચેનો દેહ ભાગ ગ્રહણ કરાય છે. તેથી આદિ સહ, નાભિનો અધસ્તન ભાગથી યથોક્ત પ્રમાણ લક્ષણથી વર્તે છે, તે સાદિ અર્થાત્ ઉત્સેધ બહુલ. અહીં જો કે સર્વ શરીર આદિ સહ વર્તે છે, તો પણ

સાદિત્વ વિશેષણ અન્યથા અનુપપત્તિથી વિશિષ્ટ જ પ્રમાણલક્ષણ યુક્ત આદિ અહીં મળે છે. તેથી ઉત્સેધ બહુલ કહ્યું – જે સંસ્થાન નાભિની નીચે પ્રમાણયુક્ત અને ઉપર હીન છે, તે સાદિ.

બીજા સાદિને બદલે સાચિ કહે છે. તેમાં સાચીને પ્રવચન જ્ઞાતા શાલ્મલીવૃક્ષ કહે છે. તેથી 'સાચી'વત્ જે સંસ્થાન, જેમ શાલ્મલી વૃક્ષ સ્કંધ, કાંડ અતિપુષ્ટ છે, ઉપર તે મુજબની મહાવિશાળતા નથી, તેની જેમ સંસ્થાનનો અધોભાગ પરિપૂર્ણ હોય, પણ ઉપરનો ભાગ તેમ ન હોય, તથા મસ્તક ગ્રીવા, હાથ-પગ આદિ યથોક્ત પ્રમાણ લક્ષણયુક્ત, ઉર-ઉદરાદિ મંડલ છે, તે કુબ્જ સંસ્થાન. વળી જેમાં ઉદર આદિ પ્રમાણલક્ષણ યુક્ત અને હાથ-પગ આદિ હીન છે, તે વામન. જેમાં બધાં અવયવો પ્રમાણ લક્ષણથી ભ્રષ્ટ છે, તે હુંડ.

કહ્યું છે કે – સમચતુરસ્ર, ન્યગ્રોધમંડલ, સાદિ, કુબ્જ, વામન અને હુંડ એ જીવોના છ સંસ્થાન જાણવા. તુલ્ય, વિસ્તૃતબહુલ, ઉત્સેધબહુ, મડભકોષ્ઠ, અધસ્તન-કાયમડભ, સર્વત્ર અસંસ્થિત હુંડ.

લેશ્યાદ્વારમાં છ એ લેશ્યા છે. શુક્લલેશ્યા પણ સંભવે છે. સમુદ્‌ઘાતો પાંચ છે, વૈક્રિય સમુદ્‌ઘાત પણ સંભવે છે. સંજ્ઞી દ્વારમાં - સંજ્ઞી છે, અસંજ્ઞી નથી. વેદદ્વારમાં ત્રણે વેદ છે - સ્ત્રી, પુરુષ વેદ પણ આમાં હોય છે. પર્યાપ્તિ દ્વારમાં પાંચ પર્યાપ્તિઓ છે – ભાષા, મન પર્યાપ્તિને એક ગણેલ છે માટે. અપર્યાપ્તિ પણ પાંચ છે.

દૃષ્ટિદ્વારમાં ત્રણ દૃષ્ટિઓ છે – મિથ્યાદૃષ્ટિ, સમ્યગ્‌દૃષ્ટિ, સમ્યગ્‌મિથ્યાદૃષ્ટિ. દર્શન પણ ત્રણ છે – કોઈકને અવધિ દર્શન હોય છે. જ્ઞાન દ્વારમાં ત્રણ જ્ઞાનો પણ છે. કેટલાંકને અવધિજ્ઞાનનો પણ સંભવ છે. અજ્ઞાન વિચારણામાં ત્રણ અજ્ઞાની પણ છે. કેટલાંકને વિભંગ-જ્ઞાન પણ સંભવે છે. અવધિ અને વિભંગ સમ્યગ્-મિથ્યાદૃષ્ટિભેદથી જાણવા. કહ્યું છે – સમ્યગ્‌દૃષ્ટિને જ્ઞાન, મિથ્યાદૃષ્ટિને વિપર્યાસ છે.

ઉપપાત દ્વારમાં ઉપપાત - સાતે નૈરયિકોથી થાય છે. અસંખ્યાત વર્ષાયુષ્ક વર્જીને તિર્યંચયોનિકોમાંથી બધાથી ઉપજે છે. અકર્મ-ભૂમિજ-અંતર્દ્વિપજ - અસંખ્યાત વર્ષાયુષ્ક વર્જીને બાકીના મનુષ્યોથી ઉપજે છે. સહસ્રાર પર્યન્તના કલ્પથી દેવોમાંથી ઉપજે છે.

સ્થિતિ દ્વારમાં જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી પૂર્વકોટી છે. ચ્યવનદ્વારમાં - સહસ્રાર પછીના દેવોને વર્જીને બાકીના બધાં જીવસ્થાનોમાં જાય છે. તેથી જ ચાર ગતિ, ચાર આગતિ કહી. પરીત્ત-પ્રતત્યેક શરીરી, અસંખ્યાતા કહ્યા

– હવે સ્થલચરને કહે છે –

● **સૂત્ર-૪૭,૪૮ :-**

***[૪૭] તે તે સ્થલચરો શું છે ? બે ભેદે છે – ચતુષ્પદો અને પરિસર્પો. તે ચતુષ્પદો શું છે ? તે ચાર ભેદે છે – એક ખુરવાળા, તે જ ભેદો યાવત્ જે આવા પ્રકારના બીજા પણ, તે સંક્ષેપથી બે ભેદે કહ્યા છે – પર્યાપ્તા અને અપર્યાપ્તા. શરીરો-ચાર. અવગાહના-જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ,***



***ઉત્કૃષ્ટથી છ ગાઉ. સ્થિતિ-ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમ. વિશેષ એ કે – ઉદ્વર્તીને નૈરયિકોમાં ચોથી પૃથ્વી સુધી જાય છે. બાકી બધું જલચર સમાન છે, યાવત્ ચાર ગતિ, ચાર આગતિ. પરિત્તા, અસંખ્યાતા કહ્યા છે. તે ચતુષ્પદ૦***

***તે પરિસર્પો શું છે ? બે ભેદે કહ્યા છે - ઉર પરિસર્પ અને ભુજગ પરિસર્પ. તે ઉરપરિસર્પ શું છે ? પૂર્વવત્ આસાલિક સિવાયના ભેદો કહેવા. શરીર-ત્રણ, અવગાહના-જઘન્યથી અંગુલનો અસંખ્યાત-ભાગ, ઉત્કૃષ્ટથી હજાર યોજન. સ્થિતિ-જઘન્યથી અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટથી પૂર્વકોડી. ઉદ્વર્તીને નૈરયિકોમાં યાવત્ પાંચમી પૃથ્વી સુધી જાય છે. બધાં તિર્યંચ-મનુષ્યોમાં, દેવોમાં સહસ્રાર સુધી જાય છે. બાકી બધું જલચર મુજબ યાવત્ ચાર ગતિ, ચાર આગતિ છે. પરિત્તા-અસંખ્યાતા છે. તે આ ઉરપરિસર્પો છે.***

***તે ભુજગ પરિસર્પ શું છે ? ભેદો પૂર્વવત્. શરીર-ચાર. અવગાહના-જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ. ઉત્કૃષ્ટથી ગાઉ પૃથક્ત્વ. સ્થિતિ-જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી પૂર્વકોડી. બાકીના સ્થાનોમાં ઉરઃપરિસર્પવત્ કહેવું. વિશેષ આ – બીજી પૃથ્વી સુધી જાય. તે આ ભુજગ પરિસર્પ કહ્યા. તે આ સ્થલચર કહ્યા.***

***[૪૮] તે ખેચર શું છે ? ચાર ભેદે છે – ચર્મપક્ષી, ભેદો પૂર્વવત્ છે. અવગાહના - જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટથી ધનુષ્ પૃથક્ત્વ. સ્થિતિ-જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ. બાકી બધું જલચર મુજબ છે. વિશેષ આ - યાવત્ ત્રીજી પૃથ્વી સુધી જાય છે. યાવત્ તે ખેચર ગર્ભ વ્યુત્ક્રાંતિક પંચેન્દ્રિય તિર્યંચ યોનિક. તે આ તિર્યંચયોનિક કહ્યા.***

● **વિવેચન-૪૭,૪૮ :-**

સ્થલચર ગર્ભ વ્યુત્ક્રાંતિકોનું ભેદોપદર્શક સૂત્ર, જેમ સંમૂર્છિમ સ્થલચરોનું છે, તેમ કહેવું. વિશેષ આ - આસાલિકો ન કહેવા. તે સંમૂર્છિમ જ છે, ગર્ભવ્યુત્ક્રાંતિક નથી. તથા મહોરગ સૂત્રમાં યોજનશત, યોજનશતપૃથક્ત્વ, યોજન સહસ્ર આટલું અધિક કહેવું. શરીરાદિ દ્વાર સૂત્રો તો સર્વત્ર ગર્ભવ્યુત્ક્રાંતિક જલચરોવત્ છે. વિશેષ આ – અવગાહના, સ્થિતિ, ઉદ્વર્તનામાં ભેદ છે. તેમાં ચતુષ્પદોની ઉત્કૃષ્ટ અવગાહના છ ગાઉ છે, સ્થિતિ-ઉત્કર્ષથી પલ્યોપમ છે, ઉદ્વર્તના ચોથી પૃથ્વીથી શરૂ કરીને સહસ્રાર સુધી છે. આ બધાં જીવ-સ્થાનોમાં ઉદ્વર્તીને અનંતર ઉપજે છે. ઉરઃપરિસર્પની ઉત્કૃષ્ટાવગાહના હજાર યોજન છે. સ્થિતિ-ઉત્કૃષ્ટથી પૂર્વકોટી, ઉદ્વર્તના-પાંચમી પૃથ્વીથી આરંભીને સહસ્રાર સુધી બધાં જીવ સ્થાનોમાં ઉપજે.

ભુજપરિસર્પોની ઉત્કૃષ્ટ અવગાહના ગાઉ પૃથક્ત્વ છે, સ્થિતિ ઉત્કૃષ્ટથી પૂર્વકોટી, ઉદ્વર્તના-બીજી પૃથ્વીથી સહસ્રારકલ્પ સુધીના અંતરમાં બધાં જીવ સ્થાનોમાં ઉત્પાર્ છે.

ખેચર ગર્ભ વ્યુત્ક્રાંતિક પંચેન્દ્રિય ભેદો, સંમૂર્છિમ ખેચરોવત્ છે. શરીરાદિ દ્વાર વિચારણા ગર્ભ વ્યુત્ક્રાંતિ જલચરવત્ વિશેષ આ – અવગાહના, સ્થિતિ, ઉદ્વર્તનામાં ભેદ છે. ઉત્કૃષ્ટ અવગાહના ધનુષ્, પૃથક્ત્વ, જઘન્યથી બધે અંગુલનો અસંખ્યાત ભાગ પ્રમાણ. સ્થિતિ - જઘન્યથી બધે અંગુલનો અસંખ્યાત ભાગ પ્રમાણ. સ્થિતિ

- જઘન્યથી બધે અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી પલ્યોપમનો અસંખ્યાત ભાગ. ઉદ્વર્તના ત્રીજી પૃથ્વીથી સહસ્રાર કલ્પ સુધીના અંતરમાં બધાં જીવ સ્થાનોમાં ઉત્પાદ છે. ક્યાંક આ અંગે સંગ્રહણી ગાથા છે —

આ બંને ગાથાની વ્યાખ્યા આ પ્રમાણે - ગર્ભ વ્યુત્ક્રાંતિક જલચરોની ઉત્કૃષ્ટ અવગાહના હજાર યોજન છે. ચતુષ્પદોની છ ગાઉ છે, ઉરઃપરિસર્પોની હજાર યોજન છે. ભુજપરિસર્પોની ગાઉ-પૃથકત્વ, પક્ષીઓની ધનુષ્પૃથકત્વ. તથા ગર્ભવ્યુત્ક્રાંતિકોમાં જલચરોની ઉત્કૃષ્ટ સ્થિતિ પૂર્વકોટી છે. ચતુષ્પદોની ત્રણ પલ્યોપમ, ઉરગ અને ભુજગોની પૂર્વકોટી પક્ષીની પલ્યોપમનો અસંખ્યાત ભાગ.

ઉત્પાદવિધિ - નરકમાંથી આ ગાથાઓથી જાણવી - અસંજ્ઞી પહેલી સુધી, સરીસૃપ બીજી સુધી, પક્ષી ત્રીજી સુધી, સીંહ ચોથી સુધી, ઉરગો પાંચમી સુધી, સ્ત્રી છટ્ઠી સુધી, મત્સ્ય અને મનુષ્યો સાતમી પૃથ્વી સુધી, આટલો પરમ ઉપપાત નરકપૃથ્વીમાં જાણવો.

હવે મનુષ્યને પ્રતિપાદનાર્થે કહે છે —

● સૂત્ર-૪૯ :-

*તે મનુષ્યો શું છે ? તે બે ભેદે કહ્યા છે. તે આ રીતે — સંમૂર્છિમ મનુષ્યો અને ગર્ભવ્યુત્ક્રાંતિક મનુષ્યો.*

*ભગવન્ સંમૂર્છિમ મનુષ્યો ક્યાં સંમૂર્છે છે ? ગૌતમ ! મનુષ્ય ક્ષેત્રની અંદર યાવત્ કરે છે. ભગવન્ ! તે જીવોને કેટલા શરીરો કહ્યા છે ? ગૌતમ ! ત્રણ શરીરો છે, તે આ — ઔદારિક, તૈજસ, કાર્મણ. તે આ સંમૂર્છિમ મનુષ્યો છે.*

*તે ગર્ભવ્યુત્ક્રાંતિક મનુષ્યો શું છે ? ત્રણ ભેદે કહ્યા છે — કર્મભૂમક, અકર્મભૂમક, અંતર્દ્વિપજ. એ પ્રમાણે મનુષ્યના ભેદો, જેમ પ્રજ્ઞાપનામાં છે, તેમ નિરવશેષ કહેવું યાવત્ છદ્મસ્થ અને કેવલી. તે સંક્ષેપથી બે ભેદે કહ્યા છે — પર્યાપ્તા અને અપર્યાપ્તા.*

*ભગવન્ ! તે જીવોના કેટલા શરીરો છે ? ગૌતમ ! પાંચ શરીરો છે. - ઔદારિક યાવત્ કાર્મણ. શરીરાવગાહના જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ૦ ઉત્કૃષ્ટથી ત્રણ ગાઉ. છ સંઘયણ છ સંસ્થાન.*

*ભગવન્ ! તે જીવો શું ક્રોધકષાયી યાવત્ લોભકષાયી છે કે અકષાયી ? ગૌતમ ! બધાં છે... ભગવન્ ! તે જીવો શું આહાર-સંજ્ઞોપયુક્ત યાવત્ લોભ સંજ્ઞોપયુક્ત છે, નોસંજ્ઞોપયુક્ત છે ? ગૌતમ ! તે પાંચે છે... ભગવન્ ! તે જીવો શું કૃષ્ણલેશ્યી છે કે યાવત્ અલેશ્યી ? ગૌતમ ! તે સાતે છે... શ્રોત્રેન્દ્રિયોપયુક્ત યાવત્ નોઈન્દ્રિયોપયુક્ત છે. બધાં સમુદ્ઘાતો - વેદના યાવત્ કેવલી સમુદ્ઘાત.*

*સંજ્ઞી પણ છે, નોસંજ્ઞી પણ છે, અસંજ્ઞી પણ છે. સ્ત્રીવેદવાળા યાવત્ અવેદી પણ છે. પાંચે પર્યાપ્તિ, ત્રણે દૃષ્ટિ, ચાર દર્શનો, જ્ઞાની પણ છે - અજ્ઞાની પણ છે. જે જ્ઞાની, તેમાં કોઈક બે જ્ઞાની, કોઈક ત્રણ જ્ઞાની, કોઈક ચાર જ્ઞાની, કોઈક એક જ્ઞાની છે તેમાં જે બે જ્ઞાનવાળા છે, તે નિયમા આભિનિબોધિકજ્ઞાની અને શ્રુતજ્ઞાની છે. જે ત્રણજ્ઞાનવાળા છે તે આભિનિબોધિકજ્ઞાની, શ્રુતજ્ઞાની, અવધિજ્ઞાની છે અથવા આભિનિબોધિક જ્ઞાની, શ્રુતજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની છે. જે ચાર જ્ઞાની છે તે - આભિનિબોધિક, શ્રુત, અવધિ, મનઃપર્યવજ્ઞાની છે જે એક જ્ઞાની છે તે નિયમા કેવળજ્ઞાની છે. એ પ્રમાણે અજ્ઞાની, પણ જાણવા. બે અજ્ઞાની કે ત્રણ અજ્ઞાની છે.*



*મનોયોગી પણ, વચન અને કાયયોગી પણ, અયોગી પણ છે. ઉપયોગ બે ભેદે છે. આહાર છ દિશાથી છે. ઉપપાત - અધઃસપ્તમીને વર્જીને બાકીના નૈરયિકમાંથી આવે. અસંખ્યાત વર્ષાયુષ્કને વર્જીને બાકીના તિર્યંચોમાંથી, અકર્મભૂમિજ-અંતર્દ્વિપજ - અસંખ્યાત વર્ષાયુ સિવાયના મનુષ્યોમાંથી, બધાં દેવોમાંથી આવીને ઉપજે. સ્થિતિ-જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમ, બંને રીતે મરે છે. ઉદ્વર્તીને નૈરયિકાદિમાં યાવત્ અનુત્તરોપપાતિકોમાં ઉપજે, કોઈક સિદ્ધ થાય યાવત્ દુઃખોનો અંત કરે છે.*

*ભગવન્ ! તે જીવોની કેટલી ગતિ, કેટલી આગતિ છે ? ગૌતમ ! પાંચ ગતિ અને ચાર આગતિ, પરિત્તા સંખ્યાતા કહ્યા છે.*

● વિવેચન-૪૯ :-

તે મનુષ્યો કોણ છે ? આચાર્ય કહે છે — મનુષ્યો બે ભેદે કહ્યા છે — સંમૂર્છિમ મનુષ્યો અને ગર્ભવ્યુત્ક્રાંતિક મનુષ્યો. ચ શબ્દ સ્વગત અનેક ભેદ સૂચક છે. તેમાં સંમૂર્છિમ મનુષ્ય પ્રતિપાદનાર્થે કહે છે — ભદંત ! સંમૂર્છિમ મનુષ્યો ક્યાં સંમૂર્છે છે ? ગૌતમ ! મનુષ્યક્ષેત્ર અંદર પીસ્તાળીશ લાખ યોજનમાં, અઢીદ્વીપ સમુદ્રમાં, પંદર કર્મભૂમિમાં, ત્રીશ અકર્મભૂમિમાં, છપ્પન અંતર્દ્વિપમાં ગર્ભવ્યુત્ક્રાંતિક મનુષ્યોના જ ઉચ્ચાર, પ્રસ્રવણ, કફ, સિંઘાણ, વમન, પિત્ત, લોહી, વીર્ય, પરિસડન શુક્ર પુદ્ગલમાં, મૃત જીવ કલેવરોમાં, સ્ત્રી-પુરુષના સંયોગોમાં, નગરની ખાળમાં, બધાં અશુચિ સ્થાનોમાં આ સંમૂર્છિમ મનુષ્યો સંમૂર્છે છે. તે અંગુલના અસંખ્યાત ભાગ અવગાહનાથી, અસંજ્ઞી, મિથ્યાદૃષ્ટિ, બધી પર્યાપ્તિથી અપર્યાપ્ત, અંતર્મુહૂર્ત્ત આયુમાં કાળ કરે છે.

હવે શરીરાદિ દ્વાર પ્રતિપાદનાર્થે કહે છે — ત્રણ શરીરો — ઔદારિક, તૈજસ, કાર્મણ. અવગાહના જઘન્ય અને ઉત્કૃષ્ટથી અંગુલનો અસંખ્યાત ભાગ પ્રમાણ, સંહનન-સંસ્થાન-કષાય-લેશ્યા દ્વારો, બેઈન્દ્રિય સમાન છે. ઈન્દ્રિય દ્વારમાં પાંચ ઈન્દ્રિયો, સંજ્ઞીદ્વાર - વેદ દ્વાર પણ બેઈન્દ્રિયવત્, પર્યાપ્તિ દ્વારમાં અપર્યાપ્તિઓ પાંચ. દૃષ્ટિ-દર્શન-જ્ઞાન-યોગ-ઉપયોગ દ્વારો, પૃથ્વીકાયિક સમાન, આહાર-બેઈન્દ્રિયવત્. ઉપપાત-નૈરયિક, દેવ, તેઉ, વાયુ-અસંખ્યાતવર્ષાયુ વર્જીને આવે.

સ્થિતિ-જઘન્ય અને ઉત્કર્ષથી અંતર્મુહૂર્ત્ત પ્રમાણ છે. વિશેષ આ - જઘન્ય પદથી ઉત્કૃષ્ટને અધિક જાણવું. મારણાંતિક સમુદ્ઘાતથી સમવહત થઈને પણ મરે, અસમવહત થઈને પણ. ઉદ્વર્તીને નૈરયિક, દેવ, અસંખ્યાતવર્ષાયુ વર્જીને બાકીના સ્થાનોમાં ઉપજે. તેથી જ બે ગતિક - બે આગતિક છે, તિર્યંચ - મનુષ્ય ગતિની અપેક્ષાએ છે પરીત્ત-પ્રત્યેક શરીરી, અસંખ્યાતા કહ્યા છે.

સંમૂર્છિમ મનુષ્યો કહ્યા. હવે ગર્ભવ્યુત્ક્રાંતિક મનુષ્ય—

તે ગર્ભવ્યુત્ક્રાંતિક મનુષ્યો કોણ છે ? આચાર્ય કહે છે — ગર્ભવ્યુત્ક્રાંતિક મનુષ્યો ત્રણ ભેદે કહ્યા છે — કર્મભૂમજ, અકર્મભૂમજ, અંતર્દ્વિપજ. તેમાં કર્મ - કૃષિ, વાણિજ્યાદિ અથવા મોક્ષાનુષ્ઠાન. કર્મપ્રધાન ભૂમિ જેમાં છે તે કર્મભૂમકા. એ રીતે અકર્મ-યથોક્ત કર્મરહિત ભૂમિ જેમાં છે તે અકર્મભૂમકા. અંતર શબ્દ - 'મધ્ય'નો વાચક છે. અંતર - લવણસમુદ્રની મધ્યે દ્વીપો તે અંતર્દ્વિપગા. ઉક્ત પ્રકારથી મનુષ્ય ભેદો કહેવા, જેમ પ્રજ્ઞાપનામાં કહ્યા છે.

તે સંક્ષેપથી પર્યાપ્તા-અપર્યાપ્તા છે, પાઠસિદ્ધ છે. શરીરાદિ દ્વાર વિચારણામાં — શરીર દ્વારમાં પાંચ શરીરો — ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ. મનુષ્યોમાં બધાં સંભવે છે અવગાહના દ્વારમાં - જઘન્ય અવગાહના અંગુલનો અસંખ્યાત ભાગ અને ઉત્કૃષ્ટથી ત્રણ ગાઉ. સંહનન દ્વારમાં છ એ સંસ્થાન. સંસ્થાન દ્વારમાં છ એ સંસ્થાનો છે. કષાય દ્વારમાં ક્રોધ કષાયી - માન કષાયી - માયા કષાયી - લોભકષાયી અને અકષાયી પણ છે. કેમકે વીતરાગ મનુષ્યોનું અકષાયીપણું છે. સંજ્ઞા દ્વારમાં - આહાર સંજ્ઞા, ભયસંજ્ઞા, મૈથુન સંજ્ઞા, લોભ સંજ્ઞા ચારેથી યુક્ત, નોસંજ્ઞોપયુક્તા છે. નિશ્ચયથી વીતરાગમનુષ્યો, વ્યવહારથી બધાં ચારિત્રિને લોકોત્તર ચિત્ત લાભથી તેમને દશે સંજ્ઞાઓથી રહિતપણું હોય છે.

કહ્યું છે — ''સર્વે નિર્વાણ સાધક લોકોત્તરાશ્રય જાણવા, બધી સંજ્ઞા લોકાશ્રયી છે, ભવરૂપ અંકુર માટે જળ સમાન છે.''

લેશ્યાદ્વારમાં — કૃષ્ણ, નીલ, કાપોત, તેઉ, પદ્મ, શુક્લ એ છ લેશ્યા અને અલેશ્ય. તેમાં અલેશ્યા પરમશુક્લધ્યાયી અયોગી કેવળીને હોય. ઈન્દ્રિયદ્વારમાં - શ્રોત્રેન્દ્રિય યાવત્ સ્પર્શનેન્દ્રિય યુક્ત તથા નોઈન્દ્રિય ઉપયુક્ત. તેમાં નોઈન્દ્રિયોપયુક્ત તે કેવલી.

સમુદ્ઘાત દ્વારમાં સાતે સમુદ્ઘાતો છે. મનુષ્યોમાં બધાંનો સંભવ છે. સમુદ્ઘાત સંગ્રાહિકા આ ગાથા — વેદન, કષાય, મારણાંતિક, વૈક્રિય, આહાર, કેવલિ-સમુદ્ઘાત કહેવા. સંજ્ઞી દ્વારમાં - સંજ્ઞી, નોસંજ્ઞી નોઅસંજ્ઞી, તેમાં નોસંજ્ઞીનો અસંજ્ઞી તે કેવલી. વેદદ્વારમાં સ્ત્રીવેદી પણ છે, પુરુષવેદી-નપુંસકવેદી, અવેદી પણ છે.

પર્યાપ્તિ દ્વારમાં પાંચ પર્યાપ્તિઓ અને પાંચ અપર્યાપ્તિઓ છે. ભાષા અને મન પર્યાપ્તિની એકત્વ વિવક્ષાથી પાંચ કહી. દૃષ્ટિ દ્વારમાં ત્રણ દૃષ્ટિઓ છે. તે આ - કેટલાંક મિથ્યાદૃષ્ટિઓ, કેટલાંક સમ્યગ્દૃષ્ટિઓ, કેટલાંક સમ્યગ્મિથ્યાદૃષ્ટિઓ છે. દર્શનદ્વારમાં - ચાર દર્શનો છે, તે આ — ચક્ષુર્દર્શન, અચક્ષુર્દર્શન, અવધિદર્શન, કેવલદર્શન. જ્ઞાનદ્વારમાં - જ્ઞાની અને અજ્ઞાની છે. તેમાં મિથ્યાદૃષ્ટિને અજ્ઞાની અને સમ્યગ્દૃષ્ટિવાળા તે જ્ઞાની છે. જ્ઞાની તે પાંચ-મતિ જ્ઞાનાદિ છે. અજ્ઞાની તે ત્રણ-મતિ અજ્ઞાનાદિ છે. તેની ભજના કહેવી.

તે ભજના આ પ્રમાણે છે - કેટલાંક બે જ્ઞાની, કેટલાંક ત્રણ જ્ઞાની, કેટલાંક ચાર જ્ઞાની, કેટલાંક એક જ્ઞાની છે. તેમાં જે બે જ્ઞાનવાળા છે, તે નિયમા આભિનિબોધિક



જ્ઞાની અને શ્રુતજ્ઞાની છે. જે ત્રણ જ્ઞાનવાળા છે, તે મતિજ્ઞાની, શ્રુતજ્ઞાની અને અવધિજ્ઞાની છે અથવા આભિનિબોધિકજ્ઞાની, શ્રુતજ્ઞાની અને મનઃપર્યવજ્ઞાની છે કેમકે અવધિજ્ઞાન વિના પણ મનઃપર્યવજ્ઞાન સંભવે છે. સિદ્ધ પ્રાભૃત આદિમાં તથા અનેક ભેદે અભિધાનથી છે. જે ચાર જ્ઞાનવાળા છે તે - આભિનિબોધિકજ્ઞાની, શ્રુતજ્ઞાની, અવધિજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની છે. જે એકજ્ઞાની છે તે કેવળજ્ઞાની છે. કેવલજ્ઞાનના સદ્ભાવે બાકીના જ્ઞાનો ચાલ્યા જાય છે. ''છદ્મસ્થિક જ્ઞાન નષ્ટ થતાં'' એ વચનથી.

(શંકા) કેવળજ્ઞાન ઉત્પન્ન થતાં શેષ જ્ઞાનો કેમ ચાલ્યા જાય છે ? જેટલા જે બાકીના મત્યાદિ જ્ઞાનો પોત-પોતાના આવરણના ક્ષયોપશમથી જન્મે છે, તેનાથી નિર્મૂળ સ્વ-સ્વ આવરણ વિલય થતાં, તે ચારિત્ર પરિણામવત્ શોભન થાય. કહ્યું છે — આવરણોના દેશથી વિગમ વડે મતિ-શ્રુતાદિ થાય છે. આવરણના સર્વ વિગમમાં તે જીવને તે કેમ ન હોય ? કહે છે — જેમ જાત્ય મરકત, મણી આદિ જ્યાં સુધી બધો મળ ચાલ્યો ન જાય, ત્યાં સુધી જે - જે દેશથી મલવિલય થાય તે-તે દેશથી અભિવ્યક્તિ થાય છે. તે ક્વચિત્-કદાચિત્-કથંચિત્ અનેક પ્રકારે થાય છે. તે રીતે આત્મા પણ સર્વકાળ - x - જેટલા મળથી વિલય પામે - x - તેટલો શુદ્ધ થાય, દેશથી કર્મમલોચ્છેદ થતાં તેટલું જ્ઞાન ઉપજે. તે અનેક પ્રકારે થાય - x -

આ અનેક પ્રકારતા મતિ-શ્રુતાદિ ભેદથી જાણવી. જેમ મરકત-મણિ આદિનો સ્રવ મલ ચાલ્યો જાય, ત્યારે સમસ્ત દેશ સ્પષ્ટ થઈ જાય - x - તેમ આત્મા પણ જ્ઞાન-દર્શન-ચારિત્રના પ્રભાવથી સર્વ આવરણ વિચ્છેદ થતાં અતિ પરિસ્ફૂટ સર્વ વસ્તુ પર્યાય પ્રપંચ સાક્ષાત્કારી જ્ઞાન ઉપજે છે. - x - x -

જે અજ્ઞાની છે, તે બે અજ્ઞાની કે ત્રણ અજ્ઞાની છે. તેમાં જે બે અજ્ઞાની છે, તે મતિ અજ્ઞાની અને શ્રુત અજ્ઞાની છે. જે ત્રણ અજ્ઞાની છે તે મતિઅજ્ઞાની, શ્રુતાજ્ઞાની, વિભંગજ્ઞાની છે.

યોગદ્વારમાં મનોયોગી, વાગ્યોગી, કાયયોગી, અયોગી છે. તેમાં અયોગીપણું શૈલેશી અવસ્થા પ્રતિપન્નને હોય છે. ઉપયોગ દ્વાર અને આહાર દ્વાર બેઈન્દ્રિયવત્ છે. ઉપપાત - અધઃસપ્તમી નારકાદિ વર્જીને કહો. કહ્યું છે કે — સાતમી નારક પૃથ્વીમાં તેજસ્કાયિક, વાયુકાયિક અનંતર ઉદ્વર્તીને માનુષ્યને પામતા નથી. - x -

સ્થિતિદ્વારમાં - જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમની સ્થિતિ છે. સમુદ્ઘાતને આશ્રીને મરણવિચારણા કરતા સમવહત થઈને પણ મરે, અસમવહત પણ મરે.

ચ્યવનદ્વારમાં - અનંતર ઉદ્વર્તીને બધાં નૈરયિકોમાં, બધાં તિર્યંચયોનિકોમાં, બધાં મનુષ્યોમાં, બધાં દેવોમાં અનુત્તરોપપાતિક સુધી જાય છે. કેટલાંક સિદ્ધ-બુદ્ધ-મુક્ત-પરિનિવૃત્ત અને સર્વે દુઃખોના અંતકર થાય છે તેમ કહેવું. તેમાં અણીમાદિ ઐશ્વર્ય પ્રાપ્તિથી તથાવિધ મનુષ્યકૃત્ય અપેક્ષાએ નિષ્ઠિતાર્થ થાય, અહીં અસર્વજ્ઞ પણ કોઈ સિદ્ધ છે તેમ કહે, તેથી આવા પ્રત્યયને ટાળવા કહ્યું — 'બુધ્યતે' નિરાવરણત્વથી

કેવલ અવબોધ વડે સમસ્ત વસ્તુજાત. એ રીતે અસિદ્ધ પણ ભવસ્થ કેવલી એ પ્રમાણે વર્તે છે. તેમ ન થાય, એમ પ્રતીતિ માટે કહે છે — मुच्यन्ते - પુન્યાપુન્યરૂપથી કૃચ્છ્ર કર્મથી. આ પણ અપરિનિર્વૃત્તા જ બીજા વડે ઈચ્છાય છે — "મુક્તિ પદ પ્રાપ્ત થવા છતાં પણ તીર્થનિકાર દર્શનથી અહીં આવે છે." આ વચનથી કહ્યું. તેથી મંદમતિની બુદ્ધિ ભ્રમિત ન થાય માટે કહે છે — परिनिर्वान्ति - બધાં કર્મો અગ્નિમાં બળી ગયા જેવા થાય છે. તેથી શું કહે છે ? સર્વે શારીરિક, માનસિક દુઃખોનો વિનાશ કરે છે.

ઉક્ત કારણે જ ગતિ-આગતિ દ્વારમાં ચાર આગતિ અને પાંચ ગતિ થાય કેમકે સિદ્ધ ગતિમાં ગમન થાય છે. પરીત્ત-પ્રત્યેક શરીરી, સંખ્યેય-સંખ્યેયકોટી પ્રમાણત્વથી કહ્યું.

હવે દેવોને કહે છે —

● **સૂત્ર-૫૦ :-**

***તે દેવો શું છે ? દેવો ચાર ભેદે કહ્યા છે, તે આ રીતે — ભવનવાસી, વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક.***

***તે ભવનવાસી શું છે ? તેઓ દશ ભેદે કહ્યા છે. તે આ પ્રમાણે — અસુરકુમારો યાવત્ સ્તનિતકુમાર. તે ભવનવાસી કહ્યા.***

***તે વ્યંતરો શું છે ? સર્વે દેવ ભેદો કહેવા. યાવત્ તે સંક્ષેપથી બે ભેદે કહ્યા છે. તે આ — પર્યાપ્તા અને અપર્યાપ્તા.***

***ત્રણ શરીરો — વૈક્રિય, તૈજસ, કાર્મણ. અવગાહના બે ભેદે છે — ભવધારણીય અને ઉત્તર વૈક્રિયિક. તેમાં જે તે ભવધારણીય તે જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટથી સાત હાથ. ઉત્તર વૈક્રિયિક શરીર જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ, ઉત્કૃષ્ટથી એક લાખ યોજન. શરીરો-છ સંઘયણમાંના કોઈપણ સંઘયણ રહિત એવા અસંઘયણી છે, કેમકે તેમને હાડકા, શિરા, સ્નાયુ ન હોવાથી સંઘયણ પણ નથી. જે ઈષ્ટ, કાંત યાવત્ પુદ્ગલો છે, તે પુદ્ગલો જ સંઘાયતપણે પરિણમે છે.***

***ક્યાં સંસ્થાને સંસ્થિત છે ? ગૌતમ ! બે ભેદે છે — તે આ પ્રમાણે — ભવધારણીય અને ઉત્તરવૈક્રિયિક. તેમાં જે ભવધારણીય છે, તે સમચતુરસ્ર સંસ્થાન સંસ્થિત છે, તેમાં જે ઉત્તર વૈક્રિય છે, તે વિવિધ સંસ્થાને સંસ્થિત કહેલ છે.***

***ચાર કષાયો, ચાર સંજ્ઞા, છ લેશ્યા, પાંચ ઈન્દ્રિયો, પાંચ સમુદ્ઘાતો, સંજ્ઞી પણ - અસંજ્ઞી પણ, સ્ત્રીવેદી પણ છે અને પુરુષવેદી પણ છે, નપુંસકવેદી નથી. પર્યાપ્તિ-અપર્યાપ્તિઓ પાંચ, ત્રણ દૃષ્ટિ, ત્રણ દર્શન, જ્ઞાની પણ છે - અજ્ઞાની પણ છે. જે જ્ઞાની છે, તે નિયમા ત્રણ જ્ઞાની છે, અજ્ઞાની ભજનાએ છે.***

***બે ઉપયોગ, ત્રણ યોગ, આહાર નિયમા છ દિશાથી ગ્રહણ કરે છે. અવસન્ન કારણને આશ્રીને વર્ણથી પીળો અને શ્વેત યાવત્ આહાર આહારે છે. ઉપપાત-તિર્યંચ, મનુષ્યોમાં છે. સ્થિતિ-જઘન્યથી દશ હજાર વર્ષ, ઉત્કૃષ્ટ ૩૩-***



***સાગરોપમ.***

***બંને રીતે મરે છે. ઉદ્વર્તીને નૈરયિકમાં જતા નથી. યથા સંભવ તિર્યંચ અને મનુષ્યોમાં જાય છે, દેવોમાં જતા નથી. બે ગતિક, બે આગતિક છે. પરિત્તા અસંખ્યાતા કહ્યા છે.***

***તે દેવો કહ્યા, તે પંચેન્દ્રિય કહ્યા. ઉદાર-ત્રસ-પ્રાણ કહ્યા.***

● **વિવેચન-૫૦ :-**

તે દેવો કોણ છે ? આચાર્ય કહે છે — દેવો ચાર ભેદે કહ્યા છે. તે આ રીતે — ભવનવાસી, વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક. ઉક્ત પ્રકારથી ભેદો કહેવા, જેમ પ્રજ્ઞાપનામાં કહ્યા છે તેમ કહેવા, તે આ રીતે — તે ભવનવાસી કોણ છે ? ભવનવાસી દશ ભેદો કહ્યા છે. ઈત્યાદિરૂપ, તે વ્યાખ્યાન સહિત કહેવા.

તે સંક્ષેપથી બે ભેદે કહ્યા છે — પર્યાપ્તા, અપર્યાપ્તા. આમનું અપર્યાપ્તત્વ ઉત્પત્તિકાળે જ કહેવું. અપર્યાપ્તિ નામ કર્મોદય થકી નહીં. કહ્યું છે કે — નારક, દેવો, અસંખ્યાત વર્ષાયુષ્ક ગર્ભજ તિર્યંચ અને મનુષ્યો., આ બધાં ઉપપાતકાળે જ અપર્યાપ્તા જાણવા.

શરીરાદિ દ્વાર વિચારણામાં શરીર દ્વારે ત્રણ શરીરો છે — વૈક્રિય, તૈજસ અને કાર્મણ. અવગાહના - ભવધારણીય જઘન્યથી અંગુલના અસંખ્યાત ભાગ માત્ર છે, ઉત્કર્ષથી સાત હાથ પ્રમાણ છે. ઉત્તર વૈક્રિયની જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ પ્રમાણ, ઉત્કર્ષથી એક લાખ યોજન પ્રમાણ છે.

સંહનન દ્વારમાં - છ સંહનનોમાંથી કોઈ પણ સંહનન ન હોવાથી અસંહનની છે. કઈ રીતે ? તે કહે છે — તે દેવોના શરીરમાં કોઈ હાડકાં નથી, શિરા પણ નથી, સ્નાયૂઓ પણ નથી. સંહનન એ અસ્થિ નિચયાત્મક છે, તેથી અસ્થિ આદિના અભાવથી સંહનનો અભાવ છે. પરંતુ જે પુદ્ગલો ઈષ્ટ-મનમાં ઈચ્છાને પ્રાપ્ત, તેમાં કિંચિત્ અકાંત હોવા છતાં પણ કેટલાંકને ઈષ્ટ હોય છે. તેથી કહે છે —

कांत - કમનીય, શુભવર્ણયુક્ત હોવાથી યાવત્ કરણથી પ્રિય-મનોજ્ઞ-મણામ જાણવા. તેમાં જે કારણથી જ કાંત છે, તેથી જ પ્રિય - સદૈવ પોતામાં પ્રિય બુદ્ધિને ઉત્પન્ન કરે છે. તથા શુભ - શુભ રસ, ગંધ, સ્પર્શાત્મકપણાથી. મનોજ્ઞ-વિપાકમાં પણ સુખજનકતાથી મનને પ્રહલાદ હેતુપણે છે મણામ - સદૈવ ભોજયપણે જીવોના મનમાં પમાય છે. આવા પ્રકારના પુદ્ગલો તેમને શરીર સંઘાતને માટે પરિણમે છે.

સંસ્થાન દ્વારમાં ભવધારણીય શરીર બધાંને જ સમચતુરસ્ર સંસ્થાનપણે છે. ઉત્તરવૈક્રિય વિવિધ સંસ્થાન સંસ્થિત છે. તેના ઈચ્છાનુસાર પ્રાદુર્ભાવ થાય છે.

કષાય ચાર છે. સંજ્ઞા ચાર છે. લેશ્યા છ છે. ઈન્દ્રિયો પાંચ છે. સમુદ્ઘાતો પાંચ છે — તે વેદના, કષાય, મારણાંતિક, વૈક્રિય અને તૈજસ સમુદ્ઘાતના સંભવથી કહ્યા.

સંજ્ઞીદ્વારમાં સંજ્ઞી પણ છે, અસંજ્ઞી પણ છે. તેને નૈરયિકવત્ કહેવા. વેદદ્વારમાં સ્ત્રીવેદવાળા પણ છે, પુરુષવેદવાળા પણ છે, નપુંસકવેદવાળા નથી. પર્યાપ્તિ-દૃષ્ટિ-દર્શન નૈરયિકવત્ જાણવા.

જ્ઞાનદ્વારમાં - જ્ઞાની પણ છે, અજ્ઞાની પણ છે. - x - તેમાં જે જ્ઞાની છે, તે નિયમથી ત્રણ જ્ઞાનવાળા છે. તે આ રીતે – આભિનિબોધિક જ્ઞાની, શ્રુતજ્ઞાની અને અવધિજ્ઞાની. તેમા ંજે અજ્ઞાની છે, તેમાં કેટલાંક બે અજ્ઞાની છે, કેટલાંક ત્રણ અજ્ઞાની છે. તેમાં જે બે અજ્ઞાની છે, તે નિયમા મતિ અજ્ઞાની અને શ્રુત અજ્ઞાની છે. જે ત્રણ અજ્ઞાની છે, તે નિયમા મતિ અજ્ઞાની, શ્રુત અજ્ઞાની, વિભંગજ્ઞાની છે. આ બે કે ત્રણ અજ્ઞાનીનો વિકલ્પ અસંજ્ઞી મધ્યેથી જે ઉત્પન્ન થાય છે, તેના પ્રતિ કહેવું. તે નૈરયિકવત્ કહેવું.

ઉપયોગ - આહાર દ્વારો નૈરયિકવત્ કહેવા. ઉપપાત-સંજ્ઞી-અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ-ગર્ભજ મનુષ્યોથી છે.

સ્થિતિ-જઘન્યથી ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટથી તેત્રીશ સાગરોપમ છે. સમુદ્ઘાતને આશ્રીને મરણ વિચારણામાં સમવહત થઈને પણ મરે છે, અસમવહત થઈને પણ મરે છે.

ચ્યવનદ્વારમાં અનંતર ઉદ્વર્તીને પૃથ્વી, અપ્, વનસ્પતિ કાયિક ગર્ભ વ્યુત્ક્રાંતિક સંખ્યાત વર્ષાયુષ્ તિર્યંચ પંચેન્દ્રિય મનુષ્યોમાં જાય છે, બાકીના જીવ સ્થાનોમાં નહીં. તેથી ગતિ-આગિતદ્વારમાં બે ગતિ-બે આગતિ, તિર્યંચ અને મનુષ્યગતિ અપેક્ષાએ કહેલ છે. પરીત્ત-પ્રત્યેકશરીરી, અસંખ્યાતા કહ્યા છે.

ઉપસંહારાર્થે, તે આ દેવો, તે પંચેન્દ્રિયાદિ કહ્યું.

હવે સ્થાવર અને ત્રસનું ભવસ્થિતિ કાળમાન કહે છે –

**● સૂત્ર-૫૧ :-**

***ભગવન્ ! સ્થાવરની કેટલો કાળ સ્થિતિ કહી છે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી ૨૨,૦૦૦ સ્થિતિ કહી છે.***

***ભગવન્ ! ત્રસની કેટલી કાળ સ્થિતિ કહી છે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી ૩૩-સાગરોપમ સ્થિતિ કહી છે.***

***ભગવન્ ! સ્થાવર,સ્થાવરત્વમાં કાળથી ક્યાં સુધી રહે ? જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી અનંતકાળ અનંતી ઉત્સર્પિણી-અવસર્પિણી કાળથી, ક્ષેત્રથી અનંતલોક - અસંખ્યાત પુદ્‌ગલ પરિવર્ત. તે પુદ્‌ગલ પરાવર્ત્ત આવલિકાથી અસંખ્યાત ભાગ.***

***ભગવન્ ! ત્રસ, ત્રસત્વથી કાળથી કેટલો કાળ હોય ? જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી અસંખ્યાત કાળ-અસંખ્યાત ઉત્સર્પિણી-અવસર્પિણી કાળથી, ક્ષેત્રથી અસંખ્યાત લોક.***

***ભગવન્ ! સ્થાવરનું કેટલા કાળનું અંતર હોય છે ? ત્રસની સંચિટ્ઠણા મુજબ કહેવું. ભગવન્ ! ત્રસને કેટલા કાળનું અંતર હોય છે ? જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ.***

***ભગવન્ ! આ ત્રસ અને સ્થાવરમાં કોણ, કોનાથી અલ્પ-બહુ, તુલ્ય-વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડાં ત્રસ છે, સ્થાવરો અનંતગણા છે. તે આ દ્વિવિધા સંસાર સમાપન્ના જીવો કહ્યા.***



**● વિવેચન-૫૧ :-**

જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી ૨૨,૦૦૦ વર્ષ, આ પૃથ્વીકાયને આશ્રીને જાણવું. બીજા સ્થાવર કાયને ઉત્કૃષ્ટથી આટલી ભવસ્થિતિનો અભાવ છે. ત્રસકાયની જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી તેત્રીશ સાગરોપમ, આ દેવ-નારક અપેક્ષાએ જાણવું. બીજા ત્રસકાયને ઉત્કૃષ્ટથી આટલી ભવસ્થિતિનો અભાવ છે.

હવે આ બંનેની કાયસ્થિતિ કાળમાનને કહે છે – સ્થાવર, આ રૂપે સ્થાવરત્વ એવો ભાવ છે. કાળથી કેટલો કાળ હોય ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્તકાળ, ઉત્કૃષ્ટથી અનંતકાળ. તે જ અનતંકાળ. કાળ અને ક્ષેત્ર વડે નિરૂપે છે - અનંતી ઉત્સર્પિણી - અવસર્પિણી, કાળથી. ક્ષેત્રથી અનંત લોક. શું કહે છે ? અનંતલોકમાં જેટલો આકાશ પ્રદેશો છે, તેમાં પ્રતિ સમય એક-એકના અપહારથી જેટલી અનંતી અવસર્પિણી-ઉત્સર્પિણી થાય છે. આનું જ પુદ્‌ગલપરાવર્ત માન કહે છે–અસંખ્ય પુદ્‌ગલ પરાવર્ત. અસંખ્ય પુદ્‌ગલ પરાવર્ત્તોમાં ક્ષેત્રથી એટલે પદ સાંનિધ્યથી ક્ષેત્ર પુદ્‌ગલ પરાવર્ત્તોમાં જેટલા સંભવે છે. તે અનંતી ઉત્સર્પિણી-અવસર્પિણી સુધી સમજવું.

આ અસંખ્યેય અસંખ્યેય ભેદાત્મક છે, તેથી પુદ્‌ગલપરાવર્ત્ત અસંખ્યેયત્વ નિર્ધારે છે. પુદ્‌ગલ પરાવર્ત આવલિકાનો અસંખ્યાત ભાગ. આવલિકાના અસંખ્યાતમે ભાગે જેટલા સમયો છે તેટલું પ્રમાણ સમજવું. આ વનસ્પતિકાય સ્થિતિને આશ્રીને જાણવું. પણ પૃથ્વી-અપ્‌કાય સ્થિતિની અપેક્ષાએ નહીં. તે બંનેની કાયસ્થિતિ ઉત્કર્ષથી અસંખ્યેય ઉત્સર્પિણી પ્રમાણત્વથી છે. તેથી પ્રજ્ઞાપનામાં કહ્યું છે –

પૃથ્વીકાયિક, પૃથ્વીકાયિકપણે કાળથી કેટલો કાળ હોય ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી અસંખ્યાતકાળ, અસંખ્યાત ઉત્સર્પિણી - અવસર્પિણી કાળથી, ક્ષેત્રથી અસંખ્યાતલોક, એ રીતે અપ્‌કાયિક પણ જાણવા. જે વનસ્પતિકાયની સ્થિતિ છે, તે યથોક્ત પ્રમાણ ત્યાં કહેલ છે – ભગવન્ ! વનસ્પતિકાયિક, વનસ્પતિકાયિકપણે કાળથી કેટલો કાળ હોય ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી અનંતકાળ - અનંતી ઉત્સર્પિણી-અવસર્પિણી કાળથી, ક્ષેત્રથી અનંત લોક અસંખ્યાત પુદ્‌ગલ પરાવર્ત્ત આવલિકાનો અસંખ્યાત ભાગ.

આ જ વનસ્પતિ સ્થિતિકાળ સાંવ્યવહારિક જીવોને આશ્રીને કહ્યો છે, અસાંવ્યવહારિક જીવોને તો કાયસ્થિતિ અનાદિ જાણવી. તથા ‘‘વિશેષવતી’’માં કહ્યું છે – અનંતા જીવો છે, જેના વડે ત્રસાદિ પરિણામ પ્રાપ્ત થતાં નથી, તેઓ અનંતાનંત નિગોદવાસમાં વસે છે. તે પણ તે અસાંવ્યવહારિક જીવોની અનાદિ કાયસ્થિતિ કેટલાંકને અનંતકાળ હોય છે, જેઓ કદી અસાંવ્યવહારિક રાશિમાંથી ઉદ્વર્તીને સાંવ્યવહારિક રાશિમાં પડશે નહીં. કેટલાંકને અનાદિ સાંત હોય છે, જે અસાંવ્યવહારિક રાશિમાંથી ઉદ્વર્તીને સાંવ્યવહારિક રાશિ પામે છે.

હવે કઈ રીતે અસાંવ્યવહારિક રાશિથી નીકળીને સાંવ્યવહારિક રાશિમાં આવે છે ? જેથી એવી પ્રરૂપણા કરાય છે, કહેવાય છે, આવે છે ? કઈ રીતે માનવું ? તેથી કહે છે – પૂર્વચાર્યના ઉપદેશથી તથા કહે છે – ‘‘દુષમઅંધકાર નિમગ્નજન પ્રવચન

પ્રદીપ'' ભગવન્ જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ ''વિશેષણવતી''માં કહે છે. આ સંવ્યવહાર રાશિ મધ્યેથી જેટલા સિદ્ધ થાય છે, તેટલા તેમાં અનાદિ વનસ્પતિ રાશિથી આવે છે.

હવે ત્રસકાયની કાયસ્થિતિ કહે છે – ત્રસ એ પર્યાયથી કાળ વડે કેટલો કાળ રહે છે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી અસંખ્યાતકાળ. આને જ અસંખ્યેય કાળ અને ક્ષેત્ર વડે નિરૂપે છે. અસંખ્યેય ઉત્સર્પિણી-અવસર્પિણી કાળથી, ક્ષેત્રથી અસંખ્યેય લોક - અસંખ્યેય લોકમાં જેટલા આકાશ પ્રદેશો છે, તેમાં પ્રતિ સમય એક-એકને બહાર કાઢતા જેટલી અસંખ્ય ઉત્સર્પિણી-અવસર્પિણી થાય છે, તેટલો કાળ. આ આટલી કાયસ્થિતિ ગતિ ત્રસ તેજસ્કાયિક અને વાયુકાયિકને આશ્રીને જાણવી, લબ્ધિ ત્રસને આશ્રીને નહીં. લબ્ધિત્રસની કાયસ્થિતિ ઉત્કૃષ્ટથી કેટલાંક વર્ષ અધિક બે હજાર સાગરોપમ પ્રમાણ છે.

પ્રજ્ઞાપનામાં કહ્યું છે – ભગવન્ ! ત્રસકાય, ત્રસકાયત્વ થકી કાળથી કેટલો કાળ હોય ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી બે હજાર સાગરોપમ સંખ્યાત વર્ષ અભ્યધિક. ભગવન્ ! તેઉકાયિક કાળથી કેટલો કાળ તેઉકાયિકપણે હોય છે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી અસંખ્યાતકાળ, અસંખ્યાત ઉત્સર્પિણી-અવસર્પિણી કાળથી, ક્ષેત્રથી અસંખ્યાત લોક. એ પ્રમાણે વાયુકાયિકને પણ કહેવા. - - - હવે સ્થાવરત્વનું અંતર કહે છે –

ભગવન્ ! સ્થાવરનું અંતર૦ ઈત્યાદિ સુગમ છે. વિશેષ એ – અસંખ્યેય ઉત્સર્પિણી-અવસર્પિણી કાળથી, ક્ષેત્રથી અસંખ્યાત લોક. એટલા પ્રમાણ અંતર તેજસ્કાયિક, વાયુકાયિક મધ્યે ગમનમાં જાણવું. અન્યત્ર ગતિમાં આટલા પ્રમાણનું અંતર ન સંભવે. - ત્રસનું અંતર પણ સુગમ છે. પણ તે ઉત્કૃષ્ટથી વનસ્પતિકાળ કહેવું. તે આ રીતે –

ઉત્કૃષ્ટથી અનંતાનંત ઉત્સર્પિણી - અવસર્પિણી કાળથી, ક્ષેત્રથી અનંતલોક, અસંખ્યાત પુદ્‌ગલપરાવર્ત્ત, તે પુદ્‌ગલ પરાવર્ત્ત આવલિકાનો અસંખ્યાત ભાગ છે. આટલું અંતર વનસ્પતિકાય મધ્યમાં ગયેલથી જાણવું. અન્યત્ર ગતિમાં આટલું અંતર પ્રાપ્ત થતું નથી. - - - હવે અલ્પબહુત્વ કહે છે – ભગવન્ ! આ ત્રસ-સ્થાવર જીવો મધ્યે કોણ કોનાથી અલ્પ-બહુ તુલ્ય-વિશેષાધિક છે ? સૂત્રાર્થ મુજબ જાણવું.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**પ્રતિપત્તિ-૧-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

# 卐 ભાગ-૧૭મો પૂર્ણ 卐

# આગમ સટીક અનુવાદનું વિભાગીકરણ

| આગમનું નામ | ભાગ ક્રમાંક |
|---|---|
| આચારાંગ | ૧ અને ૨ |
| સૂત્રકૃતાંગ | ૩ અને ૪ |
| સ્થાનાંગ | ૫ થી ૭ |
| સમવાયાંગ | ૮ |
| ભગવતી | ૯ થી ૧૩ |
| જ્ઞાતાધર્મકથા | ૧૪ |
| ઉપાસકદશા, અંતકૃત્‌દશા, અનુત્તરોપપાતિકદશા, પ્રશ્નવ્યાકરણ | ૧૫ |
| વિપાકશ્રુત, ઔપપાતિક | ૧૬ |
| રાજપ્રશ્નીય | ૧૭ |
| જીવાજીવાભિગમ | ૧૭ થી ૧૯ |
| પ્રજ્ઞાપના | ૨૦ થી ૨૨ |
| સૂર્ય/ચંદ્ર-પ્રજ્ઞપ્તિ | ૨૩,૨૪ |
| જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ | ૨૫ થી ૨૭ |
| નિરયાવલિકા પંચક અને પયન્નાસૂત્રો-૧૦+૧ | ૨૮ |
| નિશીથ, વ્યવહાર, બૃહત્કલ્પ દશાશ્રુતસ્કંધ અને જીતકલ્પ | ૨૯ |
| મહાનિશીથ | ૩૦ |
| આવશ્યક | ૩૧ થી ૩૪ |
| પિંડનિર્યુક્તિ, ઓઘનિર્યુક્તિ | ૩૫ |
| દશવૈકાલિક | ૩૬ |
| ઉત્તરાધ્યયન | ૩૭ થી ૩૯ |
| નંદીસૂત્ર | ૪૦ |
| અનુયોગદ્વાર | ૪૧ |
| કલ્પ (બારસા) સૂત્ર | ૪૨ |